# કર્મ તણી ગતિ ન્યારી...

પં. અરૂણવિજય મ.

# કર્મ તણી ગતિ ન્યારી

ભાગ - ૧

લેખક અને પ્રવક્તા

પ.પૂ.પંન્યાસ ડૉ.શ્રી અરુણવિજય મહારાજ

SHREE MAHAVEER RESEARCH FOUNDATION

Veeralayam
PUBLICATION

પુસ્તક નું નામ :- કર્મ તણી ગતિ ન્યારી D:\MJSSP\KARM TANI 2
લેખક :- પ.પૂ. ગચ્છાધિપતિ આ. દેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના વડીલ બંધુ તથા ગુરુ બંધુ પૂ. આ. દેવ શ્રી સુબોધસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન
પ.પૂ. પંન્યાસ શ્રી ડૉ. અરુણવિજય મ.
પ્રૂફ શુદ્ધિકર્તા :- મુનિ શ્રી હેમન્તવિજયજી મહારાજ
અક્ષર ગમનિકા :- Veeralayam COMPUGRAPHICS
પ્રકાશક સંસ્થા :- SHREE MAHAVEER RESEARCH FOUDATIION
Veeralayam PUBLICATION મુંબઈ પુના ૪ કાત્રજ બાયપાસ પો. કોલેવાડી, આંબેગાંવ (ખુર્દ) પુના - ૪૬ ફોન નં.૪૩૧૯૦૫૭ WWW.Veeralayam.com.
Email - Veeralayam @ redif mail.
પ્રતિ - ૨૦૦૦ ઈ.સં.૨૦૦૩. વિ.સં. ૨૦૬૦ વીર સં. ૨૫૩૦
**કિંમત ફક્ત - ૮૦ રુપીયા**

## પ્રાપ્તિ સ્થાન


વીરાલયમ - મુંબઈ
મોહનભાઇ ગુર્જર
રીગલ એપા.બીજે માળે,પેટ્રોલપંપ
ની સામે, એસ.વી. રોડ,
સાંતાક્રુજ (પ.)
મુંબઇ - ૫૬.

વિક્રમભાઇ જાખેલિયા
સ,૧૮/૧૯ મંગલકુંજ
જૈન દેરાસરની સામે
જામલી ગલી બોરીવલી(વે.)
મુંબઇ-૯૨

વીરાલયમ - પુના
ઈન્દ્રમલજી બોરાણા
૧૦૫૬, શુક્રવાર પેઠ,
પુના - ૨

સરસ્વતી પુસ્તક ભંડાર
૧૧૨, હાથી ખાના, રતન પોળ,
અમદાવાદ - ૩૮૦૦૦૧.

૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ
વિહાર ટ્રસ્ટ
હાઈ વે, શંખેશ્વર, મહેસાણા
(ઉ.ગુજરાત)



# સમર્પણ

## ઉપકારીઓના ઉપકારનું સ્મરણ

સમગ્ર વિશ્વમાં અજોડ અને અદ્વિતીય, મહાન ઉપકારી એવા

જિનેશ્વર પરમત્માના શાસનમાં, જૈન ધર્મમાં...

ઉચ્ચ કુળમાં જેમણે જન્મ આપ્યો,

ઉચ્ચ સંસ્કારોથી સિંચન... ઘડતર કર્યું...એવા જન્મદાતા...

જનની-જનક... તપસ્વીનિ...૧૨ વ્રતધારી શ્રાવિકા

**શ્રીમતી શાન્તાબેન ગુલાબચંદ જૈન**

તથા

ભવોદધિતારક, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ચારિત્ર...

ભગવતી પ્રવૃજ્યા આપી આત્માને મોક્ષમાર્ગે ચઢાવનાર...

પ.પૂ.ગચ્છાધિપતિ આચાર્ય દેવ શ્રી

**વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સા.**

તથા તેમના વડીલ બંધુ અને ગુરુબંધુ

પ.પૂ. આચાર્ય દેવ શ્રી

**વિજય સુબોધસૂરીશ્વરજી મહારાજ સા.**

**ઉભય ઉપકારીઓના ઉપકારનું સ્મરણ કરી**

**પૂજ્યોના ચરણારવિંદમાં**





# અનુક્રમણિકા


- ગુરુ ચરણે અર્પણ
- સ્વગત
- પ્રકાશકીય નિવેદન
- ઉદાર આર્થિક સહયોગ
- સમર્પણ
- સ્વ. કીર્તિલાલ મા. નું જીવન પરિચય
- પ્રસ્તાવના
- **સંસાર ચક્ર અને આત્મ પરિભ્રમણ..................૧**
- **સંસારની વિચિત્રતાના કારણોની શોધ.............૩૮**
- **કર્મ સત્તાનું અસ્તિત્વ.........................૮૫**
- **જૈન દર્શનમાં જ્ઞાનનું વિશિષ્ટ સ્વરુપ..........૧૪૯**
- **જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને ક્ષય...૨૦૪**
- **દર્શન અને દર્શનાવરણીય કર્મ.....૨૬૬**

# સ્વ ગ ત

ચરાચર વિશ્વને જોવાની કર્મની એક અનોખી દૃષ્ટી જૈન ધર્મ અને દર્શને જે રીતે નિર્માણ કરી છે એવી અન્ય કોઈ દર્શન કે ધર્મ વિકસાવી નથી શક્યુ એ હકીકત છે. **सव्वे जीवा कम्मवस** આ શબ્દો સ્વમુખે ફરમાવીને સ્વયં તીર્થંકર પરમાત્માએ એક અંતિમ સત્ય રજુ કર્યું છે. આખા વિશ્વના સર્વ જીવોનું કલ્યાણ કરવાની ભાવદયાના પાયામમાં કર્મવિજ્ઞાનનો સિદ્ધાન્ત સચોટરુપે વણાયેલો છે. કોઈ પણ જીવ પાપ આચરે જ નહીં તો કર્મ બંધાય જ નહીં અને ઉદયકાળે દુઃખી થવાનો વારો જ ન આવે. આવી રીતે સવિ જીવ કરું શાસન રસી ના રહસ્યને કર્મ સિદ્ધાન્તના પાયામાં ચરિતાર્થ થતો જોવા મળે છે.

સંસારના બીજા બધા સિદ્ધાનતો ઓળખવા-જાણવા કરતા પણ કર્મ વિજ્ઞાનના સ્વરુપને જાણવામાં પ્રથમ પ્રત્યક્ષ લાભ એ છે કે તે તરત જીવનના આચરણમાં ઉતરતુ જાય છે. વ્યક્તિની ચિંતા અને આર્તધ્યાનમાં પણ કર્મ સિદ્ધાન્તનું સચોટ જ્ઞાન ઘણી જ અસર કરીને એને વહેલો બહાર કાઢે છે. ચિંતા કરનારમાંથી ચિંતક બનાવી શકે છે. એક બાજુ વ્યક્તિ ચિંતક બને અને બીજી બાજુ કર્મ વિજ્ઞાનનું સચોટ જ્ઞાન હોય તો ચિંતનમાં સાકર ભળે છે. કર્મ સિદ્ધાન્તનું ચિંતન-જ્ઞાન સ્વ-પર ઉભય ઉપકારી બને છે.

મહાભિનિષ્ક્રમણ કરી સંસારનો સર્વથા ત્યાગ કરી, સંયમ જીવનના સાધક બની કર્મસિદ્ધાન્તનો અભ્યાસ કરતા...કરતા... વધુને વધુ ઉંડા ઉતરવાનું મન થતું જ ગયું. મિથ્યત્વનું વ્યાપક સ્વરુપ જાણ્ય પધી જગતના જીવોનું મિથ્યાત્વ દૂર કરી મોક્ષની સાચી દિશામાં આગળ વધારવા માટે એક માત્ર સર્વપ્રથમ કર્મ વિજ્ઞાનનું તત્ત્વજ્ઞાન જીવોને આપવા-પમાચવામાં જ ઘણો ફાયચો લાગ્યો. યોગાનુયોગ મુંબઇથી ચાતુર્માસાર્થે સુરત આવવાનું થયું. શ્રી ને.મે. વાડી ઉપાશ્રયે ગોપીપુરા-સુરતમાં ચાતુર્માસ દરમ્યાન યુવા આલમને કર્મના સચોટ સિદ્ધાન્તો શિખવાદવા-સમજાવવાની ઈચ્છા પ્રહલ બની. રવિવારીય સચિત્ર પ્રવચનમાળા કર્મ તણી ગતિ ન્યારી ના શીર્ષક હેઠળ શરુ થઈ. યુવાનો અને ભાઈ - બહેનોને વધુ રસ પડચો. કંઈક જાણવા મળ્યાનો સંતોષ બધાએ વ્યકત કર્યો, પરન્તુ આવા અઘરા વિષયમાં વારંવાર અભ્યાસ કરીશું તો જ ઉપસ્થિત રહેશે માટે આપ લખાણ રુપે પુસ્તિકા તૈયાર કરી આપો એવો આગ્રહ વધતો ગયો.

૧૪ વર્ષના સંયમ પર્યાયમાં સર્વ પ્રથમવાર પુસ્તક લેખનની સુવર્ણ ઘડી સામે આવી. જીવનની પ્રથમ પુસ્તક અને તે પણ આવા કર્મ સિદ્ધાન્તના વિષયની અને તેમાં પણ સચિત્ર શૈલીમાં લખવાની અને પ્રવચનો આપવાની અને તેમાં પણ એક રવિવારે પ્રવચન આપી તેને બે દિવસમાં લખી પ્રેસમાં મુદ્રણ કરાવી, પ્રૂફ સુધારી-છપાવીને બીજા રવિવારે બધાને વિતરણ કરવાની કપરી કસોટી માથે આવી પડી. દેવ-ગુરુની અસીમ કૃપાનો પ્રત્યક્ષ અનુભવ કરતો ગયો અને કર્મ વિજ્ઞાન સચોટ રીતે શિખવાડવા-સમજાવવા-શ્રદ્ધા જગાડવા-પમાડવાની પ્રકૃષ્ટ તમન્ના સાકાર થતી દેખાતી ગઇ. મન સંતોષ અને સમાધાન અનુભવતુ ગયુ. પરિણામે કર્મ તણી ગતિ ન્યારી એક સુંદર પુસ્તિકા તૈયાર થઈ ગઇ. પરિશ્રમનું પરિણામ જોઈ કોને આનન્દ ન થાય ?

ત્યાર પછીના ૩ વર્ષે રાજસ્થાનની ગુલાબી નગરી રાજધાની જયપુરમાં ચાતુર્માસ થયું. ત્યાં પણ હિન્દી ભાષામાં કર્મના સિદ્ધાન્તની સચિત્ર શૈલીની પ્રવચન માળા ચાલી તે પણ આવી જ રીતે **कर्म की गति न्यारी** રુપે પ્રસિદ્ધ થઈ. વિસ્તાર વધ્યો અને ૩ કર્મો ઉપર ૭૦૦ પાનાના પ્રથમ ભાગની પુસ્તિકા બની. સંયોગોવશાત ત્યાંજ કામ અટકી ગયુ.

હું મારા M.A.ના અભ્યાસમાં વ્યસ્ત રહીને પણ બીજા પુસ્તકો લખવામાં સક્રિય રહેતો હોવાથી વડનગરના પૉ. પ્રહલાદભાઈ પટેલે હિન્દીનું ગુર્જરાનુવાદ કરી આપ્યું. પરિણામે "કર્મ તણી ગતિ ન્યારી" પુસ્તક બે ભાગમાં પ્રસિદ્ધ થયું. **SHREE MAHAVEER RESEARCH FOUNDTION - VEERALAYAM** જ્ઞાનક્ષેત્રે સક્રિય સંસ્થાએ તેનું પ્રકાશન કર્યુ. **પૂ. મુનિરાજ શ્રી હેમન્તવિજયજી** એ ચીવટપૂર્વક પ્રૂફ સંશોધન કરી આપ્યુ અને શુદ્ધિકરણથી સંશોધિત શુદ્ધ પુસ્તક તૈયાર થયું. બે દાયકામાં ત્રણ આવૃત્તિઓની હજારો પુસ્તકો ચારેય બાજુ પહોંચી ગઈ.

આજે ચતુર્થ આવૃત્તિ પ્રકાશિત થતા પુસ્તકની ઉપયોગિતા, આવશ્યકતા અને વિષયના જ્ઞાનની રુચિનું પ્રમાણ વ્યક્ત કરે છે.લોકોમાં કર્મ સિદ્ધાન્તના જ્ઞાનની જાગૃતિ આવતી જાય, જીવનમાં પાપભીરુતા-કર્મ ભીરુતા, કર્મો સામે સાવધાની વધતી જાય એ જ સાચી ફળશ્રુતિ છે.

સર્વજ્ઞ પરમાત્માના સમ્યગ - સાચા તત્ત્વના જ્ઞાનનો પ્રસાર-પ્રચાર કરવાનો આ પુસ્તકના બહાને સુવર્ણ અવસર મળ્યો. ભાવના અને તમન્ના પ્રમાણે ઉદ્દેશ્યપૂર્તિ કઈક અંશે પણ થઈ અને થતી જાય છે તેવા સંતોષથી માનસિક સમાધાન અને ચિત્ત પ્રસન્નતા અનુભવું છું. અને આશા રાખુ છું કે આવુ અનોખુ સર્વજ્ઞનું કર્મ વિજ્ઞાન બધાને ઉપકારી બને, સર્વે સાધકો આત્મકલ્યાણ સાધે એ જ અભ્યર્થના સાથે વિરમુ છું.

- પં. અરૂણવિજય

# પ્રકાશકીય નિવેદન

વિશ્વ ગુરુના બિરુદને નભાવવા સમર્થ એવું જૈન શૈસન છે. અને તેમાં પણ સમગ્ર વિશ્વને અંતિમ કક્ષાના સત્યનું તત્ત્વજ્ઞાન આપવા સક્ષમ એવું જૈન શૈસન આજના કળીયુગમાં પણ ચરમ સત્ય પીરસી રહ્યું છે. આવું અનન્ત ઉપકારી જિનેશ્વર પરમાત્માનું શાસન અવિચ્છિન્નપણે આજે પણ ચાલી રહ્યું છે. વિશ્વગુરુની ફરજ બજાવે એવી ઉચ્ચ કક્ષાની જ્ઞાનગંગા વહેવડાવવાનું કાર્ય કરતી અનેક સંસ્થાઓમાંની એક સંસ્થા અમારી પણ છે - **SHREE MAHAVEER RESEARCH FOUNDATION - VEERALAYAM** ના નામે ઓળખાતી આ સંસ્થાનું **MINI HILL STATIOAN** જેવા મનોહર સ્થાનમાં વીરાલયમ્ નામનું વિશાળ સંકુલ આકાર લઈ રહ્યું છે. જે પુના શહેરની દક્ષિણ દિશામાં દક્ષિણ ભારતના પ્રવેશ દ્વાર સમાન કાત્રજ ઘાટની રમણીય પર્વતમાળાની પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર પહાડીયો વચ્ચે પહાડી ઉપર આવેલું છે. શાન્ત વાતાવરણમાં પ્રકૃતિના ખોળે આવેલા આ વીરાલયમ્ નામના સેવા-શિક્ષા અને સાધનાના ત્રિવેણી સંગમ તીર્થ સ્થાને આ સંસ્થા જ્ઞાન સેવાનું મોટુ કામ કરી રહી છે, અને છેલ્લા કેટલાક વર્ષોથી જૈન વાઙમય ક્ષેત્રે કેટલાક શાસ્ત્રો-આગમો અને તાત્ત્વિક પુસ્તકો પ્રકાશન કરવાનું કામ કરી રહી છે.

અમારી સંસ્થાના પ્રણ સમાન અને સાહિત્ય સર્જક જૈન જગતના ડબલ થયેલા જાણીતા સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી પ.પૂ. પં.પ્રવર ડૉ. શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજ સા. આજથી ૨૧ વર્ષો પહેલા વિ.સં. ૨૦૩૮ની (ઇ.સં. ૧૯૮૨)ની સાલમાં સૂર્યપુર-સુરત નગરે શ્રી ને.મે. વાડી ઉપાશ્રયે - ગોપીપુરામાં ચાતુર્માસાર્થ પધાર્યા હતા. જૈન સિદ્ધાન્તોના પાયા સમાન ૮ કર્મોના વિશિષ્ટ તત્ત્વજ્ઞાન ઉપર રવિવારીય શિબિરની પ્રવચનમાળા વહાવી હતી. સંયમ પર્યાયના ૧૪ મા વર્ષે પોતાના જીવનની સર્વ પ્રથમ પુસ્તકને કર્મ તણી ગતિ ન્યારી એવું શીર્ષક આપીને લખી હતી. તે પ્રકાશિત થઇને જનતામાં ચારેય બાજુ ખૂબ આવકાર પામી. ત્યાર પછી જયપુરમાં ઇ.સં. ૧૯૮૫ (વિ.સં.૨૦૪૧)ના ચાતુર્માસ દરમ્યાન હિન્દી ભાષામાં કર્મ તણી ગતિ ન્યારી રુપે ૮ કર્મોનો વિષય પીરંસાયો. અને તેની હિન્દીમાં પુસ્તક પ્રકાશિત થઈ, જેમાં ફક્ત ૩ કર્મો ઉપર ૭૦૦ પાના લખાણા હતા.

પૂ. ગુરુદેવ શ્રી જેઓ જૈન શ્રમણ સંઘના બહુમુખી પ્રતિભા સંપન્ન છે. જૈન સંઘમાં સચિત્ર શૈલીના પ્રવચનકાર તરીકે સારી એવી પ્રસિદ્ધિ ધરાવનારા પૂજ્યશ્રી

સ્વયં સિદ્ધહસ્ત લેખક પણ છે. પૂજ્યશ્રી બીજુ નવું સર્જન કરવામાં વ્યસ્ત હતા ત્યારે વડનગરના વિદ્વાન પ્રૉ. પ્રહલાદભાઈ પટેલે આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર કરીને આપ્યુ અને અમારી સંસ્થાએ તેનું ગુર્જર પ્રકાશન કર્યુ. વીતેલા બે દાયકાઓમાં ત્રણ આવૃત્તિ પ્રકાશિત કરીએ છીએ.

અમારી જ સંસ્થાના **VEERALAYAM COMPUGRAPHICS** તરફથી અક્ષર ગમનિકારુપે ટાઈપ સેટીંગ થયુ. **પ.પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્રવિજયજી મ.સા.**ના ઉદાર સહયોગથી અનેક ચિત્રો ઉપલબ્ધ થયા જે આ પુસ્તકની શોભા વધારવામાં ચાર ચાંદ લગાડે છે. તેમના અમે સદા ઋણી છીએ. ગુર્જર અનુવાદક પ્રૉ. શ્રી પ્રહલાદભાઈ પટેલનો ઉપકાર સંસ્થા સદા યાદ રાખશે.

**પૂ. મુનિરાજ શ્રી હેમન્તવિજયજી મહારાજે** ખૂબજ ચીવટ રાખીને આ પુસ્તકનું પ્રૂફ સંશોધન સુંદર રીતે કરી આપ્યુ છે. તેમને પણ દૂધમાં સાકર ઉમેરવાનું - મીઠાશ વધારવાનું કામ કરી આપ્યુ છે તે બદ્દલ સંસ્થા સદા તેમની ઋણી રહેશે.

આ ચતુર્થ આવૃત્તિના બન્ને ભાગ પ્રસિદ્ધ કરવા માટે મૂળ પાટણના વતની અને વાલકેશ્વર-મુંબઈ નિવાસી સુશ્રાવિકા સૂર્યબાળાબેન તથા તેમના સુપુત્રી સરગમબેન બન્ને તરફથી જે ઉદાર આર્થિક સહયોગ મળ્યો છે તે બદ્દલ અમે તેમનો મનપૂર્વક આભાર માનીએ છીએ.

પુનાના રચના આર્ટ પ્રેસ વાળા વસન્તભાઈ શાહે મુદ્રણ કાર્યમાં સહયોગ કરી આપ્યો છે તેમજ અનિલભાઇ નાહરે બાઈન્ડિંગ કાર્યમાં કરેલા સહયોગ બદ્દલ ધન્યવાદ આપીએ છીએ. આવી રીતે બધાના સંયુક્ત સહકારથી ચોથી આવૃત્તિ રુપે આ પુસ્તક વાચક વર્ગના હાથ સૂધી પહોંચી રહી છે. તે બદ્દલ સર્વેનો ધન્યવાદ સહ આભાર વ્યક્ત કરીએ છીએ.

જૈન ધર્મના કેન્દ્રમાં એના પ્રાણસમા આ કર્મ સિદ્ધાન્તના વિષયને જિજ્ઞાસુ વર્ગ અનેક ચિત્રોની મદદથી સરળતાથી સમજે, પોતાની રુચિ વધારે, જિજ્ઞાસા સંતોષે, જ્ઞાન વધારે અને અન્તે કર્મો બાંધતા અટકે અને પરંપરાએ મુક્તિ સુખને પામે એવી શુભ ભાવના સાથે વિરમીએ છીએ.

જય જિનેન્દ્ર

કાર્તિકી પૂર્ણિમા - વીરાલયમ પુના

શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન
ટ્રસ્ટીગણ-પુના

# આર્થિક સહયોગ

જૈન શ્રમણ સંઘના ડબલ M.A. Ph.D થયેલા જાણીતા સુપ્રસિદ્ધ વિદ્વાન...
પ.પૂ.પંન્યાસ પ્રવર ડૉ. શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજ
દ્વારા સચિત્ર શૈલીમાં આલેખાયેલ

# કર્મ તણી ગતિ ન્યારી

ભાગ 1 અને 2

## શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય

## શ્રી ચોપાટી જૈન સંઘ - મુંબઈ


**ના જ્ઞાનખાતાના ઉદાર આર્થિક સહયોગમાંથી**

**છપાવી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.**

**પ્રકાશકસંસ્થા**

# શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન

વીરાલયમ્





મુંબઇના ચોપાટી...દરિયા કિનારે...શ્વેત મારબલના સુંદર રમણીય
મંદિરમાં પ્રતિષ્ઠિત પ્રાચીન સર્વ કલ્યાણકર
શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન તથા દેરાસરનો બાહરી દેખાવ



## हथूंडी तीर्थ मंडन मूलनायक श्री राता महावीरस्वामी भगवान

समग्र विश्वमें महावीर प्रभु की यह एक मात्र अद्वितीय-अलभ्य मूर्ति है। जो रेती, चूने एवं मिट्टि के संमिश्रण से वि. सं. ३६० की साल में बनी हुई राता (लाल)रंग के वज्रलेपवाली १७०० वर्ष प्राचीन ऐतिहासिक अलौकिक चमत्कारिक अद्भूत महाप्रभावक भव्य प्रतिमा है। एक बार हथूंडी तीर्थ की यात्रा का लाभ अवश्य लिजिए।

**श्री हथूंडी राता महावीर तीर्थ**

पो. बिजापुर, वाया बाली, स्टे. फालना, जिला-पाली (राज.) ३०६७०७

# गुरुराज को सदा मोरी वंदना



प. पू. आचार्य देव श्रीमद्विजय
धर्मसूरीश्वरजी म. सा.



प. पू. आचार्य देव श्रीमद्विजय
भक्तिसूरीश्वरजी म. सा.



प. पू. आचार्य देव श्रीमद्विजय
प्रेमसूरीश्वरजी म. सा.



प. पू. आचार्य देव श्रीमद्विजय
सुबोधसूरीश्वरजी म. सा.



तत्त्व चिंतक-तात्विक-सात्विक साहित्य के सर्जक, सचित्र शैली की पुस्तकें लिखनेवाले सिद्ध हस्त लेखक, सैद्धान्तिक सत्त्वसभर सचित्र शैली के प्रवचनकार, दार्शनिक पद्धति से तर्क युक्ति पूर्वक समझानेवाले, अनेक शिबीरों द्वारा युवावर्ग को सीखानेवाले, ध्यान योग साधना शिबिर के प्रणेता, वीरालयम् के स्वप्न दृष्टा, साधर्मिकों के राहबर, श्री हथूंडी तीर्थ के जीर्णोद्धारकारक, श्री महावीर रिसर्च फाउन्डेशन के आद्य प्रणेता, श्री महावीर विद्यार्थी कल्याण केन्द्र के प्रेरणास्त्रोत, जैन श्रमण संघ के **M. A., Ph.D.** सुप्रसिद्ध विद्वान,


संशोधनात्मक महाप्रबंध के लेखक

**प. पू. पंन्यास प्रवर डॉ. श्री अरुणविजयजी गणिवर्य महाराज**

(राष्ट्र भाषा रत्न, साहित्य रत्न M.A., दर्शन शास्त्री B.A., जैन-न्याय दर्शनाचार्य M.A., Ph.D.)




जहां महावीर प्रभु की राता (लाल) रंग के वज्र लेपवाली समग्र विश्व की एक मात्र अलभ्य मूर्ति है ऐसे राजस्थान राज्य की मरुभूमि पर गोडवाड प्रान्त के गौरव समान श्री हथूंडी तीर्थ है। जो नदी के किनारे प्राकृतिक सौंदर्य से सुशोभित प्रदूषण रहित-शान्त वातावरण में स्थित है। जैन श्रमण संघ के डबल M. A., Ph.D. हुए सुप्रसिद्ध विद्वान **पू. पंन्यास डॉ. श्री अरुणविजयजी म.सा.** की प्रेरणा-सदुपदेश एवं मार्गदर्शनानुसार नवनिर्मित ३ गढ, १२ चोकियां, १२ प्रवेश द्वार, अशोक वृक्षात्मक सामरण युक्त **श्री महावीर वाणी समवसरण मंदिर** बना है। अंदर आगम मंदिर व गणधर मंदिर है, चौमुखजी प्रभुजी की प्रतिमा प्रतिष्ठित है। भ. महावीर की देशनात्मक वाणी विविध भाषाओं में लिखि गई है। इस तीर्थ में ठहरने हेतु उत्तम धर्मशाला तथा भोजनशाला आदि की सुंदर व्यवस्था है। आइए... पधारिए.... एक बार इस तीर्थ की यात्रा करने अवश्य पधारिए।



श्री पार्श्वनाथ भगवान की नौं फीट की श्यामवर्णी विशाल प्रतिमा गादी - परिकरादि सह वीरालयम् में नवनिर्माणाधीन ''श्री वर्धमान समवसरण ध्यानालयम्'' में बिराजमान होगी ।



वीरालयम्
कात्रज, पुणे.
VEERALAYAM
Katraj, Pune.


श्री वर्धमान समवसरण ध्यानालयम्      वीरालयम्, कात्रज, पुणे.




पू. साधु-साध्वीजी महाराजों की आराधना के लिए सुंदर उपाश्रय


दो डायनिंग हॉल एवं दो किचन युक्त
विशाल भोजनालयम्


५०० स्क्वे.फू. के एक ऐसे १० ब्लॉक, जिसमें हॉल, शयनकक्ष,
रसोई घर, स्वतंत्र संडास-बाथरुमादि सुविधा युक्त
सुंदर धर्मशाला


१० दुकान तथा २८ घर से युक्त नवनिर्मित
श्री महावीर जैन साधर्मिक नगर



'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ' તથા
'જિન પ્રણિત કર્મ વિજ્ઞાન'ના
ઊંડા અભ્યાસુ તત્ત્વ રસિક...
તત્ત્વ જિજ્ઞાસુ....તત્ત્વ ગવેષક
પાટણ નિવાસી સ્વ.

**શ્રી કીર્તિભાઈ માણેકલાલ શાહ**

# આર્થિક સહયોગ

જૈન શ્રમણ સંઘના ડબલ **M.A. Ph.D** થયેલા જાણીતા સુપ્રસિદ્ધ વિદ્વાન...
પ.પૂ. પંન્યાસ પ્રવર ડૉ. શ્રી અરૂણવિજયજી ગણિવર્ય મહારાજ
દ્વારા સચિત્ર શૈલીમાં આલેખાયેલ

# કર્મ તણી ગતિ ન્યારી

ભાગ 1 અને 2

કર્મ સિદ્ધાન્તના ઊંડા અભ્યાસુ, દ્રવ્યાનુયોગના જિજ્ઞાસુ, તત્ત્વ ગવેષક....
પાટણ નિવાસી સ્વ. શ્રેષ્ઠી શ્રી

# કીર્તિભાઈ મણિલાલ શાહ

ની પુણ્ય સ્મૃતિમાં
ધર્મ પત્ની શ્રાવિકા સૂર્યાબેન કીર્તિભાઈ શાહ તથા
સુપુત્રી સરગમબેન પરિવાર
તરફથી મળેલા ઉદાર આર્થિક સહયોગથી પ્રસ્તુત પુસ્તક છપાવી પ્રસિદ્ધ
કરવામાં આવેલ છે.

**પ્રકાશક સંસ્થા**

# શ્રી મહાવીર રિસર્ચ ફાઉન્ડેશન

વીરાલયમ્

# સમર્પણ

દ્રવ્ય - ગુણ - પર્યાયનો રાસ

તથા

જિન પ્રણીત કર્મ વિજ્ઞાન ના ઉંડા અભ્યાસુ

તત્ત્વ રસિક...તત્ત્વ જિજ્ઞાસુ...તત્ત્વ ગવેષક...

પાટણ નિવાસી

**સ્વ. શ્રી કીર્તિભાઈ માણેકલાલ શાહ**

ની ૧૫મી પુણ્ય તિથિએ

## "કર્મ તણી ગતિ ન્યારી"

ભાગ - ૧,૨ પુસ્તક

તેમના આત્મ શ્રેયાર્થે તૈયાર કરાવી

તેમની જ સ્મૃતિમાં

પુષ્પાંજલી રુપે સાદર...

સમર્પણ.....

- શ્રાવિકા સૂર્યબાળા

॥ શ્રી કલ્યાણ પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય - ચોપાટી જૈન સંઘ

## સંક્ષિપ્ત ઇતિહાસ

મુંબઈ મહાનગર ભારત દેશની આર્થિક રાજધાની તરીકે ઓળખાય છે. વિકસતા આ શહેરમાં ચારેય બાજુથી દેશના ખૂણે-ખૂણેથી અનેત લોકો આવીને વસ્યા છે. એમાં જૈનોની સંખ્યા પણ ઘણી સારા પ્રમાણમાં છે. મુંબઈના ભૌગોલિક સૌંદર્યમાં શોભા વધારતો દરીયા કાંઠો ખૂબ જ સુંદર લાગે છે. તેમાં પણ ચોપાટી-મરિન ડ્રાઇવ - નરિમાન પોઇન્ટની ગળામાં પહેરવાના હાર-નેકલેસ જેવી આકૃતિ ખૂબ જ મનમનોહક લાગે છે. જેને જોવા હજારો - લાખો લોકો આવે છે. આવા રમણીય ચોપાટી પરિસરમાં આજથી ૫૦ વર્ષ પૂર્વે પણ જૈનોની વસતિ હતી. તેમાં શ્રેષ્ઠી પન્નાલાલ ઝુમખરામનો પરિવાર પણ વસતો હતો. એક દિવસની પ્રભાતે તેમને વિચાર આવ્યો કે... 'અહીંયા આપણે રહીએ છીએ...નજીકમાં દેરાસર હોય તો કેટલું સારુ'. યોગાનુયોગ તેમના ધર્મપત્ની શ્રીમતિ મોતીબેનને પ્રભાતે સ્વપ્નમાં ત્રણ પ્રતિમાજી વાળા દેરાસરના દર્શન થયા. આ યોગાનુયોગના સંકેતમાં કંઇક મંગળ એંધાણ સમજીને તે વખતના ચોપાટી પરિસરમાં વસતા શ્રેષ્ઠી શ્રી ડાહ્યાભાઈ છગનલાલ, મોહોલાલ મગનલાલ, મોહનલાલ તારાચંદ,અને શેઠ શ્રી કાન્તિલાલ બકોરદાસ આદિ બધાને પોતાનો વિચાર તથા શ્રાવિકાના સ્વપ્નની વાત જણાવી. બધાને વિચાર ગમ્યો.

'શુભસ્ય શિઘ્રં' શુભ કામમાં ઢીલ શા માટે કરવી? તે કાળે પ.પૂ. આચાર્ય શ્રી ચંદ્રસૂરીશ્વરજી મ.સા. ને મળ્યા. પૂજ્યશ્રીને વાત જણાવી. પૂજ્યશ્રીની નિશ્રા મળી. સોનામાં સુગંધ ભળી. આયોજન આગળ વધ્યુ. શેઠ શ્રી ડાહ્યાભાઈ પ્રેમચંદના ધર્મપત્ની સમરતબેન શેઠ શ્રી મણીલાલ મોહનલાલ પાદરાકર અને નિરંજનાબેન વિનોદભાઇ પાદરાકર આ મહાનુભાવોએ હોંશે હોંશે દેરાસર માટે જગ્યા આપી. ચોપાટીના દરિયા કાંઠે આટલી પણ જગ્યા મળે અને દેરાસર નિર્માણ થાય એ આનન્દનો વિષય હતો.

વિ.સં. ૧૯૯૮ની સાલમાં (આજથી ૬૩ વર્ષો પૂર્વે) એક નાનકડા ઘર દેરાસરના નિર્માણની શરુઆત થઈ. શેઠ શ્રી મોહનલાલ તારાચંદે જાત દેખરેખ નીચે અથાગ પરિશ્રમ કરીને બે મહિનાના ટુંકા ગાળામાં દેરાસરનું બાંધકામ પુરું કરાવ્યું.

આગેવાનો ખાસ ખંભાત નગરે ગયા. ત્યાં ૧૫ દિવસ સુધી સ્થિરતા કરી. બધા દેરાસરોના દર્શન કરતા રહ્યા. આપણા ચોપાટીના ઘર દેરાસરને અનુરુપ ધાતુના કયા પ્રતિમાજી છે તે તપાસ કરતા રહ્યા અન્તે શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન આદિની પ્રતિમાજી લાવ્યા.

આનન્દોલ્લાસપૂર્વક પ્રભુજીને પધારાવ્યા.

જોત જોતા ભાવિકોની સંખ્યા વધવા લાગી. ઘરોની સંખ્યા પણ વધવા લાગી. વિ.સં. ૨૦૧૨ના આસો શુદ ૧૦ વિજયા દશમી-દશેરાના શુભ મુહૂર્તે (તા. ૧૪-૧૦-૧૯૫૬ના રવિવારે એટલે આજથી ૪૯ વર્ષો પૂર્વે ) શ્રી ચોપાટી જૈન સંઘની સ્થાપના થઈ. મુખ્ય મુંબઈના દરિયા કાંઠે વસતા અનેક સંઘોની વચ્ચે આજે પણ ચોપાટી જૈન સંઘ એક જાણીતો સુપ્રસિદ્ધ સંઘ છે.

શ્રી ચોપાટી જૈન સંઘ અને જિનાલયના પાયાના આધારસ્તંભ તરીકે શેઠ શ્રી ડાહ્યાલાલ છગનલાલ, શેઠ શ્રી મોહોલાલ મગનલાલ, શેઠ શ્રી મોહનલાલ તારાચંદ, શેઠ શ્રી કાન્તિલાલ બકોરદાસ, શેઠ શ્રી પન્નાલાલ ઝુમખરામ આદિ મુખ્ય સંસ્થાપકો છે.

બીજના ચંદ્રમાની જેમ ચોપાટી સંઘ વિકસતો જ ગયો. વસતિ વધતી ગઈ, ભાવિકો દર્શન-પૂજાર્થે ઉમટતા ગયા. વિ.સં. ૨૦૨૩ની સાલમાં દેરાસરનો ઉપરનો ભાગ-વિસ્તાર વધારી સુશોભનીય સુંદર ઘુમટવાળું બે મજલી દેરાસર કર્યું. ઉપરના ગભારામાં શ્રી ધર્મનાથ પ્રભુ, શ્રી ચિંતામણી પાર્શ્વનાથ અને મનમોહન પાર્શ્વનાથ પ્રભુજી બિરાજમાન કર્યા. પાલનપુર નિવાસી શ્રેષ્ઠી શ્રી નરોત્તમદાસ ગોદડજીએ ધર્મનાથ ભગવાનની, અમદાવાદ નિવાસી શ્રી ચંદ્રકાંત મણીભાઈના માતુશ્રીએ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન પધરાવ્યા તથા વરતેજના વતની સ્વ. શ્રેષ્ઠીવર્ય શ્રી મોહનલાલ તારચંદના ધર્મપત્ની શ્રાવિકાએ શ્રી મનમોહન પાર્શ્વ પ્રભુજી પધરાવ્યા. મુંબઇના અનેક સંઘોના ઉપકારી પૂ. આચાર્ય દેવશ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના કર કમળે વિ.સં. ૨૦૨૩ના વૈશાખ શુદ ૧૦ના પ્રતિષ્ઠા કરાવી.

શ્રી સંઘની અભિવૃદ્ધિ થઈ એક સુંદર ઉપાશ્રય અને નીચે પ્રવચન હૉલનું પણ નિર્માણ થયું. પૂ. આચાર્ય ભગવંતો તથા મુનિ ભગવંતો આદિના અનેક ચાતુર્માસો છેલ્લા ઘણાં વર્ષોથી થતા જ રહે છે. દેરાસરના બહારના ચોકમાં શ્રી શત્રુંજય તીર્થનો આરસનો પટ અત્યન્ત રમણીય અને દર્શાનીય છે. આયંબિલની ઓળીઓ વગેરે આરાધનાઓ તપશ્ચર્યાઓ થતી જ રહે છે.

જૈન શ્રમણ સંઘના ડબલ M.A.,.Ph.D. થયેલા જાણીતા વિદ્વાન **પ.પૂ. પંન્યાસજી ડૉ. શ્રી અરુણવિજયજી મ.સા.**નું આજથી લગભગ ૨૪ વર્ષો પૂર્વે અમારા ચોપાટી શ્રી સંઘમાં ચાતુર્માસ થયુ હતું. પૂજ્યશ્રીના કર્મ સિદ્ધાન્ત સભર પ્રવચનો અત્યન્ત માર્મિક કક્ષાના હતા. પૂજ્યશ્રી દ્વારા લિખિત પુસ્તક **'કર્મ તણી ગતિ ન્યારી' ભાગ ૧ અને ૨** શ્રી ચોપાટી જૈન સંઘના જ્ઞાનખાતામાંથી શ્રુત ભક્તિ સ્વરુપે છપાવી પ્રસિદ્ધ કરી છે.

કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર
ચોપાટી- મુંબઇ

— શ્રી ચોપાટી જૈન સંઘ
ટ્રસ્ટ મંડલ

# પ્ર સ્તા વ ના

**કરમ...ન...છૂટે...રે...પ્રાણીઆ...**

આ શબ્દો વારંવાર કર્ણપટલ પર પડતા દ્વિધા જન્માવતા જતા હતા કે...શું ખરેખર કર્મ છૂટતા જ નથી ? અને ન જ છૂટે તો મોક્ષ કેવી રીતે થાય ? બીજી બાજુ અનન્તા આત્માઓ મોક્ષે ગયા છે કે...હે આત્મન ! કર્મો એટલા ભયંકર ગાઢ બંધાયેલા છે જે છૂટવા ઘણાં મુશ્કિલ છે. પરમાત્મા મહાવીર દેવે અંતિમ દેશના માં ઉત્તરાધ્યયન સૂત્રના ૩ જા અધ્યયનમાં પણ આ જ વાત કહી છે-"**कडाण कम्माण न मोक्खोत्ति**"હે ચેતન ! કર્યા કર્મો થી કોઈ છૂટકારો નથી. એનો અર્થ એવો નથી કરવાનો કે કર્યા કર્મો ખપે જ નહીં. ના...કર્મ છૂટે જ નહી તો મોક્ષ કેવી રીતે મળે ? અને જો મોક્ષ જ ન થાય તો સદા માટે આ સંસાર જ રહે. તો પછી ધર્મ નો પુરૂષાર્થ સર્વથા નિષ્ફળ જાય. ના... પ્રભુ શું કહેવા માંગે છે એ મર્મ સમજીએ...આ સંસારમાં પાપ પ્રવૃત્તિમાં રાચીને જે રીતે લોકો કર્મો ઉપાર્જન કરે છે...અમે પાપ ભલે કરીએ પણ દુઃખની સજા ન ભોગવવી પડે તો સારૂ. પણ શું જીવો ની ઇચ્છા પ્રમાણે થઈ જાય...હા...થઈ જાય તો ઘણું સારૂ. પરન્તુ આ તો અજ્ઞાનમૂલક વૃત્તિ છે. હરિભદ્રસૂરિ મ. કહે છે કે...

**पुण्यस्य फलमिच्छन्ति , पुण्यं नेच्छन्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छन्ति ,पापं कुर्वन्ति सादराः।।**

-પુણ્ય એટલે શુભ કર્મ તેનું ફળ સુખ રૂપ હોય છે. તેને લોકે ઈચ્છે છે. બસ, સુખ મળતું જ રહે. પરન્તુ ધર્મ કરતા પુણ્યોપાર્જન થાય છે. તે ધર્મ કાર્ય-કરવા રાજી નથી. રસોઈ કર્યા વગર જમવું છે. આગ વિના ધુમાડો જોવો છે, એવી જ રીતે ધર્મ વિના પુણ્ય ક્યાંથી જાગશે ? અને પુણ્ય વિના સુખ ક્યાંથી મળે ? સંભવ નથી. પુણ્યોપાર્જન કરો અને વિપાકે મધુરા સુખો ભોગવો. આ વાત બરોબર છે. પરન્તુ જીવોની અજ્ઞાનમૂલક સ્વાર્થ વૃત્તિએ એટલી હદ વટાવી છે કે...પાપનું અશુભ ફળ દુઃખ છે તેને કોઈ ઇચ્છતુ નથી છતાં પાપની પ્રવૃત્તિ કરવાનું કોઈ છોડતું નથી. પાપો આદર પૂર્વક કરે છે. કારણ કે પાપો કરતા સુખ મળે છે આવી વૃત્તિ ઘર કરી ગઈ છે, માટે એના આધારે પાપો ની પ્રવૃત્તિઓ માં જીવો રાચે છે. ત્યારે મને ભારે કર્મો બંધાય છે તેવું ભાન નથી રહેતું. શું થાય ? અજ્ઞાનના ફળ પણ ભોગવવા જ પડે છે. આવી જીવોની વિકૃત વૃત્તિના આધારે શું જગત માં બનતુ હશે ? ના... સંભવ જ નથી. આ તો માત્ર જીવોની આવી ભ્રમપૂર્ણ માન્યતા છે.

શાશ્વત નિયમ એ છે કે...કરેલા પાપ કર્મો ઉદયમાં આવે અને તેના વિપાકે જીવો દુ:ખ અનૂભવે-ભોગવે. એ જ પ્રમાણે કરેલા શુભ પુણ્ય કર્મો પણ ઉદયમાં આવે અને તેના વિપાકે સુખ-શાન્તિ અને શાતા જીવો અનુભવે. બસ આટલા સાદા આ શાશ્વત સિદ્ધાન્ત નું જીવ માત્ર ને સાચું જ્ઞાન થઈ જાય તો તો પછી આ સંસારમાં દુખ-દર્દ અને દુર્ગતિ નું નામનિશાન જ ન રહે. પરંતુ ''વો દિન કહાં જબ દક્ષિણ મેં ઉગે ચાંદ ? જીવોએ મિથ્યાત્વ એટલુ જબરદસ્ત ઉપાર્જન કરી રાખ્યું છે કે એના ઉદયે સાચુ જ્ઞાન, સાચી સમજ અને શ્રદ્ધા તેમજ સમ્યગ્ આચરણ થઈ જ નથી શકતુ. સંભવ જ નથી રહેતુ. બસ ભ્રમ-અને વિપરીત આચરણ જ વધારે રહે. અજ્ઞાન અને વિપરીત જ્ઞાન જ વધારે રહે. મિથ્યાત્વના ઉદય નો પૂરાવો જ એ છે કે બધામાં વિપરીત વિચારણા જ વધારે રહે. સાવ વિપરીત મતિ ના આધારે બધું જ ભ્રમપૂર્ણ રહે. વૃત્તિ નકારાત્મક-અભાવાત્મક વધારે ચાલે. પરિણામ સ્વરૂપે સત્ય નો દ્વેષી બને; અને અસત્ય નો પ્રેમી બને. શાશ્વત સનાતન સિદ્ધાન્તો ની વાત મિથ્યાત્વીના ગળે ઉતરે જ નહી. અનાદિકાળથી અસ્તિત્વ ધરાવતા પદાર્થો ને માનવા મતિ કામ કરે જ નહીં. જ્ઞાન ગમ્ય તત્ત્વો કે સત્યો ને સ્વીકારવા માનવા વગેરે ના પ્રત્યે સદાય ઉદાસીનતા જ હોય. સર્વજ્ઞો જેવાના ચરમ સત્ય પ્રત્યે સાવ જ ઉપેક્ષા હોય. પછી આત્મા, પરમાત્મા, કે મોક્ષાદિ તત્ત્વો ની વાત માનવાની વાત જ કયાં રહી ? પરિણામ બુદ્ધિ દષ્ટિ જેવું સાવ ટૂંકી બની જાય છે. દિર્ઘદર્શિતા કે વિશાળ દષ્ટિ જેવુ કંઈ રહેતું જ નથી. હા...માત્ર સુખ-સ્વાર્થ વૃત્તિ બની જાય. બસ સુખ-કેમ મળે ? અને દુ:ખ કેમ ટળે ? એક જ લક્ષ રાખીને જીવન જીવવા સિવાય લાંબી વૃત્તિ જ નથી રહેતી.

## સુખ-દુ:ખના મૂળ કારણરૂપ-''કર્મ''-

આવા સંસારી જીવો ને સુખ મળે અને દુ:ખ ટળે..એ ગમે છે. એવી ઈચ્છા સહિત રહે છે. પરન્તુ આ સુખ મળે કેવી રીતે ? દુ:ખ ટળે કેવી રીતે ? આ સુખી કોણ ? દુ:ખી કોણ ? એના મૂળ માં કારણ શું છે ? આ સંસાર માં આવા મિથ્યાત્વી અજ્ઞાની જીવોએ એવી ભયંકર ભૂલ કરી છે કે સુખ-દુ:ખ ના દાતા તરીકે કંઈ જ ન સમજાયુ એટલે ઈશ્વર ના માથે ઢોળી દીધુ છે. બસ, જે છે તે ઈશ્વર જ છે. કર્મ ફળ દાતા તરીકે ઈશ્વરની એક સત્તા સ્વીકારી લીધી છે. એ માન્યતા સાચી છે કે નહીં એને પણ કસોટી ઉપર કસીને પૂરવાર કરી નહીં અને એને માની લઈને ઈશ્વર ની પાછળ પડી ગયા જીવો. ઈશ્વર ની પાસે રોજ જવુ અને પોતાની આ એક જ કેસેટ રોજે રોજ વગાડે રાખવી... હે ઈશ્વર ! બસ મારૂ દુ:ખ તૂં ટાળ અને મને સુખ તૂ આપ. બીજી વાત જ નહી. અને એને ધર્મનું રૂપકડુ નામ આપી દીધુ. સ્વાર્થ ની સોદાબાજી ઈશ્વરની સાથે કરતા રહેવું. અને એને ઈશ્વર ની ભક્તિ-કે ઉપાસના કહી દેવી. આ તો ઘણોં મોટો ધર્મ છે તેવી છાપ પણ ઉપસાવી દીધી. એટલે સંસારના વ્યવહાર માં લોકો માં પોતે મોટા ધર્મી તરીકે-ભકત તરીકે પંકાઈ જાય છે. અને કેટલાક તો ઈશ્વરના અનન્ય ઉપાસક બની જાય છે અને પોતાને બધાના દુ:ખો દૂર કરનારા દુ:ખ નિવારક ઠેકેદાર તરીકે જાહેર કરે છે. પેપરોમાં

મોટી જાહેર ખબરો આપતા હોય છે કે...દુનિયાના બધા લોકો ના ગમે તેવા દુઃખો હું દુર કરી આપીશ. અને બધી જાતના સુખ-શાન્તિ આપી દઈશ. આવા બાવા-ભૂવા-ભગતો ની લોભામણી જાળમાં લાખો જીવો ફસાતા હોય છે. હા...લોભીયાને ધૂતારા મળ્યા પેલો બાવો પણ મહા મિથ્યાત્વી-અજ્ઞાની છે અને એને એવા જ જીવો મળી જાય છે. બન્ને આંધળા જ મળે અને ચાલતા જ્યાં જાય તેને જ સોનાની લંકા માની લે તો કોઈ શું કરે ? અજ્ઞાની-મિથ્યાત્વી જીવો આવી રીતે જ અથડાતા-પછડાતા જીવન પસાર કરે છે. કાળ વિતાવી દે છે. એવા જીવો ને સાદુ સરળ સાચુ સમ્યક્ જ્ઞાન કયાંથી મળે ? કે...હે જીવ ! તારા, પોતાના જ કરેલા અશુભ પાપ કર્મો ના ઉદયે દુઃખ ઉદયમાં આવે છે. અને શુભ કક્ષાના પુણ્યકર્મ ના ઉદયે સુખ મળે છે''. બસ આટલીક નાનકડી સાચી વાત એના મગજ માં બેસે કયાંથી ? ગટર માં તો અત્તર કે અમૃત બન્ને નાંખવા નિરર્થક છે. એમ મિથ્યાત્વ અને અજ્ઞાનમાં પણ સત્ય કે તત્ત્વ ની બન્ને વાતો સાવ નકકામી છે. કદાચ સાચાને દસ ખોટા માણસો અસત્ય ના મારાથી ખોટો બનાવી શકે છે. જો સાચો માણસ સાવ કાચો-પોચો-પરિપકવ ન હોય તો તે પણ તેવો બની જતા વાર ન લાગે.

**અજ્ઞાન, અંધશ્રદ્ધા અને મિથ્યાત્વ -**

ગૌતમના પ્રશ્નના ઉત્તર માં મહાવીરે તો સ્પષ્ટ કહી દીધુ કે..સંસાર માં જીવ માત્રના દુઃખનું કારણ અજ્ઞાન-મિથ્યાજ્ઞાન જ છે. એના કારણે જીવો સાચા સુખ-શાન્તિ પામી નથી શકતા. અરે ! તે પામવાનો રસ્તો પણ સાચો નથી મેળવી શકતા. પરિણામ સ્વરૂપે દરીયાના આવતા જતા મોજાની વચ્ચે ઉછળતા લાકડાની જેમ જીવો પણ અજ્ઞાન-અંધશ્રદ્ધા અને મિથ્યાત્વના મોજાઓ ની વચ્ચે અથડાતા-પછડાતા જીવન યાપન કરતા જ રહે છે. એક તરફ અજ્ઞાને આપણી મૂઢ દશા ઉભી કરી દીધી હોય છે. અને એમાં પણ મિથ્યાત્વે વિપરીત સ્થિતિ બનાવી હોય છે. એમાંથી જન્મેલી અંધશ્રદ્ધાના આધારે જીવો થોડી ઘણી દુઃખ નિવૃત્તિ અર્થે અને સુખ પ્રાપ્ત્યર્થ મહેનત કરી લેતા હોય છે. અને એ મહેનત કે પ્રવૃત્તિ જ્યારે દેવ-ગુરૂ -ધર્મના માર્ગે કરતા હોય ત્યારે તેને જ ધર્મ માની લેતા હોય છે.

હા...હજી અજ્ઞાન સારૂ. કોઈ વિષયના અભણપણાનું અજ્ઞાન હોય તો તે વિષયનું જ્ઞાન મળતા તે ટળી તો જાય છે. અજ્ઞાન શબ્દમાં જોડાયેલો 'અ' અક્ષર સાવ અભાવસૂચક પણ હોઈ શકે છે. એવી જ રીતે અલ્પ સૂચક પણ હોઈ શકે છે. અર્થાત્ કયારેક જ્ઞાન નો અભાવ હોય તો કયારેક જ્ઞાનની અલ્પતા હોય છે. આ બન્ને ને દૂર કરવી સહેલી હોય છે. તે તે વિષયની જાણકારી આપતા બન્ને ટળી શકે છે. પરંતુ મિથ્યાત્વ વિપરીત વૃત્તિવાળુ હોય છે. એ કેવી રીતે ટળે ? મિથ્યાત્વ ટળવું એટલું સહેલુ નથી હોતુ. કારણ કે એની સાથે કદાગ્રહ, દૂરાગ્રહ, હઠાગ્રહ, કષાયો વગેરે ઘણાં સાથે ભળેલા હોય છે- એટલે ગમે તેવું સાવ સાચુ જ્ઞાન આપવા છતાં પણ આ પરિબળો ના કારણે વાનરની જેમ સાચા રત્નો પણ સાચવીને ફેંકી દેશે. મિથ્યાત્વ કાઢતા તો નવનેજે પરસેવાના રેલા ઉતરી જાય. વર્ષો સૂધીનાં મહેનત પણ ઘણી વાર નિષ્ફળ જતી હોય છે. એટલા ઉંડા ઉતરેલા છે

એના મૂળીયા. પરંતુ સોજા આવ્યા હોય એવી સ્થિતિમાં હું ઘણોં જાડો થઈ ગયો છું તેવો ભ્રમ રાખનારાને મિથ્યાત્વ ટાળવા જેવું લાગે કયાંથી? સુખ-દુઃખ દાતા ઈશ્વર જ છે. આવી પક્કડ સજજડ બેસી ગયા પછી હવે આ પૂછડું મેં ગધેડાનું પકડયુ છે-આ કૂવામાંથી પાણી કાઢવાની રસ્સી નથી. આવી સમજ આવે ક્યાંથી ? બસ જે પકડયુ તે પકડ્યુ. તૃષા નિવારવા કૂવામાંથી પાણી કાઢવા રસ્સી સાથે બાલ્ટી કૂવામાં નાંખવાની હતી એના બદલે ગધેડાનું પૂછડું જ અંધારામાં પકડાઈ ગયુ છે. બસ એને જ રસ્સી માની લીધી છે. હવે છૂટે કેવી રીતે ? એક જ રસ્તો છે. ગધેડો લાત મારે તો. એમ ઈશ્વર તરફથી જ ફટકા પડે...અર્થાત્ સુખ પણ ન મળે અને દુઃખ પણ ન ટળે. તો જ અકકલ ઠેકાણે આવે. અને હવે સાચા સત્યની શોધમાં કદાચ જાય. સત્ય ને શોધતા ફરી કોઈ બીજો મિથ્યાત્વી થોડી તર્ક-યુક્તિથી ફરી મિથ્યાત્વ ને જ ઠસાવી દે તો તેને પણ માનવા તૈયાર થઈ જાય. ઝેર ને પણ શાકર નાંખી ગળ્યુ કરી દેવામાં આવે તો તેને પણ અમૃત માનીને પી જનારા દૂનિયા માં ઘણાં છે. આવી રીતે એક મિથ્યાત્વમાંથી ફરી બીજા પ્રકારને અને બીજા માંથી ફરી ત્રીજા પ્રકારના એમ મિથ્યાત્વમાં ને મિથ્યત્વમાં જ જીવો ચકકર મારતા રહે, કાળ વીતાવતા રહે. અનંતા ભવો નો અનંતો કાળ સંસારમાં વીતાવી દે છે તો પણ સંસાર સાગર ના કાંઠે નથી પહોંચી શકતા.

**કર્મ વિષયક સત્ય જ્ઞાન ની સચોટતા...**

સર્વજ્ઞ એવા શ્રી વીરપ્રભુએ તો સ્પષ્ટ કહી દીધુ છે કે -

**યઃ કર્તા કર્મ ભેદાનાં, ભોક્તા કર્મ ફલસ્ય ચ ।**
**સંસર્તા-પરિનિર્વાતા, સહ્યાત્મા નાન્યલક્ષણઃ ।।**

જે કર્મનો કર્તા છે, અને કર્મ ફળ નો ભોક્તા પણ છે તે જ સંસારી આત્મા. સંસારની ચારેય ગતિઓના ચક્રમાં પરિભ્રમણ કરતો જ રહે છે. જીવોના સંસરણશીલ સ્વભાવ ના કારણે જ સંસાર છે. જીવો નો જ સંસાર છે. અજીવ-જડ નો સંસાર નથી. અજીવ-જડ પદાર્થ સુખી-દુઃખી થતો નથી. તેને કર્મો બંધાતા નથી. કર્મો તો માત્ર જીવને જ બંધાય છે. અને તે કર્મો ના ઉદયે જીવ જ સુખી-દુઃખી થાય છે. હરિભદ્રસૂરિ એ મહાવીરના આ સિદ્ધાન્તને આ શબ્દોમાં ઉજાગર કર્યો છે. જીવ પોતે જ પોતાના કર્મોનો કર્તા છે. અને કાળ પરિપકવ થતા તે કર્મો ઉદયમાં આવતા જીવ જ સુખી-દુઃખી થાય છે. શુભ કર્મો ના (પુણ્યના) ઉદયે સુખ, અને અશુભ(પાપ)કર્મો ના ઉદયે દુઃખ પામતા હોય છે જીવો. એમાં ઈશ્વર ક્યાંય વચ્ચે નથી આવતો.

હા...કર્મફળ દાતા તરીકે ઈશ્વર ને માનવા...એજ મોટું મિથ્યાત્વ છે. એવો કોઈ ઈશ્વર છે જ નહી તેને તેવો માની લેવો. અરે...! આ તો વંધ્યા ને પુત્ર માનવા જેવી, ગધેડાના માથે શીંગડા માની લેવા જેવી વાત થઈ. શું આવા માનનારાને ગાંડા-મૂરખ ન કહેવાય ? શાસ્ત્રીય ભાષામાં એને મિથ્યાત્વી કહ્યો છે. જ્યારે પોતાના જ ઉપાર્જન કરેલા કર્મો જયારે ઉદયમાં આવીને પોતાને જ સુખી-દુઃખી કરતા હોય છે આ જ સત્ય છે. તો પછી જેમાં કોઈ પૂરાવો નથી, પ્રમાણ નથી. અરે...! જેનું અસ્તિત્વ જ નથી એવા કર્મફળ

દાતા ઈશ્વર ને માનવાની જરૂર જ કયાં છે. ? અરે !...જે આંબા જેવું ફળ ઝાડ ઉપર ઉગ્યુ છે, લીલુ છે, કાચુ છે, તે જ ગરમી તાપ આદિના આધારે પીળુ પડશે, લાલ-કેશરિયો થશે, પરિપકવ થશે. અને પોતે જ પોતાની મેળે ઝાડથી છૂટું પડી નીચે પડી જાય છે. આ પ્રક્રિયા સ્વયમેવ-પોતાની મેળે જ થતી હોય છે. તો પછી નિરર્થક...વિના કારણે...કોઈ રાત્રે આવતુ હશે. આ લીલા આંબા ને પીળા બનાવતુ હશે. રંગતું હશે. પછી લાલ-કેશરિયા કરતુ હશે. અને પછી એક દિવસે તોડીને નીચે ફેંકી દેતા હશે. બસ આ બધુ અદશ્યપણે આવીને ગમે ત્યારે કરી નાંખનાર ને જ ઈશ્વર માની લેવો જોઈએ. આવી રીતે કલ્પના ના ઘોડા દોડાવીને...શેખચલ્લીના વિચારો કરીને ઈશ્વરની માન્યતા પણ ઠોકી બેસાડવામાં આવી હોય એવુ લાગે છે. અને પછી એને જ સાચી માન્યતા માનો. બસ આ જ સાચુ તત્ત્વજ્ઞાન છે, સાચું બ્રહ્મજ્ઞાન છે. એમ વારંવાર ઠસાવવામાં આવતુ હોય-એનાજ પરિણામે ઘણાં જીવો ભ્રંમજ્ઞાનને જ બ્રહ્મજ્ઞાન માની લે છે. અને પરિણામે ઘણાં દુ:ખી થાય છે. અજ્ઞાન-અને મિથ્યાત્વ કેવી રીતે દુ:ખદાયી બને છે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

જ્યારે સર્વજ્ઞ ભગવંતોએ અંતિમ સત્ય સ્વરૂપે અદ્ભૂત જ્ઞાન આપ્યુ છે. તે જ સાચુ ચરમ સત્ય છે. તે હોવા છતાં પણ તેને ન સ્વીકારવું અને અસત્ય-મિથ્યા જ્ઞાનનું પૂછડું પકડી રાખવું. તેમાં કોઈ શું કરે ?

### કર્મસત્તાના અસ્તિત્વને માનવામાં સમ્યક્ત્વ -

સમ્યકત્વ એટલે સત્ય નો સ્વીકાર. સત્ય ગમે તે વિષયનું હોય પણ સંપૂર્ણ સત્ય હોવું જરૂરી છે. જ્ઞેય પદાર્થો અનંતા છે. માટે સત્યના વિષયો અનંતા હોઈ શકે છે. અને તેના આધારે અનન્તા સત્યો હોય છે. તે બધાને સંપૂર્ણપણે યથાર્થ સ્વરૂપે સત્ય માનવા તે સમ્યકત્વ છે. જ્ઞેય વિષય જેટલો મહત્વનો છે તેટલો જ સત્ય પણ પૂરેપૂરો મહત્વનો છે. વિષય-જ્ઞેય પદાર્થ તો એજ રહે છે. પરંતુ માનનાર વ્યક્તિ કદાચ તેને મિથ્યા-વિપરીત માને તો પરિણામ વિપરીત જ આવે એમાં કોઈ આશ્ચર્ય નથી. અને જો માનનાર વ્યક્તિએ બધા જ્ઞેય પદાર્થો ને સાચા યથાર્થ માં જેવા છે તેવા જ જાણે અને માને તો પછી કોઈ સવાલ જ નથી રહેતો. દા. ત... ભગવાન કે વિશ્વ-જે જ્ઞેય સ્વરૂપ વિષય છે. હવે તેને કેવા સ્વરૂપે માનવા ? જો છે તેના કરતા વિપરીત સ્વરૂપે માનોં તો તે મિથ્યા જ્ઞાન-વિપરીત જ્ઞાન કહેવાશે. જે દુ:ખદાયી ભવ-સંસાર વર્ધક છે. માટે સમસ્ત વિશ્વમાં જે પદાર્થ-દ્રવ્ય અથવા તત્ત્વ જે સ્વરૂપે છે તેને તેજ સ્વરૂપે-તેવા જ રૂપે માનવું તેને જ સમ્યકત્વ કહેવાય છે.

જો આપણે દેવ-ગુરૂ-ધર્મ ને યથાર્થ રૂપે માનતા હોઈએ તો કર્મ સિદ્ધાંતના સ્વરૂપને પણ યથાર્થ-રૂપે માનવા જોઈએ. તો જ આપણે સાચા સમ્યગ્ દષ્ટિ કહેવાઈશું. ઘણાં દેવ-ગુરૂનું સ્વરૂપ સમ્યગ્ જાણી લે છે પછી કર્મના સ્વરૂપને જાણવા માનવા પાછળ ઉપેક્ષા સેવે છે. પરિણામે સમ્યકત્વ અપૂર્ણ જ રહે છે. માટે જ શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે કે...**जीवाइ नवपयत्थे जो जाणई तस्स होइ सम्मत्तं ।** નવતત્ત્વકારે સ્પષ્ટ કહ્યુ છે

કે જીવાદિ નવે પદાર્થો (તત્ત્વો) ને યથાર્થ સ્વરૂપે જાણે-માને છે તેને સમ્યકત્વ હોય છે.

**કર્મ સાથે આત્મા-મોક્ષાદિ ની માન્યતા -**

જૈન ધર્મ-દર્શન માં કર્મ ને માનવામાં એક ફાયદો એવો રહેલો છે કે તેના આધારે આત્માથી લઈને મોક્ષ સૂધીના જગતના તમામ તત્ત્વો પણ માનવામાં આવી જ જાય છે. કારણ કે કર્મ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. આત્માના આધારે તેનું અસ્તિત્વ છે. જો આત્માનું જ અસ્તિત્વ ન હોત તો પછી કર્મનું અસ્તિત્વ કેવી રીતે હોત ? માટે આત્મા છે તો કર્મ છે. આત્મા માનવા છતાં કર્મને ન માનોં તો તે પણ મિથ્યાત્વ, અને કર્મ ને માનવા છતાં આત્માને ન માનોં તો તે પણ મિથ્યાત્વ. આશ્ચર્યની વાત તો એ છે કે...અનાત્મવાદી બૌદ્ધ દર્શન આત્માનું અસ્તિત્વ જ માનવાની ના પાડે છે અને કર્મસત્તા નો સ્વીકાર કરે છે. આ તો વાત કેવી થઈ. આધાર વિના આધેય પદાર્થનું અસ્તિત્વ માનવું. આકાશ નથી પણ આકાશના આધારે રહેનારા જ્ઞેય પદાર્થો છે. કર્મ ને માનીને શીલ, સદાચાર આદિની વ્યવસ્થા ગોઠવી. તેને ધર્મનું નામ આપ્યુ. આવી રીતે આખા ડૂંગરાનો ખડકલો કર્યો પણ મૂળમાં જમીન જ ન માનવી. અને તેમ છતાં પણ સર્વજ્ઞનું દર્શન છે એમ કહેવું. બુદ્ધ સર્વજ્ઞ હતા. ઓ... હો.. સર્વજ્ઞપણું એ જ્ઞાન છે. જ્ઞાન ગુણ છે. અને ગુણોનો આધાર દ્રવ્ય હોય છે. દ્રવ્ય વિના ગુણ રહે કયાં ? ગુણ-ગુણીનો અભેદ સંબંધ છે. જ્ઞાનાદિગુર્ણોનો આધારભૂત દ્રવ્ય એકમાત્ર આત્મા જ સિદ્ધ થાય છે. બીજો જડ પદાર્થ કદાપિ નહીં ઠરે, માટે સર્વજ્ઞપણું માનવું અને આધારભૂત આત્મદ્રવ્યનું જ અસ્તિત્વ ન માનવાથી સર્વજ્ઞતાની સિદ્ધિ કયાં થશે ? કેવી રીતે થશે ? શું આકાશમાં થશે ? શું આકાશને સર્વજ્ઞ કહેવું ? અરે !...જો આકાશ દ્રવ્યને ન માનીએ તો શું તેના આધારે અને આશ્રયે રહેનારા આધેયભૂત આત્મા-પરમાણું આદિનું અસ્તિત્વ માની શકાય ? ના સંભવ જ નથી. આધાર-આધેય ભાવ ના સંબંધનો વિચાર કરવો જોઈએ. આધેયભૂત આત્મા પરમાણુ આદિપદાર્થો છે તો તેને આશ્રય આપનાર આધારભૂત આકાશનું અસ્તિત્વ અવશ્ય માનવું જોઈએ.

બૌદ્ધદર્શને આત્માનું અસ્તિત્વ ત્રણે કાળમાં એક સરખુ નિત્ય માનવામાં સાફ ના પાડી. કારણ કે ક્ષણવાદી છે માટે. અને આશ્ચર્યની વાત તો એ છે આત્માની નિત્યતા ના અભાવે પણ નિર્વાણ માને છે. દીપક ઓલવાઈ ગયા ની જેમ વાત કરીને નિર્વાણના અર્થ ઘટાડે છે. પરંતુ તેવા બૈદ્ધોની મુક્તિ અભાવાત્મક કે સદ્ભાવાત્મક ? માટે જ નિર્વાણ કહીને પણ મોક્ષ નહી માને. નિર્વાણને દીવો ઓલવાયા જેવી ક્રિયાનું નામ આપશે. મૃત્યુની આ ક્રિયાને નામ આપીને નિર્વાણની સિદ્ધિ કરશે. પરંતુ મૃત્યુ પછીના સિદ્ધાત્મા મુક્તાત્માના અસ્તિત્વ નો સ્વીકાર નહીં કરી શકે. કારણ કે ક્ષણવાદનું પૂછડું પકડાયુ છે તે કોઈ પણ સંજોગો માં છૂટી ન જવું જોઈએ તેની ચિંતા મોટી છે. બાર સાંધતા તેર તૂટે તેવી હાલત છે બૌદ્ધોની.

બીજી બાજુ અદ્વૈત વેદાંતિઓ એક જ બ્રહ્મ તત્ત્વનું અસ્તિત્વ સ્વીકારવા ની વાત કરે છે અને એ સિવાય બીજા તત્ત્વ કે પદાર્થને સ્વીકારવાની વાત જ કરી શકે તેમ નથી. કારણ કે કરે તો અદ્વૈતપણું જતુ રહે છે. માટે પ્રાતિભાસિકી સત્તા ની વાત કરે છે.

એના આધારે કર્મનો વિકલ્પ એમને પૂરો કર્યો. એક જ બ્રહ્મનું અસ્તિત્વ સ્વીકારીને જગત્‌ના અનંતા જીવોમાં કોઈમાં પણ આત્મા નામનુ તત્ત્વ નથી. આ અનંતા જીવો શરીરધારી છે માત્ર જડ કઠપુતલી જેવા છે. પાણીની થાળીમાં જેમ સૂર્યનું પ્રતિબિંબ પડે છે તેવી જ રીતે એક જ બ્રહ્માનું પ્રતિબિંબ આ અનંતા કઠપુતલી રૂપ જીવ શરીરોમાં પડે છે. એથી આ જીવો ક્રિયા-પ્રવૃત્તિ કરે છે. આવી વિચારધારા રજુ કરનારા અદ્વૈક વેદાંતિઓને ખબર નથી કે માત્ર પ્રતિબિંબ પડવાથી બધા ક્રિયા-પ્રવૃત્તિ કરનારા જીવો કહેવાશે તો બધાની ક્રિયા-પ્રવૃત્તિ એક સરખી કેમ નથી થતી ? બધાનું જ્ઞાન-દર્શન એક સરખુ કેમ નથી ? બધા ના સુખ-દુઃખો એક સરખા કેમ નથી ? બધા ને એક સરખુ સુખ જ આવવુ જોઈએ-અથવા બધા ને એક સરખુ દુઃખ જ આવવુ જોઈએ. પરંતુ સંસારમાં કોઈને સુખ છે તો કોઈને દુઃખ. આવી ભિન્ન-ભિન્ન સ્થિતિ શા માટે. આવી બધી સમસ્યાનો કોઈ ઉકેલ એમની પાસે નથી. છતાં પણ એકમાત્ર એકાંતવાદની એક વિચારસરણી ને પકડી બેઠા છે. એકલુ એકાંત મિથ્યાત્વના ઘરમાં લઈ જાય છે.

**શું ઈશ્વર કર્મફળ દાતા હોઈ શકે ?**

સુખ-દુઃખ એ વાસ્તવમાં કરેલા શુભ અને અશુભ કર્મો નું ફળ માત્ર છે. જૈન ધર્મમાં સર્વજ્ઞ ભગવંતે સ્પષ્ટ જણાવી દીધુ છે કે...જીવોએ સ્વયં ઉપાર્જન કરેલા અશુભ પાપ કર્મો ઉદયમાં આવતા જીવો ને દુઃખ ભોગવવું પડે છે, અને શુભ પુણ્ય કર્મો ઉદયમાં આવતા સુખ-પ્રાપ્ત થાય છે. માટે સુખ-દુઃખ સ્વકર્માધીન છે. ઈશ્વરાધીન નથી. ઈશ્વર એની મરજી મુજબ આપી શકે તેવી વાત જૈન દર્શન માં નથી.

જ્યારે વૈદિક દર્શનોએ સંસારી જીવોના સુખ-દુઃખ માટે ઈશ્વર તત્ત્વની વ્યવસ્થા વિચારી છે. એવી એક સત્તા છે જે અસ્તિત્વ ધરાવે છે અને બધા જીવોને તેમના કરેલા કર્મો ના ફળ સ્વરૂપે સુખ-દુઃખ આપે છે તેનું નામ ઈશ્વર છે. આશ્ચર્યની વાત તો એ છે કે કર્મ કરવાનું કે કરાવવાનું ઈશ્વરના હાથમાં નથી. તે તો માત્ર જીવોના જ હાથમાં છે. ફક્ત ફળ આપવાનું કામ જ ઈશ્વરના હાથમાં છે. અને હવે ઈશ્વર ફળ પોતાની મરજી મુજબ આપશે કે જીવો ના કર્મ પ્રમાણે આપશે ? જો જીવોના કરેલા કર્મ પ્રમાણે જ ફળ આપવાના હોય તો પછી ઈશ્વર શું કર્મને આધીન થયો કે નહી ? કર્મો જીવોને આધીન છે, માટે પરોક્ષપણે ઈશ્વર પણ જીવો ને આધીન થયો કે નહી? ઈશ્વરની પોતાની મરજી તો આપવાની નથી. એને બધાના કર્મો જોઈને તે પ્રમાણેજ ફળ આપવાનું છે.

સંસારમાં જીવસૃષ્ટિના જીવો કેટલા ? અનંતા છે. અનંતા જીવો પ્રતિ ક્ષણ સુખ-દુઃખ અનુભવતા જ હોય છે. એક ક્ષણ પણ ખાલી જતી નથી. તો એક ઈશ્વર એકી સાથે અનંતા સુખ-દુઃખ કેવી રીતે આપી શકે છે ? શું ઈશ્વર એક છે કે અનંત ? અથવા એક જ હોઈને પણ અનંત રૂપ ધારણ કરે છે કે કેમ ? જો અનંત રૂપ ધારણ કરી શકતો હોય તો એક રૂપનું અસ્તિત્વ તો ખરૂ ને ? તો તે ઈશ્વર શું શરીરધારી છે કે અશરીરી છે ? જો શરીર ધારી છે તો કેવું શરીર છે ? પુરુષ શરીર જેવુ જ કે બીજુ ? અને શરીરધારી ઈશ્વર પોતાના અનંત રૂપો કરે તો તે અનંતરૂપો કેવા શરીરરૂપે હોય છે ? તો શું શરીરધારી ઈશ્વર

બીજા સૂક્ષ્મ-સ્થૂળ-પૃથ્વી-પાણી -અગ્ની-વાયુ-વનસ્પતિ, કીડી-મકોડા આદિ બધા નાના-મોટા જીવો ને એકી સાથે સુખ-દુઃખ નું ફળ આપી શકે ? શું શરીરધારી ઈશ્વર બધાના કર્મો ને જાણી-ઓળખી શકે છે ? શું સુખ-દુઃખ બધા અનંતા જીવોના એક સરખા હોય છે ખરા ? જો એક સરખા ફળ નથી મળતા, અર્થાત્ એકી સાથે હજારો જીવોએ એક સરખુ જ પાપ કર્યું હોવા છતાં પણ એક સરખું ફળ નથી મળતુ તો તેમાં ઈશ્વરની ભૂલ સમજવી કે શું ? અને આવી ભૂલો કરનાર ને પણ પાછો ઈશ્વર કહેવો ? શું આ ઉચિત છે. ?

અનંતા જીવો માટે ઈશ્વર પોતાના અનન્તારૂપ બનાવે છે શું આ વાત પણ ગળે ઉતરે એવી છે ? શરીરની વાત આવશે એટલે તે અરૂપી કે રૂપી ? કેવું શરીર બનાવે છે ? દષ્ટ કે અદષ્ટ ? એ પોતાનું શરીર કયારે બનાવે ? કેટલી વાર માં બનાવે ? શું આવું શરીર નિત્ય કે અનિત્ય ? કારણ સંસારમાં જીવોનું અસ્તિત્ત્વ સદાકાળ નિત્ય જ છે. નિત્ય જ રહેવાનું છે. સંખ્યા પણ સદા અનંતની હોય છે. શું એક જીવ માટે એક ઈશ્વરની કલ્પના કરવી ? તો અનંતા ઈશ્વરોની કલ્પના કરવી ? અથવા તમેં એમ કહો કે ના..ના.. એક જ ઈશ્વર અનંતાને ફળ આપી શકે છે તો તે કેવી રીતે ? એક જ ઈશ્વર તે શું શરીરી છે કે અશરીરી ? શરીરી માનવા પાછળ ફરી રૂપી કે અરૂપી ? દષ્ટ કે અદષ્ટ ? સૂક્ષ્મ કે સ્થૂળ ? હાથ-પગ અને કેવું શરીર વગેરે હજાર સમસ્યાઓ ઊભી થશે; અને જો અશરીરી જ માનોં તો અસ્તિત્ત્વ કેવા રૂપે માનવું ? તો બીજી બાજુ અશરીરી ? ઈશ્વર સુખ-દુઃખનું ફળ આપી કેવી રીતે શકશે? જીવોના કરેલા શુભાશુભ કર્મોને જાણવા માટે જ્ઞાન જોઈએ. તો કદાચ ઈશ્વર ને પણ તમેં સર્વજ્ઞ કહેશો અને તે બધાના કર્મો ને જાણી શકે છે એમ કહેશો પરંતુ કર્મફળ આપવા માટે તો સશરીરી જ કહેવું પડશે કે નહી ? હાથ-પગ વિનાના શરીર ધારી કહેશો તો સુખ-દુઃખ આપી કેવી રીતે શકશે? પરંતુ આ બધી વાત કરવા પહેલા સુખ-દુઃખ આપી શકાય છે ? કે લઈ શકાય છે ? એનો પણ વિચાર તો કરવો જ જોઈએ ? સામાન્ય સંસારી માણસ નો દરેકનો પ્રત્યક્ષ અનુભવ છે કે સુખ દુઃખ આપી શકાતા નથી. અને બીજાના લઈ પણ શકતા નથી. હા...સુખની સાધન-સામગ્રી આપી-લઈ શકાય છે. પરંતુ એટલા માત્રથી સામે વાળો સુખી થઈ જતો નથી. દા.ત. માણસ મરણ પથારીએ પડયો હોય ત્યારે ગમે તેટલી સુખની વિપુલ સામગ્રીઓ લાવીને ઢગલો કરી દેવાય તે છતાં પણ મૃત્યુ ના કિનારે રહેલો માણસ સુખી કયાં થાય છે ? આ સુખની સાધન સામગ્રીઓ માં ધનસંપત્તિ અને લોભાદિની સામગ્રિયો પ્રધાન છે. માણસ કેન્સરના રોગમાં છેલ્લી ઘડીઓ ગણતો હોય ત્યાં તેની અત્યંત પ્રિય મિઠાઈઓ પણ સુખ આપી શકતી નથી.

તો શું ઈશ્વર ખરેખર સુખ આપે છે કે માત્ર સુખના સાધનોં, સામગ્રિયો આપવા છતાં જીવો સુખી ન થઈ શકતા હોય તો ઈશ્વરે સુખી કર્યા કેવી રીતે કહેવાશે ? અને તેથી ઈશ્વરની આપેલી સામગ્રિયો નિરર્થક જાય કે નહી ? બીજી બાજુ સંસારમાં જીવોને સામગ્રિયો મળતી અનુભવાતી નથી. કે જેને ઈશ્વર કહી શકાય. તેના માટે જીવોના પુરૂષાર્થો-પરિશ્રમોં

દેખાય છે. તેજ કારણભૂત માનવા વધુ સુસંગત છે. ઘણાં પુરૂષાર્થો કરવા છતાં પણ સામગ્રિયો નથી મળતી તેમાં તેમના કર્મો અવરોધક બને છે એવું સ્પષ્ટ માનવાથી જ ઈશ્વર માનવાની વિકૃતિ ટળી જશે. આટલુ લાંબુ દ્રવિડ પ્રણામ કરવા છતાં પણ નિષ્ફળતા જ મળતી હોય અને સુસંગતિ જ ન બેસતી હોય અને વાત સાચી ઠરતી જ ન હોય તો પછી શા માટે ઈશ્વર ને ફળદાતા માનવાનો કદાગ્રહ રાખવો જોઈએ ?

બીજી બાજુ ઈશ્વરને ફળદાતા માનીને આખા સંસારમાં એકસરખું સુખ-તો માની શકતા નથી. માની લો કે કદાચ ઈશ્વર જીવોના કર્મોના આધારે સુખ-દુઃખ નથી આપતો તે માત્ર પોતાની ઈચ્છા મુજબ જ આપે છે. શા માટે આપે છે ? ના... કોઈ કારણ નથી. પોતાના સ્વભાવ મુજબ આપે છે. ક્યા અને કેવા સ્વભાવ મુજબ આપે છે? એના જવાબમાં દયા-કરૂણા ના સ્વભાવ મુજબ આપે છે. સારૂ, ચાલો, તમારૂ કહ્યું વિચારીએ. તો તેવા ઈશ્વરને જગતના અનન્તા જીવો ઉપર એક સરખી દયા-કરૂણા હોવી જોઈએ. તેવા દયાળુ-કરૂણાલુ સ્વભાવના આધારે સંસારના અનન્તા જીવોને એકસરખુ સુખ આપવુ જોઈએ. અને આવા સ્વભાવના આધારે દુઃખ આપવાનું તો સંભવી જ ન શકે. એનો અર્થ તો એ થયો કે સંસારમાં દુઃખનું અસ્તિત્વ સંભવી જ ન શકે...? પરંતુ બધાનો પ્રત્યક્ષ અનુભવ શું કહે છે ? કદાચ વાત સાવ વિપરીત જ હશે ? સંસારમાં સુખનું પ્રમાણ તો અલ્પ માત્ર જ છે. દુઃખનું પ્રમાણ કલ્પના બહારનુ ઘણું છે. આવો વિરોધાભાસ કેમ ? ઈશ્વર આટલા બધા દયાળુ-કરૂણાના સાગર છે. આટલો બધો વિરોધાભાસ હોવા છતાં પણ ઈશ્વર જ સુખ-દુઃખ નો ફળદાતા છે નું પૂછડું પકડી રાખવું કેટલું ઘોર મિથ્યાત્વ અને અજ્ઞાન છે ? તેનો વિચાર કેમ નથી આવતો ?

## ઈશ્વર વિષેની વિકૃતિઓ ટાળવા કર્મ સત્તા માનોં -

માનવીએ પોતાની અજ્ઞાનતા અને મિથ્યાત્વગ્રસ્ત પૂર્વગ્રહ-કદાગ્રહ ના કારણે ઈશ્વરનું સ્વરૂપ સાવ વિકૃત કરી નાંખ્યુ છે. એટલી બધી વિકૃતિઓથી ભરી દીધું છે કે જેની કોઈ સીમા જ નથી રહી. ઈશ્વરનું સ્વરૂપ શુદ્ધ રાખી નથી શકયા. અને પછી આવા ઈશ્વરને જૈનોં નથી માનતા માટે તેઓ નાસ્તિક છે ની દાર્શનિક ગાળો દેતા રહે છે. પરંતુ આના મૂળમાં તેઓ પોતે જ વિચાર કરશે તો પોતાના પગ તળે નો દરિયો સાવ કાદવ-કીચડથી ઉભરાતો દેખાશે.

જૈનોં તો નસ્તિક નહીં-પરંતુ પરમ આસ્તિક છે. જૈનોંએ ઈશ્વરનું સ્વરૂપ વિકૃત થવા જ નથી દીધુ. ઈશ્વર ને કર્મફળ દાતા તરીકે, અથવા સુખ-દુઃખ દાદા તરીકે જ નથી માન્યા. અને સૃષ્ટિકર્તા જ નથી માન્યા. ઈશ્વરને શુદ્ધ ઉપાસ્ય તત્ત્વ તરીકે રાખ્યા છે. અને કર્મ સત્તાને સ્વીકારીને બધી વ્યવસ્થા બેસાડી દીધી છે. ઈશ્વર અને કર્મ ને કોઈ સંબંધ જ નથી. બન્ને પોત પોતાની રીતે સ્વંતત્ર અલગ જ છે. તેમાં પણ કર્મક્ષય કરવા માટે ઉપાસ્ય એવા ઈશ્વર ની ઉપાસના કરવાની છે. અને કર્મક્ષય કરીને મુકત થવાનું છે. એક બાજુ ઈશ્વરનું પરમ વિશુદ્ધ પરમેશ્વર સ્વરૂપ જૈનોંએ સ્થાપ્યુ છે. બીજી બાજુ સ્વંતત્ર કર્મ વ્યવસ્થા છે. તે પણ જીવો સ્વયં તથાપ્રકારના શુભ-અશુભ કર્મો ઉપાર્જન કરે છે. અને

તેના ઉદયકાળમાં સ્વયં સુખ-દુઃખરૂપ ફળ પ્રાપ્ત કરે છે. ઈશ્વરને ક્યાંય વચ્ચે લાવવાની આવશ્યકતા જૈનોંએ રાખી જ નથી. આવી સુંદર અને સર્વથા નિર્દુષ્ટ વ્યવસ્થા જૈનો સિવાય બીજુ કોઈ કરી શકયુ જ નથી. સર્વજ્ઞ નિર્દીષ્ટ આ ચરમ સત્ય સિદ્ધાંત છે. સર્વથા દોષ દુષણથી રહિત સુસંગત છે.

**કર્મસત્તા માનવા સિવાય વિકલ્પ જ નથી -**

આ સંસાર અનેક પ્રકારની વિષમતાઓ, વિચિત્રતાઓ અને વિવિધતાઓ અને વિકૃતિઓથી ભરેલો છે. સદાકાળ રહી છે. અને સદાય રહેવાની જ છે. એનાથી સર્વથા વિપરીત-સમતા, સમાનતા, અને એકસરખાપણું ક્યારેય આવવાનું જ નથી. સંભવ જ નથી. સંપુર્ણ સંસારમાં ક્યાંય પણ નજર નાંખો... વિચિત્રતાઓ, વિપરીતતા; વિવિધતા, વિષમતા અને વિકૃતિઓ તો ભરેલી જ જોવા મળશે. નિરર્થક ઈશ્વરને એના કારણ રૂપે માનીને વિકૃતિઓ થી ભરવા કરતા તેને સદંતર દૂર જ રાખવો જોઈએ. તેમાં જ ડહાપણ છે. તો જ ઈશ્વરનું સ્વરૂપ શુદ્ધ નિર્દોષ રહી શકશે. આ બધી સ્થિતિ કર્મજન્ય છે. કર્મો જીવજન્ય છે, જીવોપાર્જિત છે. માટે જીવ છે તો કર્મ છે એવી વ્યાતપ્ત સ્વીકારવી જોઈએ. પણ કર્મ છે તો જીવ છે એવી નહીં. કારણ કે મોક્ષમાં જીવો છે છતાં પણ કર્મનું નામ નિશાન ત્યાં નથી. માટે જીવોનું અસ્તિત્વ અનાદિ-અનંત ત્રિકાળ શાશ્વત છે, તે સ્વીકરવું સમ્યકત્વ છે. કર્મનું અસ્તિત્વ અનાદિ-અનંત કાલીન નથી. તે અનાદિ-સાન્ત સ્થિતિવાળા છે. કર્મો ક્ષીણ થઈ શકે છે. તેમનો સર્વથા ક્ષય થઈ શકે છે. માટે જ મુક્તિ પ્રાપ્ત થાય છે. મુક્તિ જીવોની છે, કર્મોની નહી. કર્મથી મુક્તિ એમ કહી શકાય પણ કર્મોની નહીં. કર્મક્ષય જન્ય મોક્ષ છે. માટે કર્મક્ષયને સાધ્ય બનાવીને મુક્તિનું લક્ષ્ય સાધવું જોઈએ.

કર્મસત્તા સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. કર્મનું કાર્ય બીજો કોઈ વિકલ્પ નથી. કર્મનું કાર્ય બીજો કોઈ લઈ શકે તેવી વ્યવસ્થા વિચારવામાં જ મિથ્યાત્વ લાગે છે. શા માટે એવી ભુલ કરવી અને અજ્ઞાનતા કે મિથ્યાત્વના ઘરમાં ઘસડાઈને ફસવું ?

પ્રસ્તુત પુસ્તક સત્યશોધક છે. જીવોને મિથ્યાત્વમાંથી સમ્યક્ માર્ગે લઈ જનાર સાચા ભોમિયાની ગરજ સારે તેવી છે. આઠે કર્મોનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવ્યુ છે. કર્મોના આગમન, અને બંધ ની પ્રક્રિયા સમજાવી છે. કર્મો કાર્મણ વર્ગણા રૂપે જડ છે તે દેખાડીને તેનો બંધ કેવી રીતે જીવો કરે છે ? તે પણ બતાવ્યું છે. હકીકતમાં કર્મશાસ્ત્ર એ આત્માને જોવા માટેનો આરીસો છે. હું કેવો છું ? અને શા માટે એવો છું ? નો જવાબ આ કર્મશાસ્ત્ર ના આરીસામાં સ્પષ્ટ મળી જાય છે.

વર્તમાનકાળે જ્યારે કોઈ કેવળજ્ઞાની નથી, કોઈ આપણી દુઃખદ સ્થિતિનું કારણ કોઈ કહી શકે તેમ નથી માટે તે કેવળીઓનું તત્ત્વજ્ઞાન જે કર્મસિદ્ધાંત રૂપે છે. તે જ સિદ્ધાંત ને અહીં રજુ કર્યો છે. ઉપરથી એને વધુ સરળ બનાવવા માટે કેટલાક ચિત્રોથી સમજણ આપી છે. જેથી વધુ સુગમ બને. હા... ભલે ગહન વિષય હોય તેમ છતાં પણ જીવોએ

એમાં જ ડુબકી લગાડવી જોઈએ. એના જ ઉંડાણને સ્પર્શવુ જોઈએ. કર્મો આત્માની સાથે સંકળાયેલા છે. તેથી આત્મજ્ઞાન પણ થઈ જશે. દૂષિત સ્વરૂપ જાણ્યા પછી મૂળમાં શુદ્ધાત્મ સ્વરૂપ પણ કેવું છે તે પણ ખ્યાલમાં આવી જશે. અને સર્વ કર્મક્ષયથી મોક્ષ મળે છે. તેથી તેનું પણ સ્વરૂપ સમજી શકાશે. આ રીતે કર્મશાસ્ત્ર આત્માથી મોક્ષ સૂધી બધા તત્ત્વોને સ્પર્શે છે, માટે અચૂકપણે કર્મશાસ્ત્રને સમજવું જ જોઈએ. એ દિશામાં પ્રસ્તુત પુસ્તક સહાયક બને, અને બધા કર્મોનું સ્વરૂપ સારી રીતે જાણી-સમજી શકે એ માટે આ પુસ્તક લખવાનો પુરૂષાર્થ કર્યો છે. ઘણોં વિસ્તાર પણ નથી અને સાવ સંક્ષિપ્ત પણ નથી. મધ્યમ કક્ષાનું વિવેચન કર્યુ છે. આ તો હજી ૮ કર્મોનું પરિચયાત્મક વર્ણન માત્ર છે. આના આધારે કર્મશાસ્ત્રનો પરિચય થઈ જશે. પછી ૬ કર્મગ્રંથો અને કમ્મપયડી વગેરે ગ્રંથોમાં પ્રવેશ બહુ જ આસાન-સરળ બની જશે.બધા જીવો કર્મોનું સ્વરૂપ ઓળખે, કર્મો બાંધતા અટકે, અને બાંધેલા ખપાવવા માંડે તો હું મારો આ પ્રયત્ન સાર્થક માનીશ. બધા કર્મરહિત બનો એ જ અભ્યર્થના.

પોષ દશમી. વીર.સં.૨૫૨૫
આદીશ્વર જિનાલય, વાલકેશ્વર,
મુંબઈ.

\- અરૂણવિજય


વાંચો...વંચાવો...અને વસાવો...

**ઉવસગ્ગહરં સ્તોત્ર**

**રહસ્યાત્મક તત્ત્વજ્ઞાન**

લઘુ પુસ્તિકા (હિન્દી અને ગુજરાતી)

પ.પૂ.પંન્યાસ ડૉ. અરુણવિજયજી મ.સા.શ્રી એ ઉવસગ્ગહરં સ્તોત્ર ઉપર ચિંતનાત્મક કલમ ચલાવીને તેમાં રહેલા રહસ્યોને ઉજાગર કર્યા છે. જેથી એનો મર્મ સહેલાયથી સમજી શકાય છે. આ પુસ્તક વાંચીને સ્તોત્ર પાઠ અને જપ કરવાથી ભાવોમાં અનેરી વૃદ્ધિ થવાની સંભાવના રહેશે. તેમજ આ પુસ્તિકાની અન્તે ધ્યાન પ્રક્રિયા પણ આપવામાં આવી છે. સંસ્થાના સરનામે થી મેળવી શકાશે.

# સંસાર ચક્ર અને આત્મ પરિભ્રમણ

દેવગતિમાંથી સીધા નરકમાં નથી જતા....૭

સંસારચક્રનો ચક્રવ્યુહ....૮

સ્વર્ગવાસનો લોકવ્યવહાર.....૯

એક ગતિવાદની વિસંગતતા......૧૦

તીર્થંકરોનું ગતિ પરિભ્રમણ......૧૨

સંસારની અનાદિતા....૧૪

જન્મ-મરણ શું છે ?....૧૭

નિગોદ સ્વરુપ.......૧૮

નિગોદમાં પણ જીવ કર્મયુક્ત છે.......૨૧

ભૂતકાળના ભવોની ગણતરી...૨૯

સંસારમુક્તિનું સાધ્ય......૩૩

# સંસારચક્ર અને આત્મપરિભ્રમણ

પરમ પૂજનીય પરમપિતા ચરમ તીર્થપતિ ભ. શ્રીમહાવીરસ્વામીને નમસ્કાર પૂર્વક

**न सा जाइ, न तत् जोणी, न तत् कुलं न तत् ठाणं ।**

**जत्थ जीवो अणंतसो, न जम्मा न मुआ ॥**

એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ કુળ નથી, એવું કોઈ સ્થાન / ક્ષેત્ર નથી કે જયાં જીવ અનંતવાર જનમ્યો ન હોય, મર્યો ન હોય. અર્થાત્ સમગ્ર બ્રહ્માંડની એકેન્દ્રિય થી પંચેન્દ્રિય સુધીની સર્વ જાતિઓમાં, ૮૪ લાખ જીવયોનિઓમાં સર્વ કુળોમાં, સર્વ સ્થાનોમાં (ક્ષેત્રોમાં) આ જીવ અનંતવાર જન્મ-મરણ કરી ચુકયો છે.

## અવિરત પરિભ્રમણ

આ બ્રહ્માંડમાં ત્રણ લોક છે (૧) દેવ લોક જેને ઊર્ધ્વલોક (સ્વર્ગ) પણ કહે છે. (૨) મનુષ્યલોક (મૃત્યુલોક). અથવા તિરછાઁ લોક, (૩) અધોલોક - પાતાલ અથવા નરકલોક. આ ત્રણે લોકમાં જીવસૃષ્ટિ છે. દેવલોક-જેને સ્વર્ગ કહેવામાં આવે છે, ત્યાં સ્વર્ગીય દેવી-દેવતાઓ રહે છે. તિર્યક્ લોકમાં મનુષ્ય અને તિર્યંચ એટલે પશુ-પક્ષીઓ રહે છે. અધોલોક ની સાત નરકોમાં નારકીજીવો રહે છે.

આ ત્રણે લોકમાં જીવનું આવાગમન અવિરત ચાલતું જ રહે છે. જૈનશાસ્ત્રમાં આ ત્રણે લોકના જીવોનું વિભાજન ચાર ગતિમાં કરવામાં આવ્યુ છે. મૃત્યુ પછી જીવ જે ક્ષેત્રમા જઇને જન્મ લે છે એ એની ગતિ કહેવાય છે. આ ચારે ગતિઓમાં જીવ અવિરત પરિભ્રમણ કરતો રહે છે. ચારે ગતિઓમાં જતો જીવ ત્રણે લોકને પોતાનું ક્ષેત્ર બનાવે છે, અને તે તે ક્ષેત્રમાં - લોકમાં જીવ રહે છે.

## ચાર ગતિઓમાં આવાગમન

જૈન ધર્મમાં સ્વસ્તિક એક મંગલ પ્રતિક રૂપે માન્ય છે. અષ્ટ મંગલમાં એ પહેલું મંગલ છે. દેહરાસર માં અષ્ટ પ્રકારી પૂજામાં સ્વસ્તિક બનાવીને પ્રભુની આગળ પ્રાર્થના કરવામાં આવે છે કે હે પ્રભુ ! હું આ ચાર ગતિરૂપ સંસારના પરિભ્રમણમાંથી કેવી રીતે બચું ? મૃત્યુ પછી દેહ છોડીને જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં પ્રવેશે છે. આવી ચાર

ગતિઓ છે. (૧) મનુષ્યગતિ (૨) દેવગતિ, (૩) નરકગતિ (૪) તિર્યંચ ગતિ. મનુષ્ય ગતિમાં નર-નારિયો રહે છે. દેવ ગતિમાં સ્વર્ગીય દેવતાઓ રહે છે; નરકગતિમાં નારકી જીવો રહે છે, તથા તિર્યંચ ગતિમાં પશુ-પક્ષીઓ રહે છે.આ ચારે ગતિના જીવોનાં નિવાસસ્થાનના ક્ષેત્ર રૂપ ત્રણ લોક છે. ત્રણલોક સ્વરૂપ આ સમગ્ર બ્રહ્માંડનું પરિમાણ ૧૪ રજ્જુલોક પ્રમાણ હોવાથી એને ચૌદ રાજલોક કહેવામાં આવે છે. એમાં જ સમસ્ત જીવ-રાશિ નો સમાવેશ થાય છે.

## સંસારચક્ર

સંસાર ચક્ર શું છે ? શું સંસાર એ કોઈ વસ્તુ અથવા પદાર્થ વિશેનું નામ છે ? કે પછી કોઈ પક્ષીનું નામ છે ? શું હાથમાં લઈને આપણે વસ્તુ દેખાડીને કહી શકીએ કે આનું નામ સંસાર છે? ના, સંસાર જીવના પરિભ્રમણને કહેવામાં આવે છે. ચાર ગતિરૂપ આ સંસાર છે, જેમાં જીવોનું પરિભ્રમણ સતત થતું રહે છે. જે રીતે એક ઘાંચીને ત્યાં ઘાણીનો બળદ ફરતો રહે છે, તેની આંખો ઉપર પાટો બાંધેલો હોય છે અને તે ગોળગોળ ફરતો રહે છે. એ રીતે જીવ એક ગતિમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી, ત્રીજીમાંથી ચોથી-એમ ચારે ગતિઓમાં ભટકતો રહે છે - આ જીવનો સંસાર છે ! આથી સંસારી જીવનું લક્ષણ કરતાં પૂ.હરિભદ્રસુરિ મહારાજે 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય' ગ્રંથમાં કહ્યુ છે કે


**यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।**
**संसर्ता परिनिर्वाता, सह्यात्म नान्य लक्षणः ॥**

જે કર્મનો કર્તા છે અને કરેલાં કર્મોના ફળનો ભોકતા છે. જે સંસારમાં સતત ફરતો રહે છે એ જ જીવ છે. આ જ આત્માનું લક્ષણ છે.**सृ-सर्** ધાતુથી સંસાર શબ્દ નિષ્પન્ન થયો છે. અર્થાત જે સતત ગતિશીલ છે એનું નામ સંસાર. સંસાર સંસરણશીલ છે. વહેતી નદીનો પ્રવાહ પણ સતત ગતિશીલ હોય છે, પણ એને સંસાર કહેવા માં આવતો નથી, પરંતુ જયાં જીવોનું સતત સંસરણ થાય છે એ સંસરણશીલ સંસાર છે. જીવ સર્પાકાર, વક્રગતીમાં ઉપર-નીચેની ગતિઓમાં સતત ભટકતો જ રહે છે. ન તો એને કોઇ ઉદ્દેશ છે કે ન તો કોઇ લક્ષ્ય છે.લક્ષ્યહીન રૂપમાં ઘાંચી ના બળદની જેમ તે ચારે ગતિઓમાં માત્ર ફરતો જ રહે છે.

શું આ પરિભ્રમણ જીવ સ્વયં કરે છે ? અથવા આપણી લગામ કોઈ અન્યના હાથમાં છે ? શું વાત છે ? એનું મુળ કારણ આપણે શોધવાનું છે. આ વિષય આગળ વિચારીશું.

## એક ગતિમાંથી બીજી ગતિમાં

સ્વસ્તિકના કેન્દ્રમાં જીવ છે. જૈન દર્શનમાં જીવ અને આત્મા આ બંને પર્યાયવાચી શબ્દો છે. જીવને જ આત્મા અને આત્માને જ જીવ કહેવામાં આવ્યો છે. જીવ અને આત્મામાં કોઇ ભેદ નથી. જીવના પરિભ્રમણ માટે સંસાર માં ચાર ગતિઓ છે, જેમને સ્વસ્તિક દ્વારા સૂચવવામાં આવી છે. બતાવેલ ચિત્ર અનુસાર સ્વર્ગીય દેવગતિનો




જીવ પોતાના મૃત્યુ પછી ત્યાંથી ચ્યુત થઈને માત્ર બે જ ગતિઓમાં જાય છે.એક તો તિર્યંચ ગતિમાં જાય છે. ત્યાં ઘોડા, ગધેડા, હાથી, ઊંટ, બળદ, બકરી આદિનો જન્મ ધારણ કરે છે. સ્વર્ગ અત્યંત સુખરૂપ હોવા છતાં તે મોક્ષરૂપ નથી. જૈન દર્શનમાં સ્વર્ગને પણ સંસારમાં જ ગણવામાં આવ્યો છે. સ્વર્ગ પ્રાપ્ત કરવો એ કોઇ મોટી વાત નથી. એ સર્વોપરિ યા સર્વસ્વ નથી. પશુપક્ષી પણ મૃત્યુ પામીને દેવગતિમાં જાય છે. સ્વર્ગ પામે છે. દેવ બને છે.

ભગવાન મહાવીરસ્વામીએ જે ચંડકૌશીક સાપને **'बुझ-बुझ चंडकौशिक !'** શબ્દોં થી સંબોધિત કર્યો હતો તે સર્પ જાગૃત થયો, એની અંતસ્થ ચેતના જાગૃત થઇ ગઇ. ઊહાપોહ કરવાથી પૂર્વ જન્મનુ જાતિ-સ્મરણજ્ઞાન પ્રગટ થયું. તે પોતાના જ ભૂતકાળને જોવા લાગ્યો. તેને પોતે કરેલાં પાપ કર્મો પ્રત્યક્ષ દેખાવા લાગ્યાં-'મનુષ્ય જન્મમાંથી પતન પામીને હું અહીં પશુયોનિમાં આવ્યો છું'. પાપોનો પશ્ચાત્તાપ શરૂ થયો. પશ્ચાત્તાપની આગમાં પંદર દિવસ ઉપવાસ (પાસખમણ)કરીને અશુભ પાપકર્મોનો ક્ષય કરીને આઠમા સહસ્રાર નામના સ્વર્ગે ગયો.

ભગવાન પાર્શ્વનાથ જ્યારે ગૃહસ્થાવસ્થામાં હતા ત્યારે ઘોડા પર બેસીને નગર બહાર ગયા હતા, ત્યાં કમઠ તાપસ પંચાગ્નિ તપ કરી રહ્યો હતો. તેણે સળગાવેલાં લાકડાંમાં એક સાપ બળી રહ્યો હતો. પોતાના જ્ઞાનથી જોઇને પાર્શ્વકુમારે આજ્ઞા કરીને એ લાકડાને સૈનિકો દ્વારા બહાર કઢાવીને એમાંથી સાપને બહાર ક ઢાવ્યો. એ અડધો બળી ચૂકયો હતો. અર્ધદગ્ધ દેહવાળા એ સાપને નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. સાપની ચેતનાએ શાન્તિનો

અનુભવ કર્યો. સાપ મૃત્યુ પામીને દેવગતિમાં જઈ નાગરાજ ધરણેન્દ્ર દેવ બન્યો.

આથી સ્વર્ગ પ્રાપ્તિ કરવી એ કોઈ મોટી આશ્ચર્યની વાત નથી. જૈન ધર્મે દેવગતિ-સ્વર્ગને એટલું વધારે મહત્ત્વ આપ્યું નથી જેટલું વૈદિક પરંપરાએ આપ્યું છે. એટલે દેવગતિ પણ સંસારચક્રની ચાર ગતિઓમાંની એક ગતિ છે. ત્યાં પણ જન્મ મરણ થાય છે. દેવગતિમાં મૃત્યુ પામેલા ૯૦% દેવતાઓના જીવ તિર્યંચ - પશુ પક્ષીની ગતિમાં જઈને જન્મ ધારણ કરે છે.

## દેવગતિમાંથી હીરા-સોનામાં જન્મ

દેવગતિમાંથી મત્યુ પામીને પશુપક્ષી બનવું પડે એ તો સારું છે. કારણ કે એ પંચેન્દ્રિય પર્યાય તો છે. પરંતુ શાસ્ત્રકાર મહર્ષિ એટલે સુધી કહે છે કે દેવગતિનો જીવ દેવના જન્મથી મૃત્યુ પામીને એકેન્દ્રિય પર્યાયરૂપ હીરા, મોતી, સોના, ચાંદી વગેરેમાં જન્મ ધારણ કરે છે. આ બધું જ તિર્યંચ ગતિમાં જ ગણાય છે. ગતિ તિર્યંચની જ છે, પરંતુ જાતિ એકેન્દ્રિય છે. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય-આ પાંચે ઈન્દ્રિયવાળા જીવોની ગણના તિર્યંચ ગતિમાં કરવામાં આવે છે.

હવે તમે વિચારો ! દેવગતિનો પંચેન્દ્રિય દેવ પતન પામીને એકેન્દ્રિય પર્યાયમાં હીરા-મોતી, સોના, ચાંદી વગેરેમાં જન્મ લે તો તેનું કેટલું મોટું પતન થયું? કેટલી ઊંચાઈ ઉપરથી નીચે પડ્યો ? શું આટલું અધઃપતન થયા પછી એટલી જ સરળતાથી દેવગતિના શિખરો સર કરી શકશે ખરો કે ? ના, સંભવ થી. ઉપરથી નીચે પડવું સહેલું છે, પરંતુ નીચેથી ઉપર ચડવું કપરું છે. પંચેન્દ્રિય પર્યાયથી સીધો પતન પામીને જીવ એકેન્દ્રિયમાં ગયો. પરંતુ એકેન્દ્રિય પર્યાયમાંથી સીધો પંચેન્દ્રિય પર્યાયમાં જાય એ મુશ્કેલ છે.

આ રીતે દેવગતિના દેવતાઓ ને એકેન્દ્રિય પર્યાયમાં, પૃથ્વીકાયમાં, હીરા, સોના ચાંદીમાં જઈને જન્મ લેવો એ કેટલી ભારે સજા છે?

## દેવગતિમાંથી સીધા નરકમાં નથી જતા

દેવગતિ પણ સંસારમાં ગણાય છે. માની લો કે દેવગતિનો કોઈક દેવ ખૂબ વધારે પ્રમાણમાં પાપ કરે તો તે મૃત્યૂ પામીને નરકમાં જશે ? જૈન શાસ્ત્રમાં એવા કેટલાક શાશ્વત નિયમો બતાવવામાં આવ્યા છે કે (૧) દેવગતિમાંથી મૃત્યુ પામીને કોઈપણ દેવ સીધો કદીપણ નરકમાં ન જાય. હા, તિર્યંચ યા મનુષ્યગતિમાં જન્મ લઈને પછી ફરીથી નરક ગતિમાં જાય છે. પણ દેવ સીધો મૃત્યુ પામીને નારકી બની શકતો નથી. (૨) એ રીતે દેવગતિનો દેવ મૃત્યુ પામીને ફરીથી તરત જ દેવ બની શકતો નથી -પુનઃ દેવગતિમાં જન્મ લઈ શકતો નથી, એક જન્મ મનુષ્ય યા તિર્યંચ ગતિમાં કરીને ત્યાંથી દેવ ગતિમાં જઈ શકે છે. આ શાશ્વત નિયમ છે. આથી એ સિદ્ધ થયું કે દેવગતિમાં મૃત્યુ પામીને - ચ્યુત થઈને દેવ માત્ર મનુષ્ય અને તિર્યંચની બે જ ગતિઓમાં જઈ શકે છે. અન્ય બે ગતિ ઓ દેવો માટે બંધ છે.

## નારકી જીવો માટે નિયમો

આ જ રીતે બે નિયમો નરક ગતિના નારકી જીવો માટે છે. એક તો એ કે નરકગતિનો નારકી જીવો મૃત્યુ પછી સીધા દેવગતિમાં જઈ શકતા નથી. કારણ કે નરકગતિમાં પૂણ્યોપાર્જન કરવા માટેનું કોઈ સાધન નથી કે જેના ઉદયે એ નારકી જીવ સીધો સ્વર્ગમાં જઈ શકે. નરકગતિમાં નારકી જીવ ભલેને જે કંઈ કરે, ગમે તેટલી વેદના સહન કરે, પરંતુ એ દેવગતિ ઉપાર્જન ન કરી શકે (૨) એ રીતે બીજો શાશ્વત નિયમ એ પણ છે કે નરકગતિનો નારકી જીવ મૃત્યુ પામીને સીધો પુનઃ નારકી બની શકતો નથી.

હા, મનુષ્ય યા તિર્યંચ ગતિમાં જન્મ કરીને આવે ને પછી ફરીથી નરકમાં જન્મ લે એ સંભવ છે. ઉદાહરણ તરીકે ભગવાન મહાવીરની ૨૭ જન્મની પરંપરા જુઓ. ૧૮ મા ત્રિપૃષ્ટ વાસુદેવના જન્મમાં શય્યાપાલક અંગરક્ષકના કાનમાં ગરમ ગરમ સીસું રેડાવ્યું હતું; અને સિંહને ફાડીને મારી નાખ્યો હતો વગેરે મહાપાપોથી ઉપાર્જિત કર્મોદયે ૧૯ મા જન્મમાં સીધા સાતમી નરકમાં ગયા. એ નરકનું આયુષ્ય સમાપ્ત થતાં જ સીધા જ તિર્યંચગતિમાં ગયા. ત્યાં સિંહ બન્યા. આ ભગવાન મહાવીરનો ૨૦ મો ભવ હતો. ત્યાંથી મૃત્યુ પામીને ૨૧ મા ભવમાં ફરીથી નરકમાં ગયા. પુનઃ ૪ થી નરકમાંથી કાલાવધિ સમાપ્ત કરીને ૨૨ મા ભવમાં મનુષ્યગતિમાં આવ્યા.

ભગવાન મહાવીરના દૃષ્ટાંત ઉપરથી સારી રીતે જોઈ શકાય છે કે એક વાર નરકગતિમાંથી નીકળીને સીધા બીજા જ ભવે નારકી ન બન્યા, પરંતુ તિર્યંચ અને મનુષ્ય ગતિમાં ગયા, આથી આ શાશ્વત નિયમ છે કે નરકગતિનો નારકી જીવ મૃત્યુ પછી માત્ર મનુષ્ય અને તિર્યંચની બે ગતિઓમાં અને મનુષ્યની બે જ ગતિમાં આવે છે. દેવ અને નારક આ બેને માટે તો બે જ ગતિઓ થઈ – માત્ર મનુષ્ય અને તિર્યંચ.

આમાં પણ એવો નિયમ છે કે ૯૮% જીવો તો તિર્યંચ ગતિમાં જ જાય છે. કારણ કે તિર્યંચ ગતિ સંખ્યાની અપેક્ષાથી ઘણી મોટી છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના સર્વઈન્દ્રિયો વાળા જીવો તિર્યંચગતિમાં છે. માટે તિર્યંચ ગતિમાં અનંતની સંખ્યામાં જીવરાશિ છે. એકેન્દ્રિયના પાંચે સ્થાવર-પૃથ્વીકાય, અપ્કાય (પાણીનાં જીવો) તેઉકાય (અગ્નિના જીવો) વાયુકાય અને વનસ્પતિકાય એ બધા અને બે ઈન્દ્રિયવાળા, કૃમિ, કીડા આદિ તથા તેઈન્દ્રિયમાં કીડી, મંકોડા આદિ, ચઉરિન્દ્રિયમાં માખી, મચ્છર આદિ, પંચેન્દ્રિયમાં જળચર માછલીઓ આદિ-સ્થળચરમાં હાથી ઘોડા-બળદ બકરી આદિ. ખેચરમાં કાગડો, પોપટ આદિ આ બધાંની ગણતરી ગતિના દૃષ્ટિકોણથી તિર્યંચગતિમાં જ થાય છે. આથી સંખ્યાની દૃષ્ટિથી આ તિર્યંચગતિ વિશાળ છે. એમાં અનંતની સંખ્યામાં જીવરાશિ છે. જ્યારે સંખ્યાની દૃષ્ટિથી મનુષ્યગતિમાં ચારે ગતિની તુલનામાં ઘણી ઓછી સંખ્યા છે. એટલે કે મનુષ્યગતિ સૌથી નાની છે.

તિર્યંચગતિમાં જીવોની સંખ્યા અનંત છે. દેવગતિ અને નરકગતિમાં જીવોની સંખ્યા અસંખ્ય છે. જ્યારે મનુષ્ય ગતિમાં જીવોની સંખ્યા ઘણી જ ઓછી, માત્ર સંખ્યાત છે. એમાં પણ સમસ્ત વર્તમાન વિશ્વની નહિં પરંતુ અઢીદ્વિપના સંપૂર્ણ મનુષ્યક્ષેત્રના

તમામ મનુષ્યોની સંખ્યાનો સમાવેશ થઈ જાય છે. આ સંખ્યા બતાવતા સર્વજ્ઞ ભગવંતો એ બતાવ્યું છે કે મનુષ્યોની સર્વોત્કૃષ્ટ સંખ્યા $(૨)^{૯૬}$ જ થઈ શકે છે. અર્થાત ૨૯ અંકવાળી સંખ્યા એ જ ઉત્કૃષ્ટ સંખ્યા મનુષ્ય જાતિના સમસ્ત મનુષ્યોની થઈ શકે છે. એ માત્ર સંખ્યાતની ગણતરીમાં આવે છે. જ્યારે આટલી પણ સંખ્યા કદી પૂરી થઈ શકી નથી આથી મનુષ્યગતિમાં તો ખૂબ જ સીમિત મનુષ્ય જીવોની સંખ્યા છે. એટલા માટે મનુષ્યનો જન્મ કીંમતી છે, મૂલ્યવાન છે. આથી દેવ-નરક યા તિર્યંચની ગતિમાંથી ભાગ્યે જ ૨% યા ૪ % જીવ મનુષ્યગતિમાં આવતા હશે.

## મનુષ્યનું ચારે ગતિઓમાં ગમન

મનુષ્યગતિ અને તિર્યંચ ગતિના જીવો માટે ઉપરોક્ત નિયમ લાગુ પડતો નથી. એ તો ચારે ગતિઓમાં જ ન્મ લઈ શકે છે. મનુષ્ય મૃત્યુ પછી દેવગતિમાં જ ઈને દેવ બની શકે, નરકગતિમાં જઈને નારકી બની શકે. તિર્યંચગતિમાં જઈને પશુપક્ષીનો જન્મ ધારણ કરે છે.

ઉદાહરણ તરીકે એક રાજાની વાત જુઓ. રાજા શિકાર માટે ઘોડા પર બેસીને વાયુવેગે જઈ રહ્યો હતો. દૂર એક વૃક્ષ પર પાકેલાં મીઠાં બોર એને દેખાયાં. રાજાને બોર અતિપ્રિય હતાં, એથી બોર જોતાં જ એનું મન લલચાઈ ગયું. યોગાનુયોગ રસ્તો પણ એ વૃક્ષની નીચેથીજ જતો હતો. રાજાએ વિચાર કર્યો - 'વૃક્ષની નીચે થી પસાર થતી વખતે બોર તોડી લઈશ' જેવો ઘોડો વૃક્ષની નીચેથી પસાર થયો કે ડાળી પર લટકતો દોરીનો ફાંસો રાજાના ગળામાં ભરાઈ ગયો. વાયુવેગે ઘોડો તો પસાર થઈ ગયો. પણ રાજાના ગળામાં ફાંસી લાગી ગઈ. જોત જોતામાં રાજાનું પ્રાણ પંખેરું ઊડી ગયું.

આ જ સમયે કોઈ પોપટે પેલા પાકેલા, મીઠા બોરને ચાંચ મારી એંઠું કરી, નીચે પાડયું. રાજાનાં જીવે અંતિમ ઈચ્છા અનુસાર એ બોરમાં પ્રવેશીને કીડાનો જન્મ ધારણ કર્યો. વિચાર કરો, મનુષ્યગતિમાંથી તિર્યંચગતિના તેઈન્દ્રિય પર્યાયના કીડાના રૂપમાં કેવો જન્મ મળ્યો? મનુષ્ય માટે સૌથી સારી સુવિધા એ છે કે મનુષ્ય ઈચ્છે અને એ પ્રમાણે પુરુષાર્થ કરે તો પુનઃ મનુષ્ય બની શકે છે. એકવાર પ્રાપ્ત કરેલી મનુષ્યગતિ પછી તરત જ મનુષ્ય બની શકે છે.-આ સુવિધા દેવગતિમાં નથી. તે મનુષ્યગતિમાં જ છે, પરંતુ એને માટે પૂરો પુરુષાર્થ કરે તો જ સંભવ છે. ઉદાહરણાર્થ - ભગવાન મહાવીર સ્વામી એ પોતાના ૨૭ ભવની પરંપરામો ૨૨ મો ભવ મનુષ્યગતિમાં વિમલ રાજકુમારનો કર્યો અને પુનઃ સીધા જ ૨૩ મો ભવ મનુષ્યગતિમાં પ્રાપ્ત કર્યો. ત્યાં તે પ્રિયમિત્ર ચક્રવર્તી બન્યા.

આ રીતે મનુષ્યમાંથી મૃત્યુ પામીને ફરીથી મનુષ્ય બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. આવું સૌભાગ્ય ઘણા વિરલ માનવો જ પ્રાપ્ત કરી શકે છે. આથી મનુષ્યનો જીવ મનુષ્ય ગતિમાંથી ચારે ગતિઓમાં જઈ શકે છે, ચારે ગતિઓમાં ગમે ત્યાં જન્મ ધારણ કરી શકે છે.

## તિર્યંચનું ચારે ગતિમાં ગમન

મનુષ્યની જેમ જ તિર્યંચ ગતિનો જીવ પણ ચારે ગતિઓમાં જઈ શકે છે.

જન્મ મરણ ધારણા કરી શકે છે. તિર્યંચ ગતિના જીવ પશુ-પક્ષીઓ મૃત્યુ પામીને દેવગતિમાં-સ્વર્ગમાં પણ જઈ શકે છે. પહેલાં બતાવ્યું છે તેમ પશુ-પક્ષી મૃત્યુ પામીને નરકગતિમાં નારકીના રૂપમાં પણ જન્મ લઈ શકે. સિંહ મૃત્યુ પામીને ચોથી નરકમાં ગયો એ રીતે તિર્યંચ ગતિનો જીવ મૃત્યુ પામીને મનુષ્યગતિમાં આવીને મનુષ્ય પણ બને છે. એ જ રીતે તિર્યંચ ગતિના જીવો મૃત્યુ પામીને ફરીથી તિર્યંચ યોનિમાં પણ જન્મ લે છે. જેમ કે ઘોડો મૃત્યુ પામીને ગધેડો બને, ગધેડો મૃત્યુ પામીને હાથી બને, હાથી ઊંટ બને, ઊંટ બકરી બને અને સૂવર માછલી બને, માછલી કાગડી બને, કાગડી કાગડો બને યા કાગડો ગીધ બને.

આ રીતે તિર્યંચ ગતિના જીવ અંદરો અંદર જન્મમરણ ધારણ કરતા રહે છે. તિર્યંચ ગતિમાં જીવની સંખ્યા અનંત છે. જીવોના પ્રકાર પણ અનેક છે. જીવોની ઉત્પત્તિ-યોનિઓ પણ અનેક છે ઉત્પત્તિ ક્ષેત્ર પણ અસંખ્ય દ્વીપસમુદ્રોનું છે. એક જ સમુદ્રમાં કેટલી માછલીઓ છે? યા તો કેટલા પ્રકારની માછલીઓ છે? આ જ કોઇ ગણી શકતું નથી તો સમગ્ર તિર્યંચ ગતિના જીવોની સંખ્યા અને પ્રકાર ગણવાની તો વાત જ ક્યાં શકય છે ?

માત્ર સ્થળચરમાં જ જોઈએ તો હાથી, ઘોડો, ઊંટ, બળદ, ગધેડાં, બકરી, વાંદરા, સુવર, વાઘ, સિંહ, ચિત્તા આદિ કોણ જાણે કેટલા પ્રકારના જીવો છે ? કેટલી વિશાળ સંખ્યા છે? તિર્યંચગતિમાં જ જીવના અનંત જન્મો થઈ જાય એટલી મોટી સંખ્યા છે !

## ચારે ગતિઓમાં જીવનું પરિભ્રમણ

આ રીતે આપણે ચારે ગતિઓમાં જીવનું પરિભ્રમણ જોયું. આ ગમન-આગમન અવિરત ચાલુ રહે છે. જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી પુનઃ જન્મ, ફરીથી જન્મ અને ફરીથી મરણ-આ ચક્ર ચાલ્યા જ કરે છે. આ જન્મ મરણના ચક્ર માટે ધરાતલ આ ચાર ગતિનું છે. જેમ કોલાનો બળદ, ચાલતો રહેતો ઘાણીનો બળદ. ઘાણીનો બળદ રાત દિવસ ચાલતો રહે છે. આંખ ઉપર પાટો બાંધ્યો હોય છે. એ બહાર તો જોઈ નથી શકતો કે તે કેટલે દૂર આવ્યો. પરંતુ તે વિચારે છે કે-દિવસ રાત ચાલતો હું ૫૦-૧૦૦ માઈલ ચાલ્યો ? એક ગામથી બીજે ગામ પહોંચ્યો કે નહિં ? પરંતુ જ્યારે એની આંખ પરની પટ્ટી છોડવામાં આવે છે ત્યારે એને ખબર પડે છે કે - 'અ રે રે ! હું તો જ્યાં હતો ત્યાંનો ત્યાં જ છું ! એક ડગલું ય આગળ વધ્યો નથી'.

આટલું ચાલ્યા પછી પણ એક ડગલું આગળ એ ચાલી ન શકયો, બરાબર આવી જ આપણી પણ સ્થિતિ છે. ચાર ગતિના આ સંસારના ચક્રમાં આપણે સતત ઘૂમતા રહીએ છીએ. એક જન્મમાંથી બીજા જન્મમાં જઈએ છીએ, એક જાતિમાંથી બીજી જાતિમાં જઈએ છીએ, જન્મ ધારણ કરીએ છીએ, મરીએ છીએ, ફરી જન્મ લઈએ છીએ અને ફરી મરીએ છીએ - આ રીતે આ ચક્ર ચાલ્યા જ કરે છે. સર્વ જીવોની આ

દશાં છે, મારી પણ આ દશા છે.' આ રીતે અનંતકાળ વીતી ગયો. ચારે ગતિઓમાં ઘૂમું છું, ફરું છું, સતત પરિભ્રમણ કરું છું.

પરંતુ આ જે પણ જ્ઞાનયોગથી જોઉં, યા જ્ઞાની ભગવંતને પૂછું તો ખબર પડશે કે જ્યાં હતો ત્યાંનો ત્યાં જ છું. આ ચાર ગતિના ચક્રમાં ઘૂમતો જ રહું છું. ચાર ગતિના સંસાર ચક્રમાંથી બહાર નીકાળી શકતો નથી. ખબર નથી કે એક એક ગતિમાં મારા કેટલાં જન્મ-મરણ થઈ ગયાં અને આજ દિવસ સુધીમાં કેટલા જ ન્મો વીતી ગયા ? આ કેવી રીતે ખબર પડે? ચાર ગતિનું આ સંસારચક્ર અભિમન્યુના કોઠાની જેમ અતિગહન છે.

## સંસારચક્રનો ચક્રવ્યૂહ

એક સીધો સ્વસ્તિક છે અને બીજો ગોળ સ્વસ્તિક છે. આકૃતિ ભેદ છે પરંતુ વાત એક જ છે. ધ્યાનથી જોવાથી ખબર પડશે કે સ્વસ્તિકની ચારે પાંખડિયો કેટલી લાંબી છે. એક એક ગતિની દિશા જુઓ, પ્રત્યેક ગતિની દિશા ચારે ગતિમાં ઘૂમતી ઘૂમતી ગોળ ચક્કર મારી રહી છે, એ રીતે જીવ ચારે ગતિમાં ઘૂમતો રહી. એક એક ગતિમાં કેટલીવાર ઘૂમી ચૂકયો છે ? એક જ ગતિમાં જીવે કેટલા જન્મો ધારણ કર્યા છે આ બતાવવું અસંભવ જેવું લાગે છે. અભિમન્યુના ગૂઢ કોઠાની જેમ આ સંસાર ચક્રમાં ફસાયેલો જીવ બહાર નીકળી જ શકતો નથી.

અનંતકાળ વીતી ગયો આ ચક્ર ક્યારથી શરૂ થયું એની ખબર નથી, આથી એ પણ અનાદિ કહેવામાં આવે છે. આ રીતે અનાદિ-અનંત કાળથી જીવ આ ચારગતિના સંસારમાં સતત-અવિરતપરિભ્રમણ કરી રહ્યો છે. ઉદાહરણ તરીકે મેળામાં મૂકેલ ગોળ ચક્રમાં આપણે બેઠા છીએ અને ચક્ર ઉપરથી નીચે, નીચેથી ઉપર ગોળગોળ ફરતું જ જાય છે; ત્યારે ગતિની તીવ્રતાને કારણે આપણે બહારનું કોઈ દશ્ય સ્પષ્ટ જોઈ શકતા નથી. મસ્તક ચકરાવા લાગે છે. માત્ર એટલી જ ખબર પડે છે કે આપણે ગોળગોળ ફરી રહ્યા છીએ.

બાળકો માટે બનાવેલા ગોળ ચક્કરમાં બાળકોને બેસાડીને જેમ ફરેવવામાં આવે છે તે જ રીતે આપણે બધા જીવો ચાર ગતિના ગોળ સંસાર-ચક્રમાં ભટકી રહ્યા છીએ; જન્મ-મરણ ધારણ કરતા ભટકી રહ્યા છીએ. કોણ જાણે ક્યારે છૂટી શકી શું ? કોઈ વાર સદ્ગતિમાં તો કોઈ વાર દુર્ગતિમાં, એ રીતે પરિભ્રમણ ચાલતું જ રહે છે.

## સદ્ગતિ અને દુર્ગતિ

આ સ્વસ્તિકમાં બવાવવામાં આવેલી ચાર ગતિઓમાં ૨ સદ્ગતિઓ છે અને ૨ દુર્ગતિઓ છે. સ્વસ્તિકની બંને બાજુએ જ્યાં - તીરના નિશાન આપવામાં આવ્યાં છે ત્યાંથી સ્વસ્તિકને અડધો બનાવો. ઉપરનો અડધો સ્વસ્તિક અને નીચેનો અડધો સ્વસ્તિક એમ બે ભાગ થઈ જશે. ઉપરના અડધા સ્વસ્તિકમાં રહેલી બે ગતિઓ (૧) દેવગતિ અને (૧-૪) મનુષ્યગતિને સદ્ગતિ ગણવામાં આવે છે. જ્યારે નીચેના અડધાં ભાગમાં ૨ ગતિઓ (૨-૩) નરકગતિ અને તિર્યંચગતિ ને દુર્ગતિ ગણવામાં આવે છે. અશુભ

પાપોદયને કારણે જીવ દુર્ગતિમાં જાય છે. અને શુભ પુણ્યોદયને કારણે જીવ સદ્‌ગતિમાં જાય છે. સ્વર્ગીય દેવભવ અને મનુષ્યજ ન્મ શુભ માનવામાં આવે છે, આથી તે સદ્‌ગતિની અન્તર્ગત ગણવામાં આવે છે. સદ્‌નો અર્થ શુભ જ છે. દુર્ નો અર્થ છે ખરાબ - દુર્ગતિ અથવા ખરાબ ગતિ. જીવે ન કરવા યોગ્ય-ખરાબ કર્મો કર્યાં છે. જેના ઉદયે ફળસ્વરૂપે જીવને ખરાબ ગતિ-દુર્ગતિ-નરકની અને તિર્યંચની ગતિ પ્રાપ્ત થાય છે. જ્યાં જીવ પોતે કરેલાં પાપકર્મોનાં ફળ દુઃખરૂપમાં ભોગવે છે. બરાબર આનાથી વિપરીત જીવ શુભ પુણ્યોપાર્જન કરીને સદ્‌ગતિમાં જાય છે અને ત્યાં સુખ પણ પામે છે.

## 'સ્વર્ગવાસ' નો લોકવ્યવહાર

મોટેભાગે આપણે જોઈએ છીએ કે કોઈના મરણા પછી 'સ્વર્ગવાસ' જ લખાય છે. સૌના મૃત્યુ પછી એની સદ્‌ગતિ થઈ એવું લખીએ છીએ. સ્વર્ગ = દેવગતિમાં યા દેવલોકમાં વાસ = નિવાસ - ગમન. પિતાના મૃત્યુ પછી બેટો લખે છે કે 'પિતાનો સ્વર્ગવાસ થયો' એ રીતે પુત્રના મૃત્યુ પછી પિતા લખે છે કે 'પુત્રનો સ્વર્ગવાસ થયો'.

આ રીતે પુત્રીના, પત્નીના, દાદા, દાદીના, ભાઈ ભાભીના યા કોઈના ય મૃત્યુ પછી સ્વર્ગવાસ જ લખવામાં આવે છે. તો શું બધાં મૃત્યુ પામીને સ્વર્ગમાં જ જાય છે ? શું કોઈ નરકગતિ યા તિર્યંચગતિમાં નહિં જતાં હોય ? જ્યારે શાસ્ત્રકાર મહર્ષિ તો કહે છે કે જીવ ચારે ગતિઓમાં જાય છે. પોતે કરેલાં કર્મો અનુસાર જીવ જે તે ગતિમાં જાય છે, તો શું દરેકનાં માતાપિતા, ભાઈબહેન આદિ સંબંધીઓએ સારાં-શુભ કામો જ કર્યાં હોય છે? નરકાદિ ગતિમાં કોઈ જતું જ નથી ! અને કદાચ કોઈ જતું હોત તો કોઈકે કોઈકના મરણ પાછળ નરકવાસ યા તિર્યંચવાસ લખ્યુ હોત, પરંતુ આજ દિવસ સુધી આવા નરક વાસ આદિ શબ્દો કોઈએ લખ્યા હોય એવું જોવામાં આવ્યું નથી. આથી શું સમજવું ?

કોઈ કહે છે કે જીવ ક્યાં ગયો એની અમને ખબર પડતી નથી; અમે કોઈ જ્ઞાની તો છીએ નહીં. આથી નરકવાસ યા તો તિર્યંચવાસ કેવી રીતે લખીએ ? વાત તો સાચી છે. પરંતુ હું કહું છું કે જ્યારે તમે જ્ઞાની નથી, ખબર નથી તેથી નરકવાસ યા તિર્યંચવાસ નથી લખતા તો પછી સ્વર્ગવાસ લખવાની શરૂઆત કેમ કરી દીધી ? શું જીવ સ્વર્ગમાં ગયો એની તમને ખબર પડી ગઈ ? આજે તો જાણે સ્વર્ગવાસ લખવાનો પ્રચલિત વ્યવહાર બની ગયો છે. આજ દિવસ સુધી પ્રાયઃ બધા સ્વર્ગવાસ જ લખે છે. શું મરનારા બધા સ્વર્ગમાં જ જતા હશે? અન્ય કોઈ ગતિમાં જતા જ નથી ? હવે દરેક જણ પોતાના પિતાના મૃત્યુ પાછળ 'મારા પિતાજીનો સ્વર્ગવાસ થઈ ગયો છે.' એ રીતનો પત્ર લખીને સર્વ સગાં સંબંધીઓને મોકલે છે. લોકવ્યવહારથી તમારા પત્રનો ઉત્તર તો સામેવાળો લખવાનો જ. તેણે પત્રમાં શું લખ્યું ? એના શબ્દો ધ્યાનથી વાંચજો. મેં પણ વાંચ્યા છે.

સામાવાળાએ પત્રમાં લખ્યું કે 'તમારો પત્ર મળ્યો .... તમારા પિતાનો સ્વર્ગવાસ થયો જાણીને ખુબ દુઃખ થયું છે. વાસ્તવમાં ઘણું ખરાબ થયું છે; આ સાંભાળીને ઘણું દુઃખ થયું. અરેરે ! તમારા પિતાજીનો સ્વર્ગવાસ થઈ ગયો .... ઘણું જ ખોટું થયું છે.'

આ અને આવા જ બીજા શબ્દો સામેવાળો લખશે. તમે એ શબ્દો ઉપર સારી રીતે ધ્યાન આપજો. મારું કહેવું છે કે જ્યારે તમે ''સ્વર્ગવાસ'' એવો સારો શબ્દ જ લખ્યો તો પણ સામાવાળો તો 'ખુબ ખરાબ થયું' એવું શા માટે લખે છે? શું તમારા પિતાનો સ્વર્ગ માં વાસ થયો એમાં એને વિશ્વાસ નથી ? યા તો એ એમ કહેવા માગે છે કે તમારા પિતાનો સ્વર્ગવાસ થયો એ બની જ ન શકે ! એના શબ્દો છે કે તમારા પિતાનો સ્વર્ગવાસ થયો એ બની જ ન શકે ! એના શબ્દોનો ભાવાર્થ શું છે? હા. જો તમે કદાચ નરકવાસ યા તિર્યંચવાસ લખ્યું હોત અને એણે પ્રત્યુત્તરમાં-ઘણું ખરાબ થયું .. ઘણું ખોટું થયું લખ્યું હોત તો એ ઉચિત હતું. પરંતુ તમે તો સ્વર્ગ વાસ (સ્વર્ગમાં વાસ) લખ્યું છતાં તેણે લખ્યું છે કે 'ઘણું ખરાબ થયું ... ઘણું ખોટું થયું.' આનો શો અર્થ ?

મેં ભાવાર્થનો સ્પષ્ટ અર્થ જાણવા માટે એક વાર એક પ્રસંગ ઉપર એક સજ્જનને પૂછયું કે આનો અર્થ શો થાય ? તેણે જવાબમાં કહ્યું - અરે મહારાજ ! આ તો આજકાલનો છોકરો છે. બિચારો પોતાના બાપ અંગે શુ જાણે ? હું અને એના બાપ પાકા મિત્રો હતા. અને સાથે જ હરતા, ફરતા, આવતા જતા હતા. એના બાપે શું કર્યું છે કેવું કામ કર્યું છે. કયાં શું કર્યું છે, કોની સાથે શું કર્યું છે? વગેરે હું ખૂબ સારી રીતે જાણું છું. આજે આ છોકરાએ 'સ્વર્ગવાસ' લખ્યું તો હું આશ્ચર્યચકિત થઈ ગયો, આવા માણસનો સ્વર્ગવાસ કેવી રીત થઈ શકે? એને સ્વર્ગમાં જગ્યાં મળી જ ન શકે. કેવી રીતે તે સ્વર્ગમાં ચાલ્યો ગયો ? મને તો વિશ્વાસ જ નથી આવતો ! આથી પ્રત્યુત્તર લખતી વખતે મેં લખ્યું : 'તારા પિતાનો સ્વર્ગવાસ થયો જાણીને મને ભારે દુ:ખ થયું છે, ખુબ જ ખોટું થયું છે, ઘણું ખરાબ થયું છે, એનો તો નરકવાસ જ થવો જોઈતો હતો'. આ તાત્પર્ય અને રહસ્ય સાંભાળીને હું પણ આશ્ચર્યચકીત થઈ ગયો. આ જુઓ, તમે જેને મિત્ર-સંબંધી માન્યો હોય એ જ આવો સ્પષ્ટ જવાબ તમને આપે છે. કોઈને પણ તારા દ્વારા લખાયેલો 'સ્વર્ગવાસ' શબ્દ માન્ય નથી. પસંદ નથી.

## એક-ગતિવાદની વિસંગતતા

આ જીવ જે યોનિમાં જનમ્યો છે એ યોનિમાં જ સદાકાળ રહે છે. પુન:પુન: મૃત્યુ પામીને ફરી તે યોનિમાં તે જ સ્વરૂપે જન્મ લે છે. અર્થાત્ ભૂતકાળમાં જેવો જન્મ હતો, મૃત્યુ પછી ભવિષ્યમાં પણ એવો જ જન્મ મળે છે. જો તે મનુષ્ય હશે તો મનુષ્ય જ બનશે, ઘોડા મૃત્યુ પામીને ઘોડા જ બને છે. ગધેડો મૃત્યુ પામીને ગધેડો જ બનશે. ભલે હજાર, લાખો યા કરોડો અબજો જન્મો ધારણ કરે, તો પણ તે વારંવાર ઘોડો જ બનશે. ગધેડો ગધેડો જ બનશે - આવી એકગતિવાદની માન્યતા છે. એમનું કહેવું છે કે જીવનું એક ગતિમાંથી બીજી ગતિમાં ગત્યન્તર-જાત્યન્તર થતું નથી.

પ્રશ્ન એવો ઊભો થાય છે કે જો ઘોડો મૃત્યુ પામીને ઘોડો જ બને તો પ્રથમ ઘોડો બન્યો જ ક્યાંથી ? અનાદિકાળથી એ જીવને ઘોડાના સ્વરૂપમાં જ માનવો પડે, અને એમ માનીએ તો એ જીવ ઘોડાના સ્વરૂપમાં આવ્યો જ ક્યાંથી? ક્યારે આવ્યો ? એ આત્માનો

એકેન્દ્રિય પર્યાયથી પંચેન્દ્રિય પર્યાય સુધી વિકાસ થયો કેવી રીતે? તો પછી ઉત્થાાન અને પતનનો સિદ્ધાંત જ ખતમ થઈ જશે ! વિકાસવાદનું અસ્તિત્વ પણ નહીં રહે.

બીજી તરફ જીવ સીધો જ પંચેન્દ્રિય પર્યાયમાં સ્થળચરના રૂપમાં ક્યાંથી આવ્યો? કારણ કે જીવની સંખ્યા પંચેન્દ્રિય પર્યાયમાં છે તેના કરતા અનંતગણી સંખ્યા એકેન્દ્રિય પર્યાયમાં છે.

એકેન્દ્રિય પર્યાયથી જીવનો ધીરેધીરે વિકાસ થાય છે. જીવ છેલ્લે પંચેન્દ્રિયમાં આવે છે. આગળ પંચેન્દ્રિય પર્યાયમાં મનુષ્યમાં આવવું એ અંતિમ વિકાસ છે. વિકાસવાદ સમાપ્ત થઈ જાય તો કોઈનો ય મોક્ષ પણ નહિં થાય. કશું જ નહિં ! તો પછી ધર્મ કરવો, કર્મક્ષય કરવા બધું જ નિરર્થક બની જશે. સંસાર એક સ્થિર સ્વરૂપમાં માનવો પડશે. પછી તો પાપ-પુણ્ય નિરર્થક થઈ જશે.પાપકર્માનુસાર કોઈ નરકમાં જાય, અને ફળ ભોગવશે એ નહીં બને. એ રીતે કરેલાં પુણ્યો પ્રમાણે કોઈ સ્વર્ગાદિ દેવગતિમાં જશે એ પણ નહિ બને ! તો પછી શાં માટે પાપ-પુણ્ય કરવા ? સ્વર્ગવાસ લખવો પણ નિરર્થક થઈ જશે. મૂર્ખતા કહેવાશે. આ રીતે સેંકડો વિસંગતિઓ ઊભી થશે. કર્મવાદ પણ નહિં રહે; એ ઈશ્વર કર્તૃત્વવાદ પણ નહિં રહે. શું કરશે ઈશ્વર ? જ્યારે સૃષ્ટિકર્તા અને ફળદાતા બંને સ્વરૂપમાં ઈશ્વરને માનવા વાળાઓ એ માન્યો છે. પરંતુ આવી સ્થિતિમાં ઈશ્વરની કોઈ ઉપયોગિતા નહીં રહે. ઈશ્વર નિરર્થક-નિષ્ક્રિય થઈ જશે, તો જગત કર્તૃત્વવાદી પાસે કોઈ ઉત્તર નહિં રહે. પછી પ્રશ્ન પણ એ ઊભો થશે કે આવી નિત્યભાવમયી સૃષ્ટિ ઈશ્વરની નિરર્થકતા અને નિષ્ક્રિયતામાં કેવી રીતે બની ? ક્યારે બની ? કેમ બની ?કોણે બનાવી? બનાવી તો પછી પ્રલયનો પ્રશ્ન જ ઊભો થતો નથી ! બનાવી તો પછી પહેલેથી જ શા માટે કોઈને એકેન્દ્રિયમાં રાખ્યો, અને કેમ કોઈને એનું સ્થાન પણ ત્યાં નિષ્ફળ છે. કરવાનું કારવવાનું તો કશું નથી, કારણ કે પરિવર્તન તો સંભવ નથી, તો પછી કરવાનું શું? શા માટે કરવાનું? ઈશ્વરોપાસના કરવાનો પણ શો ફાયદો ? આવા અનેક પ્રશ્નો છે કે જેનું સમાધાન જ શક્ય નથી, માટે આ પક્ષ યુક્તિ યુક્ત સિદ્ધ થતો નથી. આથી આ પક્ષ સંભવ નથી, યુક્તિસંગત નથી.

ગણધરવાદમાં પાંચમા ગણધર સુધર્મા સ્વામીને પોતાના પૂર્વકાળમાં જન્મ-જન્માન્તરની સાદશ્ય ધારણા હતી, એ એમનો પક્ષ હતો. તે વેદવાક્યનો અર્થ આવો કર૦તા હતા, કે **पुरुषो मृतःसन् पुरुषत्वमेवाश्नुते, पशवः पशुत्वम् ।** અર્થાત્ પુરુષ મૃત્યુ પામીને પરભવમાં પુરુષ જ બને છે. પશુ મૃત્યુ પામીને પશુ જ બને છે. કારણ સાદશ્ય કાર્યને માનવાની વિચારધારાવાળા એ અગ્નિ વેશ્યાયન ગોત્રીય બ્રાહ્મણ સુધર્મા હતા. પરંતુ સામે બીજું વેદવાકય એવું આવ્યું કે **श्रृगालो वै एष जायते यः सपुरीषो दह्यते।** જેને મળ સહિત બાળવામાં આવે છે તે મૃત્યુ પામીને શિયાળના રૂપે જન્મ લે છે.

આ રીતે પરસ્પર વિરોધી વાક્યો આવવાથી વિરોધાભાસ ઊભો થયો છે. પરંતુ એવું નથી, કારણ સાદશ્યે કાર્ય પણ સાદશ્ય હોય છે.પરંતુ એવું નથી, એ કારણથી કાર્ય

વિચિત્ર પણ હોય છે. કારણરૂપમાં જીવોના કર્મ છે આથી કર્માનુસારી કાર્ય હશે. જન્માનુસારી જન્મ નહિં, પરંતુ કર્માનુસારી જન્મ હોય છે. આથી ભવાન્તર સાદશ્યનો પક્ષ યુક્તિસંગત નથી ઠરતો, આ ચર્ચા સુદીર્ઘ છે, ગણધરવાદમાંથી વિશેષ જાણકારી પ્રાપ્ત કરવી ઉચિત ગણાશે.

## તીર્થંકરોનું ગતિ પરિભ્રમણ

૨૪ તીર્થંકરોની ભવ-ભ્રમણસંખ્યા ભિન્ન ભિન્ન છે. જીવે સમ્યકત્વ પ્રાપ્ત કર્યું ત્યારથી ભવસંખ્યા ગણવામાં આવે છે. અને નિર્વાણ પ્રાપ્ત કરીને મોક્ષમાં જાય છે એ ચરમ ભવ સુધી ભવસંખ્યા ગણવામાં આવે છે. સમ્યકત્વ પામ્યા હોય તે પાહેલાંની ભવ સંખ્યા અનંત છે. અનંતની સંખ્યા ક્યાંથી ગણી શકાય? સંભવ પણ નથી છે? એટલા માટે સમ્યકત્વ પ્રાપ્તિના ભવથી નિર્વાણ પ્રાપ્તિના ચરમભવસુધી સંખ્યા ગણેલી છે.

૨૪ તીર્થંકરોમાં આ ભવ સંખ્યા ભિન્નભિન્ન છે -ભગવાન ઋષભદેવના ૧૩ ભવ થયા છે, ભગવાન શાન્તિનાથના ૧૨ ભવ થયા છે, ભગવાન નેમિનાથના ૯ ભવ થયા છે, ભગવાન પાર્શ્વનાથના ૧૦ ભવ થયા છે, ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવ થયા છે.

મોટા ભાગના તીર્થંકરોના ત્રણ-ત્રણ ભવ થયા છે. પરંતુ ભવસંખ્યામાં ગતિ પરિભ્રમણ જોવામાં આવે તો સૌનું ભિન્ન ભિન્ન છે. ભગવાન ઋષભદેવે ૧૩ ભવોમાં માત્ર ૨ ગતિમાં જ પરિભ્રમણ કર્યું છે. તેઓ મનુષ્યમાંથી દેવ અને દેવમાંથી ફરીથી મનુષ્ય - આ બે જ ગતિઓમાં રહ્યા. ૧૩ જન્મોમાં ત્રીજી કોઈ ગતિમાં એ નથી ગયા. ભગવાન નેમિનાથે પણ નવ ભવ રાજુલના સંબંધમાં કર્યા છે. નવે ભવોમાં દેવ-મનુષ્યની બે જ ગતિઓમાં પરિભ્રમણ કર્યું છે. ભગવાન પાર્શ્વનાથે એક ભવ તિર્યંચ ગતિમાં કર્યો છે. ૧૦ ભવોમાં બીજો ભવ હાથીનો થયો. આથી પાર્શ્વનાથ ભગવાન ૧૦ ભવોમાં ત્રણ ગતિને સ્પર્શે છે. ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી પોતાના ૨૭ ભવોમાં ચારે ગતિઓમાં પરિભ્રમણ કરી ચૂક્યા છે.

પ્રથમ નયસારના જન્મમાં સમ્યકત્વ પ્રાપ્ત કરીને અંતિમ ૨૭ મા ભવમાં મહાવીર બનીને મોક્ષે ગયા. પરંતુ વચ્ચેતો ચારે ગતિઓમાં જન્મ ધારણ કર્યા છે. ૧૮ મા ભવમાં ત્રિપૃષ્ટ વાસુદેવ (મનુષ્યભવ) રૂપે જમ્યા, ૧૯ મો ભવ સાતમી નરક માં નારકીનો ૨૦ મો ભવ તિર્યંચ ગતિમાં સિંહનો. ૨૧ મો જન્મ ફરીથી ચોથી નરકમાં ગયા, ૨૨ મો જન્મ મનુષ્યનો. ૨૩ મો જન્મ પણ મનુષ્યનો; ૨૪ મો ભવ દેવગતિનો થયો. આ રીતે તેઓ ચારે ગતિઓમાં ભટક્યા છે.

ભગવાન મહાવીરના ૨૭ ભવોમાં ૧૪ ભવ મનુષ્ય ગતિમાં થયા,૧૦ ભવ દેવ ગતિમાં, ૨ ભવ નરકગતિમાં, અને તેમણે એક ભવ તિર્યંચ ગતિમાં કર્યો. આ રીતે **૧૪ + ૧૦ + ૨ + ૧ = ૨૭** ભવ કર્યા છે. આમ તે ચારે ગતિઓમાં ગયા છે.

તીર્થંકરની કક્ષાનો જીવ અને તે પણ કર્મસત્તાને આધિન થઈને પોતાની ૨૭ ભવની પરંપરામાં બે-બે વાર નરકગતિમાં જઈ આવ્યો છે; તો શું આપણે આજ દિવસ

સુધી નરકગતિ યા તિર્યંચગતિમાં ગયા જ નથી ? શું આપણે સદાય એક જ ગતિમાં રહ્યા છીએ ? દુર્ગતિમાં ગયા જ નથી ? ભૂતકાળમાં આપણા અને સૌના અનંત ભવો થઈ ચૂક્યા છે. અનંત જન્મ મરણ કરતા આપણે આ ભવ સંસારમાં ભટકી રહ્યા છીએ.

### અનાદિ-અનંત ભવસંસાર

પ્રત્યેક જીવના ભૂતકાળનો સંસાર અનંત કાળથી ચાલ્યો આવે છે. દરેકના અનંત ભવ (જન્મ-મરણ) થઈ ચૂક્યા છે. સંખ્યાત યા અસંખ્યાત ભવવાળો કોઈ નથી. સમસ્ત શાસ્ત્રોમાં એક મરુદેવી સિવાય એવું એક પણ દૃષ્ટાંત મળતું નથી. માત્ર સંખ્યાત યા ગણતરીના જ ભવ થયા હોય એવો આજે એક પણ જીવ નથી. એ રીતે માત્ર અસંખ્યાત જ જન્મ થયા હોય એવો પણ કોઈ જીવ નથી. દરેક જીવના ભૂતકાળમાં અનંત ભવ થઈ ચૂક્યા છે. એમાં ભવની સંખ્યા પણ જોઈએ તો અનંતની છે. અને કાળની સખ્યાનો. વર્ષોની સંખ્યાનો વિચાર કરવાંમાં આવે તો એ પણ અનંત છે. એક એક જન્મ ૫-૨૫-૫૦, ૧૦૦, ૧૦૦૦, લાખ, કરોડ વર્ષોનો વીત્યા છે. આથી ભવસંખ્યા કરતાંય મોટી કાળની સંખ્યા સામે આવશે. આથી શાસ્ત્રાકાર મહર્ષિ એ કાળ સંખ્યાને સમજવા માટે 'અનંતાનંત પુદ્ગલ પરાવર્તકાળ' એવી સંજ્ઞા આપેલ છે.

અનંત ઉત્સર્પિણીઓ, અનંત અવસર્પિણીઓ વીતી ચૂકી છે. એટલું જ નહિં, અનંતકાળ ચક્ર પણ વીતી ચૂક્યા છે. આ તો ઘણી નાની સંખ્યા છે. આથી 'અનંતાનંત પુદ્ગલ પરાવર્ત કાળ' વીતી ચુક્યો છે. એવું વિધાન કરવામાં આવેલું છે. આપણા આત્માનુ અસ્તિત્વ અનાદિ-અનંત કાળથી છે. ભવ અર્થાત્ સંસાર અને ભવ અર્થાત જન્મ-મરણ. જન્મ પછી મૃત્યુ નિશ્ચિત છે એમાં તો કોઈ સંદેહ છે જ નહિં. આથી **जातस्य ध्रुवो मृत्युः ।** કહેવામાં આવ્યું છે એટલે કે જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે. એ રીતે સંસાર પરિભ્રમણ અવસ્થામાં **'मृतस्य ध्रुवो जन्मः'** કહેવું જ પડે. અર્થાત્ મર્યા પછી જન્મ નિશ્ચિત જ છે.

આ રીતે સંસારમાં જન્મ પછી મૃત્યુ અને મરણ પછી ફરીવાર જન્મ, પુનઃ મૃત્યુ, પુનઃ જન્મ - જન્મ અને મરણ, આ ક્રમ અનાદિ અનંત કાળથી ચાલી રહ્યો છે; આનું જ નામ છે સંસાર, યોગ્ય જ કહ્યું છે કે **पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननी जठरे शयनम् ।** ફરીવાર જ ન્મ, ફરીવાર મૃત્યુ, વળી પાછો ફરી જન્મ અને ફરી થી મરણ. અને ફરી માતાના ઉદરમાં જન્મ લેવો. વારંવાર એ જ ગર્ભાવાસની કાળી કોટડીની સજા ઊંધા મસ્તકે લટકીને ભોગવવાની. સંસારનો આ ક્રમ ચાલ્યો જ આવે છે. સંસાર છે ત્યાં સુધી તો જન્મ મરણથી કાઈ છુટકારો નથી.

છૂટકારો તો ત્યારે જ થશે કે જ્યારે મૃત્યુ પછી જન્મ લેવો ન પડે, એનું નામ છે મોક્ષ. મોક્ષ એટલે આ અનાદિ-અનંત જન્મ મરણના સંસાર ચક્રમાંથી છુ ટકારો પામવો, ફરીથી જન્મ જ ન લે તો પછી મૃત્યુનો-મરવાનો પ્રશ્ન જ ક્યાંથી આવશે ? આથી આ જન્મ મરણના ચક્કરમાંથી છુટવું એનું જ નામ મોક્ષ છે. તમે ભલે ને મોક્ષ શબ્દથી

પરિચિત હો કે ન હો, મોક્ષનું લક્ષ્ય રહે કે ન રહે પરંતુ જન્મ-મરણના ચક્રથી સદાને માટે છુટકારો થાય તે જ આપણો મોક્ષ ભાવ છે.

## સંસારની અનાદિતા

મૃત્યુ કેમ થયું, કારણ કે જન્મ થયો હતો માટે, ઠીક છે, તો જન્મ શા માટે થયો? કારણ કે મૃત્યુ થયું હતું માટે. મૃત્યુ કેમ થયું, કારણ કે જન્મ થયો હતો માટે. આ રીતે જન્મનું કારણ પાછળના જન્મનું મૃત્યુ અને મૃત્યુનું કારણ જન્મ. આ રીતે આપણે જન્મ-મરણને એક બીજાનું કારણ માનતા જઈશું તો ઈંડુ અને મરઘી જેવી અનાદિતા સિદ્ધ થશે. હા, સાચી વાત છે. જન્મ-મરણ પણ મરઘી અને ઈંડાની જેમ અનાદિ કાળથી ચાલ્યાં આવે છે.

મરઘીથી ઈંડુ, ઈંડાથી મરઘી આ રીતે અનાદિ પરંપરા ચાલતી જ જશે; આનો તો કોઈ જગ્યાએ - કોઈ કાળે અંત જ નથી. અંત નથી એટલા માટે તો એને અનંત કહેવામાં આવે છે. બરાબર આ જ વાત જન્મ મરણ વચ્ચે છે. જન્મ પછી મૃત્યુ, મૃત્યુ પછી ફરી જન્મ, પુનઃ મૃત્યુ, પુનઃ જન્મ,... આ રીતે અનાદિતા સિદ્ધ થશે અને આ અનાદિ પરંપરાનો અંત ક્યાંય નથી એટલે જ 'અનંત' કહેવામાં આવે છે. બંને શબ્દો સાથે બોલવાથી અનાદિ-અનંત કહેવાય છે. બીજી તરફ જીવને અનાદિ કાળથી જન્મ-મરણની આ પરંપરામાં પરિભ્રમણ કરતાં કરતાં કાળ પણ અનંત વીતી ગયો છે, એટલા માટે પણ અનંત કહેવામાં આવે છે.

## અપેક્ષા દૃષ્ટિથી અનાદિની આદિ

ઈંડું અને મરઘી - આ બેમાં પહેલું કોણ ? આનો ઉત્તર તો કદાચ મળી શકતો નથી. બીજ અને વૃક્ષ આમાં પણ આ જ વાત છે. એ જ રીતે જન્મ મરણનો ઉત્તર પણ સંભવ નથી. પરંતુ ગત જન્મની સ્મૃતી નથી એ આપેક્ષા એ આજના આ જીવનનો જન્મ સામે રાખીએ તો જન્મ પહેલા છે અને મૃત્યુ પછી.

એક ભવ અંગે વિચારવાથી પહેલાં જન્મ અને પછી મૃત્યુ એ સ્પષ્ટ થઈ જાય છે. પરંતુ પરંપરા જોતાં અનંતની ઊંડાઈ જોવા મળે છે; અને અનંતનો અંત નથી દેખાતો, એથી અનાદી પક્ષ પણ સામે આવે છે. હવે વિચારો કે જન્મ-મરણ શું છે ?કોના આધારે છે ? આપણે પુનર્જન્મ **Rebirth** શબ્દનો પ્રયોગ કરીએ છીએ. શબ્દ છે પુનર્જન્મ - પુનઃ જન્મ અર્થાત ફરીવાર જન્મ. પુનઃ શબ્દ 'ફરીથી' ના અર્થમાં છે. અને જન્મનો અર્થ તો સ્પષ્ટ જ છે. ફરીવાર જન્મ ધારણ કરવો યા જન્મ લેવો.

હવે બતાવો કે જન્મ લે છે કોણ ? કોનો જન્મ થાય છે ? શરીરનો કે આત્માનો? શું શરીર ફરીથી જન્મ લે છે ? ના, સંભવ જ નથી. મૃત્યુ પછી તો આપણે શરીરને અગ્નિથી બાળીને ભસ્મ કરી દઈએ છીએ, તો પછી શરીરના જન્મનો તો સવાલ જ ક્યાં રહ્યો ? જે નથી બાળતા તેઓ કબર બનાવીને જમીનમાં દાટે છે. દાટેલું શરીર પણ કોહવાય-સડી જાય છે અને નષ્ટ થઈ જાય છે.

હવે વિચાર કરો, કોણ જન્મ લે છે ? મૃત્યુ સમયે હોસ્પિટલમાં ઊભા રહિએ છીએ. જન્મ તો કોઈનાય નથી જોયા, પરંતુ મોતના પ્રસંગ ઉપર તો ઊભા રહ્યા છીએ. ડોક્ટર કહે છે - બસ, હવે તો ૨૪ કલાક પણ નીકળે તેમ નથી. સંબંધી વર્ગ સાવધાની પૂર્વક ઊભો રહે છે. અંતમાં મોતના સમયે શું વ્યવહાર કરે છે ? કેવી ભાષા બોલે છે ? 'જીવ ગયો' - 'બસ, હવે જીવ જવાનો છે' 'જીવ જશે', 'જીવ જવાનો છે' એવી ભાષા ઘણીવાર સાંભાળીએ છીએ. શરીર જવાનું છે એવું કોઈ બોલતું નથી, કારણ કે શરીર તો સામે પડેલું છે. શરીર ઊડીને ક્યાં જવાનું છે ? ઊડનાર પક્ષીનું શરીર પણ મૃત્યુ પછી અહીં જ પડી રહે છે. જો કે અદશ્ય-અરૂપી ગુણવાળો જીવ આંખોથી જોઈ શકાતો નથી. પરંતુ શરીરમાં જેના રહેવાથી દુઃખ, હલન-ચલન, બોલવું, ખાવું, પીવું આદિ તમામ ક્રિયાઓ ચાલી રહી હતી તે બધુ બંધ થઈ ગયું. હવે મડદું રહે છે. હવે સુખ-દુઃખ કશું સહન કરતું નથી તેથી બાળી નાખવામાં આવે છે.

આથી જે જીવ ગયો છે તે જન્મ ધારણ કરવાનો છે. 'જીવ ગયો' માં **'ગયો'** - **ગમ્** ધાતુનો પ્રયોગ થયો છે **'ગયો'** શબ્દ આવતાં જ, ક્યાં ગયો ? પ્રશ્ન ઊભો થાય છે. કોઈ સ્થાન-ક્ષેત્ર વિશેષનો ઉત્તર સામે આવે છે. કોઈ સ્થાનમાં ગયો હશે. કોઈ દેશ, નગરમાં ગયો હશે. 'કોઈ અન્ય ગતિમાં ગયો હશે' તો આ વાત સત્ય છે. જીવ સ્વકર્માનુસાર ચાર ગતિઓમાંથી કોઈ પણ એક ગતિમાં ગયો હશે. અને ત્યાં જન્મ લીધો હશે. આથી પુનર્જન્મ કહેવામાં આવે છે. જીવે ફરીથી કોઈ ગતિમાં જન્મ ધારણ કર્યો.

## જીવને જવામાં કેટલો સમય લાગે છે ?

પુનર્જન્મ - ફરી જીવનો જન્મ થાય છે. જીવાત્મા અનાદિ અનંતકાળ સુધી સ્વસ્વરૂપમાં નિત્ય રહેનાર દ્રવ્ય છે. અવિનાશી શાશ્વત પદાર્થ છે. વિનાશી અને અનિત્ય હોત તો ક્યારનો ય નષ્ટ થઈ ચૂક્યો હોત. પરંતુ અનાદિ અનંત કાળ પછી પણ જીવ પોતાના સ્વરૂપમાં, પોતાના અસ્તિત્વમાં જેવો છે તેવો જ રહ્યો છે. સુવર્ણ એક ધાતુ છે. એનાં આભૂષણો બને છે. સર્વ આભૂષણોમાં સોનું મુળભૂત ધાતુ (દ્રવ્ય) છે. ભલેને તમે ચેન બનાવી, પસંદ ન પડી, ગાળીને તેની વીંટી બનાવી. ફરીથી ગાળીને મુગટ બનાવ્યો. ફરીથી ગાળીને બંગડી બનાવી. આ રીતે તમે વારંવાર આભૂષણોની પર્યાય બદલતા જ રહ્યા. પરંતુ સોનું નષ્ટ થયું ? સોનું મુળભૂત ધાતુ-દ્રવ્ય છે, તેનો નાશ થતો નથી. એમનું એમ જ રહ્યું. પર્યાય - આકૃતિ બદલાતી ગઈ.

આ રીતે આત્મા મૂળ દ્રવ્ય છે. શાશ્વત અવિનાશી દ્રવ્ય છે. એ જ વારંવાર જન્મ લે છે. એક વાર ઘોડો બન્યો, મૃત્યુ પછી હાથી બન્યો, ફરીથી દેવગતિમાં જઈને દેવ થયો, ફરી મનુષ્ય ગતિમાં જન્મ લઈને મનુષ્ય બન્યો. એ જ આત્મા નરકગતિમાં જઈને નારકી બન્યો. આ રીતે ચારે ગતિઓમાં ૮૪ લાખ યોનિઓમાં જાય છે. જન્મ લે છે. આ રીતે જીવ વારંવાર જન્મ લે છે. શરીર નહિં. શરીર તો આત્માને રહેવા માટેનું ઘર છે. આધાર સ્થાન છે. શરીર એક આકૃતિ-પર્યાય છે, જે આભૂષણ જેવું છે, બદલાતું રહે

છે.

હવે જ્યારે નિશ્ચિત જ છે કે આત્મા જ જન્મ લે છે, આત્મા જ એક ગતિમાંથી બીજી ગતિમાં, એક જન્મમાંથી બીજા જન્મમાં, એક ભવમાંથી બીજી ભવમાં આવાગમન કરે છે, તો પ્રશ્ન એ છે કે મૃત્યુ પછી જીવને શરીર છોડીને બીજી ગતિમાં પોતાના ગન્તવ્ય સ્થાને પહોંચવામાં કેટલો સમય લાગે છે ? ઘરમાં કોઈક મર્યું, કોઈના મૃત્યુ પછી શબ હજી ઘરમાં પડ્યું છે, સ્મશાનયાત્રા કાઢવાની હોવાથી એક દિવસ, દોઢ દિવસ સુધી શબ પડ્યું રહે છે.અંત્યેષ્ટિ કરવામાં આવતી નથી; તો શું ત્યાં સુધી આત્મા રોકાઈ જશે? બીજી ગતિમાં નહિં જાય ? જન્મ નહિં લે ? પોતપોતાની ધારણા ગમે તે હોય, એ જીવને જોવાનું નથી.

તમે સ્મશાન યાત્રા કાઢો, કે ન કાઢો, જલ્દી કાઢો યા મોડી કાઢો, બાળો કે ન બાળો, આત્માને કોઈ સંબંધ નથી. જે ક્ષણે આત્માએ દેહ છોડયો, એ જ ક્ષણે આત્મા તો રવાના થઈ ગયો. સ્વોપાર્જિત કર્મો અનુસાર આત્મા જ્યાં જન્મ લેવાનો છે ત્યાં પહોંચી જાય છે. જવાની આ ક્રિયામાં આત્માને કેટલો સમય લાગ્યો હશે? ૧-૨ મિનિટ? યા ૧-૨ સેકન્ડ ? જી, ના. દ્રુતગામી, પલકમાં જનાર આત્મા જો કે અદશ્ય-અરૂપી છે માટે આપણે એની કલ્પના કરી નથી શકતા. એ તો સર્વજ્ઞ, કેવલજ્ઞાની ભગવન્તોનો વિષય છે. અનન્તજ્ઞાની મહાપુરુષો જણાવે છે કે આત્માને પોતાના બીજા જન્મસ્થાન સુધી પહોંચવામાં માત્ર ૨-૩-૪ સમય જ લાગે છે. સમય એ કાળનું અંતિમ એકમ છે. પરમાણુ જેમ પદ્ગલ પદાર્થનું સૂક્ષ્મતમ, અછેદ્ય-અદાહ્ય સ્વરૂપ છે, તેમ અંતિમ એકમ છે. એ રીતે કાળ પણ અજીવ પદાર્થ છે. દિન-રાત-માસ-વર્ષાદિ કાળના ભેદ પ્રભેદ છે, એનું સૂક્ષ્મતમ, અભેદ્ય અચ્છેદ્ય અંતિમ સ્વરૂપ છે. 'સમય' જે કાલાણુની જેમ અંતિમ એકમ છે-એ સમય કહેવાય છે. સર્વજ્ઞ ભગવંતોએ એની ગણતરી કરતાં કહ્યું છે કે આંખના પલકારામાં અસંખ્ય સમય વીતી જાય છે. એમાંથી ૨-૩ યા ૪ સમયમાં આત્મા એક શરીર છોડીને ચાર ગતિમાંથી કોઈ એક ગતિમાં નિશ્ચિત જન્મયોનિમાં પહોંચીને જન્મ ધારણ કરી લે છે. અર્થાત્ માતાની કુક્ષિમાં-જન્મ સ્થાનમાં સ્થિર થઈને દેહરચના આદિનાં પ્રારંભ કરી દે છે. માત્ર આટલા જ સમય માત્ર માં !

સમયની સૂક્ષ્મતાની કલ્પના કરો. ઉદાહરણાર્થ ૧૦૦૦ પાનાંના પુસ્તકને મશીનથી પીન લગાવીએ છીએ તેમાં કેટલો સમય લાગે છે? મશીનથી આ કાર્ય એક ઝટકામાં થઈ જાય છે. જવાબ, એક સેકન્ડ સમય લાગ્યો. હવે બતાવો કે એક પાનામાંથી બીજા પાનમાં પીનને જતાં કેટલો સમય લાગ્યો ? એક સેકન્ડમાં ૧૦૦૦ પાનામાં પીન ગઈ તો એક પાનામાંથી બીજા પાનામાં પીનને જતાં એક સેકન્ડનો હજારમો ભાગ આટલો સમય થયો. સેકન્ડનો હજાર મો ભાગ સમય કેટલો હોય છે ? એને માટે આપણી પાસે કોઈ શબ્દ નથી કે નથી કોઈ 'માપક યંત્ર' નથી માટે સેકન્ડનો હજારમો ભાગ એમ ઉત્તર આપવો પડે. અને માનો કે હજારને સ્થાને એક લાખ પેજની સંખ્યા હોત તો શું ઉત્તર

આપત ! 'સેકંડનો લાખમો ભાગ' કહેત. એ રીતે ક્યાં સુધી આગળ વધી શકાય? અંતમાં કાળની કોઈ નિશ્ચિત એકાઈ - (એકમ) કાઢવી પડે. એ સર્વજ્ઞ ભગવંતોએ બતાવી છે. 'સમય' ને કાળના અંતિમ એકમની સંજ્ઞા આપી છે. એકવાર આંખનું મટકું મારે એમાં અસંખ્ય સમય વીતી જાય છે, એ અસંખ્ય સમયમાં ના માત્ર ૨-૩-૪ સમય જીવને પોતાનાં ઉપાર્જિત કર્માનુસાર જન્મસ્થાને પહોચવામાં લાગે છે.

આ કેટલું સૂક્ષ્મતમ ગણિત છે સર્વજ્ઞ ભગવંતોનું ? આ આપણી બુદ્ધિની પેલે પારની વાત છે. ત્યાં અનંતજ્ઞાનીનું પ્રમાણ જ અસંદિગ્ધ રહે છે. આટલો અલ્પકાળ જીવને આવવામાં લાગે છે. આ રીતે વિચાર કરતાં એ પ્રતીત થાય છે કે અનન્તા કાળમાં જીવે કેટલા જન્મો ધારણ કર્યા હશે ?

## જન્મ-મરણ શું છે ?

જન્મ-મરણ શું છે ? આ પૂછવાનો પ્રશ્ન નથી બધા સારી રીતે-સ્પષ્ટ રીતે જાણે છે. પરંતુ શાસ્ત્રીય ભાષામાં ઉત્તર આપવામાં આવે છે કે જીવ જે ગતિમાં સ્વોત્પત્તિ સ્થાનમાં ગયો, ત્યાં ઉત્પન્ન થયો. માતાપિતાના રજ-વીર્યનું મિશ્રણ-પિંડ એ જીવને મળ્યું એ જઈને ત્યાં ઉત્પન્ન થયો. આહારાદિ ગ્રહણ કરીને દેહ નિર્માણનું કાર્ય પ્રારંભ્યું, શરીર અને ઈન્દ્રિયો બનાવી. શ્વાસોચ્છવાસના કાર્યને પ્રારંભ્યું, ભાષા-મનાદિની છ પર્યાપ્તિઓ પૂર્ણ કરી, આ રીતે છ પર્યાપ્તિઓ પૂર્ણ કરીને નિશ્ચિત કાળ-અવધિ સુધી વિકાસ પૂર્ણ કરીને યોગ્ય સમયે જન્મ લીધો.

આત્માનો દેહની સાથે સંયોગ થવો યા દેહ ધારણ કરવો એ જ જન્મ છે, તથા એ આત્માનો એ દેહમાં રહેવાનો કાળ પૂરો થવા સાથે દેહ છોડીને ચાલ્યા જવું એ મૃત્યુ છે. આથી આત્માનો દેહ સંયોગ જન્મ છે અને દેહવિયોગ એ મૃત્યુ છે. જન્મથી લઈને મૃત્યુ સુધી લાંબી દોરી કલ્પવામાં આવે તો દોરીનો પહેલો છેડો જન્મનો છે અને અંતિમ છેડો મૃત્યુનો છે. આથી સંસાર ચક્રમાં એક દિન જન્મનો છે તો એક દિન મૃત્યુનો છે. જન્મથી લઈને મૃત્યુની વચ્ચેનો કાળ જીવન કહેવાય છે. કોઈ પણ જીવની કાળ અવધિ કેટલી છે? આ એણે બાંધેલા આયુષ્ય કર્મ પર આધારિત છે. આ જીવનદોરી છે. આયુષ્ય અત્યંત અલ્પ છે. મૃત્યુનો કોઈ વિશ્વાસ નથી. મોત ક્યારે આવશે એનું કશું નિશ્ચિત નથી. **नित्यं संन्निहितो मृत्युः कर्तव्यो धर्म संचयः।** મોત માથે ભમી રહ્યું છે. મૃત્યુ સદાય પાસે ઊભું છે એમ સમજીને ધર્મ કાર્ય, આત્મકલ્યાણની જે સાધના કરવાની છે એ કરી લેવી જોઈએ એવું મહાપુરુષોનું કથન છે.

## જીવોની ખાણ - નિગોદ

જ ન્મ મરણનું મુખ્ય કેન્દ્ર આત્મા છે. આત્મા વગર જન્મ મરણનું અસ્તિત્વ જ રહેતું નથી જોકે જન્મમરણ આદિ અનાદિ-અનંત કાળથી ચાલતું આવ્યું છે. આત્માનું અસ્તિત્વ પણ અનાદિ-અનંત કાળથી છે એ સિદ્ધ થઈ ગયું છે. જન્મ મરણનું તો ભૂતકાળની અપેક્ષાએ અનાદિત્વ સિદ્ધ થયું છે, ભૂતકાળમાં પણ ભવસંખ્યા અનંત થઈ

છે. પરંતુ ભવિષ્યકાળની અપેક્ષા ન વિચારીએ તો મોક્ષમાં ગયા પછી જન્મ મરણની પરંપરાનો અંત પણ આવશે. પણ આત્મસ્વરૂપના અસ્તિત્વમાં કોઈ ન્યૂનતા નહીં આવે. ભલેને તે આત્મા સંસારમાં રહે કે મોક્ષમાં જાય. આત્મા સ્વસ્વરૂપથી, સ્વદ્રવ્યથી નિત્ય-અજર અમર અને અંતરહિત છે, આથી અનંતત્વ સિદ્ધ થાય છે.

જેમ સોનું, ચાંદી, હીરા, વગેરે ક્યાંથી આવ્યાં ? ક્યાં હતાં ? ઈત્યાદિ વિચારતી વખતે ઉત્તર મળે છે કે સોનું ખાણમાંથી નીકળ્યું, હીરા આદિ પણ ખાણમાંથી નીકળે છે. ખાણ હીરાનું મૂળ-ઉદ્ભવ સ્થાન છે. જેમ સોનું ચાંદી ખાણમાંથી નીકળે છે એ રીતે જીવ ક્યાંથી આવ્યો ? કયાંથી નીકળ્યો ? એ પ્રશ્નો ઊભા થાય છે. ઉત્તર છે 'જીવ નિગોદ ના ગોળામાંથી નીકળ્યો' એમ સર્વજ્ઞ પ્રભુએ કહ્યુ છે. બધા જીવો આ નિગોદની ખાણમાંથી નીકળે છે. આ શબ્દ રચના છે,એવી વાક્ય રચનાનો જ પ્રયોગ કરવામાં આવે છે. 'ઉત્પન્ન થયા છે' એવી શબ્દ-વાકય રચના કરવામાં આવતી નથી, પરંતુ નિત્ય, અનાદિ અનંત, શાશ્વત શબ્દો પ્રયોજાય છે. શાશ્વત દ્રવ્ય ઉત્પન્ન થતું નથી, જે ઉત્પન્ન થાય છે એ નષ્ટ થાય છે, જે નષ્ટ થાય છે એ ઉત્પન્ન દ્રવ્ય છે. જ્યારે આત્મા નષ્ટ થતો નથી. આથી તે અનુત્પન્ન દ્રવ્ય છે. એની ઉત્પત્તિ નથી, એનું અનાદિત્વ સિદ્ધ છે, એનો અંત નથી તેથી અંનતત્વ સિદ્ધ છે.

## નિગોદ સ્વરૂપ

આવા અનુત્પન્ન શાશ્વત દ્રવ્ય આત્મસ્વરૂપનું નિગોદના ગોળામાં મુળભૂત અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું છે, ઉત્પત્તિ નહીં. એટલા માટે નિગોદને જીવોની ખાણ કહેવામાં આવે છે. સમગ્ર ચૌદ રાજલોક સ્વરૂપ બ્રહ્માંડમાં અસંખ્ય ગોળાઓ ભરેલા પડ્યા છે. જે રીતે બાળકો સાબુના પાણીને કાગળની ગોળ ભૂંગળીમાં ભરીને મોઢાથી ખેંચીને ફૂંક મારીને હવામાં ઉડાડે છે, એ સમયે ગોળગોળ પરપોટો હવામાં ઊડે છે, તરે છે. કેટલાક બાળકો સાથે મળીને ચારે બાજુ આવા પરપોટા ઉડાડે છે તો આકાશ-વાયુમંડળ જાણે ભરાઈ ગયું હોય એમ લાગે છે. તે ટકરાઈને ફૂટી જાય છે. હવા હોય છે તે વાયુમંડળમાં ભળી જાય છે અને તેમનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે. આ તો ઉદાહરણ આપ્યું, માત્ર સમજવા માટે. બરાબર આ જ રીતે શાસ્ત્રોમાં સર્વજ્ઞોપદિષ્ટ નિગોદના ગોળાનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.




પરપોટા જેવા ગોળગોળ ગોળાઓ સમસ્ત ચૌદ રાજ લોકના આકાશમાં ભર્યા પડ્યા છે. અસંખ્ય યોજનના વિસ્તારવાળું આકાશ અને આકાશમાં માનો કે કાજળની ડબીમાં કાજળ દબાવી-દબાવીને ભર્યું હોય, એ રીતે જ આ ગોળાઓ ભરેલા છે. એક સોય જઈ શકે એટલી જગ્યાપણ બે ગોળાઓની વચ્ચે ખાલી નથી, આટલા બધા ગોળાઓ છે. આ ગોળાઓની સંખ્યા સર્વજ્ઞોએ અસંખ્ય બતાવી છે. આને

નિગોદની સંજ્ઞા આપવામાં આવી છે. આથી જેમને નિગોદના ગોળા કહેવામાં આવે છે. આ ગોળાઓમાંથી પ્રત્યેક ગોળામાં અનંત જીવોનો નિવાસ બતાવવામાં આવ્યો છે. એક એક ગોળામાં અનંત-અનંત જીવો રહે છે. એવા અસંખ્ય ગોળા અને એક ગોળામાં જીવોની સંખ્યા અનંત-અનંત છે. આથી વિચાર કરો કે સમસ્ત નિગોદના ગોળામાં જીવોની સંખ્યા કેટલી થઈ ? સંખ્યનો અનંતથી ગુણાકાર કરો. અસંખ્ય × અનંતાનન્ત = અનંતાનંત. અહિં આ ગોળાઓમાં જીવ દ્રવ્ય પોતાના મૂળભૂત સ્વરૂપમાં પોતાનું અસ્તિત્વ લઈને પડયું છે.

## નિગોદમાં જીવોનું જીવન

'જીવાજીવાભિગમ સૂત્ર' 'પ્રજ્ઞાપના સૂત્ર' 'જીવવિચાર પ્રકરણ' અને 'નિગોદ છત્રીસી' આદિ નિગોદ-જીવ વિષયક વર્ણન કરનારા પ્રમાણભૂત ગ્રંથો છે. પૂરા વિસ્તારથી એની સૂક્ષ્મતમ ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. અહીં સંક્ષેપમાં જોઈએ.

જીવોનું વર્ગીકરણ કરતાં પ્રથમ મોક્ષમાં ગયેલા મુક્ત જીવ બતાવ્યા છે, જેમને સિદ્ધ કહેવામાં આવે છે, બીજા સંસારી, જે મોક્ષે ગયા નથી તે સંસારચક્રની ચારે ગતિઓમાં ૮૪ લાખ યોનિયોમાં સતત પરિભ્રમણ કરે છે.




સંસારી, ત્રસ અને સ્થાવરના ભેદથી બે પ્રકારના જીવો છે. દુઃખથી બચવા માટે જે ગતિ આદિ પ્રયત્ન કરી શકે, હલનચલન કરાનાર ત્રસ જીવ કહેવાય છે, એનાથી વિપરીત જે સ્થિર સ્વભાવના છે, એ સ્થાવર જીવ કહેવાય છે. દુઃખથી બચવા માટે સ્વયં ગતિ પ્રયત્ન ન કરી શકે એ સ્થાવર છે.

સ્થાવર, જીવો પાંચ પ્રકારના હોય છે. પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય (તેઉકાય), વાયુકાય અને વનસ્પતિકાય. આ બધા સ્થાવર જીવો એકેન્દ્રિય કહેવાય છે. પહેલી માત્ર સ્પર્શેન્દ્રિય એક જ ઈન્દ્રિય છે. વનસ્પતિમાં જીવ બે પ્રકારના છે - (૧) સાધારણ જીવ અને બીજા પ્રત્યેક જીવ. પ્રતિ + એક = પ્રત્યેક. પ્રતિશરીરમાં એક જીવ એ પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. ઉદાહરણ તરીકે કેરી, કેળું વગેરે.

સાધારણ વનસ્પતિકાયના જીવની વ્યાખ્યા આ રીતે છે. **'जेसिमणंताणं तणु एगा साहारणा तेउ ।'** જ્યાં અનંત જીવોને એક સાથે રહેવા માટે શરીર એક જ

હોય એ સાધારણ જીવ કહેવાય છે. સાધારણ એટલે Common - સૌને માટે સમાન-એક સરખું હોય તે સાધારણ.

અનંત જીવો માટે સંયુક્તરૂપે રહેવા માટે એક શરીર છે. આથી એ અનંત જીવો માટે એક સરખું છે, સમાન છે. આથી સાધારણ કહેવામાં આવે છે. એને શરીર, આહાર જે કંઈ મળે, જેટલો મળે એ પણ અનંત જીવો માટે સમાનરૂપે ઉપયોગમાં લેવાનો છે. એ રીતે શ્વાસોચ્છ્વાસ પણ સૌને એક સાથે જ લેવાનો હોય છે. સુખદુ:ખની સંવેદના અનંત જીવોને એક સાથે જ અનુભવવાની હોય છે, જન્મ મરણ પણ અનંત જીવોનાં એક સાથે જ થાય છે. કેમ કે શરીર એક જ છે. આથી આ સાધારણ કક્ષાના વનસ્પતિકાયિક જીવો કહેવાય છે. જીવોની સંખ્યા અનંત હોવાને કારણે એમને અનંતકાય નામ પણ આપવામાં આવે છે. આ મોટેભાગે જમીનની નીચે ઉત્પન્ન થાય છે, આથી લોકવ્યવહારમાં એને 'જમીન-કંદ' ના નામે પણ ઓળખવામાં આવે છે.

બાદર અર્થાત્ સ્થૂળ સ્વરૂપમાં એ બટાટા, ડુંગળી, લસણ, આદુ, થેગની ભાજી, પાલખની ભાજી આદિ ૩૨ મુખ્ય પ્રકારે ઓળખવામાં આવે છે. આના ભક્ષણથી-સેવનથી અનંત જીવોની હિંસા થાય છે તેથી શાસ્ત્રકારોએ એના ભક્ષણનો નિષેધ કર્યો છે.

વરસાદમાં થતી શેવાળ-લીલ અને પાંચ વર્ણોની ફૂગ આ પણ અનંતકાય છે. સૂક્ષ્મતમ જીવ વિજ્ઞાનની આ વાત છે, વનસ્પતિશાસ્ત્રની વાત છે. આનું બીજું નામ નિગોદ છે. સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયને જ નિગોદ કહે છે-એને બીજા નામની સંજ્ઞા આપી છે. અત્યંત સૂક્ષ્મ સ્વરૂપમાં અદશ્ય ગોળાના રૂપમાં એમનું અસ્તિત્વ ચૌદરાજલોક ના સમસ્ત બ્રહ્માંડના ખૂણે ખૂણે સ્વીકારાયું છે. આ નિગોદના ગોળા જ અનંત જીવોની ખાણ છે.

## નિગોદના ગોળાનું જીવન સ્વરૂપ

આ નિગોદના અસંખ્ય ગોળા છે; જો કે એક ગોળામાં જીવોની સંખ્યા અનંત છે. એમનું જીવન આ ગોળામાં જ રહે છે. જન્મ મરણ પણ સતત અને અવિરત આ ગોળામાં જ થાય છે. નિગોદમાં પ્રતિક્ષણ જન્મ લેવો અને પ્રતિક્ષણ મરવું એ જ અહીં સતત ચાલ્યા કરે છે.

અનંત જ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ બતાવ્યું છે કે એક શ્વાસ પરિમિત કાળ અર્થાત્ આપણે સામાન્ય રીતે એક વાર શ્વાસ લઈએ છીએ, એમાં જેટલો સમય લાગે છે એટલા સમયમાં ગોળામાં રહેલો આ નિગોદનો જીવ સાડા સત્તર ભવ કરે છે. અર્થાત્ ૧૭ વાર જન્મ લે છે અને મરે છે તથા ૧૮ મી વાર જન્મ લે છે પણ મૃત્યુ થવા પહેલાં શ્વાસનો કાળ પૂરો થાય છે. એટલા માટે સાડા સત્તર ભવ કહ્યા છે. એમનો ન્યૂનતમ આયુષ્ય કાળ ૨૫૬ આવલિકાનો હોય છે. અસંખ્ય સમયોની એક આવલિકા થાય છે. એવી ૨૫૬ આવલિકાનો એક લઘુતમ ક્ષુલ્લક ભવ થાય છે. આવા સાડા સત્તર ભવ આપણો એક શ્વાસ લેવામાં પૂરા થાય છે. ૨ ઘડી અર્થાત ૪૮ મિનિટનો એક અંતર્મુહૂર્તનો કાળ હોય છે. એમાં ૬૫૫૩૬ ભવ થાય છે. ૨૫૬ આવલિકાનો એક જન્મ અને એક અંતર્મુહૂર્ત




શ્વાસ લેવામાં પૂરા થાય છે. ૨ ઘડી અર્થાત ૪૮ મિનિટનો એક અંતર્મુહૂર્તનો કાળ હોય છે. એમાં ૬૫૫૩૬ ભવ થાય છે. ૨૫૬ આવલિકાનો એક જન્મ અને એક અંતર્મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટ (૨ ઘડી) માં- ૧,૬૭,૭૭,૨૧૬ - એક કરોડ, ૬૭ લાખ, ૭૭ હજાર ૨૧૬ આવલિકાઓ થાય છે. આટલી આવલિકામાં નિગોદિયા જીવના ૬૫૫૩૬ ભવ - જન્મ મરણ થાય છે. અર્થાત્ હવે વિચાર કરો, સતત-અવિરત જન્મ મરણ સિવાય ત્યાં શું રહ્યું ? જન્મ લેવો અને મરવું, જન્મ લેવો અર્થાત્ શરીર રચના કરવી-દેહ સંયોગ. ફરી જીવન જીવવું અને ફરી મરવું અર્થાત્ દેહ છોડવો-દેહ વિયોગ. ફરી પાછા આ ક્રમમાં જન્મ લેવો અને મરવું ... ફરી જન્મ લેવો ફરી મરવું. આ રીતે અનંત કાળ વીતી ગયો.

અનંત કાળથી જીવ એ નિગોદની અવસ્થામાં ગોળામાં પડ્યો છે. જન્મે છે અને મરે છે. કલ્પના કરો, અનંત કાળમાં એ ગોળામાં નિગોદિયા જીવના કેટલાં જન્મ-મરણ થયાં હશે ? જ્યારે કાળ જ અનંત વર્ષોનો વીતી ગયો છે જન્મ મરણ તો અનંતાનંત થયાં છે. ન તો કાળનો અન્ત અને ન તો ભવસંખ્યાનો અંત.

### નિગોદમાં પણ જીવ કર્મયુક્ત છે

જ્યારે જ્યારે જન્મ મરણની વાત આવી તો આ જન્મ મરણ પણ કર્માધીન છે. દેહરચના - શરીર બનાવવું, આહાર, શ્વાસોચ્છ્વાસ, ઈન્દ્રિયો, સુખ-દુઃખાદિના અનુભવ આ બધું કર્મને આધીન છે. આથી નિગોદની મુળભૂત અવસ્થામાં પણ જીવ કર્મસંયુક્ત જ પડ્યો છે. અનંતકાળથી જીવ નિગોદમાં કર્મસંયુક્ત જ છે.

સર્વથા જીવ પહેલાં કર્મરહિત હતો અને પછી કર્મો લાગ્યાં એમ માનવામાં તો આપત્તિ એ આવશે કે જીવ નિગોદમાં કર્મરહિત હતો તો ત્યાં મુક્ત (કર્મમુક્ત) હતો. સિદ્ધ હતો અને પછી કર્મો લાગ્યાં, તો નિગોદમાં મોક્ષ માનવો પડે. જેમ સોનું ખાણમાં પહેલેથી હતું, ત્યાં માટીથી મિશ્રિત હતું. કદીય ખાણમાં માટી રહિત ન હતું. ત્યાં માટીથી મિશ્રિત હતું. આથી પહેલાં સોનું શુદ્ધ, માટી રહિત હતું અને પછી સોનું અશુદ્ધ થયું એવું પણ કહી શકાય નહિ. કારણ કે સોનું કણ કણ સ્વરૂપે માટી સાથે મિશ્રિત જ હતું.

બરાબર આ જ રીતે આત્મા નિગોદાવસ્થામાં પહેલેથી જ કર્મ પરમાણુઓથી

લેપાયેલો હતો. કદીપણ, પ્રાથમિક અવસ્થામાં પણ જીવ કર્મરહિત શુદ્ધ હતો જ નહિં. નિગોદાવસ્થામાં પણ સંસારી, સૂક્ષ્મ, સ્થાવર દશકની નામ કર્મની પ્રકૃતિઓ છે. આથી સંસારી જીવ માત્ર કર્મયુક્ત છે. તથા નિગોદના ગોળામાં પડેલો જીવ પણ કર્મ બાંધે છે. આ નિરીક્ષણ કેવળજ્ઞાની ભગવંતોનું છ.

આવી સૂક્ષ્મતમ અદશ્ય નિગોદાવસ્થામાં જીવે અનંત કાળ વિતાવ્યો છે. અનંત જન્મ મરણ કર્યાં છે. અનંતાનંત ભવ આ અવસ્થામાં - એ ગોળામાં વિતાવ્યાં- આ જ અવસ્થા નિગોદના અનંત જીવોની સર્વ સમાન છે.

## નિગોદમાંથી બહાર નીકળવું

નિગોદસ્થ જીવનું શાસ્ત્રીય વર્ણન કરવામાં આવ્યું છે એ જાણીને આપણે કદાચ વિચાર કરીએ કે નિગોદમાંથી બહાર નીકળવા માટે જીવ શું પ્રયત્ન કરતો હશે ? જીવનો કોઈ પોતાનો પ્રયત્ન વિશેષ રહ્યો હશે કે જે જીવને નિગોદમાંથી બહાર કાઢી શકે? ઠીક, જો પુરુષાર્થ - પ્રયત્ન કરે તો પણ શું પ્રયત્ન કરે ? કેવો પ્રયત્ન કરે ? જ્યારે નિગોદનો એક માત્ર સ્પર્શાનુભવ કરનાર એકેન્દ્રિય કક્ષાના સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયનો સ્થાવર નિકાયના ભેદનો જીવ જે અવ્યક્ત દશામાં પડયો છે. તેને જન્મ મરણ સિવાય બીજું છે પણ શું ? આથી તે સ્વયં તો કોઈ પ્રયન્ત કરી શકતો નથી, હા, આવી પડેલ દુઃખને સહન કરતાં અકામ નિર્જરાના બળે કંઈક પોતાની ભવિતવ્યતા નિર્માણ કરી શકે છે.

આથી શાસ્ત્રોમાં બતાવેલી સિદ્ધાંતની વ્યવસ્થા આ પ્રકારની છે કે ચૌદ રાજલોક સ્વરૂપ અનંત બ્રહ્માંડના સમસ્ત સંસારમાંથી જ્યારે કોઈ એક જીવાત્મા સંસારમાંથી મુક્તથઈને મોક્ષમાં જાય ત્યારે એક જીવ નિગોદમાંથી બહાર નિકળે છે. આ અપરિવર્તન શીલ-શાશ્વત નિયમ છે. આથી જગતની વ્યવસ્થા જ આ રીતે ગોઠવાયેલી છે. સંસારમાં નિગોદ અને મોક્ષ વચ્ચે જીવોની બાબતનું સંતુલન જ આ રીતે વ્યવસ્થિત છે કે જ્યારે એક જીવ પુરુષાર્થવશ કર્મ નિર્જરા કરતો આગળ વધે... એ તીર્થંકર નામ કર્મ બાંધીને તીર્થંકર બને... ધર્મતીર્થની સ્થાપના અને એના ઉપદેશથી કોઈ જીવ ધર્મોપાસના કરીને મોક્ષમાં જાય ત્યારે એની જગ્યાએ એક જીવ નિગોદના ગોળામાંથી નીકળીને બહાર સંસારના વ્યવહારમાં આવે છે.

આ રીતે બીજો, ત્રીજો, ચોથો... સંખ્યાતમો... અસંખ્યાતમો તથા અનંતજીવ બહાર આવે છે. નિગોદ તો જીવોની ખાણ છે. ત્યાં તો એક એક ગોળામાં અનંત જીવો છે; અને એવા તો અસંખ્ય ગોળાઓ છે; અર્થાત્ નિગોદ તો કદી ખાલી થવાની જ નથી. ભલેને અનંતાનંત કાળ વ્યતીત થઈ જાય. આથી એક વાત તો સિદ્ધ થઈ ગઈ કે મોક્ષમાં કેટલા જીવો ગયા છે ? અનંત. નિગોદમાંથી કેટલા જીવો બહાર નીકળ્યા છે ? અનંત. અને સંસારમાં હજી કેટલા પરિભ્રમણ કરી રહ્યા છે ? અનંત.

એવું જરૂરી છે કે નિગોદમાંથી બહાર નીકળેલા જીવો બધા મોક્ષમાં ચાલ્યા ગયા હોય ? ના, નિગોદમાંથી નીકળીને મોક્ષમાં જવા માટે અનંતની યાત્રામાં પ્રયાસ

નિગોદમાંથી નીકળેલા તમામ જીવો મોક્ષમાં ગયા નથી. પરંતુ જેટલા મોક્ષમાં ગયા એટલા જરુર નિગોદમાંથી બહાર નીકળ્યા છે. આમ કહેવું એ યુક્તિસંગત સિદ્ધ થાય છે.

## અરિહંત, સિદ્ધોનો સદશ્ય ઉપકાર

આમાં એક વાત સિદ્ધ થઈ કે આપણે નિગોદમાં નથી, સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતાં ૮૪ લાખ યોનિઓમાં સાજ અંતિમ મનુષ્ય જન્મમાં આવ્યા છીએ. આથી એ તો નિશ્ચિત થઈ ગયું કે નિગોદમાંથી બહાર નીકળવા માટે કોઈને કોઈ સિદ્ધનો ઉપકાર જરૂર છે. મારા વખતે કોઈને કોઈ તો મોક્ષમાં ગયું જ હતું, ત્યારે તો હું નિગોદમાંથી બહાર નીકળી શક્યો. નહિંતર હજુ સુધી નિગોદમાં પડચો જ રહ્યો હોત.

માનો કે કોઈનો મોક્ષ જ ન થયો હોત તો ? યા કોઈ મોક્ષમાં ગયું જ ન હોત તો- કોઈ નિગોદમાંથી બહાર જ ન નીકળ્યું હોત. પ્રત્યક્ષ નહીં, પરોક્ષ રૂપમાં પણ મારે અને સૌએ સિદ્ધ ભગવંતોનો ઉપકાર અવશ્ય સ્વીકારવો પડશે.

હા, મારા સમયમાં કોણ સિદ્ધ બન્યા હતા, મને નામ ખબર નથી, ભલેને નામ ખબર ન હોય, પરંતુ સિદ્ધ બન્યા હતા એમાં શંકાને સ્થાન નથી. એટલા માટે નમસ્કાર મહામંત્રમાં કોઈ સિદ્ધ યા અરિહંત ભગવાન વિશેષનું નામ દેવામાં આવ્યું નથી. બહુવચનાન્ત પદ આપવામાં આવ્યું છે. એ ગુણવાચક પદ છે. **'नमो सिद्धाणं'** પદથી અનંત સિદ્ધ ભગવંતોને હું નમસ્કાર કરુ છું. અનંત સિદ્ધોમાં મારા સમયમાં થયેલા સિદ્ધ ભગવંતને પણ નમસ્કાર થઈ ગયા, તથા અનંત જીવ સંસારમાં છે. અને સૌ નમસ્કાર મહામંત્ર ગણે અને સૌ ભિન્ન ભિન્ન નામોચ્ચાર કરતા રહે તો મંત્રનું સ્વરૂપ કેવું બને ? ગુણવાચક નામોચ્ચાર કરતા રહે તો મંત્રનું સ્વરૂપ કેવું બને ? આથી ગુણવાચક બહુવચ- નાન્ત પદ રાખવામાં આવ્યું છે. એ અનંત-સર્વ સિદ્ધોને નમસ્કાર હો.

## સિદ્ધ માતા, અરિહંત પિતા

બાળક માટે કોનું મહત્વ છે? માતા યા પિતાનું ? કોણ વધારે ઉપકારી છે? પુરુષ વર્ગ કહેશે પિતા અને સ્ત્રી વર્ગ કહેશે - માતા, પરંતુ એવું નથી, બંને સમાનરૂપે ઉપકારી છે. કોઈ અરિહંત બન્યા તેથી તો કોઈ સિદ્ધ બન્યા, અરિહંત જ બન્યા ન હોત તો ધર્મસ્થાપના કોણ કરત? તો જીવ ધર્મ ક્યાંથી પામત ? અને ધર્મ જ ન હોત તો કોઈ મોક્ષમાં જાત જ કયાંથી ?

આથી અરિહંત પિતાને સ્થાને પ્રથમ ઉપકારી છે. તેમજ પછી માતા જેણે નવમાસ પોતાના ઉદરમાં ધારણ કરીને પ્રસવ પીડા સહન કરીને જે સંતાનને જન્મ આપે છે જેથી બાળક પૃથ્વીપર અવતરે છે. એ રીતે સિદ્ધ બનનારા જીવે આપણને નિગોદના ગોળામાંથી બહાર કાઢચા અર્થાત્ સંસારમાં જન્મ આપ્યો. આથી સિદ્ધ પરમાત્મા માતૃપદ પર માતાની જેમ પૂજનીય છે. એટલા માટે **'त्वमेव माता-पिता त्वमेव ।'** હે ભગવન્ ! 'આપ જ માતા છો, આપ જ પિતા છો'-'વગેરે ઉપમાઓ પ્રભુને આપીએ છીએ. તે યથાર્થ જ છે. માતૃસ્વરૂપમાં પ્રભુ સિદ્ધ પરમાત્મા અને પિતૃસ્વરૂપમાં પ્રભુ

અરિહંત પરમાત્મા અનંત ઉપકારી છે. હવે આપણે અનંત જન્મો સુધી પણ એમનો ઉપકાર ભુલવો ન જોઈએ. માતાએ તો ૯ મહિના આપણને ધારણ કરીને જન્મ આપ્યો છે; પરંતુ અનંતકાળ સુધી નિગોદની ગોળાની કાળી કોટડીમાં - અંધકારમય કાળી કોટડીમાં જે અસહ્ય કલ્પનાતીત વેદના સહન કરી રહ્યા હતા, અનંત જન્મો લેતા હતા, એમાંથી જન્મ આપ્યો છે-બહાર કાઢ્યા છે. આથી સિદ્ધ પરમાત્મા તો માતા કરતાંય અનંતગણા ઉપકારી છે.

અનંત ગણો વધારે ઉપકાર છે મુક્તાત્માનો. ભલેને પ્રત્યક્ષ રૂપમાં તેઓ આપણી આંખોની સામે ન હોય, પરંતુ માન્યા વગર, સ્વીકાર્યા વગર નહીં ચાલે.

શ્રી નવકાર મહામંત્રો અનંતવાર જાપ - ધ્યાન - સ્મરણ કરીએ તો પણ એ ઉપકારનું ઋણ કદી ય ચૂકવી ન શકીએ જ્યારે આપણે સ્વયં સિદ્ધ બનીને કોઈ જીવને નિગોદમાંથી એને બાહ્ય સંસારના ધરાતલ ઉપર જન્મ દઈએ ત્યારે સિદ્ધ પરમાત્માના ઉપકારનું ઋણ ચૂકવી શક્યા એમ માની શકાય.


જ્યારે આપણે સ્વયં એક દિવસે અરિહંત બનીને અનેક જીવોને ઉપદેશથી તારીએ, તેમનું કલ્યાણ કરીએ, એમને સિદ્ધ બનાવવામાં પુરુષાર્થ કરીએ, ત્યારે જ અરિહંતના ઉપકારનો બદલો વળે - ઋણ ચૂક્વ્યું ગણાશે. આથી જગતમાં જે જે તીર્થંકરો બન્યા છે એમનો આપણે ઉપકાર તો માનીએ. ઉદાહરણ તરીકે ભ. મહાવીર તીર્થંકર અરિહંત બન્યા તો કેટલું સારું થયું ? કેટલા ભવ્યાત્માઓનું કલ્યાણ કર્યું ? કેટલા જીવોને મોક્ષ માર્ગે ચડાવ્યા. એમનો બોધ પ્રાપ્ત કરીને કેટલાય મોક્ષે ગયા તો એ સારું જ થયું, કારણ એટલા જીવો નિગોદમાંથી બહાર નીકળ્યા, અને કેટલા જીવોએ તીર્થંકર નામગોત્ર નિકાચિત કર્યું છે ? અર્થાત્ અરિહંત બનવાનો નિશ્ચય કર્યો; આથી ઉપકાર પણ દ્વિગુણિત, ત્રિગુણિત થયો. આ કેટલું સારું થયું ? આપણે આ બાબતની પ્રતિદિન અનુમોદના કરવી જોઈએ. પ્રભુ મહાવીરાદિ અનંત તીર્થંકર - અનંત અનંત અભિવાદનને યોગ્ય છે. અનંતવાર વંદનીય - નમસ્કારણીય છે, આપણે એમનો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.

## નિગોદમાંથી નીકળેલા જીવની સંસાર યાત્રા

કોઈના ય મોક્ષે જવાથી નિગોદમાંથી બહાર નીકળેલો જીવ પોતાની સંસાર યાત્રાનો પ્રારંભ કરે છે. સૌથી પ્રથમ એ જીવ ગોળામાંથી બહાર આવીને સૂક્ષ્મ સ્વરૂપથી ઉપર ઉઠીને બાદર સાધારણ વનસ્પતિકાયમાં જન્મ ધારણ કરે છે. દીવાલ ઉપરની લીલ-ફૂગ, બટાટા, ડુંગળી,લસણ આદિ બધા બાદર (સ્થૂળ) સાધારણ વનસ્પતિકાયમાં જન્મ ધારણ કરે છે. વનસ્પતિકાયનું ચક્કર પૂ રું કરીને આગળ પૃથ્વીકાયમાં પથ્થર, માટી. સોનું, ચાંદી, પિત્તળ, લોખંડ આદિ ધાતુઓમાં પારો, ફટકડી હિંગળોક, હરતાલ, સૌવી રંજન આદિ પૃથ્વીકાયનો અનેક જન્મો ધારણ કરતો અપ્કાયમાં જાય છે. અપ્ = પાણી, પાણીનું શરીર ધારણ કરે છે. પાણીના બિંદુમાં અસંખ્ય જીવો એકઠા થાય છે.

સૂક્ષ્મ યા બાદર સાધારણ શરીરમાં જ્યાં એક શરીરમાં એક સાથે અનંત જીવો રહેતા હતાં, એ દુઃખ હવે પાણીમાં ઓછું થયું, અને પાણીના એક બિંદુમાં એક સાથે અસંખ્ય જીવો રહે છે. અનંતની સંખ્યા ઉપરથી અસંખ્ય પર આવ્યા આથી વેદના કેટલી ઓછી થઈ ? હવે સાધારણમાંથી જીવ જ્યારે પ્રત્યેક વનસ્પતિકાયમાં જાય છે ત્યારે આરામથી એક શરીરમાં એકલો જ રહે છે.

અપ્કાયમાં સમૂદ્રમાં, નદીમાં, વરસાદના પાણી, ઝાકળ, કૂવા તળાવ ઈત્યાદિના પાણીના રૂપમાં કેટલાય જન્મો વિતાવે છે. પછી આગળ વધતાં પ્રત્યેક વનસ્પતિકાયમાં કેળું, સફરજન, નાસપત્તિ, મોસંબી, સંતરાં. લીલી શાક ભાજીમાં ગયો. સંખ્યાત અસંખ્યાત જન્મો ત્યાં પણ કર્યા. આગળ વધતો તેઉકાય-તેજસ્કાય અર્થાત્ અગ્નિકાયમાં આવ્યો.



જ્વાળા રૂપે, દીવાની જ્યોત રૂપે, વીજળી રૂપે, અગ્નિકાયના ઘણા જન્મો ધારણ કરીને વાયુકાયમાં પ્રવેશ કર્યો. હવાના દેહમાં જન્મ ધારણ કર્યો. વાયુ મંડળમાં ઘણા પ્રકારની હવા બની, ફરી આગળ પ્રત્યેક વનસ્પતિકાયમાં આવ્યો. આ રીતે એકેન્દ્રિય પર્યાયના પાંચે સ્થાવર શરીરમાં આવીને જીવે અનંત જન્મ મરણ ધારણ કર્યા.

જીવની સંસારયાત્રા હજુ આગળ વધી. થોડો ઉપર ચડયો, અને જીવ બે ઈન્દ્રિયવાળો બન્યો. શંખ, કોડી, છીપ ભિન્ન ભિન્ન પ્રકારના કૃમિ બન્યા. આપણા શરીરમાં કૃમિ, કીડાના રૂપમાં જન્મ ધારણ કર્યો. ઘણા પ્રકારના બેક્ટેરિયાના રૂપે જન્મ લીધો. આગળ વધતાં જીવ તેઈન્દ્રિયમાં આવ્યો.

તેઈન્દ્રિયમાં ત્રણ ઈન્દ્રિયોવાળું શરીર મળ્યું - કીડી, મંકોડો, માથાની જૂ, શરીરના સવા, અનાજનાં ધનેરાં, ભીંડા-વટાણામાં રહેલી ઈયળ,માંકડ, ઉધઈ આદિ રૂપે કેટલાય જન્મો તેઈન્દ્રિયમાં કરી. ત્યાંથી આગળ વધીને જીવ ચઉરિન્દ્રિય પર્યાયમાં આવ્યો. ચાર ઈન્દ્રિયોવાળો જીવ બન્યો, જેમાં માખી,મચ્છર, ભમરો, તીડ આદિના જન્મો ધારણ કર્યા.

શાસ્ત્રજ્ઞ મહાપુરૂષો કહે છે અનેક જન્મોના સંચિત પુણ્યને યોગે જીવ એક પછી બીજી ઈન્દ્રિય પ્રાપ્ત કરે છે. એવું નહિં કે ક્રમશઃ આગળ વધતો જ જાય. નીચે પડી પણ જાય-પતન પામે પણ ખરો. પાછો બેઈન્દ્રિયમાં આવી ઉત્થાન પામે છે. અને ફરી આગળ ચડે છે. પુનઃ એકેન્દ્રિયમાં પણ જઈને પડે છે. વિકલેન્દ્રિયમાં ૨-૩-૪ ઈન્દ્રિયોવાળા જીવોની ગણતરી થાય છે. એમાં પણ સતત ચડાવ-ઉતાર થયા કરે છે. ચડે પણ છે અને નીચે પડે પણ છે. અંતિમ ઈન્દ્રિય છે પાંચમી, આથી પંચેન્દ્રિય પર્યાય આ ઈન્દ્રિયોમાં અંતિમ છે.

હવે જીવ પંચેન્દ્રિય પર્યાયમાં પ્રવેશ કરે છે. જૈન જીવ વિજ્ઞાન અનુસાર પાંચ ઈન્દ્રિયોવાળા જગતમાં ચાર પ્રકારના જીવો હોય છે : (૧) તિર્યંચ ગતિના પશુપક્ષીઓ (૨) મનુષ્ય જાતિના માનવો (૩) સ્વર્ગના દેવ-દેવીઓ અને (૪) નરકગતિના નારકી જીવો. ચારે ગતિઓમાં આ ચારે પ્રકારના જીવ પંચેન્દ્રિય પર્યાયવાળા કહેવાય છે.

હવે ચઉરિન્દ્રિય પર્યાયથી ઉપર ઊઠીને જીવ પંચેન્દ્રિય પર્યાયમાં સર્વ પ્રથમ તિર્યંચ ગતિમાં પશુપક્ષીના રૂપ આવીને જન્મ ધારણ કરે છે. પશુ પક્ષીઓ પણ ત્રણ પ્રકારનાં ગણવામાં આવ્યાં છે. (૧) જળચર (૨) સ્થળચર (૩) ખેચર. પહેલાં જીવ જળચરમાં જઈને માછલી-મત્સ્ય, મગરમચ્છ, કાચબો વગેરે બને છે. સમદ્રમાં માછલીઓની જાતી-આકૃતિઓ ભેદ વગેરે અનેક પ્રકારના હોય છે. તેમજ સમુદ્રમાં માછલીઓની ગણતરી અસંભવ છે. એટલા પ્રકારોમાં જીવ જાય અને સર્વ જાતિઓમાં જન્મ ધારણ કરતો જળચરમાંથી સ્થળચરમાં આવવામાં અસંખ્ય વર્ષોના સંખ્યાત જન્મોનો કાળ વીતી જાય છે.

સ્થળચર પર્યાયમાં હાથી, ઘોડા, બળદ, ઊંટ, ગધેડા, કૂતરા, ભેંસ, ઘેટાં,બકરાં, વાઘ, સિંહ, ચિત્તા, રીંછ, વાંદરા, સાપ, ઉંદર, ગરોડી આદિમાં અસંખ્ય વર્ષોનો કાળ વિતાવી દે છે. ખેચર = ખ અર્થાત્ આકાશ. આકાશમાં ઊડનારાં પક્ષીઓને ખેચર

કહેવાય છે. આ જન્મોમાં કાગડો, પોપટ-મેના, કબુતર અન્ય પક્ષીઓ આદિના સેંકડો જન્મો ધારણ કરે છે.

આ તિર્યંચ ગતિમાં પંચેન્દ્રિય પશુ-પક્ષીમાં પણ ચડતો પડતો અસંખ્ય જન્મ મરણ કરી શકે છે. આ રીતે અસંખ્ય વર્ષોનો કાળ વ્યતીત થઈ જાય છે. વાઘ, ચિત્તા આદિના કેટલાય હિંસક જન્મ ધારણ કરીને અન્ય પંચેન્દ્રિય પશુપક્ષીઓને મારવાનું પાપ કરીને નરકગતિમાં જાય છે. કેટલું અધઃપતન થયું ? જીવ કેટલો નીચે ઊતર્યો ? ત્યાં નરકગતિમાં સાગરોપમ અર્થાત અસંખ્ય - અગણિત વર્ષોનો કાળ વિતાવી દે છે. ત્યાંથી ફરીથી તિર્યંચ ગતિમાં પશુ બને છે. પુનઃ નરકગતિમાં પડે છે, પુનઃ તિર્યંચમાં આવે છે.

આ તિર્યંચમાંથી નરક એ નરકમાંથી પુનઃ તિર્યંચમાં જીવ કેટલા જન્મો પસાર કરે છે ? કેટલો લાંબો સમય પસાર કરી દે છે. તમે ચિત્રમાં જોશો તો ખબર પડશે કે જીવ અહીંથી પાછો નીચે પડતો ચઉરિન્દ્રિય,તેઈન્દ્રિય, બેઈન્દ્રિય અને એટલે સુધી કે પુનઃ એકેન્દ્રિય પર્યાયમાં પૃથ્વી-પાણી અગ્નિ-વાયુ-વનસ્પતિકાયના ભવ કરે છે.

એ રીતે ફરી પાછો ઉપર ચડે છે અને યાત્રા શરૂ કરી દે છે. ફરી ક્રમશઃ એક એક ઈન્દ્રિયમાં જન્મ ધારણ કરતા ઉપર ચડે છે. એટલે સુધી કે પશુ પક્ષીમાંથી ઉપર ચડીને મનુષ્ય ગતિમાં મનુષ્ય બની જાય છે. પછી ભલે સ્ત્રી બને કે પુરૂષ-છેવટે બને છે તો મનુષ્યગતિના જીવો.

મનુષ્ય ગતિમાં સ્ત્રી પુરુષ સિવાય ત્રીજો પર્યાય નથી. મનુષ્ય બનીને પણ સંસારમાં સેંકડો પાપો કરે છે. ૪૫ આગમોમાંથી ૧૧મું અંગ સૂત્ર - વિપાક સૂત્રમાં બતાવવામાં આવ્યું છે કે મનુષ્ય પર્યાયમાં કરેલા ભયંકર પાપો નો વિપાક અર્થાત્ ફળ ભોગવવા માટે જીવ નરકગતિમાં અને અહીંથી પણ તિર્યંચગતિના ભવ ધારણ કરે છે. એટલું જ નહિં, ભયંકર પાપકર્મોના આધારે જીવને વિકલેન્દ્રિયમાં ફરીથી કીડો-મંકોડો પણ બનવું પડે છે. અને એથી ય વધારે નીચે એકેન્દ્રિય પર્યાયમાં ફરીથી ઝાડપાનમાં જન્મ લેવો પડે છે.

આ રીતે એક જન્મમાં કરેલાં પાપોની સજા ભોગવતો જીવ અસંખ્ય વર્ષોનો સમય કાઢી નાખે છે. ઉદાહરણ તરીકે મૃગાપુત્રનો જીવ, ઉજઝીતક કુમારનો જીવ, બ્રહ્મદત્તનો જીવ, અંજુસુતાનો જીવ આદિ કેટલાંય દ્રષ્ટાન્તો 'વિપાક સૂત્ર' ના દુઃખ વિપાક વિભાગમાં આવે છે. જીવ કેટલીયવાર નરક ગતિમાં જાય છે. કેટલાય જન્મો તિર્યંચ ગતિમાં પશુપક્ષીના વિતાવે છે, આમ કેટલા નીચે ઊતરે છે ! આ છે જીવની ચડાવ ઉતારની સ્થિતિ.

## જીવનું ફરીથી નિગોદમાં જવું

ઉત્થાન અને પતન તો સંસાર પરિભ્રમણનું સ્વરૂપ છે. એના વગર સંસારમાં ભટકવાનું થતું નથી. સંસાર ચક્રમાં પરિભ્રમણનું જે આ ચિત્ર બતાવવામાં આવ્યું છે, એમાં જે રીતે એક પછી એક બીજા જન્મો બતાવવામાં આવ્યા છે, તે ધ્યાનથી જુઓ. જીવ ક્રમશઃ ઉપર ચડતો ચડતો પંચેન્દ્રિય પર્યાયમાં પણ મનુષ્યગતિમાં આવ્યો.

મનુષ્યગતિમાં પણ ખાવા પીવા નિમિત્તે મહાભયંકર પાપો કરે છે. માંસાહાર, ઈંડાં આદિનું સેવન કરે છે. એ રીતે આ પાપી પેટ ભરવા માટે અનંતકાયનું સેવન પણ કરે છે - તે જાણે છે કે આ અનંતકાય છે. બટાટા, ડુંગળી, લસણ, આદું, ગાજર, મૂળા આદિ અનંતકાય અર્થાત્ સાધારણ વનસ્પતિકાયના સ્થૂળ જીવો છે. એક વાર ખાવાથી અનંત જીવોની હિંસા થશે આથી એનાથી તો બચું એ પણ દયા નથી.એ શું દયા પાળશે? કેટલાય ભયંકર પાપોના પરિણામ સ્વરૂપ તીવ્ર મોહ અને ભયંકર અજ્ઞાનને કારણે કરેલાં પાપોનું આ ભયાનક પરિણામ આવે છે કે જીવ નીચે ઊતરી નિગોદના ગોળામાં પ્રવેશી જાય છે. જે નિગોદના ગોળામાંથી બહાર નીકળ્યો હતો તેના માટે અનંત કાળ વ્યતીત થઈ ગયો હતો, જ્યાંથી પોતાની સંસારયાત્રા શરૂ કરી હતી ત્યાં જ આજે પાછો ફરે છે ! નિગોદમાં પડે છે ! વિચારો. અધ:પતનની આ અંતિમ-ચરમ કક્ષા છે. શાસ્ત્રકાર મહર્ષિ તો એટલે સુધી કહે છે કે મનુષ્યગતિમાં કોઈ દીક્ષા લઈને સાધુ બની જાય, આગળ વધીને ચૌદપૂર્વ - ૧૪ પૂર્વધારીજ્ઞાની-પરમગીતાર્થ બની જાય, તે પણ ફરીથી નિગોદમાં જઈ શકે છે ! કેટલી ઊંચાઈ ઉપરથી કેટલી નીચી કક્ષામાં પતન !!

વિચાર કરો, હવે શું હાલત થશે ? ફરી પેલા નિગોદના ગોળામાં જઈને ઉત્પન્ન થયો, દુ:ખનું ફરી એ જ ચક્કર ! ફરીવાર પલકવારમાં જન્મમરણ ધારણ કરતા જ જાઓ, અનંતગણી વેદના સહન કરતા જાઓ, બીજી વાત એ છે કે, હવે નિગોદના ગોળામાંથી પાછા બહાર નીકળવા માટે કોઈના મોક્ષમાં જવાથી નીકળવાની તક ફરીથી આ જીવને નહીં મળે.

નિગોદના ગોળામાં બે પ્રકારના જીવો હોય છે. એક તો એ જે પહેલેથી નિગોદના ગોળામાં અનાદિ અનંત કાળથી પડ્યો જ હતો, બહાર નીકળ્યો જ નથી, એને અવ્યવહાર રાશિ નિગાદનો જીવ કહેવાય તથા બીજો એ જીવ કે જે નિગોદના ગોળામાંથી બહાર નીકળ્યો હતો, સંસારયાત્રામાં અગણિત જન્મ મરણ ધારણ કરીને ફરીથી નિગોદમાં આવ્યો છે. સંસાર પરિભ્રમણનો વ્યવહાર જે કરીને આવ્યો છે-એને વ્યવહાર રાશિ નિગોદ-જીવ કહે છે.

નિગોદના ગોળામાં બાકીનું બધું એમનામાં સમાન હોય છે. પરંતુ સૌથી મોટું અંતર એ છે કે અવ્યવહાર રાશિ-નિગોદવાળો જીવ જ કોઈના મોક્ષગમનથી બહાર નીકળશે, આ તક એને જ મળશે, કારણ કે હક્કદાર તો એ જ છે, પણ જે ફરીથી આવ્યો છે એને એ તક નહીં મળે. કોઈના સિદ્ધ થવાથી છૂટવાનો મોકો એક વાર મળી ગયો હતો.

સંસાર યાત્રાનો પ્રવાસી બની ચૂક્યો હતો, તો પછી આવાં પાપ કર્મો શા માટે કર્યાં ? શા માટે ફરી પાછો નિગોદમાં આવ્યો ? હવે પછી આવો મોકો ફરી નહીં મળે. જો આમ પાછા આવેલાંને જ કોઈના સિદ્ધ થવાથી બહાર નીકળવાનો મોકો મળી જાય તો અનાદિ અનંત કાળથી નિગોદના ગોળામાં પડેલા છે તે બહાર જ કેવી રીતે નીકળશે ? એમો તો નંબર જ નહિં લાગે; એ તો બિચારા પડ્યા જ રહેશે ! આથી કોઈના મોક્ષમાં

જવાથી નિયમિત અને નિશ્ચિત રૂપે પહેલાંના અવ્યવહાર રાશિના નિગોદ - જીવો જ ક્રમશઃબહાર નીકળશે; આવો શાશ્વત નિયમ છે. આથી સંસાર યાત્રાથી બહારના વ્યવહારમાં ભટકીને ફરીથી નિગોદમાં આવેલો જીવ સ્વયં અકામ નિર્જરા-અનિચ્છાથી કર્મક્ષય કરીને બહાર નીકળવા યોગ્ય રીતે યોગ્યતા પ્રાપ્ત કરે. પૂરો પ્રયત્ન-પુરુષાર્થ કરીને બહાર નિકળે. આ એણે જાતે જ કરવાનું છે. આવી વ્યવસ્થા સર્વ જ્ઞાનીઓએ જોઈને બતાવી છે.

## કેટલાં ચક્કરોમાં ક્યાં સુધી પરિભ્રમણ ?

માની લો કે વ્યવહાર રાશિવાળો જીવ પુનઃ સ્વપુરૂષાર્થ વિશેષ દ્વારા બહાર નીકળ્યો. ફરીથી તે ઉપર ચડવા માટે એ જ ક્રમથી એ જ પ્રકારે એકેન્દ્રિય-વિકલેન્દ્રિયના ભવ કરતો આગળ વધ્યો. ફરીથી તિર્યંચ ગતિમાં ઘોડો,ગધેડો, હાથી, ઊંટ આદિના જન્મ ધારણ કરતો દેવગતિમાં જઈને દેવી દેવતા બને છે. આખરે દેવગતિ પણ સંસાર ચક્રની ગતિ જ છે એટલા માટે સ્વર્ગથી પણ મૃત્યુ પામીને ફરીવાર પશુ-પક્ષીના જન્મમાં જાય છે, યા હીરા, સોનું, ચાંદી વગેરેમાં જન્મ ધારણ કરે છે. ફરી પાછો એ જ ક્રમમાં પાછો ચડે.

આ રીતે ૮૪ લાખ યોનિઓમાં જતો, ચારે ગતિઓમાં પાંચે જાતિઓમાં અર્થાત્ પાંચે ઈન્દ્રિયોમાં ભિન્નભિન્ન જન્મમરણ કરતો કેટલાં ચક્ર કરી ચૂક્યો છે ? આ પ્રશ્નના ઉત્તરમાં કેવળજ્ઞાની ભગવાન પણ આ જ શબ્દો કહે છે કે - અનંત ચક્રો પૂરાં કરી ચૂક્યો છે આ જીવ તથા કાળની દષ્ટિએ અનંત પુદ્ગલ-પરાવર્ત કાળ વીતી ચૂક્યો છે. ઘાંચીના બળદની જેમ ફરતો જ જાય છે. ઘડિયાળના કાંટાની જેમ અવિરત-નિરંતર ગોળગોળ ફરતો જ રહ્યો છે. આ અનંત ચક્રવાળા સંસાર ચક્રનો અંત તો જીવે પોતે જ લાવવો પડશે. આ વિષયમાં એક ઉપમાનું દષ્ટાંત છે એ રૂપક જુઓ.

## ભૂતકાળના ભવોની ગણતરી

કોઈ એક જીવે કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવાનને પોતાના ભૂતકાળના ભવોની સંખ્યા અંગે પૂછયું, 'હે પ્રભુ ! નિગોદથી નીકળી આજ દિવસ સુધી - આ ભવ સુધી મેં કેટલા ભવ કર્યા હશે ? કેટલો કાળ વીતી ગયો હશે ? કેવા કેવા ભવો કર્યા હશે ?''

આ પ્રશ્નોના ઉત્તર આપવા માટે સર્વજ્ઞ-કેવલજ્ઞાની પ્રભુએ કહ્યુ કે - 'હે આત્મન! તેં એટલા અનંત ભવો કર્યા છે કે એ કહેવા જેટલો મારો આયુષ્યકાળ પણ નથી. કેવી રીતે કહું?' વાત પણ સાચી છે. અનંત જ્ઞાની સર્વજ્ઞ પ્રભુ ત્રિકાળજ્ઞાની છે. તે પોતાના અનંતજ્ઞાનથી ત્રણે કાળની વાતો, એક જ સમયે-એક સાથે જાણે છે. કેવળ દર્શનથી એક સાથે જુએ પણ છે. પણ મુખથી કહેવું હોય તો ક્રમશઃ એક પછી એક જ કહી શકશે. એક સાથે બધા ભવો કહેવા એ તો સંભવ નથી, કારણ કે શબ્દ તો એક પછી, એક જ નીકળશે !

આ રીતે એક એક જન્મનો માત્ર નામ નિર્દેશ જ કરે તો પણ તે સર્વ ભવો કરી

શકશે નહીં ; કારણ કે ચાલુ મનુષ્ય ભવનો કાળ સીમિત છે. આથી રૂપક-ઉપમાના બળે જણાવે છે કે કેવળજ્ઞાનીનો એક હજાર વર્ષનો આયુષ્યકાળ હોય-જેમ રાવણના દશમુખની કલ્પના કરવામાં આવી છે, એ રીતે સર્વજ્ઞનાં માનો કે એક હજાર મુખ પણ હોય અને પ્રત્યેક મુખથી માત્ર નામ નિર્દેશ કરતાં એક મુખથી એક ભવનો ઉલ્લેખ માત્ર જ કરે, અને આગળ બોલતા જ જાય તો એક સેકંડમાં કેટલા ભવ કહે? એક સેકંડમાં એક હજાર ભવ કહે, તો એક મિનિટમાં ૬૦૦૦૦ ભવ કહે. તો પછી એક કલાકમાં કેટલા ભવો કહે ?....એ રીતે ૧૦૦ વર્ષમાં કેટલા કહે ? જરાકે અટક્યા સિવાય ધારા પ્રવાહથી અવિરત કહેતા જ જાય તો ૧૦૦૦ વર્ષમાં કેટલા ભવ કહે ? સાંભાળનારો થાકી જાય અને પ્રભુને પૂછે કે – 'હે ભગવાન ! હવે કેટલાં કહ્યા અને કેટલા કહેવાના બાકી છે?' એના ઉત્તરમાં ભગવાન કહે છે કે – મારું તો આયુષ્ય પૂર્ણ થવા આવ્યું છે, પરંતુ જ્યાં સુધી મેં તારા ભવો કહ્યા છે એની આગળ બીજા કોઈ કેવળજ્ઞાની જે મારા જ જેવા હજાર મુખવાળાં અને હજાર વર્ષના આયુષ્યવાળા હોય તે આગળ તીવ્ર ગતિથી કહેતા જ જાય અને એના આયુષ્યની સમાપ્તિ પછી ફરીથી ત્રીજા, ચોથા, પાંચમા, પચ્ચીસમા, પચાસમા, સોમા...હજારમા કેવળજ્ઞાની અટક્યા વગર, ક્રમશઃ નામ નિર્દેશ માત્ર કરતા જ જાય, દ્રુતગતિથી કહેતા જાય... તો એની વચ્ચે સાંભળનારે પૂછયું કે – 'કૃપાનાથ ! હવે આપ એ તો બતાવો કે કેટલા ભવ કહ્યા અને કેટલા બાકી રહ્યા ?'

આ પ્રશ્નનો ઉત્તર સર્વજ્ઞ પ્રભુ અલ્પજ્ઞને શું આપે? કેવી રીતે સમજાવે ? તો પણ સ્પષ્ટ થતું નથી. આથી ઉત્તર દૃષ્ટાંત દ્વારા કહેતાં જણાવે છે કે – માનો કે એક દ્વીપની ચારે બાજુ સમુદ્ર હોય, તેની પછી પુનઃ દ્વીપ, પુનઃ સમુદ્ર, પુનઃ દ્વીપ – આ રીતે અસંખ્યાત દ્વીપ-સમુદ્રો હોય; એમાં પણ એક પછી, ક્રમશઃ બીજો દ્વિગુણિત હોય તો અંતિમ અસંખ્યાતમો સમુદ્ર કેટલો મોટો હશે ? એ પણ અસંખ્ય યોજન પરિમિત વિસ્તારનો હશે. એ સમુદ્રને કિનારે એક પક્ષી પાણી પીવા આવ્યું હોય, એ પક્ષીએ જેટલું પાણી પીધું હોય એટલા જ તારા ભવ તને કહ્યા છે, અને જેટલું સમુદ્રનું પાણી પીવાનું બાકી રહ્યું એટલા તારા ભવ કહેવાના બાકી રહ્યા છે.

સર્વજ્ઞ ભગવાનના ઉત્તરના આ કાલ્પનિક રૂપક ઉપરથી તમે કલ્પના કરો કે એક હજાર વર્ષના આયુષ્યવાળા એક હજાર કેવળજ્ઞાનીઓ અવિરત આટલા ભવો કહ્યા બાદ પણ કેટલા અલ્પ ભવ કહે છે ? કેટલા થોડા ભવ બતાવ્યા-તેનો ભાવાર્થ જણાવવા 'પક્ષીએ જેટલું પાણી પીધું એટલા તારા ભવ કહ્યા' એ શબ્દો પ્રયોજે છે. પક્ષીનું શરીર કેટલું છે ? એ પી પીને કેટલું પાણી પીએ ? મનુષ્ય જેટલું તો નહીં જ. માત્ર અલ્પ ભવો કહ્યા છે. હવે આગળ કેટલા ભવ છે-એ બતાવવા માટે રૂપકની ભાષામાં 'જેટલું સમુદ્રનું પાણી પીવાનું બાકી છે એટલા ભવ કહેવાના બાકી છે.' એ શબ્દો પ્રયોજ્યા છે. હવે તમે વિચારો કે જીવે સંસારમાં કેટલા ભવ કર્યા હશે ? આ બધું આપણા સર્વની બાબતમાં છે. આપણા તમામના ભૂતકાળના જીવોની આ જ સ્થિતિ છે. આટલી લાંબી સંખ્યા છે ?

અરે ! જે સંખ્યામાં કઈ સમાવિષ્ટ થઈ જ ન શકે. એમાં પણ આ તો ભુતકાળના ભવોની સંખ્યાના કેવા હાલ છે એ બીજા દષ્ટાંતથી સમજીએ.

**ભાવિ ભવસંખ્યા**

એક સમયની વાત છે; બે ભાઈઓએ કોઈ સર્વજ્ઞ ભગવાનને પોતાના ભવો વિશે પૂછ્યું : 'હવે સંસારમાંથી મુક્ત થવામાં – મોક્ષમાં જવા માટે કેટલા ભવો અમારા બાકી રહ્યા ? કેટલા ભવો પછી અમે મોક્ષમાં જઈશું ? હવે અમારે કેટલા ભવ સંસારમાં ભટકવાનું છે ?'

કેવળજ્ઞાની સર્વજ્ઞ પ્રભુએ ઉત્તર આવ્યો કે-નાનો ભાઈ સાત ભવમાં મુક્ત થશે અને મોટો ભાઈ હજુ અસંખ્ય ભવ કરશે'. આ સાંભળીને બંને ભાઈઓ ચાલ્યા ગયા. પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા – 'અરે બાપ રે ! હજુ મારે અસંખ્ય જન્મ આ સંસારમાં કરવા પડશે ? અરેરે શું કરું ?' આવું વિચારતાં મોટા ભાઈએ મનમાં સંકલ્પ કર્યો કે – હવે જિંદગીમો કોઈપણ પ્રકારનું પાપ નહીં કરુ'. તેણે તપશ્ચર્યા શરૂ કરી. ધર્મારાધના શરૂ કરી દીધી. તન-મનથી ખૂબ મોટી તપશ્ચર્યા શરૂ કરી દીધી.

'અસંખ્ય ભવ હજુ મારે કરવા પડશે, અરે રે...આ સંસારમાં હજુ મારે અસંખ્ય ભવ ભટકવું પડશે.' એ શબ્દોએ આ આત્માને ભવભીરુ-પાપભીરુ બનાવી દીધો.

મહાપુરુષોએ ધર્મ કરવા યોગ્ય વ્યક્તિની યોગ્યતા આ બે શબ્દો દ્વારા પ્રકાશિત કરી છે. જેનામાં ભવભીરૂતા અને પાપભીરૂતા હોય-અર્થાત્ સંસારમાં વધારે રહેવું નથી'- એવો ભાવ જાગૃત થઈ ગયો હોય તે જીવ ધર્મ માટે પાત્ર મનાય છે.

એ રીતે પાપથી ડરનારો-અર્થાત્ પાપથી બચનારો પાપભીરૂ જીવ જ ધર્મ કરવાને લાયક છે-પાત્ર છે. ધર્મી બનવા માટે આ બે ભાવ તો આવશ્યક છે. આ ભાવથી મોટા ભાઈએ એક તરફ પાપ કરવાં બંધ કરી દીધાં, તો બીજુ બાજુ કરેલાં પાપને ક્ષય કરવા ઉગ્ર તપશ્ચર્યા – આરાધના શરૂ કરી દીધી.

ધર્મોપાસના કરતાં આપણી સામે બે જ લક્ષ્યો મોટાં હોવાં જોઈએ. એક તો નવાં પાપ ન કરવાં, નિષ્પાપ જીવન જીવવું. સર્વથા પાપથી બચવું, અને બીજું છે – આજ દિવસ સુધી ભૂતકાળમાં કરેલાં પાપોનો ક્ષય કરવો. આ બે લક્ષ્યોવાળો ધર્મ કરશે તે સાચો આરાધક કહેવાશે. શ્રી નમસ્કાર મહામંત્રમાં **'सव्वपावप्पणासणो'** નું જે સાતમું પદ આપ્યું છે એ સાધ્ય પદ છે. મહામંત્ર જપતી વખતે આપણો ઉદ્દેશ શું હોવો જોઈએ? એને માટે કહ્યું છે – સર્વ પાપોનો નાશ થઈ જાય એવી ભાવના રાખવાની છે. એ રીતે પાપોનો નાશ થઈ જાય એવી ભાવના રાખવાની છે. એ રીતે આ પદ ફળનો પણ અર્થ બતાવે છે. આ પાંચ પરમેષ્ઠીઓને કરવામાં આવેલ નમસ્કારના ફળ રૂપે મારાં પાપકર્મો નષ્ટ થાય એવી ભાવના રાખવી જોઈએ, આ ધારણા સિવાય અન્ય સાંસારિક ભાવના ન રાખવી જોઈએ.

મોટા ભાઈએ પાપનાશ કરવાની ભાવનાથી તીવ્ર ધર્મ આરાધના શરૂ કરી

દાધાં, પરંતુ મોટા ભાઈને તો માત્ર ૭ જ ભવ શેષ છે. આટલી નાની સંખ્યા સાંભળીને અભિમાન આવી ગયું. માત્ર સાત જ ભવ બાકી છે, અને એ પણ અનંતજ્ઞાની સર્વજ્ઞનાં વચન છે. આથી એમાં શંકા જ નથી. સંખ્યા ઓછી પણ નહીં થાય. નિશ્ચિતરૂપે સાત જ ભવ હશે. સાતમા ભવમાં હું મોક્ષમાં નિશ્ચિત જ જઈશ. સાતના આઠ ભવ તો થવાના નથી. પછી શું છે ?

ઠીક, હવે હું આજે ગમે તેટલો ધર્મ કરું તો પણ શું ફાયદો ? આ જન્મમાં તો મોક્ષ થવાનો નથી, સાત ભવ થશે જ તો આજથી ધર્મ કરીને ય શું કરું ? આટલું બધું ખાવાપીવાનું મળ્યું છે, એ છોડીને ભૂખ્યા રહીને તપશ્ચર્યા આજથી જ શા માટે કરુ ? સાતનો આઠમો ભવ તો થવાનો નથી. મોક્ષ પણ સાતમા ભવમો જ થવાનો છે. આજથી ધર્મ કરું, શા માટે?

તેણે દુનિયાનાં તમામ પાપો શરૂ કરી દીધાં. ભોગવિલાસમાં મસ્ત થઈ ગયો. 'ખાઓ, પીઓ અને મોજ કરો' એ સિદ્ધાંત અપનાવી લીધો. જીવનસ્તર નીચે ઊતરી ગયું. ધીરે ધીરે હિંસા, જુઠ, ચોરી, દુરાચાર, વ્યભિચાર આદિ બધાં પાપ આવી ગયાં. પાપી પ્રક્રિયા કંઈક આવી જ છે. એક પાપ સાથે બીજું પાપ જોડાયેલું છે. જાણે કે જંજીર. આથી એક પાપની પાછળ બીજું, બીજા પછી ત્રીજું, ત્રીજા પછી ચોથું આવીને ઊભું જ રહેશે એ રીતે અઢાર પાપ આવી જાય છે. નાના ભાઈનું તો જીવન જ બદલાઈ ગયું. પૂરેપૂરું પલટાઈ ગયું. બંને બદલાઈ ગયા. એક અધર્મીમાંથી પૂરો ધર્મી બન્યો અને બીજો ધર્મમાંથી અધર્મી થયો.

## સંખ્યાનું આશ્ચર્યકારી ગણિત

કેટલાક વર્ષો પછી પેલા કેવળજ્ઞાની મહાત્મા ફરીથી મળ્યા, બંને ભાઈઓ ફરીવાર પુછવા ગયા, 'હે કૃપાનાથ ! આપે અમારી ભાવિ ભવસંખ્યાની બાબતમાં પહેલા બતાવ્યું હતું. મોટાના અસંખ્ય ભવ અને નાના ભાઈના સાત ભવ. હે પ્રભુ ! આપ તો ત્રિકાળ જ્ઞાની છો જ, તેથી આપનું વચન બદલાય તો નહીં પરંતુ પ્રભુ, અમારા મનમાં થોડીક દ્વિધા છે, એટલે ફરીથી કહો, કેવલી પ્રભુ એ બતાવ્યું –'કોઈ ફરક નથી,સંખ્યા જે બતાવી છે એ જ રહેશે' બંને ભાઈઓએ વધારે સ્પષ્ટતા કરવા ફરીવાર પૂછ્યુ – 'હે પ્રભુ ! હવે બતાવો કે બંનેમાં કોણ પહેલો મોક્ષે જશે ? સાત ભવવાળો કે અસંખ્ય ભવવાળો ? આવું પુછવું એ પણ મૂર્ખતા છે એવું અમને અમારી દૃષ્ટિથી લાગે છે. અમે વિચારીએ છીએ તો સ્પષ્ટ જ છે કે સાત ભવવાળો પહેલાં મોક્ષમાં જશે અને અસંખ્ય ભવવાળો ઘણો પાછળથી જશે. આ તો દીવા જેવું સ્પષ્ટ જ છે. એમાં પૂછવાનું શું ? પરંતુ અમે અલ્પજ્ઞ છીએ અમે અમારી અલ્પ બુદ્ધિએ આ ઉત્તર શોધી કાઢ્યો છે'. પરંતુ સર્વજ્ઞ કેવલીનો ઉત્તર કંઈક જુદો જ હતો. એમણે પોતાના અનંત જ્ઞાનથી જોયું અને સ્પષ્ટ કહ્યું કે અસંખ્ય ભવવાળો ભાઈ પહેલાં મોક્ષમાં જશે. ખૂબ જલ્દી મોક્ષમાં જશે. પરંતુ સાત ભવવાળો નાનો ભાઈ ઘણા સમય પછી મોક્ષમાં જશે.

આ સાંભળીને નાના ભાઈના તો હોશ કોશ ઊડી ગયા. તેણે પૂછયું...'કેમ મહારાજ ! આ કેવી રીતે સંભવ છે ? વાત તો સીધી દેખાય છે કે સાત ભવની સંખ્યા જ નાની છે. અને અસંખ્ય ભવ તો ઘણી મોટી વાત છે. તો પછી અસંખ્ય ભવવાળો પહેલાં મોક્ષે કેવી રીતે જઈ શકે ?' આ વિષયમાં કેવળજ્ઞાની મહાપુરુષે બતાવ્યું કે ''સંખ્યામાં નાની મોટીની વાત તમારી રીતે સાચી છે. પરંતુ ભવ કેટલા નાના યા મોટા એ તમે વિચાર્યું નથી. તારા સાત ભવ એટલા મોટા-દીર્ઘાયુષ્યના હશે અને અસંખ્ય ભવ વાળાના જન્મ નાના નાના હશે. ઉદાહરણાર્થ - તું એટલાં ભયંકર પાપ કર્મો કરી રહ્યો છે કે અહીં થી સાતમી નરકે જઈ ૩૩ સાગરોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીશ. એક સાગરોપમ = અસંખ્ય વર્ષ થાય છે. એવા ૩૩ સાગરોપમનો કાળ તો એક ભવમાં જ વીતશે. જ્યારે મોટો ભાઈ-કૃમિ, કીટ, પતંગ આદિની યોનિમાં જઈને અલ્પાયુના નાના નાના અસંખ્ય ભવ કરી લેશે. આ રીતે તારાં ભયંકર પાપોને કારણે તું જે સાત ભવ મોટામોટા આયુષ્ય વાળા કરીશ એ પહેલા તો મોટા ભાઈના અસંખ્ય ભવ પૂરા ય થઈ ગયા હશે. અને એ મોક્ષમાં પણ ચાલ્યો જશે, તું સંસારમાં જ ભટકતો રહીશ. અંતમાં સાતમા ભવમાં જ્ઞાન આવશે અને સર્વ પાપ કર્મોનો ક્ષય કરીશ અને મોક્ષમાં જઈશ''.

સર્વજ્ઞ કેવળી પ્રભુનું આ ગણિત કેટલું ગૂઢ અને રહસ્યથી ભરેલું છે એનો વિચાર કરો. અમે તો અમારી અલ્પબુદ્ધિથી વિચાર કર્યો હતો, એટલા માટે અલ્પજ્ઞએ સર્વજ્ઞ બનવાની સાધના કરવી જોઈએ. અપૂર્ણે પૂર્ણ બનવાની સાધના કરવી જોઈએ. એ રીતે અજ્ઞાનીએ જ્ઞાની, રાગી દ્વેષીએ વીતરાગી અને સંસારીએ મુક્ત, તથા પાપીએ નિષ્પાપ, સકર્મીએ કર્મરહિત બનવાની સાધના કરવી જોઈએ. આ ઉદ્દેશથી ધર્મ આરાધના કરવી જોઈએ. સાધ્ય પણ એ અને ભાવ પણ એ જ રાખો. સાધ્ય અનુસાર-અનુરૂપ સાધના હોવી જોઈએ તો જ ઈષ્ટ ફળ પ્રાપ્ત થાય છે.

## સંસાર મુક્તિનું સાધ્ય

ચાર ગતિસૂચક સ્વસ્તિકના મંગળ ચિહ્નથી આપણે ઘણું બધું શીખવાનું છે. એટલે ભાવનાના આધાર ઉપર જોડીને એક દ્રવ્યને નિમિત્ત બનાવીને દ્રવ્ય પૂજામાં-અષ્ટ પ્રકારી પૂજામાં આ અક્ષત પૂજાનો એક પ્રકાર રાખવામાં આવ્યો છે. આપણે પહેલાં ચારગતિનો સૂચક સ્વસ્તિક બનાવવો જોઈએ. દ્રવ્ય ભાવમાં પ્રબળ સહાયક નિમિત્ત બને છે. એ ભાવ રાખો કે હે પ્રભુ ! આ ચારગતિના સંસારમાં હું ખૂબ ભટકી ચૂક્યો છું. ચાર ગતિમાં અનંત જન્મ મરણ કરતો અનંત ભવો કરી ચૂક્યો છું. આ જ સંસાર ચક્ર છે. એનાથી મુક્ત થવા માટે આજ આ અંતિમ મનુષ્ય ગતિમાં જઈને આપને ચરણે આવ્યો છું, આપને શરણે આવ્યો છું ઉપરની જે ત્રણ ઢગલીઓ બનાવવામાં આવે છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રની છે. આ જ આત્મધર્મ છે, અને આ જ મોક્ષનો માર્ગ છે.- 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં કહેવામાં આવ્યું છે કે **'सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।'**

સમ્યગ્ એટલે કે - યથાર્થ-સાચું દર્શન, જ્ઞાન અને ચારિત્રાદિ મોક્ષપ્રાપ્તિ માટેનો સાચો માર્ગ છે, સાચો ધર્મ છે. આથી ચારગતિના સંસારમાંથી છૂટવા માટે હવે જીવ મનુષ્યગતિમાં આવીને આ દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ધર્મ માર્ગની સાચી ઉપાસના કરે તો સદાને માટે ચારે ગતિનો અંત કરીને ઉપર ઊઠીને સીધો મોક્ષમાં જઈ શકે. ચૌદ રાજલોકના અગ્રભાગ પર આવી ૪૫ લાખ યોજન વિસ્તારવાળી લાંબી સિદ્ધશિલા છે, જ્યાં અનંતા સિદ્ધ ભગવંતોનો વાસ છે. આ જ મોક્ષ કહેવાય છે. અહીં આવેલો જીવ ફરીથી સંસારમાં આવતો નથી. એ જીવ મોક્ષમાં ગયો, મુક્ત થયો, સિદ્ધ થયો અર્થાત્ સર્વ કર્મોથી સદાને માટે મુક્ત થઈ ગયો, સદાને માટે સંસાર ચક્રમાંથી છૂટી ગયો.

ચાર ગતિના પરિભ્રમણમાંથી સદાને માટે છુટકારો મેળવ્યો. શરીરના સંયોગથી



સદાને માટે છુટકારો મેળવ્યો. આ મોક્ષ આવો છે. આથી આ રીતે ચોખાનો સાથિયો-સ્વસ્તિક-અક્ષત પૂજામાં બતાવ્યો છે. દ્રવ્ય સહાયક સાધન છે. ભાવપ્રેરક પ્રબલ કારણ છે. ભાવના ધારણા બને છે.

## ચારેગતિમાં જીવોનું જીવન

ચારે ગતિઓમાં સંસારસ્થ જીવોનો નિવાસ છે. મનુષ્ય ગતિમાં મનુષ્ય સ્ત્રી-પુરુષ રહે છે. મનુષ્ય ગતિમાં જન્મ થાય છે. જીવ બાલ્યાવસ્થામાં હોય છે. આત્મા




અક્ષય સ્થિતિ સ્વભાવવાળો છે. એને આયુષ્ય હોતું નથી. પરંતુ જ્યારે આત્મા દેહ ધારણ કરે છે તો એ દેહ ક્યાં સુધી ? કેટલો સમય એ ટકનાર હોય છે ? એને સંભાળી રાખવાનો છે? એ કાળની અવધિ આયુષ્યકાળ છે. જન્મથી લઈને મૃત્યુ સુધીની કાળ અવધિ-આયુષ્યકાળ છે. એટલો સમય જ જીવને એક જન્મમાં રહેવાનું હોય છે. એ પછી એક ભવ પૂરો કરીને એ દેહ છોડીને બીજા ભવમાં જવું પડે છે. મનુષ્ય જન્મ જો કે દુર્લભ છે છતાં પણ આત્મા એ પ્રકારની સાધના કરે તો દુર્લભ મનુષ્યજન્મ ફરી વખત બીજી વાર પણ મળે છે. ત્રીજી વાર પણ મળી શકે છે. આ રીતે **'सत्त अट्ठ'** ભવોનો પાઠ મળે છે. એક પછી એક ઉપરાઉપરી સાત આઠ ભવ, મનુષ્ય ગતિના પ્રાપ્ત કરી શકે છે. પરંતુ આ ક્યારે સંભવ બની શકે? કેટલા ઉત્તમ પુણ્યથી એ સંભવ બની શકે ? ભગવાન મહાવીર પોતાના ૨૭ ભવોની પરંપરામાં બે વાર મનુષ્ય ભવ લગાતાર સાથે જ પ્રાપ્ત કરી શક્યા હતા. એક વાર તો પાંચમો અને છઠ્ઠો એકની ઉપર બીજો બંને ભવ મનુષ્ય ગતિમાં કર્યા હતા, એ રીતે ૨૨ મો અને ૨૩ મો ભવ ફરીથી લગાતાર બે વાર મનુષ્યગતિમાં જ કર્યા હતા. ભગવાન પાર્શ્વનાથે ૧૦ ભવોની પરંપરામાં એક વાર પણ મનુષ્યગતિમાં બબ્બે ભવો એકી સાથે નથી કર્યા. આ તો સંભાવનાની દૃષ્ટિએ ઊંચી સંખ્યા બતાવવામાં આવી છે. પણ એ પ્રાપ્ત કરવા એ જીવના પોતાના પુણ્યબળ પર આધારિત છે.

સાત આઠ ભવોની વાત તો દૂર રહી પંરતુ ૮૪ લાખ જીવયોનિઓમાં-સંસાર ચક્રમાં ભટકતા જીવને તો એક વાર પણ મનુષ્યગતિમાં જન્મ પ્રાપ્ત થવો અતિ કપરું છે. તો પછી બીજી ત્રીજી વારની તો વાત જ ક્યાં રહી ? એકવાર જીવ મનુષ્ય ગતિમાં આવી તો ગયો પરંતુ મૃગાપુત્ર જેવો જન્મ મળ્યો તો શું ફાયદો ?

મૃગાપુત્રનો જન્મ ગતિની દૃષ્ટિએ જરૂર મનુષ્ય ગતિમાં ગણવામાં આવે પણ એ માત્ર ભવસંખ્યાની ગણતરીમાં લેવાશે. આનાથી આગળ એનો શો લાભ ? ભવ

મનુષ્યગતિ નો પરંતુ આખું જીવન માનો કે નરકગતિનાં દુઃખ ભોગવતો હોય એવું લાગે છે. એ રીતે આજે આપણે આંખો સામે જ જોઈએ છીએ કે કહેવાતા તો હોય છે મનુષ્ય પરંતુ ઘોડા-ગધેડા અને બળદની જેમ ભાર ખેંચતા હોય છે. જીવન મનુષ્યનું અને કાર્ય પશુનું, વિચારો, આવા જીવોને મનુષ્યગતિ મળી તો પણ શું ફાયદો ?

કોઈ જીવ માતાના ગર્ભમાં આવીને જ ચાલ્યો જાય છે. મૃત્યુ પામે છે. કોઈ જન્મ પહેલાં જ મોતને શરણે થાય છે. તો કોઈ જન્મ પછી, તો વળી કોઈ થોડોક મોટો થઈને, તો કેટલાકને ગર્ભમાં આવતાં જ માતા મારી નાખતી હોય છે. આજે ગર્ભપાતનું ભયંકર પાપ વધતું જાય છે. સ્થળેસ્થળે મનુષ્યની કતલ કરવા માટે આ ઉજળાં કારખાનાં ચાલી રહ્યાં છે. સુધારેલા સમાજનું આ ભયંકર કલંક છે, પાપ છે. શું ગર્ભસ્થ શિશુ બાળક નથી ? શું એ જીવ નથી ? બિચારો ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરીને કેટલા જન્મો ની સંચિત પુણ્યાઈના બળે મનુષ્યગતિમાં આવ્યો, અને મનુષ્યગતિમાં પગ મુકતાં જ કોઈ કાપીને પાછો મોકલી દે, વિચારો કેટલું ભયંકર પાપ છે ? તમે ગમે તે રીતે મનુષ્યગતિમાં આવ્યા છો તો બીજાંને મનુષ્યગતિમાં આવવા દેવા નથી ઈચ્છતા ? કેમ ?

કોઈ આવ્યું હોય તો એને પ્રવેશ પણ કરવા દેતા નથી એને જન્મ પહેલાં જ કાપી નાખીને એને ફરીથી ૮૪ લાખ ના ચક્કરમાં મોકલી દો છો !

ગર્ભપાતનું આ મહાપાપ સુંદર-સોહામણા સ્વરૂપે સભ્યતા અને બુદ્ધિશાળીતાની ઢાલ નીચે ચાલી રહ્યુ છે. પ્રતિવર્ષ મોટામોટા આંકડાઓ સામે આવે છે. લાખોની સંખ્યામાં ગર્ભપાત આ રાજ્યે કરાવ્યા છે. પેલા રાજ્યે કરાવ્યાં છે. આ મોટી સંખ્યા સભ્ય માનવની સભ્યતાની ઓળખાણ છે ? કે પછી દુરાચારી-દુશ્ચરિત્ર મનુષ્યની-દુષ્ટ મનુષ્યની ઓળખાણ છે ? માણસ સભ્ય તો ત્યારે જ કહેવાશે કે જ્યારે તે પાપોનું આચરણ ન કરતો હોય-પાપોનો ત્યાગ કરતો હોય. નિષ્પાપ જીવન જીવવા લાગશે ત્યારે - અન્યથા ઉપરથી સભ્ય દેખાતો મનુષ્ય આજે આંતર વૃત્તિથી અતિક્રૂર દેખાઈ રહ્યો છે. ક્રૂર બનતો જાય છે. હવે મનુષ્ય પોતાનાં જ સંતાનોને ગર્ભમાં કાપી રહ્યો છે. એટલો એ નરપિશાચ બનતો જાય છે, તો સમજી લો કે આ પાપ માનવીને ક્યાં લઈ જશે? કેટલો નીચે પાડશે ? આવું પાપ કરનાર મનુષ્યનો જીવ પોતે બીજી વાર મનુષ્યગતિ ક્યારે પામશે ? આ એક વિચારણીય બાબત છે. પંચેન્દ્રિય વધનું આ પાપ નરકગતિ સિવાય ક્યાં લઈ જાય ? નરકગતિમાં આયુષ્યનો કાળ કેટલો લાંબો છે ? ત્યાં દુઃખ, વેદનાઓ પીડા કેટલાં સહન કરવાં પડે છે ? હા, એક જન્મ પછી એ નરકગતિમાંથી નીકળી તો જશે પરંતુ તિર્યંચગતિમાં, આ રીતે દુઃખની દુગર્તિમાં ભટકતો જ રહેશે. ત્યાં તેને માત્ર દુઃખ જ દુઃખ ભોગવવાં પડશે. 'શ્રીવિપાકસૂત્ર' જુઓ, જે ૪૫ આગમોમાં, ૧૧ અંગસૂત્રોમાંથી ૧૧ મું અંગસૂત્ર છે. કર્મના વિપાકની એટલે ફળની વાત કરી છે. દુઃખ વિપાક વિભાગના એક નહીં, દશેય અધ્યયન જોઈ લો. આમાં મૃગાપુત્રનું પહેલું અધ્યયન છે. કઈ કઈ ગતિઓમાં કેટલું ભટકવું પડે ? અને એક નહીં, સાતે ય નરકોમાં જવું પડ્યું.

એટલું જ નહીં, એકેન્દ્રિયની જાતિમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વનસ્પતિમાં કેટલા નીચે પડવું પડચું ? કેટલા જન્મો કરવા પડચા ? કેટલાં દુઃખો સહન કરવા પડયાં ?

એક ભવનાં પાપકર્મોને ભોગવવા માટે કેટલા ભવો સુધી સજા ભોગવવી પડી ? તો પણ છૂટચો ? પાપ કરવાં તો સહેલાં છે, પરંતુ કરેલાં કર્મોની સજા ભોગવતી વખતે નાકે દમ આવી જાય છે. આથી આ ચાર ગતિના ચક્રમાંથી આત્માને છોડાવવાનું લક્ષ્ય રાખવું જોઈએ. પાપ તો ભૂતકાળમાં અનંત કર્યાં. અનંતવાર કર્યાં, પરંતુ પાપથી છૂટવા માટે સંવર-નિર્જરાત્મક ધર્મ કર્યો નથી. જો એ કરવામાં આવે તો આ ભવ ચક્રમાંથી છૂટી શકાશે. અન્યથા સંભવ નથી, હવે આ જન્મ મળ્યો છે, જે મનુષ્ય ભવ છે. બીજુ વીતરાગ જિનેશ્વરનું શાસન-ધર્મ મળ્યાં છે. સમજવા માટેનો આ યોગ્ય સમય છે. પાપોથી બચવાનો આ યોગ્ય સમય છે. આ જન્મોમાં પાપોથી બચી જશો. આ ગતિ ચક્રમાંથી છૂટવાનું લક્ષ્ય એકવાર બની જાય તો પાપોથી બચવું સહેલું થઈ પડશે. પાપોથી બચવાનું છે, સંસારમાંથી છૂટી જવાનું છે. આ ગતિચક્રની ભવાટવીમાંથી બહાર નીકળવાનું છે, તે પછી જ મોક્ષ સુલભ બનશે.

આ રીતે સંસારચક્રનું સ્વરૂપ જોયું, અને એમાં આત્માનું પરિભ્રમણ જોયું. આ પરિભ્રમણ એ કોઈ બીજાનું નથી પરંતુ મારું પોતાનું જ છે. ૮૪ ના ચક્રમાં, ચારે ગતિમાં પોતે એટલા અનંત કાળથી અનંત ભવ કર્યા છે. હવે આ અનંત ભવોનો અંત લાવવાનો છે. સદાને માટે અંત લાવવાનો છે. આથી પૂર્ણ પુરુષાર્થ કરો. યથાર્થ ધર્મોપાસના કરો. સંસારમાં સર્વ જીવોના સંસારનો અંત આવી જાય અને સૌ પરમપદ-મુક્તિ ધામને પ્રાપ્ત કરે એવી શુભેચ્છા સાથે સર્વ મંગલ .....।

શુભં ભવતુ

પરમ પૂજનીય, જગત વંદનીય, પરમપિતા પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનના ચરણારવિંદમાં નમસ્કાર પૂર્વક .....

# સંસારની વિચિત્રતા
## ના કારણોની શોધ


સંસારનું સ્વરુપ વિચિત્ર છે....૪૦

વિચિત્રતા - વિષમતા અને વિવિધતા....૪૨

ભવરોગનો ભય.....૪૬

ગુણોપાસનાનો આધાર - ઈશ્વર......૫૦

આપણે ઈશ્વરની શું પરીક્ષા કરીએ ?.....૫૩

ઈશ્વરવાદ અને નિરીશ્વરવાદ .......૫૬

સૃષ્ટિ કર્તૃત્વની સમાલોચના........૫૮

સૃષ્ટિમાં વિષમતા અને વિચિત્રતા શા માટે ?..૬૧

અનુગ્રહ નિગ્રહ સમર્થ ઈશ્વર.....૭૧

ઈશ્વરમાં સર્વગતત્વાદિ પણ સિદ્ધ નહીં થાય..૭૫

કરુણામાં દોષ......૭૯

શું ઈશ્વરને કર્તા યા નિમિત્ત કારણ માનીએ ?..૮૨

# સંસારની વિચિત્રતા ના કારણોની શોધ

**एवं अणोरपारे संसारे सायरम्मि भीमंमि ।**
**पत्तो अणंतखूत्तो जीवेहिं अपत्त धम्मेहिं ॥**

અતિ મુશ્કેલીથી ય જેનો પાર ન પામી શકીએ એવા ભયંકર સંસારરૂપી સમુદ્રમાં ધર્મ ન પામેલો જીવ અનંતની ઊંડાઈઓમાં પડ્યો છે. આ સંસાર એક ભયંકર મહાસાગર સ્વરૂપ છે. જેમાં સુખદુ:ખની લહેરો સતત ચાલ્યા કરે છે. એ ભરતી, ઓટની જેમ જ આવતી જતી હોય છે. થોડીવાર દુ:ખ તો થોડીવાર સુખ, એ રીતે આ સંસાર સુખ-દુ:ખથી ભરેલો છે.

સંસાર તરફ દષ્ટિપાત કરીએ છીએ તો અનંત જીવોનું સ્વરૂપ સામે દેખાય છે. સંસાર શું છે ? સંસાર કોઈ વસ્તુનું નામ નથી. કોઈ પદાર્થ વિશેષને પણ સંસાર કહેવામાં આવતો નથી, પરંતુ જડ ચેતનનો આ સંસાર છે. ચેતન જીવનો જડની સાથે જે સંયોગ છે તે જ સંસાર છે. જીવોનું સુખીદુ:ખી થવું એ જ સંસાર છે. શુભાશુભ કર્મો ઉપાર્જિત કરવાં અને એમના વિપાક સ્વરૂપ સુખદુ:ખ ભોગવવાં એ જ સંસાર છે. જન્મ મરણનું ચક્ર ચાલતું રહે એ સંસાર છે.

## અનાદિ અનંત સંસાર

કાળની દષ્ટિએ સંસાર અનાદિ-અનંત છે. જેની આદિ કદી હોતી નથી. અનંત જીવોની પણ આદિ નથી. તેથી સંસાર પણ અનાદિ છે. કારણ કે સંસારનો આધાર પણ જડ ચેતન બે પદાર્થો છે, અને એમનો સંયોગ- વિયોગ જ સંસાર છે. આ આત્મા અનુત્પન્ન દ્રવ્ય છે. જે ન કદી બનાવી શકાતો નથી, નિર્માણ પામતો નથી ! આથી એનો નાશ પણ કદી થતો નથી. જે ઉત્પન્ન થાય છે એનો જ નાશ થાય છે. જેનો નાશ થાય છે એ ઉત્પન્ન દ્રવ્ય છે. આથી એના પર આધારિત સંસાર પણ અનાદિકાળથી વિદ્યમાન છે. કારણ કે આત્મા અનાદિ-અનંત છે. આત્માની આદિ નથી તેથી સંસારની પણ આદિ નથી, એ રીતે અનંત આત્માઓ મોક્ષમાં ગયા હોવા છતાં અનંતાનંત આત્માઓ આ સંસારમાં

સદાય રહે છે.

સંસારમાંથી તમામ આત્માઓ મોક્ષમાં ગયા નથી.આથી સંસારનો અંત આવ્યો નથી, અને અભવી જીવ તો કદાપિ મોક્ષમાં જવાના જ નથી. આથી સંસારનો કદીય અંત આવવો સંભવ જ નથી, સંસરણશીલ સ્વભાવવાળો સંસાર અનંતકાળ સુધી ચાલતો જ રહેશે.

## આપણો અંત કે સંસારનો અંત ?

સાધક પોતાના વિશે વિચારે એમાં જ લાભ છે. કારણ કે સંસારનું સ્વરૂપ જ આવું છે. સમષ્ટિ થી તો આ સંસાર અનાદિ-અનંત છે જ. પરંતુ કોઈ એક વ્યક્તિની દષ્ટિએ એનો અંત પણ છે. ભગવાન મહાવીરનો સંસાર અનાદિ જરૂર હતો. પરંતુ એનો અંત થઈ ગયો. એક વ્યક્તિ-વિશેષનો સંસાર સાન્ત પણ છે. આથી સંસારનો અંત લાવવાવો છે કે આપણે આપણા સંસારનો અંત લાવવાનો છે ?

સમગ્ર સંસારનો અંત તો શક્ય જ નથી, આવવાનો ય નથી. પરંતુ આપણા એકલાના-વ્યક્તિગત સંસારનો અંત લાવવા ઈચ્છીએ તો જરૂર લાવી શકીએ. ભૂતકાળમાં ભગવાન મહાવીરના આત્માએ પોતાના સંસારનો અંત આણ્યો. એ જ રીતે ચોવીસ તીર્થંકરોએ, સર્વ ગણધરોએ, એ જ રીતે કેટલાય આચાર્યોએ, ઉપાધ્યાય-સાધુ સાધ્વીઓએ પણ પોતાના સંસારનો અંત લાવ્યો અને મોક્ષે પહોંચી ગયા. પરંતુ આપણા જેવાઓનો સંસાર તો આજ પણ ચાલતો જ રહ્યો છે. અને આપણે જ્યારે સંસાર છોડીને મોક્ષે જતા રહીશું ત્યારે પણ કિડા-મંકોડા, કૃમિ, કીટ-પતંગીયા આદિ અનંત જીવો સંસારમાં છે એમનો સંસાર તો ચાલતો જ રહેશે. સંસારનો કદીય અંત નહીં થાય.

**काले अणाइ निहणे जोणि गहणंमि भीसणे इत्थ ।**
**भमिया भमिहंति चिरं जीवा जिणवयणमलहन्ता ।।**

પૂ. શાન્તિસૂરિ મહારાજ 'જીવવિચારપ્રકરણ' માં સમજાવે છે કે - અનાદિ કાળથી અનેક યોનિઓમાં ફરતો આ જીવ ભીષણ સંસારમાં ભટકતો રહ્યો છે; અને જિનેશ્વર ભગવાનનાં વચન (આજ્ઞા) ને પ્રાપ્ત ન કરનારો ભવિષ્યમાં પણ ચીરકાળ સુધી માં ભટકતો જ રહેશે.

## આપણે સંસારને છોડીએ યા સંસાર આપણને છોડે ?

એક યુવાન રસ્તા ઉપર ઈલેક્ટ્રિકના થાંભલાને બાથ ભરીને બુમો પાડતો હતો - 'બચાવો, બચાવો... છોડાવો છોડાવો ..' સજ્જનને દયા આવી અને તે છોડાવવા માટે આવ્યો. સાથે બીજાને પણ મદદમાં લઈને આવ્યો. બંને એ બે હાથ પકડીને ખેંચવાની શરૂઆત કરી, જેમ જેમ બંને જણા જોર લગાવીને હાથ ખેંચતા જતા હતા તેમ તેમ પેલો યુવાન મજબૂત પકડી રહ્યો હતો. યુવાનની મજબૂત પકડને કારણે આ બે જણા એને છોડાવી ન શકયા અને ચાલી નીકળ્યા. આ દશ્ય જોઈ એક ત્રીજો સજ્જન આવ્યો.

આ માણસે વિચાર કર્યો કે આ યુવકે થાંભલાને પકડી રાખ્યો છે કે થાંભલાએ

યુવકને પકડયો છે ? શું બાબત છે ? અંદરથી ઉત્તર મળ્યો કે - થાંભલો તો જડ છે. જડ ચેતનને કેવી રીતે પકડી રાખે ? આથી યુવકે જ થાંભલાને પકડી રાખ્યો છે અને છતાં તે બૂમો પાડે છે કે .... બચાવો .... છોડાવો ...છોડાવો .... વાત શું છે? ઊલટી ગંગા વહી રહી છે. જો થાંભલાએ પકડી રાખ્યો હોત અને યુવાન બૂમો પાડતો હોત તો ઠીક વાત હતી પરંતુ આ તો પોતે જ બૂમરાણ મચાવી રહ્યો છે; આ કેવી મૂર્ખતા ?

એણે થાંભલાને પકડી રાખ્યો છે અને થાંભલો તો બૂમ પણ નથી પાડતો કારણ કે તે જડ છે. પેલો માણસ ચિંતક હતો તણે ચિંતન કર્યું. અહીં બળનું કામ નથી, કળનું (અક્કલનું) કામ છે. પેલા સજ્જને ખેંચીને જોરથી બળ પુર્વક બે થપ્પડ પેલા યુવકના ગાલ પર મારી - ચમત્કાર જ સમજી લો. યુવકના હાથ છૂટી ગયા અને સીધા ગાલ પર પડયા. તેણે રડતા અવાજે કહ્યું - 'મને કેમ માર્યો ? શું આ છોડાવવાની રીત છે ?' સજ્જને કહ્યું - 'માફ કરજે, બળ પૂર્વક પ્રયત્ન કર્યો પણ તે છોડાવી ન શક્યા. આથી મેં બુદ્ધિ પૂર્વક આ રીત અજમાવી, આથી માફ કરજે. પરંતુ હું એ પૂછું છું કે તેં થાંભલાને પકડયો હતો કે થાંભલાએ તને પકડયો હતો ? જો થાંભલામાં કરંટ હોત તો તું ક્યારનો ય મરી ગયો હોત. આથી એ તો બતાવ કે કોણે કોને પકડયો હતો ? આશ્ચર્ય થાય છે કે તેં જ થાંભલો પકડી રાખ્યો હતો અને ઉપરથી ચીસાચીસ કરી રહ્યો હતો, શું બાબત છે ? આ મૂર્ખાઇ ન નથી ?'

## સંસારનું સ્વરૂપ વિચિત્ર છે

સંસારમાં એક આવે છે એક જાય છે. એક જન્મ લે છે તો બીજો મરે છે. બચ્ચું જન્મ લે છે તો માતા મરે છે. કોઈવાર બંને જણાં ય મોતને શરણે જાય છે. કોઈના ઘરે મહેફિલ ચાલતી હોય છે તો કોઈને ઘરે રૂદન ચાલતું હોય છે. ક્યાંક હસીખુશીનો પાર નથી, તો ક્યાંક રોતાં રોતાં ગંગા યમુના વાહેવડાવી રહ્યાં હોય છે. ક્યાંક સુખની લહેરો લહેરાતી હોય છે તો કોઈ સ્થળે વળી દુઃખની થપ્પડો વાગતી હોય છે.

જ્ઞાની ભગવંતોએ પોતાના જ્ઞાનથી ભાવિનું સ્વરૂપ અને જન્મ પછીના જન્માન્તરનું સ્વરૂપ જોઈને બતાવ્યું છે કે આ સંસારમાં મા મૃત્યુ પામીને પત્નિ બની શકે છે અને પત્નિ મૃત્યુ પામીને મા બની શકે છે. બાપ મૃત્યુ પામીને બેટો બની શકે છે અને બેટો મોત પછી બાપ બની શકે છે. ભાઈ મૃત્યુ પામીને શત્રુ બની શકે. બેટી મૃત્યુ પછી બહેન પણ બની શકે છે.

આ તો કંઈ ક ઠીક વાત છે કે મોત પછીના જન્મમાં આવા સંબંધો બને છે, પરંતુ આ જ જીવનમાં એવા સંબંધો પણ હોય છે કે જ્યાં ભાઈ બહેનનાં લગ્ન થાય છે. કોઈક દિવસે છાપામાં વાંચીએ છીએ કે બાપે બેટી ઉપર બળાત્કાર કર્યો. બેટીએ કુહાડી મારીને માતાને મારી નાખી-પિતાંને મારી નાખ્યા, પતિએ પત્નિ ને જીવતી સળગાવી દીધી અને પત્નિએ પતિને ચા માં ઝેર પાઈ દીધું. ક્યાંક ભાઈનું ગળું દબાવી દેવાં માં આવે છે તો ક્યાંક બાપ બેટાને જાનથી મારી નાખે છે. ક્યાંક સાસુ વહૂને બાળી નાખે છે તો વળી

ક્યાંક કંટાળીને વહુ પોતે જ બળી મરે છે. પ્રેમના નામે મોત અને મોતની સામે દેખાતો પ્રેમ પણ જોવા મળે છે. સંસાર નું સ્વરૂપ અતિશય વિચિત્ર છે !

એક બહુમાળી મકાનમાં કોઈ કુંવારી કન્યા માતા બની ચુકી હતી, તેણે પોતાના નવજાત શિશુને નીચે કચરામાં નાખી દીધું ! શું માતાના દિલમાં પોતાના સંતાન માટેનો પ્રેમ સમાપ્ત થઈ ગયો? શું દયાળુ માતા નિર્દય બનતી જાય છે ? પરંતુ હા, પત્ની બન્યા પહેલાં કુંવારી અવસ્થામાં માતા બનવામાં શું પરીણામ આવે છે ? હાય, આ જ કળિયુગની ઓળખ છે કે પત્ની બન્યા પહેલાં મા બનવું; અને સંતાન પ્રત્યે ક્રૂર બનીને એને ફેંકી દેવું. એક અપરિણિત યુવતીએ તાજા જન્મેલા શિશુને ઉપરથી ફેંકી દીધું; નીચે કાગળોનો ઢગલો હતો એમાં બાળક પડ્યું; સદ્દભાગ્યે તે બચી ગયું, કોઈ સજ્જને એને ઉપાડીને અનાથ આશ્રમમાં મૂકી દીધું. તેનું પાલન પોષણ થયું. એ છોકરી હતી અને મોટી થઈ. અનાથાશ્રમવાસીઓએ એને સ્કૂલ અને કોલેજમાં ભણાવી.

આ બાજુ માતા પિતાએ પેલી યુવતીનાં જલદીથી લગ્ન કરાવ્યાં. એને એક છોકરો થયો, એને સ્કૂલમાં મોકલ્યો,મોટો થઈને એ પણ એ જ કોલેજમાં ગયો,જ્યાં પેલી છોકરી સાથે પ્રેમ થયો, જે એની જ બહેન હતી ! કારણ કે બંને એક જ માતાનાં સંતાન હતાં. લગ્ન થઈ ગયાં અને સંસાર ચાલવા લાગ્યો. આવી ઘટનાઓ તો આજે અનેક બને છે.

અમેકરિકામાં જ્યાં સ્કૂલ-કોલેજોમાં છોકરીઓ ભણે છે ત્યાં અપરિણિત યુવતીમાંથી ૨૦% થી ૩૦% છોકરીઓ પ્રતિવર્ષ માતા બને છે. જેમાં ૧૪ થી ૧૮ વર્ષની ઉંમર હોય છે. અને ૪૦% થી ૬૦% જેટલી જેઓ માતા બનતી નથી, તે પહેલેથી જ ગર્ભપાત કરાવી દે છે.

ગર્ભપાત કેન્દ્રો ઉપર સ્કૂલ કોલેજમાં ભણતી છોકરીઓની લાઈનો લાગે છે એ શરમની વાત છે ! પરંતુ વર્તમાનયુગનો માનવી જે પોતાની જાતને ખૂબ જ બુદ્ધિશાળી અને સભ્ય સમજી બેઠો છે એને શરમ શાની આવે ? સંસારનું આ સ્વરૂપ અતિ ભયાનક-ડરાવનારું છે. આવું તો ચાલતું જ રહે છે. કાળની બદલાતી કરવટમાં બધું જ બદલાય છે.

## એક જન્મમાં ૧૮ પ્રકારના સંબંધો

મથુરાની એક નવી તરુણ વેશ્યાએ એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપ્યો. પોતાની વેશ્યાવૃત્તીને ચલાવવાના હેતુ થી આ બંનેને ચિહ્ન રૂપ વીંટીઓ પહેરાવીને એક લાકડાની પેટીમાં બંધ કરીને નદીમાં તરતાં મૂકી દીધાં. બાળકોના ભાગ્યના ભરોસે તરતી તરતી પેટી શૌર્યપુર શહેરના બે વેપારી મિત્રો જે નદી કિનારે બેઠા હતા, તેમણે આ પેટી લઈ લીધી, અને ખોલી. તેમાંથી એક છોકરો અને એક છોકરી નીકળી. બંને જણા નિ:સંતાન હતા, તેથી તેમણે એક એક વહેંચી લીધા અને શરત કરી કે ભવિષ્યમાં આ બંનેના લગ્ન કરવાં. બન્યું પણ આમ જ. યૌવનાવસ્થામાં બંને જણાએ આ બેનાં લગ્ન પણ કરાવી દીધાં. કાલનાં ભાઈ બહેન આજનાં પતિ પત્ની બની ગયાં !

એક વાર જુ ગાર રમતાં બંનેને ખ્યાલ આવી ગયો અને પછી પોતાના પાલકોને

પૂછીને વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો કે આપણે ભાઈ બહેન છીએ, તેથી અંતમાં સંબંધ છોડી દીધો. બહેને પશ્ચાત્તાપથી દીક્ષા લઈ લીધી અને ભાઈ વેપાર માટે મથુરા ગયો. યોગાનુયોગ એ કુબેરદત્તા નામની વેશ્યાને ઘરે ઊતર્યો - કે જે તેની પોતાની માતા હતી; તેણેં તે વેશ્યા (માતાની સાથે) દેહસંબંધ બાંધ્યો. દૈવયોગે એ વેશ્યાને એક પુત્રરત્ન પ્રાપ્ત થયું. આ બાજુ બહેન સાધ્વીને અવધિજ્ઞાન થવાથી આ વિચિત્ર યોગ જોઈને સાધ્વી વિહાર કરીને મથુરા નગરીમાં વેશ્યાના ઘરે આવી.

ઘરના પ્રવેશ દ્વારમાં એણે રોતા બાળકને શાંત કરવાના બહાને હાલરડું ગાવાની શરૂઆત કરી, હાલરડામાં સાધ્વીએ તેના સંબંધો સંભળાવ્યા ... 'હે બાળક ! શા માટે રડે છે ? તારા મારા તો ઘણા સંબંધો છે. તું મારો ભાઈ છે, પુત્ર પણ કહેવાય, દિયર પણ છે, ભત્રીજો પણ છે, પિતા, દાદા, પતિ, પુત્ર અને સસરોય થાય છે. હે બાળક ! તું રડીશ નહીં. ભાઈ, તારી માતા મારી પણ માતા થાય છે. તારા બાપની પણ મા થાય છે...મારી ભાભી, પુત્રવધૂ, સાસુ, શોક્ય પણ થાય છે.

આ રીતે અઢાર પ્રકારના સંબંધો તારી અને મારી વચ્ચે છે. તારો બાપ અને હું ભાઈ-બહેન છીએ. અને પતિપત્નીના સંબંધમાં જોડાયા, એટલું જ નહીં, અમે છૂટચાં તો ભાઈ (પતિ) કુબેરદત્ત અહીં મથુરામાં આવીને પોતાની માતા સાથે જ દેહસંબંધ કરતો પતિરૂપમાં રહેવા લાગ્યો, અને એનાથી એક પુત્ર પેદા થયો. હાય, આ સંસારની કેવી વિચિત્રતા ? હવે શું કરી શકાય ? કોને મુખ દેખાડીએ ?

સાધ્વી જે બોલતી જતી હતી તે વેશ્યા અને કુબેરદત્ત બંને સાંભળી રહ્યાં હતાં. સાંભળીને તેમને ખૂબ જ દુઃખ થયું. વિષય વાસના નિમિત્તે કેવાં ભયંકર પાપ થઈ જાય છે ? પશ્ચાત્તાપથી મન વૈરાગ્યવાસિત થયું. ભાઈએ પણ દીક્ષા લઈને ઉગ્ર તપશ્ચર્યા કરીને પાપ ધોવાનો સંકલ્પ કર્યો. વેશ્યાએ વેશ્યાગીરી છોડી દીધી. સર્વ પાપો ધોવા માટે તેણે પણ પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિતની પ્રવૃત્તિ પ્રારંભી. કેવો વિચિત્ર છે આ સંસાર ! કેવી ઘટનાઓ બને છે. કેવાં રૂપ ધારણ કરી લે છે ?

## વિચિત્રતા-વિષમતા અને વિવિધતા

આ રીતે જોવાથી સ્પષ્ટ દેખાઈ આવશે કે સમસ્ત સંસારનું રૂપ સેંકડો પ્રકારની વિચિત્રતાઓ, વિવિધતાઓ અને વિષમતાઓથી ભર્યું પડ્યું છે. આથી એ જ સત્ય કહેવાય કે જ્યાં આ પ્રકારની વિચિત્રતા-વિષમતા અને વિવિધતાઓ ભરી પડી છે એ જ સંસાર છે. એનું જ નામ સંસાર છે. સંસારની બહાર મોક્ષમાં આમાંની એકે વિચિત્રતા નથી. વિચિત્રતા એટલે આશ્ચર્યકારી વિસ્મયકારી સ્વરૂપ. સંસારનુ સ્વરૂપ જે કોઈ જોશે એને તો આશ્ચર્યકારી જ લાગશે. સંસારમાં આશ્ચર્ય નહીં હોય તો ક્યાં હશે ?

કોઈ સુખી છે તો કોઈ દુઃખી છે.
કોઈ રાજા છે તો કોઈ રંક છે.
કોઈ અમીર છે તો કોઈ ગરીબ છે.

કોઈ બંગલામાં રહે છે તો કોઈ ઝૂંપડીમાં રહે છે.
કોઈ રાજમહેલમાં રહે છે તો કોઈ ફૂટપાથ ઉપર.
કોઈ હસમુખ છે તો કોઈ રડતો હોય છે.
કોઈ સજ્જન છે તો કોઈ દુર્જન છે.
કોઈ બુદ્ધિમાન-ચતુર છે તો કોઈ બુદ્ધુ - મૂર્ખ છે.
કોઈ સાક્ષર - વિદ્વાન છે તો કોઈ નિરક્ષર ભટ્ટાચાર્ય છે.
કોઈ સીધો-સાદો છે તો કોઈ માયાવી કપટી છે.
કોઈ ભલો-ભોળો ભદ્રિક છે તો કોઈ છલકપટ કરનારો પ્રપંચી છે.
કોઈ સંતોષી છે તો કોઈ લાલચુ છે.
કોઈ નિર્લોભી છે તો કોઈ લોભી છે.
કોઈ ઉદાર દાનવીર છે તો કોઈ ઉધાર લેનાર પણ છે.
કોઈ ધનસંપન્ન છે તો કોઈ નિર્ધન વિપત્તિમાં છે.
કોઈ આધાર સશરણ છે તો કોઈ નિરાધાર અશરણ છે.
કોઈ ગોરો સુંદર રૂપવાન છે તો કોઈ કાળો કુરૂપ છે.
કોઈ નીરોગી હૃષ્ટ પુષ્ટ છે તો કોઈ રોગી દુર્બળ છે.
કોઈ સર્વાંગ સુંદર છે તો કોઈ વિકલાંગ છે.
કોઈ તાજો, મસ્ત છે તો કોઈ દુર્બળ - પાતળો છે.
કોઈ સમજદાર છે તો કોઈ નાસમજ છે.
કોઈ મંદમતિ - મુઢ છે તો કોઈ તીવ્રમતિ ચપલ છે.
કોઈ લાંબો - લંબુ છે તો કોઈ નીચો-ઠીંગણો-વામન છે
કોઈ જ્ઞાની છે તો કોઈ અજ્ઞાની છે.
કોઈ વૈરાગી છે તો કોઈ રાગી છે.
- કોઈ સબળ છે તો બીજો નિર્બળ છે.
કોઈ ક્ષમાશીલ છે તો કોઈ ક્રોધાતુર આગ છે.
કોઈ નમ્ર-વિનમ્ર વિનયી છે તો કોઈ અક્કડ-અવિનયી છે.
કોઈ નિરભિમાની છે તો કોઈ મહા અભિમાની - ઘમંડી છે.
કોઈ દયાળુ છે તો કોઈ નિર્દય - ક્રૂર છે.
કોઈ ચિરાયુ છે તો કોઈ અલ્પાયુ છે.
કોઈ પ્રભાવ સંપન્ન છે તો કોઈ પ્રભાવરહિત છે.
કોઈ તેજપૂંજ સમાન છે તો કોઈ નિસ્તેજ છે.
કોઈ યશ પ્રતિષ્ઠાવાળો છે તો કોઈ અપયશ-અપકીર્તિવાળો છે.
કોઈ સંતાન પરિવારવાળો છે તો કોઈ નિઃસંતાન એકલો છે.
કોઈ પ્રેમ રાખે છે તો કોઈ વૈમનસ્ય રાખે છે.

કોઈ ધન લૂંટાવી રહ્યો છે તો કોઈ કોડી કોડી એકત્ર કરે છે.

કોઈ ફૂલ સુગંધી છે તો કોઈ સુગન્ધ રહિત છે.

કોઈને ત્યાં ખાવાનું પુષ્કળ પ્રમાણમાં છે તો અફસોસની વાત છે કે કોઈને ત્યાં ખાવાવાળું કોઈ નથી. જ્યારે કોઈ ત્યાં ખાવાવાળાં ઘણાં છે પરંતુ ખાવા માટે રોટલીનો ટુકડો પણ નથી. કોઈ ત્યાં પહેરવા માટે પુષ્કળ કપડાંલત્તા છે, એક સાથે ૨-૪ કપડાં પહેરે છે તો કોઈને ઘરે શરીરની લાજ ઢાંકવા માટે પણ કપડું નથી, નાગા ફરી રહ્યા છે. કોઈકની પાસે તો કફન માટે પણ નથી. આ સંસારની કેવી વિચિત્રતા છે ! સંસારની આવી તો સેંકડો વિચિત્રતાઓ હોય છે. સાચું કહોતો આવી વિષમતાઓથી ભરેલો સંસાર વિચિત્રતાઓ - વિષમતાઓ તથા વિવિધતાઓથી જ બનેલો છે. આ સંસારની ચિત્ર વિચિત્ર વાતો પણ ઓછી નથી, કોઈને એક પણ સંતાન નથી, તો કોઈને એક સાથે ૩-૪-૫ સંતાનો હોય છે. કોઈ જોડિયા મસ્તક વાળા બાળકો હોય છે, તો કોઈ જોડાયેલા પેટવાળાં હોય છે. કોઈ કોઈના શરીર ઘણાં સારા હોય છે તો કોઈના અંગોપાંગ પૂરાં વિકસેલાં નથી હોતાં.

એક માતા પોતાના ૮ મહિનાના બાળકને કપડામાં લપેટીને લાવી, બાળક એટલું સુંદર-મનોહર હતું કે પ્યાર કરવા માટે કોઈનો ય જીવ લલચાય, પરંતુ કપડું દૂર કરીને માતાએ બાળક દેખાડયું તો જોતજોતામાં આંખો ફાટવા લાગી, અરે આ શું ? ડાબો હાથ કોણી સુધીનો જ હતો અને ડાબો હાથ કાંડા સુધીનો જ બનેલો હતો. એ રીતે ડાબો પગ ઘુંટણ સુધીનો જ હતો અને જમણો પગ એડી સુધીનો જ હતો. આ કેવું આશ્ચર્ય ?આટલું સુંદર બાળક હોવા છતાં પણ આ વિચિત્ર અવસ્થા ?

'વિપાકસૂત્ર' નામના ૧૧ વા અંગસૂત્રમાં દુઃખ વિપાકના પહલા અધ્યયનમાં મૃગાપુત્રનું જે વર્ણન કરવામાં આવ્યું છે એ રોમ રોમ ઊભાં કરી દે એવું આશ્ચર્યકારક છે.

એક માતા પોતાના ૧૪ માસના બાળકને લઈને આવી અને એણે કહ્યું 'મહારાજ! ડોક્ટરે કહ્યું છે કે આ બાળક મુશ્કેલથી એક દિવસ પણ નહિં જીવી શકે. આખા શરીર ઉપર કેન્સરની ગાંઠો ઊપસી આવી છે, મુખેથી પાણી પણ ઊતરતું નથી, અને પેશાબ પણ થતો નથી. મોતની રાહ જોતું આ સુંદર-સ્વરૂપવાન બાળક દિલમાં જાણે કે દયાનો સ્ત્રોત્ર વહાવી રહ્યું હતુ; પરંતુ હાય, નિઃસહાય, નિરૂપાય બાળકે બીજે દિવસે જ દેહ છોડી દીધો, કેવી વિચિત્રતા ?

પશુપક્ષીની દુનિયામાં દૃષ્ટિપાત કરવાથી પણ દુનિયા ભરની વિચિત્રતા-વિવિધતા જોવા મળશે. સંસારમાં જોતા જ જાઓ, બસ, જોવા સિવાય અન્ય કોઈ ઉપાય નથી. બિચારા ઊંટનું શરીર કેવું છે ? અઢારે અંગ વાંકાં ! હાથીનું શરીર કેવું ભીમકાય છે ? બિચારો નાશી પણ ન શકે. કૂતરા બિલાડાની વિચિત્રતા કંઈક જુદી જ છે. ખાવા માટે હાથ નથી, વાંદરો બે પગોનો ખાવા માટે હાથની જેમ ઉપયોગ કરે છે જલચર જીવોને ન હાથ, ન પગ. માછલીઓ પોતાની પાંખ દ્વારા જ તરે છે. પંખી પાંખોથી ઊડે છે. કોઈને શિંગડાં છે તો કોઈને એક પણ શિંગડું નથી, તો વળી કોઈને બાર શિંગડાં-ઝાડની ડાળીની

જેમ દેખાય છે. પશુ-પક્ષીયોની સૃષ્ટિમાં - કીડા - મંકોડા સુધી જોઈએ તો આશ્ચર્યનો પાર નહીં રહે. કોઈને કાન નથી તો કોઈને આંખ નથી, કેટલાંક જીવન ભર આંખ વગર કામ ચલાવે છે.

ઈન્દ્રિયોના વિકલ - બિચારા વિકલેન્દ્રિય જીવ ગમે તેમ જીવન વિતાવી રહ્યા છે. સર્વ જીવો આહારાદિ સંજ્ઞા પાછળ જીવન વિતાવી રહ્યા છે. જાણે વહેતા પાણીની જેમ સૌનું જીવન પસાર થઈ રહ્યું છે. પરંતુ દુઃખમાંથી મુક્તિ ક્યાં છે ? આગળના જન્મમાં આવી જ પરંપરા ચાલી રહી છે. ન તો ભવ ચક્રનો અંત છે અને ન તો જન્મમરણના ચક્રનો અંત છે, અને ન તો સંસારનો અંત છે, ન ભવભ્રમણનો અંત છે.

કોઈને માટે આપણે કહીએ છીએ. 'વન્સ મોર પ્લીઝ'. 'બીજીવાર ગાઓ, બોલો'. આપ તો બે કલાકથી પણ વધારે બોલતા જ રહો, તો કોઈકને માટે 'ગધેડો ક્યારનો બકબક જ કરે છે'. નીચે બેસતો જ નથી' એમ કહીએ છીએ, કોઈનો મધુર સુસ્વર પસંદ આવે છે,મીઠો કંઠ ગમે છે, મુગ્ધ કરી લે છે. તો કોઈનો સ્વર ભેંસાસૂર, ગર્દભરાજના ફાટેલા સ્વર જેવો સાંભળવો ગમતો નથી. કોઈ કોયલ જેવો તો કોઈ કાગડા જેવો સ્વર. કોયલ અને કાગડામાં શું અંતર છે? સમાન દેખાતાં પણ જમીન આસમાનનું અંતર રાખે છે. કોયલ પોતાના વર્ણથી નહીં પરંતુ કંઠથી સૌને પ્રિય છે, જ્યારે કાગડો કોઈને કોઈ પણ સ્વરૂપે પ્રિય નથી. સૌને એ અપ્રિય છે. સંસારમાં પ્રિયાપ્રિયની વિચિત્રતા ઘણી લાંબી છે.

આ પ્રકારનો સંસાર જોતાં સેંકડો પ્રકારની વિચિત્રતા, વિવિધતા અને વિષમતા જોવા મળે છે. એનું કારણ શું હોઈ શકે ?

## બે ભાઈઓ વચ્ચે વૈષમ્ય

એક માતાના બે અગર ચાર પુત્રો પણ પરસ્પર સમાન સ્વભાવવાળા નથી હોતા, સમાન પ્રેમ પણ નથી હોતો. ભાઈ-ભાઈ દુશ્મનો પણ બની જાય છે. એક દિવસે એક જ થાળીમાં સાથે બેસી ભોજન કરનારા એક દિવસ દુશ્મન બની જાય છે. એક બીજાને નજરે જોવા પણ તૈયાર થતા નથી. આવાં તો લાખો દષ્ટાંતો સંસારમાં જોવા મળે છે. બીજાંની વાત તો ઠીક પણ આપણા પરમ ઉપકારી ભગવાન પાર્શ્વનાથના જ દશ ભવોનો સંસાર જોઈએ તો અતિ ભયંકર વિચિત્રતાઓ સામે આવશે. પહેલા જન્મમાં જ બંને એક માતા પિતાના બે સગા પુત્રો હતા-મોટો ભાઈ કમઠ અને નાનો ભાઈ મરુભૂતિ. માતાપિતાએ બંનેના લગ્ન કરાવી દીધાં. કાલાવધિ સમાપ્ત થતાં જ માતા પિતા બંને સ્વર્ગમાં ચાલ્યા ગયા. કાલાનુક્રમે બંને ભાઈઓમાં સામાન્ય નિમિત્તોને કારણે મોટા ભાઈ કમઠને નાના ભાઈ મરુભૂતિ પર નિષ્કારણ વેર-વૈમનસ્ય રહેવા લાગ્યું. એ ઘર છોડીને જંગલમાં ગયો. તાપસના આશ્રમમાં જઈને સંન્યાસી બન્યો પરંતુ મનમાં ભાઈ ઉપર વેર લેવાની વૃત્તિ શાંત ન થઈ.

તે સંન્યાસી બનીને આવ્યો અને ગામ બહાર ધૂણી ધખાવીને તપશ્ચર્યા કરવા

બેઠો; મુસાફર સાથે મરુભુતિને બોલાવવા સંદેશો મોકલ્યો. ભદ્રિક પરિણામી મરુભૂતિ મળવા ગયો. યોગ્ય મોકો જોઈને મોટાભાઈ કમઠે મોટી પથ્થરની શિલા ઉપાડીને પગમાં પડેલા ભાઈના શિરે મારી અને તેનું માથું ફોડી નાખ્યું-તેને મારી નાખ્યો.

આટલાથી પણ તેને સંતોષ ન થયો... ત્યારે સમસ્ત તપશ્ચર્યાને હોડમાં મૂકીને નિયાણું કર્યું કે ભાવિમાં જન્મોજન્મ સુધી હું એને મારનારો બનું. એ જ બન્યું ૧૦ જન્મ સુધી બંને ભાઈઓનો ભવ-સંસાર વેરમય રહ્યો. નાનો ભાઈ મરુભૂતિ સ્વભાવે શાન્ત હતો. સમતાનો સાધક હતો. આત્મકલ્યાણની સાધનામાં લાગેલો હતો. બરાબર આનાથી વિપરીત પ્રકૃતિ મોટા ભાઈ કમઠની હતી. એ બધા જન્મોમાં મારનારો જ બન્યો. મારતો જ ગયો. પરંતુ યાદ રાખો, મારનારનું જ બગડે છે સમતાથી મરનારનું કશું બગડતું નથી. દુર્ગતિ મારનારની જ થાય છે.

સમતાથી સમાધિમાં મરનારની સદ્ગતિ જ થાય છે. સંસારમાં મારવાની વૃત્તીવાળા તો લાખો છે. જ્યારે સમતાથી મરનારા-સમાધિમાં મરનારા વિરલા હોય છે. મરનારો મહાન છે, મારનારો અધમ છે. અંતમાં આ જ બન્યું. દશ જન્મો સુધી સમતા-શાન્તિ રાખનારો નાનોભાઈ મરુભૂતિ દશમા ભવમાં-ભગવાન પાર્શ્વનાથ બનીને મોક્ષે ગયો. જ્યારે મોટો ભાઈ કમઠ આજે પણ સંસારની ઘટમાળમાં ભટકી રહ્યો છે. ખબર નથી કે હજુ આગળ કેટલા ભવ ભટકતો રહેશે. સગા ભાઈઓ વચ્ચે આવો ભયંકર સંસાર છે તો અન્યોની તો વાત જ શું કરવી ? જાતિ વૈમનસ્યનું રૂપ તો અતિ ભયંકર છે.

વાત બે સગા ભાઈઓની છે. નાનો ભાઈ તો હાઈકોર્ટનો જજ છે, અને મોટા ભાઈ રસ્તે ભિખ માગનારો ભિખારી છે. યોગાનુયોગ રસ્તામાં ભિખારી ભીખ માગવાની દષ્ટિથી અમારી પાસે આવ્યો, અને એ જ સમયે જજ સાહેબ પણ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા, તે રોકાયા, ભાઈને કહ્યું કે 'ચાલ, ગાડીમાં બેસી જા. મારી સાથે બંગલામાં જ રહીજા. શા માટે ભીખ માગે છે ? દુનિયા જુએ છે અને મારે શરમાવવું પડે છે.'

જજે ઘણું કહ્યું પરંતુ ભાગ્ય કયાં ઘસડીને લઈ જાય છે ? કેવો વિચિત્ર સંસાર કે બે ભાઈઓ વચ્ચે પણ સમાનતા નથી. અતિ ભારે વિષમતા છે,વિચિત્રતા છે. એક માતાના ચાર પુત્રો પણ સમાન સ્વભાવના નથી હોતા. કોઈ પૂર્વ દિશાની વાત કરે છે, તો કોઈ પશ્ચિમની, કોઈ ક્રોધની આગમાં ઘર બાળે છે તો કોઈ લોભવૃત્તિથી ઘરને લૂંટે છે; કોઈ માન-અભિમાનથી ઘરની આબરુ બગાડે છે, તો કોઈ માયાવી વૃત્તિથી કપટની જાળ રચે છે. સંસાર સર્વત્ર વિચિત્ર દેખાય છે. આટલું જ નહીં. યુગલરૂપમાં જન્મેલા ભાઈઓ વચ્ચે પણ સામ્ય હોતું નથી, કારણ શું ?.

## ભવરોગનો ભય

ભવ અર્થાત્ સંસાર, ભવ અર્થાત્ જન્મ-મરણ, ભવ અર્થાત્ સંસારની ભવ પરંપરા. દેહરોગનું ભાન તો સૌને હોય છે. પરંતુ ભવરોગનું જ્ઞાન કોઈ વિરલને જ થતું હશે. આધિ-વ્યાધિ-ઉપાધિમાં કેટલાય પ્રકારના રોગો બતાવવામાં આવ્યા છે. શારિરિક

રોગ અને માનસિક રોગ તો પ્રસિદ્ધ જ છે. એનાથી બધાં સારી રીતે પરિચિત છે જ.

શરીરમાં થનારા રોગ શારિરિક રોગ છે. પાગલપણું વગેરે રોગો માનસિક છે. ઉન્માદ આદિ કામાસક્તિના રોગો છે. આ બધા સાધ્ય-અસાધ્ય આદિ બે કક્ષામાં હોય છે. કેટલાક રોગો જે સાધ્ય છે તે જલદી મટી જાય છે. પરંતુ જીવ લઈને જ જનારા અસાધ્ય રોગોની સૂચિ આજ કાલ નાની નથી.

શરીર તંત્રમાં થનારા શારિરિક રોગોથી આજ સૌ સંતપ્ત છે. એનાથી બચવાના સેંકડો ઉપાયો શોધી કાઢવામાં આવ્યા છે. કેટલાય પ્રકારના ઉપાયો કરાવવામાં આવે છે. પરંતુ શરીરની અંદર રહેનારી જે ચેતના શક્તિ છે – જેને આત્મા કહેવામાં આવે છે. જેના આધારે જ આ જીવન ચાલી રહ્યું છે; એ આત્મા ચાલ્યો જાય તો આ મૃત શરીરની કોઈ કિંમત નથી. – એને આગમાં બાળીને ભસ્મ કરી દેવામાં આવે છે.

આટલું અમૂલ્ય, કીમતી આત્મતત્ત્વ – જે શરીરમાં કેન્દ્રમાં છે – તેને માટે કોઈ વિચાર સુદ્ધાં નથી કરતું !! જેમ શરીરમાં રોગ ઉત્પન્ન થાય છે, તેમ આત્મામાં પણ રોગ ઉત્પન્ન થાય છે. આત્માને પણ રોગ લાગુ પડી શકે છે. એ છે ભવરોગ, ભવ રોગ અર્થાત્ સતત જન્મ મરણ ધારણ કરતા રહેવું. એક જન્મમાંથી બીજી જન્મમો, એક ભવમાંથી બીજા ભવમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં સતત પરિભ્રમણ ચાલતું જ રહે છે. આનું નામ છે ભવરોગ. આ રોગ શરીરને નહીં, આત્માને લાગુ પડે છે.

આત્મા આ રોગથી પીડાય છે. જે રીતે શરીરના શારિરિક રોગોની પાછળ ખાનપાન આદિની અનિયમિતતા, વાત, પિત્ત અને કફની વિષમતા યા કીટાણુ આદિ કારણભૂત રહે છે, એ રીતે આત્માના આ ભવની પાછળ 'કર્મ' જ કીટાણુઓના રૂપમાં છે. કર્મ જ એક માત્ર કારણરૂપ છે.

વૈદ્ય, હકીમ યા ડોક્ટર જે રીતે શરીરને તપાસીને રોગના કારણો જાણી લે છે અને ચિકિત્સા કરીને ઠીક કરે છે, એ રીતે દેવાધિદેવ સર્વજ્ઞ ભગવાન અને ગુરૂ પણ આપણા ભવરોગના જ્ઞાતા છે-જાણકાર છે. તેમણે પાપકર્મને આપણા રોગનું કારણ બતાવ્યું છે. આ જ સાચું નિદાન છે. એની ચિકિત્સા રૂપે તપ-ત્યાગ રૂપ ધર્મની ઉપાસના બતાવી છે. અપથ્ય સેવન વધતું જ જાય છે. આથી જ્ઞાની ગીતાર્થ ગુરૂ ભગવંતોએ પાપસેવનને કુપથ્યના રૂપમાં વર્જ્ય બતાવ્ય ું છે.ધર્મને ચિકિત્સા પદ્ધતિના રૂપમાં બતાવ્યો છે. શારીરિક રોગોથી પીડિત દેહરોગી રોગની વેદનાને સમજીને તરત જ વૈદ્ય-ડાક્ટર પાસે ચાલ્યો જાય છે અને ચિકિત્સા શરૂ કરવી દે છે. પરંતુ ભવરોગાર્ત-ભવરોગથી પીડિત આ ભવરોગને સમજી શકતો જ નથી. ઓળખી જ શકતો નથી. આશ્ચર્ય એ વાતનું છે કે સ્વયં જીવ જે ભવરોગથી અનાદિ -અનંતકાળથી પીડિત છે છતાં પણ આ રોગને સમજી શક્યો નથી, તો પછી બચવા માટે ચિકિત્સાની વાત જ ક્યાં રહી ? સમજવાની વાત તો દૂર રહી, પરંતુ ભવરોગ છે કે નહીં એ વિચારવા માટે પણ તૈયાર નથી, એને તમે અજ્ઞાનતા કહો યા મોહગ્રસ્તતા કહો યા જે કંઈ કહેવું હોય તે કહો પરંતુ

આ વાત સત્ય છે કે જીવ આજ દિવસ સુધી આ વિષયમાં કોઈ શોધ નથી કરતો. દેહરોગને સમજીને એનાથી બચવા માટે ચિકિત્સા કરાવનારની ટકાવારી કેટલી હશે. કદાચ ૯૯% જેટલી; પરંતુ ભવરોગથી પીડિત સંસારનો સંસારી જીવ એને સમજવા માટે પ્રયત્ન કરનાર, એના કારણની શોધ કરનાર યા ચિકિત્સા કરાવવા સજ્જ થયેલા કદાચ ૨-૪ યા ૧૦% પણ મળવા મુશ્કેલ છે !

## ભવભીરુ અને પાપભીરૂ

સંસારમાં સર્વત્ર પાત્રતા જોવામાં આવે છે. એક પિતા પોતાની કન્યાના લગ્ન માટે પણ સામેના યુવકની પાત્રતા જુએ છે; એ રીતે એક પિતા પોતાની લાખોની કમાણી પોતાના પુત્રને આપવા માટે પહેલાં પાત્રતા - યોગ્યતા જુએ છે. એ રીતે ધર્મ માટે પણ ધર્મીની શું પાત્રતા હોય? ધર્મ કરવા માટે ક્યો જીવ યોગ્યપાત્ર કહેવાય છે? એનો ઉત્તર આપતાં મહાપુરુષોએ ભવભીરૂ-પાપભીરૂ જીવને જ ધર્મ માટે યોગ્ય ઠરાવ્યો છે.

એટલે કે જેના મનમાં ભવ-સંસાર પ્રત્યે ભય હોય એવા ભવભીરૂને ધર્મી કહેવામાં યોગ્ય પાત્ર છે. હવે મારી ભવસંખ્યા વધી ન જાય એને માટે જે જાગૃત છે તે ભવભીરૂ યોગ્ય પાત્ર છે. ધારો કે એક દરદી ડૉક્ટરની દવા લઈ રહ્યો છે, તાવ ઉતારવા માટે ડૉક્ટરે ઈન્જેકસન આપ્યું છતાં પણ તાવ ઓછો થવાને બદલે વધતો જ ગયો તો બે ત્રણ દિવસ સુધી તો ચાલ્યું પરંતુ એના પછી શું ? શું તમે ડૉક્ટરને યોગ્ય કહેશો ? જે ઔષધિ રોગ વધારે એને ઔષધિ કેવી રીતે કહેવાય ?

આથી આ ઔષધિ એ રોગ માટે ઊચિત નથી, "હવે હું જીવન એવું જીવું કે મારો ભાવી સંસાર ન વધે મારી ભાવી ભવપરંપરા ન વધી જાય." આવું ધારનાર ભવભીરુ જીવ જ ધર્મક્ષેત્રમાં યોગ્યતા ધારક કહેવામાં આવે છે.

ભવભીરૂ બનવા માટે પાપભીરૂ બનવું આવશ્યક છે. પાપથી ડરનાર અર્થાત્ પાપ થઈ ન જાય, કોઈ ક્રિયામાં પાપ-કર્મ ન લાગી જાય એનું ડગલે પગલે ધ્યાન રાખનાર જ પાપભીરૂ કહેવાય. કાયર-કમજોર જો થવાનું હોય તો પાપની સામે જ કમજોર થવું સારું છે. આજે ધર્મ અનેક છે, ધર્મ કરનારા અનેક છે, પરંતુ પાપ ન કરનારા, પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરનારા ઘણાં જ ઓછા છે.

આથી ધર્મ કરવા માટે પાપ છોડવાનું શીખવું અનિવાર્ય છે. કોઈ વિશેષ પ્રકારનું પાપ હું નહીં કરૂં, એવી પ્રતિજ્ઞા કરવી એ મોટો ધર્મ છે. " હું હિંસા નહીં કરૂં, જુઠ નહીં બોલું, ચોરી નહીં કરૂ, દુરાચાર નહીં કરું, બલાત્કાર - વ્યભિચાર વગેરે નહીં કરૂ" - એવી આંશિક પ્રતિજ્ઞા કરવી એ પણ મોટો ધર્મ છે. એટલા માટે ભગવાન વીતરાગનો ધર્મ વિરતિ પ્રધાન છે.

વિરતિ બે પ્રકારની છે (૧) દેશ-વિરતિ અર્થાત્ અલ્પ પ્રમાણમાં પાપ ન કરવાનો નિયમ આ ગૃહસ્થ માટે ઉપયોગી નિયમ છે. ગૃહસ્થ જીવનની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને આ દેશ-વિરતના નિયમો બનાવ્યા છે. આથી દેશ-વિરતિનો ઉપાસક શ્રાવક કહેવાય છે.

બીજો સર્વ-વિરતિ ધર્મ છે. જેમાં છૂટ નથી. હિંસા, જુઠ, ચોરી, મૈથુન સેવન અને પરિગ્રહ આદિનાં પાપ સર્વથા - આજીવન ન કરવાની મહા-ભીષ્મ પ્રતિજ્ઞા એ જ સર્વ-વિરતિ ધર્મ છે. આ સાધુ ધર્મ છે. જે આવાં મહાવ્રત ધારણ કરે છે તે સાધુ કહેવાય છે.

આથી વીતરાગના ધર્મમાં પાપત્યાગ કરવાની વાત નેપ્રાથમિકતા આપવામાં આવી છે. પાપત્યાગ કરનારો જ મહાન છે. કોણ કેટલા પ્રમાણમાં કયા કયા પાપોનો ત્યાગ કરે છે, એ એટલા પ્રમાણમાં ધર્મી છે. બીજી બાજુ પંચાચારાદિ ધર્મોપાસના છે એ પણ ધર્મ છે. એક વિધેયાત્મક ધર્મ છે, બીજો નિષેધાત્મક છે. બંનેનું યોગ્ય રીતે પાલન કરવું જોઈએ.

આજે જો કે વિધેયાત્મક ધર્મમાં દર્શન-પૂજા સામાયિક-માળા જાપ આદિ કરે છે. કરવાનો નિયમ પણ લે છે, પરંતુ અધર્મ - પાપત્યાગની પ્રતિજ્ઞાની વાત કરો તો તૈયાર નહીં થાય; પરિણામ એ આવે છે કે ધર્મ પણ કરે છે અને પાપ પણ કરતા જાય છે, એથી ધર્મની કીમત પણ ઘટે છે. લોકો ધર્મની નિંદા પણ કરે છે. નિંદા ધર્મની નથી હોતી પરંતુ ધર્મ કરતી વખતે પાપપ્રવૃત્તિ ઓછી નથી થતી, એની છે. આથી ધર્મ કરનાર ધર્મીની આ જવાબદારી છેં કે એ ધર્મ કરતાં કરતાં જીવનમાંથી પાપો ઓછાં કરતો જાય. પાપ ઓછાં કરતાં એક દિવસ એવો પણ આવી જાય કે એ પાપો સર્વથા છૂટી જાય, ત્યારે તો સોનામાં સુગંધ ભળી જાય. આ રીતે આત્મા આત્મકલ્યાણના માર્ગ પર અગ્રેસર થશે તો ધર્મ અને ધર્મી બંનેની કીંમત વધશે; આથી પાપભીરૂતા અને ભવભીરૂતા એ જ ધર્મીની યોગ્યતા-પાત્રતાનો માપદંડ છે.

## ઈશ્વરોપાસના ધર્મ

ધર્મ આરાધનામાં ઈશ્વરની ઉપાસના કેન્દ્રમાં છે. ઉપાસનાના કેન્દ્રમાં ઈશ્વર જરૂર છે. આપણી આખીય સાધના ઈશ્વરની આસપાસ છે. આત્માને વિકાસ પથ પર અગ્રસર કરવા માટે ઈશ્વરનું આલંબન લીધા વગર આગળ વધવું અસંભવ જેવું છે. આથી અધ્યાત્મ વાદી આસ્તિક ઈશ્વરોપાસનાને આલંબન રૂપમાં કેન્દ્રમાં રાખશે. ઈશ્વરતત્ત્વ આપણા માટે એક ઊંચો આદર્શ છે; સર્વોચ્ચ આદર્શ છે. અલ્પજ્ઞએ સર્વજ્ઞની સાધના કરવાની છે અને અલ્પજ્ઞતા હઠાવીને સર્વજ્ઞતા પામવાની છે. અપૂર્ણતા દૂર કરીને પૂર્ણતા પ્રાપ્ત કરવાની છે; એ રીતે ઈશ્વરમાં એક નહીં, અનેક ગુણો છે. પરંતુ આપણામાં તો એક નહીં અનેક દુર્ગણો છે.

આ દુર્ગુણોને કારણે આપણે દુષ્ટ-દુર્જન કહેવાઈએ છીએ. આથી દોષોને કાઢવા માટે નિર્દોષનો સહારો લેવો, દોષ રહિત ઊંચા આદર્શનો સહારો લેવો અનિવાર્ય છે. સાધનાના કેન્દ્રમાં નિર્દોષ આલંબન કોઈનું પણ લેવું પડશે, એ કોણ અને કેવું હોય છે ? શું આપણા જેવો જ કોઈ આપણું આલંબન થઈ શકે ?ના, નિર્દોષતાના સાધ્યની સાધનામાં સદોષીને આલંબન બનાવવામાં સાધનાનું પરિણામ વિપરીત આવશે. રાગીને આલંબન બનાવીને આપણે વીતરાગી ન બની શકીએ. રાગી તો આપણે છીએ જ, વીતરાગતા પ્રાપ્ત કરવાનું સાધ્ય બનાવીએ વીતરાગતાની સાધના માટે વીતરાગનું આલંબન જ ઊંચું

આલંબન ગણાશે. આથી જે સર્વજ્ઞ હોય, નિર્દોષ-દોષરહિત હોય પૂર્ણ તત્ત્વ હોય, વીતરાગ હોય. એવા અનેક ગુણોથી પરિપૂર્ણ તત્ત્વ ચાહે ઈશ્વર નામ વાચ્ય હો એ જ આપણી ઉપાસાનાનું કેન્દ્ર બની શકે છે.

ઉપાસનાની પદ્ધતિઓ ભિન્નભિન્ન હોઈ શકે, પરંતુ ઉપાસ્યનું સ્વરૂપ ભિન્નભિન્ન ચિત્ર-વિચિત્ર કરી દેશો તો સાધનાનું ફળ પણ ચિત્ર વિચિત્ર થઈ જશે. સાધક સાધનાને સહારે સાધ્યને પ્રાપ્ત નહીં કરી શકે તો એની સાધના વ્યર્થ જશે.

## ગુણોપાસનાનો આધાર - 'ઈશ્વર'

ગુણપ્રાપ્તિ નિર્ગુણીની સાધનાનું લક્ષ્ય છે, આથી સર્વગુણસંપન્ન તત્ત્વ ઈશ્વર - પરમાત્મા સ્વરૂપમાં, પરમશુદ્ધ સ્વરૂપમાં, પરમપુરુષ-પુરૂષોત્તમ, સાર્વોચ્ચ સ્વરૂપમાં આપણા સહાયક ઉચ્ચ આદર્શભૂત આલંબન છે. આલંબન લીધા વગર નિઃસહાય ચાલી ન શકે. બાળકને ચલાવવામાં આપણે આંગળી પકડીને ચલાવવાનો સાથ આપવો પડે છે.

અજ્ઞાની સાધક આજ બાલ્યાવસ્થામાં છે; આથી વગર આલંબને આગળ વધવું એ અશક્ય છે. એ રીતે આલંબન જો ઊંચા આદર્શનું લેવામાં આવે તો એને પૂરું માન-સન્માન આપવું એ સાધકનું કર્તવ્ય બને છે. પૂજ્ય-પૂજનીય પ્રતિ પૂજીએ એની પૂજની-યતાનું સન્માન છે. અપમાન પૂજા ભાવને જીયો પાડશે. વિકાસ પથની સાધનામાં આ સાધક નહીં, બાધક બનશે. આથી પૂજનીય પ્રતિ પૂજ્યભાવને વ્યક્ત કરનારી પૂજા પદ્ધતિ ઉપાસનાનો પ્રકાર છે-પદ્ધતિ છે. પૂજ્ય પૂજનીય કેમ છે ? કેમકે પૂજા કરવા યોગ્ય એમનું ઊંચુંસ્થાન છે, ગુણોનો ભંડાર છે. સર્વદોષ રહિત છે. સર્વગુણ સંપન્ન છે. સાધક નિર્ગુણી છે. દોષગ્રસ્ત છે. સાધ્ય જ્યારે સર્વગુણ સંપન્ન હોય અને સાધક સર્વદોષ સંપન્ન હોય તો જ પૂજાની ઉપયોગિતા સિદ્ધ થશે.

પૂજ્યની પૂજા કરવી અંતસ્થ સદ્‌ભાવોને-સન્માનને વ્યક્ત કરવાનો પ્રકાર છે. સાચો માર્ગ છે, એ જ ભક્તિ છે. ભક્તિ ભગવાન સાથે જોડાયેલી છે, જેનો કર્તા સ્વયં ભક્ત છે. ભક્તિમાં એ શક્તિ છે કે જે ભગવાનની ભગવતતાને ખેંચીને લાવવાનું ચુંબકીય કાર્ય કરે છે, આથી ભક્તિ એ ભક્ત અને ભગવાનની વચ્ચેની કડી છે. જેમ પતિપત્ની વચ્ચે પ્રેમની કડી છે. મા અને બેટી વચ્ચે સ્નેહ-વાત્સલ્યની કડી છે, એ બેનો ભેદ મટાડીને અભેદની દિશામાં લઈ જાય છે.

એ રીતે ભક્ત અને ભગવાનની વચ્ચેના ભેદને કાપનારી ભક્તિ એ કડી છે, જે ભેદ મટાડીને અભેદ ભાવની કક્ષામાં લઈ જઈને એકાકાર બનાવી દે છે. ભક્ત ભગવાન બની જાય છે. આથી ભક્તિમાં ગુણાકર્ષણની ચુંબકીય શક્તિ છે.

ઈશ્વર જે આત્મગુણોના સર્વ સંપૂર્ણ વૈભવ ઐશ્વર્યોમાં સંપન્ન છે, એ જ આપણી ભક્તિનું કેન્દ્ર છે. ભક્તિ એને પામવાનું સરલતમ માધ્યમ છે. જેમાં ગુણોત્કર્ષનું સ્થાન છે, એના ગુણોનું ગુણાકર્ષણ કરવા માટેની ચુંબકીય શક્તિ ભક્તિ છે. ભક્ત ભગવાનને પ્રાર્થના કરે છે કે -

ગુણ અનંતા સદા તુ જ ખજાને ભર્યા, એક ગુણ હેત મુજ શું વિમાસો ?

ભક્ત ભક્તિના માધ્યમથી ભગવાન અને પોતાની વચ્ચેનો ભેદ-અંતર ઓછું કરતો સમીપમાં આવીને ગુણયાચના કરતાં કહે છે, 'હે પ્રભુ ! આપ તો સદૈવ અનંત ગુણોથી ભરેલા છો, ગુણભંડાર છો, આથી મને પણ એક ગુણ આપી દો ! એક ગુણ આપવામાં આપના ગુણ-ભંડારમાં કયાં ખોટ આવવાની છે ?'' પરમાત્મ સ્વરૂપ ઈશ્વરને ગુણૈશ્વર્ય સંપન્ન કહ્યા છે. ઈશ્વરોપાસના ભક્તિના માધ્યમથી કરવામાં આવે છે.

### ઈશ્વરને ઓળખવો જરૂરી છે

એક પત્નીને એના પતિની ઓળખાણ અંગે પૂછવામાં આવે અને પત્ની ઉત્તરમાં કહે ''તે કેવા છે. તે કોણ છે ઈત્યાદિ હું નથી જાણતી.'' ''પતિ દેવો ભવ'' ની ભાવનાથી પત્ની પતિ પ્રત્યે સમર્પિત છે અને એ રીતે પોતાનો સંસાર ચલાવતી ૨૫-૫૦ વર્ષોનો કાળ વિતાવી ચૂકી છે. ૫૦ વર્ષની લાંબી અવધિ સુધી પતિની સાથે રહીને પતિની સેવા કરતી ભક્તિ કરતી પત્ની એવો જવાબ આપે એ સંભવ નથી લાગતું એ પોતાના પતિને સારી રીત જાણે છે. નખથી માથા સુધી નસ નસ ઓળખે છે. ના, કેવી રીતે કહે ? ઠીક છે કે સંસારી સંબંધ છે અને જિંદગીભરનો સાથ છે માટે પત્ની પતિને સારી રીતેં ઓળખતી હોય એ સંભવ છે.

પરંતુ આપણે આ જ પ્રશ્ન એક ભક્તને પૂછીએ કે ભાઈ ! તું જે ભગવાનની વર્ષોથી ભક્તિ કરે છે એ ભગવાનને ઓળખે તો છે ને ? ભગવાનનું સ્વરૂપ સારી રીતે જાણે છે કે નહીં ? કદાચ પત્નીના ઉત્તરની જેમ ભક્ત આટલા દૃઢ વિશ્વાસથી ઉત્તર આપશે કે નહીં એમાં આપણને શંકા છે. પત્ની પતિને સારી રીતે જાણે છે. ઓળખે છે પરંતુ એક ભક્ત ભગવાનને સારી આળખે છે ?!

જેનું જેવું સ્વરૂપ છે, એનું એવું સ્વરૂપન જાણીએ, ન ઓળખીએ તો એ સમ્યગ્ દર્શન નહીં થાય, કેટલાક ભગવાનને ઓળખતા જ નહીં હોય અને કેટલાક ભગવાનને ઓળખતા ય હશે તો પણ એ લોકો ભગવાન જેવા છે તેવા નથી જાણતા. એમાં પણ વિકૃતિઓ ઊભી કરી દે છે. વિકૃત સ્વરૂપમાં ઓળખે છે. આથી બીજાને આપણે આપણી જેવી દૃષ્ટિ છે એવા સ્વરૂપમાં ન ઓળખીશું તો મિથ્યા દર્શન થઈ જશે.

ભગવાન જેવા છે, જેવું શુદ્ધ સ્વરૂપ એમનું છે, એવા જ શુદ્ધ સ્વરૂપમાં ઓળખીએ તો જ સાચી ઓળખાણ થશે. આ જ સમ્યગ્ દર્શન કહેવાશે. આપણે બજારમાં જઈએ છીએ તો પણ પીળું એટલે સોનું એમ સમજીને ખરીદતા નથી, અને જો એ રીતે ખરીદીશું તો આપણે ઠગા ઈ જઈશું. કારણ કે તર્ક પદ્ધતિથી જ ન્યાય લગાડયો નથી, સાચો ન્યાય પણ જુઓ કે 'સોનું હોય છે તે જરૂર પીળું હોય છે' એમાં સંદેહ નથી પરંતુ હરેક પીળો પદાર્થ સોનાના રૂપમાં જ છે એવો નિયમ નથી, પીળું જોઈ સોનું ન સમજો, સોનાને જરૂર પીળું સમજો. કેટલાય એક જેવા પીળા રંગના પદાર્થોમાં સોનું પણ પીળું છે. પીળાપીળા રંગના સમાનદર્શી પદાર્થોમાં સોનું ય પીળું છે રંગ સામ્યતામાં પદાર્થ ખોવાઈ ગયો છે.

એને શોધી કાઢવામાં ચોક્કસ પરીક્ષક બુદ્ધિ અપનાવવી પડશે. પરીક્ષા કરીને ખરીદવાથી ઠગાઈ નહીં જઈએ. કસોટીના પથ્થર પર સોનાની પરીક્ષા કરવામાં આવે છે. એ રીતે કષ છેદ, ભેદ તાપાદિ ભિન્ન ભિન્ન પરીક્ષાઓથી સોનું ખરીદવામાં આવે છે. આપણી લાખોની સંપત્તિ વ્યર્થ ચાલી ન જાય આથી સુવર્ણ પરીક્ષા-રત્ન પરીક્ષા આદિ કરવામાં આવે છે. અહીં પરીક્ષા કરવી લાભદાયી છે.

ન્યાય તાર્કિક શિરોમણિ પૂ. હરિભદ્રસૂરીજી મહારાજ પણ ભગવાનની, ધર્મની પરીક્ષા કરીને ભગવાન અને ધર્મને ઓળખવાનું સૂચવે છે. જેની આપણે જિંદગીભર પૂજા કરીએ, ઉપાસના કરીએ, જીવનભર જેની ભક્તિ કરીએ અને એને ન ઓળખીએ તો આપણી ભક્તિ નિષ્ફળ ચાલી જશે. - 'વગર વિચાર્યું જે કરે તે પાછળથી પસ્તાય'. કહેવત ચરિતાર્થ થતી જણાશે.

એક ગૃહસ્થે એક રત્નમણિને પારસમણિ સમજીને ખૂબ સંભાળીને રાખ્યો. પ્રાણથીય વધારે એનું જતન કર્યું.કોઈ જોઈ ન જાય, કોઈ ચોરી ન જાય એ ડરથી એ હમેશાં તેને હૃદય સરસો રાખતો, અને એ એટલા માટે કે કદાચ ભવિષ્યમાં જ્યારે આર્થિક સંકટ આવી પડે તે દિવસે પારસમણિ દ્વારા સોનું બનાવીને આજીવિકા ચલાવી લઈશું. એને સંભાળતાં સંભાળતાં ૫૦-૬૦ વર્ષ વીતી ગયાં, આર્થિક પરિસ્થિતિમાં પલટો આવ્યો, બે યુવાન દીકરાઓ મોતના મુખમાં ચાલ્યા ગયા. આજીવિકાનો આધાર તૂટી ગયો. આયુ વૃદ્ધાવસ્થાએ પહોંચી ગઈ હતી. ઘરમાં ખાવા પીવાની સમસ્યા ઊભી થઈ ગઈ, આથી પત્નીએ કહ્યું કે 'હવે તો પારસમણિ કાઢો, કંઈક સોનું બનાવો, બજારમાં વેચીને અનાજ ખરીદી લાવો. જેથી આજીવિકા તો ચાલે.'

પતિએ પત્નીની વાત ગંભીરતાથી વિચારી, વાત સાચી હતી. વૃદ્ધે પત્નીને કહ્યું: 'ક્યાંકથી થોડાક લોઢાના ટુકડા એકત્ર કરી લાવો. હું પારસમણિ કાઢું છું. સ્પર્શ કરીને સોનું બનાવી લઈશું. ૫૦-૬૦ વર્ષથી પ્રાણથીય પ્રિય એવા પારસમણિને સંભાળીને રાખ્યો હતો તેના પરની પટ્ટી ખોલી નાખી. વૃદ્ધ તો પ્રસન્ન હતો. આખરે ગરીબ માટે તો એક એક પૈસો આશાનું કિરણ છે-આશ્ચર્ય એ વાતનું હતું કે પારસમણિ સમજીને વર્ષો સુધી પોતાની પાસે સંભાળી રાખેલ પણ કદીય સોનું બનાવીને જોયું ન હતું. કારણ કે એણે વિચારેલું : 'જો આજથી સોનુ થશે; કોઈ કમાશે નહીં' તેથી જરૂર પડશે ત્યારે બનાવી લઈશું એવું વિચારીને સંભાળીને પારસમણિ રાખી મુક્યો હતો. આજે સોનું બનાવવાની સ્થિતિ આવી ગઈ એવું સમજીને સોનું બનાવવા અંદરના ઓરડામાં પ્રવેશ કર્યો. પત્ની લોઢાના ટુકડા લઈ આવી, ઘર બંધ કરીને વૃદ્ધે પારસમણિ બહાર કાઢ્યો અને લોખંડને સ્પર્શ કર્યો, હાય,અફસોસ ! કશું જ ન થયું. સોનું ન બન્યું. વૃદ્ધ પરેશાન થઈ ગયો, પારસમણિ લોઢાના ટુકડાઓ પર રગડવા લાગ્યો. ખૂબ જોરથી ઘસ્યો. બિચારાને પરસેવો-પરસેવો થઈ ગયો !

'નાચ ન જાણે આંગણું વાંકું' વાત પત્ની સામે મુકવા વિચાર્યું પણ પેટ ભરવા

માટે કશું જ નથી, ખાવાની સમસ્યા છે. બિચારો વૃદ્ધ માથું પટકી પટકીને રડવા લાગ્યો. બૂમો પાડવા લાગ્યો.

હવે શંકા પડી કે જેને પારસમણિ ધાર્યો હતો તે સાચે જ પારસમણિ છે કે સામાન્ય પથ્થર માત્ર છે ? પારસમણિ હોત તો સોનું કેમ ન બનત ? પારસમણિની ઓળખાણ જ એ છે કે તે લોઢાને સોનુ બનાવે. હવે શું કરવું ? પત્નીએ વ્યંગ કર્યો પોતાના ૫૦-૬૦ વર્ષના જીવન દરમ્યાન શા માટે પ્રાણથી વધારે વહાલો ગણીને સંભાળી શું તમારા મસ્તકે પથ્થર બાંધી રાખ્યો હતો ? લોકોની સામે સંતાડવા કહેતા હતા કે... નહીં ? 'માથામાં ગાંઠ થઈ છે.' આ રીતે તમે જતન કર્યું અને સાથે ૫૦-૬૦ વર્ષ પછી આ પરિણામ ? શું વાત છે ?'-

વૃદ્ધ બિચારો બરફની જેમ ઠંડો થઈ ગયો, કાપો તો લોહી ન નીકળે. શાના ઉપર રડે? પારસમણિના નામ ઉપર ? યા પથ્થરના નામ પર ? યા ૫૦-૬૦ વર્ષ સંભાળીને રાખ્યો એના ઉપર ? આખરે રોવું કોની ઉપર ? કોઈના પર નહીં, પોતાની અજ્ઞાનતા પર રડવાનું છે.

પત્નીએ કહ્યું:'તમે તમારી બુદ્ધિથી પારસમણિ સમજીને રાખી લીધો હતો, પરંતુ વાસ્તવમાં પારસમણિ હતો કે નહીં તેની રાખવા પહેલાં પરીક્ષા કરવી જોઈતી હતી કે આ સાચે સાચ જ પારસમણિ છે કે નહીં. રાખવા પહેલાં લોઢાના ટુકડાને સોનું બનાવીને જોઈ લેવું હતું. ૫૦-૬૦ વર્ષ નિરર્થક સંભાળી રાખ્યો. આ એને પથ્થર માનીને ફેંકી દેવાનો દિવસ આવ્યો. હવે તો માથે હાથ મૂકીને રડવા સિવાય શું વિકલ્પ રહ્યો ? ન ફેંકી દેવા ની હિંમત, ન રાખવાની સમજ શું કરવું. અફસોસ સિવાય શું રહ્યું ?'

કદાચ ભગવાનના વિષયમાં પણ કઈક આવી જ વાત છે. આપણે જિંદગીનાં ૫૦-૬૦ વર્ષથી ઈશ્વરોપાસના કરી રહ્યા છીએ. મોક્ષદાતા, સર્વગુણસંપન્ન, સર્વજ્ઞ, વીતરાગ સમજીને જેને ભગવાન કહીએ છીએ તે એવું ન બને કે ૫૦-૬૦ સાલ પછી અંતમાં રાગી-દ્વેષી દેવ નીકળે. કોઈ સ્વર્ગીય દેવ દેવી જ ન હોય.

જે સર્વજ્ઞ, વીતરાગ ન હોય અને આપણા જેવો જ દોષયુક્ત, રાગદ્વેષવાળો રાગી-દ્વેષી ન હોય. એ વર્ષો પછી ખબર પડે તો કેવું લાગે? જેવી પેલા પારસમણિવાળા વૃદ્ધની દશા થઈ એવી જ દશા આપણી થશે. માથે હાથ મૂકીને રડવાની દશા જ આવશે. આથી સારું તો એ છે કે આપણે ઉપાસ્ય તત્ત્વની ઉપાસના કરવા પહેલાં એમના સાચા સ્વરૂપને સમજીને એમની ઉપાસના કરીએ. એટલા માટે ઈશ્વર-પરીક્ષા કરવા માટે મહાપુરુષોએ અનુમતિ આપી છે.

## આપણે ઈશ્વરની શું પરીક્ષા કરીએ ?

સામાન્ય રીતે સંસારમાં વિદ્યમાન ભિન્નભિન્ન ધર્મો ઈશ્વર વિષયક માન્યતા ધરાવે છે. ઈશ્વર જ કેન્દ્ર સ્થાનમાં છે. ભલેને ઈશ્વરવાદી માન્યતાવાળા હોય યા નિરીશ્વરવાદી માન્યતાવાળા ધર્મ હોય, એમણે પણ શુદ્ધાત્મા, મુક્તાત્મા પરમાત્માની વાતો કરી છે.

ઈશ્વર વિષયક માન્યતાઓ ભિન્નભિન્ન પ્રાકરની છે; માનવાનું સ્વરૂપ ભિન્નભિન્ન છે.

વૈદિક ધર્મમાં ઈશ્વરને સૃષ્ટિ કર્તાના રૂપમાં માનવામાં આવ્યો છે. બૌદ્ધ ધર્મમાં ગૌતમ બુદ્ધ જે આ ધર્મના આદ્ય પ્રવર્તક હતા, એમને બુદ્ધ પુરુષના રૂપમાં માનવામાં આવ્યા છે; પરંતુ બૌદ્ધ ધર્મમાં સૃષ્ટિકર્તાના રૂપમાં ઈશ્વરને માન્યો નથી. જૈન દર્શને સૃષ્ટિકર્તા ઇશ્વરને ઇશ્વર માન્યો નથી. આથી એ નિરીશ્વરવાદી કહેવાય છે. પરંતુ જૈન દર્શને પરમાત્મા અરિહંતને ભગવાન સ્વરૂપમાં માન્યા છે. પરમાત્મા વીતરાગ સ્વરૂપ છે, સર્વજ્ઞ છે. સર્વાવરણ રહિત છે. સર્વકર્મ દોષમુક્ત છે. પરમ પદ પામ છે. આથી શુદ્ધ-વિશુદ્ધ આત્માની પરમાત્મા વરવા છે. મુક્તાત્મા-સિદ્ધાત્માનું સ્વરૂપ સર્વથા કર્મમુક્ત છે. જન્મ-મરણ અને સંસારચક્રથી મુક્ત છે, આથી અવતારવાદ પણ જૈન દર્શને નથી સ્વીકાર્યો પ્રત્યેક આત્મા આત્મદ્રવ્ય સ્વરૂપથી એક જેવો છે. કર્મથી ભેદ છે. ઉદાહરણાર્થ - આભુષણો આકૃતિભેદથી ભિન્ન ભિન્ન દેખાતાં હોવા છતાં પણ, મૂળભુત સુવર્ણદ્રવ્યની દૃષ્ટિથી એક સરખાં જ છે. એ રીતે કર્મોપાધિજન્ય દેહભેદથી ભિન્ન ભિન્ન હોવા છતાં પણ આત્મ દ્રવ્યની દૃષ્ટિથી એક રૂપતા છે. સામ્ય છે. અનંત-આત્મા સ્વીકારનાર જૈન દર્શનમાં એક જ સર્વોપરિ સત્તાનો ઈશ્વરરૂપે સ્વીકાર નથી કર્યો. કોઇ પણ આત્મા સ્વકર્મોને ક્ષય કરીને વિશુદ્ધિની કક્ષા સુધી પહોંચીને પરમાત્મપદ પામ કરી શકે છે. સર્વકર્મથી મુક્ત બની શકે છે. મુક્તાત્મા પુનઃ સંસારમાં પાછો ફરતો નથી, અવતારવાદી માન્યતા જૈન દર્શનને માન્ય નથી. સ્વોપાર્જિત કર્માનુસાર જ જીવ કર્મફલ પ્રામ કરે છે માટે ફલદાતાના રૂપમાં પણ ઈશ્વરને સ્વીકારવામાં આવ્યો નથી.

ન્યાય મતાનુસાર ઈશ્વર જગત કર્તા, પાલનકર્તા અને સંહાર કર્તાના રૂપમાં છે. તે જગતનું નિમિત્ત કારણ છે, એ જીવોના કર્મોનો નિર્દેશ કરે છે. અને ઈશ્વર ફલદાતા રૂપે છે. એ જ ફળ આપે છે. ઈશ્વર વિશ્વકર્તા છે. ઈશ્વર જ સૃષ્ટિનો કર્તા પણ છે, પાલન કર્તા પણ છે એ જ સૃષ્ટિનો પ્રલયકર્તા પણ છે. એ સર્વ શક્તિમાન છે, એવી માન્યતા છે. વૈશેષિકોએ વિશેષ ભેદ એ કર્યો છે કે પરમાણુવાદને સૃષ્ટિકસંબંધી કારણ માન્યું છે, પરંતુ પરમાણુવાદ માનીને પણ પરમાણુઓના સંચાલક રૂપે ઈશ્વરને માન્યો છે. ઈશ્વર-ઈચ્છા જ બળવાન છે. પરમાણુઓના સંયોગ-વિયોગ અને ગતિ આદિમાં ઈશ્વરેચ્છા જ કારણ છે. આથી ઈશ્વરની ઈચ્છા હોય ત્યારે સૃષ્ટિરચના અને પ્રલય આદિ થયા કરે છે.

સાંખ્ય દર્શનમાં સેશ્વરસાંખ્ય અને નિરીશ્વર સાંખ્ય બે પક્ષો ચાલે છે. સાંખ્ય મત સૃષ્ટિ કર્તાના પક્ષમાં નથી, પ્રકૃતિ પુરૂષ આદિ-૨૫ તત્ત્વોની વ્યાખ્યા સાંખ્યદર્શનમાં બેસાડવામાં આવી છે. પુરુષ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ રાગદ્વેષથી પર છે. પુરૂષ ઈશ્વર રૂપ નથી, એ પ્રકૃતિના વ્યાપારોનો દ્રષ્ટા છે, એ જન્મ મરણના ચક્કરથી મુક્ત છે.

ઈશ્વરના અસ્તિત્વમાં માનનારો સેશ્વર સાંખ્ય મત જ 'યોગદર્શન' ના નામે પ્રસિદ્ધ છે. એવી ધારણા છે. મહર્ષિ પતંજલિ આના મુખ્ય ઉદ્ભાવક છે. એમાં ઈશ્વરનું અધિકતર વ્યાવહારિક મહત્ત્વ છે. યોગસૂત્રમાં કહ્યું છે કે - **क्लेश कर्म**

**विपाकाशयैरपरामृष्टः पुरुष विशेषः ईश्वर :।** કલેશ કર્મ અને એમનાં ફળો અને વાસનાદિથી અસંપૃષ્ટ પુરૂષ વિશેષને જ ઈશ્વર કહેવામાં આવે છે. પરમ પુરૂષ ઈશ્વર કહેવામાં આવે છે. પરમ પુરૂષ ઈશ્વર સ્વરૂપ જ છે, એ જ પરમાનંદ રૂપ છે.

હિન્દુ ધર્મમાં વૈદિક પરંપરમાં ઈશ્વરને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના ત્રણ રૂપોમાં માનવામાં આવ્યો છે. બ્રહ્મા સૃષ્ટિની રચના કરે છે. વિષ્ણુ સૃષ્ટિના પાલક છે, મહેશને પ્રલયકારી સંહાર કર્તા રૂપે સ્વીકારવામાં આવ્યા છે. ઈશ્વરના જ હાથમાં સર્વ જીવોનાં કર્મફળ આપવાની સત્તા છે. ઈશ્વર જ જગતનો નિયંતા છે. આથી ઈશ્વરેચ્છા જ બળવાન છે. ઈશ્વરની ઈચ્છા વગર વૃક્ષનું પાન પણ હાલી શકતું નથી, અહીં અવતારવાદ માનવામાં આવ્યો છે. એક જ ઈશ્વર વારંવાર જન્મ લે છે, આવે છે - આથી એકેશ્વરવાદની કલ્પના છે. જીવને ઈશ્વરનો જ અંશ માનવામાં આવે છે. આ માન્યતા વૈદિક પરંપરાની છે.

મીમાંસા મત - પૂર્વ મીમાંસા અનં ઉત્તર મીમાંસા એ ઈશ્વરને સૃષ્ટિ કર્તા રૂપે સ્વીકાર કરતા નથી, અહીં ઈશ્વર કરતાં પણ વધારે મહત્ત્વ વેદને આપતાં વેદને અપૌરૂષેય સિદ્ધ કરવામાં આવ્યા છે. જગત્કર્તૃત્વવાદનું મીમાંસકો ખંડન કરે છે. કર્મ પ્રધાનતા માનવા માં આવી છે. ઉત્તર મીમાંસાને જ વેદાંત દર્શન કહેવામાં આવે છે. એમાં બ્રહ્મનું મુખ્ય વર્ણન છે. એમાં પણ શાંકરવેદાન્ત-રામાનુજવેદાન્ત, નિમ્બાર્ક વેદાન્ત, વલ્લભ વેદાન્ત આદિ અનેક ભેદો છે. થોડા ઘણા અંતર સાથે સૌની માન્યતામાં ભેદ છે.

રામાનુજ વેદાન્ત અનુસાર ઈશ્વર અનંત જ્ઞાનવાન, આનંદસ્વરૂપ, સદ્‌ગુણયુક્ત, વિશ્વસૃષ્ટા, પાલક અને સંહારક - ચારે પુરૂષાર્થોનો દાતા ઈચ્છાનુરૂપ રૂપ ધારણ કરનારો છે. બ્રહ્મ સગુણ છે; એ પુરૂષોત્તમ છે; શાંકરમતાનુસાર ઈશ્વર સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન છે, ઈશ્વર જીવોનો નિયંતા છે. શૈવમત-વૈષ્ણવ મતાદિ કેટલાય મતો છે. થોડાક ભેદ સાથે બધા એકેશ્વરવાદી માન્યતા રાખે છે.

શીખ ધર્મમાં ઈશ્વર એક છે. એક ઈશ્વર સૌનો પિતા છે; એ જ સર્વ કારણોનું કારણ છે. ઈશ્વર એક જ છે. શીખ ધર્મમાં પણ સૃષ્ટિકર્તાના રૂપમાં ઈશ્વરને માનવામાં આવે છે. એક સ્વયંભૂ સ્વયં અવલંબિત ઈશ્વરે જ સંસાર બનાવ્યો છે. સૌની ઉપર એનું શાસન છે. ઈશ્વર, અનંત, અકાલ અને નિરંકાર છે. ઈશ્વર સર્વવ્યાપિ છે.

પારસી ધર્મમાં ઈશ્વરની કલ્પના કરવામાં આવી છે. 'આહુર્ મજ્દ' આત્મારૂપ છે, તે પરમ મંગલકારી છે. એ આખી પૃથ્વીની ઉપર સ્વર્ગમાં છે. જરથુષ્ટે આ કલ્પના જગતને આપતાં ઈશ્વરનું સ્વરૂપ બતાવ્યું છે. સર્વોચ્ચ સત્તા માટે 'સાહુરમજદ્' ઈશ્વર માટે આ નામનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેની સર્વશ્રેષ્ઠતા બતાવવામાં આવી છે. એ જ સર્વેસર્વા રૂપ છે.

ઈસાઈ ધર્મ ઈસા મસીહથી શરૂ થયો છે. ઈસાએ અનંત દયાળુ રૂપમાં ઈશ્વરને બતાવ્યો. એ મનુષ્ય ઉપર અત્યધિક પ્રેમ કરે છે. આથી ઈશ્વરને પ્રેમ અને દયાનું પ્રતીક માન્યો છે. ઈશ્વરને જ સર્વ સુખદાતાના રૂપમાં સ્વીકારવામાં આવે છે. તે જ પરમ પિતાના

રૂપમાં છે. પરમ સત્તાના રૂપમાં છે. ઈશ્વરને સ્રષ્ટા અને ઉદ્ધારના રૂપમાં પણ માનવામાં આવ્યો છે. ઈશ્વર એ સ્રષ્ટા છે અને બાકીની આખી દુનિયા એનું સર્જન-રચના છે. એ દેશ કાળની સીમાઓથી પર છે. ઈશ્વર સતત કાર્યરત રહે છે એમ પણ કહ્યું છે. ઈશ્વરની ઈચ્છાથી જ સંસાર ચાલે છે. ઈશ્વર સ્વભાવથી પ્રેમ સ્વરૂપ દયાળુ છે. એ સર્વોપરિ સર્વસ્વામી રૂપે છે. અવતારવાદને ઈસાઈ માને છે ખરો પરંતુ એમ કહે છે કે ઈશ્વરનો પુત્ર ધરતી ઉપર આવે છે. એને ઈશ્વરે બનાવ્યો છે, એને એ મોકલે છે. ઈસાઈ મત પણ સૃષ્ટિ કર્તૃત્વવાદી ઈશ્વરના વિચારમાં અન્ય જગત કર્તૃત્વવાદી પક્ષથી ઠીકઠીક મળતો આવે છે.

ઈસ્લામ ધર્મમાં ઈશ્વરને આ મુખ્ય ૭ શબ્દોમાં સમજાવ્યો છે કે ઈશ્વરના ગુણવાચી સ્વરૂપના ઘોતક છે. ૧) હયાત (જીવન) ૨) ઈજમ (જ્ઞાન) ૩) કદ્ર (શક્તિ) ૪) ઈરાદો (ઈચ્છા) ૫) સમ (શ્રુતિ) ૬) બખર (દૃષ્ટિ) ૭) કલામ (વાણી). ઈસ્લામ પ્રમાણે ઈશ્વરનો કોઈ સમાન ધર્મ-સમાન્તર નથી, તે ઈશ્વરને ત્રિકાળજ્ઞ માને છે. એ જ સર્જક છે. 'કુર આન' માં કહ્યું છે કે ઈશ્વરની વાણીને પયગંબર દ્વારા જ સાંભળી શકાય છે,આથી પયગંબર વારંવાર થાય છે. અલ્લાહ એક છે. ઈશ્વર સર્વ શક્તિમાન, બધું જ જોનાર છે. ઈસ્લામમાં પણ ઈશ્વરેચ્છાને બળવાન કહી છે. એ પોતાની મરજીથી બધું જ કરી શકે છે. એ જ રહમતગાર, બંદા-પરવર છે, રોટી આપનાર છે. બધું જ અર્પનાર છે. એ અદૃશ્ય છે. આ રીતે 'કુર આન' ધર્મગ્રંથ છે કે જે ઈશ્વરનું સ્વરૂપ પ્રતિપાદિત કરે છે.

આ જગતના મુખ્ય ધર્મો યા દર્શનો થયાં એ રીતે અન્ય ધર્મો પણ છે... યહુદી, તાઓ, શિન્તો - કન્ફ્યુશિયસ આદિ અનેક ધર્મો છે. આ બધામાં પ્રાયઃ સૃષ્ટિકર્તાના રૂપમાં ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું છે. અને અન્ય સામ્ય પણ અનેક પ્રકારનાં મળ્યાં છે. ઈશ્વરને એક માલિક - સ્વામીના રૂપમાં જોવામાં આવ્યો છે. એની ઈચ્છા પર જ બધો આધાર છે. પ્રાયઃ ઈશ્વરવાદી માન્યતાવાળા વિચારો કેટલેક અંશે સરખા જેવા જ છે. વાતનું સ્વરૂપ ભિન્ન હોવા છતાં પણ હેતુ મળતો આવે છે.

## ઈશ્વરવાદ અને નિરીશ્વરવાદ

ઈશ્વરવાદથી માત્ર ઈશ્વરના અસ્તિત્વને જ માનવું એવું થી. પરંતુ સૃષ્ટિકર્તા રૂપમાં, જગતકર્તા રૂપમાં ઈશ્વરને સ્વીકારવો એ ઈશ્વરવાદીનો મુખ્ય અર્થ છે એટલા માટે હિન્દુ, શીખ, ન્યાય, વૈશેષિક મતવાદી ઈસ્લામ અને ઈસાઈ આદિ મુખ્ય ધર્મો ઈશ્વરને સૃષ્ટિકર્તાના રૂપમાં સ્વીકાર કરે છે.

ઈશ્વરવાદ કરતાં બરાબર વિપરીત શબ્દ નિરીશ્વરવાદ જ્યારે આવે છે ત્યારે એનો એવા વિરુદ્ધ અર્થ નથી કે નિરીશ્વરવાદી ધર્મો ઈશ્વરને માનતા જ નથી-આવી વાત નથી, અર્થનો વિચાર કરતાં ખબર પડે છે કે નિરીશ્વરવાદી ધર્મો માત્ર જગતકર્તા-સૃષ્ટિના સર્જક રૂપે ઈશ્વરને સ્વીકારતા નથી; આથી તે નિરીશ્વરીવાદી યા અનીશ્વરવાદી કહેવાય છે. પરંતુ અનીશ્વરવાદીઓએ પણ પરમાત્મા સ્વરૂપને આત્મગુણૈશ્વર્યસંપન્ન પૂર્ણ, શુદ્ધ સર્વજ્ઞ -વીતરાગ સ્વરૂપમાં માનીને ઉપાસના અવશ્ય કરી છે. ઉદાહરણાર્થ જૈનધર્મ,

મીમાંસક તથા સાંખ્ય અને યોગદર્શન એ મુખ્યરૂપમાં નિરીશ્વરવાદી જરૂર છે અર્થાત્ સૃષ્ટિકર્તાના રૂપે સંસારના નિર્માતા યા નિયંતા યા સંહારકના રૂપમાં યા ઈચ્છાના કેન્દ્રના રૂપમાં ઈશ્વરને માનતા નથી, પણ બૌદ્ધ ધર્મમાં તથાગત બુદ્ધને બોધિજ્ઞાન સંપન્ન મહાપુરુષ ભગવાન માનવામાં આવ્યા છે. જૈન ધર્મમાં આત્મા જ પરમાત્મા બને છે તે સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગી, અરિહંત, તીર્થંકર, સર્વકર્મરહિત, દોષમુક્ત, સર્વ વિશુદ્ધ અવસ્થામાં બિરાજમાન સિદ્ધ, બુદ્ધ-મુક્તને પરમેશ્વર માનવામાં આવે છે. હા, વીતરાગ હોવાથી ઈચ્છા તત્ત્વથી રહિત છે. કારણ કે ઈચ્છા પણ રાગનો પર્યાય છે આથી રાગ દ્વેષ એ કર્મજન્ય માનવી સ્વભાવ છે, જેમાં ઈચ્છા અનિચ્છાનો પ્રશ્ન આવે છે. પરંતુ પરમેશ્વર પરમાત્મા આ ઈચ્છા તત્ત્વથી (રાગાદિ ભાવોથી) મુક્ત છે. આથી તે જગતને સ્વઈચ્છાવશ ફળ આપનાર નથી રહેતો. ઈશ્વરવાદીઓએ ઈચ્છાનું બળ ઈશ્વરના હાથમાં આપી દીધું છે, એટલા માટે એને જ જગતના સર્વ જીવોનાં કાર્ય-ક્રિયાનું કેન્દ્ર માન્યો છે.

આથી ઈશ્વરની ઈચ્છા વગર વૃક્ષનું પાંદડું પણ હાલી શકતું નથી. જૈનધર્મ નિરીશ્વરવાદી હોવા છતાં પણ કર્મ અને કર્મફલ સૃષ્ટિ-સંસાર રચના અને જાતીવ્યવસ્થા આદિ સર્વ ઈશ્વરવાદી પ્રશ્નોને ઉકેલ્યા છે. સર્વનો જૈન ધર્મ પાસે ઉત્તર છે. સૃષ્ટિ આદિનો સુવ્યવસ્થિત ઉત્તર છે, એટલું જ નહીં, જડ કર્મોના હાથમાં કર્મફળની સત્તાનું કાર્ય છે. આથી ઈશ્વરનું સ્વરૂપ વિકૃત ન કરતાં પરમ વિશુદ્ધ બતાવ્યું છે. એની ઉપાસના સર્વ કર્મક્ષય હેતુથી મોક્ષ ફળની પ્રાપ્તિને માટે કરવાની વિશુદ્ધ સાધના પદ્ધતિ બતાવી છે.

કર્મફળ દાતાના રૂપમાં ઈશ્વરને જીવોના કૃત-કર્મોના વિપાકરૂપ દુઃખ સજા આદિનું કારણ શા માટે માનીએ ? શા માટે ઈશ્વરને માનવીના સુખદુઃખનું કારણ માનીએ ? કર્મફળદાતા રૂપે ઈશ્વરને વચમાં લાવીને ઈશ્વરના હાથ ગંદા કરવા યા વિશુદ્ધ ઈશ્વરના સ્વરૂપને વિકૃત કરવું જૈનધર્મે માન્યું નથી, આથી ઈશ્વરને શુદ્ધ-વિશુદ્ધ-પરમશુદ્ધ રાખ્યો; આથી ઈશ્વરને સર્વદોષરહિત, કર્મમુક્ત, કલેશ કષાય- કલ્મષ - કર્મરહિત માન્યો. રાગદ્વેષ રહિત વીતરાગ માન્યો. અજ્ઞાન-અલ્પજ્ઞાન રહિત, સર્વજ્ઞ સર્વદર્શી માન્યો, રાગ-દ્વેષ વિજેતા રૂપે જિન, જિનેન્દ્ર, જિનેશ્વર માન્યો. મોક્ષ માર્ગ ઉપદેશકના રૂપમાં તીર્થંકર અરિહંત માનવામાં આવ્યા છે. એટલું જ નહીં, નિરીશ્વરવાદી જૈન દર્શનમાં પણ વિશેષણની સાથે ઈશ્વર શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. ઉદા. પરમ + ઈશ્વર = પરમેશ્વર, જિન + ઈશ્વર = જિનેશ્વર ઈત્યાદિ શબ્દ પ્રયોગમાં લાવે છે. પરંતુ એમાં સૃષ્ટિકર્તાના અર્થનો ધ્વનિ નથી. પરમનો અર્થ છે - જે પામર નથી તે. પરમ ઉચ્ચ, પરમ વિશુદ્ધ પદ પર બિરાજમાન છે તે પરમેશ્વર. જેણે રાગ-દ્વેષાદિને સર્વથા જીત્યા છે તે ઈશ્વર ને જિનેશ્વર નામે સંબોધિત કરવામાં આવે છે. ન કેવળ ઈશ્વર અર્થાત્ સ્વામી-માલિકના અર્થમાં કારણ કે જૈન ઈશ્વરને જગતના પિતા નિયંતા નિયામક આદિ માનતો નથી.

આથી નિરીશ્વરવાદીનો માત્ર એટલો જ અર્થ સ્પષ્ટ થાય છે - જે ઈશ્વરને સૃષ્ટિકર્તા, હર્તા, ધર્તા, ધાતા-વિધાતાના રૂપમાં નથી માનતો. માત્ર અર્થ ભેદ છે. આથી ઈશ્વરવિષયક

માન્યતા જરૂર છે. ભલેને કર્તાના રૂપમાં ન માનતાં, અર્થભેદથી અન્યાર્થમાં માન્યો છે. કારણ કે એ અનિવાર્ય નથી કે ઈશ્વરને બધા સૃષ્ટિકર્તાનાં રૂપમાં જ માને. વ્યાકરણદષ્ટિથી યા વ્યુત્પત્તિ આદિની દષ્ટિથી પણ ઈશ્વર શબ્દની વ્યુત્પત્તિ સૃષ્ટિકર્તા હંતા, યા નિયંતા આદિના રૂપમાં જ નથી. આથી જૈન દર્શન જે એક સ્વતંત્ર ધારા છે એમાં ઈશ્વરને આત્મ ગુણૈશ્વર્ય સંપન્ન, પરમ શુદ્ધ પદ પ્રાપ્ત પરમેશ્વર સ્વરૂપમાં સ્વીકાર્યો છે. પણ જગતકર્તૃત્વવાદી માન્યતાવાળો તો નહીં જ. કારણ કે માયા, અવિદ્યા, પ્રકૃતિના હાથમાં અન્ય દાર્શનિકોએ જેવી રીતે કર્તૃત્વશક્તિ પ્રદાન કરી છે, એ રીતે જૈન દર્શને કર્મના હાથમાં કર્તૃત્વ શક્તિ પ્રદાન કરી છે. કર્મને તથા કર્મફળની લગામ-ઈશ્વરને સોંપીને અન્ય દાર્શનિકોએ ઈશ્વરને જેટલાં વિકૃત કર્યાં છે. એની સામે જૈન દર્શને એટલાં જ વિશુદ્ધ બતાવ્યાં છે. આથી જગતકર્તૃત્વવાદના એક અંશના અર્થમાં જૈન દર્શન અનીશ્વરવાદી યા નિરીશ્વરવાદી કહેવાતું હોય તો પણ અન્ય અર્થમાં જૈન દર્શનને વિશુદ્ધેશ્વરવાદી કહેવું એ વધારે સુસંગત સિદ્ધ થાય છે. આથી જૈન દર્શનને નાસ્તિક કહેવું એ પણ સુસંગત નથી, યુક્તિસંગત પણ નથી અને પ્રત્યક્ષ વિરુદ્ધ છે, કારણ કે લાખો મંદિરોમાં લાખો પ્રતિમાઓ છે. પ્રતિદિન પૂજા-પાઠ કરનાર જૈનને નાસ્તિક કહેવા તે સૂર્યને કાળો કહેવા જેવી વાત છે.

## સૃષ્ટિકર્તૃત્વની સમાલોચના

જેમ આપણે ઉપર જોયું છે તેમ ઈશ્વરને સૃષ્ટિકર્તા રૂપે માનવો એ કેટલે અંશે યોગ્ય છે ? ન્યાય સંગત છે ? આ સમીક્ષા પણ અહીં સ્થાન પામે છે. તર્કયુક્તિ પર એનો આધાર છે. ઈશ્વરમાં જે વાતો નથી એ આપણા તરફથી આરોપિત કરવામાં આવે અને ઈશ્વરનું સ્વરૂપ આપણી દષ્ટિ અનુસાર બનાવીએ તો નિશ્ચિત જ ઈશ્વરનું સ્વરૂપ વિકૃત થઈ જશે. કદાચ માનવે જ પોતાના સ્વાર્થ ખાતર ઈશ્વરના સ્વરૂપને વિકૃત બનાવ્યું છે. આપણા પૂર્વજ ન્યાયવિશારદ તર્કવાદી-યુક્તિસામ્રાજ્યવાળા કેટલાય આચાર્ય ભગવંતો એ ઈશ્વરવાદ ઉપર સમીક્ષા કરી છે. પૂરતી વિચારણા આ વિષય ઉપર કરી છે. જેમાં સિદ્ધસેન દિવાકરજી, હરિભદ્રસુરિ, વાદિદવેસૂરિજી, હેમચંદ્રાચાર્યજી, મહામહોપાધ્યાય યશોવિજયજી, વિદ્યાનંદી આદિ ધુરંધર વિદ્વાનોએ તર્ક યુક્તિપૂર્વક ઈશ્વરવાદની સમાલોચના કરી છે.

આ વિષયના અનેક અકાટ્ય ગ્રંથોની રચના પણ કરી છે.'સ્યાદ્વાદ રત્નાકર', 'પ્રમાણનય તત્ત્વાલોક'', 'સર્વજ્ઞસિદ્ધિ', 'સન્મતિ તર્ક પ્રકરણ', 'સ્યાદ્વાદમંજરી', 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' 'સ્યાદ્વાદ કલ્પ-લતા ટીકા', 'ન્યાયખંડન ખંડ ખાદ્ય,' આપ્ત પરીક્ષા' આદિ અદ્ભુત, અનુપમ, યુક્તિ સભર ગ્રંથો અવશ્ય દર્શનીય છે. વિચારણીય છે. અહીં પ્રસ્તુત વિષયમાં હેમચંદ્રાચાર્ય વિરચિત 'અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા' ગ્રંથની મલ્લિષેણસુરીશ્વર મહારાજ વિરચિત ટીકા સ્યાદ્વાદ મંજરીના એક શ્લોકને લઈને થોડી ઉપયોગી વિચારણા કરીએ.

**कर्तास्ति कश्चिज्जगतः स चैकः स सर्वगः स स्ववशः स नित्यः।**

इमा कुहेवाकविडम्बनाः स्युस्तेषां न येषामनुशासकस्त्वम् ॥

આનો સામન્ય અર્થ છે–'હે નાથ ! જે લોકો એવું કહે છે કે જગતનો કોઈ કર્તા છે, એ એક જ છે, એ જ સર્વવ્યાપી છે, સ્વતંત્ર છે અને નિત્ય છે ઈત્યાદિ દુરાગ્રહથી પરિપૂર્ણ સિદ્ધાંતને સ્વીકાર કરે છે એમનો તું શાસક ન હોઈ શકે, હે પ્રભુ ! તું એમનો ઉપાસ્ય ન બની શકે.' ઈશ્વરવાદી દર્શનોજ જેઓ ઈશ્વરને સૃષ્ટિકર્તા–જગતકર્તાના રૂપમાં સ્વીકાર કરે છે એમનું કહેવું છે કે આ સંસાર જે ત્રણલોક રૂપે છે. વિરાટ બ્રહ્માંડ વિશ્વસ્વરૂપ છે એ કોઈના દ્વારા બનાવવામાં આવ્યું છે. પૃથ્વી, પર્વત, નદી, સરોવર, સાગર જે જે કાર્યો છે એનું કારણ અચૂક હોવું જોઈએ, કારણ કે વગર કારણે કાર્ય બનતું નથી, જેમ અગ્નિ વગર ધૂમાડો નીકળતો નથી, એ રીતે વિના કારણે કાર્ય કેવી રીતે થઈ શકે ? પૃથ્વી પર્વત, નદી, સમુદ્ર, વૃક્ષાદિ એ સર્વ કાર્યો છે એ વાત પ્રસિદ્ધ છે તો પછી આમનો કર્તા–બનાવનારો કારણરૂપ હોવો તો જોઈએ જ. ન હોય તો આ સૃષ્ટિ–વિશ્વ ત્રણલોક,આટલી મોટી પૃથ્વી, મહાસાગરો આદિ કેવી રીતે બને ?

જો કોઈ બનાવનાર જ ન હોય તો વૃક્ષાદિની સત્તા પણ સ્વીકારવી ન જોઈએ અને આ બધું તો પ્રત્યક્ષ દેખાય છે, તો એમનું કારણ પણ સ્વીકારવું જોઈએ. આ જ સદષ્ટ કર્તા ઈશ્વર જ સૌનો બનાવનારો કારણરૂપ છે. એને જ જગત કર્તા, સૃષ્ટિનો રચયિતા ઈત્યાદિ શબ્દો દ્વારા માનવામાં આવે છે. જેમ ઘડો, વસ્ત્ર આદિ કાર્ય છે તો એમને બનાવનારો કુંભાર, વણનારો વણકર આદિ કર્તા રૂપે છે. એ જ રીતે પૃથ્વી આદિ કાર્યને બનાવનાર ઈશ્વર છે.

કુંભાર ઘડો બનાવી શકે છે. પણ તે પૃથ્વી આદિ તો બનાવી શકતો નથી. પરંતુ આ પૃથ્વી પર્વતાદિ તો બનેલાં પ્રત્યક્ષ દેખાય જ છે; તો પછી તેનો કર્તા કોઈ અદશ્ય હશે. પણ હશે તો ખરો જ. એ જ સર્વશક્તિમાન ઈશ્વર છે.

આ તો ઈશ્વરવાદીઓનો પક્ષ થયો પરંતુ અહીં પ્રશ્ન એ છે કે તમે ઈશ્વરને પૃથ્વી આદિનો કર્તા માનો છો તે ઠીક છે, પણ આ ઈશ્વર શરીરધારી કે મુક્તાત્માની જેમ અશરીરી છે? જેમ કુંભાર શરીરી છે તો તે ઘડો બનાવી શકે છે. એ રીતે સશરીરી અર્થાત્ શરીરવાળો ઈશ્વર હોય તો જ પૃથ્વી વગેરે બનાવી શકે. સશરીરી મુક્તાત્મા શરીરના અભાવે કાર્ય કેવી રીતે કરશે ? ઠીક, હવે તમે કહેશો કે ઈશ્વર સશરીરી છે, સશરીરી હોવાથી જ પૃથ્વી આદિ બનાવવાનું કામ કરે છે; તો બતાવો કે ઈશ્વરના શરીરની રચના કોણે કરી ? ફરી પાછી એ જ વાત આવશે જો ઈશ્વરે જ પોતાના શરીરની રચના કરી એવું કહેશો તો પહેલાં સશરીરી ઈશ્વર અને તે શરીરની રચના કેવી રીતે કરશે ? મુક્તાત્મા જે અશરીરી છે એ તો શરીરની રચના કરતા જ નથી. નહીતર ફરીવાર સંસારમાં પડવાની આપત્તિ આવી પડે. હવે તમે આનો શો ઉત્તર આપશો ? અશરીરી ઈશ્વરની રચના બીજા કોઈ ઈશ્વરે કરી એવું કહેશો તો બીજા ઈશ્વરના શરીરની રચના કોણે કરી ? ત્રીજાએ ! તો ત્રીજાની કોણે કરી? ચોથા એ... ચોથાની કોણે...? આ રીતે આનો તો અંત જ નહીં આવે. અનવસ્થા

દોષ આવશે. જો મનુષ્યોત્પત્તિની જેમ માતાના ગર્ભથી ઉત્પત્તિ માનીએ તો પછી માતા પિતાને કોણે બનાવ્યા ? તો ઈશ્વરની પહેલાં પણ સૃષ્ટિ માનવી પડે તો ઈશ્વરનું સુષ્ટિ કર્તૃત્વ સિદ્ધ ન થતાં નિરર્થક બની જશે. અશરીરી માનવાથી કાર્ય રચના સંભવ નથી.

જો તમે આમ ઉત્તર આપો કે ઈશ્વરનું શરીર આપણા જેવું દશ્ય શરીર ન હતું તે તો પિશાચ-ભૂતાદિની માફક અદશ્ય શરીર હતું, તો શું એવું પિશાચ જેવું શરીર બનાવવામાં ઈશ્વરનું કોઈ માહાત્મ્ય વિશેષ કારણ છે કે આપણા લોકોનું દુર્ભાગ્ય ? આ પણ ઠીક નથી. અદશ્ય શરીરથી જ માહાત્મ્ય વધે એ માહાત્મ્યને કારણે જ અદશ્ય શરીર બનાવે તો અન્યોન્યાશ્રય દોષગ્રસ્તતા આવશે. અથવા આપણા દુર્ભાગ્યવશ પિશાચાદિની જેમ અદશ્ય શરીર કરશે તો ઈશ્વરને પિશાચાદિ રૂપમાં માનવો પડશે.ઘડો, વસ્ત્રાદિ તો સશરીરીના બનાવેલાં છે તો પૃથ્વી, સમુદ્રાદિ અશરીરી દ્વારા બનાવવામાં આવ્યા છે એવું કોણ માને? કેમ કે કાર્ય છે તો શરીરજન્ય છે એમ માનવું પડે. આથી યુક્તિ સિદ્ધ થતી નથી.

કાળાદિની અપેક્ષાએ વિચારીએ તો એવો પ્રશ્ન ઊભો થાય છે કે સૃષ્ટિકર્તા ક્યારે ઉત્પન્ન થયો ? જો આ સૃષ્ટિકર્તા આદિ છે તો શું એ પોતાની મેળે જ ઉત્પન્ન થયો ? કે પછી કોઈ અન્ય કારણથી ? માતા પિતાને કારણે કે અન્ય કોઈ કારણે ? જો સૃષ્ટિકર્તા સ્વયંભૂ છે, પોતાની મેળે જ ઉત્પન્ન થઈ શકે છે તો પછી સંસાર પણ પોતાની રીતે આપ મેળે ઉત્પન્ન થઈ શકે છે એમ માનવામાં શું આપત્તિ છે ? કારણ કે સંસારમાં અનંતાત્મા છે. જડ પદ્ગલ પરમાણુઓની સાથે જીવ સંયોગ કરીને સ્વયં ઉત્પન્ન થાય છે, એ રીતે માનવું પડે. જડ-પુદ્ગલ પરમાણુ અને જીવનું અસ્તિત્વ ઈશ્વરાસ્તિત્વ પહેલાં સ્વીકારવું પડે. જો આ સ્વીકાર કરીએ તો ઈશ્વરની ઉત્પત્તિ પહેલાં પણ સૃષ્ટિ હતી એ સ્વીકારવું પડે.

જો તમે એમ કહો કે જગતકર્તાની સત્તા આદિ નહીં, અનાદી છે તો એની સાથે જગતને પણ અનાદિ માનવું પડશે. અનાદિ તત્ત્વ જો સિદ્ધ થશે તો અનાદિની ઉત્પત્તિ નથી હોતી ! અનાદિ તત્ત્વ તો અનુત્પન્ન હોય છે. જેમ કે તમે જ કહો છો આકાશ અનાદિ દ્રવ્ય છે. આકાશ પદાર્થ ઈશ્વર દ્વારા બનાવવામાં આવ્યો નથી, આકાશ અનાદિ છે. અને એ રીતે સમસ્ત પદાર્થોને અનાદિ માની લઈશું તો ઈશ્વરની નિષ્ક્રિયતા સિદ્ધ થઈ જશે. ઈશ્વરની નિષ્ક્રિયતા સિદ્ધ થાય એ પણ ઈશ્વરવાદીઓને ઈષ્ટ નથી. પરંતુ ઈશ્વરની કર્તૃત્વતા અને જગતની અનાદિતા બંને તો એકી સાથે રહી નથી શકતા, કારણ કે તે પરસ્પર વિરોધી છે. હવે જો જગતની અનાદિતા સિદ્ધ થાય છે તો ઈશ્વર દ્વારા પ્રલય કરવામાં આવે છે, સંહાર કરવામાં આવે છે, એ પક્ષ પણ ટકશે નહીં, ઈશ્વરની ત્રણે અવસ્થાઓ ટકાવવા માટે જગતને પણ આદિ સાન્ત માન્યું છે અને તો જ ઈશ્વરનું કર્તૃત્વ ટકશે.

બીજી વાત એ છે કે ઈશ્વરે સૃષ્ટિ કેવી બનાવી ? કેવી રીતે બનાવી ? આના ઉત્તરો વેદમાં લખવામાં આવે છે - ધાતા વિધાતાએ જે રીતે આની પૂર્વના કલ્પમાં જેવી

સૃષ્ટિ રચના કરી હતી એવી જ સૃષ્ટિ આ કલ્પમાં ઈશ્વર કરે છે – બનાવે છે. એ કેવી રીતે ખબર પડી કે પૂર્વ કલ્પમાં આવી સૃષ્ટિ બનાવવામાં આવી હતી ? એના ઉત્તરમાં કહે છે કે વેદમાં જોયું વેદને અપૌરુષેય કહ્યો છે. વેદ કોઈએ ઉત્પન્ન કર્યો નથી. કોઈના દ્વારા કહેવામાં નથી આવ્યો. વેદ અનુત્પન્ન-અપૌરુષેય છે અવી કલ્પના કરવામાં આવી છે. ઈશ્વર સાદિ-સાન્ત સોત્પન્ન છે. ઈશ્વર પણ વેદકર્તા નથી. વેદમાં જેવું લખ્યું હતું, જે પ્રકારે લખ્યું હતું, એવા પ્રકારના વેદપાઠ જોઈને ઈશ્વરે સૃષ્ટિરચના કરી છે.

અહીં થોડીક વિચારણીય વાત એ છે કે ઈશ્વરને સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વશક્તિમાન સર્વેશ્વર માનીને ય વેદને આધીન બનાવી દીધો. સર્વતંત્ર સ્વતંત્ર માનીને પણ પરવશ-પરાધીન બનાવી દીધો. ઈશ્વર સર્વજ્ઞ છે કે વેદ સર્વજ્ઞ છે ? એને માટે શું કહેશો ? વેદમાં લખ્યા અનુસાર જો ઈશ્વર સૃષ્ટિ રચના કરે છે તો પછી ઈશ્વરની સર્વજ્ઞતા તો અસિદ્ધ થઈ જ ગઈ અંને અલ્પજ્ઞતા પણ સિદ્ધ થઈ ગઈ.

ઠીક, બીજી વાત એ છે કે જો ઈશ્વર વેદમાં લખ્યો છે તે પાઠ અનુસાર સૃષ્ટિ નિર્માણ કરે છે, તો સૃષ્ટિ સદા સર્વદા એક જેવી જ રહેવી જોઈએ, બધા યુગોમાં સૃષ્ટિ એક જેવી જ બનવી જોઈએ, પરંતુ દરેક યુગમાં સૃષ્ટિની સમાનતા પણ સ્વીકારવામાં આવી નથી. દ્વાપરમાં સૃષ્ટિ આવી હતી, ત્રેતા યુગમાં કંઈક અલગ હતી, સત્ યુગમાં સૃષ્ટિ જેવી હતી એવી આજ કલિ યુગમાં નથી, આ તો પ્રત્યક્ષ છે. જ્યારે પૂર્વ કલ્પમાં હતી એવી જ સૃષ્ટિ વેદમાં જોઈને ઈશ્વર બનાવે છે તો સદાય એક સરખી જ સૃષ્ટિ રહેવી જોઈએ-એક સરખી જ હોવી જોઈતી હતી, પણ અહીં તો વિસંગતતા છે. આથી આ પક્ષ યુક્તિસંગત સિદ્ધ થતો નથી.

## સૃષ્ટિમાં વિષમતા અને વિચિત્રતા શા માટે ?

ચાલો, માની લઈએ કે સર્વશક્તિમાન ઈશ્વરે આ સૃષ્ટિનું સર્જન કર્યું છે તો ઈશ્વરે સૃષ્ટિમાં સેંકડો વિસંગતતાઓ કેમ રાખી છે. આવી વિષમ સૃષ્ટિનું શા માટે નિર્માણ કર્યું ? જો કે ઈશ્વર તો સર્વજ્ઞ દયાળુ છે. પરમ કરુણામય છે. દયાનો ભંડાર અને કરુણાનો સાગર છે. અન્ય કંઈ ઈશ્વરમાં માનીએ કે ન માનીએ, પરંતુ ઈશ્વરમાં રાગ-દ્વેષ રહિતતા તો માનવી જ પડશે. કારણ કે મનુષ્ય-પશુપક્ષી બધાં રાગદ્વેષ ગ્રસ્ત જ જીવો છે. અને જો ઈશ્વર પણ રાગાદિયુક્ત હોય તો ઈશ્વરમાં શું શ્રેષ્ઠતા રહી ? તો પછી રાગાદિ ભાવોથી યુક્ત મનુષ્ય પશુ પક્ષી અને ઈશ્વર રાગાદિની કક્ષામાં બધાં સમાન થયાં જો રાગાદિ રહેવા છતાં પણ ઈશ્વરને ઈશ્વર-મહાન-સર્વજ્ઞ કહીશું તો એ જ રાગાદિવાળા માણસને ઈશ્વર કહેવામાં શું આપત્તિ છે ?

જો મનુષ્યને ઈશ્વર કહીશું તો મનુષ્યમાં સૃષ્ટિ કર્તૃત્વ શક્તિ નથી. એ તો કુંભાર જેમ ઘડો જ બનાવી શકે. નદી, સરોવર, વૃક્ષ, પર્વત, પૃથ્વી, સમુદ્રાદિ બનાવવાની શક્તિ એનામાં નથી. જો રાગાદિ વાળા ઈશ્વરને સૃષ્ટિકર્તા કહીશું તો સર્વસૃષ્ટિ એક જેવી - એક સરખી કેમ નથી ? સૃષ્ટિ વિષમતાઓથી શા માટે ભરેલી છે? શું દયાળુ, કરુણાવાળો

ઈશ્વર પણ એકને રાજા, એકને રંક, એકને અમીર, એકને ગરીબ, એકને સુખી, એકને દુ:ખી વગરે શા માટે બનાવે છે ? આવી વિષમ સૃષ્ટિ ઈશ્વર શા માટે બનાવે છે ? જો ઈશ્વર રાગ દ્વેષને આધીન હોય તો જ આ
વિષમતા અને વિચિત્રતા છે. જો તમે ના કહેશો કે આ રાગાદિ ઈશ્વર પ્રેરિત નથી, તો જગતમાં દેખાતી વિચિત્રતા-વિષમતા પ્રત્યક્ષ ગોચર છે એનું કારણ શું ?

અહીં ઈશ્વરવાદીઓ ઉત્તર આપે છે 'ઈશ્વરેચ્છા બલીયસી'. સૃષ્ટિની રચના કરવા પાછળ ઈશ્વરની ઈચ્છા જ બળવાન તત્ત્વ છે. ઠીક, તમે ઈચ્છા તત્ત્વને માની લીધું તો હવે તમે એ બતાવો કે ઈશ્વર મોટો કે ઈચ્છા? તમે કહેશો આવો પ્રશ્ન શા માટે ઊભો કરો છો ? આવો પ્રશ્ન ઊભો થઈ શકે ? આવો પ્રશ્ન કરવામાં તો મૂર્ખતા છે. ઠીક ભાઈ, મેં મુર્ખતા પણ માની લીધી પરંતુ ઉત્તર તો આપો. કારણ કે તમે ઈશ્વરેને તથા બીજી તરફ જો સંસારને અનાદિ માનો છો તો અનાદિની તો ઉત્પત્તી સંભવ નથી. જે ઉત્પન્ન થાય એને અનાદિ કેવી રીતે માની શકાય ?

આથી ન તો ઈશ્વરને અનાદિ કહી શકો, ન તો સૃષ્ટિને, જે અનુત્પન્ન હોય છે એ જ અનાદિ હોય છે. જેમ કે આત્મા, આકાશ. આત્મા ઉત્પન્ન દ્રવ્ય નથી, અનાદિ અનંત શાશ્વત દ્રવ્ય છે. આ પણ દ્રવ્ય સ્વરૂપમાં છે. તો પછી એની ઉત્પત્તિનો કર્તા કોને માનશો? શું ઈશ્વરને ! ઈશ્વર આત્માને ઉત્પન્ન કરે છે તો પછી આત્મા પણ અનાદિ અનંત સિદ્ધ નહીં થાય, એ પણ જડ પદાર્થની જેમ આદિ સાન્ત સિદ્ધ થશે. તો આ પ્રત્યક્ષ વિરુદ્ધ સિદ્ધ થશે.

મૃત્યુ સમયે 'જીવ ગયો' જીવ જવાનો છે. જીવ જઈ રહ્યો છે એવો વ્યવહાર કરીએ છીએ. શરીર ગયું, યા શરીર જઈ રહ્યું છે એવો વ્યવાહર કોઈ કરતું નથી, જીવાત્મા આ દેહી છોડીને જાય છે પછી આ નશ્વર દેહને બાળી નાખવામાં આવે છે. દેહ ઉત્પન્ન થયો હતો માટે એને બાળી નાખવામાં આવે છે, આત્મા અનુત્પન્ન હતો એટલે નાશ પામતો નથી. આથી અનાદી અનંતનું સ્વરૂપ સાચું રહ્યુ. તો એને આધારે આગળ સ્વર્ગ-નરકલોક-પરલોક, પૂર્વજન્મ-પુનર્જન્મની સિદ્ધિ થશે; અને ઉપરોક્ત બાબત ન સ્વીકારીએ તો આ લોક-પરલોક વગેરે પણ વ્યર્થ સિદ્ધ થશે. અને વ્યર્થ સિદ્ધ થશે તો ત્રણ લોકની અનંત બ્રહ્માંડની ઈશ્વરની સૃષ્ટિ અસિદ્ધ સિદ્ધ થશે.

બીજી વાત એ પણ છે કે આકાશ દ્રવ્યને નિત્ય શાશ્વત માનવામાં આવ્યું છે. જેથી તેની ઉત્પત્તિ માનવામાં આવી નથી. આત્મા પણ શાશ્વત દ્રવ્ય છે. એની ઉત્પત્તી માનવાનું કોઈ કારણ નથી.

નૈયાયિકો આત્મા, આકાશ, કાળ, દિશા, મનાદિ નિત્ય દ્રવ્યોને અનુત્પન્ન માને છે. હવે વિચારો કે જો આ નિત્ય પદાર્થો પહેલેથી જ હતા, અનાદિ નિત્ય છે તો પછી ઈશ્વરે બનાવ્યા તે કેવી રીતે ? ઈશ્વરની પહેલાં પણ જો આ સૃષ્ટિ હતી તો પછી ઈશ્વરને સૃષ્ટિ કર્તા કહેવાય કેવી રીતે? આદ્ય પુરૂષ કહેવો કેવી રીતે ? એ રીતે ઈશ્વરે

કુંભારની જેમ આ સૃષ્ટિ બનાવી છે એવું વેદમાં કહીને ઈશ્વરને સૌથી મોટો-મહાન કુંભાર કહી, એ સ્વરૂપે ઈશ્વરની સ્તુતિ કરતાં કહ્યું છે કે **नमः कुम्भकारेभ्यः कुलालेभ्यश्च** મહાન કુંભારરૂપ અને કુલાલ (વણકર) રૂપ ઈશ્વરને નમસ્કાર-જેણે આ આખી સૃષ્ટિની રચના કરી.

કુંભાર ઘડો બનાવે છે. કેવી રીતે બનાવે છે ? માટી-પાણી લઈને મિશ્રિત કરીને પિંડ બનાવે છે અને ચાક ઉપર ચડાવે છે અને દંડા વડે ઘુમાવીને બનાવે છે. આ સર્વ સિદ્ધ પ્રત્યક્ષ છે કે કુંભાર માટી વગેરે દ્વારા ઘડો બનાવે છે. પ્રશ્ન એ છે કે કુંભાર ઘડો બનાવે છે કે માટી-પાણી બનાવે છે ? જી હા, માટી-પાણીને બનાવનાર કુંભાર નથી, એ તો માત્ર ઘડાનો બનાવનાર છે. માટી-પાણી જે પહેલેથી જ વિદ્યમાન હતાં, એ લઈને કુંભારે એનાથી ઘડો બનાવ્યો છે. આથી સૌથી મોટો-સૃષ્ટિનો રચયિતા જેને વેદમાં કુંભારાદિ કહેવામાં આવ્યો છે એણે આ સૃષ્ટિ કેવી રીતે બનાવી?

કુંભારની જેમ જ બનાવી તો અર્થ એ થયો કે બનાવવા યોગ્ય પદાર્થ-ઘટક પદાર્થો પહેલેથી જ હતા, કેવળ ઈશ્વર એમનું સંયોજન કરનારો જ રહ્યો. જેમ કે નૈયાયિકો કહે છે કે પરમાણુઓ તો હતાં જ, પરંતુ પરમાણુઓને જોડવાનું સંયોજન કરવાનું કાર્ય ઈશ્વરેચ્છાથી થયું. પરમાણુઓના મિશ્રણથી જે રીતે દ્વયણુક, ત્રયણુક, ચતુર્ણુક આદિ બનતા ગયા અને એ રીતે મહાસ્કંધ બન્યા. એ જ રીતે જગતના અનંત પદાર્થો બન્યા. પરમાણુવાદ પર સૃષ્ટિનો આધાર રાખીને પણ પરમાણુ સંયોજનમાં ઈશ્વરેચ્છાનું તત્ત્વ વચમાં લાવીને નૈયાયિકોએ વૈજ્ઞાનિકતા સિદ્ધ નથી કરી, બીજી તરફ પોતાની જાતને મહાન તાર્કિક, તર્કરસિક કહેનારા અને પ્રત્યક્ષને પણ અનુમાનથી સિદ્ધ કરનારા તર્કવિલાસી તર્કજીવી નૈયાયિકોએ ઈશ્વરેચ્છા સિદ્ધ કરવા માટે કોઈ તર્ક નથી આપ્યો એ મોટું આશ્ચર્ય છે. ઈશ્વરેચ્છા શા માટે છે? શા માટે ઈચ્છા તત્ત્વ પરમાણુઓનું સંયોજન કરે ? કેવી રીતે કરે? અહીં કોઈ તર્ક યુક્તિ નથી.

જો ઈશ્વર વિશ્વકર્મા છે જે કુંભાર-કુલાલ-વણકરની જેમ સૃષ્ટિની રચના કરે છે, તો સૃષ્ટિની રચનામાં સહાયક ઘટક દ્રવ્ય જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આકાશાદિની સત્તા જો ઈશ્વરની પહેલાં જ સિદ્ધ થઈ જાય છે તો પછી ઈશ્વરે શું બનાવ્યું ? જો તમે એમ કહો કે ઈશ્વરે માત્ર પૃથ્વી-પાણી આદિનું સંયોજન-મિશ્રણ જ કર્યું છે તો પછી આ કાર્ય તો જીવ પણ કરતો જ હતો, અને ઈશ્વરની પહેલાં આ પદાર્થો હતા તો ઈશ્વરને સૃષ્ટિકર્તા શા માટે કહેવો ? નગરકર્તા, ભવકર્તા વગેરે જ કહેવો પડે. જેમ કે કુંભારને ઘટકર્તા કહીએ છીએ નહિં કે માટી-પાણીને કર્તા. તંતુવાય-વણકરને વસ્ત્રકર્તા કહીએ છીએ, નહીં કે કપાસનો કર્તા. આ રીતે સૃષ્ટિકર્તૃત્વ ઈશ્વરનું ઠરતું નથી.

સૃષ્ટિકર્તા ઈશ્વર જો આદિ છે તો શું તે પોતાની મેળે જ ઉત્પન્ન થઈ ગયો ? ભલે, માની પણ લઈએ જો સૃષ્ટિકર્તા ઈશ્વર પોતાની મેળે જ ઉત્પન્ન થઈ શકે છે તો જગત પોતાની મેળે કેમ ઉત્પન્ન થઈ શકતું નથી ? જગતને પણ સ્વયંભૂ માનવામાં શું આપત્તિ

છે ? જડ-ચેતન પદાર્થના સંયોગ-વિયોગ અને જડ પદાર્થોમાં પણ ઘાત-સંઘાત-વિઘાતની પ્રક્રિયા ચાલતી રહે છે જેમાંથી ગુણધર્માદિમાં પરીવર્તન આવતાં જ રહે છે. તો આ રીતે ત્યાં વચ્ચે ઈશ્વરને લાવવાની જરૂર જ નથી.

જો પૂછવામાં આવે કે ઈશ્વર સ્વયંભૂ નથી એ આદિ છે તથા એની ઉત્પત્તિમાં અન્ય કારણ છે. જો અન્ય કારણ માનતા હો તો એ કારણોને તથા કારણનાં ઘટક દ્રવ્યોને ઈચ્છાને આધીન બતાવીએ તો ઈશ્વર મોટો કે ઈચ્છા ? શું ઈશ્વર ઈચ્છાને આધીન છે કે ઈચ્છા ઈશ્વરને આધીન છે? જો ઈશ્વર ઈચ્છાને આધીન થઈને સૃષ્ટિ રચના કરતો હોય અને એ રીતે કુંભાર-વણકર આદિ ઈચ્છા દ્વારા પ્રેરિત થઈને-ઈચ્છાને આધીન થઈનેં જ ઘટપટ બનાવે છે, મનુષ્ય એવા કુંભાર અને ઈશ્વરમાં શું અંતર પડ્યું ?

બંનેમા ભેદ શો રહ્યો ? બંને ઈચ્છાની ભૂમિકા પર તો સમાન જ ગણાશે. તો પછી મનુષ્યને તો ઈચ્છાનાં બંધનોથી મુક્ત થવા માટે, ઈચ્છાને સીમિત કરવા માટે, ઈચ્છા પર વિજય પ્રાપ્ત કરવા માટે ઉપદેશ આપવામાં આવે છે, તો ઈશ્વર માટે ઉપદેશની જરૂર **નથી**? કેમ ? શુ ઈચ્છા સારી વાત છે ? ઈચ્છા શું છે ? ઈચ્છા કોને કહેશો ? એ **વિષયમાં ઉમાસ્વાતિ** વાચકમુખ્ય પૂર્વધર મહાપુરૂષ 'પ્રશમરતિ' માં કહે છે :-

**इच्छा मूर्च्छा-कामः स्नेहो गार्ध्यं ममत्वमभिनन्दः।**
**अभिलाष इत्यनेकानि रागपर्याय वचनानि ॥**

ઈચ્છા, મૂર્ચ્છા, કામ, સ્નેહ, ગૃદ્ધતા,મમત્વ, અભિનન્દ અભીલાષા ઈત્યાદિ રાગના પર્યાયવાચી શબ્દો છે. જો ઈચ્છા જ રાગનું રૂપાન્તર છે, પર્યાયવાચી સમાનાર્થક શબ્દ છે, તો પછી ઈશ્વરને રાગાદિ યુક્ત જ માનવો પડે, અને રાગાદિયુક્ત માનો તો વીતરાગ નહીં કહેવાય. વીતરાગતાનું ધરાતળ ભૂકંપથી હાલવા લાગે તો એની ઉપર ટકેલી ઈશ્વરત્વની ઈમારતની સ્થિરતા રહેવી સંભવ નથી. રાગાદિ કર્મજન્ય છે. શુભાશુભ કર્મ જ રાગાદિના કારણ છે. 'ઉત્તરાધ્યયનસૂત્ર' માં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે **'रागो य दोषो वि य कम्म बियं ।** રાગ દ્વેષ જ કર્મનાં બીજ છે. આ બીજથી આખું કર્મવૃક્ષ ઊભું થાય છે.

જો ઈશ્વર પણ રાગાદિ કર્મ કારણોને આધીન થઈને ઈચ્છાથી પ્રેરિત થાય છે અને સંસારસ્થ મનુષ્ય પશુ-પક્ષી આદિ સર્વ જીવોની પણ આ જ દશા છે. તેઓ પણ રાગાદિ બીજજન્ય કારણોના વિપાક સ્વરૂપ ઈચ્છાદિ તત્ત્વથી પ્રેરિત થઈને જ પ્રવૃત્તિ કરે છે. તો પછી બંનેમાં અંતર શું રહ્યું ?

ચાલો ભાઈ, માની લઈએ કે ઈચ્છાને આધીન ઈશ્વર સૃષ્ટિની રચના કરે છે, તો ઈશ્વરે એકને સુખી, એકને દુઃખી, એકને ઊંચો, બીજાને નીચો, એકને વિષ્ઠા ખાનારો સૂવર તા બીજાને મેવા મીઠાઈ ખાનારો કેમ બનાવ્યો ? જો બધું જ ઈશ્વરને આધીન છે તો શું ઈશ્વર પોતાની સૃષ્ટિ અત્યંત સુંદર, નિર્દોષ, ક્ષતિહીન ન બનાવી શકે ? એવું કેમ ? એ એવી સૃષ્ટિ બનાવે કે જેથી સૃષ્ટિના મનુષ્યાદિ જીવો ઈશ્વરની એકવાક્યતાની પ્રશંસા કરે,

પરંતુ એ પણ નથી. એક તરફ સંતાનના અભાવવાળાને સંતાન આપીને બીજી તરફ સંતાનની જન્મદાત્રી માતાને ઉપાડી લે છે. હવે તો વધારે વિચિત્ર સમસ્યા ઊભી થઈ. આવાં કારણોથી ઈશ્વરની દયા-કરુણા અંગે શંકા ઉત્પન્ન થાય છે. જો ઈશ્વરની અંદર દયા-કરુણા પડી જ હોય તો તે શા માટે તેનો ઉપયોગ કરતો નથી ?

આપણે વર્તમાન-વિજ્ઞાનયુગમાં જોઈએ છીએ તો એક મશીન જો લાખો વસ્તુઓ ગ્લાસ આદિ બનાવે છે તો લાખો ગ્લાસ એક સરખા બનાવે છે. એક બીજામાં કોઈ ભેદ નથી, પણ ઈશ્વરી રચનામાં તો આવું પણ નથી. એક માતાના ચાર પુત્રો છે તો તે પણ વર્ણાદિમાં ય સમાન નથી, સ્વભાવમાં પણ સમાન નથી. એકનો સ્વભાવ બીજાથી નથી મળતો, કેવી વિષમતા છે! સમુદ્રનું આટલું બધું પણી હોવા છતાં બધું જ ખારૂ છે.

સારું, એમ પૂછવામાં આવે કે ઈશ્વર સૃષ્ટિ શા માટે બનાવે છે? શું ઈશ્વરનો સ્વભાવ છે? ઉત્તરમાં જો હા, કહીએ કે સૃષ્ટિ નિર્માણ કરવી એ ઈશ્વરનો સ્વભાવ વિશેષ છે, તો તે સ્વભાવ ઈશ્વરની સાથે સદાય રહેશે. જો ઈશ્વર સાન્ત નથી એ નિત્ય છે તો તે સૃષ્ટિ નિર્માણનો સ્વભાવ પણ નિત્ય રહેશે. તો પછી એ સ્વભાવને આધીન નિત્ય ઈશ્વર સદા કાળ સૃષ્ટિ નિર્માણનું કાર્ય કરતો જ રહેશે; તે સૃષ્ટિ નિર્માણને છોડીને અન્ય કશું ય કરે તે સંભવ જ નથી, તેથી નિત્ય ઈશ્વર નિયત કાળ સુધી નિરંતર-સતત સૃષ્ટિ નિર્માણ કરતો જ રહેશે. એ સાતત્ય રહેશે. કારણ કે ઈશ્વર સ્વસત્તાથી નિત્ય છે; અને સૃષ્ટિ રચનાનો સ્વભાવ પણ નિત્ય છે, તો સૃષ્ટિરચનાનું કાર્ય પણ નિરંતર ચાલતું જ રહેશે. અને જો આ સ્વીકાર કરીએ તો સૃષ્ટિને અપૂર્ણ જ માનવી પડશે. સૃષ્ટિ પૂરી રચવામાં આવી છે એવું કહી પણ નહીં શકે, કારણ કે જે કાર્ય અવિરત ચાલ્યા કરતું હોય, ચાલુ છે તેને 'સમાપ્ત થયું' એમ કેવી રીતે કહી શકાય ? તો તો પછી નિત્ય ઈશ્વર સદા કાળ સૃષ્ટિ નિર્માણ કરતો જ રહેશે, અને ત્યાં સુધી સદાકાળ સૃષ્ટિ રચના પૂર્ણ થઈ ગઈ છે, એમ કહેવું સંભવ પણ નહીં બને. હજારો, લાખો વર્ષો પછી પણ પૂછવામાં આવે તો ઉત્તર મળશે કે હજુ પણ રચના ચાલુ છે, ચાલી રહી છે. આ સ્વીકાવાથી ઈશ્વરને સર્વ શક્તિમાન, સર્વવ્યાપી કેવી રીતે કહી શકીએ ? સર્વશક્તિમાન હોવા છતાં પણ ઈશ્વર આટલા દીર્ઘ કાળથી કાર્યરત હોવા છતાં પણ સૃષ્ટિ રચનાનું કાર્યપણ સમાપ્ત ન કરી શક્યો તો પછી સૃષ્ટિના પ્રલયનો તો વારો જ નહીં આવે. જો સૃષ્ટિ રચના જ પૂરી ન થઈ હોય તો-તે અપૂર્ણ હોય તો પછી પ્રલય કરશે કોનો ? શું રચના પૂરી કર્યા સિવાય જ પ્રલય કરશે ? સૃષ્ટિ અપૂર્ણ અને પ્રલય પૂર્ણ-એ કેવી રીતે સ્વીકારાય ? જે બન્યું નથી, એનો પ્રલય કેવી રીતે સંભવ છે? જે પુત્ર જનમ્યો જ નથી તે મરી ગયો – તે તો પરસ્પર વિરોધાભાસ ઊભો કરશે.

બીજી બાજુ ઈશ્વરની જવાબદારીનાં કેટલાંક કામો પણ છે. પહેલાં સૃષ્ટિ નિર્માણ કરવી, પછી પાલન કરવું, પછી જીવોને કર્મફળ આપવું, સૃષ્ટિનો પ્રલય કરવો વગેરે. માની લો કે કાળ વધારે છે, એટલા માટે ત્રણ સ્વરૂપની વ્યવસ્થા કરી-એક સૃષ્ટિ કર્તા,

બીજું પાલનહાર-ત્રીજું પ્રલયકર્તા-સંહારક. તો કર્મફળ દાતાના રૂપમાં કેમ કોઈની વ્યવસ્થા નથી ? તો પછી ઈશ્વરને એક જ રૂપમાં માનીએ કે અનેક રૂપમાં માનીએ ? કારણ કે કાર્યવ્યવસ્થા અનુસાર ત્રણ રૂપો સ્વીકારાયાં છે. તો પછી સૃષ્ટિમાં તો એક નહિં,અનેક કાર્યો છે ? પૃથ્વી, પર્વત, સમુદ્ર, નદી, સરોવર, વૃક્ષ, સ્વર્ગ, નરક, પાતાળ, પશુ પક્ષી કૃમિ, કીટ, પતંગ, આદિ સેંકડો - હજારો , લાખો નહીં, અગણિત કાર્યો છે. તો શું ઈશ્વર પોતે પોતાનાં અગણિત રૂપ કરે છે ? યા અગણિત ઈશ્વર મળીને કાર્ય કરે છે, યા એક જ ઈશ્વર, ક્રમશઃ એક પછી એક કાર્ય કરે છે, કે પછી કઈ રીતની વ્યવસ્થા છે ?

આ સમસ્યાનો હલ કરવા માટે જો તમે એ કહો કે ઈશ્વર ક્રમશઃ એક પછી એક કાર્ય કરે છે, તો પછી આગળ-પાછળની, ક્રમ વ્યવસ્થા કઈ રીતે બેસાડી છે? પહેલાં શું બનાવ્યુ ? પછીથી શું બનાવ્યું ? ઈત્યાદિ. 'મનુસ્મૃતિ' માં બતાવેલા ક્રમ અનુસાર સમજી લીધું કે આ ક્રમથી બનાવ્યું છે તો શું બધાં કાર્યો સમાપ્ત થઈ ગયાં ? જો એમ કહો તો સૃષ્ટિકર્તાની-ઈશ્વરની નિરૂપયોગિતા સિદ્ધ થશે-હવે ઈશ્વરને નિરર્થક-નિષ્કામ બેસી રહેવું પડશે તો કદાચ ઈશ્વરના નિત્યત્વના અસ્તિત્વ પર પણ પ્રહાર થશે.

ઠીક, ક્રમશઃ ઉત્પત્તિ સ્વીકારવામાં અનેક ઈશ્વરની કલ્પના સામે આવશે. કેટલા ઈશ્વરોએ મળીને સૃષ્ટિનું કાર્ય કર્યુ છે ? જુદાજુદા ઈશ્વર માનવામાં એકેશ્વરવાદનો પક્ષ ચાલ્યો જશે. અને અનેક નહીં માનીએ તો અનન્ત બ્રહ્માંડ, સ્વર્ગ, પાતાળ, નરક,મનુષ્ય કૃમિ, કીટ-પતંગ-આદિ ક્યા ક્રમમાં બન્યા ? પહેલાં શું અને કેવી રીતે બન્યું ? એમાં ક્રમાપત્તિ આવશે. તમે ઈશ્વરને સર્વવ્યાપી, સર્વગત માની લેશો તો પણ એક ઈશ્વર અને અગણિત-અસંખ્ય કાર્ય કેવી રીતે થશે ? ભલે, સશરીરી માનવાથી તો સર્વવ્યાપી, સર્વગત માનવામાં પરસ્પર વિરોધ આવશે. એમ અશરીરી માનવામાં સર્વવ્યાપી સર્વગત થઈ જશે તો સર્વ કાર્યો અશરીરી કેવી રીતે કરશે ? આકાશ પણ અશરીરી સર્વવ્યાપી સર્વગત છે તો પછી આકાશને જ ઈશ્વર માનવાની આપત્તિ ઊભી થશે ! એ પણ નિત્ય છે, પરંતુ આકાશ નિર્જીવ, નિષ્ક્રિય છે, ઈશ્વર તો સક્રિય છે.

હવે તમે આખી સૃષ્ટિ સહ ભૂ-એક સાથે ઉત્પન્ન થઈ છે એમ માનો તો ઈશ્વરને જાદુગર માનવો પડશે. જેમ કે કહેવાય છે કે અમારા ઈશ્વરે જાદુ કર્યો અને એક સાથે સંસાર બની ગયો. કોઈ કહે છે 'કુન્દ' શબ્દ કહ્યો અને સૃષ્ટિ બની ગઈ. તો ઈન્દ્રાદિ પણ ઈન્દ્રજાળ કરે છે. જાદુગર પણ પોતાના જાદુથી સર્વ વસ્તુઓ બનાવે છે. તો શું ઈશ્વર જાદુગરના રૂપમાં પિશાચાદિની સહાયતા લઈને સૃષ્ટિ બનાવે છે? તો પછી પિશાચાદિ શું સૃષ્ટિનાં અંગો નથી ? તે શું ઈશ્વરના અનુચરો છે કે અંગો છે ?

જો આ માનીશું તો ઈશ્વરની ઈચ્છાનો, ક્રમ શું શું હશે ? શું સૃષ્ટિ ઈશ્વરના સંકલ્પ માત્રથી ઉત્પન્ન થઈ જાય છે ? જેમ કે કહેવાયું છે - **'एकोऽहं बहुस्याम् प्रजायेय ।'**- "હું એક છું તો અનેક બની જઉં અને પ્રજોત્પત્તિ કરું" - આ સંકલ્પ છે કે ઈચ્છા છે ? ઈચ્છા છે તો ઈચ્છા પણ તે ઈશ્વરમાં નિત્ય રહેનારી છે કે અનિત્ય ? જો નિત્ય હોય તો

ઈશ્વરને આ ઈચ્છા નિત્ય જ થતી હશે, અને સૃષ્ટિ નિત્ય ચાલતી જ રહેશે. અને જો અનિત્ય છે તો સંભવ છે કે સૃષ્ટિ કાર્યની સમાપ્તિ પહેલાં પણ ઈચ્છા નષ્ટ થઈ જાય ! તો પછી ઈચ્છાના અભાવમાં આગળનું કાર્ય કેવી રીતે કરશે ? સૃષ્ટિ અધૂરી જ રહી જશે. પછી ઈચ્છા વગર તો ઈશ્વર સૃષ્ટિ નિર્માણ કરી જ નહીં શકે. એક સર્વશક્તિમાન નિત્ય ઈશ્વર જે સમર્થ છે એનું સૃષ્ટિ નિર્માણનું કાર્ય સંપૂર્ણ-અધૂરૂં રહેશે એ દોષ કોની ઉપર નાખીશું ? બીજી બાજુ અધૂરી સૃષ્ટિનો પ્રલય કરવો એ પણ અનુચિત ગણાશે.

જો તમે કહેશે કે ઈશ્વર લીલાના હેતુથી અવતાર લે છે એ તો માત્ર લીલા કરવા માટે જ આવે છે. લીલા કરવી એ જ એમનો મુખ્ય ઉદ્દેશ છે ઠીક છે. આ પણ તમે જે કહો છો-લીલાના ઉદ્દેશથી અવતાર લે છે. પણ લીલા ક્યા વિષયમાં ? સુષ્ટિ નિર્માણ યા પ્રલય માટે ? 'ન્યાયસિદ્ધાંત મુક્તાવલી' ગ્રંથની રચનાના પ્રારંભે મંગલાચરણના શ્લોકમાં લખ્યું છે -

**चूडामणि कृत-विधुर्वलयीकृत वासूकिः ।**
**भवो भवतु भव्याय लीला-ताण्डव-पण्डितः ॥**
**नूतन जलधररुचये गोप वधूटी दुकूल चौराय ।**
**तस्मै कृष्णाय नमः संसार महीरुहस्य बीजाय ॥**

ઉપરોક્ત બે શ્લોકોમાં - એકમાં શંકરની સ્તુતિ છે. **ભવ** શબ્દ શંકર માટે પ્રયુક્ત છે. એના વિશેષણ માટે આગળ પદ છે. **लीला ताण्डव पण्डितः** અર્થાત્ જે તાંડવ લીલા કરવામાં કુશળ છે, પંડીત છે. તાંડવ લીલા એટલે સંહાર કાર્ય માં સૃષ્ટિના પ્રલય કામમાં જે કુશળ છે - જાણકાર છે. શંકરની જવાબદારીમાં સૃષ્ટિનો પ્રલય કરવાનું કાર્ય છે. એ અંતમાં નટરાજનું રૂપ ધારણ કરે છે. ઊંધા ઘડા પર એક પગે ઊભા રહીને હાથમાં પ્રલયનું ડમરું લઈને નાચવા લાગશે, ત્યારે આખી સૃષ્ટિનો સંહાર થઈ જશે. પ્રલય અતિ મોટો, ભયંકર વિનાશકારી હશે, સમસ્ત સૃષ્ટિનું એક તણખલું ય બચશે નહીં.

આ વિચારતાં ઘણી વાર આશ્ચર્ય થાય છે કે શું આને લીલા સમજવી ? ઈશ્વરની તો માનો લીલા થતી હશે પણ અનંત જીવોની જીવનલીલા જ સમાપ્ત થઈ જાય એનું શું ? અનંત જીવોને મારવાનું પાપ કોને માથે ? માનો કે તમે કહેશો કે ઈશ્વરને પાપ પણ લાગતું નથી. ભલે એ પાપ કરે તો પણ એ લીલા જ કહેવાશે.

બીજા શ્લોકમાં શ્રીકૃષ્ણને નમસ્કાર કર્યા છે. અહીં બે વિશેષણો છે. **गोप वधूटी दुकूल चौराय ।** અર્થાત્ સ્નાન કરવા માટે ગોપીઓ જ્યારે સરોવર યા નદીમાં ઊતરી તો નિર્વસ્ત્રા થઈને સ્નાન કરવામાં મસ્ત થઈ ગઈ; ત્યારે તેમણે બહાર મૂકેલાં કપડાં ચોરનાર શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું. જેમને આપણે ભગવાનનો દરજ્જો આપીએ છીએ, એમને શું આ રીતે-આ શબ્દોમાં નમસ્કાર કરી શકાય ? હા, 'આ તો ભગવાનની લીલા હતી', આ ઉત્તરથી શું સમાધાન થાય છે ? ભગવાન આ કાર્ય કરે તો લીલા છે અને જો ભગવાનનો જ ભક્ત ભગવાનનું અનુકારણ કરીને એવું કાર્ય કરે - ઉદાહરણ તરીકે આજે

જો કોઈ વ્યક્તિ કોઈ સ્નાન કરતી સ્ત્રીનાં વસ્ત્રો ચોરે તો તે લીલા નહીં, ચોરી છે. લોકો એને ચોર -બદમાશ કહીને ટીપવા માંડશે.

ભલે, જો આવા સમયમાં એ ચોર કહી દે કે 'હું તો લીલા કરવા આવ્યો છું, જેવું ભગવાને કર્યું હતું એવું અનુકરણ કરવા આવ્યો છું'. તો પછી શું થશે ? જો આ કાર્યને ચોરી કહેવામાં આવે તો એવું કાર્ય જે કોઈ કરે તે ચોર જ કહેવાશે. એને ચોર જ કહેવો જોઈએ. ભલેને તે મનુષ્ય હોય કે ભગવાન હોય. ધર્મશાસ્ત્ર આવો પક્ષપાત શા માટે કરે છે? એક કાર્ય એકે કર્યું તો લીલા, અને એ કાર્ય કોઈ સામાન્ય માનવી કરે તો ચોરી, વસ્ત્ર ચોર, માખણચોર, આવા વિશેષણો લગાડીને જો આપણે કોઈને ભગવાન કહી શકીએ, પરંતુ મનુષ્ય જો એ કાર્ય કરે એ ભગવાન બની શકતો નથી, ચોર કહેવાશે; આવો અન્યાય શા માટે ?

ભગવાનનો આદર્શ આપણા માટે કેટલો ઊંચો હોવો જોઈએ ? બે ડાઘ-સર્વથા ડાઘ રહિત, આદર્શ, નિષ્પાપ, નિષ્કલંક જીવન હોવું જોઈએ; તો જ એ ભક્ત માટે અનુકરણીય, અનુસરણીય બનશે. નહીંતર બાપ ઈંડાં ખાય એ બેટાને ના કહે એ કહેવત ચરિતાર્થ થશે ? શું ભગવાનનું એવું સ્વરૂપ કરીને આપણે ભગવાનના સ્વરૂપને વિકૃત નથી બનાવી દીધું ? કેટલી વિકૃતિ આવી છે?

એટલું જ નહીં, જે ભગવાનને સૃષ્ટિનો કર્તા કહીએ એને જ સૃષ્ટિ સંહારક, વિનાશક પણ માનીએ અને એ ઈશ્વર ! લોક વ્યવહારના સંસારમાં જોઈએ કે શું એક માતા પોતાનાં સંતાનોને જન્મ આપીને એ જ સંતાનોને ખાવા લાગશે ? શું એ જ માતા બાળકનું ગળું દબાવીને મારી નાખશે ? જો તે મારી નાખે તો શું એ માતા કહેવાશે ? કે પછી રાક્ષસી, ચૂડેલ-નરપિશાચિની કહેવાશે ? જે માતાના રક્તથી એ બાળક બન્યું છે અને ભારે કષ્ટો સહન કરતાં જે માએ સંતાનને પોતાના ગર્ભમાં સાડા નવ માસ સાચવ્યું હોય, જે બાળકના વાત્સલ્યથી, સ્નેહથી માતાએ સ્તનમાં દૂધ બનાવ્યું હોય, આજ દિન સુધી જ્યાં સુધી સંતાન ન હતું - માતા બની ન હતી ત્યાં સુધી દૂધ જ બન્યું ન હતું, એ દૂધ આજ સંતાનોત્પત્તિ અને વાત્સલ્ય-સ્નેહને કારણે બન્યું છે એ દૂધ પોતાની છાતીએથી પાનાર માતા શું બાળકને મારી નાખવાનો વિચાર પણ કરશે ? બાળકનું ગળું દબાવી દેવાનું સ્વપ્નમાં પણ વિચારશે ? વિચારે તો માતાનું માતૃત્વ ક્યાં રહ્યું ?

અરે, માતાની વાત જવા દો, પશુ પક્ષીમાં પણ સ્નેહ પ્રકટ જોવામાં આવે છે. ગાય, ભેંશ, ઘોડી, ગધેડી પણ પોતાનાં સંતાનોનરે જીભથી ચાટીને સ્નેહ વ્યક્ત કરે છે. એ પશુ હોવા છતાં સંતાનોને મારતાં નથી, તો પછી ઈશ્વર પોતે જ ઉત્પન્ન કરેલી સૃષ્ટિનો સંહાર કરી દે એ કેવી રીતે સંભવ છે? જ્યારે ઈશ્વરને જ જગતનો પિતા કહેવામાં આવે, **त्वमेव माता पिता त्वमेव** કહેવામાં આવે એ ઈશ્વર પુત્રવત્ સૃષ્ટિનો સંહાર કરે, એ કેવી રીતે સંભવ છે ? ભલે, માની લો કે પશુ પક્ષી યા માતા, નરપિશાચિની, રાક્ષસી સ્વસંતાન ભક્ષિણી બની પણ જાય પરંતુ જે દયાળુ છે, કરૂણામય છે, દયાનો સાગર છે, કરૂણાનો

ભંડાર છે એવો ઈશ્વર સ્વનિર્મિત, પોતાના દ્વારા જ ઉત્પન્ન થયેલી આ સૃષ્ટિ, જેમાં અનંત જીવો છે, એ બધાંને મારવાનું-સંહારવાનું પ્રલયકારી કાર્ય શા માટે કરે ?

આવા કાર્યના કારણરૂપે જ્યારે કોઈ હેતુ જ મળતો નથી તો એક માત્ર લીલા શબ્દનો પ્રયોગ કરી દીધો ! પરંતુ માત્ર લીલા શબ્દ મનને સમાધાન આપતો નથી. જ્યારે સૃષ્ટિ નિર્માણ કરવાના કાર્યમાં ઈચ્છા અને દયાળુ અને કરૂણાલુ હેતુ આપ્યા હતા ત્યારે ઉચિત લાગતા પણ હતા. પરંતુ સંહાર પ્રલય કાર્ય માટે માત્ર લીલા શબ્દ આપવો પર્યાપ્ત લાગતો નથી. બીજી બાજુ જેમ સૂર્યના અસ્તિત્વમાં અંધકાર ટકવો સંભવ નથી. કારણ કે બંને પરસ્પર વિરોધી તત્ત્વો છે. ઠીક એ જ રીતે દયાળુતા અને કરૂણાલુતા હોવા છતાં સંહાર-પ્રલય સંભવ નથી.

જે દષ્ટિથી માને જોવામાં આવે છે એ દષ્ટિથી પત્ની-બહેન અને બેટીને કેવી રીતે જોઈ શકાય ? એ કેમ શક્ય બને ? એ રીતે જે દયાળુતા આદિથી ઈશ્વર સૃષ્ટિ નિર્માણ કરે છે, એ જ ઈશ્વર એ દયા, કરૂણા આદિ હોવા છતાં સંહાર-પ્રલય કેવી રીતે કરે ? અગર તો એમ કહીએ કે ઈશ્વરમાંથી દયા,કરૂણાના ગુણો ચાલ્યા જાય છે અને ક્રૂરતા, નિર્દયતા આદિ દુર્ગુણો આવી જાય છે. અરે રે ! ઈશ્વરના સ્વરૂપને વિકૃત કરવાની કોઈ સીમા છે? હાય ! જેને માનવાનો છે, જેની પૂજા કરવાની છે, અહર્નિશ જેનું સ્મરણ કરવાનું છે એનું આટલું વિકૃત સ્વરૂપ ? આશ્ચર્ય... આનાથી મોટું આશ્ચર્ય અન્ય શું મળી શકે ?

અરે ભાઈ ! હું તો એ કહું છે કે જ્યારે આગળ જતાં સૃષ્ટિનો પ્રલય કરવો જ હતો તો પહેલાંથી સૃષ્ટિનું નિર્માણ જ શા માટે કર્યું ? નિર્માણ જ ન કર્યું હોત તો પછી પ્રલય-સંહાર નો પ્રશ્ન જ ન ઊભો થાત ! આ તો સમુદ્રમાંથી પાણી નદીમાં ઉલેચવા સમાન નિરર્થક કાર્ય થયું. શું ફાયદો? આવો પ્રયત્ન કોઈ બુદ્ધિમાન માણસનું કાર્ય હોઈ શકે ? એ રીતે સૃષ્ટિ રચના કરો અને પછી એનો સંહાર કરો, પછી બીજા યુગમાં સૃષ્ટિની રચના કરો - ફરી પાછો પ્રલય કરો. ફરી ત્રીજા યુગમાં સૃષ્ટિ નિર્માણ કરો... ફરી સંહાર કરીને સમાપ્ત કરો. અરે ભગવાન...! ઈશ્વરને કેવા કાર્યમાં જોડી દીધો છે ?

કુંભાર ઘડો બનાવતો જાય અને પછી ફોડીને માટી બનાવી દે, ફરી એ માટીમાંથી ઘડો બનાવે, ફરી ફોડે અને માટી બનાવે... ફરીવાર એમાંથી ઘડો બનાવે... ફરી માટી ... ફરી ... ઘડો. કોઈ કુંભાર આવું કરે ? સંભવ જ નથી. જો નાસમજ કુંભાર પણ આવું ન કરે તો સર્વશક્તિમાન, સર્વજ્ઞ, ઈશ્વર આવું કાર્ય કરે એ સંભવ છે ? આ રીતે વારંવાર સૃષ્ટિ બનાવતો રહે અને વારંવાર સંહારથી સમાપ્ત કરતો રહે... ફરી વસાવે. ફરી નષ્ટ કરે... યંત્રવત ઈશ્વરને એ કાર્યમાં જોડી દીધો ! ઈશ્વરની આ કેવી વિડંબના ? અરે રે ! આને બદલે જો સૃષ્ટિ બનાવવી હોય તો એક વાર બનાવીને કાર્ય સમાપ્તિ પછી ઈશ્વર નિવૃત્ત થઈ જાય, બસ, પછી બનાવવાની, નાશ કરવાની સમસ્યા જ નહીં રહે. પરંતુ શું કરીએ ? ઈશ્વરને નિત્ય પણ કહ્યો અને એક કહ્યો, એ એક જ નિત્ય છે, એની ઈચ્છા પણ નિત્ય છે, તે સદાય બનાવતો જ રહે. એનો સદાય સંહાર જ કરતો જ રહે. એવું

ઈશ્વરનું નિયત સ્વરૂપ કરી દીધું છે. કોણ જાણે ઈશ્વરનું આવું સ્વરૂપ કોણે બગાડી નાખ્યું? શું ઈશ્વરે જ પોતાનું સ્વરૂપ એવું જ બતાવ્યું છે કે પછી ઈશ્વર એવો જ છે કે એવો કોઈ બીજાએ બતાવ્યો છે ?

ઈશ્વરે તો ખુદે પોતાનું એવું સ્વરૂપ બતાવ્યું જ નથી, કારણ કે ઈશ્વરની ઉપર પણ વેદની સત્તા માનવામાં આવી છે. ઈશ્વર તો ઉત્પન્ન તત્ત્વ છે. પરંતુ વેદ તો અપૌરૂષેય અનુત્પન્ન તત્ત્વ છે. વેદ ઈશ્વરની પહેલા પણ વિદ્યમાન હતા, તેથી તો ઈશ્વરે વેદમાં જોઈને સૃષ્ટિની રચના કરી છે. વેદ ન હોત તો ઈશ્વર સૃષ્ટિની રચના જ કેવી રીતે કરત ? કિકર્તવ્યમૂઢ બનીને બેસી રહેત, કારણ કે પૂર્વના કલ્પમાં સૃષ્ટિ કેવી રચી હતી તેની ખબર કેવી રીતે પડે ?

એટલા માટે સૃષ્ટિ નિર્માણ કરવા માટે ઈશ્વરે વેદમાં જોવું અનિવાર્ય છે. વેદમાં લખ્યા અનુસાર જ ઈશ્વર રચના કરી શકે છે. અહીં ઈશ્વરને પણ વેદને આધીન કરી દીધો. ઈશ્વરની સ્વતંત્રતા છીનવી લીધી અને પરવશ-પરતંત્ર બનાવી દીધો ! તો પછી ઈશ્વરની સ્વતંત્રતા ક્યાં રહી ? ઈશ્વર સર્વોપરિ, સર્વોચ્ચ ક્યાં રહ્યો ? અને બીજી તરફ આશ્ચર્ય જુઓ કે ઈશ્વરને સર્વજ્ઞ, સર્વવિદ્, સર્વવ્યાપિ, સર્વશક્તિમાન કહ્યો તો આ તો ખોટું સાબિત થયું ! વેદને જ સર્વજ્ઞ, સર્વશક્તિમાન કહો તો ઠીક કહેવાય.

પરંતુ વેદ ચેતન-સક્રિય તત્ત્વ ક્યાં છે ? નહિંતર વેદ સૃષ્ટિની રચના કરત એવું બનત. પરંતુ એવું ન કરતાં ઈશ્વરને વેદનો દાસ અનુચર બનાવી દીધો. અરે રે... સર્વશક્તિમાન, સર્વજ્ઞ કહીને પણ ઈશ્વરની લગામ વેદના હાથમાં આપીને ઈશ્વરને અશ્વનું રૂપ આપી દીધું. આ ઈશ્વરની ઓછી વિડંબના છે ?

એક તરફ વેદને પણ નિત્ય માને છે, તથા બીજી તરફ ઈશ્વરને પણ નિત્ય માને છે. જો બંને નિત્ય હોય તો ઈશ્વરે વેદમાં જોઈને સૃષ્ટિ બનાવવાનો પ્રશ્ન જ ક્યાં ઊઠ્યો ? તો પછી કોઈ નિત્યતામાં દોષાપત્તિ આવશે. જેને તમે સર્વજ્ઞ કહ્યો - સર્વવિદ્ કહ્યો અને પણ તમે વેદાધીન કરી દીધો. તો પછી ઈશ્વર સર્વજ્ઞ ન રહ્યો એ સિદ્ધ થયું, અને સર્વજ્ઞતા ઈશ્વરમાં જ છે એ પક્ષ પણ પકડી રાખવા ઈચ્છે તો પછી વેદ પારતંત્ર્યથી ઈશ્વરને મુક્ત કરો ! કાશ ! ભગવાનની ભક્તોના હાથે કેવી ગતિ થઈ રહી છે ? ઈશ્વરની આટલી વિકૃત વિડંબના બીજા કોઈએ નહિં, પરંતુ એના દ્વારા જ ઉત્પન્ન કરવામાં આવેલી સૃષ્ટિના માનવીએ જ કરી, આ તો સર્વજ્ઞ ઈશ્વર જાણતો જ હશે તો પછી ઈશ્વરે માનવોને ઉત્પન્ન જ કેમ કર્યા ? ઈશ્વરના દ્વેષીઓ પણ સંસારમાં ઘણા છે, જે તેને ગાળો પણ દે છે. ઈશ્વરના અસ્તિત્વને ન માનનારા પણ છે, તો ઈશ્વરે એમને શા માટે બનાવ્યા? શું હું એવા બનાવું કે જેઓ મને જ ન માને ? મારાથી જ ઉત્પન્ન થયેલો મારો જ બેટો મને ન માને ? બીજું, શું ઈશ્વર આ જાણતો હોવા છતાં પણ અનિષ્ટ સૃષ્ટિનું નિર્માણ કરે, જે ઈશ્વરના જ સ્વરૂપને વિકૃત કરે ?

એવું પણ નથી કે ઈશ્વરનું આખું સ્વરૂપ અનીશ્વરવાદી લોકોએ જ નિર્માણ કર્યું

છે. ના, અનીશ્વરવાદીઓ યા તો નિરીશ્વરવાદીઓએ તો મોટો ઉપકાર કર્યો છે. તેમણે તો ઈશ્વરના વિકૃત સ્વરૂપને ઠીક કર્યું છે, સુધાર્યું છે. પરસ્પર વિરોધી વાતોને હઠાવીને- વિકૃતિઓ દૂર કરીને સ્વરૂપ શુદ્ધ કર્યું છે. એટલા માટે નિરીશ્વરવાદી જૈન આદિએ ઈશ્વરને સૃષ્ટિકર્તા-સંહરતાના રૂપમાં નહીં પરંતુ પરમ શુદ્ધ, પૂર્ણ પરમાત્મ સ્વરૂપમાં માન્યો છે, તો ઈશ્વરકર્તૃત્વવાદીઓએ આ નિરીશ્વરવાદીઓને નાસ્તિક કહી દીધા, અરે ભાઈ ! નાસ્તિક તો કોને કહો છો? જે આત્મા- પરમાત્મા-મોક્ષાદિ તત્ત્વોને ન માને અને સાચા અર્થમાં નાસ્તિક કહેવામાં આવે છે. જૈનાદિ તો પરમ આસ્તિક છે. કેમ કે આત્મા-પરમાત્મા, લોક પરલોક મોક્ષાદિ સર્વ તત્ત્વોને માને છે છતાં નાસ્તિક કહેવા એ કહેનારાઓની અલ્પજ્ઞતા સિદ્ધ કરે છે.

બીજી બાજુ જોઈએ તો ચાર્વાક જેવા નાસ્તિક ને પણ ઈશ્વરે નિર્માણ કર્યા છે. તો શા માટે નિર્માણ કર્યા ? શું ત્રિકાળવિદ્ સર્વજ્ઞ હોવા છતાં ઈશ્વર એ જાણતો ન હતો કે ભવિષ્યમાં એ શું કરશે ? મારું સ્વરૂપ જ નહીં માને. એમ સમજીને ઈશ્વરે એમનું નિર્માણ જ ન કર્યું હોત તો કેટલું સારું થાત ? પરંતુ એ જ સિદ્ધ કરે છે કે ઈશ્વરે સૃષ્ટિ નિર્માણ કરી છે એવું લાગતું નથી, કારણ કે ઈશ્વરથી વિપરીત સૃષ્ટિ નિર્માણ થઈ ગઈ છે.

અહીં શું સમજવું ? ઈશ્વર પોતાની સ્વેચ્છાએ સૃષ્ટિ નિર્માણ કરનારો અને એ શું અનિષ્ટ સૃષ્ટિનું નિર્માણ કરશે ? ના, પરંતુ અનિષ્ટ સૃષ્ટિ છે તો ખરી. આ ભૂલ કેવી રીતે થઈ ગઈ ? અરે રે... ભગવાનમાં ભૂલ દેખાડવી એટલે સૂર્યમાં અંધારું દેખાડવા જેવી મુર્ખતા છે. જે ભગવાન હોય તે ભૂલ નથી કરતા, અને ભૂલ કરે તે ભગવાન નથી હોતા. ભગવાન અને ભૂલ બંને પરસ્પર વિરોધી પદાર્થો છે - જેમકે પૂર્વ-પશ્ચિમ દિશાઓ એક બીજાની વિરોધી છે, તે એક બીજાની સાથે રહી શકતી નથી. એ જ રીતે ભગવાન અને ભૂલ બંને તત્ત્વો એક સાથે રહી શકતા નથી. આથી ભગવાન ભૂલથી પર રહે છે.

અત્યારે તમે સંસારમાં જોઈ રહ્યા છો કે જે ભગવાન બનીને ભારતમાંથી ભાગી ગયો હતો અને ભારતમાં પાછો ફર્યો કારણ કે બિચારાને દુનિયામાં કોઈએ પગ મૂકવાની જગ્યા પણ ન આપી, કેમ પગ ન મૂકવા દીધો ? કારણ કે તથાકથિત બિચારો વિવાદાસ્પદ ભગવાન બની બેઠો, આથી એની ભોગલીલા બધા જાણે છે. ભોગલીલા પણ પાપલીલા બની ચૂકી છે. સારૂ થયું કે બિચારાને સદ્બુદ્ધિ સૂઝી અને એણે કહ્યુંઃ 'હવે મને કોઈ ભગવાન ન કહેશો.' હવે એને ભગવાન કહેનારાઓને જ એ ખૂદ બેવકૂફ કહે છે. ભૂલ કરનાર ભગવાન બની જ ન શકે એ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

## અનુગ્રહ-નિગ્રહ સમર્થ ઈશ્વર

**'अनुग्रह-निग्रह समर्थो ईश्वरः'** એવું ઈશ્વર વિશે વેદમાં કહેવામાં આવ્યું છે. જો ઈશ્વર ઈચ્છે તો કોઈની ઉપર કૃપા કરે અને ન ઈચ્છે તો તે કોઈનો નાશ પણ કરી દે. આ બંને સામર્થ્યો ઈશ્વરમાં છે એવું વેદ કહે છે. જગત કર્તૃત્વવાદી ઈશ્વર વિષયક ધર્મશાસ્ત્ર કહે છે. કારણ કે ઈચ્છા તત્ત્વને આધીન ઈશ્વર છે. આથી ઈશ્વર ઈચ્છે તેવું કરી શકે છે. આ

બધું ઈચ્છા પર આધારીત છે. આથી અનુગ્રહાત્મક અને નિગ્રહાત્મક બંને પ્રકારની ઈચ્છા ઈશ્વરમાં સંનિહિત છે.

પરંતુ એ ખબર નથી કે ક્યારે કઈ ઈચ્છા કામ કરશે ? જીવનભર પાપાચારમાં લિપ્ત રહેનારો અર્જુનમાલી ઈશ્વરની કૃપાથી અંતે મોક્ષમાં જાય છે. જો ઈશ્વર એવા પર કૃપા કરતો હોય, અને નિષ્પાપ દીન બિચારાં કેટલાંય સંસારમાં પડયા છે, એમના પર કેમ કૃપા નથી કરતો ? કારણ ઈશ્વર જો દયાળુ, કૃપાલુ છે તો ઈશ્વરમાં અનુગ્રહની બહુલતા રહેવી જોઈએ. દયાળુ, કૃપાળુ, કરુણાલુ બનીને પણ ઈશ્વર નિગ્રહકર્તા કેવી રીતે બની શકે છે ? આ તો કેટલું મોટું આશ્ચર્ય છે ? શીતળ ચંદ્ર સૂર્ય કરતાં પણ તીવ્ર આગનો ગોળો બની ગયો. ઈશ્વરની આવી વિડંબના કેમ કરવામાં આવી છે ? દયાળુ બનીને પણ નિગ્રહતા સિદ્ધ કરવી કેવી રીતે સંભવ છે ? શું આ ઈશ્વરનો ઉપહાસ નથી ? કરુણા સાગર દયાળુ ઈશ્વરને સંસારસ્થ જીવોને જોઈને દિલમાં કરુણા ઊભરાઈ મોક્ષમાં મોકલી દેતો નથી? સદા માટે દુઃખમાંથી છુટકારો તો પામી શકાય ! એમાં જ ઈશ્વરની પરમ કરુણાનો પરિચય છે. જો તે સાચા કારુણિક છે તો એણે એવું કરવું જોઈએ. કારણ કે ઈશ્વરમાં એ શક્તિ છે, કોઈને સ્વર્ગમાં મોકલે છે... કોઈને નરકમાં... ઈત્યાદિ કહેતાં જણાવ્યું છે કે

**ईश्वर प्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ।**
**अन्यो जन्तुरनीशोऽयमात्मनः सुखदुःखयोः ॥**

ઈશ્વર દ્વારા મોકલાયેલો જીવ સ્વર્ગમાં યા તો નરકમાં જાય છે. ઈશ્વરની સહાયતા વગર કોઈ પણ જીવ પોતાનાં સુખ-દુઃખને પામવવામાં, ઉત્પન્ન કરવામાં સ્વતંત્ર પણ નથી એ સમર્થ પણ નથી. સંસારસ્થ સર્વ જીવોનાં સુખદુઃખની લગામ પણ ઈશ્વરને આધીન છે. ઈશ્વર જેને જેમ રાખે તેમ એણે રહેવું જોઈએ. ઈશ્વરની ઈચ્છા પર જ બધું નિર્ભર છે. એટલી હદે કે ઈશ્વરની ઈચ્છા વગર વૃક્ષનું પાન પણ હાલી શકતું નથી. ઈશ્વર જ કોઈને જીવતો રાખે છે અને ઈશ્વર જ કોઈને મારે છે, તો પછી સંસારમાં સૌ એમ જ કહેશે કે - એક ખૂન કરનારો પણ કહેશે - 'હું થોડો મારનારો છું, ઈશ્વર મારા દ્વારા તને મરાવે છે.' ચોરી કરનારો કહેશે કે '' હું થોડો ચોરી કરું છું ? મારા દ્વારા તારું ધન ચોરાવીને ઈશ્વર જ તને દુઃખી કરી રહ્યો છે.' જે કંઈ કરે છે તે ઈશ્વર જ કરે છે. મનુષ્ય તો ઈશ્વરના ઈશારા પર નાચનાર કઠપૂતળી માત્ર છે.

ઠીક, ઉપરનું સ્વીકારીએ તો તો ખૂન, હિંસા, ચોરીનું પાપ ઈશ્વરને જ લાગવું જોઈએ; કારણ કે ઈશ્વર જ કોઈના દ્વારા કરાવે છે. પરંતુ આ તો સ્વીકાર્ય નથી. ઈશ્વર ભલે કરાવે પરંતુ પાપ તો કરનારને જ લાગશે... અરે રે ! ઈશ્વરે મનુષ્ય પાસે પાપ કરાવ્યું ? છતાં ઈશ્વરને પાપ નથી લાગતું ? કેમ નથી લાગતું ? બસ, આનો ઉત્તર એટલો છે એ ઈશ્વર છે.

જંગલમાં શેઠનું ધન લૂંટતી વખતે લૂંટારો પણ શેઠને કહેશે 'તમારું ધન લૂંટીને તમને દુઃખી કરવાની આજ્ઞા મને ઈશ્વરે આપી છે. એટલા માટે આવ્યો છું. મારી ઈચ્છાથી

નથી લૂંટતો, બધું ઈશ્વરેચ્છા કરાવી રહી છે, હું જવાબદાર નથી, ઈશ્વર જવાબદાર છે.'

આ રીતે સંસારમાં આતંક ફેલાઈ જશે, તો પછી ધર્મની આવશ્યકતા જ નહીં રહે. તો પછી આટલા ધર્મગ્રંથ અને ધર્મગુરૂ રોજ આટલો ઉપદેશ શા માટે આપે છે ? એ બધું નિરર્થક, નિષ્ફળ છે ! આપણી પાસે કાલે ઈશ્વર શું કરાવશે ? અથવા કાલે આપણને શું કરશે ? શું બનાવશે ? એ નિશ્ચિત નથી. તો પછી આપણે ધર્માદિ કરીને ય શું કરીશું. ના, ના, કરનારાં આપણે કોણ? ધર્મ પણ કરવાનો હશે ત્યારે ઈશ્વર કરાવી દેશે. આ રીતે તો સર્વ જીવો નિષ્ક્રિય બની જશે. ઈશ્વર કર્તૃત્વવાદી કહે જ છે કે સંસાર નિષ્ક્રિય છે; ઈશ્વરની ઈચ્છાને આધીન ઈશ્વરની આંખોને ઈશારે નાચનારી કઠપૂતળી માત્ર છે. વાઘ,સિંહ,ચિત્તા મનુષ્યને ફાડી ખાય અને કહે કે અમે શું કરીએ? ઈશ્વરની ઈચ્છા જ એવી હતી, પછી મનુષ્યે પણ ઈશ્વરેચ્છાને માન આપવું જ પડે. અર્થાત્ મોતના મુખમાં જવા માટે ડરવું ન જોઈએ. પરંતુ પ્રત્યક્ષ સિદ્ધ વાત છે કે મોતથી સૌ ડરે છે. કોઈ પણ મરવા માટે તૈયાર નથી. સંસારની હાલત અતિ વિચિત્ર બની જશે.

એક જ ઈશ્વર અને અનંત જીવોની વ્યવસ્થા કેવી રીતે કરી શકશે ? તમે કહેશો હજાર હાથ છે ઈશ્વરના, તે તો સર્વવ્યાપી છે. સર્વવ્યાપિ માનશો તો અશરીરી માનવો પડશે. શરીરધારી તો સર્વવ્યાપી બની જ ન શકે. અને અશરીરી માનશો તો સૃષ્ટિની રચના કેવી રીતે કરશે ? અને જો અશરીરી પણ સૃષ્ટિ રચના કરી શકે એમ કહો તો સર્વ અશરીરી મુક્તાત્માઓ પણ સૃષ્ટિ કરવા લાગશે, તો એક સૃષ્ટિ કર્તા જ નહિં, એક સૃષ્ટિ કર્તા માનવાની આપત્તિ આવશે.

બીજી બાજુ જે રાગ દ્વેષ ગ્રસ્ત મનુષ્ય છે એમાં ઈચ્છા ન રહેવી જોઈએ. અને ઈચ્છા રહેલી હોય તો પોતાની ખુદની ઈચ્છા તો મનુષ્યને કોઈ કામમાં નહીં આવે. કારણ કે મનુષ્યની ઈચ્છા તો ચાલતી જ નથી, અને ચાલે છે તે તો માત્ર ઈશ્વરની ઈચ્છા જ ચાલે છે. મનુષ્ય કર્મયુક્ત છે. એ કર્મયુક્ત સંસારમાં કર્મોપાર્જિત ઈચ્છા આદિથી મસ્ત છે. અનેક ઈચ્છાઓથી ત્રાસી ગયો છે. જો કે ઈશ્વર કર્મરહિત છે. કર્મ નહીં તો રાગ-દ્વેષાદિ નહીં અને રાગ-દ્વેષાદિ નહીં તો ઈચ્છા પણ નહીં ટકી શકે. ઈચ્છા નહીં તો સૃષ્ટિ નહીં. એ માનવું પડશે. અન્યથા ઈશ્વરમાં માનો અને રાગાદિ કર્મોને ન માનો એ ઘરનો ન્યાય ક્યાંથી ચાલે? તો પછી ઈશ્વરને પણ ઈચ્છાને કારણે રાગાદિ યુક્ત, કર્મસંયુક્ત માનવો પડશે. અને એવો માનવાથી ઈશ્વરત્વ જ ચાલ્યું જશે. એ આપણા જેવો સામાન્ય મનુષ્ય જ સિદ્ધ થઈ જશે. અરે રે !.. નાના બાળક ઉપર હજાર મણ વજન ઉપાડવાની જેમ હિમાલય જેવડી કેટલી આપત્તિઓ આવશે ? પાર જ નહીં રહે.

### કર્મફળદાતા ઈશ્વર કેમ ?

પહેલાં તો ઈશ્વર સૃષ્ટિની રચના કરે. પછી જીવો પાસે સ્વઈચ્છાનુસાર પ્રવૃત્તિઓ કરાવે. સારી ખોટી બધી જ પ્રવૃત્તિઓ કરાવે. એમાં બિચારા જીવને ખરાબ પ્રવૃત્તિનું પાપ લાગે. એ પાપનો ભાગીદાર તો ઈશ્વર પણ બનતો નથી, માત્ર જીવ એકલો જ રહે છે.

એ સજા આપવા નરકમાં મોકલે છે; અને એ નરક પણ ઈશ્વરે જ બનાવ્યું છે. ત્યાં નરકમાં એને ખૂબ મારવામાં આવે છે. દુ:ખી કરવામાં આવે છે. બિચારા જીવને મારી મારીને ટીપી નાખવામાં આવે છે. કાપી કાપીને ટુકડા બનાવવામાં આવે છે. પકોડીની જેમ તેલની કઢાઈમાં તળવામાં આવે છે. આટલું બધું ઈશ્વર કરતો હોય તો ઈશ્વર દયાળુ કેવી રીતે ?

તો શું ઈશ્વરમાંથી દયા ચાલી પણ જાય છે ? ક્રૂરતા અને નિર્દયતા આવે પણ છે? કારણ કે અનુગ્રહ-નિગ્રહ બંને કાર્યો ઈશ્વર કરે છે, આથી દયા-કરૂણા અને ક્રૂરતા નિર્દયતા બંને ઈશ્વરમાં રહેલાં માનવાં પડશે; અને બંને અવસ્થાને આધીન ઈશ્વર જ્યારે એક ને સ્વર્ગીય સુખ આપવાનું અને બીજાને રૌરવ નર્કમાં દુ:ખ આપવાનું કામ કરશે ત્યારે શું ઈશ્વરને કોઈ પુણ્યપાપ નહીં લાગે ? વાહ ભાઈ વાહ ! પુણ્ય પાપ જીવને લાગે છે અને કરાવે છે બધું ઈશ્વર !! ફળ આપવાની સત્તા પણ તેના હાથોમાં ! ફળ આપવાનું કામ પણ ઈશ્વર જ કરે છે. અરે રે... આનો પ્રશ્ન જ ઊભો થશે નહીં. તો પછી ફળ આપવાનો પ્રસંગ જ નહીં આવે. સારું તો એ છે કે આપણે આ જ પક્ષમાં માનીએ.

શા માટે દયાળુ-કરુણાલુ ઈશ્વરના હાથ નિર્દયતા અને ક્રૂરતાના રંગમાં ખરાબ કરો છો ? શા માટે નરકમાં જીવને કપાવીને ઈશ્વરના હાથ લોહીથી રંગી નાખો છો ? અરે ભાઈ! ઈશ્વરને આટલી નિમ્ન કોટિ સુધી ન લઈ જાઓ. ઈશ્વરને ક્રૂર, નરકસંત્રી પરમાધામી જેવો ન બનાવો. બચાવો... બચાવો... ! ઈશ્વરનું સ્વરૂપ બચાવો... ઈશ્વરના સ્વરૂપને વિકૃત થતું બચાવો. ઈશ્વરનું સ્વરૂપ પતન પામતું બચાવો. કદાચ આપણે આવું 'ઈશ્વર બચાવો'નું આંદોલન કરવું પડશે. ઈશ્વરને જેલર બનતાં રોકો. ઈશ્વરને કોરડા મારનાર બનાવતાં રોકો. જો ફળ દેવાનું કાર્ય ઈશ્વર પોતાના હાથમાં લઈ લેશે તો ઈશ્વરનું સ્વરૂપ એક સરખું - શુદ્ધ સ્વરૂપ ટકી જ નહીં શકે. પછી તો ન્યાયાધીશ, પોલીસ, કોરડા મારનાર લોકોને પણ ઈશ્વર યા ઈશ્વરાવતાર માનવા પડશે. અરે રે... ઈશ્વરને આટલી નીચી પાયરીએ લઈ જવાનું પાપ કોને માથે રહેશે ?

## ઈશ્વરમાં સર્વગતત્વાદિ પણ સિદ્ધ નહી થાય

સૃષ્ટિકર્તા ઈશ્વરને સૃષ્ટિ નિર્માણાર્થ જો સૂક્ષ્મ શરીરી યા અશરીરી પણ માનીએ તો એ પણ ઉપયુક્ત નહિં બને, યા અદશ્ય પણ માનીશું તો ય ઉપયુક્ત નહીં થાય. કારણ કે અનંત કાર્ય નિર્માણાર્થ અનંત શરીરો બનાવે તો સ્વશરીર બનાવવાં એ જ સૃષ્ટિ થઈ જશે. ઈશ્વર પોતાનાં શરીરો બનાવશે કે અન્ય સૃષ્ટિ બનાવશે ? બીજી તરફ જો તમે ઈશ્વર ને સર્વગત-સર્વવ્યાપી માનો છો તો તે કેવી રીતે છે ? શરીરથી કે જ્ઞાનથી ? જો શરીરથી, તો કોઈ પણ શરીરધારી સર્વવ્યાપી બની શકતો નથી. અને જો થાય તો મનુષ્ય પણ સર્વવ્યાપી બની જશે કારણ કે એ પણ શરીરધારી છે. તો શરીરથી જ ઈશ્વર સર્વલોકવ્યાપી-ત્રણલોકવ્યાપી બની જશે. તો પછી બીજા બનાવવા યોગ્ય-નિર્મેય પદાર્થો માટે સ્થાન જ નહીં રહે, તો બનાવશે ક્યાં ? જો ઈશ્વર એક સ્થાન ઉપર રહીને જ્ઞાન

યોગથી સર્વવ્યાપી છે એવું કહીએ તો આપણો સર્વજ્ઞ પક્ષ સિદ્ધ થાય છે. પરંતુ સર્વજ્ઞ તો એ છે જે સ્થિત પદાર્થોને માત્ર જાણે છે. સર્વદર્શી સમસ્ત બ્રહ્માંડમાં રહેલા પદાર્થોને માત્ર જુએ છે, પરંતુ બનાવતો નથી.

તમે જ્ઞાન યોગથી સર્વજ્ઞ માનતા જશો તો પછી ઈશ્વર સૃષ્ટિ બનાવી શકશે નહીં! કારણ કે પહેલાં સૃષ્ટિ બનાવી કે પહેલાં જોઈ કે જાણી ? જો પહેલેથી જ ઈશ્વરને સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વવ્યાપી સર્વગત માનતા હો તો ઈશ્વરે જોયું જ શું ? જ્યારે બનાવ્યું કશું જ નથી તો જોશે કેવી રીતે ? અને જો બતાવીને પાછળથી જોવાની વાત તમે સ્વીકારતા હો તો ઈશ્વરમાં સર્વજ્ઞત્વ, સર્વ દર્શીત્વ, સર્વવ્યાપિત્વ સ્વીકારવું એ વ્યર્થ છે. બીજી બાજુ સ્વીકારવાથી વેદનો વિરોધ આવશે. વેદમાં ઈશ્વરને શરીરની અપેક્ષાથી સર્વવ્યાપી કહ્યો છે. શ્રુતિ પણ એવું જ કહે છે, કે ઈશ્વર સર્વત્ર નેત્રોનો, મુખનો, હાથ અને પગનો ધારક છે. આ રીતે એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી એવી સ્થિતિ ઊભી થાય છે.

**સર્વગતત્વ પક્ષ પણ સિદ્ધ થઈ ન શકે**

બીજી બાજુ સશરીરી ઈશ્વરને સર્વગત-સર્વવ્યાપી માનીએ તો પછી ગંદકી-કાદવ-મળમૂત્રવાળા સ્થાનોમાં તથા અશુચિપૂર્ણ હાડ-માંસ, રક્ત રૂધિરની નદીઓ વહે છે એવી નરકમાં પણ ઈશ્વરને માનવો પડે, જે ઈશ્વરવાદીઓને પણ ઈષ્ટ નહીં હોય.

ઠીક, જો તમે ઈશ્વરને જ્ઞાનની આપેક્ષાએ સર્વગત-સર્વવ્યાપી માનતા હો તો જૈનો નો અભીષ્ટ પક્ષ તમે સ્વીકારો છો. જૈનો પણ ૧૩ મા સયોગી કેવલી ગુણસ્થાન પર આવેલા સર્વજ્ઞ કેવળજ્ઞાનીને એક સ્થાન પર બિરાજમાન માનતા હોવા છતાં અને દેહધારી હોવા છતાં પણ સર્વજ્ઞાની, સર્વદર્શી માને છે. એક સ્થાન પર સ્થિત રહીને પણ સમસ્ત લોક અલોકને પોતાના જ્ઞાનનો વિષય બનાવી લે છે.

સારું છે, તમે પણ અમારી જેમ ઈશ્વરને જ્ઞાનથી સર્વજ્ઞ, સર્વવ્યાપી સર્વગત સ્વીકારી લો. અમને આપત્તિ નથી, પરંતુ તમને આપત્તિ એ આવશે કે સર્વજ્ઞ, સૃષ્ટિકર્તા સિદ્ધ નહીં થાય. કારણ કે યોગી, સાધક,તપસ્વી પણ જ્ઞાની છે, જ્ઞાન પ્રાપ્ત કરે છે, પરંતુ એમને તેમના જ્ઞાનના આધારે સૃષ્ટિકર્તા માનવામાં આવતા નથી. એ જરૂરી નથી કે જે જ્ઞાની હોય તે સૃષ્ટિકર્તા યા કર્તૃત્વશક્તિ સંપન્ન હોય જ, આ સંભવ નથી. એ રીતે સર્વજ્ઞ અને સૃષ્ટિકર્તૃત્વની વ્યાપ્તિ પણ બેસતી નથી. જે જે સર્વજ્ઞ હોય, તે તે સૃષ્ટિકર્તા હોય જ એવું પણ નથી. કારણ કે જૈનાદિને અભીષ્ટ સર્વજ્ઞ, કેવળજ્ઞાની વીતરાગદશાને પ્રાપ્ત કરી ચૂક્યા છે. કૃતકૃત્ય બની ગયા છે, એ સૃષ્ટિ સર્જનનું કાર્ય નથી કરતા.

એ રીતે જે જે સૃષ્ટિકર્તા, સર્જનહાર હોય એ સર્વજ્ઞ હોવા જ જોઈએ એ નિયમ બની શકતો નથી. કારણ કે ઈન્દ્રાદિ સ્વર્ગીય દેવતાઓ પણ સંકલ્પબળ યા ઈચ્છા માત્રથી ઈન્દ્રજાળ પણ રચીને ઘણું બધું કરી શકે છે. નગરનાં નગરો જે દેવતાઓ દ્વારા નિર્માણ કરવામાં આવે છે. સમવસરણ આદિ પણ દેવતાઓ દ્વારા નિર્માણ કરાય છે. શૂન્યમાં

પણ ખાલી સ્થાનમાં પણ ક્ષણમાત્રમાં સંકલ્પ બળથી આખી નગરી રચી દેનારા ઈન્દ્રા દિ દેવતાઓ સર્વજ્ઞ નથી, જો તમે ઈશ્વરને પણ સંકલ્પ બળથી ઈચ્છાનુસાર સૃષ્ટિ રચના કરવામાં ઈન્દ્રાદિ સદશ્ય સ્વીકારી લેશો તો ઈશ્વર પણ ઈન્દ્રરૂપમાં સિદ્ધ થઈ જશે. જ્યારે ઈન્દ્ર તો માત્ર સ્વર્ગનો દેવતા જ છે. સ્વર્ગનો સ્વામી જ છે અને તમે તો ઈશ્વરને ત્રિભુવન સ્વામી માનવા ઈચ્છો છો. આથી સર્વજ્ઞ સૃષ્ટિની રચના કરી ન શકે. જ્ઞાનની સાથે કર્તૃત્વની વ્યાપ્તિ બેસી શકતી નથી, આપણામાં ઘટપટાદિ પદાર્થોનું જ્ઞાન છે, પરંતુ ઘટપટાદિ પદાર્થો નું કૃતિમત્વ આપણામાં નથી. આથી જ્ઞાનની સાથે કૃતિમત્વનું રહેવું અનિવાર્ય નથી, આથી બળથી ય ઈશ્વરમાં આ બે સાથે ન રહી શકે.

જો તમે એવું માનતા હો કે ઈશ્વરના સર્વજ્ઞત્વ વગર સંસારની વિચિત્રતા અસંભવ લાગે છે, તો એ પણ ઠીક નથી, તમે માન્યું છે કે વિચિત્રતા વિવિધ પ્રકારની છે. અને ઈશ્વરને એવું વૈવિધ્ય જો પોતાની સૃષ્ટિમાં લાવવું હોય તો ઈશ્વરમાં જ્ઞાનનું વૈવિધ્ય હોવું અનિવાર્ય છે. જેમ એક કુશળ રસોઈયો વિવિધ પ્રકારનાં વ્યંજન, રસવંતા પદાર્થોની જાણકારી (જ્ઞાન) રાખે છે તો જ વિવિધ પ્રકારની મીઠાઈ, વ્યંજન આદિ રસોઈ બનાવી શકે છે, નહીંતર એ શક્ય નથી. બરાબર એ જ રીતે ઈશ્વર પણ સૃષ્ટિમાં ખૂબ જ વૈવિધ્ય રાખે છે. વિસદશ્યતા અતિશય છે, તો ઈશ્વરમાં એ બધાંનું જ્ઞાન હોવું આવશ્યક છે. આથી તમે કોઈ પણ રીતે મારી મચડીને પણ સૃષ્ટિકર્તૃત્વને સિદ્ધ કરવાના હેતુથી ઈશ્વરમાં સર્વજ્ઞતા સિદ્ધ કરતા જાઓ છો, એ પણ ઉચિત નથી.

સંસારની વિચિત્રતા-વિવિધતા-વિષમતાનું કારણ જીવોનું પોતાનું કરેલું કર્મ જ સ્વીકારી લો તો પછી પ્રશ્ન જ ક્યાં રહ્યો ? એ રીતે સંસારસ્થ જડ પદાર્થોમાં પણ મિશ્રણ-સંમિશ્રણ, વિઘટનથી વૈવિધ્ય છે આ સ્વભાવજન્ય જ માની લો તો ઈશ્વરનું સ્વરૂપ તો વિકૃત થવાથી બચી જશે; શા માટે તમે દ્રવિડ પ્રાણાયામ કરો છો ? સંસારમાં ત્રસ-સ્થાવર-વિકલેન્દ્રિય-સકલેન્દ્રિય, દેવ-નારક-તિર્યંચ મનુષ્યાદિની વિચિત્રતા તથા સુખદુ:ખાદિની વિષમતા સ્વયં જીવો દ્વારા ઉપાર્જિત કર્માનુસાર છે એ સ્વીકારવામાં વધારે સરળતા છે. આથી તમે સર્વજ્ઞતાથી સૃષ્ટિ, સૃષ્ટિકર્તૃત્વ યા સૃષ્ટિકર્તૃત્વથી સર્વજ્ઞતા સિદ્ધ કરવાનો બાલીશ પ્રયત્ન ન કરો, કારણ કે કોઈ એક બીજાનું અન્યથા સિદ્ધ નિયત પૂર્વવર્તી કારણ નથી, ન તો એ જન્ય જનક છે. અન્યથા બુદ્ધ, મહાવીર આદિ કેટલાય સર્વજ્ઞોને સૃષ્ટિકર્તા સ્વીકારવા પડે, તો એવા સર્વજ્ઞો કેટલા થયા છે? ઉત્તરમાં સંખ્યા અનંતની છે. તો શું તમે અનંત સર્વજ્ઞોને સૃષ્ટિકર્તા માનશો? તો પછી તમારો એકત્વ પક્ષ ચાલ્યો જશે.

ઠીક, જો અમારી જેમ સંસારને અનાદિ-અનંત અને જડ-ચેતનના સંયોગ વિયોગાત્મક યા જીવ કર્મ સંયોગ - વિયોગજન્ય માની લો તો શું તકલીફ પડે ? કારણ કે અનાદિ સંસારમાં જડ અને ચેતન આ બે જ મૂળભૂત દ્રવ્યો છે. એમની જ સત્તા છે. એમનું જ અસ્તિત્વ છે. ચેતનને જ જીવ કહે છે, અને જડનો એક અંશ કાર્મણ વર્ગણાનાં

પુદ્ગલ પરમાણુ છે. એ પુદ્ગલ પરમાણુઓવાળી કાર્મણ વર્ગણાને જીવ રાગ-દ્વેષાદિ કારણથી પોતાનામાં ખેંચે છે, અને કર્મરૂપમાં પરિણત કરે છે. જેમ ચુંબકમાં ચુંબકીય શક્તિ મૂળભૂત પડી જ છે. કારણકે વસ્તુ અનંત ધર્માત્મક છે. એ રીતે ચેતન આત્માનાં પણ રાગાદિ ભાવ પદાર્થ નિમિત્તક છે. આથી તે આકર્ષિત કરે છે. એનાથી કાર્મણ વર્ગણા આત્મસંયોગી બનીને કર્મ બને છે. જીવની સાથે કર્મનો સંયોગ વિયોગ જ સૃષ્ટિની વિચિત્રતાનું સાચું કારણ છે એમ માનવું ઉચિત છે.

બીજી તરફ જો તમે ઈશ્વરને સૃષ્ટિના વૈચિત્ર્યનું કારણ માનશો તો પણ આવશ્યક ઉપકરણોના રૂપે જીવ અને કર્મનું અસ્તિત્વ પ્રથમ સ્વીકારવું પડશે. કારણ કે આવશ્યક ઉપકરણોના અભાવમાં ઈશ્વર સૃષ્ટિની રચના કેવી રીતે કરી શકશે ? જેમ એક કુંભાર ઘડો બનાવે છે તો માટી, પાણી, અગ્નિ, દંડ, ચક્ર આદિ આવશ્યક ઉપકરણો ઉપસ્થિત હોય તો જ એ બનાવી શકશે. જો એ ઉપકરણો ન હોય તો કુંભાર ઘડો કેવી રીતે બનાવશે ? એ જ રીતે તમારા કથનાનુસાર માની લીધું કે ઈશ્વર સર્વજ્ઞ છે,સૃષ્ટિ રચના અને વૈચિત્ર્યાદિના નિર્માણનું પૂરું જ્ઞાન ઈશ્વરને છે; આથી તે સૃષ્ટિ નિર્માણ કરવામાં સમર્થ છે. પરંતુ અમારું એ પૂછવું છે કે શું સમર્થ ઈશ્વર પણ આવશ્યક સામગ્રીના અભાવમાં પણ સૃષ્ટિ નિર્માણ કરશે ? જે જરૂરી ઉપકરણો જોઈએ એના અભાવમાં સૃષ્ટિ કેવી રીતે બની શકશે ?

ઘડો બનાવવા જેવી રીતે માટી, પાણી આદિ સામગ્રીની જરૂર છે, રસોઈ બનાવવા માટે અનાજ, શાકાદિ, પાણી અગ્નિ વગેરે કેટલીય સામગ્રીની જરૂર છે, એ રીતે સૃષ્ટિ નિર્માણ કરવાની બાબતમાં ઈશ્વરને જીવ કર્માદિ આવશ્યક ઉપકરણ યા સામગ્રી ની જરૂર પડશે. જ્યારે જીવ કર્માદિ સામગ્રીના અભાવમાં ઈશ્વર સૃષ્ટિ રચના કરે એ સંભવ જ નથી.

જો તમે સામગ્રીના અભાવમાં સૃષ્ટિ માનતા હો તો અનાજ, પાણી, અગ્નિ આદિ સામગ્રીના અભાવમાં રસોઈ બનાવીને બતાવો, યા માટી,પાણી આદિ કોઈ સામગ્રી વગર ઘડો બનાવીને બતાવો. આ રીતે સંસારમાં અનર્થની પરંપરા ઊભી થશે. સારૂ, તો પછી કર્મફળ આપવામાં જીવોમાં કર્મ ફળનું અસ્તિત્વ કેમ માન્યુ છે ? શા માટે ઈશ્વર કોઈને કર્મનું ફળ આપતી વખતે એ જીવના કર્માનુસાર ફળ આપે છે એવું પણ શા માટે કહો છો? ફળ આપવા માટે કર્મ પણ આવશ્યક સામગ્રી થઈ ગઈ. એ તો તમે જાતે સ્વીકારીને જ બોલો છો.

તમારાં શાસ્ત્રો કહી રહ્યાં છે કે - ઈશ્વર જીવના કર્મ અનુસાર જ ફળ આપે છે. મતલબ કે તમે ઈશ્વર નિર્મિત સૃષ્ટિ માટે જીવ અને કર્મને અનુત્પન્ન રૂપે આવશ્યક સામગ્રી માની લીધી છે. અને જો ન માનતા હો તો ઈશ્વરનું કૃતિમત્વ સામગ્રીના અભાવમાં નિરર્થક સિદ્ધ થશે. બીજી તરફ સામગ્રીને સ્વીકારતા હો તો પણ ઈશ્વરનું કૃતિમત્વ-નિરર્થક નિષ્પ્રયોજન સિદ્ધ થઈ ચૂક્યું છે. કારણ કે જે સામગ્રી યા ઉપકરણરૂપે જીવ-કર્મનો સ્વીકાર કરો છો એ જ પરસ્પર સંયોગ-વિયોગથી સંસારની વિચિત્રતાનું નિર્માણ કરી લે છે. જીવ સ્વયંપણ સક્રિય સચેતન દ્રવ્ય છે. પછી ઈશ્વરના કૃતિમત્વની આવશ્યકતા જ ક્યાં રહી ?

આથી જીવ કર્મ સંયોગ જન્ય વૈચિત્ર્યરૂપ સંસાર માટે ઈશ્વરને કારણ માનવાનું યુક્તિ સંગત પણ નથી લાગતું.

બીજી બાજુ ઈશ્વર જ જીવો પાસે શુભાશુભ કર્મ કરાવે અને એ જ એમનાં શુભાશુભ કર્મોનું ફળ આપનારો બને. માત્ર પોતાના ઈશ્વરત્વ-સ્વામિત્વની રક્ષા માટે ફળદાતા બને એ દ્રવિડ પ્રાણાયામ શા માટે કરો છો ? વિષ્ટામાં હાથ ગંદા કરીને પછી ગંગામાં ધોવા માટે કાશીયાત્રા કરવી કેટલે અંશે ઉચિત છે ?

બીજી તરફ **'जीवो ब्रह्मैव नाऽपर'** યા **जीवो ममांऽश:** । જીવ મારે જ અંશ છે અન્ય કોઈ નથી' આ કહેનારા પણ જ્યારે સૃષ્ટિકર્તા ઈશ્વરને ફળદાતા પણ કહે છે તો ઈશ્વર ફળ દેશે કોને ? જ્યારે એનાથી ભિન્ન તો કોઈ જીવ છે નહીં ! સારું, જ્યારે ઈશ્વરાતિરિક્ત જીવ કોઈ છે જ નહીં તો પછી કર્મ કર્યાં કોણે ? કરનારો જ કોઈ નથી એ છતાં કર્મ માનવાં અને એને આધારે ફળદાતા ઈશ્વર છે એમ માનવું એ અભાવ ઉપર ભાવની પરંપરાને માનવા જેવું છે. યા તો દોરડાને સાપ માનવા નો ભ્રમ છે. તો બ્રહ્મજ્ઞાન અને ભ્રમ જ્ઞાનમાં કોઈ અંતર જ નથી ? બીજી બાજુ ઈશ્વરને ફળદાતા માનીને પણ અનુગ્રહ-નિગ્રહ સમર્થ પણ માનવા ક્યાં સુધી યોગ્ય છે ? તો પછી કરુણાવાન, દયાળુ, ગુણપ્રધાન ઈશ્વર સર્વ જીવો ઉપર એકી સાથે અનુગ્રહ કેમ નથી કરી દેતો ? જો અનુગ્રહ નથી કરતો તો એની કરુણા નિરર્થક જશે. બીજી બાજુ દાનવી સૃષ્ટિ અસુરાદિ પણ ઈશ્વર દ્વારા ઉત્પન્ન થયા છે એમ માનીએ તો પછી ઈશ્વરે એમનો નિગ્રહ કેમ ન કર્યો ? પહેલાં દાનવોને ઉત્પન્ન કરવા અને પછી નિગ્રહ કરવો ! ફરી પાછી એ જ વાત. વિષ્ઠામાં હાથ બગાડો અને ધોવા માટે કાશી-ગંગા જાઓ. ઈશ્વર જ્યારે સર્વજ્ઞ હતા, સર્વવેત્તા હતા, બધું જ જાણતા હતા તો પછી ઈશ્વરવાદ જગતકર્તૃત્વવાદ ન સ્વીકારનારા અને એમનો વિરોધ કરનારા અમારા જેવાઓને શા માટે નિર્માણ કર્યા ? શું આ ઈશ્વરની ભૂલ નથી ? જો તમે ઈશ્વરની સૃષ્ટિમાંથી ભૂલ કાઢશો તો ઈશ્વરની સર્વજ્ઞતા જોખમમાં આવી જશે. પછી તો ભૂલ કરે એ પણ ભગવાન અને ભગવાન પણ ભૂલ કરે છે એ સ્વીકારવું પડશે.

અગર તો અમે એમ કહીએ કે અમારી શું ભૂલ છે? ઈશ્વર અમારા દ્વારા જ વિરોધ કરાવે છે, અમે તો નિર્દોષ છીએ. કઠપૂતળીની જેમ અમને નચાવતો ઈશ્વર જ અમારી પાસે આ કરાવે છે તો ઈશ્વર જ કારણ ઠરશે.

ઈશ્વરને કેવો માનીએ એ દ્વિધામાં તમે પડ્યા છો. હવે આ વમળમાંથી બહાર કેવી રીતે નીકળવું એ સમસ્યા છે. જીવને માતાની કુક્ષીમાં શુક્ર-શોણિત ગ્રહણ કરીને પિંડ બનાવીને દેહ રૂપે પરિણત કરવામાં કારણ તો કર્મ જ છે. ઈશ્વરને ન તો કારણ માની શકીએ, ન તો સામગ્રી. આથી વાત માનવી જ પડશે કે જીવ કર્મરૂપ ઉપકરણ દ્વારા જ દેહનું નિર્માણ કરે છે. આ રીતે સંસારમાં અનેક જીવો કર્માધીન છે. સૌ કર્મ સંજોગવશ પોતપોતાનો સંસાર નિર્માણ કરે છે અને ચલાવે છે બસ, ઈશ્વરને કર્તૃત્વ ફલદાતા આદિ રૂપે વચમાં સ્વીકારવાની આવશ્યકતા નથી, જબરદસ્તીથી ઈશ્વર સ્વરૂપ વિકૃત થાય છે.

## ઈશ્વરકર્તૃત્વની નિષ્પ્રયોજનતા

નિષ્કર્મ - કર્મરહિત જીવ શરીરાદિ નથી બનાવતો, કારણ કે તે નિશ્ચેષ્ટ છે. જે આકાશાદિની જેમ નિશ્ચેષ્ટ હોય એ આરંભ કાર્યમાં અસમર્થ હોય છે. કર્મરહિત જીવ, જે સિદ્ધાત્મા-મુક્તાત્મા કહેવાય છે, તે નિશ્ચેષ્ટ નિષ્ક્રિય છે ત્યાં કર્મ ઉપકરણ પણ નથી. આથી દેહ નિર્માણ યા સંસાર નિર્માણ કશું જ સંભવ નથી. જ્યાં કર્મ ઉપકરણ છે ત્યાં એ સંભવ છે.

જ્યારે તમે ઈશ્વરને સશરીરી માનીને કુંભારની જેમ સૃષ્ટિનો કર્તા માનો છો તો પ્રશ્ન એ છે કે ઈશ્વરે પોતાના શરીરની રચના પોતે કરી કે બીજાએ ? બીજાના દ્વારા માનવાથી અનવસ્થા દોષ આવશે. કદાચ એમ કહીએ કે સ્વશરીરની રચના સકર્મ થઈને કરી કે અકર્મ થઈને કરી ? જો કર્મરહિત થઈને કરી કહીએ તો આકાશ પણ કરી શકે છે. એ નિષ્કર્મ છે. અથવા કર્મરહિત ઈશ્વર સામગ્રીના અભાવમાં દેહરચના કેવી રીતે કરી શકે ? તો પછી સિદ્ધાત્મા પણ કરી શકે છે. એ માનશો તો સિદ્ધ પુનઃ સંસારમાં આવી જશે. આથી એમનું સિદ્ધ થવું વ્યર્થ સાબિત થશે. આ રીતે તો સિદ્ધત્વ જ નિરર્થક - નિષ્પ્રયોજન સિદ્ધ થઈ જશે, તો પછી કોઈ સિદ્ધ બનશે જ નહીં.

સિદ્ધ બનવા માટે પુરૂષાર્થ પણ નહીં કરે.પુરૂષાર્થ ધર્મ પ્રધાન છે,એ પણ નહી કરે, આ રીતે બધું જ નિરર્થક-નિષ્પ્રયોજન સિદ્ધ થશે. હવે સકર્મ ઈશ્વરની સામગ્રીના અભાવમાં સ્વશરીર રચના જ અસંભવ છે તો પછી સૃષ્ટિ રચના કેવી રીતે સંભવ બની શકે ? સકર્મ માનીએ તો સકર્મી તો પુરુષ પણ છે. પશુ-પક્ષી પણ છે. સકર્મી સશરીરી બધા છે તો ઈશ્વરની મનુષ્યાદિથી ભિન્નતા શું રહી ? ભિન્નતા સંભવ નથી.

ઠીક, જો ઈશ્વર કોઈ પણ પ્રયોજન વગર જીવોનાં શરીર યા સૃષ્ટિરચના કરે છે તો નિષ્પ્રયોજન પ્રવૃત્તિ ઉન્મત્ત પ્રવૃત્તિ કહેવાય છે, આથી ઈશ્વરને ઉન્મત્ત માનવાની આપત્તિ આવશે. જો કોઈ પ્રયોજન છે તો એ ઈશ્વર કેમ કહેવાશે ? ઈશ્વર જ અનીશ્વર સિદ્ધ થશે. જો અનાદિ શુદ્ધ ઈશ્વર જ સૃષ્ટિરચના કરે છે એમ માનીએ તો પણ સંભવ નથી. કારણ, શુદ્ધિ રાગ-દ્વેષાદિ અભાવમાં હોય છે. જો ઈચ્છા સિદ્ધ ન થાય તો ઈચ્છાના અભાવમાં સૃષ્ટિ સંભવ નથી. હવે શું કરીએ ? ઈચ્છા માનીએ તો રાગાદિયુક્ત સકર્મ ઈશ્વર માનવો પડશે, અને ન માનીએ તો સૃષ્ટિ રચનામાં વિઘ્ન આવશે. **'इतो व्याघ्रस्ततो तटी'** જેવી સ્થિતિમાંથી છુટકારો મુશ્કેલ છે. આથી ઈશ્વર ઉપર સૃષ્ટિકર્તૃત્વનો બોજ નાખીને ઈશ્વરનું સ્વરૂપ વિકૃત કરવાનું કુકર્મ ન કરીએ એમાં આપણી સજ્જનતા છે.

## કરૂણામાં દોષ

બુદ્ધિમાનોની પ્રવૃત્તિ પ્રયોજન અથવા કરૂણા બુદ્ધિપૂર્વક હોય છે. આથી અહીં પ્રશ્ન થાય છે કે ઈશ્વર સ્વાર્થથી સૃષ્ટિ નિર્માણમાં પ્રવૃત્ત થાય છે કે કરુણાવૃત્તિથી ? સ્વાર્થ અથવા પ્રયોજન માનીએ તો એ ઈશ્વરમાં કેવી રીતે ઘટીત થાય ? કારણ કે ઈશ્વર તો કૃતકૃત્ય છે. કૃતકૃત્ય ઈશ્વરનું પ્રયોજન યા સ્વાર્થ પણ કેવી રીતે સંભવી શકે ? સ્વાર્થી

કહેવો એ તો ઈશ્વરની વધુ પડતી વિડંબના કરવાની વાત છે, અને જો કરૂણા બુદ્ધિથી માનીએ તો પણ એ સંભવ નથી. કારણ કે દુઃખોને દૂર કરવાની ઈચ્છાને કરૂણા કહે છે. કરૂણાની આ વ્યાખ્યા ખોટી તો નથી. જ્યારે સૃષ્ટિ રચના પહેલાં જીવો પાસે ઈન્દ્રિયો, શરીર અને વિષયાદિ ન હતાં તો પછી જીવોને દુઃખ જ ક્યાં હતાં ? અને જ્યારે દુઃખ જ ન હતું તો પછી કયા દુઃખને દૂર કરવાની કરૂણા ઈશ્વરમાં ઉત્પન્ન થઈ ? તો પછી તમે એ કેવી રીતે કહી શકો કે કરૂણા પ્રેરક ઈચ્છાથી પ્રેરિત થઈને ઈશ્વરે સૃષ્ટિ બનાવી ?

જો તમે એવું કહો કે સૃષ્ટિ રચના કર્યા પછી દુઃખી જીવોને જોઈને ઈશ્વરમાં કરૂણાનો ભાવ ઉત્પન્ન થયો, તો આ ઈતરેતરાશ્રય દોષ નહીં કહેવાય ? ઈશ્વર દુઃખી જીવોને બનાવે, અને પછી એમની ઉપર કરૂણા જગાવે, એ કરુણાથી અનુગ્રહ કરે, અરે ભગવાન ! આવી સમુદ્રી પ્રદક્ષિણાથી શું લાભ? એને બદલે તો તમે સૃષ્ટિ નિર્માણ કરવાનો પક્ષ જ ન સ્વીકારો તો શું આપત્તિ છે ? કરૂણાથી જગતની રચના અને જગતરચના પછી ફરી કરૂણા એવું જો દોષ યુક્ત પણ માનશો તો ઈંડા-મુરઘીની જેમ આ ક્રમ સદાય ચાલતો રહેશે. એનો અંત જ નહીં આવે.કરુણાથી જગત, જગતથી ફરી કરૂણા, ફરી પાછી જગત રચના. આ રીતે સદાય કરૂણા તમને તમારા પક્ષની પુષ્ટિની લાગશે પણ ખરી, પરંતુ સદાય કરૂણા અને સદાય જગત રચના જો ચાલતી જ રહેશે તો ઈશ્વર સંહાર-પ્રલય ક્યારે કરશે? યા તો તમારે બેમાંથી એક પક્ષ સ્વીકારવો પડશે. પરંતુ સૃષ્ટિ જ નહિં બની હોય તો સંહાર કોનો કરશે ? સૃષ્ટિની રચના જ સિદ્ધ થતી નથી તો સંહાર-પ્રલયની વાત જ કાની કરીએ?

બીજી બાજુ સૃષ્ટિ અને સંહાર બંને એકી સાથે સ્વીકારીએ તો પણ સંભવ નથી, કુંભાર ઘડો બનાવતો જાય અને ફોડતો જાય ? માતા બાળકોને જન્મ આપતી જાય અને પછી મારતી જાય, ફરી જન્મ આપે અને મારે, તો નિરર્થક પ્રસવપીડા સહન કરવાનું દુઃખ શા માટે માથા પર લે? એ રીતે બંને સ્વભાવ સાથે રાખીને ઈશ્વર કાર્ય કરે તો સૃષ્ટિ નિર્માણ અને સંહાર બંને એકી સાથે સંભવ પણ કેવી રીતે હોઈ શકે ? સૃષ્ટિરચના નિરર્થક - નિષ્પ્રયોજન સિદ્ધ થશે. તમે કદાચ એમ કહો કે માત્ર લીલા-વિલાસ માટે જ ઈશ્વર એવું કરે છે-આ પક્ષ સ્વીકારીએ છીએ તો પછી કરૂણા અનુગ્રહ-નિગ્રહાદિ યા સર્વજ્ઞત્વ યા સર્વશક્તિમાનાદિ પક્ષ નિષ્પ્રયોજન સિદ્ધ થશે.

કરૂણા રહેતા સંહાર કરવો એ પાણીમાંથી આગ કાઢવા બરાબર છે. કરૂણાથી સંહાર થઈ જ ન શકે. તો પછી તમે સંહાર-પ્રલય માટે દાનવી-ક્રુરતાનું અસ્તિત્વ ઈશ્વરમાં માનશો ? આ તો ઈશ્વરનો ઉપહાસ કરવાની ચરમસીમા થઈ જશે. ક્રૂર દાનવ-રાક્ષસ પણ કહેવો અને ઈશ્વર પણ કહેવો એ મૂર્ખ વ્યક્તિ પણ નહીં સ્વીકારે.

સારું, તમે સૃષ્ટિ રચના અને પ્રલયકારક સંહાર બંને ઈશ્વરનાં કાર્યો માનો તો ઈશ્વરમાં નિત્યત્વ સિદ્ધ નહીં થાય. અનિત્યત્વ આવી જશે. બંને ક્રિયાઓનો કર્તા ભિન્ન ભિન્ન માનશો તો તમારો એકત્વ પક્ષ ચાલ્યો જશે. એક ઈશ્વર નહીં રહે. જુદાજુદા અનેક ઈશ્વર માનશો તો

અનેકેશ્વરવાદી કહેવાશો. આ તો પગ નીચેની ધરતી પણ ખસતી જાય છે !

શું ઈશ્વર જે સ્વભાવથી સૃષ્ટિની રચના કરે છે તે સ્વભાવથી સંહાર કરે છે કે ભિન્ન સ્વભાવથી ? જો ઈશ્વરને સદા એક સ્વભાવવાળો માનશો તો ભિન્નભિન્ન કાર્યોની સંભાવના જ નહીં રહે. સૃષ્ટિ રચના અને પ્રલય કાર્ય બંને કાર્યો એક બીજાથી બરાબર વિરુદ્ધ છે, આથી એક જ સ્વભાવથી બંને વિરોધી કાર્યો થઈ ન શકે; તથા ઈશ્વરને એકાન્ત નિત્ય માનવાથી સૃષ્ટિ સર્જન બની નહીં શકે. જો ઈશ્વર સૃષ્ટિ રચના અને સંહારાદિ અનેક કાર્યો કરશે તો એ અનિત્ય બની જશે. અનેક કાર્યો તો તમે સ્વીકારો છો. માત્ર એક સૃષ્ટિ રચના જ નહીં, પરંતુ પાલન અને સંહાર પણ તમે ઈશ્વરનાં જ કાર્યો રૂપે સ્વીકારો છો, તો અનેક કાર્યો થયા, અને અનેક તથા એકાન્ત નિત્ય બંને પરસ્પર વિરોધી છે. જો ઈશ્વરના સ્વભાવમાં અનિશ્ચિતતા નહીં હોય તો સર્વ કાર્યો એક સાથે જ થઈ જશે. તથા એક સ્વભાવથી અનેક કાર્યો સંભવ નથી. કારણ કે કાર્યાનુરૂપ સ્વભાવ તથા સ્વભાવાનુરૂપ કાર્ય હોય છે. સ્વભાવભેદ અનિત્યતાનું લક્ષણ છે. તમે જ કહો છો કે ઈશ્વર સૃષ્ટિ રચનામાં રજોગુણ, સંહારમાં તમોગુણ અને સ્થિતિમાં સત્વગુણ રૂપે પ્રવૃત્તિ કરે છે. આ રીતે અનેક અવસ્થાઓ અને સ્વભાવોના ભેદ અને પરિવર્તનથી ઈશ્વરને એકાન્ત નિત્ય કેવી રીતે માની શકાય ?

માની લો કે ઈશ્વર નિત્ય છે, એનામાં રહેલી ઈચ્છા પણ નિત્ય હશે. ઈચ્છા નિત્ય છે તો સૃષ્ટિરચનાનું કાર્ય પણ નિત્ય ચાલતું જ રહેવું જોઈએ. ઈચ્છા સદાકાળ ઈશ્વરને પ્રવૃત્ત કરતી જ રહેશે. બીજુ બાજુ તમે ઈશ્વરમાં બુદ્ધિ-ઈચ્છા-પ્રયત્ન-સંખ્યા પરિણામ-પૃથકત્વ-સંયોગ અને વિભાગ નામના આઠ ગુણોને સ્વીકારો છો. ઈશ્વરની નિત્યતાની સાથે ઈચ્છાની પણ સદા નિત્યતા ઈશ્વરમાં સદા સ્વીકારીએ તો જુદાજુદા કાર્યોને આધારે ઈચ્છાઓ પણ ભિન્નભિન્ન વિષયક માનવી પડશે. કારણ કે કાર્યો અનેક પ્રકારનાં છે. એ રીતે ઈશ્વરની ઈચ્છાઓના વિષયો હોવાથી ઈશ્વરને પણ અનિત્ય માનવો પડે.

## શું ઈશ્વરને કર્તા યા નિમિત્ત કારણ માનીએ ?

જો ઈશ્વરે પૃથ્વી,પાણી,અગ્નિ,વાયુમાં પરમાણુઓથી તથા અદૃષ્ટ (પૂર્વ કર્મ સંસ્કાર) ને ધ્યાનમાં રાખીને જો જીવોના કલ્યાણના હેતુથી આ જગત-સૃષ્ટિ રચના કરી છે એ તો પણ નિત્ય,વિદ્યમાન,દિશા, કાળ અને આકાશમાં કરી છે તો પછી ઈશ્વરને અધિક નિમિત્ત કારણ - (Efficient Cause) માની શકીએ. પણ સૃષ્ટિકર્તા કહી ન શકાય. કારણ કે ન્યાયવૈશેષિક મતાનુસાર ઈશ્વર આ જગતને શુન્યમાંથી ઉત્પન્ન નથી કરતો. ઠીક, ઈશ્વરને આ રીતે નિમિત્ત કારણ માનીએ તો પછી જીવોની શુભાશુભ કાર્ય પ્રવૃત્તિમાં નિમિત્ત નહીં બને. કારણ કે અદૃષ્ટ જ જીવોને માટે કારણ છે. પોતાના પૂર્વકૃત્ય કર્મ સંસ્કારકરૂપ અદૃષ્ટ માટે જીવ સ્વયં ઉત્તરદાયી છે, ઈશ્વર નહી.આ રીતે જીવ પોતે જ પોતાનાં શુભાશુભ કાર્યોનો કર્તા છે તો ભોક્તા પણ એને જ માનવો પડશે. કાલાનુસાર

એ જીવ એ અદષ્ટ-કર્મનાં ફળો ભોગવશે.

આથી જીવોના શુભાશુભ કર્મ અને ફળના વિષયમાં ઈશ્વરનો હસ્તક્ષેપ રહેશે નહી. આથી ઈશ્વર ન તો સૃષ્ટિકર્તા અને ન તો કર્મફલદાતા સિદ્ધ થાય છે.

**શુદ્ધ પરમેશ્વર સ્વરૂપ**

આટલી સુદીર્ઘ અને સુવિસ્તૃત તર્ક યુક્તિપૂર્વકની ચર્ચાથી એ નિષ્કર્ષ નીકળે છે કે ઈશ્વર કોઈ એવી સત્તા નથી કે જે સૃષ્ટિની રચના કરે છે; પ્રલય-સંહારાદિ કરે છે. એ કોઈ પણ રૂપમાં પણ સિદ્ધ થતું નથી. એ જ રીતે ઈશ્વર કર્મફળ દાતાા રૂપમાં પણ સિદ્ધ થતો નથી, અને એ જ પ્રમાણે ઈશ્વરના વિષયમાં આપવામાં આવેલાં વિશેષણો - જગતકર્તા, એક, નિત્ય, સર્વવ્યાપી, સ્વતંત્ર - આ સર્વ વિશેષણો પણ સિદ્ધ થતાં નથી, આ વિશેષણોથી પરસ્પર વિરોધાભાસ ઊભો થાય છે. જેમ ત્રાજવે ઉંદરો તોલવા મુશ્કેલ છે, એ જ રીતે આ વિશેષણો તર્ક યુક્તિની તુલામાં બેસાડવા અઘરા છે, અસંભવ જેવા છે. એક પક્ષ સિદ્ધ કરવા જાઓ તો બીજો તૂટે છે. બીજો સિદ્ધ કરવા જાઓ તો ત્રીજો તુટે છે. એ રીતે તો આ ચર્ચા ઘણી લાંબી છે, પરંતુ મૂળમાં જ જે સૃષ્ટિ કર્તૃત્વ માન્યું છે એ જ સિદ્ધ નથી થઈ શકતું તો બીજી વાતો એના આધાર પર સિદ્ધ નથી થતી.

આથી નિરીશ્વરવાદી જૈનોનું કહેવું છે કે પરાણે ઈશ્વર પર કર્તા-નિત્ય-એક આદિ વિશેષણો બેસાડવાથી દોષ આવે છે અને એ વિશેષણો શોભાસ્પદ નથી ઠરતાં પણ ઈશ્વરી વિડંબના કરે છે. યોગ્ય અલંકારોને સ્વરૂપવાન સ્ત્રીપણ જો સુયોગ્ય સ્થાન પર ન પહેરે તો એ પણ હાસ્યાસ્પદ બની જાય છે. એ રીતે ઈશ્વરમાં પણ જે સૃષ્ટિ કર્તૃત્વ, ફલ દાતૃત્વ આદિ સિદ્ધ થતાં જ નથી એમને જબરજસ્તીથી ઈશ્વર પર ઠોકી બેસાડવાથી ઈશ્વરનું સ્વરૂપ હાસ્યાસ્પદ-વિકૃત સિદ્ધ થાય છે. પછી એવા વિકૃત સ્વરૂપવાળા ઈશ્વરની આપણે ઉપાસના ભક્તિ, નામસ્મરણ, ધ્યાનાદિ કેવી રીતે કરીએ ? પત્નીને દુરાચારિણી, દુશ્ચરિત્રવાળી જોઈને તેના પ્રત્યે પ્રેમ કેવી રીતે ઉત્પન્ન થશે ? એ રીતે ઈશ્વરનું વિડંબનાયુક્ત હાસ્યાસ્પદ વિકૃત સ્વરૂપ જોઈને એના પ્રત્યે આદર-પૂજ્યભાવ, ભક્તિભાવ કેવી રીતે ઉત્પન્ન થશે ? શક્ય નથી.

આથી ઈશ્વરને પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં સ્વીકારવો અનિવાર્ય છે. એને સૃષ્ટિકર્તા, સંહારકર્તા ન માનીને સર્વકર્મમુક્ત, સર્વજ્ઞ, સર્વદર્શી, રાગદ્વેષરહિત-વીતરાગ, સિદ્ધ બુદ્ધ - મુક્ત માનવો જરૂરી છે. મોક્ષ માર્ગનો ઉપદેષ્ટા માનવો જોઈએ. આત્માનું જ પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે. વિદ્યાનંદીએ આ જ કહ્યું છે -

**मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्म भूभृताम् ।**
**ज्ञातारं विश्वतत्त्वानां, तीर्थेशं स्मृतिमानये ॥**

મોક્ષમાર્ગ દેખાડનાર, ગન્તવ્ય મોક્ષ સુધી લઈ જવામાં સહાયક છે, આલંબન છે. કર્મોના પર્વતોને તોડનાર છે. જે સમસ્ત વિશ્વના તમામ તત્ત્વો-પદાર્થોના જ્ઞાતા છે, સર્વજ્ઞ છે, એવા તીર્થેશ-તીર્થંકરને હું સ્મૃતિ પટલમાં સ્મરું છું. વાત સારી છે. જે અરિહંત

હોય તે જ ભગવાન કહેવા યોગ્ય છે. પરંતુ જે ભગવાન હોય તે અરિહંત પણ કહેવા યોગ્ય નથી, કારણ કે અરિહંત = અરિ કામ ક્રોધાદિ શત્રુઓ (કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ) હંત - નાશ - એટલે કે જેમણે રાગ દ્વેષાદિ આત્મશત્રુઓનો નાશ-ક્ષય કર્યો છે એવા અરિહંતને જ ભગવાન-ઈશ્વર કહેવા યોગ્ય છે.

ઈશ્વર જ નહીં, પરમેશ્વર પણ એ જ કહેવાશે. પરમ + ઈશ્વર = પરમેશ્વર, પરમ + આત્મા = પરમાત્મા, આથી જૈનો નિરીશ્વરવાદી નહીં પરમેશ્વરવાદી છે. સૃષ્ટિકર્તા ઈશ્વરને જૈનો નથી સ્વીકારતા એ અપેક્ષાએ જૈનોને નિરીશ્વરવાદી કહેવા ઉચિત છે. પરંતુ સાથે સાથે પરમ શુદ્ધ આત્માને પરમેશ્વર કહેતાં જૈનોને પરમેશ્વરવાદી પણ કહેવા રહ્યા. પરમોચ્ચ, પરમ શુદ્ધ પૂર્ણ વીતરાગ પરમાત્માને પરમેશ્વર માનનારા જૈનો પ્રભુના સ્વરૂપને હાસ્યાસ્પદ વિકૃત નથી કરતા, આથી ભક્તિ-ઉપાસનામાં સદૈવ પરમાત્મભક્તિ કરનારા જૈનોને નાસ્તિક કહેવા એ પણ મૂર્ખતા છે.

જૈન દર્શન અવતારવાદ પણ સ્વીકારતું નથી. મુક્તાત્મા મોક્ષમાંથી પાછો ફરીથી સંસારમાં નથી આવતો, અપૂર્ણ પૂર્ણ બને છે. રાગી વીતરાગી બને છે. અશુદ્ધ શુદ્ધ બને છે, એ રીતે સંસારી સિદ્ધ બને છે. બુદ્ધ-મુક્ત બને છે. એનાથી ઊલટું નથી થતું. આથી સર્વ કર્મબંધનમાંથી મુક્ત સિદ્ધાત્મા પુનઃ સંસારમાં નથી આવતા. ફરી જન્મ નથી લેતા. એમને ન તો સજા કરવી છે, ન તો અનુગ્રહ-વિગ્રહ કરવા છે, કે ન તો સૃષ્ટિ રચના કરવી છે. ન પ્રલય કરવો છે. ન કર્મ ફળ દેવાં છે. આ સર્વ વિડંબનાઓથી પર થઈ ગયેલા એ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, કૃતકૃત્ય, ધનધન્ય થઈ ચૂક્યા છે. આથી ન તો ત્યાં કર્મબંધ છે અને કર્મબંધ ન હોવાથી પુનરાગમન નથી.

કારણ કે નીચે પતન યા સંસારમાં પુનરાગમન તો કર્મજન્ય છે. અને ત્યાં મોક્ષમાં કર્મબંધાદિનો અભાવ છે. પછી અધઃપતન સંભવ જ નથી. ઉપરથી નીચે નથી આવતા, મોક્ષમાંથી ફરી સંસારમાં નથી આવતા, આથી અવતારવાર (ઊતરવું) સ્વીકારવામાં આવ્યો નથી. આથી સંસારમાંથી એક નહીં, અનેક નહીં, અનન્તાત્માઓ મોક્ષમાં જાય છે; ગયા છે; જે કોઈ કર્મક્ષય કરે, તે મોક્ષમાં જાય છે. સિદ્ધ-બુદ્ધ મુક્ત બને છે. આથી જૈનદર્શન અનંતાત્મવાદી છે. આથી અનંતસિદ્ધાત્મવાદી છે. પરમાત્મા બનવાની ઠેકેદારી એક જ ઈશ્વરને આપવામાં આવી નથી. જે કોઈ સર્વકર્મક્ષય કરે તે શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી તે પરમાત્મા બને છે. પામર જ પરમ બને છે. બની શકે છે. રાગદ્વેષનો ક્ષય થઈ જશે અને સર્વજ્ઞતા-વીતરાગતા પ્રકટથઈ જશે.પછી સવાલ ક્યાં રહ્યો ? પૂર્ણ પરમાત્મા બની ગયા.


એવા પરમાત્મા બનવા માટે પૂર્વે બનેલા પરમાત્માનું આલંબન લેવું, એમની સ્તુતિ, સ્તવના કરવી, એમની પ્રતિમા સમક્ષ વંદન-દર્શન પૂજન કરવું. એ પદને પામવા માટેનું આલંબન છે ભક્તિમાર્ગ. પૂજા ભક્તિ એ ઉપાસના છે. જાપ, નામસ્મરણ, ધ્યાન સાધના આદિ અનેક પ્રકારની ઉપાસ્યની ઉપાસનાઓ છે. એમાં એક પણ ખોટી નથી, દર્શન પૂજા-પૂજન આદિને ખોટાં કહેવાં એ પણ ભૂલ છે-આ જ માર્ગ છે ભક્તિનો,

જેનાથી ભક્ત ભગવાન બની શકે છે. સ્વયં પરમાત્માએ પામરને આ માર્ગ બતાવીને પરમાત્મા બનવાની રીત જણાવી છે. આ દૃષ્ટિએ માત્ર સૃષ્ટિકર્તાના રૂપમાં ઈશ્વરને ન માનતાં જૈનો શુદ્ધ, પૂર્ણ પરમેશ્વર, પરમાત્મા, અરિહંત-વીતરાગ-તીર્થંકર-સર્વજ્ઞને ભગવાન ઈશ્વર માને છે. ઈશ્વર જ નહીં, પરમેશ્વર માનનારા જૈનોને પરમેશ્વરવાદી-પરમાત્મવાદી સર્વજ્ઞાત્મવાદી, વીતરાગવાદી, સિદ્ધાત્મવાદી-વગેરે શબ્દોથી નવાજવા ઉચિત બનશે. માત્ર નિરીશ્વરવાદી કહીને નાસ્તિક કહેવાની ધૃષ્ટતા કરવાને બદલે પૂર્ણ પરમાત્મવાદી, પૂર્ણ પરમેશ્વરવાદી કહેવા પડશે; એટલું જ નહીં, માત્ર આસ્તિક પણ નહીં-જૈનોને તો 'પરમાસ્તિક' કહેવા પડશે. પરમાત્મભક્તિના ઉદાહરણરૂપે આજ પણ હજારો-લાખો મંદિરો હજારો વર્ષોથી વિદ્યમાન છે. આટલાં મોટાં તીર્થો અને જિન મંદિરાદિ જ જૈનોની પરમાસ્તિકતા-પરમભક્તિની ગૌરવગાથા સદીઓથી ગાઈ રહ્યાં છે. સદીઓથી પૂજા થઈ રહી છે.

આ રીતે જૈન દર્શન ઈશ્વર કર્તૃત્વવાદી દર્શન નથી, અવતારવાદી પણ નથી, એકેશ્વરવાદી પણ નથી, નિત્ય ઈશ્વરવાદી ય નથી. તો આવી માન્યતાવાળા હિન્દુધર્મની શાખા પણ કેવી રીતે હોઈ શકે ? લીમડાના વૃક્ષની એક ડાળી મીઠી કેવી રીતે હોઈ શકે ? આમ્ર વૃક્ષની શાખાને લીમડાની ડાળી કેવી રીતે કહી શકીએ ? જૈન દર્શનની મૌલિક માન્યતા અને સિદ્ધાન્તની ધારા હિન્દુ ધર્મની વિચારધારાથી સર્વથા વિપરીત છે; તો પછી શાખા માનવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે? હિન્દુધર્મમાંથી જૈન ધર્મ નીકળ્યો એ તદન તર્કહીન વાત છે. આથી જૈન દર્શન હિન્દુ ધર્મની શાખા નથી, ન તો એનો ઉદ્‌ભવ હિન્દુધર્મમાંથી થયો છે.

આ એક સ્વતંત્ર મૌલિક દર્શન છે. સ્વતંત્ર ધર્મ છે. આથી પરમેશ્વર-પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ સમજવા માટે આ સુદીર્ઘ વિસ્તૃત ચર્ચા-તર્ક યુક્તિ પૂર્વકની છે. જેમાં સંસાર અને પોતાનાં સુખદુઃખના કર્તા-જગત કર્તા ઈશ્વર છે કે નહીં એની ખબર પડે. હવે એક પક્ષને વિવિધ પાસાઓમાં જોઈ લીધો કે ઈશ્વર આ સંસારની વિચિત્રતા-વિષમતા અને વિવિધતા અને જીવોનાં સુખદુઃખનું તથા કર્મના ફળનું કારણ નથી. આ સ્પષ્ટ નિશ્ચય અને નિર્ણય થયા પછી અન્ય કારણ કાળાદિ હોઈ શકે યા નહીં એના અંગે ફરી આગળ વિચારીશું. એક પક્ષમાં નિર્ણય થયો, અન્ય નિર્ણય આગળ જોઈશું.

-------ઈતિ શુભમ્ -------



# કર્મસત્તાનું અસ્તિત્વ


- પાંચ કારણવાદ........................૮૫
- કાળાદિની પાંચેયની સંયુક્ત કારણતા....૯૧
- પાંચેયના સ્વીકારમાં સમ્યક્ત્વ...........૯૨
- કર્મનો કર્તા કોણ ?.....................૯૩
- અનુમાનથી કર્મ સિદ્ધિ..................૯૬
- ચેતન દ્રવ્ય સ્વરુપ......................૧૦૧
- અજીવ દ્રવ્ય સ્વરુપ....................૧૦૨
- પરમાણુનું સ્વરુપ.......................૧૦૫
- વર્ગણા સ્વરુપ..........................૧૦૮
- કાર્મણ વર્ગણાનું ગ્રહણ..............૧૧૨
- આશ્રવ પછી બંધ.......................૧૧૭
- આત્મ ગુણોને ઢાંકનારા કર્મો........૧૧૮
- કર્મની ઉપમાના ૮ દૃષ્ટાંતો..........૧૨૧
- કર્મયોગ - સંયોગ.....................૧૨૫
- કર્મબંધના હેતુઓ....................૧૨૮
- આત્મિક કરણવીર્ય....................૧૩૧
- બંધના ચાર પ્રકારો....................૧૩૪
- કર્મબંધની પ્રક્રિયા......૧૪૩

# કર્મસત્તાનું અસ્તિત્વ

પરમગુરૂ, પરમનાથ, પરમાર્હન, પરમપિતા પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના ચરણારવિંદમાં કોટિશઃ વદના પૂર્વક...

ઈશ્વરવાદની ચર્ચા કરી ચુક્યા છીએ, એનાથી એ ફલિત થયું કે ઈશ્વર ન તો સૃષ્ટિનો કર્તા સિદ્ધ થાય છે અને ન તો ઈશ્વર જીવોના કર્મોનો કર્તા યા ફળદાતા પણ સિદ્ધ થઈ શકે છે,તો પછી સંસારની વિચિત્રતા, વિવિધતા અને વિષમતા આદિનું કારણ કોણ હોઈ શકે? જીવોના સુખદુઃખનું કારણ કોણ હોઈ શકે ? આ પ્રશ્નના ઉત્તરમાં દાર્શનિકોએ કાળ,સ્વભાવ,નિયતિ,પૂર્વકૃત કર્મ, પુરૂષાર્થ અને અદચ્છા અને અજ્ઞાનાદિ અન્ય કેટલાય કારણો પર વિચાર વિમર્શ કર્યો છે. એની સંક્ષેપમાં આપણે વિચારણા કરીએ.

## પાંચ કારણવાદ

### કાળાદિની કારણતા

**कालादीनां च कर्तृत्वं, मन्यन्तेऽन्ये प्रवादिनः ।**
**केवलानां तदन्ये तु, मिथः सामग्रयपेक्षया ॥**

'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' મહાગ્રંથમાં તાર્કિક શિરોમણિ પૂ.હરિભદ્રસૂરિ મહારાજે દ્વિતીય સ્તબકમાં કાળાદિની ચર્ચા કરતા લખ્યું છે કે-કેટલાક એકાન્તવાદી વિચારક એક માત્ર કાળ યા સ્વભાવાદિકને જ કાર્યનો હેતુ માને છે. અર્થાત્ સંસારની વિચિત્રતા આદિ તથા જીવોના સુખ-દુઃખાદિમાં કારણરૂપથી કાળ,નિયતિ,સ્વભાવ,પૂર્વકૃત કર્માદિ ભિન્ન ભિન્નને કારણ માને છે. આ નિરપેક્ષ એકાન્તવાદી વિચારધારા છે.

આનાથી ભિન્ન એકાન્તવાદી સાપેક્ષદષ્ટિથી કાળાદિને સાપેક્ષ રૂપથી સહકારી-સહયોગી કારણ માને છે. કારણ સમૂહ સામગ્રીના ઘટક રૂપે સહકારી થઈને કાર્યના કારણ હોય છે. વ્યક્તિગત રીતે કોઈપણ એકને સંપૂર્ણ કારણ ન માની શકીએ. માત્ર એકાન્ત પક્ષ લઈને કાળવાદી, સ્વભાવવાદી, નિયતિવાદી આદિ દાર્શનિક વિચારધારાઓનો સ્વતંત્રપક્ષ શું છે, એની સંક્ષેપમાં થોડી સમીક્ષા અહીં જોઈએ.

### કાળવાદ

**कालः पचति भूतानि, कालः संहरति प्रजा ।**
**कालः सुप्तेषु जागर्ति कालो ही दुरतिक्रमः ॥**

માત્ર કાળને માનીને ચાલનારા એકાન્ત કાળવાદીઓનું કહેવું છે કે-કાળ જ ઉત્પન્ન પદાર્થોનો પાક કરે છે. કાળ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આદિ ભૂતોને પકવે છે. કાળ જ પ્રજાનો સંહારક છે. કાળ જ સૂતેલાને જગાડે છે. સૃષ્ટિ નિર્માણ પણ કાળ જ કરે છે. યોગ્ય કાળે જ ગર્ભ પરિપક્વ થાય છે. ગર્ભ નિર્માણમાં પણ કાળ જ કારણ છે. મગની દાળ સગડી ઉપર રાખવા માત્રથી નથી ચડી જતી, પરંતુ યોગ્ય કાળ અપેક્ષિત છે.

આ રીતે સૃષ્ટિ-સ્થિતિ અને પ્રલય આદિની કારણતા કાળમાં જ છે. આથી કાળનું અતિક્રમણ નથી કરી શકાતુ. આ કાળવાદીઓને પક્ષ છે. 'કાળે પૃથ્વીને ઉત્પન્ન કરી, કાળના આધારે સૂર્ય તપે છે; કાળના આધારે જ સમસ્ત ભૂતો રહે છે; કાળને કારણે જ આંખો જુંએ છેં. કાળ જ ઈશ્વર છે. એ પ્રજાપતિનો પણ પિતા છે.' વગેરે કહ્યું છે (અથર્વ વેદ ૧૯૫૩-૫૪).

આથી સૃષ્ટિનું મુખ્ય કારણ ઈશ્વરને બદલે-કાળને માનવાનો સિદ્ધાંત રાખવામાં આવ્યો છે. 'મહાભારત' માં પણ આખી જીવ-સૃષ્ટિના સુખ-દુઃખ અને જન્મ-મરણાદિ સર્વના આધારરૂપ કાળને જ વિશ્વની વિચિત્રતાદિનું કારણ માન્યુ છે. એટલે સુધી કહેવામાં આવ્યું છે કે કર્મ, યજ્ઞ, યાગાદિ અથવા કોઈના દ્વારા, કોઈને પણ સુખ-દુઃખ નથી મળતા, માત્ર કાળ દ્વારા જ મળે છે. સમગ્ર કાર્યોમાં કાળ જ મુખ્ય કારણરૂપ છે.-આ કાળવાદી પક્ષ છે.

પરતુ એકાન્ત કાળને જ સમસ્ત કાર્યોનું કારણ માનવું પણ ઉચિત નથી. યુક્તિ સંગત સિદ્ધ નહીં થાય. કારણ કે કાળ જડતત્ત્વ છે. અજીવ પદાર્થ છે. અસ્તિકાયરૂપ પણ નથી. બીજી બાજુ એક કાળમાં એક પદાર્થની ઉત્પત્તિ માનશો તો એ સમયે તમારે સમસ્ત પદાર્થોની ઉત્પત્તિ માની લેવી પડશે, કેમકે કાળ જે એકમાં છે, તે જ સર્વમાં સન્નિહિત છે. કાળને આકાશની જેમ સર્વત્ર-બધે એક સાથે માનવો પડશે. સર્વ જીવોની ઉત્પત્તિ આદિ-બધી એકી સાથે માનવી પડશે. કારણ કે કાળનો આધાર તો સૌને મળ્યો છે, બીજી બાજુ બધું જ કાળથી થતું હોત તો ગર્ભને માટે માતા પિતાના શુક્ર-શોણિત આદિની આવશ્યકતા પણ ન પડત અને કાળથી જ સર્વ જીવાદિ સૃષ્ટિ ઉત્પન્ન થઈ જાત, પરંતુ એવું જોવા મળતું નથી. ગર્ભના મૂળ કારણરૂપમાં માતા-પિતાને સ્વીકારવા પડે છે. હા, કાળ ગર્ભની પરિપકવતા માટે સહાયક-અપેક્ષિત કારણ જરૂર છે. આથી કાળવાદીનો એકાંત કાળપક્ષ સુસંગત ઠરતો નથી. પછી તો કુંભાર માટી, પાણી, ચક્ર, હાથથી ઘડો શા માટે બનાવે છે? કાળથી જ ઘડો બનાવવો જોઈએ, પરંતુ ના, આ પણ પ્રત્યક્ષ સિદ્ધ છે. આથી કાળને ઉપયોગી-સહયોગી કારણ જરૂર માની શકીએ, પરંતુ જનક કારણ ન માની શકીએ.

**સ્વભાવવાદ**

**न स्वभावातिरेकेण, गर्भ-बाल शुभादिकम् ।**
**यत्किञ्चिज्जायते लोके, तदसौ कारणं किल ।।**
**सर्वे भावाः स्वभावेन, स्व-स्वभावे तथा तथा।**
**वर्तन्तेऽथ निवर्तन्ते, कामचार पराङ्मुखाः ।।**

બીજા પક્ષમાં સ્વભાવવાદીઓ આવે છે. સ્વભાવવાદીઓ કહે છે કે-ગર્ભ, બાળક, શુભ, સ્વર્ગ આદિ જે કંઈ કાર્ય સંસારમાં થાય છે, એ બધા સ્વભાવને કારણે જ થાય છે. સ્વભાવ વગર કશું નથી થતું. બધા ભાવ કાર્યો પોતાના ઉપાદાનના સ્વભાવના બળ પર વિશિષ્ટ આકાર પ્રકાર આદિથી નિયત થઈને જ પોતપોતાના સ્વભાવમાં અવસ્થિત થાય છે. કારણ કે એ પદાર્થો ઈચ્છાનુસાર સ્વતંત્ર ન રહેતા પોતાના સ્વભાવ પ્રત્યે પરતંત્ર છે. મગ રંધાઈ જવા એ માત્ર કાળથી જ નથી બનતું; કારણ કે અશ્વમાષ - પથ્થરિયા અળદ યા કોરડા મગને કલાકો - યા દિવસો સુધી સગડી પર ઉકાળવાથી પણ એ ચડતા (રંધાતા) નથી. આથી કાળ નહીં, સ્વભાવ મુખ્ય કારણ છે.

'શ્વેતાશ્વેતર ઉપનિષદ' માં સ્વભાવવાદનો ઉલ્લેખ છે. તેમાં એટલે સુધી લખ્યું છે કે- જે કંઈ બને છે તે સ્વભાવથી જ બને છે. સ્વભાવથી અતિરિક્ત કર્મ યા ઈશ્વરાદિ કોઈ કારણ નથી. 'બુદ્ધચરિત' અને 'ભગવદ્ગીતા', 'મહાભારત' માં પણ સ્વભાવવાદનો ઉલ્લેખ છે

બીજા ગણધર અગ્નિભૂતિએ પણ કર્મની શંકાના વિષયમાં ભગવાન મહાવીર સ્વામીની સાથે ચર્ચા કરતી વખતે સ્વભાવવાદની ચર્ચા કરી છે. એ પણ સ્વભાવને પ્રમુખ કારણ માનવાના પક્ષમાં વાત કરતા હતા, ત્યારે પ્રભુએ કહ્યું - સ્વભાવથી જગત વૈચિત્ર્ય માનવું એ અયોગ્ય છે. કારણ કે સ્વભાવ શું છે ? શું સ્વભાવ વસ્તુ-વિશેષ છે? યા વસ્તુ ધર્મ છે ? સ્વભાવને વસ્તુ પણ ન કહી શકીએ. એ દ્રવ્ય સ્વરૂપમાં પણ દેખાતો નથી. સ્વભાવ મૂર્ત છે કે અમૂર્ત ? જો મૂર્ત માનશો તો સ્વભાવ કોઈનો ય કર્તા સિદ્ધ નહીં થાય. ઠીક, જો સ્વભાવને વસ્તુધર્મ માની લો, અર્થાત્ સ્વભાવ માત્ર આત્માનો ધર્મ માની લઈએ તો એ પણ અમૂર્ત ધર્મ સિદ્ધ થશે. અમૂર્તથી મૂર્ત શરીરાદિ કેવી રીતે ઉત્પન્ન થશે? જો સ્વભાવને મૂર્ત વસ્તુનો ધર્મ માનવામાં આવે તો ઠીક છે, એ કર્મના પુદ્ગલ-પર્યાય વિશેષ રૂપે થયો, આ રીતે સ્વભાવ કર્મ રૂપે સિદ્ધ થઈ જશે. આથી કર્મથી કશું નથી થતુ, બધું જ સ્વભાવથી થાય છે-એ પક્ષ પણ ન્યાય સંગત સિદ્ધ થતો નથી. આથી માત્ર સ્વભાવવાદ પક્ષ પણ જગતવૈચિત્ર્યતાનું કારણ સિદ્ધ થતો નથી.

## નિયતિવાદ

**नियतेनैव रूपेण सर्वे भावा भवन्ति यत् ।**
**ततो नियतिजा ह्येते, तत्स्वरूपानुवेधतः ।।**

કાળવાદી, સ્વભાવવાદી પછી ત્રીજા ક્રમમાં નિયતિવાદી દાર્શનિકો આવ્યા. એકાન્ત નિયતિવાદને માનનારા નિયતિવાદીઓનું કહેવું છે કે-સર્વ પદાર્થો નિયતરૂપથી

જ ઉત્પન્ન થાય છે. નિયતરૂપનો અર્થ છે-વસ્તુનો એ અસાધારણ ધર્મ, જેઓની અજાતીય અને વિજાતીય વસ્તુઓથી વ્યાપૃત હોય છે. બધા પદાર્થો કોઈ એવા તત્ત્વમાંથી ઉત્પન્ન થાય છે, જેનાથી ઉત્પન્ન થનારા પદાર્થોમાં નિયતરૂપતાનું નિયમન થાય છે, પદાર્થોના કારણભૂત એ તત્ત્વનું નામ જ 'નિયતિ' છે.

ઉત્પન્ન થનારા પદાર્થોમાં નિયતિમૂલક ઘટનાઓનો જ સંબંધ હોય છે. એટલા માટે પણ સર્વને નિયતિમૂલક ઘટનાઓનો જ સંબંધ હોય છે. એટલા માટે પણ સર્વને નિયતિજન્ય માનવાનું આવશ્યક છે. ઉદાહરણરૂપે કહે છે કે – તીક્ષ્ણ શસ્ત્રનો પ્રહાર થવા છતાં પણ બધા મરતા નથી. કેટલાક જ મરે છે. કેટલાય જીવિત રહે છે. એક જ ઔષધિના સેવનથી નિયત લોકો જ સારા થાય છે. કેટલાય લોકો મરી જાય છે. આથી પ્રાણીઓના જન્મ મરણ નિયતિ પર નિર્ભર છે. કોઈનું મરણ જ્યારે નિયતિ સમ્મત થાય છે ત્યારે થાય છે. એ સિવાય નહીં. કોઈના જીવન માટે નિયતિ સમ્મત હોય છે ત્યાં સુધી તે જીવે છે; મોતનો પ્રસંગ આવવા છતાં તે મરતો નથી. આ નિયતિવાદીઓનું પ્રતિપાદન છે. 'શ્વેતાશ્વેતર ઉપનિષદ' માં ઉલ્લેખ છે. અને નિયતિવાદી કહે છે કે – સંસારમાં બધું જ નિશ્ચિત પ્રકારે નિયત છે, નિયત રહેશે. સૌ જીવો નિયતિના ચક્રમાં ફસાયેલા છે. આ ચક્રમાં પરિવર્તન કરવાની જીવમાં શક્તિ નથી. નિયતિ એક ચક્ર છે. જે સતત ઘૂમતું રહે છે. જીવોને નિયત ક્રમમાં અહીં તહીં ફેરવે છે.

ઃ તથાગત બુદ્ધની સામે પૂરણ કાશ્યપ નિયતિવાદનું સમર્થન કરતો હતો, એવો 'ત્રિપિટક'માં ઉલ્લેખ છે. ભગવાન મહાવીર સ્વામીની સામે મંખલી ગોશાલક નિયતિવવાદનો સમર્થક હતો. મહાવીર પ્રભુએ પોતાના કાળના અનેક નિયતિવાદીઓના મતમાં પરિવર્તન કરાવ્યું છે, એવો 'ઉપાસક દશાંગ સૂત્ર' ના સાતમાં અધ્યયનમાં ઉલ્લેખ છે. ધીરે ધીર આજીવક મત જૈન પરંપરામાં સમ્મિલિત થઈને લુપ્ત થઈ ગયો. 'શ્રી ભગવતી સૂત્ર' માં તથા 'શ્રી સૂત્રકૃતાંગ' આગમમાં નિયતિવાદનુ વર્ણન કર્યું છે. અક્રિયાવાદ પણ નિયતિવાદથી મળતો આવે છે. નિયતિવાદની મુખ્ય ઘોષણા આ છે કે :-

**प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः,**
**सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा ।**
**भूतानां महति कृतेऽपि हि प्रयन्ते,**
**नाऽभाव्यं भवति न भावीनोऽस्ति नाशः ॥**

અર્થાત્ - જે કાર્ય જે કારણથી જે રૂપે ઉત્પન્ન થવાનું નિયતિ દ્વારા નિર્દિષ્ટ છે, એ સમયે, એ કારણથી એ રૂપે ઉત્પન્ન થાય છે. જે થનાર નથી તે થતું નથી, અને ભાવિ - થનાર ટળતું નથી. અર્થાત્ જે વસ્તુ જેમાં નથી થવાની તે ઘણાં પ્રયત્નો કરવા છતાં પણ એનાથી નથી થતી, અને જે થવાની છે એનો કદી નાશ અર્થાત્ વિઘટન નહીં થઈ શકે.

આ રીતે નિયતિવાદની પૃષ્ટિ કરવામાં આવી છે. બધું ઠીક પરંતુ નિરપેક્ષ વૃત્તિથી એકમાત્ર નિયતિને જ કારણ માનવાથી પણ નહીં ચાલે, કેમ કે નિયતિ સત્તાનું અસ્તિત્વ

કયા રૂપમાં છે ? શું એ વસ્તુ વિશેષ છે યા વસ્તુ ધર્મ છે ? શું એ મૂર્ત છે કે અમૂર્ત ? શું એ દશ્યમાન કર્તા છે કે અકર્તા ? તે શું માત્ર કાળ છે કે અકાળ ? નિયતિ સ્વંતત્ર સત્તા છે કે પરતંત્ર-પરાધીન ? એવી તો વાત પણ નથી, પરંતુ માત્ર નિયતિને જ સ્વતંત્ર કારણ માનીને ચાલવું એ સંભવ નથી. અન્ય કોઇ કારણ ન સ્વીકારતા એક માત્ર નિયતિને જ સમગ્ર સંસારનું કારણ યા જીવોનાં સુખ-દુ:ખાદિનું કારણ છે એમ કહેવું પણ યુક્તિસંગત સિદ્ધ થતું નથી.

## પૂર્વકૃત-કર્મવાદ

**न भोक्तृव्यतिरेकेण, भोग्यं जगति विधते**
**न चाकृतस्य भोक्ता, स्यान्मुक्तानां भोगभावतः।**
**भोग्यं च विश्वं सत्त्वानां, विधिना तेन तेन यत्**
**दृश्यतेऽध्यक्षमेवेदं तस्मात्, तत् कर्मज हि तत्।।**

ચોથા પક્ષવાળા-પૂર્વકૃત કર્મવાદી છે. એ કર્મવાદીઓ કહે છે કે - આ ચરાચર જગતમાં ભાગ્યની સત્તા ભોક્તાની સત્તા પર જ નિર્ભર છે. કેમ કે, ભોક્તા અને ભોગ્ય આ સંબંધ સાપેક્ષ પદાર્થ છે. આથી ભોક્તારૂપ સંબંધના અભાવમાં એનું અસ્તિત્વ જ ન હોઇ શકે. ભોક્તા પણ અકૃત કર્મનો ભોગ ન કરી શકે, કેમ કે જે જેના વ્યાપારથી ઉત્પન્ન થાય છે એ જ એનો ભોગ્ય હોય છે. જો સુકૃત કર્મનો પણ ભોગ માનશો તો મોક્ષમાં બિરાજમાન મુક્તાત્મામાં પણ ભોગની આપત્તિ આવશે આથી જગત ભોક્તાના કર્મથી જ ઉત્પન્ન થાય છે. સૃષ્ટિની કારણતા જીવના કર્મોમાં જ છે, અન્ય સર્વ કારણ વ્યભિચરિત છે, એ જ સુસંગત સિદ્ધ થાય છે. આથી જીવોનું પૂર્વ ઉપાર્જિત કર્મ જ સુખ-દુ:ખાદિનું કારણભૂત છે. એ રીતે પૂર્વકૃત યા પૂર્વોપાર્જિત કર્મને કારણરૂપે સ્વીકારવામાં આવ્યું છે

## પુરૂષાર્થવાદ

'સન્મતિ તર્ક' મહાગ્રંથમાં વાદીમતંગજ સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે પાંચમા પક્ષમાં પુરૂષાર્થવાદની ચર્ચા કરતાં **'पुरिसकारणेगंता'** શબ્દથી-'પુરૂષકારણ વિશેષ' ની માન્યતાને સમર્થન આપ્યું છે. કેટલાક લોકો કાળ,સ્વભાવ,નિયતિ,પૂર્વોપાર્જિત કર્મ આદિ તથા ઇશ્વરાદિ કોઇ કારણ ન સ્વીકારતાં એક માત્ર પુરૂષાર્થવાદનો જ પક્ષ માને છે. આ બધું સર્વસ્વ નથી.

પુરૂષ પોતાના પ્રયત્ન-વિશેષથી જે કરે છે તે જ થાય છે. સૌનો આધાર એક માત્ર કર્તા ઉપર નિર્ભર છે. આથી એક માત્ર પુરૂષ કૃતિ જ સમર્થ કારણ છે. પૂર્વકૃત કર્મમાં છે તો શું થયું ? અમે તો આવું નહીં, આવું કરીશું, આથી અમારો પુરૂષાર્થ કારણ બનશે. શું જરૂર છે કે અમે દૈવવાદ (ભાગ્ય) યા, કર્મ યા ઇશ્વરને કારણ માનીએ ? કોઇ જરૂર નથી. ઇશ્વર આદિ તથા પૂર્વકૃતકર્માદિ સૌ અદષ્ટ-અદશ્ય અપ્રત્યક્ષ કારણો છે, આથી એ બધાં સંદેહાત્મક-સંશયાત્મક છે.

એક માત્ર પુરૂષકૃતિત્વ કારણ જ દશ્ય અને પ્રત્યક્ષ કારણ છે. સુખ-દુ:ખ આદિ પણ પુરૂષેચ્છાધીન છે. પુરૂષ પોતાના કારણે જ સુખી યા દુ:ખી થાય છે. આપણે કર્માધીન જ મરીશું એવી વાત પણ નથી. નિયતિ જ આપણને મારશે એવી વાત પણ નથી, આપણે સ્વેચ્છાથી આત્મહત્યા કરીને અત્યારે મરી શકીએ છીએ. બધું જ, અત્યારે જ આપણી કૃતિથી કરી શકીએ છીએ. ખેતી કરવી પુરૂષ પ્રયત્ન પર નિર્ભર છે. એ રીતે પુરૂષાર્થવાદી એક માત્ર પુરૂષ કારણતાને જ સ્વીકારે છે. પુરૂષ ઇચ્છે એ જ કરી શકે છે. એની ધારણા અનુસાર બધું જ બને છે. અન્ય કોઇ કારણ નથી.

ઉપરોક્ત પાંચ કારણો મુખ્ય રૂપે માનવામાં આવ્યા છે. કાળ,સ્વભાવ,નિયતિ, પૂર્વકૃતકર્મ અને પુરૂષાર્થ-આ પાંચ કારણો મુખ્ય છે. એના સિવાય પણ 'શ્વેતાશ્વેતર ઉપનિષદ'માં યદચ્છાવાદ પણ માનવામાં આવ્યો છે. આ પણ એક વાદ હતો. આ પણ એક પક્ષ હતો. મહાભારતમાં પણ યદચ્છાવાદનો ઉલ્લેખ શાન્તિપર્વમાં મળે છે. 'યદચ્છા' નો અર્થ 'અકસ્માત્' કરવામાં આવ્યો છે. અથવા 'કોઇ પણ કારણ વગર'-એવો અર્થ પણ કર્યો છે. આપનું કહેવું એવું છે કે કોઇ પણ કારણ વગર-નિષ્કારણ જ કાંટામાં તિક્ષ્ણતા હોય છે,એ રીતે અનિમિત્ત-નિમિત્ત વગર ભાવોની ઉત્પત્તિ થાય છે. અનિમિત્તવાદ, અકસ્માતવાદ અને યદચ્છા આ બધા શબ્દો સમાનાર્થક છે. યદચ્છાવાદી મુખ્ય રૂપે કારણની સત્તાનો જ અસ્વીકાર કરે છે.

આ જ રીતે 'બુદ્ધચરિત' માં સંજય બેલઠ્ઠીના અજ્ઞાનવાદને પણ એક વાદ રૂપે કહેવામાં આવ્યો છે. સર્વ પદાર્થોનું જ્ઞાન સંભવ જ નથી, કહીને અજ્ઞાનવાદ તરફ ઝૂકનાર અજ્ઞાનવાદીનો પણ એક પક્ષ હતો. 'સુત્ર કૃતાંગ' સૂત્રમાં અજ્ઞાનવાદના નિરસનની ચર્ચા કરવામાં આવી છે. આ બંને સામાન્ય કારણ છે. મુખ્ય કાળાદિ પાંચ કારણો છે. એમાં શું સમજવું ? ક્યા પક્ષને સત્ય સમજવો ? કાળ સાચો ? કે નિયતિ સાચી ? કે પછી સ્વભાવ કે બીજું કંઇ ? પ્રત્યેકનું -એક એક નું સ્વરૂપ જોવાથી એવું લાગે છે કે એક જ કારણ સાચું છે. કાળવાદીની વાતો સાંભાળીએ તો તે સાચી લાગે છે, સ્વભાવવાદીની વાતો સાંભળતાં તે સાચી લાગે છે કે આ પક્ષ જ સાચો છે. આપણે દ્વિધામાં પડી જઇએ છીએ. ક્યો પક્ષ સ્વીકારવો ? ક્યો સાચો ? એના ઉત્તરમાં 'સન્મતિ તર્ક' મહાગ્રંથમાં કહ્યું છે કે -

**कालो-सहाव-णियई-पुव्वकम्म पुरिसकारणेगंता ।**
**मिच्छतं तं चेव उ, समासओ हुंति सम्मतं ॥**

સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજ કહે છે કે કાળ,સ્વભાવ,નિયતિ,પૂર્વકૃતકર્મ અને પુરૂષાર્થ (પુરૂષ કારણતા) આ બધાંને એકાન્ત નિરપેક્ષ બુદ્ધિથી ભિન્ન ભિન્ન માનવાં, યા કોઇ એકને જ માનવું, યા સ્વતંત્ર રૂપથી જ એક જ કારણ માનવું એ જ મિથ્યાત્વ છે... જો આ પાંચે કારણોને સમવાય રૂપથી સમાસ-સંયુક્ત રૂપથી માનીએ તો સમ્યક્ માન્યતા રહેશે. ત્યારે જ સમ્યકત્વ રહેશે. આથી પાંચેયનું સમ્મિલિતરૂપ જ સ્વીકારવું

જોઇએ.

આ વાતને વિશેષ પુષ્ટ કરતાં પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ગ્રંથમાં કહ્યું છે :

**अतः कालादयः सर्वे समुदायेन कारणम् ।**
**गर्भादेः कार्यजातस्य विज्ञेया न्यायवादिभिः ॥**
**न चैकैकतः एवेह क्वाचित्किञ्चिदपेक्ष्यते ।**
**तस्मात् सर्वस्य कार्यस्य सामग्री जनिका मता ॥**

## કાળાદિ પાંચેયની સંયુક્ત કારણતા

કાળ,સ્વભાવ,નિયતિ,પૂર્વકૃતકર્મ અને પુરૂષાર્થ- આ બધાં કાર્યમાં એક એક - પ્રત્યેક રૂપથી કારણ નથી. સ્વતંત્ર-નિરપેક્ષ કારણ માનવાથી દોષ આવશે. આથી પાંચે કારણોનો સમન્વય કરવો એ જ સમ્યગ્ ધારણા છે. કાળાદિ અન્ય નિરપેક્ષ હોઇને કાર્યનાં ઉત્પાદક નથી હોતાં,પરંતુ અન્ય હેતુઓની સામગ્રી ઘટક બનીને કાર્યોત્પાદકતા બને છે. નિયતિ આદિ એક એક કારણમાત્રથી જગતમાં કોઇપણ કાર્યની ઉત્પત્તિ જોવામાં નથી આવતી, પરંતુ કારણ સામગ્રીથી જ જોવામાં આવે છે, અને કારણ સામગ્રીએ કારણથી કથંચિત ભિન્ન-અભિન્ન હોય છે. આથી એકૈક કારણ પણ સામગ્રી વિધિ યા કાર્યનું કારણ હોય છે. જો નિરપેક્ષ હોય તો અકારણ હશે. કારણ સમુદાયાત્મક સામગ્રીમાં કાર્યની ઉત્પાદકતા બતાવી છે. કારણોને કાર્યોની ઉત્પત્તિમાં અવ્યહિત ઉત્તરક્ષણમાં બતાવવામાં આવે છે. કાર્યરૂપી પાલખીને ઉપાડવા માટે એક કારણ સક્ષમ નથી બનતું. પાંચેય કારણો પરસ્પર સાપેક્ષભાવથી મળીને જ એકી સાથે ઉપાડે ત્યારે ઉપાડી શકશે.

આ પાંચે કારણોમાં ગૌણ-મુખ્યભાવ અપેક્ષાથી છે. કોઇ પણ કાર્યમાં પાંચેય સંમિલિત થઇને જરૂર રહેશે. પરંતુ આ બધાં-ગૌણ-મુખ્યભાવથી રહેશે. જેની બલવત્તરતા હશે એ પ્રમુખ અને અન્ય ગૌણ અર્થાત્ પુ રૂષાર્થની પ્રધાનતા હશે તો બીજાની ગૌણરૂપથી કારણતા હશે, પરંતુ હશે જરૂર.

ઉદાહરણ રૂપે ખેડૂત ખેતી કરે છે તો એમાં વર્ષાઋતુના કાળની અપેક્ષા રહે છે. કાળ અનુકૂળ હોવો જોઇએ. બીજમાં અંકુર ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોવો જોઇએ. બીજ બળેલું -દગ્ધ હશે તો ઊગવાનો સ્વભાવ નષ્ટ થઇ જતાં ક્યાંથી ઊગશે ? નિયતિ યા ભવિતવ્યતા અનુકુળ હોવી જોઇએ. નહીં તો તીડ આદિ પાકને ખતમ કરી દે અથવા પૂર પણ આવી જાય. અતિવૃષ્ટિ - અનાવૃષ્ટિ પણ પાકને ખતમ કરી શકે છે. આથી નિયતિ પણ અનુકૂળ હોવી જોઇએ. પૂર્વકૃતકર્માનુસાર ખેડુત રોગગ્રસ્ત બીમાર થઇ ગયો તો પણ ખેતી થઇ નહીં શકે.

આ ચારે કારણો સારી રીતનાં હોય પરંતુ પાંચમું પુરૂષાર્થ જો ઠીક ન હોય તો, અથવા ખેડૂત આળસુ હોય, પુરૂષાર્થ કરવામાં પ્રમાદી હોય તો શું થશે ? બધું હોવા છતાં પણ ખેતી નહીં થઇ શકે. કાળ,સ્વભાવાદિ બધું અનુ કુળ હોય અને એક પણ વિપરીત

હોય તો પણ કાર્ય નહીં થાય. તાત્પર્ય એ છે કે ખેતીના એક કાર્યમાં વર્ષાકાળ, બીજમાં અંકુરોત્પાદક સ્વભાવ, અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ ન હોય, પૂર વગેરે ન આવે એવી સાનુકુળ નિયતિ, પૂર્વોપાર્જિત ખેડૂતનું ભાગ્ય જેથી જમીન આદિ સારી ઉત્પન્ન યોગ્ય મળે, અંત માં ખેડૂતનો અપ્રમત્ત પુરૂષાર્થ પૂરા ધ્યાનથી ઉત્સાહ-ઉમંગપૂર્વક કાર્ય કરવું - આ પાંચે કારણો સહકારી રૂપે એકત્ર થશે ત્યારે ખેતીશું કાર્ય થશે. બરાબર આ રીતે સમસ્ત જગતનાં કાર્યો થશે. આ પાંચ કારણોનો સમુદાય સાપેક્ષ અનિવાર્ય રીતે રહેવો જોઇએ. એકની ગેરહાજરી કાર્યમાં બાધક બની જશે.

આ રીતે ઉદાહરણાર્થ મોક્ષ પ્રાપ્તિ એક કાર્ય છે. એને માટે પણ પાંચે કારણોનું હોવું એ અનિવાર્ય છે. જેમ મોક્ષપ્રાપ્તિમાં ચરમાવર્ત કાળનું હોવું અને તથાભવ્યત્વની પરિપક્વતા હોવી જોઇએ. મનુષ્ય ભવ હોવો જોઇએ. ધર્મ સામગ્રી આપનાર પૂર્વકૃત કર્મ (પૂણ્ય) જોઇએ. આ બધાનાં હોવા ઉપરાંત સ્વયં જીવાત્મા ચારિત્ર પ્રાપ્ત કરીને મોક્ષ માર્ગ પર અગ્રેસર થવા માટે કર્મક્ષયનો પુરૂષાર્થ કરે એ પણ આવશ્યક છે.

આ અનાદિ પાંચે કારણોના સમુદાયરૂપથી સહયોગી હોવાથી જ મોક્ષપ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થશે. અન્યથા એકની પણ ખોટ હશે, અનુપસ્થિતિ હશે તો કાર્યસિદ્ધિમાં બાધક બની જશે.

## પાંચેના સ્વીકારમાં સમ્યક્ત્વ

**'एकान्ता सर्वेपि ए एकैकाः'-कालः,स्वभावः,नियति,पूर्वकृत् पुरुष-कारणरुपाः मिथ्यात्वम् ।**

**ते एव समुदिताः परस्पराऽजहद्वृत्तयः सम्यक्त्वरूपतां प्रतिपद्यन्ते ॥**

સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજ વિરચિત 'સન્મતિ તર્ક' મહાગ્રંથના ત્રીજા કાંડની બાવનમી ગાથાની ટીકામાં પૂજ્ય અભય દેવસુરિજી મહારાજ કહે છે કે :- આ કાળાદિ બધા એકાન્ત રૂપથી એક એક સ્વતંત્ર કારણ માનીએ તો મિથ્યાત્વ કહેવાશે. આ પાંચેના સમુદાયરૂપથી પરસ્પર અજહત્વૃત્તિથી સ્વીકાર કરીએ તો-અર્થાત્ સાપેક્ષભાવથી પાંચેને માનીએ તો જ સમ્યકત્વ = અર્થાત્ સાચું જ્ઞાન થશે.

ચોખા ગરમ પાણીમાં નાખવાથી જ સગડી પર ચડી જતા નથી. એમાં પણ સમય-કાળ લાગે છે. ચોખામાં ચડી જવાનો પણ સ્વભાવ હોવો જોઇએ અને ભવિતવ્યતા ની અનુકૂળતા પણ હોવી જોઇએ. ક્યાંક સ્ટવ વગેરે ફાટીને દુર્ઘટના ન થવી જોઇએ, તથા બનાવનારનું પૂર્વોપાર્જિત પ્રબળ ભાગ્ય પણ જોઇએ. ચોખાની પ્રાપ્તિ પણ થવી જોઇએ. તથા ઇંધણ આદિ લાવવાં, પાણી લાવવું, પકવવું આદિ પ્રયત્ન પુરૂષાર્થ પણ કરવો જ પડશે.

આવું જ બીજું દૃષ્ટાંત લો. દીકરાને ભણાવવો છે. પંડિત બનાવવો છે, તો એક દિવસમાં પંડિત નહી બની જાય. ૫-૧૦-૧૫ વર્ષ લાગશે. દીકરાનો ભણવાનો સ્વભાવ પણ હોવો જોઇએ. ભણવામાં એની રૂચિ હોવી જોઇએ. નિયતિમાં દેશ-ક્ષેત્ર પણ યોગ્ય

હોય, જ્યાં સ્કૂલ કોલેજ આદિ અને શિક્ષકાદિ ઉપલબ્ધ હોવાં જોઇએ. પૂર્વકૃત કર્માનુસાર બેટાની બુદ્ધિ પણ હોવી જોઇએ. યાદશક્તિ ય સારી હોવી જરૂરી છે, તથા પાંચમો પુરૂષાર્થ હોવો ય જરૂરી છે. એ નિયમિત ૨ - ૪ કલાક ભણે, રમતમાં સમય ન બગાડે. એ રીતે ઉદાહરણ લો.

આ પાંચે સમવાયી કારણોનું કાર્ય માટે હોવું અપેક્ષિત છે. ત્યારે કાર્ય થશે. આથી કર્મવાદમાં પણ આ પાંચે અપેક્ષિત છે. એક માત્ર-એકલું કર્મ જ બધું નથી. એક બીજ વાવ્યું પરંતુ એને ફલિત થવામાં ભૂમિ, હવા, પ્રકાશ, પાણી આદિ જે રીતે સહયોગી-ઉપયોગી કારણો છે, એ રીતે એક કર્મને માટે પણ કાળ આદિ સહયોગી કારણો છે. ભલે કર્મનો બંધ હોય કે કર્મનો ઉદય હોય, ચાહે સુખ હોય કે દુઃખ હોય, એમાં પણ કાળાદિ પાંચે કારણો બાહ્ય દષ્ટિથી અલગ-અલગ-સ્વતંત્ર દેખાતાં હોવા છતાં પણ તાત્વિક દષ્ટિએં પાંચે ય હળી મળીને સમુદિત રૂપથી જ કાર્યોત્પત્તિમાં કારણ બને છે. આથી અલગ અલગ માનવા યા એકને માનવું અને બીજાને ન માનવું એ ઠીક નથી. સંયુક્ત રૂપથી પાંચે સંયુક્ત માનવાં એ જ સાચો સમ્યક્ પક્ષ છે.

### કર્મનો કર્તા કોણ ?

ઇશ્વર કર્તૃત્વની બાબતમાં વિસ્તારથી તર્કયુક્તિ પૂર્વક પરામર્શ કર્યો છે, જેમાંથી સ્પષ્ટ નિષ્કર્ષ એ નીકળે છે કે ઇશ્વર ન તો સૃષ્ટિનો કર્તા છે, કે ન તો જીવોનો કર્તા છે તથા જીવોના શુભાશુભ કર્મોનો કર્તા પણ એ નથી. એ રીતે જીવોને કર્મોનાં ફળ આપનાર પણ એ સિદ્ધ થતો નથી, જો કે કર્તૃત્વવાદના આધારે શ્રીકૃષ્ણજીએ અર્જુનને કહ્યું છે કે **कर्मण्येवाधिकारास्ते मा फलेषु कदाचन** । 'હે અર્જુન ! કર્મ કરવામાં જ તારો અધિકાર છે. તું કર્મ કરતો રહે, ફળની ચિંતા ન કર. ફળ આપવાનું કાર્ય મારા હાથમાં છે.' આ પણ વિચારણીય છે. કર્મ આપણે કરીએ અને ફળ આપવાનું કાર્ય ઇશ્વરના હાથમાં પણ શા માટે ? આપણે કરેલાં કર્મોનું ફળ આપણને મળી જાય છે તો પછી નકામું ઇશ્વરને એવાં ફળ આપવા માટે વચમાં શા માટે ઘસડી લાવીએ ?

ફળ આપવામાં પણ ઇશ્વરનું સ્વરૂપ ફરીથી વિકૃત થઇ જશે. કર્તા જીવ સ્વયં જ જેવું કરે છે તેવું ફળ પામે છે. સ્વોપાર્જિત કર્મ એ જીવના હાથમાં છે. આત્માની સાથે સંલગ્ન છે. જન્મજન્માન્તર સુધી કર્મ આત્માની સાથે રહે છે,અને ઠીક સમય ઉપર ઉદયમાં આવીને એ પોતાનું ફળ દેખાડે છે. પછી શું જરૂર છે કે કર્મફળદાતા ઇશ્વરને માનવાની? ચોખા સગડી ઉપર છે. ગરમી મળી રહી છે. પાણીમાં વિદલનની ક્રિયા-પાકવાની ક્રિયા સ્વતઃ થઇ રહી છે. પછી ઇશ્વરને માનવાની શી આવશ્યકતા પડી ?

ગાયે ઘાસ ખાધું અને એના શરીર માં દુધ બન્યું. આ ઘાસ ખાવાની ક્રિયાનું ફળ છે. અહીં ક્રિયાના ફળ રૂપે ઇશ્વરની આવશ્યકતા ક્યાં પડી ? અને કદાચ પરાણે પણ ફળ આપવાની બાબતમાં ઇશ્વરને માનશો તો હરેક ગાય ઘાસ ખાય છે, તો બધી ગાયમાં દૂધ કેમ નથી બનતું ? પછી ઇશ્વર હરેકને સમાન ફળ નથી આપતો, કેમ નથી

આપતો ? ફળ આપવામાં પણ ઇશ્વર પક્ષપાત કરે છે. ઇશ્વર સ્વાર્થાધીન થઇ જાય છે; તો પછી ઇશ્વરમાં ઇશ્વરીય ગુણ જ નથી રહ્યો; અને ઇશ્વરીય ગુણોના અભાવમાં આપણે એને ઇશ્વર જ શા માટે કહીએ ? એ સામાન્ય માનવી સિદ્ધ થઇ જશે. બીજી બાજુ ઇશ્વર તો પરમ દયાળુ છે! અનુ ગ્રહ બુદ્ધિવાળો, કરૂણામય કારૂણિક છે તો પછી જીવનાં કર્મો જોઇને દયાભાવથી માફ પણ કરી દેશે. જીવને ફળ આપ્યા વગર જ છોડી દેશે. આ જ થવું જોઇએ અને દયા ભાવ છે તો સર્વ જીવો પ્રત્યે સમાન ભાવે દયા આવવી જોઇએ, સર્વના કર્મો માફ કરી દેવાં જોઇએ પણ કેટલાકના કર્મો માફ કરે છે અને કેટલાકનાં નથી કરતો. એવું કેમ ? ઠીક, જેમના કર્મો ઇશ્વર માફ નથી કરતો તો તે કેમ નથી કરતો ? ત્યાં ઇશ્વરની દયા-કરૂણા ક્યાં ચાલી ગઇ ? દયાના અભાવમાં ક્રૂરતા માનશો તો જ નરકાદિનાં ફળ આપવાનું કાર્ય ઇશ્વરમાં સંભવ થઇ શકશે. કારણ કે નરકાદિનું ફળ તો ક્રૂરતાથી, ક્રૂરવૃત્તિથી જ સંભવ છે. ઇશ્વર જો ક્રૂર-નિષ્ઠૂર બની જશે તો ઇશ્વરનું સ્વરૂપ કેવું બનશે?તો પછી નરક સંત્રી, પરમાધામી, પિશાચ એવા રાક્ષસોને ઇશ્વર શા માટે ન માની લઇએ ? કારણ કે એ લોકો મહાક્રૂર હોય છે. હિંસક વૃત્તિવાળા હોય છે. નરકગતિમાં જીવોને મારવા, કાપવા પકોડાની માફક ઊકળતા તેલમાં તળવા, ચામડી ઉતારી લેવી આવા અનેક પ્રકારોથી જીવોને કર્મનું ફળ આપે છે. તો શું આવા પરમાધામી નરકસંત્રીને ઇશ્વર માનીએ ? આવા ઇશ્વરની ઉપાસના કેવી રીતે થશે? મોક્ષદાતા રૂપે એને કેવી રીતે માનશો ? આ બધી વિચારણા કરવાથી ફળદાતા રૂપે પણ ઇશ્વરને વચમાં લાવવાની જરૂર જ નથી રહેતી.

બીજી બાજુ સૃષ્ટિ રચના પહેલા તો જીવોમાં કર્મો નહતા તો પછી સૃષ્ટિ રચના કરીને ઇશ્વરે નિરર્થક એ જીવોને દુઃખના સાગરમાં શા માટે નાખી દીધા ? એ પણ માત્ર પોતાની લીલા કરવા માટે ! માત્ર પોતાની ઇચ્છાની પૂર્તિ માટે, બીજી તરફ જીવોને કઠપૂતળીની જેમ રાખ્યા છે. ઇશ્વર જ એમનો નિયંતા છે. ઇશ્વરની ક્રિયાથી જ એ સૌ જીવો ક્રિયાન્વિત થાય છે. અર્થાત્ એ કઠપુતળી જેવા જીવોની પાસે ઇશ્વર જ ક્રિયા કરાવે છે, બધું જ ઇશ્વરની ઇચ્છાને આધીન રહીને જ બને છે. એ કરાવે એ જ થાય છે. જીવ સ્વયં કશું જ કરતો નથી, ઇશ્વર જ જીવોના હાથે એવાં કાર્યો-એવી ક્રિયાઓ કરાવે છે. ભલે, માની લો કે ઇશ્વર જ સ્વ ઇચ્છાનુસાર જીવો પાસે કરાવે છે. જીવોમાં થતી સારી ખોટી સર્વ ક્રિયાઓનો કર્તા ઇશ્વર સિદ્ધ થાય છે.

હવે આ ક્રિયાઓ ઇશ્વરે કરાવી છે એથી સ્પષ્ટ છે કે જીવ તો ક્રિયાનો કર્તા છે જ નહીં. એ તો બિચારો કઠપૂતળીની જેમ નિષ્ક્રિય છે. હવે જ્યારે ક્રિયા-કર્મ થઇ ચૂક્યાં તો પછી ઇશ્વર એને સારું ખોટું ફળ શા માટે આપે છે? ફળ આપતી વખતે ઇશ્વર સુખદુઃખ બંને જીવોને મોકલે છે. તો આ શા માટે ? કોઇ જીવ એમ કહે કે 'હે ભગવાન્ ! મને નરકમાં ન મોકલો, મને એવું દુઃખ ન આપો, કેમકે મેં તો કોઇ પાપ મારી મરજીથી કર્યાં જ નથી, આપે જ આપની ઇચ્છાનુસાર મારી પાસે પાપ કરાવ્યાં છે. આવી ક્રિયા કરાવી છે

તો એમાં મારો શો દોષ ? હવે એનું ફળ મને ન આપતાં, પરંતુ ઇશ્વર કોઇની વાત સાંભળતો જ નથી.

વેદ-સ્મૃતિ-શ્રુતિ-પુરાણ કહે છે કે ઇશ્વર તો જીવોને કર્માનુસાર ફળ આપે છે. તો એ કર્મ જીવોનાં કહેવાશે ? યા ઇશ્વરનાં પોતાનાં કર્મ ? કારણ ઇશ્વરે પોતે જ જીવો પાસે કરાવ્યાં છે; તો પછી જીવનાં કર્મો કેવી રીતે કહેવાશે ? જો જીવનાં કર્મો ન કહેવાય તો એનું ફળ જીવને શા માટે મળે છે ?

વાહ, પહેલા જીવોની પાસે ઇશ્વર એવી ક્રિયા કરાવે અને પછી એનું ફળ પણ ઇશ્વર આપે આ કેવું અજ્ઞાન લાગે છે ? આ કોના ઘરનો ન્યાય ? નિર્દોષ બિચારા જીવને નિરર્થક ફળ આપવું ! આ તત્ત્વજ્ઞાનની સાચી દિશા નથી.આથી તત્ત્વજ્ઞાનનું સમ્યગ્ સાચું સ્વરૂપ નથી. માટે સાચુ-સમ્યગ્ તત્ત્વજ્ઞાન સમજવા માટે ઇશ્વરને વચમાં લાવો જ નહીં. જીવ પોતે જ રાગદ્વેષાધીન બનીને એવાં શુભાશુભ કાર્યો કરે છે. આથી કાલાન્તરમાં કર્મોનાં ફળ પણ જીવ જાતે જ પામે છે.

સ્વોપાર્જિત કર્માનુસાર જીવ સ્વર્ગ-નરકમાં જાય છે. તેવા પ્રકારનાં સુખ-દુઃખ ભોગવે છે.વચમાં ઇશ્વરની જરૂર જ નથી, હા, ઉપાસના માટે પરમ આલંબન સ્વરૂપે ઉપાસ્ય તત્ત્વ રૂપે પરમાત્મા-પરમ વિશુદ્ધ-રાગદ્વેષ રહિત, વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું આપણે આલંબન અવશ્ય લઇએ, જેથી કર્મક્ષયમાં એવી સુંદર પ્રેરણા પ્રાપ્ત થાય. એના જેવા બનવાની દિશા પ્રાપ્ત થાય એટલા માટે પરમાત્મા-પરમેશ્વરની ઉપાસના આવશ્યક છે. જાપ-સ્તુતિ, પુજા, પૂજન, ધ્યાનાદિ ઉપાસનાના માર્ગો છે-પદ્ધતિઓ છે. આ માધ્યમો દ્વારા ઉપાસના થશે.

આવી ઉપાસનામાં ઉપાસ્ય તત્ત્વ પરમેશ્વરનું આલંબન ઉચ્ચ જ નહીં, સર્વોત્તમ આદર્શ રૂપે બિરાજમાન કરવા માટે સુંદર મંદિર હોવું જરૂરી છે. સુંદર મંદિરમાં પ્રભુની સુંદર પ્રતિમા અર્થાત પ્રભુની પ્રતિકૃતિ હોવી આવશ્યક છે. એ જ આલંબન છે. ભાવ વિશુદ્ધિ આદિને માટે દ્રવ્યના માધ્યમથી ભક્તિ-પૂજા-દર્શન આદિ આવશ્યક છે. આથી નિષ્કર્ષ એ નીકળે છે કે જીવોના કર્મોનો કર્તા ઇશ્વર નથી, જીવ સ્વયં છે. ફળદાતા પણ ઇશ્વર નથી સ્વયં જીવ છે. ચેતનાત્મા જ સ્વયં કર્મનો કર્તા છે, એ જ કર્મ કરે છે, અને કરેલાં કર્મોનું ફળપણએ જ ભોગવે છે.આ જ જીવનું સ્વરૂપ બતાવતાં હરિભદ્રસૂરિજી મહારાજ લખે છે

**यः कर्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ।**
**संसर्ता परिनिर्वाता सह्यात्मा नान्य लक्षणः ॥**

જે સ્વયં કર્મનો કર્તા હોય અને કરેલાં કર્મોનો ભોક્તા હોય, તથા જે સંસારમાં સતત પરિભ્રમણ કરતો હોય એ જ સંસારી જીવ છે. કર્મ એક ક્રિયા વિશેષ જન્ય છે. આથી ક્રિયા પોતાની મેળે થઇ ન શકે. ક્રિયાનો કોઇને કોઇ કર્તા હોવો જોઇએ. એ કર્તા ઇશ્વર નહીં, જીવ છે. જીવાત્મા જ કર્મ કરે છે અને કરેલાં કર્મોનું ફળ પણ એ જ ભોગવે છે.

**કર્મસત્તા ન માનીએ તો શું ?**

રોટલી ન ખાઇએ તો શું થાય ? ભોજન ન કરીએ તો શું થાય ? લગ્ન ન કરીએ તો શું થાય ? ભણીએ નહીં તો શું થાય ? વેપાર-નોકરી ન કરીએ તો શું થાય ? ખાવું, ભોજન કરવું, ભણવું, નોકરી કરવી આદિ ક્રિયાઓ છે. આ બધી ક્રિયાઓનો કર્તા તો એક માત્ર જીવ છે. જીવ નહીં હોય તો ક્રિયા કરશે કોણ ? ક્રિયાનો કર્તા કોણ સિદ્ધ થશે ? કર્તાના અભાવનાં કોઇ ક્રિયા થતી નથી. આથી ક્રિયાઓ જગતમાં થાય છે તેમનો કર્તા જીવ અવશ્ય માનવો પડે.

એ રીતે કર્મ પણ શું છે? કર્મ ક્રિયાજન્ય છે. આથી આ ક્રિયાનો કર્તા પણ જીવ છે. એ જ કર્મ કરે છે. જો આવાં કર્મોને ન માનવામાં આવે તો શું થશે ? એનો વિચાર કરો. આજ સુધી જે આપણે વિચારતા આવ્યા છીએ, જે વાત પર વિચાર કર્યો છે, કે જગત છે, જગત વિચિત્રતાઓથી ભર્યું પડ્યું છે. સમસ્ત સંસારમાં અનેક પ્રકારની વિચિત્રતાઓ, વિવિધતાઓ, અને વિષમતાઓ ભરેલી છે. જ્યારે એનો કર્તા ઇશ્વર કોઇ પણ રૂપે સિદ્ધ થઇ જ શકતો નથી. માટે જીવ જ કર્તા રૂપે સિદ્ધ થશે. અને એ જીવ કર્તાની ક્રિયા રૂપે કર્મ સિદ્ધ થશે. આથી સમસ્ત સંસારની તમામ વિચિત્રતાઓ, વિષમતાઓ આદિનું એક માત્ર કારણ કર્મ જ સિદ્ધ થશે. આથી આ કર્મજન્ય વિચિત્રતા આદિ તો સંસારમાં પ્રત્યક્ષ દેખાય છે, એનો તો કોઇ નિષેધ નહીં કરી શકે; કારણ કે સર્વ જીવોની આંખોની સામે સમસ્ત સંસારની વિચિત્રતાઓ, વિષમતાઓ આદિ સ્પષ્ટ રૂપે દેખાય છે. એ તો સંસારમાં પડી છે. આથી એની પાછળ કર્મની કારણતા અવશ્ય સ્વીકારવી પડશે.

જેવી રીતે આપણે ધુમાડો જોઇને અગ્નિનો નિર્ણય કરીએ છીએ, કારણ કે એ નિશ્ચિત છે કે જ્યાં ધુમાડો રહે છે ત્યાં ત્યાં અગ્નિ નક્કી જ રહે છે. ધુમાડાનો અગ્નિ સાથે અવિનાભાવી સંબંધ છે. ધુમાડો અગ્નિ વગર ઉત્પન્ન જ થતો નથી. આથી એના વગર રહી પણ ન શકે. આપણે મકાનની ઉપર દૂરથી ધુમાડો જોઇએ છીએ.અને આગ લાગી છે એવું અનુમાન કરીએ છીએ, એ જ્ઞાન પણ સાચું છે. કારણ કે કાર્ય કારણભાવ સાચો છે આથી જ્ઞાન પણ સાચું છે.

બરાબર એ જ રીતે સંસારની વિચિત્રતા, વિષમતા અને વિવિધતાને જોઇને કર્મનું અનુમાન જ્ઞાન સાચું ઠરે છે, કેમકે વિચિત્રતા આદિનો કર્મની સાથે અવિનાભાવ સંબંધ છે. કાર્ય કારણ ભાવનો સંબંધ છે, વિચિત્રતા આદિ કાર્ય છે. કાર્ય કદીય કારણ વગર ન હોઇ શકે. આથી વિચિત્રતા આદિ કાર્યની પાછળ કર્મની કારણતા અનિવાર્ય છે. ઇશ્વરાદિની કારણતા સિદ્ધ થઇ શકતી નથી. કર્મની કારણતા કસોટી પર ખરી ઊતરે છે. આથી કર્મ જ સમસ્ત સંસારની વિચિત્રતા આદિનું એકમાત્ર કારણ સિદ્ધ થાય છે.

## અનુમાનથી કર્મસિદ્ધિ

નિશ્ચિત યુક્તિ સંગત અનુમાન પણ જ્ઞાનની પ્રક્રિયા છે. શ્રુતજ્ઞાનનું સાધન છે. આથી અનુમાન જો અકાટ્ય અને સાચું હોય તો જ્ઞાનની ધારા પણ નિશ્ચિત છે. અનુમાનનો મૂળ આધાર પ્રત્યક્ષ હોય જ છે. જેમ કે અગ્નિના અનુમાન જ્ઞાનમાં ધુમાડો પ્રત્યક્ષ હોય

છે. વ્યાપ્તિ સંબંધથી નિશ્ચિત જ્ઞાન થાય છે. આથી ધુમાડાને જોઇને અગ્નિની સિદ્ધિ કરીએ છીએ. એ રીતે સંસારમાં સુખ-દુઃખ સામે દેખાઇ રહ્યાં છે. સુખ-દુઃખ તો ગુણસ્વરૂપ છે, આથી ગુણ દેખાતા નથી, ગુણ કોઇ દ્રવ્યના આધાર પર જ રહે છે. ગુણ-ગુણીનો અભેદ સંબંધ રહે છે. આથી ગુણ કોઇ ગુણીમાં જ રહેશે.

સુખ-દુઃખવાળા ગુણી સુખી-દુઃખી કહેવાશે. હવે તમે બતાવો કે સંસારમાં સુખી-દુઃખી લોકો છે કે નહીં ? એ વાતમાં કોણ ના કહી શકશે? નકારવાનું શક્ય જ નથી. સુખી-દુઃખી પ્રત્યક્ષ દેખાય છે. સેંકડો નહીં, લાખો-કરોડો છે. આપણે પોતે પણ સુખી-દુઃખી છીએ, સુખી સુખને કારણે છે. દુઃખી દુઃખને કારણે છે.

હવે વાત એ છે કે સુખ-દુઃખ શું છે ? કાર્ય છે કે કારણ ? ઉદાહરણ તરીકે ધુમાડા અને અગ્નિમાં ધુમાડો કાર્ય છે કારણ ? તેનું ઉત્પાદક કારણ અગ્નિ છે. જેમ કે ઘડો કાર્ય છે. અને માટી કારણ છે. કારણ નહીં હોય તો કાર્ય બનશે જ નહી. અગ્નિ ન હોય તો ધુમાડો નીકળશે જ નહીં. માટી નહીં હોય તો ઘડો બનશે જ નહીં. કારણ વગર કાર્ય થતું નથી. કાર્યનો કારણની સાથે નિશ્ચિત સંબંધ છે. એ રીતે અહીં વિચારો કે સુખ-દુઃખ શું છે ? એ કાર્ય છે કે કારણ ? કારણ તો હોઇ જ ન શકે. કારણ માનીએ તો સુખ-દુઃખના કારણે ઉત્પન્ન થતું કાર્ય શું માનીએ ? અર્થાત્ એવું કોઈ કાર્ય નથી કે જે સુખ-દુઃખના કારણે ઉત્પન્ન થતું હોય. આથી કાર્ય જ માની શકીએ. એ કાર્ય છે તો એનું કારણ શું છે?

સુખ-દુઃખનું કારણ ઇશ્વરને માની ન શકીએ, કારણ કે સેંકડો દોષો આવે છે; અને ઇશ્વરનું સ્વરૂપ પણ વિકૃત થઇ જાય છે. છતાં પણ કાર્યસ્વરૂપ સુખ-દુઃખ ઇશ્વરને કારણે સિદ્ધ થતાં નથી. હવે કાર્ય છે એ નિશ્ચિત છે તો કારણ પણ માનવું પડશે જ. કેમ કે કારણ વગર કાર્ય સંભવ નથી. આથી કાર્યને માટે કારણ અવશ્ય જ માનવું પડશે.

સુખ-દુઃખરૂપ કાર્યની ઉત્પત્તિમાં કારણરૂપે કર્મને માની શકીએ છીએ, કર્મ જ એક માત્ર એવુ કારણ સિદ્ધ થશે, કે જે સર્વથા સર્વદોષ રહિત હશે. અગ્નિમાંથી ધુમાડો નીકળે છે. અહીં અગ્નિ કારણ અને ધુમાડો કાર્ય છે. માટી ઘડા માટે કારણ છે, બરાબર એ જ રીતે સુખને માટે જીવનાં શુભ કર્મ કારણ છે. શુભ કર્મને જ શાસ્ત્રીય પરિભાષામાં પુણ્ય કહેવાય છે. આથી પુણ્યાનુસાર જ સુખ પ્રાપ્તિ થાય છે.

| | | |
|---|---|---|
| કાર્ય | - સુખ | - દુઃખ |
| કારણ | શુભ (પુણ્ય) | અશુભ (પાપ) કર્મ |

એટલા માટે શુભ-પુણ્યકર્મ સુખરૂપી કાર્યનું કારણ સિદ્ધ થાય છે. એ રીતે દુઃખ પણ કાર્ય છે. એનું કારણ અશુભ પાપકર્મ છે.અશુભ પાપકર્મ જીવ જ કરે છે, એને કારણે દુઃખ ભોગવે છે. એટલા માટે દુઃખનું એકમાત્ર કારણ જીવ દ્વારા ઉપાર્જિત અશુભ કર્મ જ છે. કાર્યનો કારણ સાથે અવિનાભાવ સંબંધ રહે છે. એ રીતે સુખ-દુઃખરૂપ કાર્યનું શુભાશુભ કર્મ જ કારણ થઇ શકે છે. સુખ-દુઃખનો અવિનાભાવ સંબંધ શુભાશુભ કર્મની સાથે નિશ્ચિત રૂપે છે. શુભાશુભ કર્મ નહિ રહે તો સુખ-દુઃખ રૂપી કાર્ય પણ નહિ રહે. આથી

આ જ ન્યાય સંગત સિદ્ધ થાય છે. અન્ય કોઇ પણ કારણ સિદ્ધ થતું નથી. ઇશ્વરાદિ અવિનાભાવ સંબંધ પણ નહીં ગણી શકાય. કાળાદિ પણ સંભવ નથી. કાર્યને માટે કારણની અનન્યથા સિદ્ધ નિયત પૂર્વવર્તી હોય છે. કારણનું લક્ષણ જ **'अनन्यथा सिद्धत्वे सति नियत पूर्ववर्तित्वं कारणस्य लक्षणं'** બતાવવામાં આવ્યું છે. આ રીતે પણ વિચારીએ તો સુખ દુઃખાત્મક કાર્યને માટે અનન્યાથાસિદ્ધ નિયતપૂર્વવર્તી કારણ શુભાશુભ કર્મ જ હોઇ શકે છે. આથી સુખ દુઃખના આધાર પર કર્મની સિદ્ધિ થાય છે.

સુખ-દુઃખવાળી જે સુખી-દુઃખી વ્યક્તિવિશેષ એનાં ઉપાર્જિત શુભાશુભ કર્મનું એ કાર્ય છે. આથી કોઇને સુખી જુઓ ત્યારે એ કારણ સમજવું જોઇએ કે આ જીવે શુભ-પુણ્ય કર્મ ઉપાર્જિત કર્યું છે. જે ભૂતકાળમાં કર્યું હતું તે આજે વર્તમાનમાં સુખ રૂપ ફળ ભોગાવી રહ્યો છે. કોઇ દુઃખી દરિદ્રને જોઇને એણે અશુભ પાપકર્મ ઉપાર્જિત કર્યું હશે આથી એ કર્માનુસાર આજ એ દુઃખી છે. અગ્નિ માટે ધુમાડાનું પ્રત્યક્ષ હોવું જે રીતે અનિવાર્ય છે. એ રીતે કર્મ-અનુમાન માટે સુખી-દુઃખીનું પ્રત્યક્ષ હોવું અનિવાર્ય છે.

આથી સુખી-દુઃખીને પ્રત્યક્ષ જોઇને શુભાશુભ કર્મોનું સાચું જ્ઞાન થાય છે. એ કર્મો ભલે એક વ્યક્તિનાં હોય કે ચાહે સમષ્ટિનાં હોય. સંસારમાં અનંત જીવો છે. અનંત જીવ સર્વે કર્મગ્રસ્ત છે. સૌ કર્મ બાંધે છે આથી સર્વ કર્મફળ ભોગવે છે. હવે વિચારો કે કર્મ શું છે ? જીવ શું છે ? જીવ શા માટે કર્મ બાંધે છે ? આ સંસાર શું છે? આ સંસારમાં શું છે? વગેરે.

## લોક અલોક સ્વરૂપ

અનન્તાકાશ સ્વરૂપ લોકાલોકાકાશ છે. લોક શબ્દ અહીં ક્ષેત્રવાચી છે. આ અનંત આકાશના બે વિભાગ છે (૧) અલોકાકાશ અને (૨) લોકાકાશ શબ્દો બનશે. જે ક્ષેત્રનો અંત જ નથી એ અનંત આકાશ સ્વરૂપ છે. લોકમાં રહેનારી કોઇ પણ વસ્તુ જેમાં નથી રહેતી એ અલોક છે.

જીવ યા અજીવ અલોકમાં કશું જ નથી રહેતું, અર્થાત્ એક સૂક્ષ્મ જીવ પણ અલોકમાં રહેતો નથી, એ રીતે અજીવ તત્ત્વનાં પુદ્દગલનાં સૂક્ષ્મ પરમાણુ પણ જ્યાં નથી રહેતાં એ અલોક છે. તો પછી અલોકમાં શું છે ? એનો ઉત્તર એના વાચક શબ્દમાંથી મળે છે. અલોક + આકાશ = અલોકાકાશ અર્થાત્ અલોકમાં માત્ર આકાશ છે.આકાશ આધાર દ્રવ્ય છે, જે જીવ-અજીવ દ્રવ્યોનો આધાર છે. આકાશ અવકાશ આપે છે. જીવ અને અજીવને રહેવા માટે સ્થાન જગ્યા પ્રદાન કરવી એ એનો ગૂણ છે. પરંતુ અલોકમાં જીવ અજીવ બંને નથી, આથી જગ્યા આપે તો પણ કોને આપે ? એટલા માટે અલોક કહેવાય છે. આ અલોકનું આકાશ રિક્ત આકાશ કહેવાય છે. આથી અને શૂન્યાવકાશ પણ કહે છે. શુન્ય-રિક્ત સ્થાન ખાલી જગ્યા, કશું જ હોતું નથી. માત્ર આ અલોકાકાશ અનંત છે. એનો અંત નથી, તે સીમાતીત છે.

## લોક સ્વરૂપ




આ અનંત અલોકાકાશના કેન્દ્રમાં લોક છે. જેવો ચિત્રમાં બતાવવામાં આવ્યો છે તે પુરૂષ પોતાના બંને હાથ કમર પર રાખીને અને બંને પગ ફેલાવીને ઊભો છે. આ આકૃતિનો લોક છે. આથી એને લોકપુરૂષ પણ કહે છે.જેને આપણે વિરાટ બ્રહ્માંડ કહીએ છીએ તે જ આ વિરાટ લોક છે. અનંત અલોકાકાશના કેન્દ્રમાં રહેલા આ લોક સ્વરૂપની સીમા બતાવવા માટે પુરૂષાકૃતિ આપવામાં આવી છે. કેમ કે અલોકાકાશ તો અનંત છે. પરંતુ લોકાકાશ અનંત નથી એ તો સીમિત છે. પરિમિત ક્ષેત્રમાં જ છે. એટલા માટે લોકની સીમા બતાવવા માટે પુરુષાકૃતિ ઉદ્‌બોધક છે. જે રીતે પુરૂષ ઊભો છે એ રીતે એટલી જ લોકાકાશની સીમા છે.

એટલે કે બંને પગના અંતર સમાન નીચે વધારે પહોળું છે. ઉપર ઉપર ચડતાં અંતર ઓછું થતું જાય છે. કમરના ભાગની જેમ તદ્દન ઓછું છે.પછી બંને હાથની સ્થિતિને અનુરૂપ ફરી પાછું થોડુંક પહોળું થાય છે. ફરીવાર પાછું સાંકડું થાય છે. ગળાના ભાગ સુધી થઇને બિલકુલ સાંકડું બને છે. ઉપર મસ્તકના ભાગની જેમ છે. એટલા માટે પુરૂષાકૃતિના આધારે લોકપુરૂષ એવું નામ આપવામાં આવ્યું છે. આ લોક છે.

લોક પુરૂષનો અંદરનો ભાગ લોકાકાશ કહેવાય છે અને એની બહારનો માત્ર અલોકાકાશ કહેવાય છે. અલોકાકાશ સીમાતીત અનંત છે. જ્યારે લોકાકાશ સીમિત-પરિમિત છે. એને ૧૪ રજ્જુ પ્રમાણ કહે છે. રજ્જુ એક માપ વિશેષ છે. એમ નીચેથી ઉપર સુધી ૧૪ રજ્જુ પ્રમાણ આ લોક છે, રજ્જુ રાજનેપણ કહેવામાં આવે છે. એક રજ્જુ બરાબર એક રાજલોક, એવા ૧૪ રાજલોક છે. એટલા માટે ચૌદ રાજલોક પ્રમાણ આ વિરાટ બ્રહ્માંડ કહેવામાં આવે છે. લોકની અંદરના આકાશ-પ્રદેશને લોકાકાશ કહે છે. તથા લોકની બહારના પ્રદેશને અલોક યા અલોકાકાશ કહે છે. ભલે લોકનું આકાશ હોય કે અલોકનું આકાશ, આકાશ સ્વરૂપથી બંને સમાન છે. માત્ર લોક-અલોકની ઉપાધિને કારણે ઔપાધિક નામ લોકાકાશ અને અલોકાકાશ પડ્યું છે. ઉદાહરણ તરીકે ઘટાકાશ. ઘટાકાશ - એટલે કે એક ઘડાની અંદરનું આકાશ. એક મઠ હોય એની અંદરનું આકાશ, આ આકાશનું ઉપાધિ જનિત નામ છે. એનાથી અખંડ આકાશના ટુકડા નથી થતા, જેમ કે ભારતીય આકાશ, પાકિસ્તાની આકાશ આ નામો જે રાખવામાં આવ્યાં છે, તે ક્ષેત્રના આધારે છે. પરંતુ આકાશ ખંડિત થતું નથી. એ રીતે લોકાકાશ અને અલોકાકાશ પણ અખંડ એવા એક જ આકાશનું બે ઔપાધિક નામ માત્ર છે. પરંતુ લોક અને અલોક

બંનેનું આકાશ એક-અખંડ આકાશ છે.

લોકાકાશનું જ સંક્ષિપ્ત નામ લોક કહે છે. આ જ ૧૪ રજ્જુ પ્રમાણ હોવાથી ૧૪ રાજલોક કહેવાય છે. આ લોકમાં ત્રણ વિભાગ છે. (૧) ઊર્ધ્વલોક - જેને દેવલોક સ્વર્ગ પણ કહેવાય છે. (૨) તિર્ચ્છાલોક-તિર્યંચ્ લોક અને મૃત્યુલોક યા મનુષ્યલોક પણ કહે છે. (૩) અધોલોક-જેને પાતાળ યા નરકલોક પણ કહે છે. આ ત્રણે લોકોમાં જીવરાશિ રહે છે. આથી એના નામને આધારે પણ લોક રહે છે. જેમ કે ઉપર સ્વર્ગમાં દેવી દેવતા રહે છે. એટલા માટે દેવલોક નામ રાખ્યું છે. મનુષ્યોના રહેવાને કારણે મનુષ્ય લોક નામ રાખ્યું છે. તિર્ચ્છાને કારણે તિર્યંચ લોક નામ પણ પ્રચલિત છે.

નીચે અધોલોકમાં નરકના નારકી જીવ રહે છે, આથી તેને નરકલોક કહે છે. આ રીતે ત્રણ લોક છે. ત્રણેનું સંમિલિત પૂરું નામ ૧૪ રાજલોક છે. સમસ્ત જીવસૃષ્ટિ આ ૧૪ રાજલોકમાં જ છે. એની બહાર અર્થાત્ લોકની બહાર સજીવ દ્રવ્ય કે પરમાણુ પણ નથી, જે કંઇ છે એબધું જ આ લોકમાં જ છે. અલોકમાં કશું જ નથી, સિવાય કે આકાશ.

**બે દ્રવ્યો અને પંચાસ્તિકાય**

આ રીતે લોક અને અલોક બંનેમાં રહેલાં દ્રવ્યોનો જો વિચાર કરવામાં આવે તો માત્ર બે જ મૂળભૂત દ્રવ્યો છે. આ બે સિવાય આ અનંત બ્રહ્માંડમાં ત્રીજું દ્રવ્ય જ નથી. (૧) જીવ (૨) અજીવ. અન્ય બધાં જે કોઇ દ્રવ્યો છે એ બધાં આ બે દ્રવ્યોની અંતર્ગત જ ગણાય છે, પરંતુ દ્રવ્ય સત્તામાં મૂળભૂત બે જ ગણાય છે. અન્ય આમના જ અવાંતર ભેદ છે.

દ્રવ્ય

જીવ દ્રવ્ય (ચેતન)    અજીવ દ્રવ્ય (જડ)

ધર્માસ્તિકાય    અધર્માસ્તિકાય    આકાશાસ્તિકાય    કાળ    પુદ્ગલાસ્તિકાય

મુખ્ય બે દ્રવ્યોમાં જીવ દ્રવ્યને જ ચેતન નામ આપવામાં આવે છે. આ ચેતન દ્રવ્યને આત્મા સંજ્ઞા પણ આપવામાં આવે છે. આથી આત્મા, જીવ, ચેતન એ બધાં સમાનાર્થક પર્યાયવાચી શબ્દો છે.

આનાથી ભિન્ન અજીવ દ્રવ્ય છે. જેને જડ પણ કહેવામાં આવે છે. આ અજીવ દ્રવ્ય જીવથી સર્વથા ભિન્ન છે. જીવના કોઈ ગુણધર્મો અજીવમાં નથી. જીવ ચેતન દ્રવ્યમાં જ્ઞાન-દર્શનાદિ ગુણ છે. સુખ-દુ:ખની સંવેદના અનુભવવાનો ગુણ છે, પરંતુ અજીવ દ્રવ્યમાં જાણવા અને જોવાની ક્રિયા કરનાર જ્ઞાન-દર્શન ગુણ નથી. એ રીતે અજીવ જડ દ્રવ્યમાં સુખ-દુ:ખનો અનુભવ કરવાની સંવેદના ય નથી. આથી અજીવ દ્રવ્ય જીવ દ્રવ્ય કરતાં સર્વથા ભિન્ન છે.

અ + જીવ = જે જીવ નથી તે અજીવ; નિર્જીવ = નિર્ + જીવ એટલે જે જીવ રહિત છે તે નિર્જીવ દ્રવ્ય. દ્રવ્યોમાં આ ભેદ છે. જીવમાં ભિન્ન ગુણ છે. એ રીતે અજીવના

ગુણો પણ ભિન્ન છે. આથી બંને સ્વતંત્ર અસ્તિત્વ રાખતાં સ્વતંત્ર દ્રવ્યો છે. આ આપણે સમગ્ર સંસારમાં પ્રત્યક્ષ જોઇએ છીએ. જ્યારે પણ જોઇએ છીએ, જે કંઇ જોઇએ છીએ, તે આ બેને જ જોઈએ છીએ. ત્રીજા દ્રવ્યનું અસ્તિત્વ જ નથી.

અજીવ દ્રવ્યના પાંચ ભેદ છે (૧) ધર્માસ્તિકાય દ્રવ્ય (૨) અધર્માસ્તિકાય દ્રવ્ય (૩) આકાશાસ્તિકાય દ્રવ્ય (૪) કાળ દ્રવ્ય અને (૫) પુદ્ગલાસ્તિકાય. અસ્તિકાય એટલે પ્રદેશ સમુહ. અસ્તિકાય શબ્દ જોડવાથી આ દ્રવ્યો અસ્તિકાયાત્મક કહેવાય છે.

એ રીતે જીવની સાથે પણ અસ્તિકાય શબ્દ જોડવાથી જીવાસ્તિકાય કહેવાય છે. પ્રદેશ સમૂહાત્મક અસ્તિત્વ રાખનાર આ કુલ પાંચ દ્રવ્ય છે. આથી એમને પંચાસ્તિકાય કહે છે. આ પાંચે દ્રવ્ય તથા કાળ મળીને કુલ છ દ્રવ્યો બને છે. આથી ષડ્દ્રવ્ય કહેવાથી છ દ્રવ્યો લેવામાં આવે છે. કાળ દ્રવ્ય પ્રદેશ સમુહાત્મક નથી, આથી કાળને અસ્તિકાય કહેવાતું નથી. પંચાસ્તિકાયથી પાંચ દ્રવ્યો અસ્તિકાયાત્મક ગણાય છે. કાળ તેમાં ગણાતું નથી. એ રીતે ષડ્દ્રવ્ય કહો યા પંચાસ્તિકાય કહો, એ બંને મૂળભૂત તો જીવ-અજીવ બે દ્રવ્યોમાં જ સમાય છે. જીવ-અજીવ બે દ્રવ્યોના જ ભેદ છે. બે દ્રવ્યોનો વિસ્તાર છે. આથી મૂળદ્રવ્ય તો બે જ ગણાશે-જીવ અને અજીવ.

ચેતન, જીવ એક ચેતન દ્રવ્ય છે. એને આત્મા કહે છે. માત્ર નામભેદ અર્થાત્ શબ્દ ભેદ છે. એનાથી સર્વથા ભિન્ન અચેતન દ્રવ્યને અજીવ યા જડ દ્રવ્ય કહેવાય છે. એના પાંચ ભેદ ઉપર બતાવ્યા. આ રીતે ચેતન દ્રવ્ય એક અને અચેતન દ્રવ્ય પાંચ બધાં મળીને ષડ દ્રવ્યો થયાં.

**બે દ્રવ્યો**

(૧) જીવ     (૨) અજીવ

ષડ્ દ્રવ્ય

(૧) જીવ     અજીવ

૨) ધર્મ    ૩) અધર્મ    ૪) આકાશ    ૫) કાળ    ૬) પુદ્ગલ

**પંચાસ્તિકાય**

જીવાસ્તિકાય    ધર્માસ્તિકાય    અધર્માસ્તિકાય    આકાશાસ્તિકાય    પુદ્ગલાસ્તિકાય

**ષડ્દ્રવ્યોમાં ચેતન-અચેતન દ્રવ્ય**

ચેતન દ્રવ્ય જીવ (આત્મા)     અચેતન દ્રવ્ય (અજીવ) દ્રવ્ય

ધર્માસ્તિકાય    અધર્માસ્તિકાય    આકાશાસ્તિકાય    કાળ    પુદ્ગલાસ્તિકાય

**ચેતન દ્રવ્ય સ્વરૂપ**

''**गुणपर्यायवद् द्रव्यम्**'' - 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' નું આ સૂત્ર કહે છે કે ગુણ અને પર્યાયવાળું જે હોય એ દ્રવ્ય કહેવાય છે. આથી ગુણ પર્યાયના સમૂહનું નામ દ્રવ્ય છે. દ્રવ્ય ગુણને છોડીને અલગ રહી શકતું નથી. ગુણ ગુણીમાં જ રહે છે. ગુણીને જ દ્રવ્ય કહે છે. ગુણોવાળો ગુણસમુહ દ્રવ્ય કહેવાય છે. ઉદાહરણ તરીકે સૂર્યને છોડીને સૂર્યનાં કિરણો યા પ્રકાશ બીજે ક્યાંય ન રહી શકે. જુદા રહી ન શકે. ગુણોનું આધારસ્થાન અથવા આશ્રયસ્થાન ગુણી-દ્રવ્ય જ છે. પર્યાય આકૃતિને કહે છે. મૂળ દ્રવ્યની આકૃતિ-Shape જે હોય છે એને પર્યાય કહે છે. ઉદાહરણાર્થ, સોનું મૂળ દ્રવ્ય છે, સોનેરી રંગ-પીળાપણું એનો મૂળ ગુણ છે, અને વીંટી, બંગડી, હાર આદિ સુવર્ણ દ્રવ્યના પર્યાય છે, આકૃતિ વિશેષ છે.

આત્મા પણ એક દ્રવ્ય છે. જ્ઞાન દર્શનાદિ આત્માના મુખ્ય ૮ ગુણો છે.

| | |
|---|---|
| ૧ અનંત જ્ઞાન ગુણ | ૨ અનંત દર્શન ગુણ |
| ૩ અનંત ચારિત્ર ગુણ | ૪ અનંત વીર્ય |
| ૫ અનામી-અરૂપી ગુણ | ૬ અગુરુ-લઘુ ગુણ |
| ૭ (અવ્યાબાધ) અનંત સુખ ગુણ | ૮ અક્ષય સ્થિતિ ગુણ |

આ આઠ આત્માના મૂળભૂત-પ્રમુખ ગુણો છે. તદ્વાન આત્મા અર્થાત્ આ ગુણોવાળો આત્મા-આ ગુણોવાળું આત્મદ્રવ્ય છે. જ્ઞાન-દર્શનાત્મક ચેતના શક્તિશાળી હોવાથી આત્માને જ ચેતન દ્રવ્યપણ કહે છે. અરૂપી આત્મા જ્યારે કોઇ આકૃતિ વિશેષ વાળા શરીરમાં રહે છે ત્યારે એ આકૃતિ એનો પર્યાય બને છે. ઉદા. ઉપરોક્ત આઠ ગુણોવાળો આત્મા મનુષ્ય, દેવ, નારકી, તિર્યંચ-પશુ-પક્ષી, હાથી ઘોડાના સ્વરૂપમાં હોય છે તેથી તે આત્માના પર્યાયો કહેવાશે.

જ્ઞાન ગુણની ક્રિયા છે જાણવું, દર્શન ગુણની ક્રિયા છે જોવું. જ્ઞાન દર્શનાત્મક ચેતનાશક્તિવાળું દ્રવ્ય જ જાણવા જોવાની પ્રવૃત્તિ કરે છે. તદ્દભિન્ન અજીવ દ્રવ્ય જાણવા જોવાની પ્રવૃત્તિ નથી કરતું, કારણ કે એમાં જ્ઞાન-દર્શનાદિ ગુણો નથી. એ રીતે અજીવ દ્રવ્ય સુખ-દુ:ખની સંવેદનાનો અનુભવ નથી કરી શકતું, કારણ કે સુખાનુભવ એ અજીવ નો ગુણ નથી. આથી જાણવું-જોવું આદિ જે ક્રિયાઓ જગતમાં પ્રત્યક્ષ દેખાઇ રહી છે, એ ક્રિયાઓનો કર્તા કોઇ અવશ્ય હોવો જ જોઇએ. કર્તા વગર ક્રિયા સંભવ નથી. એ કર્તા જીવ છે. ચેતન છે. ચેતન-જીવ પોતાના જ્ઞાનાદિ ગુણાનુરૂપ જ ક્રિયા કરી શકે છે. જો તે કર્મગ્રસ્ત હોય તો એની ક્રિયા આત્મગુણોને અનુરૂપ નહીં પણ કર્માનુસાર થશે. ચેતન-જીવ દ્રવ્ય કર્તા છે, સક્રિય દ્રવ્ય છે. આથી એને જ કર્મ બંધની ક્રિયાનો કર્તા કહેવાય છે.





**અજીવ દ્રવ્યસ્વરૂપ**

જીવ દ્રવ્યના જ્ઞાનાદિ ગુણ અજીવમાં નથી, આથી આ અજીવ દ્રવ્ય કહેવાય છે. ન તો જાણે છે, ન તો જુએ છે. નથી રસાસ્વાદ કરતું, નથી શ્રવણ કરતું, ન તો સુખ-દુઃખનો અનુભવ કરે. જીવના ગુણ એનામાં ન હોવાથી જીવ દ્રવ્યથી સર્વથા ભિન્ન અજીવ દ્રવ્ય કહેવાય છે. અજીવ સ્વયં કર્તા-ભોક્તા નથી. અજીવના મુખ્ય ભેદમાં ધર્માસ્તિકાય આદિ છે. એમનું મુખ્ય સ્વરૂપ આ પ્રકારે છે.

**(૧)ધર્માસ્તિકાય** - આ ગતિ સહાયક દ્રવ્ય છે. જીવ અને પુદ્‌ગલ પરમાણુને ચૌદ રાજલોકમાં ગતિ કરવા માટે સહાયક માધ્યમ ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે. સ્વયં નિષ્ક્રિય, અરૂપી, અસંખ્ય પ્રદેશાત્મક અસ્તિકાય દ્રવ્ય છે.




**(૨) અધર્માસ્તિકાય દ્રવ્ય** -આ સ્થિતિ સહાયક દ્રવ્ય છે. જીવ અને પુદ્‌ગલ પરમાણુ જે ગતિ કરનારાં દ્રવ્યો છે એમને અટકવા-સ્થિતિમાં સહાયક આ અધર્માસ્તિકાય દ્રવ્ય છે. આ પણ લોકવ્યાપી, અરૂપી દ્રવ્ય છે. સ્વયં નિષ્ક્રિય છે. જીવાદિ આની સહાયતાથી સ્થિતિ ધારણ કરે છે. અસંખ્ય પ્રદેશી અસ્તિકાયયુક્ત દ્રવ્ય છે.




**(૩) આકાશાસ્તિકાય દ્રવ્ય** - લોકાલોકવ્યાપી આ અનંત આકાશ દ્રવ્ય છે. જીવ-પુદ્‌ગલ આદિ દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપનાર,અવકાશ પ્રદાન કરનાર આ આકાશાસ્તિકાય દ્રવ્ય છે.




આ પણ સપ્રદેશી હોવાથી અસ્તિકાયયુક્ત અરૂપી દ્રવ્ય કહેવાય છે. આ સર્વ દ્રવ્યો માટે આધારભૂત દ્રવ્ય છે. આપણે બધા એમાં રહીએ છીએ.

**(૪) કાળ** - આ અજીવ દ્રવ્ય છે. **वर्तना लक्षणो कालः** । વર્તના અર્થાત્-પરિવર્તન-નવું-જુનુ આજનું, કાલનું ઇત્યાદિ પરવિર્તન કાળાનુસાર થાય છે. આ અપ્રદેશી હોવાથી અસ્તિકાય ગણાતું નથી.




**(૫) પુદ્‌ગલાસ્તિકાય** - પુરણ-ગલન સ્વભાવવાળું આ પુદ્‌ગલ દ્રવ્ય છે. અર્થાત બનવા બગડવાના સ્વભાવવાળાંને પુદ્‌ગલ દ્રવ્ય કહે છે. આ પ્રદેશ-સમૂહાત્મક

હોવાથી સપ્રદેશી અસ્તિકાય દ્રવ્ય છે. સ્કંધ, દેશ,પ્રદેશ અને પરમાણુ એ ચાર અવસ્થાઓ છે. અણુ પરમાણું માત્ર પુદ્ગલના જ વિભાગમાં ગણવામાં આવે છે. **वर्ण-गंध-रस-स्पर्शात्मकः पुद्गलः** । જે વર્ણ,ગંધ,રસ, સ્પર્શાદિ ગુણવાળું હોય એને પુદ્ગલ કહે છે. આથી જગતની તમામ વર્ણવાળી વસ્તુઓ પૌદ્ગલિક કહેવાય છે. આ પણ પરમાણુ રૂપે ચૌદ રાજલોક વ્યાપી દ્રવ્ય છે.

**અજીવ દ્રવ્યના ૧૪ ભેદ**

- ધર્માસ્તિકાય -૩
  - સ્કંધ
  - દેશ
  - પ્રદેશ
- અધર્માસ્તિકાય -૩
  - સ્કંધ
  - દેશ
  - પ્રદેશ
- આકાશાસ્તિકાય -૩
  - સ્કંધ
  - દેશ
  - પ્રદેશ
- કાળ ૧.
- પુદ્ગલાસ્તિકાય ૪ = ૧૪
  - સ્કંધ
  - દેશ
  - પ્રદેશ
  - પરમાણુ

એક અખંડ દ્રવ્ય સ્કંધ કહેવાય છે. એ સ્કંધનો અવિભાજિત અલ્પભાગ, નાનો ભાગ દેશ કહેવાય છે. એ સ્કંધ અને દેશનો અવિભાજિત એક નાનો સુક્ષ્માંશ પ્રદેશ કહેવાય છે. તથા એ જ સૂક્ષ્મતમ અંશ પ્રદેશ જે સ્કંધ દેશથી અલગ થઇ જાય છે,ત્યારે તે પરમાણુ કહેવાય છે. ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણે સર્વલોક વ્યાપી અખંડ સ્કંધ છે. અસંખ્ય પ્રદેશી છે પરંતુ એનો એક પણ પ્રદેશ અલગ નથી પડતો માટે એમાં પરમાણુનો ભેદ નથી.

## પુદ્ગલના ચાર ભેદ :

(૧) **સ્કંધ** - કોઇ પણ પૌદ્ગલિક એક અખંડ વસ્તુ સ્કંધ કહેવાય છે. ભલે તે નાની હોય કે મોટી હોય, પરંતુ એક-અખંડ હોવી જોઇએ. **(૨) દેશ** - એનો અવિભાજિત નાનો ભાગ દેશ કહેવાય છે **(૩) પ્રદેશ** - એનો એક સૂક્ષ્મતમ અંશ, જે અવિભાજિત હોય, સ્કંધથી અલગ થયો ન હોય, એ પ્રદેશ કહેવાય છે. **(૪) પરમાણું** - એ જ સૂક્ષ્મતમ અદશ્ય પ્રદેશ સ્કંધથી અલગ પડી જાય- વિભક્ત થઇ જાય તેને સ્વતંત્ર રૂપથી અણુ કહેવાય છે. જૈન દર્શનમાં અણુને જ પરમાણુ કહે છે, અણુ પરમાણુ વચ્ચે કોઇ ભેદ નથી.

## પરમાણુ નું સ્વરૂપ

સ્કંધના, દેશના સુક્ષ્મતમ પ્રદેશ જે સ્કંધથી વિભાજિત થઇને અલગ થઇ ગયા છે, હવે તે સ્વતંત્ર રૂપથી સ્વયં અવિભાજિત હોય તે પરમાણુ કહેવાય છે. પરમાણુને છેદન કરવાથી છેદી શકાતા નથી, કારણ કે તે અછેદ્ય છે. ભેદન કરવાથી ભેદી શકાતા નથી, તે અભેદ્ય છે. આંખોથી જે દેખાતાં નથી તે અદશ્ય છે. તે બળતાપણ નથી અદાહ્ય પરમાણુ હોય છે. સાથે જ undivideble - અવિભાજ્ય હોય છે.

વિજ્ઞાને અણુ ને એક સ્વતંત્ર સૂક્ષ્મતમ એકમ માન્યો છે. પહેલા અણુને અવિભાજિત માનતા હતા, હવે તે વિભાજ્ય મનાય છે. વિસ્ફોટ કરે છે. એક પરમાણુની

સાથે ઇલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન અને હવે પોજીટ્રોનને સંયુક્ત રૂપે માન્યો છે. આથી પરમાણુને બદલે સ્કંધ થઇ ગયો.

પરમાણુ તો એક અણુ જ હોય છે. જ્યારે તે દ્વયણુક, ત્ર્યણુક, ચતુર્ણુક આદિ અધિક સંખ્યામાં જો બે,ત્રણ,ચાર અને પાંચ અણુઓ મળે છે ત્યારે તે અણુ અણુ નથી રહેતા, ફરી સ્કંધનું રૂપ ધારણ કરી લે છે. સંઘાત વિઘાતની પ્રક્રિયાથી જ પુદ્‌ગલમાં પરિવર્તન થાય છે. સંઘાતથી પરમાણુ જોડાઇને ફરીથી સ્કંધ બની જાય છે. એ રીતે વિઘાતની પ્રક્રિયાથી એ જ સ્કંધ પરમાણુ રૂપ બની જાય છે. માટીના અસંખ્ય-અનંત પરમાણુઓ એકઠા થઇને ઘડો બને છે. હવે એ એક સ્કંધ કહેવાશે. એક દિવસે ઘડો ફૂટી ગયો અને ફરીવાર માટીના કણે કણમાં વિભાજિત થઇ ગયો, એ માટીનો એક સૂક્ષ્મતમ અવિભાજિત અંશ પરમાણુ કહેવાશે.


આ રીતે સંસારમાં સંઘાત-વિઘાતની પ્રક્રિયાઓ સતત ચાલતી રહે છે. આથી અણુ સ્કંધમાં અને ફરીથી અણુ રૂપે સતત પરિવર્તીત થતા જ રહે છે. અણુ શબ્દની આગળ જ પરમ વિશેષ લગાડી દીધું છે. અર્થની દૃષ્ટિથી અણુ અને પરમાણુ બંને શબ્દો સમાનાર્થક છે, અર્થભેદ નથી. એ પરમાણુ પુદ્‌ગલ દ્રવ્યનો જ સૂક્ષ્મતમ અંશ છે. સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુ આ ચાર અવસ્થાઓ પુદ્‌ગલની જ છે, આથી પરમાણુઓમાં પણ પુદ્‌ગલના ગુણ ધર્મ હાજર હોય છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-શબ્દ આદિ જે પુદ્‌ગલના ગુણધર્મો છે, તે પરમાણુમાં રહે છે. પાંચ વર્ણોમાંથી કોઇ ન વર્ણ, ૨ ગંધમાંથી કોઇ એક ગંધ, પાંચ રસોમાંથી કોઇ એક રસ અને આઠ સ્પર્શમાંથી કોઇ બે સ્પર્શ, શીત યા ઉષ્ણ, અથવા તો સ્નિગ્ધ યા રુક્ષ, અથવા ગુરૂ (ભારે) આ લઘુ (હલકો) - આ રીતે પરમાણુમાં વર્ણ-ગંધ, રસ, સ્પર્શ-ધ્વનિ આદિ ગુણધર્મો રહે છે જ; ત્યારે પરમાણુના સ્કંધ બનવાથી એમાં પ્રકટ થાય છે. જો રેતીના એક એક કણમાં પણ તેલ નથી હોતું તો રેતીના લાખો કણને ઘાણીમાં પીલવામાં આવે તો પણ તેલ નહીં નીકળે. જ્યારે સરસવ, રાઇ આદિના એક એક દાણામાં તેલ હોય છે; એટલે તેમના સમુદાયમાંથી પણ તેલ નીકળે છે. એ રીતે પરમાણુમાં પણ તે પ્રકારના વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણધર્મો ભર્યા પડ્યા છે. આથી તે જ સંઘાત પ્રક્રિયા પછી સ્કંધમાં પ્રકટ થાય છે.

## પુદ્‌ગલનાં લક્ષણો

**सद्दंयार उज्जोअ, पभा छाया ऽऽ तवेहिय ।**
**वण्ण-गंध-रसा-फसा, पुग्गलाणं तु लक्खणं ॥**

નવતત્ત્વ પ્રકરણના આ શ્લોકમાં શબ્દ,અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા આતપ તથા વર્ણ,ગંધ,રસ, સ્પર્શાદિ બધાં પુદ્‌ગલનાં લક્ષણો બતાવ્યા છે. આથી શબ્દાદિ એ બધાં પૌદ્‌ગલિક છે.

**શબ્દ** : કોઇ પણ પ્રકારનો ધ્વનિ-શબ્દ એ પૌદ્‌ગલિક છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારનો ધ્વની હોય છે. નૈયાયિકોએ શબ્દને આકાશનો ગુણ માન્યો છે એ ન્યાય યુક્ત





નથી. રેડિઓ, ટી.વી. ટેલિફોનના માધ્યમથી શબ્દો પકડાય છે. આથી એ પૌદ્ગલિક સિદ્ધ થાય છે.

**ઉદ્યોત** : અર્થાત્ શીત (ઠંડો) પ્રકાશ-ચંદ્ર તથા ચંદ્રકાન્તમણિ આદિ શીતળ વસ્તુઓનો શીતળ પ્રકાશ-ઉદ્યોત પણ પૌદ્ગલિક છે.

**છાયા** : પ્રતિબિંબને છાયા કહે છે. આ જ છાયાચિત્રો બને છે. પ્રકાશનો અવરોધ કરીને પડનારી છાયા પણ પૌદ્ગલિક છે.

**અંધકાર** : રાત્રિનું અંધારૂં અથવા તો જ્યાં પ્રકાશ ન પહોંચે એવા તળનું અંધારૂં આદિ. અંધકાર જે દેખાય છે તે પણ પૌદ્ગલિક છે. નૈયાયિકોની જેમ તેજનો અભાવ તમ નથી. આ અંધારૂં પણ સ્વતંત્ર પુદ્ગલ પરિમાણ વિશેષ છે.




**પ્રભા :** સૂર્યોદયની પહેલાં અરૂણોદયનો પ્રકાશ-પ્રભાત ઊગતા પહેલાંનો પ્રત્યૂહ, પ્રકાશ. જો કે કિરણો નીકળતાં નથી એ પ્રકાશને પ્રભા કહેવામાં આવે છે. અથવા મકાનમાં તડકો ન આવતો હોય એ ઉપપ્રકાશને પણ પ્રભા કહેવાય છે. તથા રત્ન, કાંતિ, તેજ આદિ પૌદ્ગલિક પ્રભા છે.

**આતપ :** સૂર્યના સીધા પ્રકાશને આતપ કહે છે, અથવા સૂર્યકાન્ત મણિ અને સૂર્યના ઉષ્ણ પ્રકાશને આતપ કહે છે.

## વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ

આ ચિત્રમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ બતાવવામાં આવ્યા છે. કાળો, લીલો, લાલ, પીળો, સફેદ એ પાંચ પ્રકારના વર્ણ હોય છે. સુગંધ તથા દુર્ગંધ એ બે ગંધ છે.ખાટો, તીખો, તુરો, મીઠો અને કડવો આ પાંચ પ્રકારના રસ છે. તથા શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, લઘુ, ગુરૂ અર્થાત હલકો, ભારે, તથા મૃદુ કર્કશ-આ આઠ પ્રકારના સ્પર્શ છે. અજીવ તત્ત્વના પુદ્ગલ વિભાગનું આ વિવેચન છે. કારણ કે કાર્મણ પૌદ્ગલિક છે, પુદ્ગલ પરમાણુ જન્ય છે.આથી કર્મની પૌદ્ગલિકતાને સમજવા માટે પુદ્ગલને ઓળખવો જરૂરી છે. એટલા માટે પુદ્ગલનું સ્પષ્ટ વિવેચન કર્યું છે.

પુદ્ગલ એક સ્વતંત્ર દ્રવ્ય છે. એ જીવ નથી-અજીવ દ્રવ્ય છે. એટલો ખ્યાલ આવવો જરૂરી છે કે ચેતન આત્મા જ એક માત્ર જીવ દ્રવ્ય છે. જ્યારે અન્ય સર્વ અજીવ દ્રવ્યો છે. અજીવ દ્રવ્યના પાંચ ભેદોમાં પાંચમો ભેદ જે પુદ્ગલનો છે એનું શું લક્ષણ છે, તથા શું ગુણધર્મ છે, એ વિવેચન અહીં કરવામાં આવ્યું છે.એમાંથી પુદ્ગલનું સ્પષ્ટ સ્વરૂપ

સમજમાં આવી જાય એ જરૂરી છે. સમસ્ત સંસારની અનંત જડ વસ્તુઓ બધી જ પૌદ્ગલિક છે. જે કંઇ આંખે દેખાય છે, એવી કોઇને કોઇ પ્રકારના વર્ણ,ગંધ,રસ,સ્પર્શાદિ વાળી વસ્તુઓ પૌદ્ગલિક છે. પુદ્ગલજન્ય પદાર્થ દશ્યમાન જગત, સર્વ પૌદ્ગલિક છે. એટલી હદે કે આપણું શરીર પણ પૌદ્ગલિક છે. એ પુદ્ગલોથી બન્યું છે. તેમ જ આત્મા ઉપર લાગતાં કર્મ પણ પૌદ્ગલિક છે.

આ શરીર તથા કર્માદિ કેવી રીતે પૌદ્ગલિક છે ? ક્યા પુદ્ગલ પરમાણુઓથી બને છે ? શું એનાં ઘટક દ્રવ્યો છે ? એનું વિવેચન આગળ કરવામાં આવશે.

### પરમાણુ વર્ગણા સ્વરૂપ

જૈન શાસ્ત્રમાં જેને પુદ્ગલ કહ્યું છે એને જ આધુનિક વિજ્ઞાને **MATTER**-પદાર્થ કહ્યો છે. પુદ્ગલ એ જૈન શાસ્ત્રો દ્વારા જ પ્રયુક્ત એક વિશેષ અર્થવાળો શબ્દ છે. આ શબ્દનો પ્રયોગ જૈન શાસ્ત્રો બહાર મળતો નથી. પુદ્ગલની ચાર અવસ્થાઓમાં, જેને સ્કંધ કહેવામાં આવે છે, એને વિજ્ઞાન **MOLECULE** કહેછે; અને પરમાણુને **ATOM** કહે છે. આ સમસ્ત બ્રહ્માંડ અનંતાનંત પરમાણુઓથી ભર્યું પડયું છે. પુદ્ગલ દ્રવ્યનું સ્વતંત્ર અસ્તિત્વ બે સ્વરૂપમાં છે. એક પરમાણુ સ્વરૂપ અને બીજું સ્કંધ સ્વરૂપ. મહા સમર્થ જ્ઞાનીની જ્ઞાનધારામાં પણ જેના બે ભાગ સંભવતા નથી એવા નિર્વિભાજ્ય, સુક્ષ્મતમ પુદ્ગલનો અણુ જ પરમાણુ સ્વરૂપમાં કહેવામાં આવે છે.


આ જ પરમાણુ ૨-૪-૫ આદિ અધિક સંખ્યામાં એકત્રિત થતા હોય તો તેમને સ્કંધ કહે છે. પછી એ દ્વયણુક સ્કંધ, ત્ર્યણુકસ્કંધ, ચતુર્ણુક સ્કંધ, પંચાણુકસ્કંધ આદિ એક એક અણુની વૃદ્ધિના આધાર ઉપર પરમાણુઓના બનેલા સ્કંધ કહેવાશે. સંસ્થાન અણુઓના સ્કંધો સંખ્યાતાણુક સ્કંધ અને અનંતાખ્યાતાણુકસ્કંધ કહેવાશે. એ રીતે અનંત અણુઓથી બનેલા સ્કંધ પુદ્ગલ પદાર્થને અનંતાણુકરસ્કંધ પદાર્થ કહેવાશે.

આ પરમાણુઓમાં સંઘટન (સંઘાત), વિઘટન (વિઘાત)ની ક્રિયા સદૈવ ચાલતી રહે છે. આથી સંઘટનની ક્રિયાથી કેટલાય પરમાણુ સંમિશ્રિત થઇને સ્કંધ તૈયાર થાય છે તે તુટીને ફરીવાર પરમાણુ સ્વરૂપમાં આવીને સ્વતંત્ર રહે છે. આથી જોડાવું અને વિખેરાવું એ પુદ્ગલનો સ્વભાવ જ છે. અહીં જૈનોએ પરમાણુની સંઘટ્ટન-વિઘટ્ટન આદિ ક્રિયાઓમાં નૈયાયિકોની જેમ ઇશ્વરેચ્છા માનવાની મૂર્ખતા નથી કરી. જ્યારે પુદ્ગલનો પોતાનો સ્વભાવ જ છે, એમની ક્રિયા છે તો પછી ઈશ્વરેચ્છા માનવાની આવશ્યકતા જ ક્યાં છે ?

પરમાણુ અને સ્કંધ સ્વરૂપ અસ્તિત્વવાળા પુદ્ગલ પદાર્થના ભિન્ન ભિન્ન રૂપને જૈન દર્શન શાસ્ત્રમાં વર્ગીકરણ-વિભાજન કરવામાં આવ્યુ છે. અનેક પરમાણુ સંમિશ્રિત-સંમિલિત થઇને સમૂહ રૂપે-પિંડરૂપે રહે એને સ્કંધ કહે છે. સમાન સખ્યા, પ્રમાણ પરમાણુવાળા સ્કંધોની એક વર્ગણા બને છે. વર્ગણા અર્થાત્ અનેક પરમાણુઓના સમૂહ વિશેષને વર્ગણા કહે છે. સમસ્ત બ્રહ્માંડમાં આવી ૧૬ મહાવર્ગણાઓ જૈન શાસ્ત્રમાં બતાવવામાં આવી છે.

૧ ઔદારિક અગ્રહણયોગ્ય મહાવર્ગણા
૨ ઔદારિક ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૩ ઔદારિક તથા વૈક્રિય શરીરે માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૪ વૈક્રિય શરીર માટે ગ્રહણયોગ્ય મહાવર્ગણા
૫ વૈક્રિય તથા આહારક શરીર માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૬ આહારક શરીર માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૭ આહારક તથા તૈજસ શરીર માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૮ તૈજસ શરીર માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૯ તૈજસ શરીર અને ભાષા માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૦ ભાષા માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૧ ભાષા અને શ્વાસોચ્છવાસ માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૨ શ્વાસોચ્છવાસ માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૩ શ્વાસોચ્છવાસ અને મનને માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૪ મનને માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૫ મન અને કર્મ માટે અગ્રહણ યોગ્ય મહાવર્ગણા
૧૬ કર્મને માટે ગ્રહણ યોગ્ય મહાવર્ગણા

આ રીતે આ સોળ મહાવર્ગણાઓ છે. ગ્રહણ યોગ્ય વર્ગણાઓ ૮ પ્રકારની છે; તથા અગ્રહણ યોગ્ય વર્ગણાઓ પણ ૮ પ્રકારની છે. એટલા માટે ૮ + ૮ = ૧૬ બતાવવામાં આવી છે. આમાંથી ૮ ગ્રહણ યોગ્ય વર્ગણાઓનો વિશેષ વિચાર કરીએ. ચૌદ રાજલોક પરિમિત આ લોકમાં સર્વત્ર પ્રસરેલી અર્થાત્ કાજળની ડબીમાં ઠાંસીને કાજળ ભર્યું હોય, એ રીતે આ બ્રહ્માંડમાં વર્ગણાઓ ઠાંસી ઠાંસીને ભરી છે. એક સોય પણ પ્રવેશી શકે તેટલી જગ્યા



અનંત બ્રહ્માંડમાં ખાલી નથી.

**વર્ગણાઓનું કાર્યક્ષેત્ર**

ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે સમસ્ત લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા પુદ્ગલો પરમાણુ ઓના સંમિશ્રિત રૂપ છે. આ લોકમાં અનંત જીવો પણ છે. વર્ગણાઓ જીવો માટે ઉપયોગી છે. શરીર,ભાષા,મન આદિ બનાવવાના કામમાં આવે છે. આત્મા આ પુદ્ગલ પરમાણુ ઓને ખેંચીને એમનો પિંડ બનાવીને શરીર, ભાષા, મન, કર્માદિ બનાવે છે. આથી તે Raw Material રૂપે વર્ગણાઓ જીવોનાં શરીરાદિ બનાવવામાં ઉપયોગી છે.બધા ભિન્ન-ભિન્ન ગુણધર્મવાળી છે આથી ભિન્ન ભિન્ન કાર્યના ઉપયોગ માં આવે છે.

**(૧) ઔદારિક વર્ગણા** - મનુષ્યો તથા તિર્યંચ ગતિના પશુ-પક્ષીઓ માટે ઔદારિક શરીર બનાવવા યોગ્ય એવા પદ્ગલ પરમાણુઓના સમૂહને ઔદારિક વર્ગણા કહે છે. એનાથી આપણું શરીર બને છે. આથી ઔદારિક શરીર કહેવાય છે..

**(૨) વૈક્રિય શરીર** - સ્વર્ગના દેવતાઓના તથા નરકના નારકી જીવોનાં શરીર વૈક્રિય શરીર છે. આથી એમને વૈક્રિય શરીર બનાવવા માટે બાહ્ય વાતાવરણમાંથી એને યોગ્ય પુદ્ગલ પરમાણુઓનો સમુહ ગ્રહણ કરવા પડે છે. એ વૈક્રિય પદ્ગલ પરમાણુ વર્ગણા કહેવાય છે.

**(૩) આહારક વર્ગણા** - ૧૪ પૂર્વધારી મુનિરાજ મહાવિદેહ આદિ ક્ષેત્રમાં તીર્થંકરની પાસે પ્રશ્ન પૂછવા જાય છે એ સમયે આહારક શરીરની રચના કરે છે. તદ્યોગ્ય પુદ્ગલ પરમાણુઓને આહારાક વર્ગણા કહે છે. એમને ગ્રહણ કરીને આહારક શરીર બનાવે છે.

**(૪) તૈજસ વર્ગણા** - આત્માની સાથે રહેલાં સૂક્ષ્મ તૈજસ શરીર બનાવવા યોગ્ય વર્ગણાને તૈજસ વર્ગણા કહે છે.

**(૫) શ્વાસોચ્છ્વાસ વર્ગણા** - સંસારસ્થ સર્વજીવ શ્વાસોચ્છ્વાસ લેતા જ હોય છે. આથી શ્વાસોચ્છ્વાસ લેવા યોગ્ય પુદ્ગલ પરમાણુઓને શ્વાસોચ્છ્વાસ વર્ગણા કહે છે. જીવ એને ગ્રહણ કરે છે.

**(૬) ભાષા વર્ગણા** - વચનયોગ્ય વાળા જીવો જે વ્યક્ત-અવ્યક્ત ભાષા બોલે છે. જે જીવોને બોલવા માટે ભાષા વર્ગણાના પુદ્ગલ પરમાણુઓની જરૂર પડે છે. એને ગ્રહણ કરીને જ જીવ બોલી શકે છે. આથી બોલવા યોગ્ય ગ્રહણ કરવા માટે ભાષા વર્ગણા છે.

**(૭) મનો વર્ગણા** - સંજ્ઞી-સમનસ્ક પંચેન્દ્રિય જીવો વિચાર કરે છે. વિચારવાની ક્રિયા કરવા માટે જીવ બહારના વાતાવરણમાંથી મનોવર્ગણાને ખેંચીને એનો પિંડ બનાવે છે, એને આપણે મન કહીએ છીએ. આથી મન આત્મા નથી, મન આત્માથી ભિન્ન પૌદ્ગલિક પિંડ છે. અજીવ છે.


**(૮) કાર્મણ વર્ગણા** - જીવ રાગ દ્વેષ-કષાયાદિને આધીન થઇને આશ્રવ માર્ગમાં સ્થિત થઇને બાહ્ય વાતાવરણમાંથી કર્મ યોગ્ય કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓના સમૂહને ખેંચે છે; ગ્રહણ કરે છે, આ જ કાર્મણ વર્ગણા કર્મ રૂપમાં પરિણત થાય છે.

અર્થાત્ કાર્મણ વર્ગણાનું જ કર્મ બને છે. કર્મ બનાવવા યોગ્ય પુદ્ગલ પરમાણુઓના સમૂહને કાર્મણ વર્ગણા કહે છે. આનાથી સ્પષ્ટ થાય છે કે કર્મ પુદ્ગલિક છે, જડ છે. આત્મા પર બાહ્ય આવરણ વિશેષ છે. સૂક્ષ્મતમ હોઇ અદશ્ય છે.

આ ૧૬ મહાવર્ગણાઓમાં ગ્રહણયોગ્ય સ્પષ્ટ મહાવર્ગણાઓનું સ્વરૂપ છે, ક્રમશ: એમાં ઉત્તરોત્તર સૂક્ષ્મ સૂક્ષ્મ થતી જાય છે. આમ તો બધી જ સૂક્ષ્મ છે, પરંતુ પહેલી કરતાં બીજી વધારે સૂક્ષ્મ છે. બીજી કરતાં ત્રીજી એથી વધારે સૂક્ષ્મ છે. એ રીતે અંતિમ કાર્મણ વર્ગણા સૌથી વિશેષ સૂક્ષ્મતમ છે. આમ અત્યંત-સૂક્ષ્મતમ હોવાથી દશ્ય નથી. ઉદાહરણ તરીકે સમજો કે ઘઉંનો લોટ કેટલો બારીક છે ? એનાથી એનું ભરડું કેટલું સ્થૂળ છે ? તેમજ ઘઉંનો મેંદો કેટલો વધારે બારીક છે ?

એ રીતે આ વર્ગણાઓમાં સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતરનો ભેદ છે. એમાં સૌથી વધારે અંતિમ કક્ષાની સૂક્ષ્મતા કાર્મણ વર્ગણામાં છે. સંસારસ્થ જીવ સંસારમાં પુદ્ગલને આધારે રહે છે. આથી જીવને રહેવા માટે જે પરની (શરીર)ની આવશ્યકતા પડે છે, એને નિર્માણ કરવા માટે લોકમાં રહેલી ઔદારિક આદિ શરીરયોગ્ય વર્ગણાના સમૂહને ગ્રહણ કરીને જીવ શરીર બનાવે છે. એ રીતે શ્વાસોચ્છ્વાસ વર્ગણા ગ્રહણ કરીને શ્વાસોચ્છ્વાસ લે છે. એ જ રીતે ભાષા વર્ગણાનાં પુદ્ગલ-પરમાણુઓને ગ્રહણ કરીને જીવ બોલે છે. ભાષાકીય વચન વ્યવહાર કરે છે. એવી જ રીતે વિચાર કરવા માટે મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુ ઓને ગ્રહણ કરીને મન બનાવે છે, ત્યારે જીવ વિચારી શકે છે. અંતે સંસારમાં પરિભ્રમણ કરવાના હેતુથી એક ગતિમાંથી બીજી ગતિમાં-જાતિમાં જવામાં અને જન્મ મરણાદિ ધારણ કરતાં ૮૪ લાખ યોનિઓના ચક્કરમાં ચારે ગતિમાં ઘૂમવાના કારણભૂત કર્મ બનાવવા માટે જીવ કાર્મણ વર્ગણા ગ્રહણ કરે છે. એ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુ ઓનો બનાવેલો પિંડ જ કર્મ કહેવાય છે.

જ્યાં સુધી કાર્મણ વર્ગણા આત્માને ન મળી હોય, અર્થાત આત્મપ્રદેશોમાં કાર્મણ વર્ગણાનો પ્રવેશ ન થયો હોય ત્યાં સુધી તે કર્મ કહેવાતાં નથી. જ્યારે જીવ કાર્મણ વર્ગણા ગ્રહણ કરીને પિંડ રૂપ બનાવે છે ત્યારે તે કર્મ કહેવાય છે.



## અસંખ્ય પ્રદેશી આત્મા

જેમ એક કપડામાં તંતુના બનેલા તાણાવાણા આડીઊભી બે હારમાં લાગેલા હોય છે, એ બંને દોરાઓના ક્રોસ પોઇન્ટ હોય છે. એવી રીતે આત્માના પ્રદેશોની સંરચના છે. એવા અસંખ્ય પ્રદેશોવાળો આત્મા પણ એક દ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશી અખંડ દ્રવ્ય છે. અસંખ્ય પ્રદેશો પર બહારથી આવેલી કાર્મણ વર્ગણા ચોંટે છે. પરંતુ


આ અસંખ્ય પ્રદેશોની વચ્ચેના આઠ રૂચક પ્રદેશો એવા છે કે જેમના ઉપર કોઇ કાર્મણ વર્ગણા કદી ચોંટતી નથી. આ આઠ રૂચક પ્રદેશો સદાને માટે કર્મથી અસ્પૃષ્ટ જ રહે છે. શુદ્ધ મૂળભૂત સ્વરૂપમાં રહે છે. એમનું સ્વરૂપ કદીય બદલાતું નથી. આત્માના મૂળ આઠ ગુણોને વ્યક્ત સ્વરૂપે પ્રકટ રાખનારા આ આઠ રૂચક પ્રદેશો છે. અસંખ્યમાંથી માત્ર આ આઠ જ એવા છે. અન્ય અસંખ્ય પ્રદેશો ઉપર કાર્મણ વર્ગણા લાગે છે. આત્મા આ અસંખ્ય પ્રદેશોના સમૂહ સ્વરૂપ એક અખંડ દ્રવ્ય છે.

આ આત્માની રચનાનું સ્વરૂપ છે. કદીય એક પ્રદેશ પણ ખંડિત થઇને અલગ થઇ શકતો નથી. ભલે અકસ્માતમાં અંગ કપાઇ જાય તો પણ કપાયેલા અંગમાં રહેલ આત્મપ્રદેશ પુનઃ મૂળ શરીરી આત્મામાં આવી જાય છે. પરંતુ કપાઇને અલગ નથી થઇ જતા. ભલેને ગમે તેટલા છેદન-ભેદન-વિદારણ આદિ નરકમાં યા કતલખાનામાં ગમે ત્યાં હોય, પરંતુ આત્મા કપાતો નથી, ખંડિત થતો નથી, સદૈવ અખંડ સ્વરૂપમાં રહે છે. સંકોચ વિકાસશીલ સ્વભાવવાળો આત્મા પોતાના અસંખ્ય પ્રદેશોનું અત્યંત સંકુચન કરીને એક નાના યા સૂક્ષ્મ શરીરમાં પણ સમાવિષ્ટ થઇ જાય છે. એ રીતે જ્યારે મોટું સ્થૂળ શરીર મળે છે-વિશાળ શરીર પ્રાપ્ત થાય છે ત્યારે ફેલાઇને તેમાં રહે છે, અને ત્યારે આત્મા પોતાના આત્મ પ્રદેશોને ફેલાવે છે. જેમ પક્ષીની પાંખો ફેલાય છે - વિસ્તરે છે એ રીતે તે ફેલાય છે અને સંકોચાય છે. આમ આત્મા સંકોચાતાં નાનો બને છે અને સમેટાઇ જાય છે. મોર જ્યારે પોતાની પાંખો ફેલાવે છે ત્યારે કેટલું ક્ષેત્ર રોકે છે, અને જ્યારે સમેટી લે છે ત્યારે કેટલી ઓછી જગ્યા ઘેરે છે ? બીજું પણ એક દૃષ્ટાંત છે, જ્યારે એક બલ્બને હોલમાં લગાવએ છીએ તો એનો પ્રકાશ આખા હોલમાં ફેલાય છે. એને જ ૧૦' × ૧૦' ની રૂમમાં લગાવી દઇએ તો પ્રકાશ રૂમના ક્ષેત્રમાં જ ફેલાઇ જશે. એક રીતે બલ્બને એક નાનકડી પેટીમાં રાખીને સળગાવવામાં આવે તો તેનો પ્રકાશ માત્ર એ પેટીમાં જ ફેલાશે. પ્રકાશના વિસ્તારનો આધાર ક્ષેત્ર પર છે. એ રીતે આત્માના અસંખ્ય પ્રદેશોના વિસ્તારનો આધાર તેને મળેલા શરીર પર છે. કેવલિ સમુદ્ઘાત આદિ કરતી વખતે આત્મા આત્મપ્રદેશોને ફેલાવીને ચૌદરાજલોકવ્યાપી બનાવી દે છે, એટલો વિસ્તાર કરી શકે છે.

અનંતકાળમાં અનંત કાર્મણ વર્ગણાઓ ખેંચીને અનંતવાર જીવે કર્મ બાંધ્યાં અને અનંતવાર સકામ યા અકામ નિર્જરા કરીને કર્મ ખપાવ્યાં. એ જ કાર્મણ વર્ગણાઓ નિર્જરિત થતી વખતે આત્મપ્રદેશોને છોડીને જતી વખતે એક આત્મપ્રદેશનેય ખેંચીને લઇ જઇ શકતી નથી. આથી અનંતકાળમાં પણ આત્માનો એક પ્રદેશ પણ છૂટો પડીને અલગ થતો નથી, એટલે જ આત્મા એક અખંડ અસંખ્ય પ્રદેશી દ્રવ્ય છે.

## કાર્મણ વર્ગણાનું ગ્રહણ

કર્તૃત્વ-ભોક્તૃત્વ ભાવ જીવનો ગુણ છે. આથી જીવ જ કર્તા ભોક્તા કહેવાય છે. આત્મામાં જ રાગ-દ્વેષાદિ દ્વારા તેવા પ્રકારનાં સ્પંદનો થાય છે. જેથી બાહ્ય પ્રદેશમાં રહેલ કાર્મણ વર્ગણાને આત્મા ખેંચે છે, જે સમસ્ત ચૌદ રાજલોકના આ અનંત બ્રહ્માંડમાં



કર્મ યોગ્ય કાર્મણ વર્ગણાઓ પુદ્ગલ પરમાણુ રૂપે ભરેલી પડી છે. કાજળની ડબીમાં ઠાંસી ઠાંસીને ભરેલી કાજળ જેવી કાર્મણ વર્ગણાઓને જીવ ખેંચે છે. આ જીવની પ્રક્રિયા છે. રાગ-દ્વેષાસક્ત જીવમાં સ્પંદનો થતાં જાય છે અને કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુ ઓને ખેંચીને આત્મસાત્ કરે છે.

ઉદાહરણ તરીકે શાન્ત સરોવરનાં સ્થિર પાણીમાં એક કાંકરી નાખવામાં આવે તો પાણીની શાન્તિ અને સ્થિરતાનો ભંગ થાય છે, અને પાણીમાં વમળો ઉત્પન્ન થઇ જાય છે. એ ગોળ વલય રૂપે ફેલાતાં ફેલાતાં કિનારા સુધી આવી જાય છે. ત્યાંની રજકણને સ્પર્શ કરીને એને પોતાનામાં ખેંચી જાય છે; એ જ રીતે આત્મપ્રદેશમાં થયેલાં રાગ-દ્વેષ જન્ય સ્પંદનોને કારણે આત્મા બાહ્ય પ્રદેશની કાર્મણ વર્ગણાને ખેંચી લે છે. આકર્ષણનો આ ગુણ અને ક્રિયા આત્માના ગુણ અને ક્રિયા રૂપે છે. બીજું દષ્ટાંત આપણે લોહચુંબકનું લઇએ, ચુંબકમાં ચુંબકીય શક્તિ ભરેલી પડી છે; જેને કારણે ચુંબક જાતે જ બહારના લોહકણોને પોતાની તરફ ખેંચે છે. બહારના લોહકણો આવીને ચુંબક સાથે ચોંટી જાય છે. આ ચુંબકની પોતાની આકર્ષણ શક્તિને કારણે જ થયું છે. બરાબર આ જ રીતે કર્તૃત્વશક્તિ સંપન્ન આત્મા સક્રિય દ્રવ્ય છે. કર્મનાં બીજ ભૂત મૂળકારણ જે રાગ-દ્વેષાદિ છે એમને કારણે આત્માનાં થયેલાં સ્પંદનોથી આત્મામાં કાર્મણ વર્ગણાઓ ખેંચાઇને આવે છે - આકર્ષિત થાય છે. વારંવારની ક્રિયાથી અસંખ્ય કાર્મણ વર્ગણાઓનું આગમન આત્મામાં થાય છે, એ ધીરેધીરે આત્મપ્રદેશો પર જામતી જાય છે.

## આશ્રવ માર્ગથી કાર્મણ વર્ગણાઓનું આગમન


આશ્રવ

ઇન્દ્રિયાશ્રવ-૫ કષાયાશ્રવ-૪ અવ્રતાશ્રવ-૫ યોગાશ્રવ-૩ ક્રિયાશ્રવ-૨૫ =૪૨

આશ્રવ - આ + શ્રવ = આશ્રવ (અથવા આસ્રવ) = આગમન આવવું. આત્મામાં બહારથી કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓની આવવાની ક્રિયાને આશ્રવ(યા આસ્રવ) કહે છે. નવ તત્ત્વોમાંથી આશ્રવને પણ એક તત્ત્વ ગણવામાં આવ્યું છે. આશ્રવનાં મુખ્ય પાંચ દ્વાર ગણવામાં આવ્યાં છે.જે માધ્યમોથી યા જે ક્રિયાઓથી

આત્મામાં કાર્મણ વર્ગણા આવે છે એ આશ્રવ દ્વાર છે (૧) ઇન્દ્રિયાશ્રવ (૨) કષાયાશ્રવ (૩) અવ્રતાશ્રવ, (૪) યોગાશ્રવ અને (૫) ક્રિયાશ્રવ - આ પાંચ મુખ્યદ્વાર છે. આ પ્રવૃત્તિમાં રહેલો જીવ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઆને પોતાની અંદર આવવા દે છે. આ ક્રિયા જીવની જ છે. ઉદાહરણ તરીકે ચારે બાજુ પહાડોથી ઘેરાયેલા સરોવરમાં જેમ પહાડોમાંથી વહેતાં ઝરણાંના માધ્યમથી પાણી આવે છે, નદીના માધ્યમથી પાણી આવે છે, અને સરોવર ભરાઇ જાય છે.

બીજુ ઉદાહરણ-સરોવરમાં તરતી એક નૌકામાં નીચે એક છિદ્ર પડી ગયું. નૌકા લાકડાની છે. લાકડાનો સ્વભાવ છે પાણી ઉપર તરવું.પરંતુ નૌકામાં છિદ્ર પડી જતાં નૌકામાં પાણી ભરાઇ જાય છે. પાણી ભરાતું જ ગયું. નૌકામાં વધતું જ ગયું તો




થોડી વારમાં નૌકા ડૂબી જવાની સંભાવના ઊભી થાય છે. બરાબર આ જ રીતે આત્મા કર્મના અભાવમાં હલકો છે. પરંતુ રાગદ્વેષ રૂપ છિદ્રના માધ્યમથી બહારના આકાશ પ્રદેશથી કાર્મણા વર્ગણા આત્મામાં પ્રવેશતી રહી છે. નૌકામાં તો એક જ છિદ્ર હતું પરંતુ આત્મામાં કાર્મણ વર્ગણાના આગમનનાં પાંચ મુખ્ય દ્વારો છે.

ઇન્દ્રિયાશ્રવાદિ પાંચેય પ્રવેશ દ્વારોથી કાર્મણ વર્ગણાનો આશ્રવ આત્મામાં થઇ રહ્યો છે. વિચારો, ચેતન આત્મામાં જડ પુદ્ગલ પરમાણુઓના આશ્રવથી આત્મા ઉપર ભાર વધતો જ જશે. પુદ્ગલ પદાર્થમાં તો વજન રહે જ છે, જ્યારે આત્મા તો વજન રહિત અગુરૂલઘુ ગુણવાળો છે. પરંતુ કાર્મણ વર્ગણાના ભારથી આત્મા ભારે થઇને નૌકાની જેમ ડૂબતો જશે. ઇન્દ્રિયાશ્રવ આદિ પાંચ પ્રકારના આશ્રવ દ્વારની પ્રવૃત્તિ કરી રહેલ

આત્મા કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓને અંદર ખેંચી જાય છે.

**(૧) ઇન્દ્રિયાશ્રવ** માં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ દ્વારા આશ્રવ થાય છે. ઇન્દ્રિયો પાંચ છે :-

| | | |
|---|---|---|
| ૧ સ્પર્શેન્દ્રિય | ચામડી | સ્પર્શવિષય - ૮ |
| ૨ રસનેન્દ્રિય | જીભ | રસ વિષય - ૫ |
| ૩ ઘ્રાણેન્દ્રિય | નાક | ગંધ વિષય - ૨ |
| ૪ ચક્ષુન્દ્રિય | આંખ | વર્ણ વિષય - ૫ |
| ૫ શ્રવણેન્દ્રિય | કાન | ધ્વની વિષય -૩ |
| પાંચ ઇન્દ્રિયોના | | કુલ વિષયો - ૨૩ |

સંસારમાં સર્વ જીવો સશરીરી છે, અને શરીર છે તો ઇન્દ્રિયો અવશ્ય છે, એ સૌને સમાન નથી મળતી, વત્તી ઓછી મળે છે. કોઇને એક, કોઇને ૨-૩-૪ અને પાંચ. આથી જીવોમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય,ત્રિઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય ના ભેદ હોય છે. ઇન્દ્રિયોના માધ્યમથી શરીરસ્થ જીવ તે તે વિષયોને ગ્રહણ કરે છે.


સ્પર્શેન્દ્રિયથી ૮ પ્રકારના સ્પર્શને ગ્રહણ કરી શકશે. એથી આત્માને સ્પર્શાનુભવ જ્ઞાન થાય છે. એ રીતે પાંચ ઇન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે. તેવા પ્રકારના વિષયોમાં આત્મા રાગદ્વેષને આધીન થાય છે. કેટલાક વિષયો પ્રિય લાગે છે. સુગંધ પ્રિય છે, દુર્ગંધ અપ્રિય છે. મીઠો મધુરરસ પ્રિય છે, કડવો રસ પ્રિય નથી.આ રીતે ૨૩ વિષયોમાંથી કેટલાકમાં જીવે પ્રિયની બુદ્ધિ બનાવી છે, તો કેટલાકમાં અપ્રિયની બુદ્ધિ બનાવી છે.

આ પ્રિય અપ્રિયભાવ રાગ દ્વેષનું કારણ બને છે. આ પ્રકારના રાગ દ્વેષમાં ઇન્દ્રિયો નિમિત્ત બને છે. આથી ઇન્દ્રિયાશ્રવ કહેવાશે. એ પાંચ પ્રકારના છે.

**(૨) કષાયાશ્રવ** - ક્રોધ,માન,માયા,લોભ આ ચાર કષાયો છે. કષ્ +આય = કષાય. કષ્ = સંસાર અને આય એટલે લાભ અર્થાત્ કષાયનો અર્થ 'સંસાર લાભ' એવો થાય છે. આત્મા જ્યારે ક્રોધાદિ કષાયોને પણ આધીન થાય છે ત્યારે આત્માનો સંસાર વધે છે. એટલા માટે આ કષાય પણ આત્મામાં કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓને ખેંચીને લાવવાનું આશ્રવ કાર્ય કરે છે. આથી ચાર પ્રકારના કષાયાશ્રવ કહેવાય છે.


**(૩) અવ્રતાશ્રવ**- વ્રતો પાંચ છે. અહિંસા,સત્ય,અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ વ્રતો ધર્મ સ્વરૂપ છે. સતત આના આચરણથી કર્માશ્રવ થઇ શકતો નથી. ઉપરથી કર્મક્ષય થાય છે. પરંતુ બધા જીવો આ પાંચ વ્રતોમાં રહેતા નથી. અધિકાંશ જીવો આનાથી વિપરીત અવ્રતોમાં રહે છે. અ + વ્રત = અવ્રત. અર્થાત્ વ્રતનો અભાવ વ્રતથી વિપરીત ચાલવું એ અવ્રતીનું કાર્ય છે. હિંસા, જુઠ, ચોરી, મૈથુન સેવન તથા પરિગ્રહવૃત્તિ આ પાંચ અવ્રતો છે. વ્રતથી સર્વથા વિપરીત અવ્રત છે. જીવ જ્યારે હિંસા, જુઠ, ચોરી આદિ અવ્રતોનુ આચરણ કરે છે ત્યારે આત્મામાં કાર્મણ વર્ગણાનો આશ્રવ થાય છે. ૫ પ્રકારના હિંસાદિ અવ્રતાશ્રવો છે.

**(૪) યોગાશ્રવ** - મન, વચન અને કાયા (શરીર) ના ત્રણ યોગો છે. સંસારી જીવને




આ ત્રણ સાધનો મળે છે. પ્રત્યેક જીવને શરીર તો અવશ્ય મળે છે. શરીર વગર કોઇ પણ જીવ સંસારમાં રહેતો જ નથી. અશરીરી માત્ર સિદ્ધ-મુક્ત જ કહેવાય છે. દ્વિન્દ્રિયથી ઉપરના જીવોને બીજો વચનયોગ મળે છે, તથા માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ મન મળે છે. આ રીતે આ ત્રણ સાધનો જીવોને મળે છે. એમને આધારે જીવ કર્મબંધ યા કર્મક્ષયની પ્રવૃત્તિ કરે છે. 'તત્ત્વાર્થધિગમસૂત્ર' માં કહ્યું છે કે **काय-वाङ्मनःकर्मयोग।** કાયા, વચન અને મનના દ્વારા જીવ કર્મથી જોડાય છે. કર્મયોગ એમના માધ્યમથી થાય છે. અશુભ પાપકર્મ પણ આ ત્રણ દ્વારા જ બાંધે છે, અને શુભ પુણ્ય પણ આ ત્રણ જ બાંધે છે. આથી યોગાશ્રવમાં આ ત્રણને આશ્રવનું કારણ ગણ્યું છે.

(૫) **ક્રિયાશ્રવ** - સંસારી જીવ વિવિધ પ્રકારની ક્રિયાઓ કરે છે. ગમન-આગમન ક્રિયા છે તેમ. એ રીતે રાગ કરવો, પ્રેમ કરવો, દ્વેષ કરવો, શસ્ત્રાદિનો ઉપયોગ કરવો, હિંસા કરવી, આરંભ સમારંભાદિ કરવા આ બધી ક્રિયાઓ છે. આવી ૨૫ પ્રકારની મુખ્ય ક્રિયાઓ છે. જીવ જ્યારે આ પ્રકારની ક્રિયાઓને આધીન થાય છે ત્યારે કાર્મણ વર્ગણાનો આશ્રવ થાય છે. જીવ કર્માણુઓથી લિપ્ત થાય છે. સંસારમાં કયો જીવ ક્રિયા નથી કરતો?



બધા જ કરે છે. આથી બધા કર્મો બાંધે છે. સિદ્ધાત્મા જ માત્ર અક્રિય-નિષ્ક્રિય એટલે કે સર્વથા ક્રિયા રહિત હોય છે.


આ રીતે પાંચ મુખ્ય આશ્રવ દ્વારોના ૪૨ ભેદો થયા. આ ૪૨ રીતે જીવમાં કાર્મણ વર્ગણાનો આશ્રવ થાય છે. આત્મ પ્રદેશોમાં કાર્મણ પરમાણુ ઓ ભરાઇ જાય છે.

## આશ્રવ પછી બંધ

ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે દૂધના ગ્લાસ છે. પહેલા ગ્લાસમાં દૂધમાં સાકર નાખવા માં આવી રહી છે. દૂધમાં બહારથી સાકર આવવી એ આશ્રય માર્ગ છે. એ રીતે બહારથી કાર્મણ વર્ગણાઓનો આત્મપ્રદેશોમાં આશ્રવ છે. પરંતુ સાકર આવવા માત્રથી દૂધ મીઠું નથી થઇ જતું. એક માએ દીકરાને સાકર નાખીને એક ગ્લાસ દૂધ પીવા માટે આપ્યું. પરંતુ દૂધ ફિક્કું લાગવાથી દીકરાએ પીવાનો ઇન્કાર કરી દીધો, અને રડવા લાગ્યો- 'દૂધ ફિક્કું છે, હું નહિં પીઉં.' માતાએ કહ્યું : 'મોળું' નથી, ગળ્યું છે, મેં ઘણી સાકર નાખી છે.' દીકરો કહે છે 'બિલકુલ સાકર નથી'. માતા અને દીકરા વચ્ચેનો સંઘર્ષ પિતાએ દૂર કર્યો; એક ચમચી લઇને ગ્લાસમાંનું દૂધ ખૂબ હલાવ્યું. બે મિનિટમાં સાકર ઓગળી ગઇ. દીકરો ગળ્યું દૂધ પીને ખુશ થઇ ગયો. હલાવવાની ક્રિયા કરીને દુધ-સાકરને એકરસ બનાવ્યાં સાકર પૂર્ણરીતે ઓગળી ગઇ, એ રીતે બહારથી આવેલ કાર્મણ વર્ગણા આત્મ પ્રદેશની સાથે મળીને મિશ્રિત થઇને એકરસ બની જાય એને 'બંધ' કહે છે.

બીજા ચિત્રમાં એક પાત્રમાં પાંચ ગ્લાસનું પાણી + દૂધ મિશ્રિત કરવામાં આવે છે. પાંચે ગ્લાસોમાં અલગ અલગ દ્રવ્યો છે. કોઇમાં દૂધ તો કોઇમાં પાણી છે. હરેકનું મિશ્રણ એક પ્યાલામાં થઇ રહ્યું છે. એક પ્યાલામાં-પાત્રમાં ભિન્નભિન્ન પદાર્થોના આગમનની ક્રિયાને આશ્રવ કહે છે.

લોખંડનો આગમાં તપાવેલો ગોળો




લોખંડનો ગોળો

આ રીતે આત્મા રૂપી એક પાત્રમાં ઇન્દ્રિયાશ્રવ આદિ પાંચ દ્વારોથી કાર્મણ વર્ગણાનું જે આગમન થાય છે તે આશ્રવ કહેવાય છે. પરંતુ પાત્રમાં પાંચે ય ગ્લાસોનું દ્રવ્ય એક થઇ ગયું મિશ્રિત થઇ ગયું-હવે દૂધ અલગ, પાણી અલગ, સાકર અલગ- એમ અલગ અલગ દેખાશે નહીં. સાકર ઓગળીને દૂધ-પાણીમાં ભળી જઇને તદાકાર બની ગઇ છે. આ મિશ્રણ હવે

એકરૂપ-એકાકાર દેખાશે. બરાબર આ જ રીતે ભિન્ન ભિન્ન ઇન્દ્રિયાશ્રવાદિ આશ્રવ માર્ગોથી આવેલી કાર્મણ વર્ગણા આત્મપ્રદેશમાં સાથે મળી જઇને એકરસ થઇ જાય છે. આને 'ક્ષીર નીર વત્ બંધ' કહે છે.

ત્રીજું દૃષ્ટાંત છે - સગડીના બળતા અંગારાઓ ઉપર એક લોઢાનો ગોળો મૂકવામાં આવે તેનું છે. અગ્નિની જવાળાઓમાં બળીને ગોળો લાલ થઇ જશે. ગોળો લોઢાનો છે. જોવામાં તદ્દન કાળો છે. પરંતુ અગ્નિના સંયોગથી તે લાલ બની ગયો. વિચારવાની વાત





એ છે કે લોઢાના મજબૂત ગોળામાં જ્યાં સોય પણ પ્રવેશી શકતી નથી, પાણી પણ પ્રવેશી શકતું નથી, જરાય જગ્યા નથી તો પછી અગ્નિ કેવી રીતે પ્રવેશી ગયો. અગ્નિ ગોળાની આરપાર ચાલ્યો ગયો. આખા ગોળાનો રંગ જ બદલી નાખ્યો. લાલ કરી દીધો.

જાણે કે અગ્નિ અને ગોળો એક રસ થઇ ગયા. અગ્નિમય ગોળો થઇ ગયો. બરાબર આ રીતે આત્મા પણ એક ગોળા જેવો છે. અસંખ્ય પ્રદેશી ચેતન દ્રવ્ય છે. બહારથી આવતી કાર્મણા વર્ગણા આશ્રવ માર્ગથી આવીને આત્મપ્રદેશમાં ચોંટી ગઇ છે. આત્મ પ્રદેશોની સંખ્યાથી અનંત ગણી વધારે કાર્મણ વર્ગણાઓ આવીને આત્માની સાથે એક રસ બની ગઇ છે. આથી **'तप्त अयः पिंड'** તપી ગયેલા લોઢાના ગોળાની જેમ આત્મા + કર્મપુદ્ગલોનું મિશ્રણને જ બંધ તત્ત્વ કહેવાય છે. લોઢામાં અગ્નિની જેમ આત્મામાં કાર્મણ વર્ગણાઓનો પ્રવેશ થાય છે. એ મળીને તદ્રૂપ-તન્મય થઇ જાય છે. હવે આત્મા-કર્મમાં ભેદ દેખાતો નથી, એવું એક રસાત્મક મિશ્રણ થઇ જાય છે. આ કર્મબંધ કહેવાય છે. હવે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે દેખાતો નથી, કર્મ સંયોગથી મલીન, કર્મમય દેખાય છે.

## આત્મગુણોને ઢાંકનારા કર્મો


સમજવા માટે એક ચિત્ર આપવામાં આવ્યું છે. ૮ પ્રકારનાં પાત્રો છે. જેમાં ભિન્ન ભિન્ન ખાદ્ય સામગ્રી છે. કોઇમાં ચા, કોઇમાં દૂધ, કોઇમાં શાકભાજી, ભાત, દાળ આદિ. એ પાત્રો ઉપર ઢાંકણ ઢાંકી દીધું. એ બધા પદાર્થો પાત્રોમાં ઢંકાઇ ગયા. નીચે છુપાઇ ગયા. બરાબર આ જ રીતે આત્માના ભિન્ન ભિન્ન આઠ ગુણો છે. એ ગુણો

**આવરક(આચ્છાદક)**



પર બહારથી આવેલી કાર્મણ વર્ગણા જામી ગઇ. જેમ એક બે મહિના માટે ઘર બંધ કરીને બહારગામ ગયા પછી ઘર ખોલીએ છીએ ત્યારે ધૂળના ઢગલા દેખાય છે. ગમે તેટલી સારી માર્બલની લાદી હોય પંરતુ ધૂળનાં રજકણોથી આચ્છાદિત થવાથી લાદીનાં રૂપ, રંગ, ડિઝાઇન દેખાશે નહીં. એ જ રીતે આશ્રવ માર્ગથી આવેલી કાર્મણ વર્ગણા આત્મ પ્રદેશો ઉપર છવાઇ જાય છે-જામી જાય છે, ઢંકાઇ જાય છે. પરીણામ સ્વરૂપ આત્મગુણ ઢંકાઇ-દબાઇ જાય છે-સ્પષ્ટ દેખાતા નથી. આથી પાત્રોને ઢાંકનારાં ઢાંકણાંની જેમ આત્મગુણોને ઢાંકનારાં કર્મોને આવરણ કહે છે. આવરણ = ઢાંકવું, બાધક તત્ત્વ.આ આવરણ સંસ્કૃત શબ્દ છે. ઢાંકણ આપણી ભાષાનો શબ્દ છે. આથી કર્મોએ શું કર્યું ? કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓએ શું કર્યું ? આત્મગુણોને ઢાંકી દીધા, દબાવી દીધા, આ ઢાંકવું, દબાવવું, છુંપાવવું એ આવરણ ક્રિયા કહેવાય છે. આવરણની ક્રિયા અર્થાત્ આચ્છાદન કરનાર કર્મ આવરણીય કર્મ કહેવાય છે.

કર્મોનાં નામ અલગ રીતે નથી કહેવાતાં. તેમનાં સ્વતંત્ર નામ નથી પડયાં. આત્માના જે ગુણને એ ઢાંકે છે, એ ગુણનાં આવરણીય એ કર્મો કહેવાય છે. જેમ જન્મેલા જાતકનું નામ એની રાશિ અને નક્ષત્રનાં ચરણાનુસાર પડે છે. આત્માના ગુણો ભિન્ન ભિન્ન છે તેથી કર્મોનાં નામ પણ ભિન્ન ભિન્ન પડશે. આત્માના ગુણો ૮ છે, માટે કર્મો પણ ૮ છે.



| આત્મગુણ | આવરક કર્મોનાં નામ |
|---|---|
| ૧ અનંત જ્ઞાન ગુણ | જ્ઞાનાવરણીય કર્મ |
| ૨ અનંત દર્શન ગુણ | દર્શનાવરણીય કર્મ |
| ૩ અનંત ચારિત્ર ગુણ | મોહનીય (ચારિત્રાવરણીય) કર્મ |
| ૪ અનંત વીર્ય ગુણ | અંતરાય કર્મ |
| ૫ અનામી-અરૂપી ગુણ | નામ કર્મ |
| ૬ અગુરુ-લઘુ ગુણ | ગોત્ર કર્મ |
| ૭ અનંત(અવ્યાબાધ)સુખ ગુણ | વેદનીય કર્મ |
| ૮ અક્ષય સ્થિતિ ગુણ | આયુષ્ય કર્મ |

(૧) આત્માના અનંત જ્ઞાન ગુણને ઢાંકનાર કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓના પિંડરૂપ બનેલાં કર્માવરણ-કર્મનું નામ જ્ઞાનવરણીય કર્મ છે.

(૨) આત્માના અનંત દર્શન ગુણને ઢાંકી દેનાર કર્મને દર્શનાવરણીય કર્મ કહે છે.

(૩) આત્માના અનંત ચારિત્ર ગુણને ઢાંકનાર કર્મને ચારિત્રાવરણીય કર્મ પણ કહે છે. યા બીજી રીતે આત્માના અવ્યાબાધ સ્વરૂપને-જે શુદ્ધ સ્વરૂપ છે એને રોકી મોહગ્રસ્ત કરનાર કર્મને મોહનીય કર્મ કહે છે.

(૪) આત્મામાં અનંત વીર્ય ગુણ છે. વીર્ય અહીં શક્તિના અર્થમાં પ્રયુક્ત છે. આ અનંત વીર્યગુણનું આવરણ અર્થાત અવરોધક અંતરાય કર્મના નામે ઓળખાય છે. અંતરાય કરવો અર્થાત વિઘ્ન નાખવું-અવરોધ કરવો, એના ઉપરથી અંતરાય કર્મ નામ પડ્યું. આ આત્માની શક્તિઓને, ઉપલબ્ધિઓને પ્રકટ થવામાં વિઘ્ન-અંતરાય કરે છે.

(૫) ચેતન આત્મદ્રવ્ય સ્વસ્વરૂપથી અનામી છે, અરૂપી છે. આત્માનું કોઇ નામ નથી, આકાર વિશેષ નથી. આત્માનાં કોઇ રૂપ રંગ પણ નથી. તેને કોઇ હાથ પગવાળી આકૃતિ વિશેષ પણ નથી. છતાં પણ આત્માને રૂપ રંગવાળો, નામ આકૃતિવાળો, ગતિ-જાતિ, શરીરાદિવાળો બનાવવાનું કામ કરનાર નામ કર્મ છે.

(૬) આત્મા હલકો કે ભારે પણ નથી. ઉચ્ચ-નીચ, નાનો-મોટો આદિનો પણ આત્મા સાથે કોઇ સંબંધ નથી. આવો અગુરુલઘુ સ્વભાવવાળા આત્માને ઉચ્ચવર્ણ (જાતિ) કુળ તથા નીચ વર્ણ કુલ-જાતિ આદિમાં લઇ જનારૂ ગોત્ર કર્મ છે. આ નાનો છે. આ એનાથી મોટો છે. જાતિ કુળમાં ઉચ્ચ-નીચનો ભેદ ભાવ ગોત્ર કર્મ કરાવે છે.

(૭) આત્મા અનંત સુખસ્વરૂપ છે. અનંત રૂપે સુખ આત્મામાં ભર્યું પડ્યું છે; આનંદ જ આનંદ. આનંદઘન સ્વરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ, ચિદાનંદ સ્વરૂપ આત્માનું સુખ અવ્યાબાધ છે. અર્થાત્ કોઇના દ્વારા વ્યાબાધ પામનાર નથી. પરંતુ સંસારી અવસ્થામાં ચાર ગતિમાં ભિન્ન ભિન્ન ગતિ-જાતિમાં સુખ-દુઃખ, શાતા-અશાતા પ્રાપ્ત કરાવનાર વેદનીય કર્મ છે. જે વેદન પીડા સુખ-દુઃખાદિનો અનુભવ કરાવે છે.

(૮) આત્મા સર્વતંત્ર સ્વતંત્ર છે. આકાશમાં ઊડતા પંખીની જેમ સ્વૈર વિહારી આત્માને

એક દેહપિંજરમાં નિયત કાળ સુધી બંધનમાં નાખવાનું કામ આયુષ્યકર્મનું છે. અક્ષય = અ + ક્ષય કદીય ક્ષય અર્થાત્ નાશ ન થનારા આત્માની અક્ષય સ્થિતિ છે.પરંતુ આ ગુણ ઉપર આવરણરૂપે આવીને આયુષ્યકર્મ આત્માને જન્મ મરણના કાળચક્રમાં ફસાવી દે છે.આ આયુષ્ય કર્મને કારણે જીવને દેવ-મનુષ્યાદિ ૪ ગતિઓમાં મળેલાં શરીરમાં નિયત કાળ સુધી બંદી બનીને પડ્યા રહેવું પડે છે.

ઊગેલા સૂર્ય ઉપર ચારે તરફથી ઘનઘોર કાળાં વાદળો છવાઇ જાય છે, પરિણામે સૂર્યનાં કિરણો પૃથ્વીપર પહોંચી શકતાં નથી, અંધારૂ છવાઇ જાય છે, કોઇવાર રાત્રિનો ભ્રમ પણ ઊભો થઇ જાય છે. સૂર્યની હાજરી હોવા છતાં વાદળોને કારણે આ સ્થિતિ નિર્માણ થઇ જાય છે. બરાબર એ જ રીતે આત્મા પણ એક જ્ઞાનવાન, અનંતશક્તિ આદિ ગુણવાન તેજસ્વી સૂર્ય સમાન પ્રકાશપુંજવત્ દ્રવ્ય છે. જેમ સૂર્ય પ્રકાશ ફેલાવે છે. તેમ આત્મા જ્ઞાનાદિ ગુણોનો આવિર્ભાવ કરે છે,પણ આત્મા ઉપર કેટલાય પડદા આવી જાય તો શું સ્થિતિ થાય ?

સૂર્ય પર વાદળોની જેમ આત્મા ઉપર કર્માવરણ રૂપી વાદળો છવાઇ જાય છે તો આવરણરૂપ વાદળોમાંથી કેટલો પ્રકાશ પ્રકટ થશે ? ઉદાહરણ તરીકે સૂર્યનો પ્રકાશ કાળાં ઘટાટોપ વાદળોમાંથી અલ્પ પ્રમાણમાં આવે છે તેમ આત્માના જ્ઞાનાદિ ગુણો અલ્પ માત્રામાં બહાર પ્રકટ થઇ શકે છે. આઠ કર્મનાં આઠ આવરણો છે. એમના આવરણમાંથી નીકળતા જે અલ્પતમ માત્રાના જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ હશે તે નામ માત્ર વ્યવહારમાં આવશે.

સૂર્ય ઉપરથી વાદળો હવાની થપાટથી દૂર પણ થઇ જાય છે, પરંતુ આત્મા ઉપરથી કર્માવરણ એટલાં જલદી યા હવાની થપાટથી હઠી જતાં નથી. તેને હઠાવવા જોરદાર પુરૂષાર્થ કરવો પડે છે. આ આઠ કર્મોના કાર્યક્ષેત્રને સમજવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ ૮ ઉદાહરણો આપ્યાં છે. એને સમજવાથી એમની સામ્યતા-સાદશ્યતાને કારણે ૮ કર્મ પણ સમજમાં આવી જશે. એ દષ્ટાંત નીચે પ્રમાણે છે.

## કર્મની ઉપમાના ૮ દષ્ટાંતો

**पड-पडिहार-ऽसिमज्ज-हड-चित्त-कुलाल-भंडगारीणं ।**



**जह एएसिं भावा, कम्माणऽवि जाण तह भावा ॥**


આંખ ઉપર પટ્ટી, ચોકીદાર, મધુલિપ્ત તલવાર, મદિરાપાન, જંજીર, ચિત્રકાર, કુંભાર તથા ભંડારી આદિનાં જેવાં સ્વભાવ અને કાર્યો છે, તેવાં સ્વભાવ અને કાર્યો કર્મોનાં છે. ક્રમશઃ આઠે ય અંગે વિચારીએ.

### (૧) આંખ પર પટ્ટી જેવું જ્ઞાનાવરણીય કર્મ -

આંખથી દેખાય છે. જોવાની શક્તિ - જ્યોતિ આંખમાં છે, પણ જ્યારે આંખ પર પટ્ટી બાંધવામાં આવે

છે ત્યારે કશું જ દેખાતું નથી. જોતો માણસ પણ આંધળાની જેમ ચાલવા માંડે છે. દર્શનની શક્તિ-જ્યોતિ હોવા છતાં પણ આંખ પરની પટ્ટી જોવામાં બાધક બની ગઇ, આવરણ બની ગઇ તેણે જોવાની શક્તિને આચ્છાદિત કરી દીધી. બરાબર આવી જ રીતે આત્મામાં અનંત જ્ઞાન શક્તિ છે, જેથી આત્મા બધું જ જાણી શકે છે. પરંતુ એ જ્ઞાન ગુણ ઉપર આવેલા જ્ઞાનાવરણીય કર્મે આંખ પરની પટ્ટીની જેમ કામ કર્યું. જ્ઞાનગુણને ઢાંકી દીધો-છુપાવી દીધો. હવે અંધની જેમ બિચારો જીવ અજ્ઞાનાધીન પ્રવૃત્તિ કરે છે. સ્પષ્ટ સમજમાં આવતું નથી. યાદ રહેતું નથી, ભુલી જાય છે આદિ સેંકડો સમસ્યાઓ જ્ઞાનક્ષેત્રમાં ઊભી થાય છે. આથી જ્ઞાનાવરણીય કર્મને આંખ પર બાંધેલી પટ્ટીની ઉપમા આપી છે.

**(૨) દ્વારપાળ જેવું દર્શનાવરણીય કર્મ -**



રાજમહેલની બહાર દ્વારપાળ-ચોકીદાર ઊભો રહે છે. એને પ્રતીહાર પણ કહે છે. કોઇને પણ રાજમહેલમાં પ્રવેશતા પહેલા તેને તે રોકે છે. દ્વારપાળ દ્વારા રોકવામાં આવેલો મનુષ્ય જે રીતે રાજાનાં દર્શન કરી શકતો નથી, તે જ રીતે આત્માની જોવાની શક્તિ અનંત છે, આથી અનંત ગુણદર્શન કહેવાય છે પરંતુ આ અનંત દર્શન ઉપર આવેલ દર્શનાવરણીય કર્મ આ ગુણને ઢાંકી દે છે, દબાવી દે છે. પરિણામ સ્વરૂપ અનંત દર્શનશક્તિ હોવા છતાં પણ આત્મા બધું જોઇ શકતો નથી. આ દર્શનાવરણીય કર્મનું કાર્ય છે. જેનાથી ઇન્દ્રિયો હીન મળે છે. ક્ષીણ થાય છે. દેખવું, સંભળાવુ આદિ કાર્યોમાં વિઘ્ન પહોંચે છે.

**(૩) મધુલિપ્ત તલવાર જેવું વેદનીય કર્મ -**



જેમ એક માણસ તલવાર ઉપર મધ ચોપડીને ચાટી રહ્યો છે, મધ મધુર લાગે છે ત્યાં સુધી ચાટે છે, પરંતુ મધ સમાપ્ત થઇ ગયા પછી પણ સ્વાદાસક્તિને કારણે ચાટતા રહેવાથી જીભ પણ કપાઇ જાય છે. ત્યારે લોહી નિકળતાં વેદના થાય છે-પીડા થાય છે મધ ચાટતી વખતે સુખ-આનંદ અને મધની સમાપ્તિથી જીભ કપાઇ જતાં દુ:ખ-વેદના થાય છે. આ જ રીતે આત્મા પર વેદનીય કર્મ છે. વેદના-સંવેદના સુખાત્મક અને દુ:ખાત્મક ઉભય પ્રકારની હોય છે. વેદનીય કર્મના બે કાર્યો છે. સુખાનુભવને શાતા વેદનીય અને દુ:ખાનુભવને અશાતા વેદનીય કર્મ કહે છે. આથી વેદનીય કર્મને મધુલિપ્ત તલવારની ઉપમા આપવામાં આવી છે.



**(૪) મદિરાપાન જેવું મોહનીય કર્મ -**


મોહનીય કર્મનો સ્વભાવ મદિરાપાન કરેલા મનુષ્ય જેવો હોય છે. જેમ એક માણસ શરાબ પીએ છે તો તે વિવેક-ભાન ભૂલી જાય છે, અને ગમે તેમ બોલવા લાગે છે. બોલવાનો અને ક્રિયાનો એને વિવેક હોતો નથી. એ રીતે મોહનીય કર્મથી ગ્રસ્ત જીવનો અનંત ચારિત્ર ગુણ ઢંકાઇ જાય છે.પરિણામ સ્વરૂપ વાસ્તવિકતા-યથાર્થતા ભૂલીને મિથ્યા પ્રવૃત્તિ કરે છે. જે પોતાનું નથી એને પણ પોતાનું માને છે. મારાપણાની મમત્વ બુદ્ધિ મોહવાળી બુદ્ધિ બની જાય છે. મોહનીય કર્મનો સ્વભાવ આ રીતે મદિરાપાન કરેલા માણસ જેવો છે.

## (૫) બેડી જેવું આયુષ્ય કર્મ -



એક અપરાધીને હાથકડી-બેડી લગાડીને જેલમાં નાંખવામાં આવે છે. હરતો - ફરતો માણસ જે રીતે જેલમાં કેદી બની પડી રહે છે. નિશ્ચિત કાળ સુધી સજા ભોગવતો પડયો રહે છે એ રીતે અક્ષય સ્થિતિવાળો જીવ આયુષ્ય કર્મની કાળ-અવધિમાં બંધાયેલો રહે છે. પરિણામ સ્વરૂપે જીવને જન્મ-મરણ કરવા પડે છે. મળેલા દેહમાં નિશ્ચિત આયુષ્યની અવધિ-મુદત સુધી પડયા રહેવું પડે છે. સ્વૈર વિહારી પક્ષીને જેમ પિંજરામાં રહેવું પડે છે તેમ આયુષ્ય કર્મને કારણે જીવને દેહરૂપી પિંજરામાં કેદી બનીને રહેવું પડે છે.

## (૬) ચિત્રકાર જેવું નામ કર્મ -



એક કલાકાર ભિન્નભિન્ન ચિત્રો બનાવે છે. એક સ્ત્રી-પુરૂષના ચિત્રમાં જે રીતે હાથ, પગ, મુખ, નાક, કાન, ગળું વગેરે બનાવે છે. રંગ ભરે છે. એક કાગળ ઉપર કશું ન હતું ત્યાં કલમ-બ્રશ રંગથી બધું જ બનાવી દે છે. બરાબર એ જ રીતે વર્ણ-ગંધ-સ્પર્શાદિ રહિત સરૂપી-અનામી-અનાકાર આત્માને નામ કર્મ એક શરીરના ઢાંચામાં ઢાળી દે છે. અનાકારને આકારવાળો બનાવી દે છે. અંગ ઉપાંગવાળો બનાવે છે. હવે તે હાથી, બળદ, દેવ, કીડા-મંકોડાના આકારે દેખાય છે. અરૂપી જીવ હવે કાળા-ગોરા રંગવાળો બને છે. અનામીનો હવે નામ-વ્યવહાર બને છે. એ રીતે ગતિ-જાતિ-શરીર આદિ બનાવવાનું કાર્ય નામ કર્મ-ચિત્રકાર-કલાકારની જેમ કરે છે.

## (૭) કુંભારનું જેવું ગોત્ર કર્મ -



ગોત્ર કર્મની તુલના કુંભારની સાથે કરવામાં આવી છે. જે રીતે કુંભાર મંગળ કળશ, નાના, મોટા, ઉચ્ચ, સામાન્ય કોટિના ઘડા બનાવે છે, તો કોઇ સોના મહોરો ભરવા તેને યોગ્ય મૂલ્યવાન ઘડો લઇ જાય છે, કોઇ શરાબ ભરવા માટે પણ ઘડો લઇ જાય છે.આ રીતે ઉચ્ચ

અને નીચ કોટિના શ્રેણીના ઘડાની જેમ ગોત્રકર્મ પણ જીવને ઉચ્ચ-નીચ ગોત્રમાં લઇ જાય છે. આમ તો આત્માની દૃષ્ટિએ સૌ સમાન છે. આત્મા અગુરૂલઘુ સ્વભાવ વાળો છે. ગુરુ એટલે ભારે, મોટો, લઘુ એટલે હલકો, નાનો ઇત્યાદિ. એની સામે નિષેધાત્મક 'અ' અક્ષર આવ્યો છે. અર્થાત્ અગુરૂલઘુ, આત્મા ન મોટો છે, ન નાનો છે, ન ભારે છે, ન હલકો છે. પરંતુ ગોત્રકર્મ કોઇ જીવને ઉચ્ચ કુળમાં, તો કોઇને નીચ કુળમાં લઇ જાય છે. કોઇને રાજકુળમાં જન્મ મળે છે, તો કોઇને હરિજન, ચમાર, ભંગી, મેતર કુળમાં જન્મ મળે છે. ઉચ્ચગોત્ર પૂજનીય ગણાય છે તો નીચ ગોત્ર નિંદનીય ગણાય છે આ બધું કાર્ય ગોત્ર કર્મનું છે.

## (૮) ભંડારી જેવું - અંતરાય કર્મ -



રાજા વગેરેના ભંડારને સંભાળનારને જે ભંડારી હોય છે. તેની પાસે રાજાની આજ્ઞા મેળવીને કોઇ માણસ એક હજાર રૂપિયા લેવા આવ્યો છે. આ સમયે રાજાજ્ઞા હોવા છતાં ભંડારી રૂપિયા આપવા ઇન્કાર કરે છે. 'નહી મળે, પહેલાંનો હિસાબ લાવો. પૈસા ક્યાં ગયા ? શું કર્યું ? હવે નહીં મળે, ભલેને રાજાની આજ્ઞા હોય.' બરાબર આ રીતે અંતરાય કર્મ છે. એ વિઘ્નકર્તા છે. દાન, લાભ આદિ પ્રાપ્ત થયું હોય એમાં વિઘ્ન કરવાનું કામ અંતરાય કર્મ કરે છે. અને તે પેલા ભંડારીની જેમ કરે છે.

આ અંતરાય કર્મને કારણે આત્મા પોતાના અનંત દાનાદિ, અનંત શક્તિ આદિ ગુણોને પ્રાપ્ત કરી શકતો નથી. વચમાં વિઘ્ન કરનાર આ અંતરાય કર્મને ખજાનચી-ભંડારીની ઉપમા આપવામાં આવી છે.

આ રીતે આ આઠ કર્મોને સારી રીતે સમજી શકીએ એટલા માટે શાસ્ત્રાકાર મહર્ષિઓએ આઠ પ્રકારનાં લૌકિક દૃષ્ટાંતો લઇને ઉપમા આપીને સમજાવ્યું છે. અનંત શક્તિમાન આત્મા પોતાની અંદર શક્તિ પડી હોવા છતાં પણ આ આઠ કર્મોથી દબાઇને કશું જ કરી શકતો નથી, આ કેટલી મોટી આશ્ચર્યની વાત છે ? એટલા માટે કર્માધીન જીવ આજ કર્મના ભારથી દબાયેલ હોવાને કારણે આત્મા ધારણાનુસાર આત્મગુણોનો પૂર્ણ આવિર્ભાવ કરી શકતો નથી. એ તો ત્યારે જ સંભવ બને કે જ્યારે આત્મા સર્વ કર્મમુક્ત સિદ્ધ બુદ્ધ મુક્ત બની જાય, અને તો જ તે ગુણો પોતાના પૂર્ણસ્વરૂપે પ્રકટ થઇ શકે. ત્યારે કોઇ કર્મ નહિં રહે. આથી ધર્મની વ્યાખ્યા એ સમજવી રહી છે કે - જે આત્મા પર લાગલા આવરણ-ગુણાચ્છાદક કર્મો છે તેમને દૂર કરવાનો પુરૂષાર્થ કરવો તેનું નામ ધર્મ.


અનંત જ્ઞાન-દર્શનાદિ જે આત્મગુણો છે, એ જ ગુણોનું જીવ આચરણ કરે તે જ આચાર ધર્મ થઇ જશે. એવાં જ્ઞાન,દર્શન,ચારિત્ર, તપ અને વીર્યના નામના પાંચ આચાર છે. એમને 'પંચાચાર' કહે છે. આ પાંચે આચાર ધર્મોનું પાલન કરવું. અર્થાત્ સ્વગુણોપાસના કરવી એ મુખ્ય ધર્મ છે. આ પંચાચારના ધર્મનું મુખ્ય રૂપે આચરણ

કરવાથી તે તે જ્ઞાન-દર્શનાદિ ગુણો ઉપર ઢાંકેલા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ કર્મોનો ક્ષય થશે.

એટલા માટે ધર્મ આત્મગુણ પ્રાદુર્ભાવક અને કર્મક્ષયકારક ઉભયરૂપ હોવો જોઇએ, જેથી બંને કાર્યો થશે. એક તરફ કર્મ ક્ષય થશે તો બીજી તરફ જેમ જેમ કર્માવરણ હઠતાં જશે, તેમ તેમ આત્મગુણો પ્રકટ થતા જશે. આ જ ધર્મનું સાચું કાર્ય છે, ફળ છે. આથી તદનુરૂપ ધર્મ હોવો જોઇએ. આ રીતે કર્મસિદ્ધિના આધારે ધર્મની વ્યાખ્યા બને છે.

## કર્મયોગ-સંયોગ

કર્મ સંસક્ત સંસારી આત્મા દેહધારી છે. આખરે જ્યારે આત્માને સંસારમાં સંસારી અવસ્થામાં રહેવું છે તો નિશ્ચિત રીતે જ એને કોઇને કોઇ દેહમાં જ રહેવું પડશે. આ દેહ પણ કર્મનિર્મિત છે. તેવા પ્રકારના કર્માનુસાર આત્માને રહેવા માટે દેહનું નિર્માણ કરવામાં આવે છે. એક ગૃહસ્થને માટે જે રીતે ઘર મકાનની આવશ્યકતા અનિવાર્ય છે એ રીતે, અથવા કોઇ દ્રવ્ય પદાર્થને રાખવા માટે કોઇ આધારપાત્રની પૂરી જરૂર રહે છે, બરાબર એ રીતે આત્મા એક દ્રવ્ય છે; એને સંસારમાં રહેવા માટે તેવા પ્રકારના દેહની પૂરી આવશ્યકતા છે. આધાર વગર તેમ પાણી યા દ્રવ્ય-દ્રવ પદાર્થ આકાશમાં લટકતાં રહી શકતાં નથી, તે રીતે કોઇ શરીર વબર જીવાત્મા સંસારમાં લટકતાં રહી શકતાં નથી, તે રીતે કોઇ શરીર વગર જીવાત્મા સંસારમાં રહી શકતો નથી. કરણ કે નિરંજન-નિરાકાર અરૂપી-અનામી છે. આ શુદ્ધ સ્વરૂપ સંસાર રહિત મુક્તાવસ્થામાં સદાકાળ રહે છે; પરંતુ સંસારી અવસ્થામાં દેહની આવશ્યકતા અનિવાર્ય છે. સંસારમાં દેહ વગર આત્મા રહી શકતો નથી.




દેહ નિર્માણ માટે કર્મ કારણરૂપ છે. દેહ આવ્યો કે દેહની સાથે ઇન્દ્રિયો પણ આવી જ. ઇન્દ્રિયોમાં જીભ આવી કે ભાષાનો વ્યવહાર કરવા માટે વચનયોગ આવ્યો અને આગળ ચાલીને ઇન્દ્રિયોની પાછળ અતિન્દ્રિય મન આવ્યું. આ રીતે આત્મા-દેહ ઇન્દ્રિયો વચન અને મનના ઘેરામાં ઘેરાઇ ગયો. પરિધિની મધ્યમાં જેમ કેન્દ્ર છે,તેમ જ દેહાદિની પરિધિની મધ્યમાં આત્મા છે. પિંજરામાં બંદી બનેલા પોપટની જેમ આત્મા આ દેહપિંજરામાં બંદી બની ગયો છે.

આથી કર્માધીન જીવ ન માત્ર કર્મને જ આધીન થયો,પરંતુ કર્મજન્ય શરીર-ઇન્દ્રિયો, વચન અને મનનેય આધીન થઇ ગયો. એટલા માટે આજે આપણે શરીરના ગુલામ-પરવશ, ઇન્દ્રિયોના ગુલામ તથા મનના પણ ગુલામ છીએ. દરેક જીવને દરેક ઇન્દ્રિય નથી મળતી, વત્તી ઓછી મળે છે, એ રીતે દરેક જીવને મન નથી મળતું. માત્ર

સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ મન મળે છે. જ્યાં સુધી ઇન્દ્રિયો જ પૂરી ન મળી હોય ત્યાં સુધી મન પણ નથી મળતું. પાચે ઇન્દ્રિયો મળી ગઇ હોય એના પછી જ મનનો ક્રમ આવે છે. એટલા માટે મનવાળા જીવ પંચેન્દ્રિય જ હોય છે. પાંચથી ઓછી ઇન્દ્રિયોવાળા જીવો મન વગરના હોય છે.

આ રીતે જીવ મન,વચન અને કાયાના ઘેરામાં ઘેરાઇ ગયો છે. હવે આત્માને તમામ પ્રવૃત્તિઓ આ માધ્યમથી કરવાની હોય છે. ઇન્દ્રિયો શરીરનો જ ભાગે છે, અંગ વિશેષ છે આથી ઇન્દ્રિયોને સ્વતંત્ર-અલગ ન ગણતાં એમને શરીર ની અંદર જ ગણીને ચાલીએ છીએ. આથી મુખ્ય રૂપે શરીર,વચન અને મનોયોગવાળા જીવો થયા, આ ત્રણે કરણરૂપ છે, ક્રિયામાં સહાયક -સહયોગી છે. આત્મા એમના માધ્યમ દ્વારા ક્રિયા કરે છે. સંસારી અવસ્થામાં તમામ ક્રિયાઓ એમની સહાયતાથી ચાલે છે. કર્માધીન જીવ ઇન્દ્રિયોની સહાયતાથી જુએ છે, સાંભળે છે, સૂંઘે છે. સાંભાળવાની ક્રિયા તો જીવ જ કરે છે પણ તે કાનના માધ્યમથી, તેમજ જોવાની ક્રિયા જીવ પોતેજ કરે છે પણ જોવામાં આંખ સહાયક બને છે. ઇન્દ્રિયોના સહારે જોઇ-સૂંઘી શકાય છે. આત્મા શરીરમાં ન હોય અને ઇન્દ્રિયો બધી જ હોય તો એ ઇન્દ્રિયો જોવા-સાંભળવાની ક્રિયાઓ કરી શકતી નથી. આથી મુખ્ય કર્તા ચેતન-જીવ છે.

## શુભ-અશુભ ક્રિયાથી કર્મ

ક્રિયાનો કર્તા ચેતન જીવ છે. ક્રિયામાં સાધનરૂપ શરીરાદિ છે. આ બધાના માધ્યમથી તેવા પ્રકારની ભિન્નભિન્ન ક્રિયાઓ થાય છે. શરીર દ્વારા હલન ચલન, ગમન-આગમન, નિદ્રા-જાગૃતિ, આહાર નિહાર, વગેરેની તમામ ક્રિયાઓ થાય છે. ઇન્દ્રિયોના માધ્યમથી જીવ જોવા, સૂંઘવા, ચાખવા, સ્પર્શવા અંગેની ક્રિયાઓ કરે છે.

આ પાંચે ઇન્દ્રિયો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ધ્વનિ આદિના ૨૩ વિષયોને ગ્રહણ કરવાની ક્રિયાઓમાં કારક છે. એ ૨૩ વિષયોમાં વર્ણ ૫ + ગંધ ૨, + રસ ૫, + સ્પર્શ ૮ + ધ્વનિ ૩ = ૨૩. આ ૨૩ વિષયોની ક્રિયાઓ પાંચ ઇન્દ્રિયોના માધ્યમથી થાય છે. આ પાંચ ઇન્દ્રિયો ૨૩ વિષયોનું જ્ઞાન કરાવે છે. તેવા પ્રકારના વર્ણાદિના જ્ઞાનમાં સહાયક છે. આથી જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. વચનયોગ-ભાષા બોલવાની કિયામાં કારણરૂપ છે. વચનયોગના માધ્યમથી વ્યક્ત અવ્યક્ત પ્રકારની ભાષા જીવ બોલે છે. ભાષા વ્યવહાર પણ સંસારમાં ખૂબ જ આવશ્યક ક્રિયા છે.

ત્રીજો છે - મનોયોગ. મનથી વિચારવાની ક્રિયા થાય છે. કોઇ પણ વસ્તુ યા વ્યક્તિ સંબંધમાં વિચારવું પડે છે. આ કામ જીવ મનના માધ્યમથી કરે છે. જીવ જ આ પ્રકારની ક્રિયા માટે આ સાધનોને નિર્માણ કરે છે, ત્યારે એના માધ્યમથી તેવા પ્રકારની ક્રિયા કરી શકે છે. આ ક્રિયાઓમાં શુભ પણ હોય છે, અશુભ પણ હોય છે. બંને પ્રકારની ક્રિયાઓનો કર્તા ચેતન-જીવ છે,અને સહાયક કારણ માધ્યમ કાયા, વચન તથા મન છે. એમના દ્વારા જ આત્મા કર્મોથી સંસક્ત થાય છે.ઉમાસ્વાતિજી મહારાજે 'તત્ત્વાર્થાધિગમ

સૂત્ર' માં કહ્યું છે :- '**काय-वाङ्मनः कर्मयोगः**' કાયા, વચન અને મનના દ્વારા કર્મનો સંયોગ થાય છે, તથા આ પ્રકારની ક્રિયા કરતો જીવ કર્મ સાથે સંયોગ કરે છે. કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓનો આત્મા સાથે સંયોગ થાય છે. આ કર્મયોગ આગળ બંધમાં સારી રીતે બંધાઇને એક રસ થઇ જાય છે.

## ક્રિયાપરક કર્મની વ્યાખ્યા

કર્મ એક શબ્દ છે. સંસ્કૃતના ધાતુકોશના **डुकृ ञ-करणे** ધાતુમાંથી કર્મ શબ્દ બન્યો છે. આથી કર્મ ક્રિયાપરક છે. ક્રિયા વિશેષમાંથી જન્મ્યો છે. આથી કર્મની ક્રિયા પરક વ્યાખ્યા કરતાં દેવેન્દ્રસુરિએ પ્રથમ કર્મગ્રંથમાં લખ્યું છે કે :- '**किरइ जीएण हेउहिं जेणं तो भन्नए कम्मं**' અર્થાત્ જીવ દ્વારા હેતુપૂર્વક જે ક્રિયા કરવામાં આવે, યા જે કંઇ કરવામાં આવે એ કર્મ કહેવાય છે. આ સૂત્રમાં એક એક શબ્દનું પૂરૂ મહત્ત્વ છે. એક પણ શબ્દ દૂર કરી શકાય તેમ નથી. '**हेउहिं**'-હેતુ શબ્દ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે.

માત્ર ક્રિયા કર્મ નથી, પરંતુ હેતુપૂર્વક કરવામાં આવેલી ક્રિયા કર્મ છે. ક્રિયાનો કર્તા જીવ છે. કર્તા વગર ક્રિયા થઇ શકતી નથી, એ રીતે જીવ વગર કર્મ થઇ શક્તું નથી આથી જીવ જ કર્મનો કર્તા છે. કર્મ ક્રિયાજન્ય છે. હેતુ-આશય-ભાવ યા અધ્યવસાયના સંદર્ભમાં છે. ક્રિયા ભલેને ગમે તેવી હોય પણ હેતુ કેવો છે એના પર મોટો આધાર છે. સંભવ છે કે બહારથી ક્રિયા સારી ન પણ હોય, ક્રિયાનું બાહ્ય સ્વરૂપ અપ્રિય પણ હશે પરંતુ હેતુ-આશય સારો પણ હોઇ શકે છે. ઉદાહરણ તરીકે બાળકને તાવ જલદી ઊતરી જશે. દીકરો જલદી સારો થઇ જશે. એવા હેતુથી માતા પકડીને જોર જુલમથી કડવી દવા પાય છે. દીકરો રડે છે, અહીં ક્રિયાનું બાહ્યસ્વરૂપ સારું નહિં લાગે. પણ હેતુ સારો હોવાથી શુભ પુણ્યનો બંધ થશે.

બીજી એક ક્રિયા છે-પેટ ચીરવું. આ પ્રકારની ક્રિયાના કર્તા બે પ્રકારના હોય છે. એક સર્જન-ડૉક્ટર અને બીજો ખૂની, છરી ચલાવનારો અપરાધી, છરી ચલાવનારો પણ છરી ચલાવીને ભાગી જાય છે. પેટ ઉપર ચીરો પડી જાય છે. ચામડી ચીરાય છે અને લોહી વહેવા લાગે છે. દેખાવમાં તો ડૉક્ટરની ક્રિયા પણ આને મળતી જ આવે છે. સર્જન ડૉક્ટર પણ પેટ ઉપર છરી ચલાવે છે. ચામડી ફાટે છે, લોહી વહે છે, પણ આ પ્રકારની ક્રિયા કરનારા બંને કર્તાઓમાં આશય ભિન્ન ભિન્ન હોય છે. આશય-હેતુમાં દિવસ રાતનું અંતર છે.

ડૉક્ટરનો આશય મરતાને બચાવવાનો છે, જ્યારે ખૂનીનો હેતુ જીવતાને મારી નાખવાનો છે. આથી ક્રિયામાં આશય-હેતુ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. તદનુરૂપ કર્મ બંધાય છે. મરતાને બચાવવાનું કાર્ય કરનાર સર્જન ડૉક્ટરને શુભ પુણ્યકર્મ બંધાશે, અને જીવતાને મારનારને પંચેન્દ્રિય હત્યાનું પાપ લાગે છે. પાપ અશુભ કર્મ છે. આ રીતે કર્મ ક્રિયા જન્ય છે. જીવનો અધ્યવસાય-પરિણામ પર આધારિત છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે - **क्रियाए कर्म-परिणामे बन्धः।** ક્રિયાના આધારે કાર્મણ પુદ્‌ગલ પરમાણુઓનું આગમન આત્મામાં જરૂર થાય છે. પરંતુ બંધ તો જીવના પરિણામ-ભાવ


પર આધારિત છે. થાળીમાં લોટ તો લીધો પરંતુ લોટનું બંધન તો પાણીના પ્રમાણ અનુસાર જ થશે. જે રીતે લોટમાં પાણી-ઘી-તેલ વગેરે નાખવામાં આવે છે, એના આધારે લોટનો પિંડ બંધાય છે. એ રીતે આત્મામાં આવેલાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓમાં જીવ પરિણામ-અધ્યવસાયરૂપી રસ નાખે છે. તેવા પ્રકારના રસના આધારે કાર્મણ પરમાણુઓનો પિંડ બંધાશે- એ કર્મ કહેવાશે.

માત્ર બાહ્ય આકાશ પ્રદેશમાં રહેલી કાર્મણ વર્ગણાઓને કર્મ કહી શકાય નહીં. જેમ માત્ર ઘઉંના લોટ ઉપર વેલણ ચલાવવાથી રોટલી બનતી નથી, એ રીતે કાર્મણ વર્ગણા કર્મ નથી કહેવાતી. એ આત્માની સાથે મળીને એક રસ બની જાય છે પછી એનો પીંડ થઇ જાય છે એ કર્મની સંજ્ઞા પામે છે. આ કાર્મણ પિંડ કર્મ કહેવાય છે. પ્રાયઃ પરિણામ-હેતુ અનુસાર ક્રિયા થાય છે. અને પ્રાયઃ ક્રિયાને અનુરૂપ પરિણામ પણ હોય છે પરંતુ સામ્ય અને વૈષમ્ય બંને એમની વચ્ચે દેખાય છે. પરિણામ સારાં પણ હોય અને ક્રિયાનું સ્વરૂપ ખરાબ પણ હોઇ શકે છે. યા પરિણામ ખરાબ હોય અને ક્રિયા સારી પણ હોઇ શકે છે.

જેમ કે મંદિરમાં દર્શન પૂજા કરવા જવાની ક્રિયા સારી છે પણ ભગવાનનો મુગટ ચોરવાનું પરિણામ ખરાબથી ખરાબ હોવાને કારણે દર્શન-પૂજનની ક્રિયાનું પુણ્ય નહીં મળે, પરંતુ મુગટ ચોરવાના પરિણામ રૂપે ભયંકર અશુભ કર્મ બંધ થશે. આ રીતે પરિણામ અને ક્રિયાની ચતુર્ભંગી બનશે.

| | | | |
|---|---|---|---|
| ૧) પરિણામ સારાં | - ક્રિયા ખરાબ | ૩) પરિણામ સારાં | - ક્રિયા પણ સારી |
| ૨) પરિણામ ખરાબ | - ક્રિયા સારી | ૪) પરિણામ ખરાબ | - ક્રિયા પણ ખરાબ |

આમાં પરિણામ ખરાબવાળા બંને ભંગ અશુભ કર્મબંધ કારક છે, જ્યારે પરિણામ સારાં-એવા બે ભંગમાં પરિણામ સાથે ક્રિયા પણ સારી તો બમણો લાભ છે. ઓ રીતે કર્મ બંધનો મુખ્ય આધાર પરિણામની શુભાશુભતા ઉપર છે.




## કર્મબંધના હેતુઓ

પરિણામ અને ક્રિયાનો જે વિચાર કર્મબંધમાં કરવામાં આવ્યો છે, એ કર્મોનો બંધ આત્માની સાથે જ્યારે થાય છે ત્યારે બંધના હેતુઓ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં બંધ-હેતુ આ રીતે બતાવવામાં આવ્યા છે, **मिथ्यादर्शना-ऽ विरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः।** (૮-૧) મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ,

કષાય અને યોગ - આ પાંચ બંધના હેતુઓ છે. હેતુ-કારણરૂપ છે. આત્માની સાથે કર્મબંધનું શું કારણ છે ? ક્યા કારણે કર્મબંધ થાય છે ? એ પ્રયોજન વિશેષને અહીં હેતુ કહ્યો છે. આવા હેતુના રૂપમાં મિથ્યાત્વાદિ પાંચને કર્મબંધના કારણરૂપ બતાવ્યાં છે. આશ્રવ ક્રિયાથી તો બાહ્ય આકાશ પ્રદેશમાં રહેલ માત્ર કાર્મણ વર્ગણાનું આત્મ પ્રદેશમાં આગમન થયું છે- આકર્ષણ થયું છે. જેમ દુધમાં સાકર નાખી, પરંતુ નાખતાંની સાથે તે ભળી જતી નથી. થોડીવાર હલાવ્યા પછી જ ભળે છે. ભળી ગયા પછી તો એવી રીતે ભળી જાય છે કે એક કણ પણ હાથમાં આવતો નથી. આખાય દૂધમાં એકરૂપ થઇ ગઇ. બીજી ક્રિયામાં જોઇએ તો લોઢાનો ગોળો ભઠ્ઠીમાં નાખતાં જ લાલ થઇ જાય એમ નહીં બને, સમય લાગશે. અગ્નિમાં થોડોક સમય તપશે પછી લાલ થઇ જશે.

બરાબર આ જ રીતે કાર્મણ વર્ગણા આશ્રવ માર્ગથી આવે છે, પણ આવતાંની સાથે જ આત્મ પ્રદેશોની સાથે મળીને એકરૂપ બની જતી નથી. આ તો માત્ર આશ્રવણ-આગમન-આકર્ષણ થયું. થાળીમાં લોટ લેતાંની સાથે જ પિંડ બની જતો નથી, પાણી નાખ્યા પછી એને મેળવીને એકરસ બનાવીને મસળીને પિંડ બનાવાય છે. એ રીતે આશ્રવમાર્ગથી આત્મપ્રદેશમાં આવેલાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુ મિથ્યાત્વ આદિ હેતુઓથી આત્મપ્રદેશની સાથે મળીને એકરસ બનશે, ત્યારે બંધ કહેવાશે.

આમ જોવા જઇએ તો આશ્રવ માર્ગના ભેદોમાં પણ અવિરતિ, કષાય અને યોગાદિ છે; તથા એ જ ભેદ બંધની અંદર ગણાયા છે. અવિરતિ, કષાય અને યોગ એ બંધના ભેદ છે તો શું સમજવું ? જો એવી સમાનતા છે તો પછી બે ભેદ શા માટે અલગ કરવામાં આવ્યા છે ? પ્રશ્ન સાચો છે. બધા ભેદ બંનેમાં સમાન નથી. કંઇક આંશિક સમાનતા જરૂર છે. પરંતુ એનાથી ય વધારે ક્રિયાના સ્વરૂપમાં ભેદ છે. આશ્રવની ક્રિયામાં બહારનાં પુદ્ગલ પરમાણુઓનું આકર્ષણ માત્ર છે. એમનું આત્મામાં આવવું જ માત્ર છે, અને આવ્યા પછી એકરસ થઇને ભળી જવું એ બંધ છે. સાકર જ બહારથી દૂધમાં આવી અને સાકર જ દૂધમાં ભળીને કણ કણ સ્વરૂપે લુપ્ત થઇ ગઇ. દૂધમાં પાણી બહારથી આવ્યું અને મળી ગયું. અગ્નિમાં લોઢાનો ગોળો બહારથી આવ્યો અને અગ્નિમય બનીને લાલ બની ગયો. બરાબર એ જ રીતે આશ્રવ પછી બંધની ક્રિયા થાય છે. આસ્રવની ક્રિયાથી જ આવેલ કાર્મણ વર્ગણાના પુદ્ગલોમાં મિથ્યાદર્શન-અવિરતિ આદિનો રસ પડે છે ત્યારે આત્માના પ્રદેશો સાથે મળીને એકરસ બની જાય છે. ક્ષીર + નીરવત્ દૂધ - પાણીની જેમ ભળીની એક રસ થવું અથવા તપી ગયેલા લોઢાના પિંડની જેમ - ગોળાની જેમ ગોળાનું અને અગ્નિનું મળી જવું એ જે રીતે એકરૂપ થઇ જાય છે, એ જ રીતે કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ જડ પરમાણુ આત્માના પ્રદેશોની સાથે મળીને એકરસ બની જાય છે. આ એક રાસાયણિક પ્રક્રિયા છે.

### મૂર્ત અમૂર્તનો મેળ કેવી રીતે ?

પ્રશ્ન વિચિત્ર ઊભો થાય છે કે આત્મા અને કર્મ પુદ્ગલ પરમાણુ-એક ચેતન છે

અને બીજું જડ છે; જડ-ચેતનનું ક્ષીર નીરવત્ મિશ્રણ કેવી રીતે થાય ? જડનો જડ સાથે મેળ હોય એ રાસાયણીક પ્રક્રિયા સંભવ છે પરંતુ જડનો ચેતનની સાથે મેળ-મિશ્રણ કેવી રીતે બની શકે ?

બીજી બાજુ શાસ્ત્ર એ કહે છે કે આત્મા અમૂર્ત છે, અને કાર્મણ વર્ગણા મૂર્ત છે, પુદ્ગલ હોવાથી મૂર્તત્વ એ પુદ્ગલનો ધર્મ છે. મૂર્ત સ્વરૂપ પુદ્ગલ એ અમૂર્ત આત્માની સાથે કેવી રીતે મળી શકે છે ? અને મળે તો પણ મૂર્તની અમૂર્ત પર શું અસર થઇ શકે છે? આ કેવી રીતે સંભવ છે ?

આમાં કોઇ આશ્ચર્ય નથી. મૂર્ત હોય કે અમૂર્ત, પણ બંને મૂળભૂત દ્રવ્યસ્વરૂપે તો અવશ્ય છે જ. એક દ્રવ્ય બીજાથી મળે છે, બીજામાં સંમિલિત સંમિશ્રિત થાય છે. પછી પ્રશ્ન ક્યાં રહ્યો ? જેવી રીતે બુદ્ધિ-જ્ઞાનની ઉપર મદિરા યા બ્રાહ્મીની અસર થાય છે, મદિરાના સેવનથી ઉન્માદ થાય છે, બુદ્ધિ ઉન્મત્ત થાય છે, શરાબી વિવેક ભૂલી જાય છે, નિરર્થક પ્રલાપ કરવા લાગે છે. માને પત્ની અને પત્નીને માતા સમજીને ન બોલવાનું બોલે છે ? એ શરાબીનો નશો ઊતરી જતાં એનો ઉચિત વ્યવહાર જોઇને આપણે આશ્ચર્ય વ્યક્ત નથી કરતા ?

બીજી વસ્તુ છે બ્રાહ્મી. બાહ્મીના સેવનથી ઉન્માદની સ્થિતી ટળી જાય છે. મનુષ્યની બુદ્ધિનો વિકાસ થાય છે. સમજદારી વધે છે. આથી આપણે શું સમજીએ ? અમૂર્ત પર મૂર્તનો પ્રભાવ.એ રીતે ચેતન આત્મા જે અનાદિ કાળથી સંસારમાં છે, દેહધારી જ છે. એવી સ્થિતિમાં અમૂર્ત આત્મા જો મૂર્ત પુદ્ગલ દ્રવ્ય ગ્રહણ કરે છે તો એ પુદ્ગલ પરમાણુ આત્મ પ્રદેશ પર ચોંટીને આત્મગુણોને ઢાંકવાનું કામ કરે છે. જે રીતે ધૂળનાં રજકણો પુષ્કળ પ્રમાણમાં આવીને ઘરની લાદી પર છવાઇ જાય છે, પછી લાદીની ડિઝાઇન અસ્પષ્ટ દેખાય છે - યા દેખાતી નથી, તે જ રીતે કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓ જે સંપૂર્ણ આત્માના અસંખ્ય પ્રદેશો પર છવાઇ જાય છે જેનાથી આત્મા ઢંકાઇ જાય છે, દબાઇ જાય છે - એ જ કર્માવરણ છે - કર્મ છે.

## પુદ્ગલ ગ્રહણ અને પરિણમન

જીવની સાથે કાર્મણ વર્ગણાના મિશ્રણની આ રાસાયણિક પ્રક્રિયામાં બે ક્રમ છે. પહેલાં તો પુદ્ગલનું ગ્રહણ થવું. એને જ આશ્રવ માર્ગ કહે છે. આશ્રવની પ્રક્રિયામાં સહાયક કારણ ઇન્દ્રિયો, અવ્રત, કષાય, યોગ અને ક્રિયાઓ છે. જ્યારે ગ્રહણ કરેલાં પુદ્ગલોનું આત્મામાં પરિણમન એ બંધ તત્ત્વ કહેવાય છે. પરિણમન એ ક્રિયા વિશેષ છે. એક વસ્તુ પોતાનું સ્વરૂપ ખોઇ બેસે છે. અને બીજા માં ભળી જાય છે. એ રીતે સાકર જે પહેલાં કણ કણ સ્વરૂપ હતી એ દૂધમાં મળીને-તદ્રૂપ થઇ જાય છે. તન્મય થઇ જાય છે. એક રસ થઇ ગઇ એ પરિણમન માટે અંગ્રેજીમાં બે ક્રિયાઓ પ્રયોગમાં આવે છે. To Envolve એનો અર્થ મળવું થાય છે. પરંતુ આ મળવું એવું છે કે વસ્તુ પોતાનું સ્વરૂપ ખોઇ બેસતી નથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવીને મળે છે.

એક વ્યક્તિ ચારમાં Envolve છે. અર્થાત્ મળેલી છે. બીજી ક્રિયા છે To Desolve એનો અર્થ છે પીગળવું- એક રસ થઇ જવું. સાકર દુધમાં Desolve થઇ ગઇ. એ રીતે કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુ પહેલાં આત્મામાં Envolve થાય છે, પછી કર્મબંધના મિથ્યાત્વ આદિ હેતુથી Desolve થઇ જાય છે, એક રસ થઇ જાય છે. ઉદાહરણ તરીકે આપણે ભોજન કરીએ છીએ. પેટમાં યકૃત આદિમાં એની રાસાયણિક પ્રક્રિયા શરૂ જાય છે. આંતરડાઓમાં એ આહારનું પાચન થાય છે. રસ નિર્માણ થાય છે, એ રસ રુધિરાદિમાં પરિણમે છે. નાડીઓમાં રક્ત સિંચે છે. આ રીતે એક આહાર રસ રુધિર-માંસ-મેદ-અસ્થિ-મજ્જા તથા વિર્યરૂપ સપ્ત ધાતુઓમાં પરિણત થાય છે. આ પરિણમન રાસાયણિક પ્રક્રિયા વિશેષથી ચાલે છે. જે આહાર આપણે ગ્રહણ કરીએ છીએ એમાં રસ રુધિરાદિ સપ્ત ધાતુઓ બન્યા બાદ અતિરિક્ત આહાર-પાણી મળમૂત્રમાં પરિણત થાય છે.

જે શરીરની વિસર્જન ક્રિયા કરનારા અવયવો દ્વારા વિસર્જિત કરવામાં આવે છે. રક્ત પરિભ્રમણ આખા શરીરમાં થતું રહે છે. સર્વ ધાતુઓની પુષ્ટિ થતી રહે છે. સ્થૂળરસ પોતાના સ્થાન પર રહેછે અને સૂક્ષ્મરસ ધાતુમાં મિશ્રિત થઇ જાય છે. આહારમાં થતી આ રાસાયણિક પ્રક્રિયામાં ગ્રહણ-પરિણમનની રાસાયણિક પ્રક્રિયા ચાલે છે. બે પૃથક્ પૃથક્ વસ્તુઓમાં એકનું આકર્ષિત થવાનો, બીજીને આકર્ષિત કરીને ખેંચવાનો સ્વભાવ વિશેષ છે. એટલા માટે બંનેનો સંબંધ થાય છે.

આત્માનો આકર્ષિત કરવાનો-ખેંચવાનો સ્વભાવ છે; અને કાર્મણ વર્ગણાનો-સ્પષ્ટ વર્ગણાઓના પુદ્ગલ પરમાણુઓનો આકર્ષિત થવાનો-ખેંચાઇ જવાનો સ્વભાવ વિશેષ છે. જેમ કે ચુંબકનો સ્વભાવ છે આકર્ષિત કરવાનો, અને લોહકણો આકર્ષિત થાય છે-ખેંચાઇ જાય છે. અને આવીને ચુંબકની સાથે ચોંટી જાય છે.

## આત્મિક કરણવીર્ય

આત્મિક કરણવીર્ય ને મન વચન કાયાની પ્રવૃત્તિરૂપ છે. એનાથી આત્મામાં તથા પ્રકારનું કંપન નિર્માણ થાય છે. છદ્મસ્થ સંસારી જીવોનું છદ્મસ્થિક વીર્ય જે સલેશ્ય-લેશ્ય સહિત હોય છે તે સકષાયિક અને અકષાયી બંને રૂપ થાય છે. આ સલેશ્ય ક્ષાયોપશમિક તથા ક્ષાયિક ભાવથી બે પ્રકારનું હોય છે-અભિસંધિજ અને અનભિસંધિજ-ઉકળતા પાણીમાં જેવુ કંપન થાય છે, એવું કંપન કર્મસંયોગથી આત્મપ્રદેશમાં સતત ચાલુ રહે છે. આ કંપનની અસર શારીરિક, માનસિક અને વાચિક અનેક બાહ્ય પ્રવૃત્તિઓથી વ્યક્તિને થાય છે. અભિસંધિજ અને અનભિસંધિજ વીર્ય બંને પ્રકારનાં વીર્ય પ્રવર્તનથી આત્મામાં સતત કર્મયોગ્ય કાર્મણ વર્ગણાનો પ્રવેશ થતો જ રહે છે. પછી પ્રવેશેલ કાર્મણ પરમાણુઓ આત્મપ્રદેશોની સાથે એકરસ થઇને સંબંધમાં આવે છે. આ જ બંધ છે.

આત્માનું પ્રકંપિત વીર્ય જે કંપન પેદા કરે છે, એ આત્માના અસંખ્ય પ્રદેશોમાં સતત થાય છે. એને કારણે આત્મામાં સતત નવાં કર્મ-પરમાણુઓનું આગમન થતું રહે છે. પછી બંધ થતો રહે છે. આત્માના સર્વ અસંખ્ય પ્રદેશો દ્વારા ગ્રહણ કરાતાં એ પુદ્ગલ

સ્કંધ સમૂહોમાં અનંત વર્ગણાઓ હોય છે.આત્માના વીર્યથી વિપરીત પ્રવૃત્તિ દ્વારા સતત અસંખ્ય પુદ્‌ગલોથી આત્મા ઢંકાતો જાય છે. આ વિપરીત પ્રવૃત્તિ મન,વચન અને કાયા દ્વારા થતાં કરણ વીર્ય દ્વારા થાય છે. પ્રતિસમય આત્માના અસંખ્ય પ્રશ્નોમાં અસંખ્ય પુદ્‌ગલ પરમાણુમય કાર્મણ વર્ગણાનું ગ્રહણ થાય છે. આહાર લીધા પછી જે રીતે પચન થાય છે, પછી આગળ રક્ત, રુધિર, રસાદિ સપ્તધાતુઓમાં જે રીતે પરિણમન થાય છે તે જ રીતે કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓના ગ્રહણ પછી આત્મામાં પરિણમન થાય છે. ગ્રહણ ક્રિયા આશ્રવ માર્ગ અને પરિણમન ક્રિયા બંધ તત્ત્વ રૂપે ગણવામાં આવે છે. આ બંધ આત્માની સાથે પુદ્‌ગલ પરમાણુઓના એક રસ ભાવને કહે છે. ક્ષીર નીરવત્ બંધ થાય છે. કર્મ બંધના હેતુઓમાં જે મિથ્યાત્વાદિ હેતુ કારણરૂપ છે. એનો થોડોક વિચાર કરવાથી એ સ્પષ્ટ થઇ જશે.

**મિથ્યાત્વ** ·

**'तत्र सम्यग् दर्शनाद् विपरीतं मिथ्यादर्शनम्'** સમ્યગ્ દર્શનથી જે વિપરીત છે તે મિથ્યાદર્શન કહેવાય છે. સમ્યગ્ અર્થાત્-યથાર્થ - વાસ્તવિક, સાચું દર્શન જ સમ્યગ્ દર્શન કહેવાય છે. જે પદાર્થ જેવો હોય, જે સ્વરૂપમાં છે, એને એવો જ જોવો-કહેવો-માનવો એ સમ્યગ્ દર્શન છે. બરાબર આનાથી અર્થાત્ જે પદાર્થ જેવો છે, જે સ્વરૂપમાં છે એનાથી વિપરીત જોવો, કહેવો, માનવો એ મિથ્યાદર્શન છે. એવી મિથ્યાબુદ્ધિ મિથ્યાત્વ કહેવાય છે. **'तत्त्वार्थ श्रद्धानं सम्यग् दर्शनम् ।'** તત્ત્વ અને અર્થની અશ્રદ્ધા-ઊલટી-ખોટી ધારણા યા માન્યતા એ મિથ્યા દર્શન છે. મિથ્યાભાવને મિથ્યાત્વ કહ્યું છે. દેવાધિદેવ ભગવાન એક તત્ત્વ છે. એનું જે જેવું સ્વરૂપ છે, એવું ન માનતાં ઊલટું માનવું વિપરીતમાં પણ ભગવાનની બુદ્ધિ રાખવી એ મિથ્યાત્વ છે. અર્થાત્ રાગ દ્વેષ રહિત-વીતરાગ, સર્વજ્ઞ, કેવલી-મોક્ષમાર્ગના ઉપદેશક, સર્વ દોષ રહિતને ભગવાન માનવા જોઇએ એ સમ્યગ્‌દર્શન છે, અને એવું માનીને એનાથી વિપરીત રાગી-દ્વેષી-અલ્પજ્ઞ અને કામ, ક્રોધાદિથી ભરેલાને ભગવાન માનવા એ મિથ્યાત્વ છે.

એ રીતે કંચન-કામિનીના ત્યાગી, તપસ્વી, પંચમહાવ્રતધારી સાધુ મહારાજને ગુરૂ માનવા એ સમ્યગ્ દર્શન છે. અને એનાથી વિપરીત ધન-સંપત્તિ, કંચન-કામિની રાખનારા અવ્રતી-અવિરતિધરને ગુરૂ માનવા એ મિથ્યાત્વ છે. સર્વજ્ઞોપદિષ્ટ મોક્ષ સાધક ધર્મને સાચા અર્થમાં ધર્મ માનવો એ સમ્યગ્ દર્શન છે. એનાથી વિપરીત અધર્મમાં પણ ધર્મબુદ્ધિ રાખવી, સંસાર પોષક વિષય-કષાય-રાગ દ્વેષાદિમાં પણ ધર્મબુદ્ધિ રાખવી એ મિથ્યાત્વ છે.

આત્મા-પરમાત્મા, પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક, લોક-પરલોક, આશ્રવ-સંવર, નિર્જરા અને બંધ, કર્મ ધર્મ તથા મોક્ષાદિ તત્ત્વો પર યથાર્થ શ્રદ્ધા છે, એ તત્ત્વોનું જે સ્વરૂપ છે, જેવું સ્વરૂપ અને જે અર્થ છે એ સ્વરૂપ અને અર્થમાં એ તત્ત્વોને જાણવા-માનવા એ જ સમ્યગ્ શ્રદ્ધા કહેવાય છે. એનાથી વિપરીત, યા તો આ તત્ત્વોને ન માનવાં,

ન સમજવાં, ન જાણવાં યા વિપરીત અર્થમાં માનવાં-જાણવાં આદિ મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ કર્મબંધકારક છે. મિથ્યાત્વ કર્મબંધમાં મૂળભૂત કારણ છે, એ બતાવતાં કહ્યું છે કે : -

**पटोत्पत्तिमूलं यथा तन्तुवृन्दं, घटोत्पत्तिमूलं यथा मृत्समूहः ।**
**तृणोत्पत्तिमूलं यथा तस्य बीजं, तथा कर्ममूलं च मिथ्यात्वमुक्तम् ॥**

પટ-વસ્ત્રની ઉત્પત્તિમાં જે રીતે તંતુ કારણ છે. ઘડો બનાવવામાં માટી કારણ છે. ધાન્યાદિની ઉત્પત્તિમાં જે રીતે એનું બીજ કારણ છે, એ રીતે કર્મની ઉત્પત્તિમાં મિથ્યાત્વ કારણભૂત છે. કર્મબંધમાં મિથ્યાત્વ કારણ છે. મિથ્યાત્વની ઉપસ્થિતિમાં કર્મની મોટી ભારે પ્રકૃતીઓ બંધાય છે.

## અવિરતિ

**'यथोक्ताया विरतेर्विपरीताऽविरतिः ।'** જે રીતે અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ વ્રતો કહેવાયાં છે, એમાં મસ્ત રહેનારો જીવ વ્રતી કહેવાય છે. યમ-નિયમનું પાલન કરવાથી કર્મ બંધ થતો નથી. એનાથી વિપરીત હિંસા, જુઠ, ચોરી, મૈથુન સેવન દુરાચાર-વ્યભિચાર અને પરિગ્રહણવૃત્તિથી જીવ ભારે કર્મબંધ કરે છે. કર્મબંધમાં અવિરતિ પણ એક હેતુ છે.

## પ્રમાદ

**प्रमादः स्मृत्यनवस्थानं कुशलष्वनादरः योग दुष्प्रणिधानं चत्येष प्रमादः।** મોક્ષ માર્ગની ઉપાસનામાં શિથિલતા લાવવી અને ઇન્દ્રિયાદિના વિષયોમાં આસક્ત બનવું એ પ્રમાદ છે. વિકથા આદિમાં રસ રાખવો એ પણ પ્રમાદ છે. જે આગમ વિહિત કુશલ ક્રિયાનુષ્ઠાનાદિ છે તેમાં અનાદર કરવો તે પ્રમાદ છે. મન-વચન-કાયાદિ યોગોનું દુષ્પ્રણિધાન,આર્તધ્યાનાદિની પ્રવૃત્તિ પ્રમાદ ભાવ છે. પ્રમાદ પણ પાંચ પ્રકારના બતાવતાં શાસ્ત્રકાર મહર્ષિ કહે છે :-

**मज्जं-विषय-कषाया-निद्रा-विकहा य पञ्चमा भणिया।**
**ए ए पञ्च पमाया, जीवा पाडंति संसारे ॥**


મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા આ પાંચ પ્રકારના પ્રમાદ છે; જે જીવોને સંસારમાં પાડે છે. પતનના કારણભૂત પ્રમાદસ્થાન કર્મબંધ કરાવે છે.

**પ્રમાદ**

| મદ-૮ | વિષય-૫ | કષાય-૪ | નિદ્રા-૫ | વિકથા-૪ |
|---|---|---|---|---|
| જાતિ, લાભ | સ્પર્શ | ક્રોધ | નિદ્રા | સ્ત્રીકથા |
| કુળ, બળ | રસ | માન | નિદ્રા-નિદ્રા | દેશકથા |
| રૂપ, તપ | ગંધ | માયા | પ્રચલા | ભક્ત કથા |
| શ્રુત, ઐશ્વર્ય | વર્ણ | લોભ | પ્રચલા પ્રચલા | રાજકથા |
| | શબ્દ | | થિણદ્ધિ | |

**કષાય**

કષ્ + આય = કષાય – કષ્ = સંસાર અને આય = લાભ અર્થાત સંસારનો જે લાભ કરાવે તે કષાય છે. આથી નિશ્ચિત થઇ ગયું કે જ્યારે જીવ ક્રોધાદિ કષાયોની પ્રવૃત્તિ કરશે, ત્યારે સંસાર અવશ્ય વધશે. સંસાર ક્યારે વધશે ?જ્યારે કર્મબંધ થશે ત્યારે, આથી કષાય સૌથી વધારે કર્મબંધાવવામાં કારણ છે. 'તત્ત્વાર્થાધિગમસૂત્ર' માં ઉમાસ્વાતિ જી મહારાજે બતાવ્યું છે કે '**सकषायत्वात् जीवः कर्मणो योग्यान् पुद्गलानादत्ते ॥** (૮-૨)' કષાયાદિથી યુક્ત જ્યારે જ્યારે જીવ બને છે, ત્યારે ત્યારે કર્મયોગ્ય પુદ્ગલોને ખેંચે છે, ગ્રહણ કરે છે. કષાયભાવમાં જીવ કર્મથી લિપ્ત થાય છે. આ કષાયો આશ્રવમાં પણ કારણ છે, તથા કર્મ બંધમાં પણ કારણ છે. આત્મા સ્વભાવદશા છોડીને વિભાવ દશામાં જાય છે એ પ્રમાદભાવ છે. આથી પ્રમાદ કરવો એ આત્માનો સ્વભાવ નથી, વિભાવ છે. એટલા માટે કષાય કરવો એ પણ પ્રમાદ છે.આથી કષાયોને પ્રમાદમાં ગણવામાં આવ્યા છે. ક્રોધ મૂળરૂપે જોવામાં આવે તો રાગ-દ્વેષ એ જ મુખ્ય-મૂળ કષાયો છે. રાગના ભેદમાં માયા અને લોભ આવે છે, તથા દ્વેષના ભેદમાં ક્રોધ અને માન ગણવામાં આવે છે.




**યોગ**

મન-વચન-કાયાના આ ત્રણ યોગો છે, તે પણ કર્મબંધના હેતુ છે. જીવાત્મા તમામ પ્રવૃત્તિઓ આ ત્રણ કરણોને સહારે જ કરે છે. કોઇ પણ પ્રકારની ક્રિયામાં આ ત્રણ સહાયક છે. કાય (શરીર)થી હલન ચલન, ગમનાગમન, સૂવું, ઊઠવું, ખાવું-પીવું, આહાર નિહારાદિ ક્રિયાઓ થાય છે. ઇન્દ્રિયો પણ શરીરની અંદર જ ગણાય છે. તે શરીરનાં જ અંગો છે. આથી આંખ, કાન આદિ પાંચે ઇન્દ્રિયોથી જોવું, સાંભળવું, ચાખવું, સ્વાદ અનુભવ કરવો, સ્પર્શાનુભવ કરવો-તમામ ક્રિયાઓ પણ કાયાથી જ થાય છે. આશ્રવની ક્રિયા પ્રવૃત્તિ કહેવાય છે. વિચારવું તે મનની ક્રિયા પ્રવૃત્તિ રૂપે સમજી શકાય છે.

આ તમામ કર્મબંધમાં કારણ છે. આથી બંધહેતુના ભેદોમાં યોગને પણ કર્મબંધનો હેતુ માનવામાં આવે છે. આમ તો શાસ્ત્રમાં યોગ ૧૫ પ્રકારના બતાવ્યા છે. એ રીતે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ-આ પાંચેય પ્રમુખ રૂપથી કર્મબંધના હેતુ છે. એનાથી કર્મનો બંધ થાય છે. અર્થાત્ આશ્રવ માર્ગથી આત્મ પ્રદેશમાં પ્રવિષ્ટ થયેલી કાર્મણ વર્ગણા જે પુદ્ગલ પરમાણુ સ્વરૂપ છે. એનું આત્માની સાથે એકરૂપ થવું, ક્ષીર-નીરવત્ યા તપ્તઅયઃપિંડવત્ એક ભાવ થવું એ બંધ કહેવાય છે. આ બંધ ચાર પ્રકારના છે.

**બંધના ચાર પ્રકારો**

**स बन्धः ॥ ८-३ ॥ प्रकृति-स्थित्यनुभावप्रदेशातद्विधयः॥ ८-४ ॥**

કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓના આત્મપ્રદેશોની સાથે એકરસ ભાવ થઇને પરસ્પરાશ્લેષરૂપથી રહેવું એ જ બંધ છે. ઉમાસ્વાતિજી મહારાજે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં આ બન્ધ ચાર પ્રકારના બતાવ્યા છે :

બંધ

| પ્રકૃતિબંધ | સ્થિતિબંધ | રસ (અનુભાગ)બંધ | પ્રદેશબંધ |
|---|---|---|---|

આ ચારેના અર્થને સમજાવતાં નવતત્ત્વમાં કહ્યું છે કે :

**पयई सहावो वुत्तो ठिई कालावहारणं ।**

**अणुभागो रसो णेओ, पएसो दल संचओ ॥**

પ્રકૃતિનો અર્થ છે સ્વભાવ. કર્મની પ્રકૃતિઓનો કેવો સ્વભાવ છે? શું એની પ્રકૃતિ છે ? એ વાત પ્રકૃતિ બંધને આધારે કહી શકાશે. સ્થિતિબંધમાં આત્માની સાથે લાગેલાં કર્મબંધની કાળ સ્થિતિ-અવધિ Time Limit કહેવામાં આવશે.


અનુભાગનો અર્થ છે '**सत्यां स्थितौ फलदान क्षमत्वादनुभाव बन्धः ।**' અર્થાત્ કર્મની સ્થિતિ રહેતાં કર્મોનાં શુભ-અશુભ ફળ કેવી રીતે મળશે ? એનો નિર્ણય અનુભાગના આધાર ઉપર છે. **कर्मपुद्गल परिणाम लक्षणः प्रदेश बन्धः।** કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓનો પ્રભાવ કેટલો છે એ પ્રદેશ બંધ છે. આ રીતે આ ચાર પ્રકારના મુખ્યબંધ થયા.

જીવ પ્રદેશોની સાથે કાર્મણ પુદ્‌ગલોનો જ્યારે બંધ થાય છે ત્યારે ચાર વસ્તુઓનો મુખ્ય રૂપથી નિર્ણય થાય છે. એ છે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. ઉદાહરણ તરીકે સમજો કે નવું બનતું મકાન હોય એનો એક થાંભલો બની રહ્યો છે. એ સીમેન્ટનો બની રહ્યો છે. આથી સીમેન્ટનો સ્વભાવ વિશેષ કેવો છે ? ગરમ છે કે ઠંડો છે? અગર કેવો છે તે વિચારવું. બનાવેલો એ થાંભલો કેટલો સમય ટકશે ? આ સ્થિતિ થઇ. સ્થિતિ કાળના આધાર પર નિર્ભર છે. ત્રીજા પ્રકારમાં રસ જોવામાં આવશે કે - થાંભલો બનાવવામાં સીમેન્ટમાં કયો રસ મેળવવામા આવે છે ? ઘી, દૂધ, પાણી કે તેલ હતું ? એના આધાર પર એની સ્થિતિ રહેશે. તથા થાંભલામાં સિમેન્ટના પરમાણુઓ કેટલી સંખ્યામાં છે ? સીમેન્ટનું પ્રમાણ કેટલું છે ? આ પ્રદેશ સંખ્યાની વાત થઈ.

બરાબર આ જ રીતે આત્માની સાથે કર્મના સંબંધની વાત આવે છે; ત્યારે પ્રકૃતિ-સ્થિતિ, રસ અને પ્રદેશ આ ચારની વિચારણા કરવામાં આવે છે. બાંધેલા કર્મનો સ્વભાવ શું છે ? આ પ્રકૃતિ થઇ. બાંધેલું કર્મ આત્માની સાથે કેટલાં વર્ષો સુધી ચોંટેલું રહેશે ? આ સ્થિતિ બંધ થયો તે કાળ મર્યાદાને બતાવે છે. ત્રીજો રસ બંધ છે. બંધની પ્રક્રિયામાં કેવો રસ પડ્યો છે ? એના આધારે શુભ-અશુભ ફળ મળશે. તથા અંતે આત્મામાં આવેલ કાર્મણ વર્ગણાનાં પુદ્‌ગલ પરમાણુઓની સંખ્યા કેટલી છે ? એનું પ્રમાણ કેટલું હતું ? કેટલા પ્રમાણમાં કર્મ દલિકોનો સંગ્રહ થયો એ જાણવું પ્રદેશ બંધ

કહેવાય છે. સામાન્ય સમજ માટે સાથેનું ચિત્ર જોવાથી થોડો ખ્યાલ આવશે.

નીચેના ચિત્રના ચાર ભાગમાં પ્રકૃતિ આદિનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.




જેવું કે -

(૧) તપસ્વીને પારણાં કરાવતી વખતે સુંઠ, ગંઠોડાંની ગોળી ખવડાવવામાં આવે છે. ઉકાળો પાવામાં આવે છે કારણ કે સુંઠનો સ્વભાવ આયુર્વેદે દીપક-પાચક બતાવ્યો છે. પિત્તશામક અને વાયુનાશક સ્વભાવવાળી વસ્તુઓ પોતાનો ગુણધર્મ બતાવે છે. આ જ રીતે આત્મા ઉપર લાગેલાં કર્મોની પ્રકૃતિ અર્થાત્ સ્વભાવ છે કે આત્માના જ્ઞાનાદિ ગુણોને ઢાંકવા.

(૨) એક મીઠાઇની દુકાનવાળો લાડુ બનાવે છે અને વેચે છે. એ લાડુ કેટલા દિવસ સુધી ચાલશે ? કેટલા સમય સુધી બગડશે નહીં ?

(૩) એ જ રીતે આત્મા ઉપર લાગેલાં કર્મો કેટલાં વર્ષો સુધી રહેશે ? એ સ્થિતિ

બંધ બતાવે છે.

(૪) રસ-ભોજનમાં ષડ્રસ હોય છે. તીખો, ખારો, મીઠો, કડવો, તૂરો, ખારો વગેરે. એ રીતે આત્માની સાથે લાગેલાં કર્મોનો પણ રસ હોય છે. રસબંધમાં તીવ્રતા, મંદતા આદિનો ભેદ છે. તથા એ રસબંધના આધારે કર્મોના ફળમાં શુભાશુભતા દેખાય છે. (૪) પ્રદેશ બંધ - બાળક માટીનો દડો બનાવીને રમે છે. એમાં પરમાણુઓની સંખ્યા ભિન્ન ભિન્ન છે. એ રીતે આત્મામાં આવેલાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓની સંખ્યા યા પ્રમાણને પ્રદેશબંધ કહે છે. આ રીતે ચાર પ્રકારના બંધ ચાર ચિત્રોનાં ઉદાહરણો દ્વારા સમજાવ્યાં છે. હવે ક્રમશઃ વિસ્તારથી એક એકનો વિચાર કરીએ.

## (૧) પ્રકૃતિ બંધ

પ્રકૃતિનો અર્થ છે સ્વભાવ. જડ પુદ્ગલ પરમાણુઓનો પોતાનો સ્વભાવ છે. કાર્મણ વર્ગણાનાં જ પુદ્ગલ પરમાણુ આત્મપ્રદેશની સાથે બંધાઇને એક રસ થઇ ગયાં છે, તે હવે કર્મના સ્વરૂપમાં પોતાનો સ્વભાવ દેખાડશે. પ્રતિ સમય ગ્રહણ કરવામાં આવતાં કર્મસ્કંધોમાં ભિન્ન ભિન્ન સ્વભાવોનો નિશ્ચય થવો એ પ્રકૃતિ બંધ છે. આ જ જીવાત્મા પોતાના જ્ઞાનાદિ ગુણોના સ્વભાવ અનુસાર બધી પ્રવૃત્તિઓ કરી રહ્યો નથી. કારણ કે આત્માના તે તે ગુણો પર કર્મનું આવરણ આવી જતાં આપણી તમામ પ્રવૃત્તિ કર્માનુસાર થઇ રહી છે. સર્વ પ્રવૃત્તિઓમાં કર્મના સ્વભાવનું પ્રાધાન્ય છે. ઉદાહરણરૂપે જુઓ, આપણે રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, વિષય વાસના-કામાદિની જેટલી પ્રવૃત્તિઓ કરીએ છીએ એમાંથી કઇ આત્મગુણોના આધારે થઇ રહી છે? એક પણ નહીં! કારણ કે ક્રોધાદિ કરવાં એ આત્માનો સ્વભાવ નથી, ગુણ પણ નહીં. વાસ્તવમાં એ વિભાવ દશાની વિકૃતિ છે. પરંતુ આજ આપણે સ્વભાવના રૂપમાં વ્યવહાર કરીએ છીએ - એ તો ખૂબ ક્રોધી છે. આ ખૂબ લોભી છે, વગેરે આ વ્યવહાર કર્મસ્વભાવના આધારે થાય છે.

આથી સંસારી કર્મયુક્ત જીવ કર્માનુસાર વૃત્તિ-પ્રવૃત્તિવાળા હોય છે. હા, કર્મપ્રવૃત્તિને દબાવીને એના ઉદયમાં પણ એ કર્મ પ્રવૃત્તિના સ્વભાવને ગૌણ કરીને આત્મધર્મની સાધના જો જીવ કરવા લાગે તો જરૂર કરી શકે - થઇ શકે અને તો જ કર્માવરણ ટળી શકે.

કર્મનાં જે ૮ ઉદાહરણો સમજવા માટે આપ્યાં છે એમાં આંખ ઉપર પટ્ટી, દ્વારપાળ, મદિરાપાન આદિનો સ્વભાવ છે એવો જ સ્વભાવ બાંધેલી કર્મપ્રવૃત્તિઓનો છે. આથી સ્વભાવના આધાર ઉપર પ્રકૃતિબંધ કહેવામાં આવ્યો છે. આવી કર્મની પ્રવૃત્તિઓ છે. એવી કર્મની પ્રવૃત્તિઓ કેટલી છે. આવી કર્મની પ્રવૃત્તિઓ છે. એવી કર્મની પ્રવૃત્તિઓ કેટલી છે ? કઇ કઇ છે ? એને અંગે કહેવામાં આવ્યું છે કે :-

**इह नाण-दंसणावरण-वेय-मोहाउ-नाम गोआणि ।**
**विग्घं च पण नव दु अट्ठावीस चउ-तिसय-दु-पणविहं ॥**

'નવતત્ત્વ પ્રકરણ' ની ૩૯ મી ગાથા કર્મની મૂળ આઠ પ્રકૃતિઓનાં નામ તથા તેમના અવાંતર ભેદોની સંખ્યા પણ બતાવી છે.

| | આત્મગુણોનાં નામ | ૮ મૂળપ્રકૃતિનાં નામ | ઉત્તર પ્રકૃતિની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અનંત જ્ઞાન ગુણ | જ્ઞાનાવરણીય કર્મ | ૫ |
| ૨ | અનંત દર્શન ગુણ | દર્શનાવરણીય કર્મ | ૯ |
| ૩ | અનંત સુખ ગુણ | વેદનીય કર્મ | ૨ |
| ૪ | અનંત ચારિત્ર ગુણ | મોહનીય કર્મ | ૨૮ |
| ૫ | અક્ષય સ્થિતિ ગુણ | આયુષ્ય કર્મ | ૪ |
| ૬ | અનામી-અરૂપી ગુણ | નામ કર્મ | ૧૦૩ |
| ૭ | અગુરુલઘુ ગુણ | ગોત્ર કર્મ | ૨ |
| ૮ | અનંત વીર્ય ગુણ | અંતરાય કર્મ | ૫ |
| | ૮ ગુણ | મુળ પ્રકૃતિ ૮ | ઉત્તરપ્રકૃતિ ૧૫૮ |

(૧) જ્ઞાનાવરણીય કર્મની ૫ પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના પાંચ પ્રકારના જ્ઞાનને ઢાંકવાનો છે. (૨) દર્શનાવરણીયની ૯ ઉત્તર પ્રકૃતિઓનો સ્વભાવ આત્માની જોવાની શક્તિરૂપ દર્શન ગુણને ઢાંકવાનો છે. (૩) વેદનીય કર્મની બે પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના અનંત-અવ્યાબાધ સુખગુણને ઢાંકવાનો છે. (૪) મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના અનંત ચારિત્ર ગુણને ઢાંકીને ક્રોધાદિ કરાવવાનો છે. (૫) આયુષ્ય કર્મની ૪ ઉત્તર પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના અક્ષય સ્થિતિ ગુણને ઢાંકીને ચાર ગતિમાં જન્મ મરણ કરાવવાનો છે. (૬) નામ કર્મની ૧૦૩ ઉત્તર પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના અનામી અરૂપી, નિરંજન નિરાકાર ગુણને ઢાંકીને નામ-રૂપ-આકૃતિવાળો બનાવવાનો છે. (૭) ગોત્ર કર્મની બે ઉત્તર પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના અગુરુલઘુ ગુણને ઢોકીને ઉચ્ચ નીચ ગોત્રમો લઇ જવાનો છે. (૮) અંતરાય કર્મની પાંચ ઉત્તર પ્રકૃતિઓનો સ્વભાવ આત્માના અનંત વીર્ય (શક્તિ) દાનાદિ લબ્ધિગુણને ઢાંકીને એ લબ્ધિને પ્રાપ્ત થવામાં વિઘ્ન કરવાનો છે.

આ રીતે આ પ્રકૃતિ-બંધનું કાર્યક્ષેત્ર છે. બધી કર્મપ્રકૃતિઓ પોતપોતાનો ભિન્ન ભિન્ન સ્વભાવ દેખાડે છે. તથા આ જ સર્વ કર્મયુક્ત સંસારી જીવની સર્વ પ્રવૃત્તિઓ આ કર્મોની પ્રકૃતિ (સ્વભાવ) ના આધારે ચાલી રહી છે. હવે આત્મા બળવાન બનીને, કર્મ પ્રવૃત્તિઓને હઠાવીને, ક્ષય કરીને, નષ્ટ કરીને યા દબાવીને આત્મગણાનુરૂપ પુરૂષાર્થ કરીને આત્મ ગુણોનો પ્રાદુર્ભાવ કરે એ જ ધર્મ છે.

## (૨) સ્થિતિ-બંધ

સ્થિતિ = કાળ,મર્યાદા.**Time limit कर्म पुद्‌गलराशिः कर्ता परिगृहितस्यात्म -प्रदेशेष्ववस्थानं स्थितिः** ॥ કર્તા-આત્મા દ્વારા પરિગૃહીત જે કાર્મણ

વર્ગણાનાં પુદ્ગલો નો રાશિ આત્મ પ્રદેશમાં જેટલા સમય માટે રહે તેને સ્થિતિ કહે છે. એ સ્થિતિ કાળ સુધી કર્મનું આત્મા ઉપર ચોંટી રહેવું તે સ્થિતિબંધ છે. **R.C.C.** નું એક મકાન બની ચૂક્યું છે. હવે તે કેટલાં વર્ષો સુધી ટકશે, એ વિચાર કરવો તે કાળ મર્યાદા-સ્થિતિ કહેવાય છે. ઉદાહરણ તરીકે કોઇ મકાનની સ્થિતિ ૫૦ વર્ષની, તો કોઇની ૧૦૦ વર્ષની છે, પછી તે તૂટવા લાગે છે. સીમેન્ટનાં પરમાણુઓ પાણીની સાથે મળીને થાંભલા-દિવાલ સ્વરૂપે જે સ્થિતિ છે તેની કાળ અવધિ સુધી રહે છે. એ રીતે આત્માની સાથે ભળેલાં કાર્મણ વર્ગણાનાં જડ પુદ્ગલ પરમાણુઓના આત્મ પ્રદેશમાં રહેવાના કાળને સ્થિતિબંધ કહે છે. ભિન્ન ભિન્ન કર્મોનો સ્થિતિકાળ ભિન્ન ભિન્ન છે.

| ૮ કર્મો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| (૧) જ્ઞાનાવરણીય કર્મ | ૧ અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| (૨) દર્શનાવરણીય કર્મ | ૧ અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| (૩) વેદનીય કર્મ | ૧૨ અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |
| (૪) મોહનીય કર્મ | ૧ અંતર્મુહૂર્ત | ૭૦ કોડાકોડી સાગરોપમ |
| (૫) આયુષ્ય કર્મ | ૧ અંતર્મુહૂર્ત | માત્ર ૩૩ સાગરોપમ |
| (૬) નામ કર્મ | ૮ અંતર્મુહૂર્ત | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| (૭) ગોત્ર કર્મ | ૮ અંતર્મુહૂર્ત | ૨૦ કોડાકોડી સાગરોપમ |
| (૮) અંતરાય કર્મ | ૧ અંતર્મુહૂર્ત | ૩૦ કોડાકોડી સાગરોપમ |


આ તાલિકા દ્વારા સંક્ષેપમાં આઠે કર્મોની જઘન્ય અર્થાત્ ઓછામાં ઓછી અને ઉત્કૃષ્ટએટલે વધારેમાં વધારે કર્મ સ્થિતિ બંધ બતાવ્યા છે અર્થાત્ આત્માની સાથે ચોંટેલું કર્મ ઓછામાં ઓછું ૧-૮ યા ૧૨ અંતર્મુહૂર્ત સુધી રહે છે. જ્યારે અધિકમાં અધિક ઉત્કૃષ્ટ સ્થિતિકાળ ૨૦, ૩૦ અને ૭૦ કોડાકોડી સાગરોપમનો છે.

## (૩) રસબંધ

રસબંધને જ અનુભાગ યા અનુભાવ બંધ કહે છેઃ **सत्यां स्थितिफलदान-क्षमत्वादनुभाव बन्धः। कालान्तरावस्थाने सति विपाकवत्तानुभावबन्धः। समासादित-परिकावस्थस्य बदरादेरिवोपभोग्यत्वात् सर्व देशाघात्येक द्वि-त्रि-चतुःस्थान शुभाशुभ तीव्रमन्दादि भेदेन वक्ष्यमाणः।**

કર્મની સ્થિતિ હોય ત્યારે ફળ આપવાની ક્ષમતાથી અનુભાવ બંધ કહેવામાં આવે છે. વિપાકના કાળમાં શુભ યા અશુભ કર્મના ફળનો અનુભવ શુભ-પુણ્ય પ્રકૃતિના મલીન પરિણામથી મંદ, મંદતર, મંદતમ રૂપથી બંધ થાય છે. એ રીતે વિશુદ્ધ પરિણામના આધાર પર તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ રૂપથી બંધ થાય છે. એ રસબંધ છે. રસબંધનું મુખ્ય કારણ કષાય છે.

કષાયોના આધાર પર મુખ્ય રૂપે અધ્યવસાય-પરિણામ બને છે.આત્મામાં જેમ જેમ કષાયોની તીવ્રતા વધતી જાય છે તેમ તેમ અશુભ કર્મોમાં રસનું પ્રમાણ બધનું




જાય છે અને શુભ કર્મોમાં ઘટતું જાય છે. એ રીતે આત્મામાં કષાયોની માત્રા જેમ જેમ ઘટતી જશે તેમ તેમ શુભકર્મમાં રસનું પ્રમાણ વધતું જાય છે, અને અશુભ કર્મમાં ઘટતું જાય છે. આ ત્રાજવાના પલ્લાઓ જેવી સ્થિતિ છે. રસબંધના તીવ્ર મંદાદિ ભેદથી અસંખ્ય પ્રકારો છે. પરંતુ કર્મશાસ્ત્રમાં એકસ્થાનીય, દ્વિસ્થાનીય, ત્રણસ્થાનીય, ચારસ્થાનીયના વિભાગથી ચાર ભેદ કરવામાં આવ્યા છે.

રસ બંધને સમજવા માટે અહીં લીમડાના પાનના કડવા રસનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જે નીચેના ચિત્ર દ્વારા સમજાવવામાં આવ્યું છે. આ પ્રકારે છે. લીમડાનાં પાન એકઠાં કરીને સંચા દ્વારા એનો રસ કાઢીને એક પાત્રમાં એકઠો કરવામાં આવે, એ ચાર લિટર પ્રમાણ રસ એકસ્થાનીય કહેવાશે. એવો જીવ મંદ કષાયવાળો કહેવાશે. આ ૪ લિટર રસને ઉકળીને અડધો કરવામાં આવે – એટલે કે પહેલાંની અપેક્ષાએ તીવ્ર પરીણામ લાવનારા હશે.

પછી ફરીવાર એ બાકીના ૨ લિટર રસને ક્વાથની જેમ વધારે ઉકાળીને ૧/૩ ભાગ જ બાકી રાખવામાં આવે તો એનામાં લીમડાની કડવાશ એકદમ વધી જશે. આ ત્રણસ્થાનીય રસના જેવા તીવ્ર કષાયનાં પરિણામવાળા જીવ તીવ્રતર કષાયી કહેવાશે. આ રસને ય ઉકાળવામાં આવે અને અંતમાં પોણો લિટર જ બાકી રહે તો તેનામાં અનેક ગણી કડવાશ વધી જશે. એને ચાર સ્થાનીય રસ કહેવાશે. આવા જીવોના કષાય તીવ્રતમ કક્ષાના હશે.

આ રીતે તમે જુઓ કે આમે ય લીમડામાં કડવાપણાનો સ્વભાવ છે જ, અને એને ઉકાળતા જ જઇએ તો – અધિકને અધિક ઉકાળતા જવાથી કડવાશ અતિશય

વધારે વધી જાય છે. બરાબર આ જ ઉદાહરણની જેમ આત્માના કષાયોની માત્રા જ્યારે વધતી જ જાય છે ત્યારે તે મંદમાંથી તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ પ્રકારની થાય છે. કષાયનો રસ જેટલો વધારે વધતો જશે, એટલો કર્મબંધ ગાઢ થતો જશે. આ ગાઢ કર્મબંધના આધારે તેની સ્થિતિ પણ દીર્ઘ થતી જશે. આ વાત અશુભ પાપકર્મના વિષયમાં થઇ. લીમડાનો રસ કડવો હોય છે, પીનારનું મુખ બગાડી દે છે. એ રીતે અશુભ પાપકર્મોનો રસ (વિપાકા-નુભવ) જીવને ફળ આપતી વખતે કટુ, કટુતર, કટુતમ ફળ આપે છે. જે જીવને અત્યંત દુઃખદાયી લાગે છે.

લીમડાના રસનું ઉદાહરણ અશુભ પાપ-કર્મ માટે જોયું. એવું જ શુભકર્મ-પુણ્યકર્મને સમજવા માટે શેરડીના રસનું ઉદાહરણ લઇને સમજવું જોઇએ. શેરડીનો રસ મીઠો હોય છે. એને પણ ક્વાથની જેમ ઉકાળતા ઉકાળતાં એ પણ મંદથી તીવ્ર, તીવ્રતર, અને અંતે તીવ્રતમ બનતો જશે; કારણ કે આ રસ મીઠો છે તેથી સારો પ્રિય લાગશે. એ રીતે શુભ પુણ્ય નો રસ સારો-સુખદાયી લાગશે. એમાં કષાયની કડવાશ ન રહેવાથી શુભ-પુણ્યનો રસ-વિપાકાનુભવ મીઠો સુખદાયી લાગશે આ શુભ-પુણ્ય કર્મની વાત છે.


## (૪) પ્રદેશ બંધ

પુદ્ગલ દ્રવ્યનો વિચાર કરતી વખતે એના ચાર ભેદ બતાવ્યા હતા. (૧) સ્કંધ (૨) દેશ (૩) પ્રદેશ (૪) પરમાણુ. આ ચારમાં પ્રદેશ ભેદ છે એ સ્કંધનો અવિભાજ્ય સૂક્ષ્મતમ અંશ છે. કાર્મણ વર્ગણા જે આઠ વર્ગણાઓમાં અત્યંત સૂક્ષ્મતમ વર્ગણા છે, એના પિંડરૂપ સ્કંધના અવિભાજ્ય અંશોને પ્રદેશ કહેવાય છે. એવા કાર્મણ પ્રદેશ આત્મ પ્રદેશોમાં જ્યારે ગ્રહણ થાય છે, મળે છે ત્યારે એ પ્રદેશોની સંખ્યા કેટલી થાય છે, પ્રમાણ કેટલું થાય છે એ આધાર પ્રદેશ બંધ પર રહે છે. જેમ કે એક ચાક બન્યો છે, એમાં ચૂનાનાં પરમાણુ કેટલી સંખ્યામાં આવ્યાં, એ રીતે જીવ જ્યારે કાર્મણ વર્ગણા ગ્રહણ કરી અને પછી એને પિંડરૂપમાં બનાવીને કર્મ બનાવે છે ત્યારે આથી એ પ્રદેશોના પ્રમાણને પ્રદેશ બંધ કહે છે.

બીજું ઉદાહરણ છે લાડુનું. એક બુંદીનો લાડુ છે તો એમાં બુંદીની સંખ્યા કેટલી છે? ૧૦૦ છે કે ૨૦૦ છે. તેમ જીવે ગ્રહણ કરેલી કાર્મણ વર્ગણાના સ્કંધપ્રદેશો કેટલા છે ? સંખ્યાત છે કે અસંખ્યાત છે ? તેનો વિચાર કરવો તેને પ્રદેશબંધ કહે છે. એનો આધાર મન,વચન,કાયયોગનો જેટલો વધારે ઉપયોગ એટલા પ્રદેશોને જીવ વધારે ખેંચશે. તથા જેટલો યોગનો ઉપયોગ ઓછો એટલા કાર્મણ પ્રદેશ ઓછા ખેંચવામાં આવશે. આ પ્રદેશબંધનુ સ્વરૂપ છે. આ રીતે આ પ્રકૃતિ,સ્થિતિ,રસ અને પ્રદેશ બંધના ભેદથી ચાર પ્રકારના બંધ બતાવવામાં આવ્યા છે.

## ચાર પ્રકારના લાડુનું દૃષ્ટાંત

પ્રદેશ બંધમાં કાર્મણ પ્રદેશોની ઓછી વત્તી સંખ્યા સમજવા માટે ચાર પ્રકારના લાડુઓનું દૃષ્ટાંત ચિત્રમાં બતાવવામાં આવ્યું છે. (૧) બુંદીનો લાડુ (૨) મેથીનો લાડુ




(૩) તલનો લાડુ (૪) સૂંઠનો લાડુ - આ ચારે પ્રકારના લાડુઓની આકૃતિ - સાઇજ એક સમાન છે. પહેલા લાડુમાં-બુંદીના લાડુમાં બુદીના દાણાઓની સંખ્યા કેટલી છે ? માનો કે ૫૦૦ દાણા છે. એ જ સાઇજના બીજા લાડુ-મેથીના લાડુમાં મેથીના દાણા કેટલા છે ? ૧૦૦૦ થી ૨૦૦૦ પણ હોઇ શકે. કારણ કે બુંદીની સાઇજ કરતાં મેથીની સાઇજ નાની છે, આથી સંખ્યા વધારે રહેશે-એ પછી ત્રીજો લાડુ તલનો છે, એમાં તલના દાણા કેટલા હશે ? તલની સાઇજ ઘણી જ નાની હોવાને કારણે અતિ વધારે હશે. સંભવ છે ૪-૫ હજારથી પણ વધારે હોય, કે પછી એનાથી ય વધારે.

ચોથા પ્રકારના સૂંઠના લાડુમાં સૂંઠના કણોની સંખ્યા કેટલી હશે?દળેલી સુંઠ ચૂર્ણરૂપે પરિવર્તિત થઇ જાય અને એનો લાડુ બનાવવામાં આવે તો સોયની અણી ઉપર આવે એટલા કણોની સંખ્યા કદાચ ૧-૨ લાખ કરતાં ય વધારે થશે.

ઉદાહરણ તરીકે મુખ પર લગાડવામાં આવતા ટેલ્કમ પાવડરમાં રહેલા એક એક કણને ગણવામાં આવે તો સંખ્યા કેટલી થશે ? અથવા ચાકમાં ચૂનાના કેટલા પરમાણુઓ હશે ? એમની સંખ્યા સંખ્યાત યા અસંખ્યાત પણ હોઇ શકે છે. બરાબર એ જ રીતે આશ્રવ માર્ગમાં રહેલ આત્મા ઇન્દ્રિય, કષાય, અવ્રત, યોગ અને ક્રિયાના પ્રમુખ આશ્રવ માર્ગથી જ્યારે બાહ્ય આકાશમાં રહેલાં કાર્મણ પરમાણુઓનું પ્રમાણ (કેટલું છે) એ પ્રદેશ બંધ કહેવાય છે. જેમ કે તમાકુનો પાવડર જેને છાંકણી કહેવામાં આવે છે. જેને વૃદ્ધ સ્ત્રીઓ સૂંઘે છે-નાકમાં ખેંચે છે. એ શરીરમાં જાય છે. એક વાર સૂંઘવાથી કેટલાં પરમાણુઓ શરીરમાં જાય? એ રીતે દિવસમાં ૧૦-૨૦ વાર સુંઘવાથી તમાકુનાં કેટલાં પરમાણુઓ એના શરીરમાં ગયાં ? એ રીતે પ્રદેશ બંધની પ્રક્રિયામાં આત્મા કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણણુઓને ખેંચે છે.

એ પ્રદેશ બંધ પછી રસ બંધાદિના આધાર ઉપર એ કાર્મણ વર્ગણાનાં મુદ્ગલ પરમાણુઓનો એક પિંડ બનશે, એ કર્મ કહેવાશે. જ્યાં સુધી કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ બાહ્ય આકાશમાં સ્થિત છે ત્યાં સુધી એ કર્મ કહેવાશે નહીં. ત્યાં તો તે પુદ્ગલ-પરમાણુઓ જ કહેવાશે. પરંતુ આત્મામાં આવ્યા બાદ આ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓમાં તથા પ્રકારના કષાય આદિના રસને આધારે એક પિંડ બની જશે, એ કર્મ કહેવાશે.

જેમ ઘઉંના લોટમાં પાણી નાખીને મસળી પિંડ બનાવાય છે, એ રીતે અહીં


કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓનો પિંડ બને છે. આ જ કાર્મણ શરીર એક સૂક્ષ્મ શરીરના રૂપમાં આત્માની ચારે બાજુએ વીંટળાયેલું રહે છે. આત્મા આ જ સૂક્ષ્મ કાર્મણ શરીરમાં બંદીવાન બનીને રહે છે. જન્મ જન્માન્તરની ગતિ આદિ એના આધારે થાય છે. આ સૂક્ષ્મ કાર્મણ શરીર અનાદિ કાળથી આત્માની સાથે લાગેલું છે.

સમુદ્રમાંથી પાણી બાફ બનીને ઊડી જાય છે. તે વાદળ બનીને ફરીથી વરસે છે. ફરી સમુદ્રમાં પાણી આવે છે. એ રીતે સમુદ્રનું અસ્તિત્વ એવું ને એવું જ બનેલું રહે છે. એ પ્રમાણે જ સૂક્ષ્મ કાર્મણ શરીર (કર્મપિંડ)માં નવાં કાર્મણ પુદ્ગલ પરમાણુઓ આવતાં રહે છે, અને જુનાં જેમની અવધિ પૂરી થઇ ગઇ હોય છે તે ચાલ્યાં જાય છે. આ ક્રિયા સતત ચાલતી રહે છે.

કર્મપિંડરૂપ કાર્મણ શરીર અનાદિ કાળથી આત્મા સાથે લાગેલું છે. આથી સંસારી આત્મા સદૈવ કર્મસહિત-કર્મસંયુક્ત-કર્મમય જ કહેવાય છે. આથી પૂર્વ કર્મોદયથી નવા કર્મો બાંધે છે અને નવાં કર્મો ફરીથી જૂનાં બને છે, એનો ફરીથી ઉદય થશે, ફરીથી નવાં કર્મોનો બંધ થશે. કર્મસંજોગથી જીવનું દુઃખી થવું, અને દુઃખી થઇને ફરી કર્મ બાંધવાં આ અનંત કાળનું ચક્ર ચાલ્યા જ કરે છે. એટલા માટે કર્મસંજોગને કારણે આત્માને અનંતકાળથી ભટકાવું જ પડે છે અને ભટકી રહ્યો છે. હવે જ્યારે ધર્મના સંયોગથી યા માધ્યમથી જીવ નવાં કર્મ સંપૂર્ણ રીતે ન બાંધે એવી પૂર્ણ પ્રતિજ્ઞા કરી લે અને જુના કર્મો સર્વથા નષ્ટ કરવાં જ છે એવા સંકલ્પ પર ચાલે તો **सव्व पावप्पणासणो** - સર્વ પાપ-કર્મોનો નાશ થઇ જાય તો આત્મા સદાને માટે મુક્ત થઇ જાય. મુક્ત થવું યા મોક્ષમાં જવાનો અર્થ જ એ છે કે અનાદિના કર્મબંધ-કાર્મણ શરીરથી સદાને માટે મુક્ત થઇ જવું. જેમ રોગનિવૃત્તિ માટે ઔષધ છે એ જ રીતે કર્મ નિવૃત્તિ માટે ધર્મ છે. જો ધર્મમાર્ગ પર નહીં ચઢીએ તો કર્મની નિવૃત્તિને બદલે કર્મની પ્રવૃત્તિ જ સતત ચાલતી રહેશે.

## કર્મ બંધની પ્રક્રિયા

મકાન બાંધતી વખતે સીમેન્ટ રેતીમાં પાણી નાખીને જ મિશ્રણ કરવામાં આવે છે, એમાં પણ મિશ્રણની પ્રક્રિયામાં પદાર્થો ઉપર આધાર છે. તેમાં જો પાણી ઓછું હશે તો મિશ્રણ બરાબર નહીં થાય. એ જ રીતે રોટલી બનાવવા માટે લોટમાં પાણી નાખીને મિશ્રણ કરીને, મસળીને પિંડ બનાવવામાં આવે છે. એમાં પણ પાણીના વત્તા ઓછા પ્રમાણ પર આધાર છે. એ જ રીતે આત્માની સાથે કર્મબંધમાં પણ કષાયાદિની માત્રા આધારભૂત પ્રમાણ છે. સીમેન્ટ રેતીમાં અને લોટમાં મિશ્રણ પાણી પર આધારિત છે તેમ આત્માની સાથે જડ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ પરમાણુઓનું મિશ્રણ કષાય પર આધારિત છે. કષાય જ અહીં પણ રસનું કામ કરે છે. એ જ કર્મબંધની પદ્ધતિમાં માધ્યમ છે. જે રીતે પાણી વત્તુ ઓછું હોય તો લોટમાં તથા સીમેન્ટમાં મિશ્રણ યા બંધનમાં ફરક પડે છે, એ રીતે કષાયોની તીવ્રતા યા મંદતા આદિના કારણે કર્મ બંધનમાં શૈથિલ્ય યા દઢતા આવે છે. આથી કર્મબંધની પદ્ધતિ ચાર પ્રકારની બતાવી છે. જુઓ ચિત્ર -




### (૧) સ્પૃષ્ટ (શિથિલ) કર્મબંધ

ચિત્રમાં બતાવ્યા અનુસાર એક યુવક ટેબલ ઉપર લોઢાની મોટી સોયોથી રમી રહ્યો છે. બધી સોયોને એક મુઠીમાં પકડીને ટેબલ ઉપર નાખી છે. એ સોયો એક બીજી ઉપર પડી છે. ઢગલો થઇ ગયો છે. યુવક આંગણીથી એક એક કરીને સોયોને અલગ કરી રહ્યો છે. માત્ર સ્પર્શ જ છે એટલે યુવકને સોયો જુદી પાડવામાં વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. બરાબર આ જ રીતે સામાન્ય-અલ્પ માત્રાના કષાયાદિ કારણથી બાંધેલાં કર્મ જો આત્મા સાથે સ્પર્શમાત્ર સંબંધથી ચોંટી રહ્યાં હોય તો તેમને સામાન્ય પશ્ચાત્તાપ માત્રથી જ દૂર કરી શકાય છે. એ સ્પૃષ્ટ-સ્પર્શ બંધ કર્મ કહેવાય છે.

બીજા ઉદાહરણથી સમજીએ તો દોરામાં સામાન્ય ગાંઠ જે શિથિલ રીતે જ વાળવામાં આવી છે, એ સહજ રીતે ખૂલી જાય છે; યા આપણા કપડા ઉપર લાગેલી ધૂળની રજકણ જે ખંખરેવા માત્રથી દૂર થઇ જાય છે. એવો કર્મબંધ સ્પર્શમાત્ર કહેવાય છે. કાર્મણ વર્ગણાનાં કર્મ યોગ્ય પુદ્ગલ પરમાણુંના રજકણ આત્માની સાથે સ્પર્શમાત્ર શિથિલ બંધથી ચોંટલોં છે તે સહજ રીતે પશ્ચાત્તાપ માત્રથી છૂટી જાય છે.

જેમ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિના ધ્યાનમાં, વિચારો બગડયા તેથી જે કર્મબંધ થયો એ શિથિલ માત્ર જ હતો બે ઘડીમાં કર્મક્ષય પણ થઇ ગયો અને કર્મમુક્ત થઇને તેમનો મોક્ષ થયો.

### (૨) બદ્ધ (ગાઢ) કર્મબંધ

આ પહેલા શિથિલ એવા સ્પર્શમાત્ર કર્મબંધ કરતાં થોડો વધારે ગાઢ છે. વધારે

મજબૂત છે. પેક બંડલમાં સોયો સખત બાંધવામાં આવી હતી, એમને છૂટી કરવામાં થોડીક મુશ્કેલી પડે છે. થોડોક વધારે પ્રયત્ન કરવો પડે છે. જેમ દોરામાં ગાંઠ ખેંચીને સખત રીતે વાળી હોય તો એ ખોલવામાં મુશ્કેલી પડે છે. એવો જ આત્માની સાથે કર્મનો બંધ જે ગાઢ-મજબૂત થયો હોય તો તે બદ્ધ કક્ષાનો બંધ છે, ગાઢ છે. માત્ર પશ્ચાત્તાપથી જ એ બંધ છૂટતો નથી-છૂટી શકતો નથી. એના ક્ષય માટે પ્રાયશ્ચિત લેવું પડે છે. ઉદાહરણ તરીકે અઇમુત્તામુનિને પ્રાયશ્ચિત કરતાં જ કર્મક્ષય થઇ ગયો. એટલે આ બીજા પ્રકારમાં કંઇક શિથિલ અંશ પણ હોય છે અને કંઇક ગાઢ બંધ પણ હોય છે. આ બદ્ધ કહેવાય છે.

## (૩) નિધત્ત કર્મ બંધ

સોય કેટલાક વર્ષોથી ચોંટેલી પડી છે. જેમાં પાણી અને હવાથી કાટ લાગી ગયો છે, તેનાથી એક બીજા સાથે વધારે પ્રમાણમાં ચોંટી ગઇ હોય, એ સહજ રીતે-સરળતાથી અલગ પડતી નથી. બીજા સાધનની મદદ લેવી પડે છે.

અથવા બીજું ઉદાહરણ લઇએ. રેશમી દોરામાં લગાવેલી પાકી ગાંઠ-જે મજબૂતીથી અને જોરપૂર્વક કસીને બાંધી હોય, એ હવે ખોલવી મુશ્કેલ જેવી જ થઇ ગઇ. એ રીતે કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ સખત-મજબૂત બની જાય છે; જે આસાનીથી છૂટી શકતો નથી. આ નિધત્ત પ્રકારનો બંધ છે. પહેલા બે પ્રકારના બંધો કરતાં તે બમણો મજબૂત છે. આ કર્મોનો ક્ષય તપ-તપશ્ચર્યાદિ ધર્માનુષ્ઠાન વિશેષ રીતે કરીને કઠીનાઇથી થાય છે. એમાં અર્જુનમાળીનું દૃષ્ટાંત છે.

## (૪) નિકાચિત કર્મ બંધ


બધી સોયો કાટ યા ગરમીને કારણે પીગળીને લોખંડની પ્લેટ જેવી એકાકાર-એકરસ થઇ ગઇ હોય તો હવે સોયનું સ્વતંત્ર અસ્તિત્વ દેખાતું ન હોય. ભલેને તે પ્લેટને હથોડાથી ટીપો યા અગ્નિમાં બાળીને ગરમ કરો તો પણ તે છૂટી પડતી નથી.

એ જ રીતે રેશમી દોરી ઉપર પાકી-મજબૂત ગાંઠ મારી હોય અને એની ઉપર મીણ લગાડયું હોય તો તે ખૂલવી અસંભવ બની જાય છે. દોરી તૂટી જાય પરંતુ ગાંઠ ન ખૂલે. એ રીતે લોખંડની પ્લેટના ટુકડા થઇ જાય પરંતુ ફરીથી સોય અલગ પડતી નથી. એવા જ પ્રકારનો કર્મબંધ તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી પણ ક્ષય પામતો નથી. એ તો ભોગવવો જ પડે છે. એને નિકાચિત કર્મબંધ કહેવાય છે.

આત્માની સાથે તીવ્રતર-તીવ્રતમ કષાયાદિને કારણે આટલો ભયંકર ગાઢ-કર્મબંધ થઇ જાય છે, કે હવે કોઇ પણ સંજોગોમાં એ ફળ-વિપાક આપ્યા વગર છૂટતા નથી, એને નિકાચિત જાતિનો કર્મબંધ કહે છે. ઉદાહરણ તરીકે ભગવાન મહાવીર સ્વામીએ ૧૮ મા ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં તપાવેલું ગરમ-ગરમ સીસુ નાખીને જે ભયંકર નિકાચિત કર્મ બાંધ્યું હતું, એનું આખરે પરિણામ એ આવ્યું કે ૨૭ મા મહાવીર સ્વામીના અંતિમ ભવમાં પણ કાનમાં ખીલા ઠોકાયા.

મગધના સમ્રાટ શ્રેણિક શિકારમાં એવું કર્મ બાંધ્યું કે જેને લીધે એને નરક જવું પડયું. ઉપરોક્ત ચાર દૃષ્ટાંતોને ચિત્ર દ્વારા સમજાવવામાં આવ્યા છે. વ્યક્તિઓ સોયોને અલગ કરવાનો પ્રયત્ન કરી રહી છે. પરંતુ પ્રયત્ન અને સમયમાં અંતર છે. એવાં ચાર પ્રકારનાં કર્મબંધ હોય છે. એ અંગેનું આ વિવેચન છે.

જીવ પોતાના મંદ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રકારના વિવિધ કષાયોના આધારે ઉપરોક્ત ચારમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના કર્મ બાંધે છે. તથા જે પ્રકારનું કર્મ બાંધે છે, એવા પ્રકારની કાલ-અવધિ-સ્થિતિ રહે છે. એ રીતે જીવ કર્મફળ ભોગવે છે. બાંધેલું કર્મ ભિન્ન ભિન્ન ચાર અવસ્થાઓમાં રહે છે.




## કર્મની અવસ્થાઓ

કર્મ બંધના જ આધાર ઉપર બંધ,ઉદય,ઉદીરણા તથા સત્તાની અવસ્થાનો આધાર છે. બાંધેલું કર્મ ચાર અવસ્થાઓમાં રહે છે. (૧) બંધ (૨) ઉદય (૩) ઉદીરણા (૪) સત્તા. બંધ જ ન હોય તો ઉદીરણા ક્યાંથી આવે ? પૈસા કમાયા જ ન હોઇ તો પછી તે બેંકમાં ક્યાંથી પડયાં હોય ? આથી કર્મબંધ સૌથી પહેલું મૂળ કારણ છે. આથી એક અપેક્ષાએ કર્મબંધને મૂળ બીજ અવસ્થામાં સ્વીકારવો પડશે. બીજ હશે તો વૃક્ષ ફળ-ફૂલ બધું બનશે. એ સિવાય નહીં. જીવ પ્રતિસમય આયુષ્ય સિવાય સાત સાત કર્મ બાંધે છે. એક આંખની પલકમાં અસંખ્ય સમય વીતે છે. આંખનું મટકું માર્યું કે અસંખ્ય સમયનો કાળ વીતી ગયો. આવા અસંખ્ય સમયોના દરેક સમયે જીવ સાત સાત કર્મ

બાંધે છે. અને આયુષ્ય કર્મ પણ બાંધી લે તો, આઠ કર્મનો બંધ થાય છે. આ તો થઇ એક સમયની વાત. એક સમયમાં સાત કર્મો તો અસંખ્ય સમયમાં અસંખ્ય × ૭ કર્મ બાંધશે. આવા તો આખા દિવસમાં કેટલા સમયો થશે ? એક સપ્તાહ, પક્ષ, મહિના તથા વર્ષમાં કેટલા સમયો થશે ? આ રીતે જીવન ભરના ૭૦,૮૦,૧૦૦ વર્ષમાં જીવ કેટલા કર્મો બાંધશે?

**(૧) બંધ** :-ચિત્રના પહેલા બંધ વિભાગમાં એક મા પોતાનાં બાળકોને ભણવાની ચોપડીઓ સગડી ઉપર બાળી રહી છે. આ પાપ જ્ઞાનાવરણીય કર્મનો બંધ કરાવશે. કર્મબંધ તો પાપની પ્રવૃત્તિના આધારે જ થશે. જેવાં જેવાં પાપો હશે, એવા એવા કર્મબંધ થશે.

**(૨) ઉદય** :-કર્મના બંધ પછી બીજી અવસ્થા ઉદયની આવે છે. જેમ સૂર્યનો ઉદય થાય છે તેવો જ પ્રકાશ ફેલાઇ જાય છે. એમ જેવું બાંધેલું કર્મ ઉદયમાં આવે છે તેવું જ સુખ-દુ:ખ નું ફળ આપે છે. બીજ ઊગીને વૃક્ષ બને છે, હવે વૃક્ષને ફળ-ફૂલ આવે છે. એ જ રીતે કર્મબીજ જે બંધમાં હતાં તે નિયત કાળમાં ઉદયમાં આવે છે. ઉદયમાં આવતાં જ શુભ કર્મનો ઉદય સુખરૂપ મળશે,અને અશુભ કર્મ-પાપનો ઉદય દુ:ખરૂપ મળશે. જેવું ચિત્રમાં બનાવ્યું છે. અશાતા વેદનીય પાપ કર્મનો ઉદય થયો એટલે કેટલાક બીમાર પડી ગયા.

**(૩) ઉદીરણા** :- બાંધેલું કર્મ નિશ્ચિત ઉદયમાં આવશે જ એવો નિયમ નથી.જો કર્મબંધ પછી પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત કરીને કર્મક્ષય કરી દીધો હોય તો તે કર્મ નષ્ટ થઇ ગયું; હવે ઉદયમાં આવવાનો પ્રશ્ન જ રહેતો નથી. જો કર્મનો ક્ષય ન કર્યો હોય તો એના ઉદયનો કાળ પરિપક્વ થયો ન હોવા છતાં ઉદીરણાના માધ્યમથી ઉદયમાં ખેંચીને લાવી શકાય છે. બાંધેલી કાળ મર્યાદા-અવધિ પહેલાં જ કર્મને શીઘ્ર ક્ષય કરવાના સંકલ્પ સાથે જાણી જોઇને સમતા આદિ ભાવથી તીવ્ર વેદના - અશાતા આદિને સહન કરી લેવાં, તપ-તપશ્ચર્યા લોચાદિ કષ્ટ સહન કરવા તેને ઉદીરણા કહે છે.

જેમ કે આંબાના ઝાડ ઉપર કેરી પાકવાના સમયે જ પાકે છે, અને એ જ કેરીને કાચી હોય ત્યારે તોડી લેવામાં આવે છે. અને ઘાસમાં દબાવીને વિશેષ ગરમી આપીને જલદી પકવી દેવામાં આવે છે. તો જે કેરીઓ ૧૦-૨૦ દિવસ પછી પાકવાની હતી, તેમને ૩ દિવસમાં પકવીને વેચનારા વેચે છે. એ રીતે ઉદયકાળ ન હોવા છતાં પણ જે કર્મોની ઉદીરણા કરવામાં આવે, અર્થાત્ ખેંચીને લાવીને વિશેષ સમતા આદિથી ભોગવી લેવાં એ જ ઉદીરણા કહેવાય છે.

ઉદાહરણ તરીકે સાધુ મહારાજ કેશલોચ કરે છે.વિહાર કરે છે. ખૂબ લાંબી તપશ્ચર્યા કરીને ભૂખ આદિ સહન કરે છે. આ બધું કર્મોદય જન્ય નથી. વિશેષ ધર્મારાધના છે. સાધુ વેદનાને પણ હસતે મુખે સહન કરે છે તે ઉદીરણાની પ્રક્રિયામાં કેટલાય કર્મો જેમનો ઉદયમાં સાવવાનો સમય થયો નથી તે ઉદયમાં આવીને ક્ષય પામશે.

ચિત્રમાં ઉદીરણા વિભાગમાં ગજસુકુમાલ કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા છે; અને

સોમિલ સસરો સળગતા અંગારા માથા પર નાખીને ઉપસર્ગ કરી રહ્યો છે, તો પણ મુનિ મહાત્મા એને સમતા ભાવથી હસતાં હસતાં સહન કરીને ઘણી કર્મનિર્જરા કરે છે. આ ઉદીરણા છે.

**(૪) સત્તા :-** સત્તાનો અર્થ છે - અસ્તિત્વ. જેમ એક કરોડપતિ વેપારી જે ઘરમાં બેઠો છે યા બાગમાં ફરે છે. એવા સમયે તેના ગજવામાં પૈસા નથી છતાં પણ તે પૈસાવાળો જ કહેવાશે જ. કારણ કે એના કરોડો રૂપિયા બેંકમાં જમા પડયા છે. વેપારી લોકોને વ્યાજે આપેલા છે. કેટલીક કંપનીઓમાં રોકલા છે. આથી હાથમાં યા ગજવામાં ન હોય છતાં પણ તે કરોડપતિ જ કહેવાય છે, એ રીતે કેટલાંક કર્મો ઉદયમાં નથી. આજ શરીર સ્વસ્થ છે. નખમાં ય રોગ નથી, પણ કેટલાંય કર્મો સત્તામાં પડેલાં છે એમનું અસ્તિત્વ છે.

જેમ એક મહિના પછી પણ ટ્રેઇનની ટિકિટ રીઝર્વ કરાવી છે, આથી ભલેને બજારમાં ફરતા હોઇએ. છતાં ટિકિટ રીઝર્વ કરાવી હોય તો મૂળ સત્તામાં તો જવાનું જ છે. એ રીતે કર્મની સ્થિતિઓ દીર્ઘાવધિની હોય છે. જેને કારણે આજ તે ઉદયમાં દેખાતાં નથી, પણ એનો અર્થ એવો નથી કે કર્મ છે જ નહીં. એ કર્મો સત્તામાં પડયાં રહે છે. સમય પરિપક્વ થતાં ઉદયમાં આવે છે. આ સત્તા છે.

જેમ ભગવાન મહાવીરના ત્રીજા ભવમાં - મરીચિના ભવમાં નીચ ગોત્ર કર્મ બાંધ્યું હતું. તે લગાતાર ૧૪ ભવ સુધી ઉદયમાં રહ્યું. સાત વાર નીચ ગોત્રમાં પટક્યા, યાચક કુળમાં યાચક બનાવ્યા, એના પછી નીચ ગોત્ર કર્મ સત્તામાં છુપાઇને બેસી રહ્યું અને અંતિમ ૨૭ મા ભવમાં ફરીથી ઉદયમાં આવ્યું. જેમ પૈસા ખજાનામાં પડયા રહે છે તેવી રીતે કર્મ પણ સત્તામાં પડયાં રહે છે. એ ખજાના જેવું સ્થાન છે. સત્તામાં પડી રહેલાં કર્મ પરિપક્વ થતાં ઉદયમાં આવીને ફળ આપીને નિર્જરિત થઇ જાય છે. યા ઉદીરણામાં લાવીને નિર્જરિત કરવામાં આવે છે.

આશ્રવ માર્ગથી આવેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુ બંધ હેતુઓથી કર્મબંધ થાય છે. બંધ કેવો અને કેવી રીતે થાય છે? એ જાણવા માટે બંધની સ્પૃષ્ટ-બદ્ધ-નિધત્ત અને નિકાચિત-આ ચાર અવસ્થાઓ જોઇ. આ થયો કર્મબંધ-જે સત્તામાં પડયો રહે છે, એના પછી એનો ઉદય થાય છે અને જો ખેચીને ભોગવવામાં આવે તો ઉદીરણા થાય છે.

આ રીતે કર્મબંધ તત્ત્વનો વિચાર કરવામાં આવ્યો જો કે સંક્ષેપમાં છે છતાં પણ સારભૂત તત્ત્વ સમજવામાં ઉપયોગી છે. કર્મનાં આગમન અને બંધની પ્રક્રિયા સમજાવવામાં આવી છે. જેથી કર્મ કેવી રીતે બને છે, કર્મ શું છે, વગેરે સમજમાં આવી જાય ! આગળ આત્માના મુખ્ય જ્ઞાન ગુણની વિચારણા કરીને એક એક કર્મની વિચારણા કરીશું.

ઇતિ શુભં ભવતુ ।

અજ્ઞાણં ખુ મહાભયં....૧૫૦

જ્ઞાન માહાત્મ્ય.........૧૫૧

જ્ઞાન યોગનું પ્રાધાન્ય..............૧૫૫

સમ્યગ્જ્ઞાન અને મિથ્યા જ્ઞાન......૧૫૬

સ્યાદ્વાદનો મહિમા......૧૬૧

આત્મનિહિત જ્ઞાનનું પ્રમાણ..૧૬૩

જ્ઞાનના પ્રકારો......૧૬૮

પદાર્થનું સ્વરુપ....૧૭૧

જ્ઞાન કેવીરીતે થાય છે ?..૧૭૯

સંમોહનથી સ્મૃતિ જ્ઞાન......૧૮૫

ક્ષાયોપશમિક જ્ઞાન..............૧૯૫

કેવળજ્ઞાનથી કેવલી લોકાલોક વ્યાપી...૨૦૧

અનંતજ્ઞાન કેમ કહ્યું ?......................૨૦૩

# જૈન દર્શનમાં જ્ઞાનનું વિશિષ્ટ સ્વરૂપ

પરમ આદરણીય, વંદનીય, નમસ્કરણીય, પુજનીય પરમપિતા પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનના ચરણકમળોમાં નમસ્કારપૂર્વક વંદના.

**नाणेण जाणइ भावे दंसणेण य सद्दहे ।**
**चरित्तेण निगिण्हाइ, तवेण य परिसुज्झइ ।।**

**उत्तरा. अ. २८, गाथा ३५**

'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' જિનાગમમાં કહ્યું છે કે - જ્ઞાનથી આપણે ભાવ-અર્થાત્-પદાર્થ તત્ત્વને જાણીએ છીએ. એ જાણેલા પદાર્થો ઉપર દર્શનથી શ્રદ્ધા કરી શકાય છે. શ્રદ્ધાગમ્ય પદાર્થ અને તત્ત્વના આચરણ માટે જીવ ચારિત્ર યોગથી નિગ્રહ કરે છે. અર્થાત્ ચારિત્ર ગુણથી મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ કરે છે. અંતે નિગ્રહરૂપ તપથી સાધક વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે,અને શુદ્ધ-વિશુદ્ધ સ્થિતપ્રજ્ઞ બને છે.

આ રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર તથા તપ એ ચારે આત્મગુણ ખૂબ જ ઉપયોગી છે. એ જ ગુણ જ્યારે આચાર બની જાય છે ત્યારે એમનું આચરણ કરવું એ જ ધર્મ બની જાય છે.જ્ઞાનાચાર ધર્મમાં જ્ઞાનનો આચાર, દર્શનાચાર ધર્મમાં દર્શનનો આચાર, ચારિત્રાચાર ધર્મમાં ચારિત્રનો આચાર તથા તપાચાર ધર્મમાં તપનો આચાર-આચરણ કરવામાં આવે છે. જ્ઞાન દર્શનાદિ ગુણ છે. સ્વનામ આત્મા-આત્માના જ ગુણ જ્ઞાનાદિ છે. એમની જ ઉપાસના કરવાની છે. જે સ્વમાં નિહિત છે, એની ઉપાસના કરવાની છે, અને ત્યારે જ આત્મગુણો ઉપર આવેલ તથાપ્રકારના આવરણને કર્મના નામથી ઓળખવામાં આવે છે, એ કર્મોનો નાશ તે તે આચ્છાદિત ગુણોની ઉપાસનાથી જ થશે.

ઔષધિ જેવી રીતે રોગનાશક છે. એ જ રીતે ગુણોપાસના ધર્મ ગુણાચ્છાદક-ગુણ આવરક કર્મનો નાશ કરનાર છે. કર્મક્ષય કરનાર છે. આથી જેમ જેમ કર્મનું આવરણ નષ્ટ થતું જશે તેમ તેમ આચ્છાદિત ગુણોનો પ્રાદુર્ભાવ થશે. ગુણો પ્રગટ થતા જશે. જો સર્વથા સર્વ કર્મોનો ક્ષય થઇ જાય અને સર્વ ગુણ સંપૂર્ણ રૂપે પ્રગટ થઇ જાય તો તે જ

મુક્તાવસ્થા છે. એને જ મોક્ષ કહે છે. આત્મા પરમશુદ્ધ - પરમ વિશુદ્ધ પરમાત્મ સ્વરૂપ માનવામાં આવે. સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિરંજન-નિરાકાર બનવું એ જ આત્માનો મોક્ષ છે. આથી એક નિશ્ચિત છે કે આપણે આત્મગુણો ઉપર, એમની આરાધના પંર વિશેષ બળ આપવું પડશે.કર્મક્ષય કારક નિર્જરાની સાધના ઉપર વધારે ભાર મૂકવો પડશે. તેવા પ્રકારની સાધનામાં સહકારી-સહયોગી અને ઉપયોગી દેવ-ગુરૂનું આલંબન લેવું જ પડશે. આલંબન અતિ ઊંચો આદર્શ છે તો તેમની સ્તુતિ-પુજા-ભક્તિ આદિ કરવાનું ઉપયોગી સિદ્ધ થશે; કારણ કે પરમાત્માનું પરમ વિશુદ્ધ સ્વરૂપ એ આત્માની જ અવસ્થા છે. આપણે પામર આત્મા છીએ, એ પરમાત્મા છે. આથી પામરે પરમાત્માનું આલંબન લેવું આવશ્યકતા છે. અને તેથી જ પામર પરમ બની શકશે. અન્યથા અસંભવ છે.

આપણે પામરમાંથી પરમ બનવાની સાધના કરવાની છે આથી પરમનું આલંબન લેવું નિતાન્ત આવશ્યક છે. પરમ પણ કોણ છે ? જે આજે પરમ છે તેં એક દિવસ પામર હતા. આપણા જેવા પામર. એ પામરમાંથી પરમાત્મા કેવી રીતે બન્યા ? એમણે પણ પરમનું આલંબન અચૂક લીધું હતું, ત્યારે તે પામરમાંથી પરમ બન્યા -બની શક્યા ! ઉદાહરણ તરીકે નયસારનો જીવ મહાવીર કેવી રીતે બન્યો ? ધન સાર્થવાહનો જીવ ઋષભદેવ કેવી રીતે બન્યો? નયસાર, મરુભૂતિ અને ધર્મ સાર્થવાહ આ જોવામાં આવે તો સ્પષ્ટ જોવા મળે છે કે તેમણે પોતાની ભવ પરપરામાં પરમ આદર્શરૂપ મહાપુરૂષોનું આલંબન લીધું હતું. એમની સ્તુતિ-ભક્તિ આદિ કર્યાં છે, ત્યારે જ આગળ વધીને એક દિવસે તેઓ પણ પરમપદ ઉપર બિરાજમાન થઇ શક્યા. ભગવાન બનીને મોક્ષ માર્ગે ચાલ્યા ગયા.

એ તો ભગવાન બની ગયા, મોક્ષે ગયા પણ આપણે એવા જ સંસાર ચક્રમાં કેમ ભટકીએ છીએ ? આપણો મોક્ષ શા માટે નથી થયો ? આપણે ભગવાન કેમ ન બન્યા ? આનો ઉત્તર માત્ર એટલો જ છે કે આપણે તેવા પ્રકારની કર્મ નિર્જરા, કર્મક્ષય નથી કરી શક્યા; એટલા માટે કર્મચક્રમાં ફસાયેલાં રહ્યાં. કર્મક્ષય કેમ ન કર્યો ? કારણ કે કર્મક્ષયકારક એવું ધર્માચરણ નથી કર્યું ! એવો ધર્મ હતો અને છે તો પછી ધર્માચરણ કેમ ન કર્યું? કારણ કે આપણે મિથ્યાત્વાદિથી ગ્રસ્ત હતા. મહામોહથી ઘેરાયેલા હતા. એટલા માટે તેવા પ્રકારની શ્રદ્ધા-રૂચિ-ભાવના જાગી જ નહીં. આથી કર્મના બંધનથી યુક્ત પામર અવસ્થામાં આજે પણ પડ્યા રહ્યા છીએ.

તેવા પ્રકારનું સાચું જ્ઞાન મળશે, સાચી રૂચિ જાગશે,સાચી શ્રદ્ધા થશે અને સમ્યગ્જ્ઞાનપૂર્વક આચરણ થશે ત્યારે કર્મની જબરજસ્ત નિર્જરા થશે ત્યારે અંતે મોક્ષ થશે. પરમ વિશુદ્ધ પવિત્ર પરમાત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરીશું. જ્યાં સુધી અજ્ઞાન નહીં ટળે ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન પણ નહીં થાય. આથી અજ્ઞાનની નિવૃત્તિ અનિવાર્ય છે.

**अन्नाणं खु महाभयं**

અજ્ઞાન જ મહાભયંકર છે. અજ્ઞાન જ સર્વ પાપોનું મૂળ છે. એ જ આત્માનો

સૌથી મોટો શત્રુ છે. જગતમાં પદાર્થોનું જ સાચું સ્વરૂપ શું છે એ આપણે નથી જાણતા આથી પદાર્થ પ્રત્યે ખેંચાણ રહે છે. આત્મા પણ એક દ્રવ્ય છે-પદાર્થ છે. એનું પણ સાચું સ્વરૂપ આપણે નથી જાણતા-નથી ઓળખતા. આથી આત્મશુદ્ધિની યા સિદ્ધિની રૂચિ-જિજ્ઞાસા વધતી નથી. જીવ અનાત્મ ભાવો તરફ વધારે ખેંચાઇ રહ્યો છે.પરિણામ સ્વરૂપ જે મારું નથી, એમાં પણ મારાપણાની બુદ્ધિ કરી બેસે છે અને જે મારૂ તે મારી પાસે છે, એને હું ઓળખતો સુદ્ધાં નથી કવિએ ઠીક જ કહ્યું છે :

**(૧) જગ મેં નહીં તેરા કોઇ .... નર દેખ તું નિશ્ચે જોઇ.**

**(૨) આપ સ્વભાવ મેં અવધુ, સદા મગન મેં રહના ।**
**જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુઅ ન લીના ॥**
**તુમ નહીં તેરા, કોઇ નહીં તેરા, કયા કરે મેરા મરા ।**
**તેરા હૈ સો તેરી પાસે, અવર અબ અનેરા .... આપદ્ર**

હે આત્મન્ ! આ જગતમાં તારૂ કોઇ નથી, એ નિશ્ચિત જાણજે, સમજજે. એટલા માટે તું સદાય પોતાના આત્મસ્વરૂપમાં મસ્ત રહેજે, લીન રહેજે. કેમ કે આખો સંસાર કર્માધીન છે. એમાં કશું આશ્ચર્ય કરવા જેવું નથી. કર્મની વિચિત્રતાથી ભરેલ આ સસારમાં શુ આશ્ચર્ય વ્યક્ત કરીએ ? કઈ વાત ઉપર આશ્ચર્ય વ્યકત કરીએ ? સસારમાં બધું જ આશ્ચર્યથી ભરેલું છે. આથી આવા સસારમાં કશું જોવા જેવું નથી, ચેત્તન ! તું એ સારી રીતે સમજ કે - તું કોઈનો નથી, અને તારૂ પણ કોઈ નથી. નિરર્થક શા માટે મારૂ તારૂ કરીને દુઃખી થાય છે? અરે ! જે તારૂ છે તે તો તારી પાસે છે. બહારના જગતમાં તારૂ કશુ નથી. નકામો કસ્તુરીમૃગની જેમ માર્યો માર્યો કયાં ભટકી રહ્યો છે? કસ્તુરીમૃગની નાભિમાં જ કસ્તુરી છે, અને ભ્રમણા થઈ ગઈ છે કે સુગંધ કયાંક બહારથી આવે છે, અથી તે મૃગ જગલમાં ચારે બાજુ ભટકે છે, દોડે છે. અને અતે શિકારીનો ભક્ષ્ય બની જાય છે. આ જ સ્થિતિ અજ્ઞાની જીવની છે. સ્વયંને સ્વનુ જ્ઞાન નથી એ દુનિયાભરના પૌદ્ગલિક ભૌતિક પદાર્થોના માં રાગ કરીને તેમને પોતાના માની રહ્યો છે જે વાસ્તવમાં તેના નથી, જે પોતાનુ નથી તેમાં પોતાપણાની બુદ્ધિ રાખી રહ્યો છે. મારૂ મારૂ કહીને જીવનભર અથડાતો રહ્યો છે. અને અતે જીવનલીલા સમાપ્ત કરીને આયુષ્ય પૂર્ણ કરી દે છે. મનુષ્ય જન્મ જેવો મૂલ્યવાન ભવ હાથમાંથી જવા દે છે. આ કેવું ભયકર અજ્ઞાન છે! આ જ સર્વ પાપોનું મૂળ છે અજ્ઞાન જ કર્મનું મુખ્ય કારણ છે.

## જ્ઞાન માહાત્મ્ય

જગતમાં જ્ઞાનનો મહિમા અપરંપાર છે. જ્ઞાન જ જગતમાં સર્વસ્વ છે. જ્ઞાન સૂર્યવત્ પ્રકાશક છે. સૂર્ય અંધકારને દૂર કરીને ચારે તરફ પ્રકાશ ફેલાવે છે એ જ રીતે સમ્યગ્ જ્ઞાન અજ્ઞાન રૂપી તિમિરને દૂર કરીને જીવનમાં પ્રકાશ ફેલાવે છે. **'नाणं पयासगं सोहओ'** આ શબ્દો વિશેષાવશ્યક ભાષ્યમાં આપવામાં આવ્યા છે. પરંતુ આચરણાદિ ચારિત્રયોગ આત્માને મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. સારભૂત તત્ત્વ બતાવતા કહ્યું છે કે :-

**लोगस्स सारोधम्मो, धम्मंपि य नाणं सारियं बिंति ।**
**नाणं संजम सारं, संजम सारं च निव्वाणम् ।।**

સમસ્ત લોકમાં સારભૂત તત્ત્વ એક માત્ર ધર્મ જ છે, અને ધર્મમાં પણ સારભૂત તત્ત્વ જ્ઞાનને કહ્યું છે. જ્ઞાનનો સારપણ સંયમ પવિત્ર જીવન બતાવવામાં આવ્યુ છે. એવા સારભૂત ચારિત્રથી નિર્વાણ પદની પ્રાપ્તિ થાય છે. આથી એક બીજાનો આધાર એક બીજા પર-પરસ્પર છે. એવું જ ઉમાસ્વાતિજી પૂર્વધર માહાપુરૂષે તત્ત્વાર્થાસૂત્ર ની આદ્ય કારિકામાં લખ્યુ છે.

**सम्यग् दर्शन शुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।**
**दुःख निमित्तमपिदं तेन सुलब्धं भवति जन्म ।।**

સમ્યગ્ દર્શન-સાચી શ્રદ્ધાથી યુક્ત એવું જ્ઞાન જે વિરતિ (ચારિત્ર) પ્રાપ્ત કરાવે છે તો એથી દુઃખથી પ્રાપ્ત થનાર આ જન્મ પણ સુલભ બની જાય છે. જ્ઞાન કેવું જોઈએ ? આ વિચાર કરવા જેવી વાત છે. એ જ રીતે અજ્ઞાની જીવના જીવનમાં સદાય અધારૂ છવાયેલુ રહે છે. ભૂમિગૃહમાં જેમ સૂર્યના કિરણો નથી પહોંચતા અધારૂ જ ભરેલું રહે છે. એવું જ અજ્ઞાની જીવનુ અધારૂ હોય છે. એનુ જીવન અંધકારમય જ હોય છે. આથી અજ્ઞાન નિવૃત્તિ માટે જીવને જ્ઞાન માર્ગની પ્રવૃતિ કરવી જ પડશે. સમ્યગ્જ્ઞાન-સાચા જ્ઞાનને પામવા માટે અધિક પુરુષાર્થ કરવો જ પડશે. **नाण किरियाहिं मोक्खो** ...**'ज्ञानक्रियाभ्यां मोक्षः'** જ્ઞાન અને ક્રિયાથી જ મોક્ષ મળે છે. આ આપણા આગમ શાસ્ત્રો કહે છે. આથી જ્ઞાનનો મહિમા અપરંપાર છે.

**જ્ઞાન શું છે, દ્રવ્ય કે ગુણ ?**

જ્ઞાનથી કોઈ અસ્પૃશ્ય યા અજાણ નથી, જ્ઞાનનો અનુભવ સંસારસ્થ સર્વ જીવ પ્રતિદિન કરે છે. જ્ઞાન વગર અપણો વ્યવહાર જ ન ચાલે, બોલવા, ચાલવા, જોવા, સુંઘવા, ચાખવા, કહેવા આદિ સર્વ ક્રિયાઓમાં મુખ્ય જ્ઞાનનો જ વ્યવહાર રહે છે. સૂર્યના પ્રકાશને યા કપડાની સફેદીને આપણે દ્રવ્ય ન કહેતા ગુણ કહીએ છીએ, એવો જ આત્માનો આ જ્ઞાનગુણ છે. જ્ઞાન દ્રવ્ય નથી. દ્રવ્ય સ્વયં પોતનુ અસ્તિત્વ ધરાવે છે અસ્તિકાયવાન પ્રદેશ સમૂહાત્મક અસ્તિત્વવાળુ દ્રવ્ય છે. જ્ઞાનનો કોઈ પ્રદેશ નથી, તેમ જ ન તો જ્ઞાન પ્રદેશ સમૂહાત્મક અસ્તિત્વવાળુ દ્રવ્ય કહેવાય છે. દ્રવ્ય એ કહેવાય છે જેનો ગુણ અને પર્યાય હોય **'गुणद्रव्यायवद्-द्रव्यम्।'** ગુણ પર્યાયવાળુ દ્રવ્ય કહેવાય છે. જ્ઞાનનો કોઈ ગુણ નથી કારણ કે જ્ઞાન સ્વયં જ ગુણ છે. ગુણનું લક્ષણ કરતા કહ્યુ છે કે **'द्रयाश्रयि निर्गुणाः गुणाः'** ગુણ પોતે નિર્ગુણ હોય છે, ગુણમાં ગુણ હોતા નથી. જે દ્રવ્યમાં રહે છે, દ્રવ્યના આધારે રહેતા હોય અને સ્વયં નિર્ગુણ હોય એ ગુણ કહેવાય છે. આથી જ્ઞાન દ્રવ્ય સિદ્ધ થતુ નથી, સફેદી સ્વયં દ્રવ્ય નથી, પરંતુ ગુણ છે. આથી આ ગુણ કોઈ દ્રવ્યને આધીન રહે છે. સફેદી કપડામાં, ચુનામાં યા અન્ય કોઈપણ દ્રવ્યને આશ્રયિને રહે છે.

જ્યારે પણ સફેદીને રહેવું હશે ત્યારે તે સ્વતંત્ર રૂપે રહી શકશે નહી, કોઈને કોઈ

દ્રવ્યમાં જ રહેવું પડશે. એ રીતે જ્ઞાન એ ગુણ છે. એ જ્ઞાન ગુણ સ્વયં એકલો સ્વતંત્ર નહી રહી શકે, જ્યારે પણ જ્ઞાન ગુણ રહેશે ત્યારે તે આત્મદ્રવ્યમાં જ રહેશે. અન્ય દ્રવ્યમાં કેમ નહીં રહે ? પ્રશ્ન તો ઠીક છે કે જ્ઞાન આત્મામાં જ કેમ રહે ? શું આત્મા સિવાય અન્ય કોઈ દ્રવ્યમાં ન રહી શકે ? આપે તો **'द्रव्याश्रयि निर्गुणाः गुणाः'** આ લક્ષણ બતાવ્યું હતુ. આથી આ લક્ષણના આધારે જ્ઞાન જે સ્વયં નિર્ગુણ છે, એ ઈંટ, ચૂનો, પથ્થર યા કોઈ પણ દ્રવ્યમાં રહેવું જોઈએ. એવું નિશ્ચિત કયાં કહ્યું છે કે કોઈ દ્રવ્યમાં જ રહેવુ જોઈએ ? જેમ સફેદી કપડામાં, ચૂનામાં, રૂમાં, મીઠામાં આદિ કેટલાય પદાર્થોમાં રહે છે. તમારો પ્રશ્ન તો ખૂબ સારો છે. પરંતુ...વિચારો ! જે જેનો ગુણ એ એમાં જ રહેશે. જગતમાં મૂળભૂત બે જ દ્રવ્યો છે - જડ અને ચેતન, જીવ અને અજીવ દ્રવ્ય. ઈંટ, ચૂનો પથ્થર મકાનાદિ અજીવ-જડ છે. અજીવના ગુણ અજીવમાં જ રહેશે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આ જડ પુદ્ગલ પદાર્થના ગુણો છે.

જેને રૂપ-રસ-ગંધ-સ્પર્શ હોય એ જડ પુદ્ગલ પદાર્થ કહેવાશે. આથી એ જડ પુદ્ગલમાં જ રહેશે. ચેતન આત્મા પણ એક પણ દ્રવ્ય છે. એના પણ જ્ઞાન-દર્શનાદિ વિશેષ ગુણો છે. એ જ્ઞાન દર્શનાદિ આત્માને છોડી - આત્માતિરિક્ત અન્ય કોઈ જડ યા અજીવ પદાર્થમાં કદીપણ નહીં રહે. આત્મામાં જ રહેશે. આત્મા એક દ્રવ્ય છે. અને તમામ આત્માઓ એક સરખા છે. એકથી બીજાના આત્મસ્વરૂપમાં કોઈ ભેદ નથી. અંતર સ્વરૂપમાં નથી. આથી આત્માનુ સ્વરૂપ તો સર્વ અનંત આત્માઓનું એક સમાન જ છે. સાદશ એક સરખું જ છે. જેવો એક આત્મા છે તેવા અન્ય આત્માઓ છે. એટલા માટે **'सोऽहम्'** કહી શકીએ છીએ. હે ભગવાન ! જે તું છે - જેવો તું છે. એવો જ હું છું. આત્મસ્વરૂપમાં ભેદ નથી, સૌ સરખા છે.આથી સાદશ્ય સૂચક આ શબ્દો કહેવામાં આવે છે અંતર માત્ર એટલું જ છે કે એ સર્વથા કર્મરહિત છે અને આપણે કર્મથી ભરેલા છીએ પ્રભુ પાપાદિ દોષ રહિત છે. અને આપણે સર્વપાપોથી પૂરા છીએ, પ્રભુ સિદ્ધ-બુદ્ધ-મુક્ત છે અને આપણે બધા કર્મ સંસક્ત, અજ્ઞાની સંસારી છીએ.

પ્રભુ પરમ શુદ્ધ પરમાત્મા છે અને આપણે પામર અશુદ્ધ પામરાત્મા છીએ. શુદ્ધ-અશુદ્ધમાં અંતર જરૂર છે. પરંતુ આત્મસ્વરૂપમાં અતર નથી. એટલા માટે દરેકમાં જ્ઞાનાદિ ગુણ એક જેવો જ છે, હા, જ્ઞાનાદિના પ્રમાણ માત્રમાં અંતર જરૂર રહેશે. જેણે જેટલા પ્રમાણમાં કર્મક્ષય કરીને જેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું હશે, એમાં એટલું વત્તુ-ઓછુ પ્રમાણ જ્ઞાનાદિ ગુણમાં રહેશે.

પરંતુ જ્ઞાનાદિ જે આત્મગુણ છે એ સર્વમાં રહેશે. આત્માના સ્વરૂપમાં જડની જેમ વૈવિધ્ય નથી, અનંત પ્રકારના જડ પુદ્ગલ પદાર્થો જગતમાં છે. એ અનંત પુદ્ગલ પદાર્થોમાં વર્ણ-ગંધ-રસાદિ ગુણો રહે છે. આથી એ પૌદ્ગલિક દ્રવ્યો કહેવાય છે. વર્ણાદિ ગુણો કહેવાય છે. જે સ્વયં નિર્ગુણ છે અને પુદ્ગલ દ્રવ્યને આશ્રિત થઈને રહે છે પુદ્ગલના વર્ણાદિ ગુણ પુદ્ગલને છોડીને ચેતન આત્મામાં નહી રહે.

એ રીતે આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણ ચેતન આત્માને છોડીને બીજા પુદ્ગલ પદાર્થોમાં કદીય નહીં રહે. વર્ણાદિને કારણે પૌદ્ગલિક દ્રવ્ય રૂપી છે. રંગવાળા છે. રંગાદિને કારણે દેખાય છે. સૂંઘી શકાય છે. સ્પર્શી શકાય છે. પરંતુ ચેતન આત્મામાં આ વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ જડના ગુણો હોતા નથી, એટલા માટે આત્મા અરૂપી છે. અગંધી, અરસી-અસ્પર્શી છે. એથી દેખાતો નથી, સુંઘાતો નથી, ચાખી શકાતો નથી, સ્પર્શી શકાતો નથી. આથી જડ પુદ્ગલના ગુણોથી ચેતન આત્મનું જ્ઞાન થવું સંભવ નથી. એ રીતે આત્માના જ્ઞાન દર્શનાદિથી જડ-પુદ્ગલો ની પણ ઓળખાણ નહીં થાય. દ્રવ્યની ઓળખ પોતાના જ ગુણોથી થાય છે. પોતાનાથી ભિન્ન સ્વ-અતિરિક્ત ગુણોથી ઓળખાણ નથી, એટલા માટે ગુણોપાર્જન ગુણોત્કર્ષ-ગુણ પ્રાદુર્ભાવનો ધર્મ વીતરાગીઓએ બતાવ્યો છે. એને માટે ગુણાનુરાગ સહાયક અવલંબન છે. આથી એ નિશ્ચય થયો કે જ્ઞાન દર્શનાદિ ગુણોં છે. દ્રવ્યને આશ્રિત રહેનારા ગુણો છે. આત્મા ચેતન દ્રવ્ય છે જ્ઞાન-દર્શનાદિ આત્માના પ્રમુખ ગુણો છે. કર્મસંજોગવશાત્ આજ એ જ્ઞાનાદિ ગુણો આચ્છાદિત છે. છવાયેલા છે. ઢંકાયેલા છે. હવે એમને પ્રગટ કરવા જ પડશે. એમને પ્રગટ કરવા માટે પૂર્ણ રૂપે જ્ઞાનાદિનો પ્રાદુર્ભાવ કરવા માટે એની ઉપરનું આવરણ આચ્છાદક કર્મ દૂર કરવું પડશે. એ સર્વે કર્મોનો ક્ષય કરવો પડશે જેમ વાદળ હટે અને સૂર્ય સાફ દેખાય તેમ કર્મના આવરણ દૂર થાય કે આત્મા સાફ -સ્વચ્છ મૂળભૂત સ્વરૂપમાં દેખાશે.

## ગુણ મૂળભૂત અંતસ્થ છે

ગુણદ્રવ્યની અંદર જ રહે છે. ગુણોના આધાર પર જ દ્રવ્યનું સ્વરૂપ છે. ગુણ સમૂહાત્મક દ્રવ્ય હોવાથી દ્રવ્ય-ગુણનો અભેદ સંબંધ છે. ભેદ નથી. ગુણ દ્રવ્યને છોડીને એક ક્ષણ પણ બહાર રહેતો નથી, સદાકાળ ગુણ દ્રવ્યના આધારે જ રહે છે, આથી ગુણવાન દ્રવ્ય કહેવાય છે, તે જ્ઞાનાદિ ગુણ હોય કે વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણ હોય એ ગુણો દ્રવ્યમાં જ આશ્રિત રહેશે. જ્ઞાનાદિ ગુણ ચેતન આત્મામાં જ રહે છે. વર્ણાદિ ગુણો પુદ્ગલમાં રહે છે. એ દ્રવ્યનો નિશ્ચિત ગુણ છે. આ જ્ઞાનાદિ ગુણો બહારથી નથી આવતા. આત્મામાં જ નિહિત છે. મૂળભૂત પડ્યા રહ્યા છે. બહારથી ક્યાંથી આવે ? બહાર ક્યાં રહેલા છે કે જે બહારથી આવે ? બહાર તો આકાશ છે. આત્માની બહારતો જડ દ્રવ્ય છે જડમાં તો જ્ઞાનાદિ રહેતા નથી આકાશ પણ અજીવ દ્રવ્ય છે. આથી આવવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ? જ્ઞાનાદિ ગુણ આત્માના પોતાના મૂળભૂત ગુણો છે. આત્મામાં જ છુપાયેલા પડ્યા છે. એની ઉપરથી જેમ જેમ કર્મનું આવરણ દૂર થશે તેમ તેમ એ જ્ઞાનાદિ ગુણોનો પ્રાદુર્ભાવ થતો જશે. એ પ્રકટ થતા જશે. દેખાવા લાગશે. આથી જ્ઞાન આત્મામાં જ રહે છે. બહારથી આવતું નથી. બહાર પુસ્તકાદિ ઉપકરણ તો અભિવ્યંજક છે. ઉત્તેજક છે. દ્યોતક છે. જેમ કે વસ્તુ તો છે પરંતુ અંધારામાં દેખાતી નથી ત્યાં દીવો ધરવાથી દેખાવાની ક્રિયામાં સહાયક બને છે. દીપકના પ્રકાશે અંધારાને હઠાવી દીધું, જે અધારું વસ્તુ ઉપર આવરણ બનીને પડ્યું હતું, અને પ્રકાશે હઠાવીને દીધું

આંખ અને વસ્તુની વચ્ચેનું આવરણ હઠાવી દીધું કે વસ્તુ સ્પષ્ટ દેખાવા લાગી. એ રીતે આત્માના જ્ઞાનગુણ ઉપર કર્મનું આવરણ પડયું હતું. પુસ્તક વાંચવું-જ્ઞાન ધ્યાન, સ્વાધ્યાય આદિની પ્રક્રિયાથી તેતે પ્રકારનું આવરણ જેમ જેમ હઠતું જશે તેમ તેમ જ્ઞાન પ્રગટ થતું જશે. એ માટે બહારનું નિમિત્ત ઉત્તેજક છે. કર્માવરણને હઠાવવામાં સહયોગી-અભિવ્યંજક છે. આત્મામાં જ પડેલું જ્ઞાન પ્રગટ થતું જાય છે.

નિગોદની અવ્યક્ત અવસ્થામાં પણ મતિ-શ્રુતનું જડ જ્ઞાન અનતમાં ભાગની અવસ્થામાં અલ્પ પ્રમાણમાં પડયુ છે. એ જ પ્રગટ થાય છે. કેવલી અવસ્થામાં અનંત સ્વરૂપમાં પ્રગટ થાય છે. સર્વાવરણ ક્ષય થતાં જ સર્વજ્ઞાન-સંપૂર્ણજ્ઞાન પ્રગટ થઈ જશે એને જ અનંતજ્ઞાન યા કેવળજ્ઞાન કહે છે. ગ્રીક દાર્શનિક પ્લુટોએ પણ કહ્યુ છે કે `Knowledge is nothing but it is intutional' જ્ઞાન એ બહારનું દ્રવ્ય નથી, એ તો આંતરિક છે, અંદરથી પ્રગટ થનારૂં છે.

## જ્ઞાનાદિ ગુણો ભેદક છે.

અનંત બ્રહ્માંડમાં જડ અને ચેતન આ બેજ મુખ્ય દ્રવ્યો છે. ત્રીજું સ્વંતત્ર અસ્તિત્વ ધરાવતું કોઈ દ્રવ્ય નથી. આથી સ્વતંત્ર અસ્તિત્વ ધરાવનારા આ જડ-ચેતન બે જ દ્રવ્યો મૂળભૂત દ્રવ્યો છે. બંનેના પોત પોતાના ગુણો છે. એ પોતાના દ્રવ્યોમાં જ નિહિત રહે છે. જ્ઞાન દર્શનાદિ ચેતન આત્મામાં જ નિશ્ચિત રૂપે રહે છે, અને વર્ણ-ગંધાદિ જડમાં નિશ્ચિત રૂપથી રહે છે. એક બીજાના ગૂણો એક બીજામાં સંક્રાન્ત થતા નથી ગુણોમાં સક્રમણનો સ્વભાવ નથી. જડ ચેતન છે તો બંને દ્રવ્યો જ તો પછી દ્રવ્યની એક જ જાતિના બંને દ્રવ્યોમાં ગુણ સંક્રમિત કેમ નથી થઈ શકતા ? ગુણને તો દ્રવ્યના આધારે જ રહેવાનુ છે, તો પછી એમના ગુણો એમાં રહી જાય તો ખોટું શું છે ? પરંતુ ના, એવું કદીય સંભવિત બને તેમ નથી. જડ-ચેતન બંને દ્રવ્યની જાતિના જ દ્રવ્યો છે. છતાં પણ ગુણ સંક્રમિત થતા નથી. જડના ગુણ જડમાં રહેશે અને ચેતનના ગણો ચેતનમાં જ રહેશે. એટલા માટે બંને જડ-ચેતન દ્રવ્યોને અલગ રાખનારા એમના ગુણ છે. જ્ઞાન દર્શનને કારણે જીવ ચેતન કહેવાય છે એ રીતે વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણોને કારણે જડ-જડ દ્રવ્ય કહેવાય છે. એટલા માટે ગુણ દ્રવ્ય ભેદક કહેવાય છે. જડ અને ચેતન બંને ય ભિન્ન ભિન્ન સ્વંતત્ર દ્રવ્યો છે બંનેના ગુણો સર્વથા ભિન્ન હોવાથી જડ પોતાનું સ્વંતત્ર અલગ અસ્તિત્વ ધરાવે છે આ બંનેમાં જ્ઞાન-દર્શન જ મુખ્ય ભેદક ગુણો છે.

## જ્ઞાનયોગનું પ્રાધાન્ય

આત્માના કેટલાય ગુણો છે, પરંતુ એ બધામાં જ્ઞાન જ એક માત્ર પ્રમુખ ગુણ છે. અન્ય બધા ગુણોનો આધાર જ્ઞાનગુણ ઉપર જ છે. સુખ-દુઃખના સંવેદનોમાં પણ જ્ઞાન ગુણનું જ પ્રાધાન્ય છે. ચારિત્રગુણ પણ જ્ઞાનાશ્રયી છે. ચારિત્રના આચરણમાં પણ જ્ઞાનની આવશ્યકતા છે. જ્ઞાનયુક્ત અને જ્ઞાનાનુસારી ચારિત્ર જ તારક બનશે. અજ્ઞાની વિવેક રાખી શકતો નથી જ્ઞાની વિવેકનુંય સૂક્ષ્મ રૂપે આચરણ કરી શકે છે. શું હેય-

ત્યાજય છે, શું જ્ઞેય-એટલે જાણવા યોગ્ય છે, શું ઉપાદેય આચરવા યોગ્ય છે, એ રીતનો વિવેક જ્ઞાનીને વિશેષ રહે છે એટલા માટે જ્ઞાન યોગની સાધના સૌથી વધારે પ્રાધાન્યતા ભોગવે છે.

શાસ્ત્રકાર મહાર્ષિઓએ વ્યાખ્યાન-પ્રવચન-નો અધિકાર પણ જ્ઞાની ગીતાર્થને જ આપ્યો, આલોચના-પ્રાયશ્ચિત પણ જ્ઞાની ગીતાર્થ પાસેથી જ લેવાનું કહ્યું છે. વિહાર પણ જ્ઞાની ગીતાર્થની નિશ્રામાં યા એની આજ્ઞા અનુસાર કરવાનું કહ્યુ છે. અંતે એટલે સુધી કહી દીધું કે જ્ઞાની ગીતાર્થના હાથે હળાહળ ઝેર પીવું એ સારુ છે પરંતુ અજ્ઞાની-અગીતાર્થના હાથે અમૃત પીવું એ પણ ખરાબ છે. લોકવ્યવહારમાં દરદી કહે છે સારા કુશળ ડૉક્ટરના હાથે મરવું એ સારૂ છે પરંતુ અર્ધજ્ઞાની-અલ્પજ્ઞાની-અધૂરા-નકલી ડૉક્ટરના હાથે અમૃત પીને જીવવું એ ભયાનક છે.

જ્ઞાનયોગથી જ આત્મા પરમાત્માને સમજી શકશે. તત્ત્વાર્થ અને યથાર્થ બંને સ્વરૂપ જ્ઞાનયોગથી જ સમજી શકાશે. જ્ઞાની જ સુખની સાચી દિશા પામી શકે છે. જ્ઞાનયોગની સાચી સાધનાથી જ તત્ત્વાતત્ત્વનો વિપર્યાસ દૂર થાય છે. પદાર્થો અને તત્ત્વોની યથાર્થતા-વાસ્તવિકતા જ્ઞાનગમ્ય છે. જ્ઞાનયોગના બળ ઉપર જ પરોક્ષ રૂપથી સ્થિત સ્વર્ગાપવર્ગ-લોક પરલોક, સ્વર્ગ નરક, પૂર્વજન્મ પુનર્જન્મ અને કર્મ ધર્મ તથા મોક્ષાદિ તત્ત્વોનો સાચો બોધ પ્રાપ્ત કરી શકાય છે. સ્વપરનુ નિશ્ચયાત્મક પ્રમાણભૂત જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. 'પ્રમાણનય તત્ત્વાલોક', જૈનતર્કભાષા' આદિ મુખ્ય તર્કન્યાયના ગ્રથોમાં વ્યાખ્યા કરતા આ જ કહ્યું છે કે **'स्वपर व्यवसायि ज्ञानं प्रमाणं ।'** સ્વ અને પરનું નિશ્ચયાત્મક જ્ઞાન જ પ્રમાણભૂત છે. સ્વ-આત્મા, અને પર અર્થાત આત્મેતર અન્ય પદાર્થ આ બંનેનું સાચુ નિશ્ચયાત્મક જ્ઞાન જ પ્રમાણ કહેવામાં આવે છે. ભ્રમ, સંશય યા વિપર્યયનું નિવારણ પણ પ્રમાણજ્ઞાન છે. જ્ઞાન જ જીવને સાચી દિશા પ્રદાન કરે છે. જીવનની સાચી દિશાની પસંદગી જ્ઞાન ગમ્ય છે. જ્ઞાનની વૃદ્ધિ સમ્યગ્ શ્રદ્ધાની વૃદ્ધિ કરશે. સત્યાસત્યનો વિવેક જ્ઞાનયોગ દ્વરા જ સાધ્ય છે. આ રીતે જ્ઞાનનો મહિમા અપરંપાર છે. સર્વસ્વીકૃત વાત છે, એમાં રત્તિભર પણ શંકા નથી. પરંતુ કેવું જ્ઞાન જોઈએ? એ વિચારવાનું છે.

### સમ્યગ્ જ્ઞાન અને મિથ્યાજ્ઞાન

સમ્યગ્ જ્ઞાન પણ જ્ઞાન જ છે, અને એનાથી વિપરીત મિથ્યાજ્ઞાન પણ જ્ઞાન જ છે. એનાથી પણ એવું જ દેખાય છે. સાપ ને જ સાપ માનવો અને અંધારામાં પડેલી વાકી ચૂંકી દોરીને સાપ માનવો એ બંને જ્ઞાન જ ભાસશે, પરંતુ એક સાચું જ્ઞાન છે. જ્યારે બીજું ભ્રમ-જ્ઞાન છે.

વૃક્ષને વૃક્ષ માનવું એ સમ્યગ્ જ્ઞાન છે, પરંતુ અંધારામાં યા દૂરથી પુરૂષાકૃતિ દેખાતા ભ્રમવશ પુરૂષ માનવો એ સંશય જ્ઞાન છે. છીપમાં રજતબુદ્ધિ ભ્રમાત્મક છે મૃગમરીચિકા મૃગજળમાં રેતી પર પડતા સૂર્યકિરણો રેતીની ચમક પેદા કરે છે. એને

પાણી માની લેવું એ ભ્રમ છે. હરણ કસ્તૂરીને બહાર માનીને ભટકવા માંડે છે એ એનુ ભ્રમ જ્ઞાન છે. ભ્રમ યા વિપરીત જ્ઞાન વશ ભટકવું એ પણ દુઃખ દાયી છે. બરાબર એ જ રીતે શરીરને જ આત્મા માનવો એમાં દેહાત્મવાદી નાસ્તિકો કહેવાય છે પ્રાણશકિત તેને જ આત્મા માનવો, ઈન્દ્રિયોને આત્મા માનવો યા મનને આત્મા કહેવો યા પંચ ભૂતની શક્તિઓને આત્મા કહેવો એ બધું મિથ્યાજ્ઞાન છે. સ્વર્ગને જ અપવર્ગ કહેવો અને વ્યવહાર કરવો એ મિથ્યાજ્ઞાન છે. અધર્મને જ ધર્મ કહેવો, હિંસામાં જ ધર્મ માની લેવો, પાપાચારમાં જ પુણ્ય માની લેવું અથવા અધર્મ સેવન પાપાચારથી જ સુખી બનવાની અપેક્ષા રાખવી તેમજ અહિંસા દયા ધર્મની યોગ્ય વ્યાખ્યા ન કરવી એ બધા મિથ્યાજ્ઞાનના પ્રકારો છે. સ્વર્ગ-નરક-પૂર્વજન્મ-પુનર્જન્મ કશું છે જ નહીં, આત્મા પરમાત્મા કશું નથી, લોક પરલોક જેવી કોઈ વસ્તુ નથી, મોક્ષ વગેરે નથી, કર્મ ધર્મની વાતો જૂઠી છે આ તમામ મિથ્યા-વિપરીત જ્ઞાન છે.

તત્ત્વની યથાર્થતા ન સ્વીકારવી એ મિથ્યાજ્ઞાન છે. ઝેર ઘાતક છે. અમૃત પ્રાણદાયક છે. એ રીતે મિથ્યાજ્ઞાન ઘાતક છે, સમ્યગ્ જ્ઞાન તારક છે, સમ્યગ્ દષ્ટિ જીવને મિથ્યાજ્ઞાન પણ સમ્યગ્ રૂપે પરિણત થાય છે. કારણ કે દષ્ટિ જ તેવા પ્રકારની સમ્યગ્ હોવાથી એ એ રીતે જોતો થાય છે. જ્યારે મિથ્યાદષ્ટિની દષ્ટિ જ વિપરીત છે, આથી સત્ય પણ અસત્ય રૂપે દેખાય છે. જેમ કમળાના રોગથી પીડાતો રોગી સફેદ વસ્તુને પીળી જુએ છે, એ રીતે જ મિથ્યાત્વીને બધુ જ તેની બુદ્ધિ અનુસાર વિપરીત-મિથ્યા રૂપ દેખાય છે. આથી દષ્ટિ તથા બુદ્ધિ સમ્યગ્ બનાવવી જ હિતકારી છે.એનાથી વૃત્તિ તથા દષ્ટિ બંને સમ્યગ્ બનશે.

**સમ્યગ્જ્ઞાન**

**स्वार्थाकारपरिच्छेदो निश्चितो बाधवर्जितः ।**
**सदा सर्वत्र सर्वस्य सम्यग् ज्ञानमेकधा ॥**

તત્ત્વાર્થ શ્લોક વાર્તિક મહાગ્રંથમાં સમ્યગ્ જ્ઞાનની વ્યાખ્યા કરતા લખ્યું છે કે સંશય વિપર્યય અને અનધ્યવસાયાદિ બાધાકારક દોષ રહિત નિશ્ચયાત્મક સ્વાર્થાકાર જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે. 'તત્ત્વાર્થવાર્તિક'માં વ્યાખ્યાને સ્પષ્ટ કરતા કહ્યુ છે કેઃ-

**नय प्रमाण विकल्पपूर्वको जीवाद्यर्थ याथात्म्यावगमः सम्यग्ज्ञानम् ।**
નય અને પ્રમાણના વિકલ્પ પૂર્વક જીવાદિ પદાર્થોનું જેવું છે એવું જ યથાર્થ જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે. સમ્યગ્જ્ઞાનનો જ વિશેષ અર્થ છે કે મોહ-સંશય-વિપર્યય આદિથી રહિત યથાર્થ વાસ્તવિક જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન હોય છે. અર્થાત્ જે જીવાદિ પદાર્થો જેવા છે, જે મૂળભૂત સ્વરૂપમાં છે, એને એ જ સ્વરૂપમાં જોવા-જાણવા એ યથાર્થતા જ સમ્યગ્ સ્વરૂપની દ્યોતક છે.

જીવ અજીવાદિ જે જેવા છે એનાથી વિપરીત જોઈએ યા સમજીએ તો એ વિપરીત જ્ઞાન-વિપર્યય જ્ઞાન યા વિપર્યાસ ને કારણે મિથ્યા જ્ઞાન કહેવાશે. આ સંશયાદિ

રહિત નિશ્ચયાત્મક જ્ઞાન-નય અને પ્રમાણોના આધારે થાય છે. આથી નય-પ્રમાણનું આ જોડું છે **'प्रमाणनयैरधिगमः'** અધિગમ એટલે જ્ઞાન.પ્રમાણ નય ઉભય પદ્ધતિથી જ્ઞાન થાય છે. આથી ઉમાસ્વાતિજી મહારાજે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'માં સૂત્ર આપીને ઉપરની વાત સ્પષ્ટ કરી છે. આથી બંનેની સપ્ત ભંગીઓ બનાવવામાં આવી છે (૧) પ્રમાણ સપ્તભંગી અને (૨) નય સપ્તભંગી.

પ્રમાણ સપ્તભંગીમાં કથંચિત અપેક્ષાની સાથે સાત ભંગ બને છે. આ સાતે ભેદોની અપેક્ષાને સમજીને પદાર્થનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરી શકાય એ જ સાચું જ્ઞાનનું સ્વરૂપ બનશે અને બીજી સપ્તભંગીમાં સાત નયોને લીધે પદાર્થના બોધને પ્રાપ્ત કરવામાં આવે તો સંમિલિત રૂપ સમ્યગ્ જ્ઞાન હશે. પરંતુ નિરપેક્ષ ભાવથી જો એક જ નયથી જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે તો એ પૂર્ણજ્ઞાન નહીં હોય. કારણ કે નય એકાંશગ્રાહી છે. સર્વાંશગ્રાહી પ્રત્યેક નય નથી. જો સર્વ નયોની દૃષ્ટિને એકત્ર કરીને પછી વસ્તુનો નિર્ણય કરવામાં આવે તો વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન થશે. વસ્તુના સંપૂર્ણ સ્વરૂપનો યથાર્થ બોધ પ્રાપ્ત કરવા માટે પ્રમાણ અને નયની આવશ્યકતા હોય છે. આથી પ્રમાણ અને નય જ્ઞાનની પ્રક્રિયા રૂપે છે. જ્ઞાન બોધક પદ્ધતિ છે.

**સપ્તનય**

નૈગમ સંગ્રહ વ્યવહાર ઋજુસૂત્ર શબ્દ સમભિરૂઢ એવંભુત

આ સાત નય છે **वस्तुरभिप्रायः विशेषो नयः** । કહેનારા વકતાનો અભિપ્રાય વિશેષ નય છે. આથી નય એકાંશગ્રાહી છે, દરેક નય પોતાના તરફથી અલગ અલગ સ્વરૂપ બતાવે છે. પૂર્વપૂર્વ નયોનું વિષય ક્ષેત્ર મોટું છે અને ઉત્તર નયોનું વિષય ક્ષેત્ર સંક્ષિપ્ત થતું જાય છે. નાનું થતું જાય છે.

નૈગમ વ્યાપક દૃષ્ટિવાળો છે. એનાથી નાનો સંગ્રહ અને પછી ક્રમશઃ નાના નાના થતા જાય છે. અંતે એવંભૂત નય વર્તમાન કાળની સામાન્ય વાત જ કરે છે. આ એક એક નય મિથ્યાજ્ઞાન સ્વરૂપી છે, પરંતુ સર્વ નયોનું સંમિલિત રૂપ સમ્યગ્ જ્ઞાન બતાવે છે. જગતના મિથ્યા અંશનો એક એક નય લઈ વાત કરે છે. અન્ય નયની વાત એ વિચારતા નથી એથી જ્ઞાન સંપૂર્ણ નથી બની શક્તું. 'ષડ્ દર્શન જિન અંગ ભણીજે ' નમિનાથ ભગવાનના સ્તવનમાં અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજે આ શબ્દોમાં કહી દીધું છે કે 'હે જિનેશ્વર પ્રભુ ! છ દર્શનો આપના જ એક એક અંગ છે. હાથ, પગ,આંખ, કાન આદિ જેમ શરીરના એક એક અંગ છે, એમ ભિન્ન ભિન્ન નય એ અંગ છે. બધા અંગોનુ બનેલુ મળેલું સર્વાંગી સંપૂર્ણ શરીર કહેવાય છે, એ જ રીતે સર્વ નયોનુ ભિન્ન ભિન્ન સ્વરૂપ સંપૂર્ણ મળીને સર્વ અપેક્ષાએ જોઈએ તો એ જ્ઞાન સમ્યગ્ બને છે. બધી નદીઓ સ્વતંત્ર અલગ છે, પણ સમુદ્ર બધી નદીઓનું મિશ્રિત રૂપ છે. એ રીતે મિથ્યાજ્ઞાન એકાંશગ્રાહી હોય છે. સાપેક્ષ નહીં, નિરપેક્ષ હોય છે, જ્યારે સમ્યગ્જ્ઞાન સર્વાંશગ્રાહી સાપેક્ષ હોય છે. સર્વ અપેક્ષાઓને ગ્રહણ કરનાર છે.

## સ્યાદ્વાદ-સપ્તભંગી

સ્યાદ્વાદ-અનેકાન્તવાદ એ જૈન ધર્મની એક મૌલિક વિશિષ્ટ દેન છે. એ જ્ઞાનની એક વિશેષ પ્રક્રિયા છે.

આ જ્ઞાન પદ્ધતિ છે. અનેકાન્તવાદ અને સ્યાદ્વાદ બંનેય આના નામ છે. એને સાપેક્ષવાદ પણ કહે છે **'अनन्त धर्मात्मकं वस्तु'** - વસ્તુ અનંત ધર્માત્મક હોવાથી અનેક દૃષ્ટિ કોણથી એક વસ્તુને જોઈ શકાય છે. બધા ધર્મો વિરોધી નથી. વિરોધી દેખાતા વિપરીત ધર્મો પણ એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન અપેક્ષા એ પડ્યા હોય છે. ઉદાહરણાર્થ એક મનુષ્ય છે, એની સાથે અનેક લોકોનો સંબંધ છે. એ સંબંધોમાંથી એ મનુષ્ય કોઈનો **પુત્ર** છે, કોઈનો પિતા છે, કોઈનો કાકા થાય છે, તો કોઈનો પૌત્ર પણ થાય છે, કોઈનો **પિતામહ**-દાદા છે, તો વળી કોઈનો પતિ પણ છે, તો કોઈકનો મામો પણ થાય છે, કોઈનો **જમાઈ**, કોઈનો બનેવી, તો કોઈનો સાળો, આ રીતે કોણ જાણે કેટલા સંબંધો **એમાં હોવાથી** અનેક સંજ્ઞાઓથી એ વાચ્ય બને છે. જોવાથી એમ લાગે છે. પુત્રત્વ, પિતૃત્વ, **પૌત્રત્વ**,પિતામહત્વાદિ વિરોધાભાસી ધર્મો છે. આપણે આશ્ચર્યમાં પડી જઈએ **છીએ કે જે પુત્ર છે** તે પિતા કેવી રીતે બની શકે છે ! અરે... જે પૌત્ર છે તે પિતામહ કેવી રીતે **બની શકે** ? આ આપણા મનના વિરોધાભાસી પ્રશ્નો છે.

આપણને વિપરીત લાગે છે કે એક વ્યક્તિમાં આ પરસ્પર વિરોધાભાસી ધર્મો કેવી રીતે રહી શકે ? પરંતુ એવું નથી, બધા ધર્મો ભિન્ન ભિન્ન અપેક્ષાએ રહેલા છે. જેમ કે પોતાના પિતાની અપેક્ષાએ એ પુત્ર છે, પણ એ જ સમયે પોતાના પુત્રની અપેક્ષાએ એ પિતા છે. એ જ રીતે પોતાના પિતામહની સામે એ પૌત્ર છે, પણ પોતાના પૌત્રનો તો એ પિતામહ જ છે.

આ રીતે ભિન્ન ભિન્ન અપેક્ષા એ ભિન્ન ભિન્ન અનેક ધર્મ એક વ્યક્તિમાં રહે છે. એમને આપણે અપેક્ષાઓથી જોઈને વ્યવહાર કરીએ એ સાપેક્ષવાદ છે. એ અનંત ધર્મોને જોઈને અનેકાન્તવાદ કથન ઉદાહરણાર્થ - આ અનેક વ્યક્તિ સંબંધમાં જોયું છે. એ રીતે જગતમાં અનેક વસ્તુઓ છે પ્રત્યેક વસ્તુ અનંત ધર્માત્મક છે. આથી અનેકાન્તવાદ એ અનંતધર્મોને ભિન્ન ભિન્ન અપેક્ષાએ જોઈને પદાર્થનું સાચું સ્વરૂપ સમજાવવાની કોશિશ કરે છે. આ તમામ અપેક્ષાઓને 'સ્યાદ્' શબ્દથી કહેવુ એ જ 'સ્યાદ્વાદ' છે. સ્યાદ્ - કથંચિત્, અને વાદનો અર્થ છે કથન કરવું, કહેવું. અન્ય અપેક્ષાઓનો લોપ ન કરીને સર્વ અપેક્ષાઓથી વસ્તુનું કથન કરવાની પદ્ધતિને સ્યાદ્વાદ' કહેવામાં આવે છે.

નિત્ય-અનિત્ય, એક-અનેક, ભેદ-અભેદ, સામાન્ય આદિ અનેક ધર્મો છે કે જે વસ્તુમાં રહે છે. એમને ક્રમશઃ જોવા માટે સાત જ પ્રકારના ભંગ બને છે. આથી એને 'સપ્ત ભંગી' કહેવામાં આવે છે. સાત પ્રકારના ભંગ બને છે. તમને નવાઈ લાગશે કે સાત ભંગ-ભાંગા કેમ થાય છે ? એના ઉત્તરમાં કહેવામાં આવે છે કે અનંત ભાંગાઓમાંથી સાત જ ભાગાઓની કલ્પના સિદ્ધ છે. પ્રત્યેક પર્યાયની અપેક્ષાએ પ્રતિપાદ્ય સબધી

સાત જ પ્રકારના પ્રશ્ન કરી શકાય છે. આથી સાત જ ભંગ-ભાંગાઓ થાય છે. પ્રત્યેક પર્યાયની અપેક્ષાએ સાત પ્રકારની જ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. એથી સાત જ પ્રકારના પ્રશ્નો ઉત્પન્ન થાય છે (શંકા) સંદેહના સાત જ પ્રકારો થઈ શકે છે. એટલે સાત જ પ્રકારની જિજ્ઞાસા થાય છે. પ્રત્યેક વસ્તુના સાત જ ધર્મોનું હોવું સંભવ છે એટલે સંદેહ પણ સાત જ પ્રકારના થાય છે. આ ભેદથી સંદેહની તરફ નીચે ઉતરતા ઊલટા ક્રમમાં સીધા જોઈએ તો વસ્તુ સમજવા માટે એના ધર્મોને જોવા માટે સાત જ પ્રકારની શંકાઓ (સંદેહો) જાગે છે, એટલા માટે કે વસ્તુમાં સાત જ ધર્મ હોય છે. સાત ધર્મોને આધારે શંકાઓ સાત જ થઈ. શંકાઓ સાત જ એટલા માટે થઈ કે પ્રત્યેક પર્યાયની અપેક્ષા એ સાત પ્રકારની જ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.

જિજ્ઞાસા સાત જ એટલા માટે થાય છે, કે પ્રત્યેક પ્રર્યાયની અપેક્ષાએ પ્રતિપાદ્ય સંબંધી સાત પ્રકારના જ પ્રશ્નો કરી શકાય છે. સાત ભંગ-ભાંગા આ પ્રકારના છે -

**(१) स्याद् अस्ति घटः ।**

**(२) स्यान्नास्ति घटः ।**

**(३) स्याद् अस्ति च नास्ति च घटः ।**

**(४) स्याद् अवक्तव्य घटः ।**

**(५) स्याद् अस्ति च अवक्तव्य घटः ।**

**(६) स्याद् नास्ति च अवक्तव्यश्च घटः ।**

**(७) स्याद् अस्ति च नास्ति च अवक्तव्य घटः ।**

સ્યાદ્ એ અવ્યય છે. જે કદાચ કથંચિત્‌ના અર્થમાં પ્રયોજાય છે. સ્યાદ્ લાગવાથી આ અન્ય અપેક્ષાઓનો નિષેધ નથી કરતું (૧) **स्याद् अस्ति घटः** એટલે સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી ઘડા (ઘટ)નું અસ્તિત્વ છે. દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વિદ્યમાન છે, પરંતુ એ જ વસ્તુ પર દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવથી નથી. જેમ ઘટ સ્વદ્રવ્યરૂપે માટીનો છે. પાર્થિવ છે. જળરૂપે નથી. ક્ષેત્ર સ્થાનની અપેક્ષાથી ઘટ જયપુરનો છે.પણ મુંબઈનો નથી. કાળની અપેક્ષાએ શિયાળાનો છે. પણ ગ્રીષ્મઋતુનો નથી ભાવ (સ્વભાવ) થી કાળો -શ્યામ છે પણ લાલ નથી. આ રીતે પ્રથમ ભંગનો અર્થ છે. સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાથી ઘટ-ઘડો છે.

બીજા ભંગનો અર્થ થાય છે. એ જ ઘટ સ્વ દ્રવ્ય-ક્ષત્ર-કાળ ભાવની અપેક્ષાથી વિદ્યમાન હોવા છતાં પણ પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી વિદ્યમાન નથી. જેનું સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાથી અસ્તિસ્વ છે,એનું પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષા એ **नास्तित्व** સમજવું જોઈએ.

ત્રીજો ભાંગો પહેલા અને બીજા ભાંગાનું સંયુક્ત સ્વરૂપ છે. એ જ ઘટ-ઘડો અસ્તિ-નાસ્તિ બંને અપેક્ષાએ એક જોવામાં આવે છે. આથી વસ્તુ સ્વરૂપની અપેક્ષાએ અસ્તિત્વ રૂપ હોવા છતાં પણ પર રૂપ અપેક્ષાથી નાસ્તિ રૂપ છે, નથી. વસ્તની બંને

અપેક્ષાઓનું સમૂહાત્મક જ્ઞાન કરાવે છે તે ત્રીજો ભાંગો છે. ૪થો ભાંગો એ કહે છે કે બંને અપેક્ષાઓને કોઈ એક શબ્દથી વાચ્ય કરી શકતા નથી, આથી અવક્તવ્ય છે. એટલા માટે કહેવામાં-બીજાની સામે કથન કરવામાં આપણે અસ્તિ-નાસ્તિ પરસ્પર વિરુદ્ધ બંને ધર્મોને એક સાથે કેવી રીતે કહેવાય ? આથી અવક્તવ્ય છે.

પાંચમામાં જ્યારે આપણે વસ્તુને સ્વરૂપની અપેક્ષાએ સત્ કહીને એની એકી સાથે અસ્તિ-નાસ્તિ રૂપ અવક્તવ્ય રૂપથી વિવેચના કરવા ઈચ્છીએ, એ સમયે વસ્તુ સ્યાદસ્તિ અવક્તવ્ય નામના પાંચમાં ભેદથી કહેવાય છે. છઠ્ઠા ભાંગામાં જ્યારે આપણે વસ્તુના અસ્તિત્વ ધર્મી વિવક્ષાથી એક સાથે અસ્તિ-નાસ્તિ રૂપ અવક્તવ્ય રૂપથી વિવેચના કરવા ઈચ્છીએ, એ સમયે, વસ્તુ 'સ્યાન્નાસ્તિ અવક્તવ્ય' ભાંગાથી કહેવામાં આવે છે.

સાતમામાં પ્રત્યેક વસ્તુ ક્રમથી સ્વ અને પર રૂપની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ હોવા છતાં એકી સાથે અસ્તિ-નાસ્તિ રૂપ અવક્તવ્ય હોવાને કારણે 'સ્યાદ્સ્તિ-નાસ્તિ અવક્તવ્ય' રૂપ સાતમાં ભાંગાથી કહી શકાય છે.

પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મો હોવાથી વસ્તુના અનેક ભાંગાઓ બને છે, પરંતુ આ અનંત ભાંગા વિધિ અને નિષેધની અપેક્ષાથી સાત જ થઈ શકે છે. આથી આ રીતે જ સત્ ધર્મ (અસ્તિત્વ ધર્મ) અને અસત્ ધર્મ (નાસ્તિ ધર્મ) થી એક જ સપ્તભંગી (સાત ભાંગાઓનો એક સમૂહ) થાય છે. એ રીતે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મની અપેક્ષાથી એક જ સપ્તભંગી બને છે. આમ વસ્તુના ભિન્ન ભિન્ન ધર્મની અપેક્ષાથી ભિન્ન ભિન્ન સપ્તભંગીઓ બનશે.

અનેકાન્તવાદ વસ્તુના અનંત ધર્મોના માનસિક સ્વરૂપથી વિચાર કરવામાં ઉપયોગી છે. એને જ 'સ્યાદ્' શબ્દ લગાડીને કથન કરવાથી સ્યાદ્વાદ કાર્ય કરે છે. એ સર્વ અપેક્ષાઓ લઈને ચાલે છે. આથી (૧) કાળ (૨) સ્વભાવ (આત્મરૂપ) (૩) અર્થ (આધાર) (૪) સંબંધ (૫) ઉપકાર (૬) ગુણિદેશ (દ્રવ્યનો આધાર) (૭) સંસર્ગ તથા (૮) શબ્દ, ઇત્યાદિ આઠ પ્રકારે વિવક્ષા કરવામાં આવે છે. સકલાદેશથી જ્ઞાન થાય છે આથી આ સકલાદેશ સપ્તભંગી કહેવાય છે. અન્ય વિકલાદેશ સપ્તભંગી કહેવાય છે.

## સ્યાદ્વાદનો મહિમા

સ્યાદ્વાદનો મહિમા ઘણો જ ગાવામાં આવ્યો છે. મોટા મોટા દિગ્ગજ મહાન તાર્કિક શિરોમણિઓએ સ્યાદ્વાદનો મહિમા મુક્તકંઠે ગાયો છે. સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજે સન્મતિતર્ક પ્રકરણ ગ્રથમાં એટલી હદે કહે છે કે :-

**जेण विणा लोगस्स ववहारो सव्वहा णिव्वईए ।**
**तस्स भुवणेक्क गुरुणो, णमो अणेगान्तवायस्स ।।**

જેના વગર લોકવ્યવહાર સર્વથા ચાલી જ શકતો નથી, એવા ત્રણ લોક સ્વરૂપ સમસ્ત સંસારના એક માત્ર ગુરૂ સ્વરૂપ અનેકાન્તવાદને નમસ્કાર હો. હવે તમેજ વિચારો,

આથી વધારે મોટો મહિમા કયા શબ્દો દ્વારા કરી શકાય ? હું સમજુ છું કે આ મહાપુરૂષે સર્વોત્કૃષ્ટ કક્ષાનો મહિમા ગાવા માટે આ શબ્દો પ્રયોજ્યા છે. યોગ્ય જ કહ્યુ છે કે અનેકાન્ત વગર લોક વ્યવહાર પણ ન ચાલી શકે. લૌકિક વ્યવહારમાં જો આપણે બધા લોકો એક બીજાની અપેક્ષા સારી રીતે સમજીએ તો કદાચ ક્લેશ કષાયોના પ્રસંગો પણ ન આવે. કોણ કઈ અપેક્ષાએ કહી રહ્યુ છે. એ કહેવાનો આશય શું છે ? હેતુ શો છે ? એ આપણે જો સારી રીતે સમજી લઈએ તો કદાચ રાગ દ્વેષના પ્રસંગો જ ન આવે. પણ સંસારમાં તો રોજ ક્લેશ-કષાયો ઉત્પન્ન થાય છે એનું મૂળ કારણ એ છે કે આપણે કહેનારની અપેક્ષાને સારી રીતે સમજ્યા નથી, એ રીતે કહેનાર પણ અપેક્ષાઓને સમજીને-જોઈ વિચારીને કહી શકતો નથી.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાથી આપણે ભાષાનો વ્યવહાર કરવો જોઈએ. આ રીતે આ અનેકાન્તવાદ સ્યાદ્વાદજ્ઞાનની જ પ્રક્રિયા છે. એ રાગ-દ્વેષથી બચાવનારી, ક્લેશ-કષાયથી રક્ષા કરનારી, કર્મબંધથી બચાવનાર, અસત્ય-મૃષાવાદ અને વાચિક-માનસિક હિંસાથી બચાવનારી એક વિશિષ્ટ પદ્ધતિ છે. એનાથી વસ્તુનું સમ્યગ્જ્ઞાન થશે તો તજજન્ય શ્રદ્ધા પણ સમ્યગ્ થશે. જ્ઞાન અને શ્રદ્ધા આ બંનેનો પરસ્પર એક બીજા ઉપર આધાર છે. જ્ઞાન સમ્યગ્ હશે તો શ્રદ્ધા પણ સમ્યગ્ હશે, અને જો શ્રદ્ધા સમ્યગ્ હશે તો જ્ઞાન પણ સમ્યગ્ હશે.

આથી સમ્યગ્ જ્ઞાન માટે શ્રદ્ધા પણ સમ્યગ્ રાખવી જોઈએ. 'વિશેષાવશ્યક ભાષ્ય' માં કહ્યુ છે કે -**"जीवादि तत्त्व विषया रुचीः श्रद्धानं सम्यकत्वं भण्यते, येन पुनस्तज्जीवादि तत्त्वं रोच्यते श्रद्धीयते तज्ज्ञानम्। या तत्त्व श्रद्धानात्मिका तत्त्वरुचिरुपजायते तया तत्त्वश्रद्धानात्मक जीवादि-तत्त्वरोचकं विशिष्टं श्रुतं जन्यते तज्ज्ञानं सम्यग्ज्ञानं-अज्ञान-मिथ्याज्ञान निवृत्तिजनकम्"** જીવાદિ તત્ત્વવિષયક રૂચિ રૂપ શ્રદ્ધાને સમ્યકત્વ **કહે છે. જેનાથી** એ જીવાદિ તત્ત્વરૂપ પદાર્થો રૂચે છે. શ્રદ્ધા નિર્માણ થાય છે. જે તત્ત્વ **શ્રદ્ધા રૂપ તત્ત્વરૂચિ** જાગૃત થાય છે એ શ્રદ્ધા જીવાદિ તત્ત્વરૂપ વિશિષ્ટ શ્રુત જ્ઞાનને ઉત્પન્ન કરે છે. એ **જ જ્ઞાન** સમ્યગ્જ્ઞાન છે, જે અજ્ઞાન અને મિથ્યા જ્ઞાનની નિવૃત્તિ કરનાર છે. આથી જ્ઞાનની સમ્યક્તા હોવી જરૂરી છે.

## સર્વ જીવોમાં જ્ઞાન છે

આત્મામાં જ્ઞાન છે અને જ્ઞાનમય જ આત્મા છે, આથી જીવને જ્ઞાનથી અલગ નથી કરી શકાતો. એ જ રીતે જ્ઞાનને જીવથી ભિન્ન કરી શકાતુ નથી. બંનેનો અવિનાભાવ સંબંધ છે. પરસ્પર એક બીજા પર આધારિત છે. આત્મામાં જ્ઞાન છે. અને જ્ઞાનમય જ આત્મા છે, સંસારનો કોઈપણ જીવ એ અવશ્ય જ્ઞાનમય જ હશે, પછી ભલેને તે અવ્યક્ત અવસ્થામાં નાના સ્વરૂપમાં હોય યા તો માટા-મહાન સ્વરૂપમાં હોય, પરંતુ જ્ઞાન અવશ્ય હશે. તફાવત માત્ર જ્ઞાનના પ્રમાણમાં જ રહેશે. કોઈ જીવમાં જ્ઞાનનું પ્રમાણ અલ્પ હશે

તો કોઈમાં અત્યધિક હશે. એ જીવના તથાપ્રકારના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પર આધારિત છે. જે જીવનું જ્ઞાનાવરણીય કર્મ જેટલું વધારે ઉદયમાં રહેશે, એટલો તે વધારે અજ્ઞાની રહેશે. એ જ રીતે જે જીવનો વધારે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ રહેશે એટલુ વધારે જ્ઞાન વધશે, તેમજ જે જીવનું જ્ઞાનાવરણીય કર્મ જો ક્ષય પામી ગયું હશે તો તેને ક્ષાયિક ભાવથી સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થશે. અને અનંતજ્ઞાની કહેવાશે. આપણે ક્ષયોપશમ વાળા અલ્પજ્ઞાની કહેવાઈશું. કેટલાક અજ્ઞાની કહેવાશે.

અજ્ઞાનીમાં 'અ' એ નિષેધાત્મક નથી. અજ્ઞાન એટલે જ્ઞાન રહિત એવો અર્થ થતો નથી. પણ અજ્ઞાનનો 'અ' અક્ષર અલ્પ અર્થસૂચક છે. પ્રમાણમાં અલ્પાર્થતા, ન્યુનતા બોધક છે. એટલે અજ્ઞાનીનો અર્થ થશે અલ્પજ્ઞાની, ઠીક, જો અજ્ઞાની શબ્દમાં 'અ' અક્ષરનો અર્થ નિષેધાત્મક લાગે તો એનો અર્થ થશે એ વિષયનું અજ્ઞાન, જે સંદર્ભ ની વાત ચાલી રહી છે. એ સંદર્ભમાં જો કોઈને અજ્ઞાની કહ્યો પણ હોય તો એનો અર્થ થયો એ વ્યક્તિ એ વિષયમાં સર્વથા અજાણ છે. કશું જાણતી નથી જેમ કે આપણે સર્જરી શલ્ય ચિકિત્સામાં સર્વથા અજ્ઞાની છીએ. તો અહીં સંદર્ભ સર્જરીનો છે. આપણે સર્જરીના વિષયમાં સર્વથા અજ્ઞાની છીએ. એટલે કે સર્જરીના વિષયમાં એના ક્ષેત્રમાં સર્વથા જ્ઞાન રહિત છીએ. પણ સર્વથા સર્વ જ્ઞાન રહિત નથી. સર્જરી વિષયક અજ્ઞાન હોવા છતાં પણ અન્ય વિષયોનું જ્ઞાન પડચું છે, એટલે આપણે જ્ઞાની પણ છીએ. પણ જ્ઞાની હોવા છતાં એ વિષયોના સંપૂર્ણ જાણકાર ન હોવાથી જ્ઞાની નહી, અજ્ઞાની એટલે અલ્પજ્ઞાની છીએ, આથી સંસારમાં કોઈ જીવો જ્ઞાન રહિત નથી, જ્ઞાનયુક્ત છે. ભલેને કોઈનામાં પ્રમાણ ન્યૂનાધિક હોય, પણ જ્ઞાન તો હશે જ.

શાસ્ત્રકાર મહર્ષિ તો એટલી હદે કહે છે કે – **सव्वं जीवाणं पियणं अक्खरस्स अणंतभागो णिच्चुग्घाडिओ, जई पुण सो वि आवरिज्जा तेण जीवो अजीवत्तं पावेज्जा। सुट्ठु वि मेहसमुदए होत्ति पभा चंद-सूराणं ॥ ७-८-९ ॥ अक्खरस्स अणंत भागो णिच्चुग्घाडीयो होई।**– જ્ઞાનનો અનંતમો ભાગ સર્વ જીવોમાં પ્રગટે છે. ભલેને જીવ નિગોદની એકેન્દ્રિયની અવ્યક્ત અવસ્થામાં પડચો હોય તો પણ એ અવસ્થામાં નિગોદના જીવમાં પણ જ્ઞાન પ્રગટ છે, ભલેને એ જ્ઞાન અનંતજ્ઞાનનો અનંતમો ભાગ જ કેમ ન હોય, પરંતુ છે ખરો. આથી પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાયના સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય (નિગોદ)આદિ સર્વે જીવોમાં જ્ઞાન અવશ્ય છે. જ્ઞાન રહિત નથી. આ જ સાર છે.

## આત્મનિહિત જ્ઞાનનું પ્રમાણ

જ્ઞાન એ આત્માનો ગુણ છે. આત્મા અરૂપી-અનાકાર દ્રવ્ય છે. જ્ઞાન આત્માશ્રયી ગુણ છે. દ્રવ્યાશ્રયી ગુણ દ્રવ્યાકાર રૂપથી રહે છે. આત્માના અસંખ્ય પ્રદેશો છે આથી જ્ઞાન પણ આત્માના અસંખ્ય પ્રદેશોમાં ફલાયેલુ છે. એક પણ પ્રદેશ એવો નથી કે જેમાં જ્ઞાન ન હોય, જો દરેક તલમાં તેલ હોય તો એક તલ તેલ વગરનો કયાંથી

રહેશે ? દરેકમાં છે. તેથી દરેકનુ સામૂહિક પ્રમાણ દષ્ટિગોચર થાય છે.

પ્રકાશ સૂર્યની સાથે નિશ્ચિત રૂપે છે આથી ભિન્ન હોવાનો પ્રશ્ન ઊભો થતો નથી. જ્ઞાન આત્માના પ્રત્યેક પ્રદેશમાં છે, આ અસંખ્ય પ્રદેશોના કેન્દ્રમાં રહેલા જે આઠ રૂચક પ્રદેશો છે. એ નિત્ય સ્થિર રૂપે જ છે. એ જ આત્માના આઠ મૂળભૂત ગુણોના કેન્દ્ર સ્વરૂપ છે આ આઠ રૂચક પ્રદેશો ઉપર કોઈ કર્મનું આવરણ નથી આવતું. આથી આમાં જ્ઞાનાદિ ગુણ પ્રગટ રહે છે, પરંતુ અસંખ્ય પ્રદેશોમાં પ્રસૃત થઈને રહે છે એ જ જ્ઞાનને જો ઘનીભૂત થઈને એક એ ક પ્રદેશમાં જ રહેવુ પડે તો એમનું સ્વરૂપ કેટલું સૂક્ષ્મ થઈ જશે ? આથી અત્યંત સૂક્ષ્મ રૂપમાં જ કેમ ન હોય ! પરંતુ જ્ઞાનાદિ ગુણ ઘનીભૂત થઈને રહે છે મૂળમાં સ્થિર છે. બહારથી નથી આવતા, આથી જ્ઞાન અંતસ્થ ગુણ છે. જેમ સુદર્શન ચૂર્ણને ખૂબ ઉકાળીને ઘનસત્વને ખેંચી, તેને ગોળી રૂપે આપવામાં આવે તો ચૂર્ણની અપેક્ષાએ સો ગણું વધારે કામ કરે છે. એક ગોળી કરતા એની સો ગણી શક્તિ વધી ગઈ. જેમ દૂધને ઉકાળી એને રબડી રૂપે ઘન કરવામાં આવે તો દૂધથી રબડીની શક્તિ ચારગણી વધી જાય. એનાથી પણ વધારે ઉકાળવામાં આવે... એટલી હદે કે તેમાંથી પેંડો બનાવવામાં આવે તો દૂધ કરતા પેંડામાં એની શક્તિ ઘનીભૂત થઈને રહેશે.

આ જ રીતે આત્મામાં જ્ઞાનાદિ ગુણ જે અસંખ્ય પ્રદેશોમાં વ્યાપ્ત છે એ અસંખ્ય પ્રદેશો પર કાર્મણ વર્ગણા છવાઈ ગઈ હોય અને એમાં માત્ર આઠ જ રૂચક પ્રદેશો અવશિષ્ટ રહ્યા હોય જ્યાં કાર્મણ વર્ગણા ન લાગે એ પ્રદેશ સ્વચ્છ-સ્પષ્ટ હોય તો એમનામાં ઘનીભૂત થઈને રહેલા જ્ઞાનાદિ ગૂણો મૂળભૂત સત્તામાં અવશ્ય રહેશે. એક એક પ્રદેશમાં જે ગુણો રહેશે, એ ઘનીભૂત શક્તિવાળા હશે.

બ્રહ્માંડમાં ફેલાનાર સમસ્ત લોક વ્યાપી અનંત કેવળજ્ઞાન જે આત્માના અસંખ્ય પ્રદેશોમાં પ્રસૃત થઈને રહેનારૂ છે. તે કર્માવરણથી દબાઈને માત્ર રૂચક પ્રદેશમાં જ પ્રગટે છે. એ કેટલું સૂક્ષ્મ રૂપથી છે. માત્ર કર્માવરણને લીધે દબાઈ સૂક્ષ્મ રૂપે ઘનીભૂત થઈને પડ્યું રહે છે પણ નષ્ટ થતું નથી. કાર્મણવર્ગણા વધારેમાં વધારે આત્મગુણો આચ્છાદિત કરે છે, ઢાંકી દે છે. પણ આત્મ ગુણોને સર્વથા નષ્ટ કરી શકતી નથી. એક પણ આત્મ પ્રદેશને નષ્ટ કરી અલગ કરી શકતી નથી. આથી જ્ઞાનાદિ ગુણ આત્મામાં દબાયેલા, ઢંકાયેલા જરૂર પડ્યા રહેશે અર્થાત્ જ્ઞાનાદિ ગુણોની મૂળભૂત સત્તા-અસ્તિત્વ આત્મ દ્રવ્યમાં અવશ્ય રહેશે.

ગુણો બહારથી નથી આવતા. આત્મામાં જ છે. આથી આત્મામાંથી જ પ્રગટ થાય છે. જેમ જેમ કર્માવરણ તૂટતું જશે, તેમ તેમ એ ગુણોનો પ્રાદુર્ભાવ થતો જશે, અનાદિ ગુણો પ્રગટ થતો જશે. જેમ જેમ પૉલિશ થતી જાય છે તેમ તેમ ધાતુમાં ચમક વધતી જાય છે. એ રીતે જેમ જેમ આત્માના જ્ઞાનાદિ ગુણોની ધર્માચરણ રૂપ ઉપાસના કરવામાં આવશે તેમ તેમ કર્માવરણ હઠતા જશે. વાદળો દૂર થવાથી જેમ સૂર્ય દેખાય છે તે જ રીતે કર્માવરણ હઠતા-હઠતા જ્ઞાનાદિ ગુણોનો અનુભવ થતો જશે. આથી જ્ઞાનાદિ

ગુણો આત્મામાં જ નિહિત છે. મૂળમાં પડેલા જ છે. બહારથી આવતા નથી, બહારથી લાવવામાં પણ નથી આવતા. પરંતુ બહારના સાધન પુસ્તક-શાસ્ત્રાદિ ઉપકારી ઉપકરણો છે. એમના માધ્યમથી-સ્વાધ્યાયથી તથાપ્રકારના આવરણ હઠી જાય છે અને જ્ઞાન પ્રગટે છે.

મુખ્ય રૂપથી જ્ઞાન તો એકજ છે કેવળજ્ઞાન. આત્મામાં નિહિત જ્ઞાનના ટુકડા યા ભેદ નથી. ત્યાં તો માત્ર કેવળ જ્ઞાન એક જ છે. પરંતુ કર્માવરણને કારણે પાંચ ભેદ પડી ગયા છે. કર્માવરણથી આચ્છન્ન આત્માના જ્ઞાનનો અંશ ન્યૂનાધિક માત્રામાં પ્રગટ થાય છે. આથી એ ન્યૂનાધિક માત્રાના ભાગને મતિ-શ્રુત આદિ નામની સંજ્ઞા આપવામાં આવે છે. એટલા માટે કેવળજ્ઞાન પ્રગટ થયા પછી આ મતિ-શ્રુતાદિ ભેદ રહેતા નથી.

સૂર્યોદય પછી સૂર્યના પ્રકાશમાં તારાઓ દેખાતા નથી તારાઓનો પ્રકાશ સૂર્ય પ્રકાશમાં ભળી જશે એથી અલગ દેખાશે નહીં. એ રીતે સર્વ સંપૂર્ણ અનંત વસ્તુવિષયક કેવળજ્ઞાન જે સર્વવ્યાપી છે, એના પ્રગટ્યા બાદ તારાની જેમ ટમટમતુ મતિ-શ્રુતાદિનું અલ્પજ્ઞાન (પ્રકાશ) ક્યાંથી દેખાશે ? એટલા માટે મતિ શ્રુતાદિ ચાર જ્ઞાન કર્મના ક્ષયોપશમ ના આધારે જન્મે છે, જ્યારે કેવળજ્ઞાન સર્વથા ક્ષાયિક ભાવથી જન્મે છે. જ્યારે કર્માવરણનો અંશ પણ નહીં રહે, સર્વનો નાશ (ક્ષય) થશે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થશે. આથી મૂળમાં તો આત્મા પૂર્ણજ્ઞાની જ છે. અનંત જ્ઞાની છે. સૂર્ય તો મહાપ્રકાશી છે. પરંતુ વાદળોએ એના પ્રકાશને આચ્છાદિત કર્યો છે.એ રીતે આત્મા સૂર્યવત્ કેવળજ્ઞાનથી અનંત (પ્રકાશ) જ્ઞાની છે પરંતુ તથાપ્રકારના જ્ઞાનવરણીયાદિ કર્મોથી આચ્છાદિત છે. દબાયેલો છે. ઢંકાયેલો છે, એટલા માટે આ જ આત્માનું જ્ઞાન પ્રગટ નથી. દબાયેલુ છે. પરંતુ આજ જ્ઞાનાવરણીય આદિ કર્માવરણ હઠી જાય તો જ્ઞાનાદિ ગુણો પોતાના સ્વરૂપમાં પૂર્ણ સ્વરૂપમાં પ્રગટ થઈ જશે. આટલી વાત ઉપરથી એ નિષ્કર્ષ અવશ્ય નીકળે છે કે કેવળજ્ઞાનાદિ આત્મામાં મૂળભૂત પડ્યા જ છે. નિગોદાવસ્થાથી જ પડ્યા છે. એ જ સર્વજ્ઞાવસ્થામાં સિદ્ધાવસ્થામાં આવરણ રહિત થઈને પૂર્ણરૂપે પ્રગટ થઈ ચૂક્યા છે. એટલા માટે નિગોદાવસ્થામાં એકેન્દ્રિયાવસ્થામાં પણ આત્મા જ્ઞાનાદિ ગુણસંપન્ન છે જ. કર્માવરણ વધારે હોવાથી એ જ્ઞાનાદિ વ્યક્ત-પ્રગટ નથી થતા. પણ મૂળ સત્તામાં જરૂર પડ્યા છે. આથી નિગોદાદિ અને પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય જીવોને પણ જ્ઞાન જરૂર છે. અને જ્ઞાનાદિ છે એટલે તે જીવ કહેવાય છે. જ્ઞાન ન હોય તો જીવ નહીં અજીવ કહેવાય એટલા માટે શાસ્ત્રોમાં કહ્યુ છે કે :- **'अक्खरस्स अणंतभागो सव्व जीवाणं णिच्चुग्घाडीयो होई ।'** અક્ષરનો અનંતમો ભાગ પણ સર્વ જીવોમાં પ્રગટ છે.

## એક સમયમાં બે ક્રિયાઓ નથી થતી

ક્રિયા તેવા પ્રકારના જ્ઞાનાદિ ગુણોના આધારે થાય છે. તેવા પ્રકારની ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં જ્ઞાનાદિ ગુણોની પૂરી આવશ્યકતા અને ઉપયોગિતા સ્પષ્ટ દેખાઈ આવે છે. શરીર છે, જેના અંગોપાંગો, ઈન્દ્રિયો તેવા પ્રકારની ક્રિયાઓ કરે છે. માનો કે

બંને હાથને ઊલટી દિશામા ગોળગોળ ઘુમાવીએ તો એક સાથે એક જ સમયે બંને વિપરીત દિશામાં ન ઘૂમી શકે. જમણો હાથ સીધો જમણેથી ડાબી બાજુ ગોળ ઘુમાવો. અને બરાબર એ સમયે ડાબો હાથ ડાબી બાજુથી ઊલટી (જમણા હાથની વિપરીત) દિશામાં ઘુમાવો એક બીજાને રોકીને અલગથી સ્વંતત્ર રૂપે એકને જ ચલાવો અને બીજાને ઊભો રાખો, એક ચલાવતા જાઓ તો આ એકજ ક્રિયા એક સમયે એક સાથે નહીં ગણાય. આથી એક ક્રિયા એક જ સમયે એક સાથે થવી જોઈએ એ શરત યાદ રાખીને બંને હાથ ગતિ ન રોકતા એક સાથે પરસ્પર વિપરીત દિશામાં ઘૂમાવો. આ સંભવ નથી. કેમ કે કઆત્માનું જ્ઞાન આ ક્રિયામાં કારક છે, નિમિત્ત છે આ ક્રિયા જ્ઞાન પૂર્વક છે. જ્ઞાનના ઉપયોગ વગર તો આ ક્રિયા થવી પણ સંભવ નથી. હવે નિયમ એ છે કે એક સમયે આત્માના બે ઉપયોગ ન થઈ શકે. એક સમયે આત્માનો એક જ ઉપયોગ હોઈ શકે છે. આથી બે હાથની વિપરીત દિશામાં ગતિ એ બે ક્રિયાઓ થઈ ગઈ. બંને ભિન્ન ભિન્ન ક્રિયાઓ છે. આથી આત્મજ્ઞાનને ભિન્ન ભિન્ન ઉપયોગવાળા બનવું પડે છે. આ જ્ઞાનોપયોગ એક જ સમયમાં બે રૂપે ન થઈ શકે. આથી એક સમયમાં એક જ ક્રિયા થશે. યા તો તમે એક સેકંડ માટે જ કેમ ન હોય જમણો હાથ રોકીને ડાબો હાથ ચલાવો. બે માંથી એક કાર્ય કરો બંને એકી સાથે સંભવ નથી. કારણ કે આત્માના જ્ઞાનનો ઉપયોગ એક સમયે એક જ હોય છે, બે હોતા નથી.

બીજું દ્રષ્ટાંત લો. આપણે પુસ્તક વાંચીએ છીએ વાંચતી વખતે આંખની સામે આખું પાનું દેખાય છે. પૂરા પાનાની ૨૨ યા ૩૨ પંક્તિઓ બધી જ દેખાય છે પણ બધી એક સાથે નથી વાંચી શકતા બે પંક્તિઓ પણ એક સાથે વાંચી શકાતી નથી. બે પંક્તિઓ તો શું ૨-૪ શબ્દો પણ એકી સાથે વાંચવા સંભવ નથી; કારણ કે આત્માનો ઉપયોગ એક સમયે એક જ થાય છે. વાંચવું એ ક્રિયા જ્ઞાન ગુણના આધારે જ થાય છે.

ત્રીજું એક દ્રષ્ટાંત લઈએ. આપણે જ્યારે ચાલીએ છીએ, ત્યારે હાથ અને પગ બંને ચાલે છે, આમ જોઈએ તો આપણે પગથી ચાલીએ છીએ. ચાલવામાં પગ સહાયક અંગ છે. પણ હાથ છે કે નહી ? હાથને ચાલવાની-હાલવાની જરૂર જ નથી, પરંતુ આપણે જોઈએ છીએ તો ચાલતી વખતે હાથ પણ ચાલે છે. એટલું જ નહીં. ડાબા પગ સાથે જમણો હાથ અને જમણા પગ સાથે ડાબો હાથ ચાલે છે. આનાથી વિરુદ્ધ નહીં. ડાબા પગ સાથે ડાબો હાથ ચાલે અને જમણા પગ સાથે જમણો હાથ ચાલે એ સંભવ નથી. આથી પગની સાથે હાથ હાલે-ચાલે તો ડાબા પગની સાથે જમણો હાથ અને જમણા પગની સાથે ડાબો હાથ ચાલશે. આ જ ક્રમ છે અથવા તો હાથ હાલે જ નહી તો પણ મનુષ્ય ન ચાલી શકે. જો કે આ ક્રિયા શરીરની અનૈચ્છિકક્રિયા છે. એટલે કે જાણી-વિચારીને કોઈ પ્રયત્ન કરીને આ રીતે ચાલતુ નથી. એ તો પોતાની મેળે સ્વાભાવિક ક્રમમાં ચાલે છે.

આ ક્રિયા જ્ઞાનોપયોગજન્ય ક્રિયા છે. જ્ઞાનોપયોગ વગર દેહાદિકની કાયિક

ક્રિયાઓ પણ થતી નથી. એટલા માટે **'ઉપયોગ લક્ષણો જીવઃ।'** ઉપયોગ લક્ષણવાળો જીવ કહેવાય છે.

### ઉપયોગ લક્ષણાત્મક જીવ

ઉપયોગ એ પારિભાષિક શબ્દ છે. અહીં 'ઉપયોગ' શબ્દ જ્ઞાન દર્શનાત્મક ચેતના શક્તિના અર્થમાં પ્રયુક્ત છે. જીવની વ્યાખ્યા કરતા કહેવામાં આવ્યુ છે કે :- **'ચેતના લક્ષણો જીવઃ।'** જીવ ચેતના લક્ષણવાળો છે. ચેતન આત્માવાચી શબ્દ છે. ચેતના ચેતન દ્રવ્યની શક્તિના રૂપમાં પ્રયુક્ત છે. ચેતના છે જેનુ લક્ષણ એવો ચેતન જીવ એટલા માટે ચેતના કહો યા ઉપયોગ કહો બંને એકાર્થક શબ્દ છે. 'ઉપયોગ' શબ્દ પણ જ્ઞાના દર્શનાત્મક છે. અને એની શક્તિને ચેતના કહી છે.

| ઉપયોગ | | ચેતના | |
|---|---|---|---|
| સાકારોપયોગ (જ્ઞાનાત્મક) | નિરાકારોપયોગ (દર્શનાત્મક) | જ્ઞાનાત્મક | દર્શનાત્મક' |

ચેતન જીવના જ્ઞાન-દર્શન ગુણને જ ચેતના શક્તિ કહે છે. આથી ચેતના બે પ્રકારની હશે (૧) જ્ઞાનાત્મિકા ચેતના શક્તિ અને (૨) દર્શનાત્મિકા ચેતના શક્તિ - એક જ્ઞાનાત્મિકા ચેતના શક્તિ જાણવાની ક્રિયા કરે છે, આ જ આત્માનો ઉપયોગ છે. આત્મા પોતાના જ્ઞાન-દર્શન ગુણનો ઉપયોગ કરે છે. ઉપયોગ પણ સાકાર અને નિરાકાર રૂપથી બે પ્રકારનો બતાવવામાં આવ્યો છે. સર્વ પ્રથમ આત્માને નિરાકારોપયોગ હોય છે, એને જ દર્શન કહે છે. દર્શનાકાર રૂપ નિરાકારોપયોગથી પ્રથમ વસ્તુનો સામાન્ય બોધ થાય છે. સામાન્ય-અસ્પષ્ટ બોધ પ્રથમ દર્શનાકાર નિરાકાર ઉપયોગથી થાય છે. પછી આગળ વધીને એ જ નિરાકાર જ્ઞાન ઉપયોગમાં આવીને વિશેષ બની જાય છે. સાકાર બની જાય છે. આથી સાકારોપયોગ જ્ઞાનાત્મક છે. એમાં વસ્તુનો વિશેષ સ્પષ્ટ બોધ થાય છે. પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવાની આ પ્રક્રિયા છે.

### ક્રિયાનો કર્તા જીવ

આત્માના જ્ઞાન-દર્શન ગુણોનું કાર્યક્ષેત્ર પણ છે. આત્મા સક્રિય દ્રવ્ય છે. આથી એના જ્ઞાન-દર્શન ગુણ ક્રિયારૂપે પ્રવૃત્ત થાય છે. જ્ઞાન ગુણની ક્રિયા છે જાણવું અને દર્શન ગુણની ક્રિયા છે જોવું, એટલા માટે દર્શન જોવાની ક્રિયા કરે છે અને પછી જ્ઞાન જાણવાની ક્રિયા કરે છે. આની વચ્ચેનું અંતર સૂક્ષ્મ હોવાથી નગણ્ય છે. જોવું અને જાણવું એ મુખ્ય ક્રિયાઓ છે. આ ક્રિયાઓનો કર્તા જડ યા અજીવ તો હોઈ જ ન શકે; કારણ કે જ્ઞાન-દર્શન અજીવ-જડના ગુણો નથી, એ અનિવાર્ય રીતે ચેતનના ગુણો છે માટે જાણવા-જોવાની ક્રિયાના કર્તા રૂપે પણ આત્મા જ સિદ્ધ થાય છે. આ ક્રિયા તો પ્રત્યક્ષ સિદ્ધ છે. જોવા-જાણવાની ક્રિયા પ્રત્યેક મનુષ્ય કરે છે. માત્ર અંધ ન કરી શકે. અંધ જોઈ શકતો નથી પરંતુ કાન આદિ અન્ય ઈન્દ્રિયોથી પદાર્થને જાણવાની ક્રિયા સારી રીતે કરી શકે છે. ઈન્દ્રિયો ક્રિયામાં સહાયક સાધનો છે- માધ્યમો છે, જેમના દ્વારા જાણવા વગેરેની ક્રિયાઓ

થાય છે. આથી આંખ જુએ છે, કાન સાંભળે છે. આ ભાષા ખોટી છે, અને જો એ ભાષા સાચી હોત તો મરેલો માણસ શબ, જેને આંખ, કાન તો જેવા હતા તેવા જ છે, તો પછી હવે તે કેમ જોતો કે સાંભળતો નથી ?

એટલા માટે ઈન્દ્રિયો તો સહાયક સાધન માત્ર છે, માધ્યમ જ છે. આથી ચેતનાત્મા આંખ, કાન આદિ ઈન્દ્રિયોના માધ્યમથી જુએ છે, સાંભળે છે, મૂળમાં ક્રિયાનો કર્તા ચેતન-જીવ છે. ઈન્દ્રિયો કર્તાના રૂપમાં નથી. ક્રિયામાં સહાયક સાધન માત્ર છે. આ રીતે જોવા, સાંભળવા, જાણવા વગેરેની ક્રિયાનો કર્તા જીવ જ કહેવાય છે. આમાંથી જોવા-જાણવાની ક્રિયા જીવના જ્ઞાન દર્શનાદિ ગુણો પર અવલંબિત છે. જ્ઞાન ગુણની ક્રિયા જાણવું અને દર્શન ગુણની ક્રિયા જોવું. કારણ કે આ બંને ગુણોનો માલિક જીવ છે. આથી ગુણાનુરૂપ બંને ક્રિયાઓનો કર્તા પણ જીવ કહેવાય છે. જોવા-જાણવાની ક્રિયાનો વ્યવહાર પ્રતિદિન મનુષ્ય-પશુ-પક્ષી આદિ જીવોના જીવનમાં પણ થાય છે. આથી આત્માના અસ્તિત્વને સ્વીકારવાના આ પ્રત્યક્ષ પ્રમાણો છે. આથી પ્રત્યક્ષાદિ પ્રમાણોથી આત્માની સિદ્ધિ થાય છે. જ્ઞાન-દર્શનાદિ આત્માના ગુણો છે અને ગુણોનો વ્યવહાર જાણવા-જોવાની ક્રિયાને અનુરૂપ થાય છે.

### જ્ઞાનના પ્રકારો

જો કે જ્ઞાનના કોઈ પ્રકારો અને ભેદ નથી કેમ કે સર્વ આત્મપ્રદેશોમાં પ્રસૃત જ્ઞાન તો એક જ છે. પરંતુ જ્ઞાનાવરણીય કર્મના આધારે કેટલા ક્ષયોપશમથી કેટલું જ્ઞાન પ્રગટ થયું છે અને કેટલું દબાયેલું છે એ જાણવા માટે જ્ઞાનના ભિન્ન ભિન્ન પ્રકારોમાં પાંચ ભેદ શાસ્ત્રકારોએ કર્યા છે. આથી પાંચ પ્રકારો 'વિશેષાવશ્યક ભાષ્ય' તથા 'નંદીસૂત્ર' આદિ આગમ શાસ્ત્રોમાં આ રીતે બતાવવામાં આવ્યા છે.

**आभिणिबोहीयनाणं सुयनाणं चेव ओहिनाणं च।**
**तह मणपज्जवनाणं केवलनाणं च पंचमयं ॥**

જ્ઞાન

૧) આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન) — શ્રુત જ્ઞાન — અવધિજ્ઞાન — મનઃપર્યવજ્ઞાન — કેવળજ્ઞાન

'વિશેષાવશ્યક ભાષ્ય'માં મતિજ્ઞાન માટે આભિનિબોધિક જ્ઞાન શબ્દ પ્રયુક્ત છે. પરંતુ વાત એક જ છે. 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ના એક સૂત્રમાં પાચ નામો આ રીતે ગણાવ્યા છે - **मति-श्रुतावधि -मनःपर्यव-केवलज्ञानानि ॥** એનું વર્ણન સંક્ષેપમાં આ પ્રમાણે છે.

### (૧) મતિજ્ઞાન (આભિનિબોધિક જ્ઞાન)

**मतिः स्मृतिः संज्ञाचिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम्।** 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'ના પ્રથમ અધ્યાયના ૧૩મા સૂત્રમાં પૂજ્ય વાચકમુખ્યજીએ કહ્યું છે કે પ્રથમ

મતિજ્ઞાનના આ ભિન્ન ભિન્ન પર્યાયવાચી શબ્દો છે. મતિ,સ્મૃતિ,સંજ્ઞા,ચિંતા,અભિનિબોધ આ પાંચે નામો સમાનાર્થક છે. દરેકનો અર્થ એક જ છે. માત્ર શબ્દ ભેદ છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાને કારણે ભિન્ન ભિન્ન નામ-સંજ્ઞા આપી છે. પરંતુ અર્થભેદ ન હોવાથી પર્યાયવાચી શબ્દો બતાવ્યા છે. મતિને બુદ્ધિ પણ કહે છે. આથી બૌદ્ધિકજ્ઞાન-વૃદ્ધિ પૂર્વક જ્ઞાનને મતિજ્ઞાન કહે છે **Intellectual Knowledge** મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થતા ઇન્દ્રિયો અને મનની સહાયતાથી અર્થોનું મનન મતિજ્ઞાન કહેવાય છે. **'मननं मतिः'** આ ભાવ સાધન છે. આભિનિબોધિક અંગે કહેવામાં આવ્યું છે કે :-

**अत्थाभिमुहो नियओ, बोहो जो सो मओ अभिनिबोहो।**
**सो चेवाऽऽभिणिबोहियमहव जहाजोगमाउज्जं ।।**

'વિશેષાવશ્યક ભાષ્ય' માં કહેવાયું છે કે - પદાર્થ-વસ્તુ ના અભિમુખ અર્થાત્ પદાર્થની ઉપસ્થિતિમાં ઉત્પન્ન થનાર સંશય રહિત નિશ્ચિત બોધને આભિનિબોધ કહે છે. આ જ આભિનિબોધિક જ્ઞાન છે. સંશયાદિ રહિત વસ્તુના અભિમુખ નિશ્ચયાત્મક જ્ઞાનને આભિનિબોધિક જ્ઞાન કહે છે.

## (૨) શ્રુતજ્ઞાન

શ્રવણ જ્ઞાનને પણ શ્રુતજ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જન્મનાર જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. આ શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે. શાસ્ત્ર શ્રુતજ્ઞાનના સાધન-ઉપકરણ હોવાથી શાસ્ત્રને પણ ઉપચારથી શ્રુતજ્ઞાન કહે છે. શાસ્ત્ર આગમાદિ ગ્રંથ છે. શાસ્ત્રોપદિષ્ટ શ્રવણભૂત જ્ઞાન શ્રુતજ્ઞાન છે.

## (૩) અવધિજ્ઞાન

**अवधि-क्षेत्रावधिः।** નિશ્ચિત ક્ષેત્રની સીમા-અવધિ સુધી જાણી શકાય એને અવધિજ્ઞાન કહેવાય છે. અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપમશમથી જન્મેલું અવધિજ્ઞાન કહેવાય છે. જેમાં ઇન્દ્રિયોની આવશ્યકતા પડતી નથી અને સુદૂર સુધીના ક્ષેત્રની વસ્તુઓ ને અહીં બેઠા જાણી શકાય તે અવધિજ્ઞાન છે.

## (૪) મનઃપર્યવજ્ઞાન

મનુષ્યક્ષેત્ર અઢી દ્વીપવર્તી સંજ્ઞિ પંચેન્દ્રિય સમનસ્ક અર્થાત્ મનવાળા જીવો દ્વારા ચિન્તિત વિચારેલા પદાર્થોને જાણવાની શક્તિવાળા જ્ઞાનને મનઃપર્યવજ્ઞાન કહે છે. મનમાં વિચારેલા વિચારોને જે જ્ઞાન દ્વારા જાણી શકાય એ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. મનોગત વિચારોને જાણવાનું કાર્ય ચોથા મનઃપર્યવજ્ઞાન દ્વારા થાય છે.

## (૫) કેવળજ્ઞાન


ચાર ઘાતી કર્મોનો સર્વથા ક્ષય થવાથી ક્ષાયિક ભાવથી ઉત્પન્ન થનાર એક માત્ર જ્ઞાન કેવળજ્ઞાન કહેવાય છે. એ અનંત વસ્તુવિષયક હોય છે. અનંત દ્રવ્યોને, ગુણોને તથા પર્યાયોને જાણે છે. આથી અનંતજ્ઞાન કહેવાય છે. હસ્તામલકવત્ હોય છે. હાથમાં રહેલા આમળાને જે રીતે સ્પષ્ટ જોઇ શકાય છે, એ રીતે કેવળજ્ઞાની લોક-અલોકના

અનંત પદાર્થોને પ્રત્યક્ષ રૂપે જોઇ શકે છે. આ સર્વથા નિરાવરણજ્ઞાન છે. કેવળજ્ઞાન એ અંતિમ-પાંચમું જ્ઞાન છે. એ જ્ઞાનના ધારકને સર્વજ્ઞ કહેવામાં આવે છે.

આ રીતે સામાન્ય રીતે શબ્દાર્થ સમજમાં આવે એટલા માટે પાંચે જ્ઞાનોનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. વિશેષ સ્વરૂપનું વિવેચન આગળ કરીશું.

**બે અપેક્ષાથી પાંચે જ્ઞાનની સ્થાપના**

પાંચે જ્ઞાનમાં કોનું મહત્ત્વ વધારે છે તે સમજવા આ ચિત્રરૂપ કમળમાં બે ભિન્ન




ભિન્ન અપેક્ષાઓના આધારે કમળના બે ચિત્રો બનાવવામાં આવ્યા છે. પ્રથમ ચિત્રમાં કેવળજ્ઞાન કેન્દ્રમાં છે. સુર્યવત્ પ્રકાશી છે. કેવળજ્ઞાનનો પ્રકાશ ફેલાઈ રહ્યો છે, જેમાં ચારે બાજુ, ચારે દિશાઓમાં ચારેય જ્ઞાન પ્રકાશિત થઈ રહ્યા છે. યા તો એમ સમજો કે જો કેવળજ્ઞાન કેન્દ્રમાં સૂર્યવત્ પ્રકાશિત થઈ રહ્યું છે તો બીજા કોઈ જ્ઞાનની વચમાં આવશ્યકતા જ નથી, પાંચેય જ્ઞાનોમાં કેવળજ્ઞાન મુખ્ય છે, પ્રમુખ છે. મતિ-શ્રુતાદિ સર્વ જ્ઞાનોની મુખ્ય ઉત્પત્તિ કેવળજ્ઞાનીના ઘરમાંથી થઈ છે. શાસ્ત્ર-ગ્રંથ-આગમ આ બધાની ઉત્પત્તિ મુખ્યરૂપે કેવળજ્ઞાનથી જ થઈ છે.

તીર્થંકર પરમાત્મા જે જન્મથી મતિ-શ્રુત-અવધિ આ ત્રણ જ્ઞાનોથી સંપન્ન હોય છે; અને દીક્ષા ગ્રહણ કરતા જ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે ચતુર્જ્ઞાની મહાત્મા બની જાય. એ પછી તે ઘનઘોર સાધના કરે છે. ઉગ્ર તપશ્ચર્યા કરે છે. ઉપસર્ગો સહન કરે છે. અંતે ચારે ઘનઘાતી કર્મોનો ક્ષય કરીને અંતિમ પાંચમું કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. દેવતાઓ કેવળજ્ઞાન કલ્યાણક મહોત્સવ મનાવવા માટે આવે છે. સમવસરણની રચના કરે છેં. ત્રણ ગઢયુક્ત અદ્ભુત સમવસરણ બનાવે છે. અશોક વૃક્ષ નીચે સિંહાસન ઉપર પ્રભુ બિરાજમાન થાય છે. ચારે તરફ બાર પર્ષદા બિરાજમાન થાય છે. પ્રભુ ધર્મદેશના આપે છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રી સંઘની-તીર્થની સ્થાપના કરે છે. સાધુઓમાંથી પ્રમુખ-યોગ્ય સાધુને ગણધર બનાવે છે. એમની ઉપર વાસચુર્ણ નાખીને

એમને દ્વાદશાંગીની રચના કરવાની અનુમતિ પ્રદાન કરે છે. દ્વાદશાંગીની રચના માટે ગણધર ભગવંત પ્રભુની પ્રદક્ષિણા કરતા પૂછે છે - "**भयवं, किं तत्तं** "- હે ભગવાન્ તત્ત્વ શું છે ?

પ્રભુ ઉત્તર આપે છે - **'गोयमा ! उप्पेइ वा इयं तत्तं'**

પદાર્થનું ઉત્પન્ન થવું એ તત્ત્વ છે.

ગૌતમ - (ફરી બીજો પ્રશ્ન)- **'भयवं, किं तत्तं ?'**

હે ભગવન્ તત્ત્વ શું છે ?

ફરીથી પ્રભુનો ઉત્તર - **'गोयमा ! विगमेइ वा इयं तत्तं'।**

પદાર્થનું નષ્ટ થવું એ તત્ત્વ છે.

ગૌતમ (ફરી એવો જ ત્રીજો પ્રશ્ન )- **'भयवं, किं तत्तं '**

ભગવન્ તત્ત્વ શું છે ?

ફરીથી પ્રભુનો ઉત્તર.- **'गोयमा ! धुव्वेइ वा इयं तत्तं'।**

પદાર્થનું નિત્ય રહેવું એ તત્ત્વ છે.

એક જ પદાર્થનું ઉત્પન્ન થવું, નષ્ટ થવું તથા નિત્ય રહેવું આ સ્વરૂપ છે. આ તત્ત્વ છે. **'उप्पेइ वा, विगमेइवा, धुव्वेइवा इयं तत्तम् ।'** આ ત્રણ પદોવાળુ જ્ઞાન છે. એને 'ત્રિપદી' કહે છે. ઉમાસ્વાતિજી મહારાજે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં આ રીતે કહ્યું છે -**'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्'** ઉત્પન્ન થવું, વ્યય-નષ્ટ થવું અને નિત્ય રહેવું એ પદાર્થનું લક્ષણ છે, સ્વરૂપ છે.

**પદાર્થનું સ્વરૂપ**

પદાર્થ ત્રણ અવસ્થામાં રહે છે. આ ત્રણે અવસ્થા પ્રત્યેક પદાર્થની છે. વસ્તુ ઉત્પન્ન થાય છે,બને છે, નષ્ટ પણ થાય છે. પર્યાય આકૃતિ વિશેષને કહે છે. આથી એક પર્યાયનો નાશ થવો અને બીજી પર્યાય ઉત્પન્ન થવી એ ઉત્પાદ વ્યયનો ક્રમ ચાલતો રહે છે. ઉદાહરણાર્થ-સોનાની એક પર્યાય એ વીંટી રૂપે છે, તે પસંદ ન પડતા એને ઓગાળીને હાર બનાવી દીધો. હાર પણ પસંદ ન પડ્યો તો એને ઓગાળીને ફરી એની બંગડી બનાવી દીધી. એ રીતે પૂર્વપૂર્વ પર્યાયોનો નાશ થતો જાય છે અને નવી નવી પર્યાયો ઉત્પન્ન થતી જાય છે. આથી ઉત્પાદ વ્યય બંને એક જ વસ્તુમાં હોય છે. જો કે ઉત્પાદ-વ્યય થતા જ રહે છે; પરંતુ વસ્તુ પોતાના મૂળભૂત સ્વરૂપમાં નિત્ય છે. વીંટીમાંથી હાર, હારમાંથી કંગન થાય છે; એકનું બનવું અને બીજાનો નાશ થવો આ ક્રમ ચાલતો જ રહેતો હોવા છતાં પણ સોનું દ્રવ્ય મૂળભૂતસ્વરૂપમાં ધ્રુવ-નિત્ય રહ્યું. આથી ઉત્પાદાદિ ત્રણે અવસ્થાઓ એક વસ્તુની હોય છે. આ સોનાના વિષયમાં વાત થઈ.

આ રીતે આત્મા પણ એક દ્રવ્ય છે. આત્માની શરીરાવસ્થામાં પર્યાય રૂપે રહેવાનું બને છે. પર્યાયમાં ઉત્પાદ-વ્યય થતા રહે છે. આથી શરીર બને છે, નષ્ટ પણ થાય છે. એક મનુષ્ય શરીરની પર્યાય બની, એ નષ્ટ થશે. પછી નવી પર્યાય ઉત્પન્ન થશે.

જીવ અન્ય ગતિમાં જઈને હાથી, ઘોડો, પશુ બન્યો, પાછી આ નવી ઉત્પત્તિ. એ પણ નષ્ટ થશે. ફરીવાર નવી પર્યાય બનશે-એ દેવગતિમાં જઈને દેવ બન્યો. આ રીતે પર્યાયમાં ઉત્પાદ થતો રહે છે. આ ક્રમ ચાલતો રહેતો હોવા છતાં આત્મા મૂળભૂત સ્વરૂપે નિત્ય રહે છે. પર્યાયમાં ઉત્પાદ વ્યય ચાલતા રહે છે. આથી આત્મા પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત દ્રવ્ય છે.

આ રીતે સંસારના અનંત પદાર્થો આ ત્રણ અવસ્થાઓથી યુક્ત હોય છે. આથી સર્વજ્ઞ પરમાત્માએ કેવળજ્ઞાન પામીને આ ત્રિપદીનું જ્ઞાન પ્રથમ ગણધરોને આપ્યું, ગણધર પ્રભુ પાસેથી તત્ત્વનું મૂળભૂત જ્ઞાન પામીને સૂત્રબદ્ધ રચના કરે છે. આ રીતે દ્વાદશાંગી બનાવે છે. એનું પ્રમાણ આપતા શાસ્ત્રમાં કહ્યું છે કે - **'अत्थं भासइ अरिहा सुत्तं गुंथ्थंति गणहरा।'** અરિહંત ભગવાન અર્થથી દેશના આપે છે અને ગણધર ભગવાન એને જ સૂત્રબદ્ધ કરીને-ગૂંથીને શાસ્ત્રની રચના કરે છે. સ્નાતસ્યાની સ્તુતિમાં આ જ કહ્યું છે કે-**अर्हद् वक्त्र प्रसूतं गणधररचितं द्वादशांगं विशालम्** । અરિહંત ભગવાનના મુખથી અર્થરૂપ નીકળેલી દેશનાને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ રચના કરી છે તે વિશાળ દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનસ્વરૂપ આગમશાસ્ત્ર છે, એની સ્તુતિ કરવામાં આવી છે. આથી શ્રુતજ્ઞાનનું મૂળ-ઉદ્ગમસ્રોત કેવળજ્ઞાની તીર્થંકર ભગવંત જ છે. આથી પ્રથમ ચિત્રમાં કેવળજ્ઞાનને કેન્દ્રમાં-મધ્યમાં રાખ્યુ છે. આથી કેવળજ્ઞાન સર્વ જ્ઞાનનું મૂળ છે.

બીજા ચિત્રમાં થોડોક ફેરફાર-થોડીક અપેક્ષા બદલીને વિચાર કરવામાં આવ્યો છે. બીજા ચિત્રમાં શ્રુતજ્ઞાનને કેન્દ્રમાં રાખીને કેવળજ્ઞાનને એની ઉપર રાખવામાં આવ્યું છે. અહીં કેવળજ્ઞાન કરતા પણ વધારે મહત્તા શ્રુતજ્ઞાનની બતાવવામાં આવી છે. કાળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો કેવળજ્ઞાન કરતા પણ વધારે મોટું શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન કરતાંય વધારે ટકે છે. કેવળજ્ઞાન અને કેવળી ભગવંતોનો કાળ પણ સિમિત છે-મર્યાદિત છે. સર્વ કાળમાં કેવળજ્ઞાન હોતું નથી, પરંતુ શ્રુતજ્ઞાન સદાકાળ જ રહેનારૂ છે. ઉદાહરણ તરીકે ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રભુ ૩૦ વર્ષ કેવલી રહ્યા, એમના પછી ૧૨ વર્ષ સુધી ગૌતમસ્વામી કેવલી રહ્યા, એ પછી સુધર્માસ્વામી ૮ વર્ષ સુધી કેવળી રહ્યા, તે પછી તેમના શિષ્ય જંબૂસ્વામી ૨૦ વર્ષ સુધી કેવલી રહ્યા, આ રીતે ૩૦ + ૧૨ + ૮ + ૨૦ = ૭૦ સુધી કેવળજ્ઞાનીઓનું શાસન રહ્યું. પણ કાળની અપેક્ષાએ એનાથી ય વધારે તો શ્રુતજ્ઞાનીઓનું શાસન રહ્યું.

૭૦ વર્ષ પછી આજ દિવસ સુધી અઢી હજાર વર્ષ વીતી ગયા, શ્રુતજ્ઞાનીઓનું શાસન ચાલે છે. એટલુ જ નહીં, પાંચમો આરો ૨૧૦૦૦ વર્ષનો છે, પાંચમા આરાના અંત સુધી એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા રહેશે ત્યાં સુધી આ શાસન ચાલશે. આ શાસન ૨૧૦૦૦ વર્ષ સુધી શ્રુતજ્ઞાનથી ચાલશે. આથી કેવળજ્ઞાનથી ય વધારે શ્રુતજ્ઞાનનું શાસન ચાલ્યુ. કેવળજ્ઞાની ભગવંતો કરતા શ્રુતજ્ઞાની ભગવંતોનું ઉપકાર ક્ષેત્ર પણ ઘણું વિશાળ છે. આથી આ અપેક્ષાએ શ્રુતજ્ઞાનને મધ્યમાં-કેન્દ્રમાં

રાખ્યું છે. જ્ઞાનમાત્ર આત્મા માટેપરમ ઉપકારી છે. જ્ઞાનનો ઉપકાર સર્વોત્તમ છે. શ્રુતજ્ઞાનનું ઉદ્ગમસ્થાન પણ જો કે કેવલજ્ઞાન જ છે. કેવલી ભગવાન જ છે. આથી શ્રુતજ્ઞાનીએ પણ કેવલીના વચનો પર જ ચાલવાનું છે. પોતાના મનના નહીં, પરંતુ સર્વજ્ઞના વચનો સમજવાના છે.

## બે પ્રકારના જીવોનું કલ્યાણ થાય છે

શાસ્ત્રોમાં કહ્યું છે - જ્ઞાનીનું કલ્યાણ થાય છે તથા જ્ઞાનીની નિશ્રામાં રહેવાથી રહેનાર જીવોનું કલ્યાણ થાય છે. ઉદાહરણ તરીકે સમજીએ કે એક પાયલોટ પ્લેન ચલાવી રહ્યો છે, એ જાણકાર છે, પ્લેન ચલાવવામાં કુશળ છે. આપણે વિમાનમાં બેસનારા મુસાફરો વિમાન ચલાવવાની ક્રિયામાં એક અક્ષર પણ જાણતા નથી. છતાં ય ચાલકના જ્ઞાન પર ભરોસો રાખીને બેસે છે. એના આધારે આપણે પણ પાર ઊપરીએ છીએ. ડૉક્ટર સર્જન છે. ઓપરેશન કરેં છે. આપણે આ વિષયમાં એક અક્ષર પણ જાણકાર નથી, આથી ડૉક્ટરના વિશ્વાસે આખું શરીર સમર્પિત કરી દઇએ છીએ. એના જ્ઞાન પર આપણને વિશ્વાસ છે. જોકે જીવન-મરણનો સવાલ છે છતાં પણ જ્ઞાની પર વિશ્વાસ રાખ્યો તેથી એ આપણને મૃત્યુથી બચાવે છે.

એ રીતે હજાર-દોઢ હજાર માણસો ટ્રેઈનમાં બેસે છે. ટ્રેઈન ચલાવવામાં કોઈ જાણકાર નથી, છતાં બધા એ એક ડ્રાયવર પર વિશ્વાસ રાખ્યો છે. જ્ઞાનીના જ્ઞાનના આધારે જ્ઞાની ઉપર વિશ્વાસ -શ્રદ્ધા રાખવામાં આવે છે. ડૉક્ટરના વિષયમાં લોકો કહે છે કે - રોગના વિષયમાં નિષ્ણાત ડૉક્ટરના હાથે મરવું વધારે સારૂ છે પણ ઊંટવૈદ્યના હાથે અમૃત પીવું પણ નિરર્થક છે ! જ્ઞાની-ગીતાર્થના હાથેથી મોકો આવે તો હળાહળ ઝેર પીવું સારૂ પરંતુ અજ્ઞાની-મુર્ખના હાથથી અમૃત પીવુ ય સારૂ નથી. આ ખૂબ મહત્ત્વની વાત છે. આખોય વિશ્વાસ જ્ઞાની ઉપર છે. જ્ઞાની ગીતાર્થ જ તારક મહાપુરૂષ છે. એટલા માટે આપણા જેવા અજ્ઞાની યા અલ્પજ્ઞાની માણસે સાચા જ્ઞાનીના ભરોસે આપણી જીવનૌકા સમર્પિત કરી દેવી જોઈએ.

જ્ઞાની જ સાચા નિર્દેશક છે-દિશા સૂચક છે - તારક છે. અલ્પજ્ઞાની અધુરા જ્ઞાની વધારે ખતરનાક છે, આથી કહેવાયું છે કે **Little Knowledge is more dengerous** - અધુરૂ જ્ઞાન વધારે ભયાનક છે. અર્ધદગ્ધ જ્ઞાનવાળા જીવો કોઈ વાર વધારે નુકસાન પણ કરે છે. આથી અલ્પજ્ઞ જીવોએ શ્રદ્ધાપૂર્વક જ્ઞાની ગીતાર્થ મહાપુરૂષોનું શરણ સ્વીકારવું. જ્ઞાનીની આજ્ઞાનું પૂર્ણ રૂપે પાલન કરવું. સર્વ સમર્પિત ભાવથી જ્ઞાનીનું શરણ સ્વીકારનાર કલ્યાણ પથ પર અગ્રેસર થાય છે. **'महाजनो येन गतः स पन्थाः'** મહાન પુરૂષો જે માર્ગે ગયા હોય છે એ આપણા માટે માર્ગ છે. એ જ સાચો માર્ગ છે. આથી આપણે આપણા પૂર્વજો જે માર્ગ ઉપર ગયા હોય એ માર્ગનું અનુસરણ કરવું; એ જ શ્રેયસ્કર માર્ગ ઉપર ચાલવું જોઈએ.

## જ્ઞાનથી જ્ઞાનીની મહત્તા

જ્ઞાની કોણ છે ? કોને જ્ઞાની કહેવો ? એનો સીધો ઉત્તર છે કે જ્ઞાનની ગરિમાથી સંપન્ન મહાપુરૂષને જ્ઞાની કહેવો જોઈએ. જે મહાત્માને સ્વ-પર શાસ્ત્રોનું-સ્વ-પરદર્શનનું સમુચિત જ્ઞાન હોય એ સાચો જ્ઞાની છે.

સમ્યગ્ આગમશાસ્ત્રોનું પૂર્વાપર સંબંધ સાથેનું યોગ્ય જ્ઞાન જેમણે આત્મસાત્ કર્યું હોય એ સાચા ગીતાર્થ જ્ઞાની પુરૂષો કહેવાય છે. જ્ઞાનસ્થવિર ગીતાર્થ મહાપુરૂષો મોક્ષમાર્ગના ઉપદેશકો છે. અને તત્ત્વોનું યથાર્થ જ્ઞાન સંપાદિત કરીને જગતને એ મોક્ષમાર્ગ ની શ્રદ્ધા જગાડનારા હોય તે જ વાસ્તવમાં મહાજ્ઞાની છે. આ રીતે જ્ઞાનના આધારે જ્ઞાનીનો મહિમા ગાવામાં આવ્યો છે. એવા જ્ઞાની મહાત્મા સંસાર સાગરમાંથી પાર ઊતરે છે અને એમનું શરણ સ્વીકારનારા અલ્પજ્ઞાની-અજ્ઞાની જીવોને પણ સંસારમાંથી પાર ઉતારે છે. એમનું પણ કલ્યાણ થાય છે. આથી આશ્રય લેવો તો જ્ઞાની-ગીતાર્થ પુરૂષોનો જ લેવો. શરણ સ્વીકારવું હોય તો એવા મહાપુરૂષોનું જ સમર્પિત ભાવથી સ્વીકારવું જોઇએ, કારણ કે જ્ઞાની જ પાપ માર્ગેથી બચાવશે.

## જે એકને જાણે છે તે બધું જ જાણે છે

'શ્રી આચારાંગસૂત્ર' માં કહેવામાં આવ્યુ છે કે-**'जे एगं जाणइ से सव्वं जाणइ ।'** જે એકને જાણે છે તે બધું જ જાણે છે. આ અતિ ગંભીર રહસ્યાત્મક વાત છે. આ વાક્ય માં અતિ મહત્ત્વની વાત કરવામાં આવી છે. અહીં 'એક' શબ્દ આત્મા માટે પ્રયુક્ત કરવામાં આવ્યો છે. આથી જે એક આત્માને સારી રીતે જાણે છે એ જગતનાં સર્વ તત્ત્વોને સારી રીતે જાણે છે. અંતરાત્મા જ સમસ્ત જગતના જ્ઞાનનો ખજાનો છે. એને ઓળખવો એ અતિ કઠિન કામ છે.

આજ આપણે બાહ્ય જગતના સેંકડો તત્ત્વોને જાણવા પાછળ પાગલ બન્યા છીએ -'દુનિયા જોઇ લઇએ... બધું જ જાણી લઇએ.' એ રીતે સમગ્ર બાહ્ય જગતને જાણવા માટે દોડી રહ્યા છીએ પણ પાયામાં આપણે આપણને જ જાણવાનું ભૂલી ગયા છીએ. આ વાત પેલા કસ્તુરીમૃગ જેવી છે. કસ્તુરી માટે તે જંગલમાં ચારે બાજુ ભટકતો ફરે છે. માર્યો દોડે છે પણ કસ્તુરી કયાંય મળતી નથી. ભટકી ભટકીને, થાકીને આખરે તે પોતાના પ્રાણની આહુતિ આપી દે છે, પણ એ બિચારાને એટલી ખબર નથી કે 'કસ્તુરી તો મારી નાભિમાં જ છે.' આ અજ્ઞાનને કારણે બિચારો મૃગ ભટકતો રહ્યો- **'अन्नाणं खु महाभयं'** અજ્ઞાન સાચા અર્થમાં મહાભયંકર છે. એ જ સર્વ દુઃખોનું મૂળ છે.

ભ્રમવશ યા અજ્ઞાનવશ જીવ સાચા જ્ઞાનને બદલે વિપરીત દિશામાં અથડાઇ જાય છે. જગતના અનંત પદાર્થોના જ્ઞાનનો મૂળ ખજાનો આત્મા-એક આત્મા જ માત્ર છે. એ જ જ્ઞાનનો મૂળ સ્રોત છે. આપણે બાહ્ય જગતમાં ભટકવાની જરૂર નથી. બહાર ભટકનારા બહારના લાખો-કરોડો પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે, પરંતુ પોતાના જ મૂળ તત્ત્વ આત્માને સાચા અર્થમાં જાણતા નથી. એને તો સર્વથા ભૂલી જ ગયા છે. પરિણામે થયું એવું કે જેને જાણવાનો હતો તેને ભૂલી જ ગયા છે અને જેને ભૂલવાનું હતું તેની

પાછળ આસક્ત થઇ ગયા ! આ તો એવી વાત થઇ કે ઉતાવળમાં પોતાના બાળકને બદલે બિલાડીના બચ્ચાને ઉપાડીને નાઠી અને તેનું પોતાનું બાળક ઘરની આગમાં બળી મર્યું ! પણ જ્યાં સુધી પગલીએ કાંખમાં જોયું જ નહીં ત્યાં સુધી માનતી રહી કે 'હું મારા બાળક સાથે સલામત છું' પણ જેવું દૂધ પાવા હાથમાં લીધું ત્યાં જ બિલાડીના બચ્ચાને જોઇને હતપ્રભ થઇ ગઇ. લાલ પીળી થઇ ગઇ. લાય લાય થઇ ઊઠી; પરંતુ કોની ઉપર ? ખબર પડતાં જ કે -'આ તો બિલાડીનું બચ્ચું છે. મારૂં તો રહી ગયું ! સાચું જ્ઞાન થતાં જ મા ભાગી, એના પ્રાણ કંઠે આવી ગયા, જઇને જોયું તો ખબર પડી કે બધું જ બળીને ભસ્મ થઇ ચૂક્યું હતું. હવે તો બિચારી માથું પટકી રડવા લાગી. અંતે માતાએ પણ પ્રાણ છોડી દીધા-વિચારો, અજ્ઞાન કેટલું પ્રાણનાશક-ઘાતક હોય છે ? કદાચ સાચી રીતે વિચારીએ તો આપણી પણ આ જ સ્થિતિ છે ! આપણે પણ જીવાદિ નવ તત્ત્વોને સાચા સ્વરૂપમાં જાણતા નથી. આપણા જ આત્માને સાચા-વાસ્તવિક સ્વરૂપમાં જાણતા નથી અને આખા વિશ્વને જાણવા માટે દુનિયા ભરમાં ભટકીએ છીએ. કદાચ ન જાણવા જેવું વધારે જાણીએ છીએ. અનાવશ્યક વસ્તુઓનું જ્ઞાન વધારે એકઠું કરી રહ્યા છીએ, જે નિરર્થક-નિરૂપયોગી છે, જે જાણવા જેવું નથી એ જ્ઞાનને આપણે પ્રયત્નપૂર્વક જાણવા કોશિશ કરી રહ્યા છીએ, કેટલી વિપરીત વાત છે? અંતે પરિણામ શું આવશે ? આત્મજ્ઞાન વગર આપણું કલ્યાણ કેવી રીતે થશે ?

પરંતુ આ દિશામાં લક્ષ્ય જ નથી. હજી સુ ધી તો બાહ્ય દુનિયાના રંગબેરંગી પદાર્થો જ સારા લાગે છે. બાહ્ય સંસારના ભૌતિક-જડ પદાર્થોનું મહત્ત્વ જ વધારે સારૂ લાગે છે. આથી અહીં ગયા, ત્યાં ગયા... આ જોયું., આખી દુનિયા જોઇ-હજારો પદાર્થોનો સંચય કર્યો. વિશ્વના મોટા જાણકાર તરીકે સારી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી લીધી. અનેક ઉપાધિઓ ય મેળવી લીધી. પરંતુ અંતિમ અવસ્થામાં મૃત્યુ શય્યા પર જ્યારે આ બહારનું જ્ઞાન કોઇ કામમાં નથી આવતું, કોઇ વસ્તુ કામમાં નથી આવતી, કોઇનો ઉપયોગ કામયાબ થતો નથી ત્યારે કદાચ માથું પટકીને રડવાનો વારો આવે છે. 'હાય ! હવે શું થશે ?' જ્યારે પ્રાણ નીકળવાની ઘડી આવે છે, યમરાજ આંખોની સામે જ હડપ કરવા વાઘની જેમ મુખ ફાડીને ઊભો છે ત્યારે આખી દુનિયાનું જ્ઞાન કામમાં આવશે ?

આવા સમયે એકલા આત્મજ્ઞાનથી સંપન્ન જીવ હશે તો જ એ સંતોષથી હસીને મૃત્યુ ને મહોત્સવ મનાવશે. હસીને યમરાજને ભેટે છે. એને મોતનો ડર લાગતો નથી. જીવન જીવવાનો સંતોષ અનુભવે છે. આનંદ આવે છે.

આથી એક આત્માને જાણવામાં સર્વ તત્ત્વોનું જ્ઞાન એમાં સમાઇ જાય છે. સર્વ તત્ત્વો આત્માશ્રયી છે. આત્મા ન હોત તો જગતમાં કોઇનું ય અસ્તિત્વ ન હોત. આત્મા જ પુણ્ય-પાપ, કર્મ-ધર્મ, સ્વર્ગ-નરક, લોક-પરલોક, પુનર્જન્મ-પૂર્વજન્મ, આશ્રવ, સંવર, નિર્જરા તથા મોક્ષાદિ સર્વે તત્ત્વોનો આધાર છે. આથી એક આત્માનું સાચું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાથી આ તમામ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન મળી જશે. મોક્ષ શું છે? આત્માની

ચરમ વિશુદ્ધ કર્મ રહિત શુદ્ધ અવસ્થા છે.જન્મ જન્માન્તર,પૂર્વજન્મ-પુનર્જન્મ શું છે? આત્માએ કરેલાં શુભાશુભ કર્મોના ફળ-વિપાકને ભોગવવાનાં ક્ષેત્રો છે-અવસ્થા છે. પાપ પુણ્ય શું છે ? આત્માએ મન, વચન, કાયાના યોગથી કરેલ શુભ અશુભ ક્રિયા માત્ર છે. કર્મ-ધર્મ શું છે ? આત્માએ શુભાશુભની કરેલી પ્રવૃત્તિ કર્મ છે; અને સ્વગુણોપાસના પૂર્વક કર્મક્ષય અર્થે કરેલી પ્રવૃત્તિ ધર્મ છે. સ્વર્ગ-નરક શું છે? આત્માએ શુભાશુભ પ્રવૃત્તિમાં જે પુણ્ય પાપ ઉપાર્જન કર્યાં હોય એ અનુસાર કાલાન્તરમાં સુખ-દુ:ખ ભોગવવા માટે અનુકૂળ-પ્રતિકૂળ ક્ષેત્ર વિશેષ સ્વર્ગ-નરક છે. ત્યાં જઇને એ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને જીવ સુખ-દુ:ખ ભોગવે છે. સુખ શું છે? દુ:ખ શું છે ? સુખ આત્માનો મૂળ ગુણ છે, આથી આત્મા અનંત સુખવાળો છે. તેનાથી વિપરીત ઉપાર્જિત કરેલાં અશાતા વેદનીય કર્મના ફળ સ્વરૂપ જીવને દુ:ખ ભોગવવાં પડે છે.

આશ્રવ-બંધ શું છે ? જીવાત્માએ જ શુભાશુભ ક્રિયા જે મન-વચન-કાયા દ્વારા કરી છે. તે ક્રિયાના કારણે આત્મામાં બહારથી કાર્મણ વર્ગણાનાં પુદ્દગલ પરમાણુઓનું આકર્ષણ થાય છે, આગમન થાય છે તે ક્રિયાને આશ્રવ કહેવાય છે, અને એ પુદ્દગલ પરમાણુઓ આત્મ પ્રદેશો સાથે એક રસરૂપથી મળીને એક થઇ જવું એ બંધ છે. સંવર-નિર્જરા શું છે ? એ આશ્રવ માર્ગોનાં દ્વારને બંધ કરીને આત્માને નિષ્પાપ બનાવવો એ સંવર છે. **'आश्रव निरोधो संवरः'।** આત્માની સાથે બંધાયેલાં કર્મોનો તપ ત્યાગાદિ ધર્મથી ક્ષય કરવો એ નિર્જરા તત્ત્વ છે. જે કાર્મણ વર્ગણા આત્માની સાથે આવી છે એને ફરી જર્જરિત કરીને આત્મામાંથી કાઢી નાખવી તે નિર્જરા છે.

અંતે મોક્ષ આત્માની પરમ વિશુદ્ધ, કર્માવરણ રહિત સર્વથા શુદ્ધ, સર્વગુણસંપન્ન પૂર્ણાવસ્થા છે. એ પદને પ્રાપ્ત આત્માની અવસ્થા પરમાત્માવસ્થા છે. એ જ શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સિદ્ધ-નિરંજન, નિરાકારાવસ્થા જે મુક્તાવસ્થા છે, એ મોક્ષ છે. એને પ્રાપ્ત કરવાનું એક માત્ર લક્ષ્ય બનવું જોઇએ - આ છે આત્મસ્વરૂપ પર જ સર્વે તત્ત્વોનો આધાર. આથી જ **'जो एगं जाणइ सो सव्वं जाणइ'** જે એક આત્માને જાણે છે તે બધું જ જાણે છે. એ શાસ્ત્રમાં સાચું કહ્યું છે, જગતનાં અન્ય સર્વે તત્ત્વો આત્મા આથે જ સંબંધ રાખે છે, આથી આત્મજ્ઞાન જ સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે. સર્વોપયોગી-સર્વથા ઉપકારી જ્ઞાન છે. એટલા માટે આપણે બાહ્ય -ભૌતિક જ્ઞાનને એકત્ર કરવાની કસ્તુરીમૃગની જેમ ભ્રમવૃત્તિ ન રાખવી-ન કરવી જોઇએ. ભ્રમજ્ઞાનને છોડીને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ.એની પાછળ જીવન યાપન કરવું જોઇએ. સાચું જ્ઞાન ઉપયોગી હોય છે. સમ્યગ્ જ્ઞાન તારક હોય છે. આથી જ્ઞાન પણ સમ્યગ્ ઉપાર્જિત કરવું જોઇએ.

## જ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ

શાસ્ત્રકાર મહર્ષિઓએ પાંચ જ્ઞાનને પ્રત્યક્ષ અને પરોક્ષના બે વિભાગોમાં વિભક્ત કર્યાં છે. તે આ પ્રકારે છે - આ વિષયમાં પ્રમાણ 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' છે. **'आद्ये परोक्षम्।'** આ સૂત્રથી પાંચમાં જે ક્રમથી મતિ-શ્રુત આદિનું સ્વરૂપ બતાવ્યું છે. એમાં

પ્રથમનાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ જ્ઞાનમાં ગણાય છે. **'प्रत्यक्षमन्यत् ।'** અન્ય ત્રણ જ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન. આ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. પદાર્થનું જ્ઞાન પ્રત્યક્ષ અને પરોક્ષ આ બે પદ્ધતિઓ દ્વારા થાય છે. આથી આ બે ભેદ પાડવામાં આવ્યા છે. યા તો પદાર્થોને આપણે ઇન્દ્રિયોની સહાયથી જાણીએ-જોઇએ યા ઇન્દ્રિઓની સહાય વગર સીધા જ આત્માથી પ્રત્યક્ષરૂપમાં ગ્રહણ કરીએ. આ બે પ્રકારો છે. એમને સમજવા માટે પ્રત્યક્ષ પરોક્ષની વ્યાખ્યા સારી રીતે સમજવી પડશે. એનાથી સ્પષ્ટ થશે.

જ્ઞાન

- પ્રત્યક્ષ જ્ઞાન
  - અવધિજ્ઞાન
  - મનઃપર્યવજ્ઞાન
  - કેવળજ્ઞાન
- પરોક્ષ જ્ઞાન
  - મતિજ્ઞાન
  - શ્રુતજ્ઞાન.

**પ્રત્યક્ષ-પરોક્ષની વ્યાખ્યા**

પ્રત્યક્ષ-પરોક્ષની વ્યાખ્યા જે વ્યુત્પત્તિજન્ય છે, એ આ રીતની છે. પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ. પ્રતિ અને અક્ષ શબ્દ મળીને સંસ્કૃત વ્યાકરણની સંધિના નિયમાનુસાર 'પ્રત્યક્ષ' શબ્દ નિષ્પન્ન થયો છે. એની વ્યુત્પત્તિ આ રીતે છે - **अक्षं प्रति इति प्रत्यक्षम्** અક્ષ એટલે ઇન્દ્રિયો **अक्षं प्रति** એટલે ઇન્દ્રિયો પ્રત્યે જે પદાર્થ આવે એમનું જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે. લૌકિક વ્યવહારમાં આ રીતની વાત ચાલે છે. પરંતુ શાસ્ત્રકાર મહર્ષિ 'અક્ષ' નો અર્થ ઇન્દ્રિયો ન લેતાં, તેનો અર્થ 'આત્મા' એવો લે છે. આત્માના આધાર પર વ્યાખ્યા આ રીતની બનશે. **अक्षं इति आत्मा-'तमेव प्रति नियतं प्रत्यक्षम्'** અક્ષ એટલે આત્મા અને આત્મા પ્રત્યે નિયત જ જ્ઞાન હોય અર્થાત્ આત્મા માંથી જે સીધું જ્ઞાન હોય તે પ્રત્યક્ષ કહેવાય છે. આત્મા અન્ય ઇન્દ્રિયોની અપેક્ષા રાખ્યા વગર જે વસ્તુને સ્વયં ગ્રહણ કરે એને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે.

આ જ વ્યાખ્યા 'તત્ત્વાર્થ વાર્તિક' માં આ રીતે બતાવી છે-**''इन्द्रिया-निन्द्रियानपेक्षमतीतव्यभिचारं साकारग्रहणं प्रत्यक्षं''अक्ष्णोति-व्याप्नोति-जानाति इति अक्ष आत्मा, प्राप्तक्षयोपशमः, प्रक्षीणावरणे वा, तमेव प्रतिनियतं प्रत्यक्षम् । अक्षं प्रति नियतमिति परापेक्षानिवृत्तिः ।**

ઇન્દ્રિયો તથા અતિન્દ્રિય મનની અપેક્ષા જેમાં ન હોય એવું વ્યભિચાર દોષ રહિત જે સાકાર ગ્રહણ થાય છે એને પ્રત્યક્ષ (જ્ઞાન) કહે છે. અક્ષ ધાતુથી વ્યાપ્ત થઇને જાણવું એવો અર્થ થાય છે. જે જ્ઞાન આવરણની અપેક્ષાથી રહિત હોય, જેમાં ઇન્દ્રિયો મનની આવશ્યકતા ન હોય એવું જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે. પરની અપેક્ષાની નિવૃત્તિ વાળું જ્ઞાન હોય તે જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાન છે. આ 'પ્રત્યક્ષ' શબ્દનો સાચો અર્થ છે, વ્યુત્પત્તિગમ્ય અર્થ છે. આથી જૈન દર્શનની આ વિશેષતા છે કે ઇન્દ્રિયો અને મનની સહાયતા ન હોવા છતાં આત્માને જે સીધું જ્ઞાન થાય છે, તેને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે.

**'प्रत्यक्षमन्यत्'** આ સૂત્રથી અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન આ ત્રણેને પ્રત્યક્ષજ્ઞાન કહે છે. અ ત્રણેમાં ઇન્દ્રિયો અને મનની આવશ્યકતા નથી. એ ત્રણે જ્ઞાન સીધાં આત્માથી થાય છે તેથી પ્રત્યક્ષ જ્ઞાન છે.

**(૨) પરોક્ષ જ્ઞાન**

બરાબર પ્રત્યક્ષથી વિપરીત, ઇન્દ્રિયો તથા મનની સહાયતાથી જે જ્ઞાન થાય છે તે પરોક્ષ જ્ઞાન કહેવાય છે. **'अक्षस्य परे इति परोक्षम्।** જે સીધું આત્માથી ન જાણી શકાય, આત્મા માટે જ પર હોય એ પરોક્ષ જ્ઞાન છે. અર્થાત્ જેમાં ઇન્દ્રિયો અને મન સહાયક હોય એ જ્ઞાન પરોક્ષ જ્ઞાન કહેવાય છે. મન અને ઇન્દ્રિયો આ બંને આત્મા માટે જ્ઞાનનાં સહાયક સાધન છે.

આવાં બે જ્ઞાન છે (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન. આ રીતે પાંચ જ્ઞાનોમાં પ્રત્યક્ષમાં ત્રણ જ્ઞાન અને પરોક્ષમાં બે જ્ઞાન લેવામાં આવ્યાં છે. હવે ક્રમશઃપાંચેયનાં ભેદ-પ્રભેદ સ્વરૂપો જોઇએ.

**મતિજ્ઞાનનું સ્વરૂપ**


**मतिः स्मृतिः संज्ञा चिन्ताऽभिमिबोध इत्यनर्थान्तरम्।** તત્ત્વાર્થાધિગમ સૂત્રના આ સૂત્રમાં મતિજ્ઞાનનાં પાંચ પર્યાયવાચી નામો બતાવ્યાં છે (૧) મતિ (૨) સ્મૃતિ (૩) સંજ્ઞા (૪) ચિંતા (૫) અભિનિબોધ. આ બધાં એક જ અર્થમાં પ્રયુક્ત છે. વર્તમાનનો વિચાર આવે એને મતિ યા સંજ્ઞા કહે છે. ભૂતકાળની યાદ આવે એને સ્મૃતિ કહે છે. વર્તમાનકાળ સાથે ભૂતકાળનું અનુસંધાન હોય એને પ્રત્યભિજ્ઞા કહે છે. જેમ કે આ એ જ ઘોડો છે. આ એ જ ઘડો છે. મનથી ભવિષ્ય અંગે ચિંતાજનક વિચાર કરીએ એને 'ચિન્તા' કહે છે. યાદશક્તિ યા સ્મરણશક્તિને જ 'સ્મૃતિ' કહે છે. 'મતિ' દ્વારા અહીં બુદ્ધિ અર્થ પણ ગ્રાહ્ય છે. બુદ્ધિજન્ય જ્ઞાન, બૌદ્ધિક જ્ઞાનને જ મતિજ્ઞાન કહે છે. આથી મનન, સ્મરણ, સંજ્ઞા યા ચિંતન ક્રિયાના દ્યોતક મતિ આદિ શબ્દો છે, જોકે શબ્દભેદ છે પણ અર્થભેદ ન હોવાથી બધા શબ્દો સમાનાર્થક છે.

મતિજ્ઞાન કેવી રીતે થાય છે એ વિષયમાં એક સૂત્ર છે. **तदिन्द्रियानिन्द्रिय निमित्तम्।** અર્થાત્ મતિજ્ઞાન ઇન્દ્રિયઅને અનિન્દ્રિય (મન)થી ઉત્પન્ન થાય છે. આ બે જ્ઞાનોત્પત્તિમાં સહાયક છે-સાધનભૂત છે. નિમિત્તકારણ છે. કોઇ માધ્યમ વગર સીધા આત્માથી ન થતાં મન અને ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા થાય છે. આથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને પરોક્ષજ્ઞાન ગણવામાં આવ્યાં છે. ઇન્દ્રિય શબ્દની વ્યુત્પત્તિ પણ તત્ત્વાર્થ વાર્તિકકારે આ રીતે આપી છે. **'इन्द्रस्यात्मनोऽर्थोपलब्धिलिंगमिन्द्रियम्।'** અહીં ઇન્દ્ર શબ્દનો અર્થ 'આત્મા' લેવાય છે. કર્મમલીમસ આત્મા કર્માવરણ સહિત હોવાથી સ્વયં પદાર્થોને ગ્રહણ કરવામાં અસમર્થ થાય છે. એ આત્માના અર્થોપલબ્ધિમાં લિંગ અર્થાત્ દ્વાર યા કરણ-ઇન્દ્રિયો હોય છે. અનિન્દ્રિય એટલે મન, અંતઃકરણ. મન આત્મા નથી, અને આત્મા મન નથી, એ ધ્યાનમાં રાખો. બંને સ્વતંત્ર - ભિન્નભિન્ન પદાર્થો છે.

મન જડ પૌદ્ગલિક દ્રવ્ય છે, જ્યારે આત્મા ચેતન દ્રવ્ય છે. આથી મન અને ઇન્દ્રિયના માધ્યમથી જ્ઞાન આત્માને થાય છે.મુખ્ય રૂપે જ્ઞાનનો મૂળ સ્રોત આત્મા છે. ઇન્દ્રિયો અને મન એ કારણ રૂપથી સાધન છે-માધ્યમ છે. એમના દ્વારા-એમના માધ્યમથી આત્માને જ્ઞાન થાય છે.

## જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થાય છે ?

મન અને ઇન્દ્રિયોની સહાયતાથી જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થાય છે, એની પદ્ધતિ બતાવવામાં આવી છે. **'अवग्रहेहावायधारणाः।'** મતિજ્ઞાનની ઉત્પત્તિમાં ચાર ક્રમ છે : (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અપાય (અવાય) અને (૪) ધારણા. આ ઉત્પત્તિ ક્રમ છે. ક્રમશઃ આ પદ્ધતિએ જ્ઞાન ઉત્પન્ન થાય છે.




**(૧) અવગ્રહ** - માત્ર વસ્તુનું સામાન્યકાર જ્ઞાન હોય, જેમ કે કશુંક છે. પરંતુ નામ, જાતિ આદિ વિશેષ બોધ ન હોય એવું નિરાકાર સામાન્ય બોધમાત્ર અવગ્રહ જ્ઞાન કહેવાશે. મારા પગ નીચે કશુંક સ્પર્શું, મેં હમણાં જોયું હતું પરંતુ શું હતું તેનો નિર્ણય નથી.

**(૨) ઇહા** - અવગ્રહ માં 'કંઇક' છે એટલો જ અંશ જાણ્યો હતો, એમાં શું છે ? એ જાણવાની ઇચ્છા થવી એ 'ઇહા' કહેવાય છે. મારા પગ નીચે શું આવ્યું ? કઇ વસ્તુનો સ્પર્શ થયો ? મેં શું જોયું હતું ? ઇત્યાદિ જાણવાની ઇચ્છા થવી એ ઇહા કહેવાય છે.

**(૩) અવાય (અપાય)** - ઇહામાં જેને જાણવાની ઇચ્છા કરી હતી, એનો નિર્ણય થઇ જવો એ અવાય કહેવાય છે. આ અમુક છે એવું નિર્ણયાત્મક જ્ઞાન અવાય છે. જેમ કે મારા પગ નીચે ઘાસ નો સ્પર્શ થયો છે. મેં મૂકેશને જોયો છે'. વગેરે નિર્ણયાત્મક જ્ઞાન અવાય છે. એને અપાય પણ કહે છે.

**(૪) ધારણા** - અપાયમાં જેનો નિર્ણય થઇ ગયો છે અને યાદશક્તિમાં ધારણ કરીને રાખવો એ ધારણા છે. ધારણા સ્મૃતિનું જ બીજું નામ છે. અપાયમાં થયેલા નિર્ણય ને ભવિષ્ય ના લાંબા કાળ સુધી અવધારણ કરીને રાખવો એ ધારણા છે.

આ રીતે અવગ્રહથી સામન્યાકાર ગ્રહણ કરીને ઇહામાં જાણવાની ઇચ્છા પ્રકટ કરીને અપાયમાં નિર્ણય કરીને ધારણામાં સ્મૃતિરૂપથી ધારણ કરીને રાખવું એ જ્ઞાનની પ્રક્રિયા છે. જગતના તમામ જીવોને જ્ઞાન આ પદ્ધતિથી થાય છે. આજ પ્રક્રિયા તમામ જીવો માટે છે પરંતુ એટલી ઝડપી થાય છે કે ખબર જ પડતી નથી.

**અવગ્રહ**

**અર્થાવગ્રહ** **વ્યંજનાવગ્રહ**

આ રીતે અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ એ અવગ્રહના બે ભેદ છે.

(૧) **અર્થાવગ્રહ** - જે વસ્તુને ગ્રહણ કરવામાં આવે, એ ગ્રાહ્ય વસ્તુ સામાન્ય વિશેષાત્મક હોવાથી પણ અર્થાવગ્રહથી માત્ર સામાન્ય રૂપ અર્થ (વસ્તુ) નું ગ્રહણ થાય છે. નામ, જાતિ, ગુણ, ક્રિયા, દ્રવ્યાદિની કલ્પનાથી રહિત સામાન્ય વસ્તુનું જ જ્ઞાન જેમાં હોય એને 'અર્થાવગ્રહ' કહે છે. જેમ કે 'કંઇક છે' એવો પદાર્થનો ભાસ થવો એ અર્થાવગ્રહ છે. અર્થ = વસ્તુ,અવગ્રહ એટલે જ્ઞાન. **अर्थस्य अवग्रह**, વસ્તુનું જ્ઞાન એ અર્થાવગ્રહ છે. અર્થાવગ્રહનું અસાધારણ કારણ વ્યંજનાવગ્રહ છે. વ્યંજનાવગ્રહ પછી તરત જ અર્થાવગ્રહ થાય છે.

(૨) **વ્યંજનાવગ્રહ** - વ્યંજન + અવગ્રહ = વ્યંજનાવગ્રહ. ઉપકરણ ઇન્દ્રિય અને શબ્દાદિ પરિણત દ્રવ્યોનો પરસ્પર સંબંધ થવો તે વ્યંજનાવગ્રહ કહેવાય છે. **व्यंजते-प्रकटी क्रियते अर्थो येन तद् व्यंजनम् यथा दीपेन घट:।** જેમાં પદાર્થ પ્રગટ થાય એને વ્યંજન કહેવાય છે. જેમ દીવાથી ઘટ પ્રગટ કરવામાં આવે છે. વ્યંજનાવગ્રહ અસંખ્ય સમયાત્મક હોય છે. પ્રત્યેક સમયમાં થોડી થોડી જ્ઞાનની માત્રા પ્રગટ થતી જાય છે, પરંતુ વ્યક્ત રૂપથી દેખાતી નથી. જ્યારે વ્યંજનાવગ્રહ પછી તરત જ અર્થાવગ્રહ હોવાને કારણે વ્યંજનાવગ્રહ પણ જ્ઞાન જ કહેવાશે. આ અર્થાવગ્રહનું અસાધારણ કારણ છે. આ વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનનું નથી હોતું-વ્યક્ત ગ્રહણ અર્થાવગ્રહ કહેવાય છે, અને અવ્યકત ગ્રહણ વ્યંજનાવગ્રહ કહેવાય છે. એક નિયમ એવો છે કે-**न चक्षुरनिन्द्रियाभ्यां** અર્થાત્ ચક્ષુ તથા મન દ્વારા વ્યંજનાવગ્રહ નથી થતો, કારણ કે ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે.

## ઇન્દ્રિયોનું પ્રાપ્યાપ્રાપ્યકારિત્વ

ઇન્દ્રિયો
- પ્રાપ્યકારી - ૪
  - સ્પર્શેન્દ્રિય
  - રસનેન્દ્રિય
  - ઘ્રાણેન્દ્રિય
  - શ્રવણેન્દ્રિય
- અપ્રાપ્યકારી - ૨
  - ચક્ષુ - મન

## (૧) પ્રાપ્યકારી ઇન્દ્રિયો

ઇન્દ્રિયો અને વિષયના સંબંધ દ્વારા પ્રાપ્ત થતી વિષયભૂત શબ્દાદિ વસ્તુઓને જાણે એ પ્રાપ્યકારી ઇન્દ્રિયો કહેવાય છે. અથવા પ્રાપ્યકારી એટલે સ્પષ્ટ અર્થ (વસ્તુ) ને ગ્રહણ કરનારી - આથી સ્પર્શેન્દ્રિયાદિ ચાર ઇન્દ્રિયો જ પ્રાપ્યકારી છે, જે વસ્તુને પ્રાપ્ત કરીને જ્ઞાન કરે છે. જેમ કે (૧) સ્પર્શેન્દ્રિયથી ઠંડુ, ગરમ, મૃદુ, કર્કશ આદિ સ્પર્શનો ચામડી-સ્પર્શેન્દ્રિય દ્વારા સ્પર્શ કરવાથી જ વસ્તુ ગરમ છે કે ઠંડી એનું જ્ઞાન થશે. દૂરથી જોવા માત્રથી ઠંડા-ગરમનું જ્ઞાન નહીં થાય.

(૨) એ રીતે રસનેન્દ્રિય - જીભથી ચાખીને જ ખાટું, મીઠું, ખા રૂં વગેરે પદાર્થોનો આસ્વાદ અનુભવી શકાશે.

(૩) ઘ્રાણેન્દ્રિય-નાસિકા પણ સુગંધ, દુર્ગંધને નાકથી ગ્રહણ કરીને-સૂંઘીને નિર્ણય કરી શકાશે.

(૪) શ્રવણેન્દ્રિય (કાન) પણ કર્ણપટલ ઉપર આવેલા શબ્દ - ધ્વનિના સ્પર્શથી, ધ્વની ગ્રહણ કરીને જ્ઞાન કરે છે. અર્થાત્ ઇન્દ્રિયો પ્રતિ વસ્તુની પ્રાપ્તિ થાય અને વસ્તુને પ્રાપ્ત કરીને જ જ્ઞાન કરે, જાણે એ પ્રાપ્યકારી ઇન્દ્રિયો કહેવાય છે. એ ચાર છે. આથી આ ચાર ઈન્દ્રિયનો વ્યંજનાવગ્રહ થાય છે.

**नयणमणोवज्जियभयोओ वंजणोग्गहो चउहा ।**
**उवघायाणुग्गहओ जं ताइं पत्तकारीणि ॥२०४॥**

'વિશેષાવશ્યક ભાષ્ય' ના આ શ્લોકમાં પ્રાપ્યકારિણિ-ઇન્દ્રિયોનું લક્ષણ બતાવ્યું, જેનું ઉપર વર્ણન કર્યું છે.

## (૨) અપ્રાપ્યકારી ઇન્દ્રિયો

આંખ અને મન આ બે અપ્રાપ્યકારી ઇન્દ્રિયો છે; કારણ કે પદાર્થ આંખ અને મનને પ્રાપ્ત નથી. આંખથી વસ્તુ જોવામાં એ જરૂરી નથી કે વસ્તુને આંખનો સ્પર્શ કરવો પડે. અને વિચારવામાં જરૂરી નથી કે વસ્તુનો આકાર મનને લગાડવો પડે.

વસ્તુ દૂર હોવા છતાં પણ આંખ દૂરથી જોઇને જ્ઞાન કરી લે છે. જેવું પ્રાપ્યકારી ઇન્દ્રિયો સાથે થાય છે એવું ચક્ષુ તથા મનના વિષયમાં થતું નથી. સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય તથા શ્રવણેન્દ્રિય આ બધી ઇન્દ્રિયો પોતપોતાના વિષયની વસ્તુને પ્રાપ્ત કરીને જ્ઞાન કરે છે. વસ્તુનો ચામડીથી સ્પર્શ થશે ત્યારે જ સ્પર્શેન્દ્રિય જાણશે કે આ ઠંડું છે કે ગરમ, પણ દૂરથી એ નહીં જાણી શકે. જીભ ઉપર જો વસ્તુ મૂકવામાં આવશે તો ખાટી મીઠી આદિનું જ્ઞાન થશે. નાકની પાસે લાવીને સૂંઘવાથી જ સુગંધ-દુર્ગંધનું જ્ઞાન થશે, એ સિવાય નહીં. એ રીતે શબ્દ-ધ્વનિ આવીને કર્ણપટ ઉપર ટકરાશે ત્યારે શબ્દનું જ્ઞાન થશે, તે સિવાય નહીં.

પરંતુ અપ્રાપ્યકારી ચક્ષુ માટે આ નિયમ લાગુ પડતો નથી. દૂર પડેલી વસ્તુનું પણ જ્ઞાન આંખ કરી લે છે. એ જ રીતે દૂર રહેલી વસ્તુ માટે પણ મન વિચારી શકે છે. વિચાર કરીને જ્ઞાન પ્રાપ્ત કરી લે છે. આથી આ બંને અપ્રાપ્યકારી ગણાય છે.

વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનનું નથી હોતું, કારણ કે ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે, જ્યારે વ્યંજનાવગ્રહ પ્રાપ્યકારી છે. ઉપકરણ ઇન્દ્રિયો શબ્દાદિ રૂપમાં પરિણત પુદ્ગલોનો ગાઢ સંબંધ હોય ત્યારે વ્યંજનાવગ્રહ કહેવાય છે. મનને તથા ચક્ષુને ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોથી મન અને ચક્ષુને ગાઢ સંબંધ નથી થતો,એટલા માટે મન અને ચક્ષુ સિવાય ચાર છે એટલા માટે વ્યંજનાવગ્રહ પણ ચાર પ્રકારના છે.

## મતિજ્ઞાનના ૨૮ ભેદ

૧ અવગ્રહ, ૨ ઇહા, ૩ અપાય, ૪ ધારણા
(૧) સ્પર્શેન્દ્રિયના અવગ્રહ, ઇહા, અપાય, ધારણા
(૨) રસનેન્દ્રિયના અવગ્રહ, ઇહા, અપાય, ધારણા
(૩) ઘ્રાણેન્દ્રિયના અવગ્રહ, ઇહા, અપાય, ધારણા

(૪) ચક્ષુરિન્દ્રિયના અવગ્રહ, ઇહા, અપાય, ધારણા
(૫) શ્રવણેન્દ્રિયના અવગ્રહ, ઇહા, અપાય, ધારણા
(૬) મનના અવગ્રહ, ઇહા, અપાય, ધારણા

૬ × ૪ = ૨૪ (પાંચ ઇન્દ્રિયો, છટ્ઠું મન, આ છ તથા અવગ્રહાદિ ૪, આથી ૬ × ૪ = ૨૪ તથા ચાર ઇન્દ્રિયોના વ્યંજનાવગ્રહના ભેદ આથી ૨૪ + ૪ = ૨૮. આ રીતે આ ૨૮ ભેદ મતિજ્ઞાનના મુખ્ય પ્રભેદો છે.

## વિસ્તારથી મતિજ્ઞાનના ૩૪૦ ભેદ

**बहुबहुविधक्षिप्रानिःसृतानुक्तध्रुवाणां सेतराणाम् । ११-१-१६ ॥**

'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં આ સૂત્રથી ઉમાસ્વાતિ મહારાજે બહુ, બહુવિધ આદિના ૧૨ ભેદ બીજા બતાવ્યા છે. અર્થાત્ આ બાર રીતે અવગ્રહાદિ વત્તા ઓછા પ્રમાણમાં જ્ઞાન કરાવે છે.

**૧ બહુ** - બહુ પ્રકારે જ્ઞાન થાય એને 'બહુ' ભેદ કહ્યો છે.
**૨ અલ્પ** - અલ્પ પ્રકારે જ્ઞાન થાય એને 'અલ્પ' ભેદ કહ્યો છે.
**૩ બહુવિધ** - અનેક રીતે થનાર જ્ઞાનને 'બહુવિધ' કહ્યું છે.
**૪ એકવિધ** - એક જ રીતે થનાર જ્ઞાનને 'એકવિધ' કહ્યું છે.
**૫ ક્ષિપ્ર (શીઘ્ર)** - જલદીથી થનાર જ્ઞાનને 'ક્ષિપ્ર' કહ્યું છે.
**૬ વિલંબથી** - વિલંબથી થનાર જ્ઞાનને 'વિલંબ' કહ્યું છે.
**૭ અનિશ્રિત** - પૂરું વાક્ય મુખમાંથી નીકળ્યું ન હોય અને જેનાથી જ્ઞાન થાય તે.
**૮ નિશ્રિત** - મુખમાંથી પૂરું વાક્ય નીકળ્યા પછી જ જ્ઞાન કરે તે.
**૯ અનુક્ત** - ન કહેવાય છતાં જે અભિપ્રાય માત્રથી જાણી લે તે.
**૧૦ ઉક્ત** - કહેલા શબ્દોથી જ જ્ઞાન પ્રાપ્ત કરે તે 'ઉક્ત'
**૧૧ ધ્રુવ** - જેવું જ્ઞાન એકવાર થયું હોય, એવું નિત્ય થતું રહે તે.
**૧૨ અધ્રુવ** - એક વાર થતાં - વારંવાર ન થાય તે 'અધ્રુવ' કહ્યું છે.

આ રીતે આ ૧૨ પ્રકાર ક્ષયોપશમને આધારે બતાવવામાં આવ્યા છે. સૂત્રમાં તો બહુ-બહુવિધાદિ છ જ નામ બતાવવામાં આવ્યા છે. પરંતુ **सेतराणाम्** શબ્દથી આ છ સિવાય ઇતર અર્થાત્ વિરોધી શબ્દો લેવા એમ કહેવામાં આવ્યું છે. આથી બહુ-બહુવિધ ના ૬ અને એના ૬ વિરોધી એમ કુલ મળીને ૧૨ પ્રકારો થયા. આ બાર જ પ્રકારોને ઉપરોક્ત અવગ્રહાદિ ૨૮ પ્રકારથી ગુણાકાર કરવામાં આવેતો ૨૮ × ૧૨ = ૩૩૬ પ્રકારો બને છે. જો કે મુખ્ય તો અવગ્રહાદિના જ ભેદ છે. મૂળ ક્રિયા તો અવગ્રહાદિની છે. એ જ વત્તા ઓછા, જલદી, વિલંબથી એક પ્રકારમાંથી અનેક પ્રકારે આદિ ૧૨ પ્રકારથી ગુણાકાર કરવો આવશ્યક છે. આ રીતે ૩૩૬ ભેદ મતિજ્ઞાનના થાય છે.

બુદ્ધિના ૪ ભેદ

(૧) ઔત્પાતિકી (૨) વૈનયિકી (૩) કાર્મિકી (૪) પારિણામિકી

(૧)જે બુદ્ધિ સ્વયં કાર્ય કરતાં ઉત્પન્ન થાય તેને ઔત્પાતિકી બુદ્ધિ કહે છે (૨) વિનયાદિ ગુણોપાસનાથી ગુરૂના આશીર્વાદથી ઉત્પન્ન થનારી બુદ્ધિ વૈનયિકી બુદ્ધિ કહેવાય છે. (૩) લુહાર, સુથાર, ચમાર આદિનાં કર્મ કરતાં જે બુદ્ધિ ઉત્પન્ન થાય તે કાર્ય સંબંધી બુદ્ધિ કાર્મિકી છે. (૪) પારિણામિકી-પરિણામજન્ય મતિને પારિણામિકી બુદ્ધિ કહે છે.

આથી આ રીતે ચાર પ્રકારની બુદ્ધિથી ઉપરોક્ત ૩૩૬ પ્રકારનાં જ્ઞાન થાય છે, એટલા માટે ઉપરોક્ત ૩૩૬ ની સાથે બુદ્ધિના આ ચાર પ્રકારો મેળવવાથી ૩૩૬ + ૪ = ૩૪૦ પ્રકારનું મતિજ્ઞાન થાય છે. 'વિશેષાવશ્યક ભાષ્ય' તથા 'નંદીસૂત્ર' આદિ આગમ શાસ્ત્રમાં વિસ્તારથી મતિજ્ઞાનના ૩૪૦ ભેદ બતાવ્યા છે. શાસ્ત્રોમાં મતિ-બુદ્ધિના વિશેષ કથાપ્રસંગો પણ બતાવ્યા છે.

## બુદ્ધિ પ્રભાવ

શાસ્ત્રોમાં અભયકુમારની બુદ્ધિની અત્યંત પ્રશંસા કરવામાં આવી છે. અભયકુમાર મગધના અધિપતિ રાજા શ્રેણિકના પુત્ર હતા અને રાજ્યના મહામંત્રી પણ હતા. એ બુદ્ધિ નિધાન હતા, રાજ્યની વિકટ સમસ્યાઓનો ક્ષણમાં નિકાલ કરતા હતા. અભેદ્ય ચક્રોને બુદ્ધિ બળથી ભેદવામાં અભયકુમારનું ચાતુર્ય અને કુશળતા ઇતિહાસ પ્રસિદ્ધ છે.

'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' માં તથા નંદીસૂત્રાદિમાં ચારે પ્રકારની બુદ્ધિ ના વિષયમાં ભિન્નભિન્ન કથાનકો આપવામાં આવ્યાં છે. (૧) ઔત્પાતિકી બુદ્ધિના વિષયમાં રોહકુમારની કથા પ્રસિદ્ધ છે. માલવદેશની ઉજ્જયિની નગરીમાં ભરત નૃત્યકારનો પુત્ર રોહકુમાર બાળપણથી જ બુદ્ધિ કુશળ હતો. ઉજ્જયિનીના રાજાએ રોહની બુદ્ધિની પરીક્ષા કરી. એ કેટલો ચતુર છે એ જાણવા માટે ભિન્નભિન્ન જટિલ કાર્યોના પ્રશ્નો રોહની સામે મૂક્યા. રોહકુમારને કહ્યું કે - ગામની બહાર પડેલી શિલાને ઉપાડીને રાજમંડપને યોગ્ય છત્ર બનાવી દે. આ કાર્ય અસંભવ હતું.

આવડી વિશાળ શિલા ઉપાડીને મંડપની ઉપર છત્ર રૂપે મૂકવાનું સૌને અસંભવ લાગતું હતું. પરંતુ રોહકુમારે બુદ્ધિ ચલાવી. એ શિલાની ચારે બાજુ સ્તંભ રહે એ રીતે જમીન વચ્ચેથી ખોદાવી દીધી. નીચે બેસવા લાયક મંડપ બનાવી દીધો. રાજા આ કાર્યને જોઇને પ્રસન્ન થઇ ગયો. એ રીતે ઘેંટાનું વજન ન વધે. મુરઘાને બીજા મુરઘા વગર યુદ્ધ કરાવવું, રેતીના કણોની દોરી બનાવવી. હાથી મર્યો હોય તો મર્યો પણ ન કહેવો અને જીવતો છે એવો પ્રયોગ પણ ન કરવો અને સમાચાર આપવા-આ રીતના કેટલાય પ્રશ્નો કુતૂહલવશ રાજાએ રોહકની બુદ્ધિની પરીક્ષા કરવા પૂછ્યા.

પરંતુ સ્વસ્થતાપૂર્ણ રીતે ગભરાયા વગર રોહકુમારે જનતાની સામે અતિ સહજ રીતે આ કાર્ય કર્યું, રાજા પણ મસ્તક ખંજવાળવા લાગ્યો. રોહની બાલ્યાવસ્થામાં આટલી પ્રગલ્ભ બુદ્ધિના સમગ્ર પ્રજા ખુબ વખાણ કરતી હતી. અંતે રાજાએ રોહકુમારને પોતાનો મુખ્યમંત્રી બનાવ્યો.

અકબર-બિરબલની વાત તો સૌ જાણે છે. હાજરજવાબી બિરબલ રજમાત્ર

વિલંબ કર્યા વગર શીઘ્ર જવાબ અકબરની સામે આપી દેતો હતો. પ્રજા ચકિત થઇ જતી હતી. અકબરના નવ રત્નોમાંનું એ એક હતો. આ રીતે વૈનયિકી બુદ્ધિ પર એક ખેડુતની વાર્તા કહેવામાં આવી છે તથા પારિણામિકી બુદ્ધિ પર રાજાના યુવાન મંત્રીનાં વિવિધ દૃષ્ટાંતો 'નંદિસૂત્ર' માં બતાવ્યાં છે. આ મતિજ્ઞાનના ક્ષયોપશમ પર આધારીત છે.

## જાતિસ્મરણજ્ઞાન

જાતિસ્મરણ એ પણ એક જ્ઞાન છે; પરંતુ એનો સમાવેશ મતિજ્ઞાનમાં જ થાય છે. મતિજ્ઞાનમાં જે અવગ્રહ, ઇહા, અપાય તથા ધારણાના ચાર ભેદ બતાવવામાં આવ્યા છે એમાં ધારણા એ સ્મૃતિ રૂપ છે. ભૂતકાળમાં બનેલી વાતને સ્મૃતિથી ધારણ કરીને રાખવી -સાચવવી એ સ્મૃતિ છે. અવિસ્મૃતિ એ સ્મરણશક્તિ છે. આથી જાતિ સ્મરણ એ મતિજ્ઞાનના ધારણાના ભેદમાં સમાવિષ્ટ થાય છે. આપણને આ રીતે ૫-૧૦-૨૫-૪૦ વર્ષ જુની વાત યાદ રહે છે. એ રીતે કેટલાંક ને પૂર્વજન્મની વાત પણ યાદ રહે છે. જો કે આત્માના જ્ઞાનમાં તો સેંકડો લાખો ઘટનાઓ સંચિત છે, પણ એની ઉપર આવરણ આવવાને કારણે એ દબાઇ જાય છે. ઢંકાઇ જાય છે. પરંતુ ભાવિમાં તેવા પ્રકારનું નિમિત્ત મળી જાય તો સુષુપ્ત મનની વાતો ફરીથી જાગૃત થઇને સ્મૃતિપર પર આવે છે. પૂર્વજન્મ, ગતજન્મની વાતો તેવા પ્રકારના ઉદ્‌બોધક-ઉત્તેજક નિમિત્ત મળી જતાં તેવા પ્રકારના મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જાગૃત થઇ જાય છે. પૂર્વની સ્મૃતિ તાજી બની જાય છે. એને જાતિસ્મરણ યા પૂર્વભવીય જ્ઞાન કહે છે. એને મતિજ્ઞાનમાં એટલા માટે ગણવામાં આવે છે કે એ સ્મરણશક્તિનો એક પ્રકાર છે; એ યાદશક્તિના આધારે થાય છે. એટલા માટે બધાને નથી થતું કારણ કે દરેકને તેવા પ્રકારનું ઉદ્‌બોધન ઉત્તેજન નથી મળતું તથા ઊહાપોહ કરવા લાયક નિમિત્તો નથી મળતાં.

બીજી બાજુ મતિ ઉપર મતિજ્ઞાનાવરણીય કર્મનું આવરણ વધારે હોય છે. તથા ત્રીજી બાજુ આપણને ઉદ્‌બોધન-સંબોધન કરવાવાળા જ્ઞાની-ગીતાર્થો પણ વર્તમાનમાં ઉપલબ્ધ નથી કે જે આપણા પૂર્વજન્મોની ઘટનાઓને તાજી કરાવવા માટે એવાં ઉદ્‌બોધનો કરે. આથી આ આજ ઘણું કપરું કામ છે. છતાં પણ આ ત્રણે કારણોમાંથી એક બેની ઉપલબ્ધિ થઇ જાય તો જ્ઞાન થઇ શકે છે. ઉદાહરણ તરીકે મહાવીર પ્રભુએ આવેલા મેઘકુમારને એના પૂર્વજન્મની હાથીની ઘટના સંભળાવી અને સાંભળતાં જ મેઘકુમારે મનોમન ઉહાપોહ કર્યો,'શું હું જ હાથી હતો ?' એ રીતે વિચારતાં જ અને બીજી બાજુ પ્રભુના મુખેથી પોતાનો જ પૂર્વભવ સંભાળતાં મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જાતિસ્મરણ જ્ઞાન થઇ ગયું.

સર્પ જે ભગવાનના પગે કરડવા આવ્યો, એને ભગવાન મહાવીરે 'ચંડકૌશીક' નામથી સંબોધ્યો, સર્પ નામ સાંભાળીને ચમકી ઊઠયો. ચંડકૌશિક એ સાપનું નામ જ હતું, એ સાપના પૂર્વજન્મનું નામ હતું. કૌશિક ગોત્ર હતું અને અતિશય ક્રોધ કરવાને કારણે 'ચંડ' શબ્દ લોકોએ એની આગળ જોડી દીધો હતો, એનાથી વ્યવહાર ચાલતો

હતો. પ્રભુ મહાવીર ઉદ્દબોધક નિમિત્ત હતા. સાપે એ શબ્દો પર ગંભીરતાથી વિચાર કર્યો. એને પૂર્વજન્મની વાતો યાદ આવવા લાગી. ક્ષણમાં જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઇ ગયું. હવે તો શું કહેવાનું હતું? પૂર્વનો ભવ જોઇને 'હું સાધુ હતો, ક્યાંથી પતન પામી ને ક્યાં સાપની યોનિમાં આવ્યો છું, અરે... રે ! આ શું થયું? બસ, પશ્ચાત્તાપની ધારા વહેવા લાગી. અને સાપ આઠમા સ્વર્ગે ગયો !

આવાં સેંકડો દષ્ટાંતો શાસ્ત્રોમાં મળશે. ચરિત્ર ગ્રંથોમાં સેંકડો કથાનકોમાં આવા પ્રસંગો મળે છે. શાસ્ત્રો તો એટલે સુધી કહે છે કે – જાતિ સ્મરણ થયા પછી જીવ ૧-૨-૧૦-૨૦ જ નહીં, પરંતુ અસંખ્ય ભવોનું જ્ઞાન પણ પામી શકે છે, એમાં કોઇ આશ્ચર્ય નથી, વર્તમાન કાળમાં પણ આવી આવી કોઇક ઘટના છાપાઓમાં-માસિકોમાં છપાય છે. શકુન્તલા નામની છોકરીનું તથા દીપક નામના ૪ વર્ષના છોકરાનું દષ્ટાંત ખૂબ ચર્ચાયાં હતાં. જે દષ્ટાંતોની સત્યતાની પરીક્ષા પરીક્ષકોએ કરી હતી. આજે પણ આ વાતોને જુઠી યા કપોલકલ્પિત માનવામાં આવતી નથી. પૂર્વજન્મની વાત તો વર્તમાન વિજ્ઞાન પણ સ્વીકારે છે.

## HYPNOTISM - સંમોહનથી સ્મૃતિજ્ઞાન

વર્તમાનમાં Hypnotism - સંમોહનની ક્રિયા ઠીક ઠીક ચાલી રહી છે. આ ક્રિયામાં બાહ્ય સૂચન આપતાં ભૂતકાળની ઘટનાઓમાં લઇ જવામાં આવે છે. એ મનુષ્ય પોતે પોતાની બુદ્ધિનો ઉપયોગ ન કરે, માત્ર સૂચના આપનારના કથનાનુસાર વિચાર કરતો જાય, ૧૦, ૨૦, ૨૪ વાર પૂર્વ-ભૂતકાળની ઘટનાને યાદ કરાવવામાં આવે છે. અને જોત જોતાંમાં એ ભૂતકાળની સ્મૃતિમાં ખોવાઇ જાય છે. એનું સુષુપ્ત મસ્તિષ્ક-મન જાગૃત થઇ જાય છે. વર્તમાનની અવસ્થા ઉપર પડદો પડી જાય છે અને ભૂતકાળની સ્મૃતિઓ જે સુષુપ્ત મનમાં પડી હતી તે પડદા ઉપર છાયાચિત્રની જેમ ઊભરાવા લાગે છે. સ્મૃતિ પટ પર યાદ આવવા લાગે છે. જાણે દિમાગમાં કેસેટ ન ફરતી હોય ! એ એક એક ઘટના કહેતો જાય છે, એનું વર્ણન અને એવું વર્તન કરતો જાય છે. એટલી હદે કે તે જાણે બે વર્ષનું બાળક ન હોય !

આવાં સૂચનોના ઘેરાવામાં એની સ્મૃતી જગાડવામાં આવે તો એ ૨ વર્ષના બાળક ની જેમ મુખમાં અંગુઠો લઇને ચૂસવા લાગે છે. એવી એ ચેષ્ટા કરવા લાગે છે. આ સંમોહન પૂર્વ સ્મૃતિને જગાડવાનાં મતિજ્ઞાનનું જ સ્વરૂપ છે. સંમોહનની જેટલી ઊંડાઇમાં Deep Trans-લઇ જવામાં આવે છે એટલી વધારે ભૂતકાલીન સ્મૃતિઓ તાજી થાય છે.

'હવે તું પૂર્વજન્મમાં છે.' ગત જન્મના નામનું સૂચન કરવા માત્રથી આટલી ઝડપી પૂર્વ સ્મૃતિઓ તાજી થતી નથી છતાં પણ આ અસંભવ નથી. વર્તમાનમાં પણ મતિજ્ઞાન માટે કોઇ રોકટોક નથી. હા, અસંખ્ય ભવોની સ્મૃતિઓ તાજી થવી જરૂર અસંભવ છે.

## E.S.P

`E.S.P. (Extra Sensory Perseption)' નામના આ પુસ્તકમાં કેટલાય બૌદ્ધિક ચમત્કારોની વાત લખી છે. અતિ-ઇન્દ્રિય મનના પ્રયોગની વાતો ઇન્દ્રિયોમાં ગણાય છે-જો મનને સાથે રાખીને વ્યવહાર કરવામાં આવે તો. અન્યથા અતીન્દ્રિય મન **Extra Sense** રૂપે માનવામાં આવે છે. આ અતીન્દ્રિય મનની દ્રુતગામી શક્તિ અસીમ છે. એટલે ઘણીવાર સમજમાં ન આવે એવાં કાર્યો અતિ શીઘ્રતાથી મન જ્યારે કરી બેસે છે ત્યારે એને ચમત્કારનું રૂપ માની લેવામાં આવે છે.

ગ્રીસ દેશની રાજધાની એથેન્સની આ વાત છે. એક પરિવારમાં આઠ વર્ષની બાળકી રાત્રે ૧૦:૨૦ વાગ્યે જાગી. એકાએક ગભરાઇને તેણીએ પોતાના પિતાને અને અન્ય બધાંને જગાડચાં અને એણે કહ્યું: 'મારા મામા જે અમેરિકામાં રહે છે એને જલદી કોલ કરો, એમની બિલ્ડિંગમાં આગ લાગવાની છે. જલદી કરો, સમય અતિ થોડોક છે'. પિતાએ કહ્યું-'દીકરી ! આપણે ત્યાં તો ફોન નથી. નજીક જઇને ગમે ત્યાંથી કરૂ તો પણ સમય તો જરૂર જશે. પિતા-માતા બધાં ગભરાઇ ગયાં. આઠ વર્ષની છોકરી આ શું કહી રહી છે !

છોકરીએ ફરીથી કહ્યું : 'પિતાજી ! હજુ ચાર મિનિટ છે, તે પછી ધડાકા સાથે કોઇક રસાયણનો વિસ્ફોટ થશે, મામા અને બધાંને બચાવવાનાં છે. જલદી કરો. આપણે બધાં ઊતરીને મેદાનમાં જઇએ આમ કહીને આખો પરિવાર તરત જ નીચે ઊતરીને મેદાનમાં આવી ગયો અને પ્રાર્થના કરવા લાગ્યો કે-મામા જલદી ઊતરીને નીચે આવી જાય. શું ચમત્કાર થયો કે અમેરિકાની બહુમાળી બિલ્ડિંગમા રહેતા મામા એકદમ જાગી ગયા. આ વાત ચિત્તમાં ઘૂમી રહી હતી. ગભરાતા તેમણે સૌને જગાડચાં અને બધાં જ એકદમ ઊઠીને મેદાનમાં આવી ગયાં. જોતજોતાંમાં મકાનની નીચેથી ભયંકર વિસ્ફોટ થયો અને ભયંકર આગ લાગી ! ત્યારે એ છોકરીએ એથેન્સમાં તાળીઓ પાડી અને હસીને પિતાને કહ્યું :'મામા અને બધાં બચી ગયાં !' બધાં ઊતરીને મેદાનમાં આવી ગયાં તે પછી આગ લાગી છે !!' વૈજ્ઞાનિકોને ચોંકાવનારી આ ઘટના છે. આ કેવી રીતે ખબર પડે છે? આ સમજાતું નથી; એટલે એને મનની શક્તિનો પ્રયોગ ગણવામાં આવે છે.

## Telepathy and Post Telepathy

દૂરની વાતો, કોઇ સાધન વગર યા માધ્યમ વગર જાણવી, સમજવી, સંદેશો લેવા આપવા આદિ જ્ઞાનની પ્રક્રિયાની વાતો Telepathy નામે ઓળખાય છે. આ વાતો વિજ્ઞાને પણ સ્વીકારી છે. વર્તમાનમાં સાધનો તો ઘણાં છે છતાં પણ સાધનોની સહાય વગર જ્યારે એવા વિચિત્ર પ્રયોગો થાય છે ત્યારે તે કોઇનીય સમજમાં આવતા નથી.

ભૂકંપ થવાની ૪ મિનિટ પહેલાં જ એક પરિવાર જાગે છે. બધાં દોડીને એકદમ મેદાનમાં આવી ગયાં. આંખો બંધ કરીને પ્રાર્થના કરવા લાગ્યાં. એટલામાં એક હજાર માઇલ દૂર રહેનાર પરિવાર પણ એમની સૂચના અનુસાર ઘરમાંથી બહાર નીકળીને મેદાનમાં આવ્યો. જોત જોતામાં માત્ર ચાર જ મિનિટપછી ભયંકર ધરતીકંપ થયો અને આખું

મકાન ધરાશાયી થઇ ગયું. આ આશ્ચર્યની વાત હતી કે ચાર મિનિટ પહેલાં કેવી રીતે ખબર પડી ? Telepathy એ કહે છે કે દૂર બનનારી ઘટના પહેલાં ખબર પડી જાય છે. યા તો દૂરથી કોઇ સંકેત મોકલે અગર આપણા અંગે કશુંક વિચારે, એ અંગે ખબર પડે, જ્ઞાન થાય, કંઇક સમજમાં આવે એ **Telepathy** છે.

**શ્રુતજ્ઞાનનું સ્વરૂપ**

મતિજ્ઞાન પછી બીજે ક્રમે આવે છે શ્રુતજ્ઞાનનો. શ્રુતજ્ઞાનને મતિજ્ઞાન પૂર્વે જ બતાવવામાં આવ્યું છે. સૂત્ર છે કે શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે કે **श्रुतं मतिपूर्वं द्वयनेक द्वादशभेदम्। (१-२०)** શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે. કારણ કે શ્રુતજ્ઞાન પણ ઇન્દ્રિયોની સહાયતાથી થાય છે. શ્રવણ આદિમાં શ્રવણેન્દ્રિય સહાયક હોય છે, તો શાસ્ત્ર વાંચવા વગેરેમાં ચક્ષુ ઇન્દ્રિય સહાયક બને છે. આથી જે ઇન્દ્રિયો મતિજ્ઞાનકારક છે તે જ શ્રુતજ્ઞાનકારક પણ છે. આથી મતિજ્ઞાન પૂર્વક જ શ્રુતજ્ઞાન થાય છે એ નિયમ છે. આમ તો શ્રુતજ્ઞાનનો માત્ર-'શબ્દાર્થ-અન્વયાર્થ' લઇએ તો 'સાંભળેલું' જ્ઞાન એટલો જ થશે. **व्युत्पत्त्यर्थ-श्रुतं-श्रौत, श्रवणेन्द्रिय विषयीकृतं-** અર્થાત્ સાંભળેલું જ્ઞાન એવો અર્થ જરૂર થાય છે. પરંતુ શબ્દ રચનામાં રૂઢ અર્થ લેવો એ પ્રચલિત વ્યવહાર છે. ઉદાહરણાર્થ - 'કુશળ' શબ્દ છે. વ્યુત્પત્તિ અર્થ 'કુશને કાપનારો' એવો અર્થ થાય છે. આ શબ્દાર્થ છે પણ આ અભિપ્રેત નથી. આથી રૂઢ અર્થ લેવાથી કુશળનો અર્થ થાય છે ચતુર, હોંશિયાર. એ ગાડી ચલાવવામાં કુશળ - ચતુર છે.

આ રીતે શ્રુત શબ્દનો માત્ર સાંભળેલું - એવો અર્થ લેવાથી નહીં ચાલે. શ્રુતથી શાસ્ત્રજ્ઞાન, આગમાદિ શાસ્ત્રોનું જ્ઞાન એ મુખ્યાર્થ લેવાનો છે. ઠીક, શ્રુતનો-સાંભળેલું જ્ઞાન જે ગણધરોએ શાસ્ત્રોમાં સંચિત કર્યું છે. સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો પાસેથી અર્થરૂપ દેશનાને સાંભળીને જિન ગણધરોએ જે દ્વાદશાંગીરૂપ શાસ્ત્રની રચના કરી છે એને શ્રુતજ્ઞાન કહ છે. 'આવશ્યક નિર્યુક્તિ' માં કહ્યું છે કે :

**अत्थं भासइ अरहा, सुत्तं गुंथंति गणहरा निउणा।**
**सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तइ ॥ आ. नि.**

તીર્થંકર ભગવંત દેશના આપે છે, અને નિપુણ ગણધર ભગવંત એને સૂત્રબદ્ધ કરે છે. ગૂંથે છે. એના પછી આ સૂત્રરૂપ શ્રુતજ્ઞાન શાસનના હિત માટે પ્રવર્તમાન થાય છે. આ રીતે શ્રુતમાંથી શ્રૌતં-સાંભળેલું અર્થ પણ લઇએ તો મુખ્ય સર્વજ્ઞ તીર્થંકર ભગવાંતોથી સાંભાળીને જે ગણધરો એ શાસ્ત્રબદ્ધ કર્યું હોય. લિપિબદ્ધ કર્યું હોય એ શ્રુતજ્ઞાનને અહીં 'શ્રુત' શબ્દથી ગ્રહણ કર્યું છે, એટલા માટે ઉમાસ્વાતિ વાચક પ્રવરે ઉપરોક્ત સૂત્રમાં શ્રુતજ્ઞાનના મુખ્ય બે ભેદ કરીને એ બેના ય ભેદ બતાવ્યા છે.

શ્રુતજ્ઞાનના મુખ્ય-મૂળ બે ભેદ છે : (૧) અંગ બાહ્ય અને (૨) અંગ પ્રવિષ્ટ. અંગ પ્રવિષ્ટ 'આચારાંગ' આદિ ૧૨ અંગસૂત્રોના ભેદથી મુખ્ય ૧૨ પ્રકારે છે. એને 'દ્વાદશાંગી' કહે છે. એ ગણધર રચિત છે; તથા તીર્થંકર કથિત છે.

આ ૧૨ પ્રકારો આ રીતના છે (૧) આચારાંગ (૨) સુયગડાંગ (સૂત્રકૃતાંગ) (૩) ઠાણાંગ (સ્થાનાંગ) (૪) સમવાયાંગ (૫) વિવાહ પણ્ણત્તિ (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ યા ભગવતી સૂત્ર) (૬) જ્ઞાતા ધર્મકથા (૭) ઉપાસક દશાંક (૮) અંતકૃત્ દશાંગ (૯) અનુત્તરોપપાતિક દશાંગ (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાક સૂત્ર તથા (૧૨) દષ્ટિવાદ - આ ૧૨ ભેદ અંગ પ્રવિષ્ટનાં છે. એને દ્વાદશાંગી કહેવામાં આવે છે. આ પ્રમુખ આગમ શાસ્ત્રો છે. શ્રુતજ્ઞાનના ૧૪ તથા ૨૦ ભેદ આ રીતે ગણવામાં આવ્યા છે.

**શ્રુતજ્ઞાનના ભેદ**

**चउदसहा वीसहा व सूयं ॥ ५ ॥** પ્રથમ કર્મગ્રંથમાં શ્રુતજ્ઞાનના ભેદો-પ્રકારો બતાવ્યા છે. એક પ્રકારે પ્રથમ ૧૪ ભેદ બને છે. બીજા પ્રકારે ૨૦ ભેદો થાય છે. ૧૪ ભેદ આ રીતે થાય છે -

**अक्खरसन्नी सम्मं साइअं खलु सपज्जवसियं च ।**
**गमियं अंगपविट्ठं सत्तावि एए सपडिवक्खा ॥ ६ ॥**

આ ગાથામાં ૭ ભેદનાં નામ ગણાવીને બીજા એમનાથી વિપરીત સપ્રતિપક્ષ શબ્દથી ગ્રહણ કરવામાં આવ્યા છે.

**(૧) અક્ષર શ્રુત** - અક્ષરના ત્રણ ભેદ છે (૧) સંજ્ઞાક્ષર, (૨) વ્યંજનાક્ષર, (૩) લબ્ધ્યક્ષર. સંજ્ઞાક્ષર લિપિને કહે છે. વ્યંજનાદિનો ઉચ્ચાર થાય છે. શબ્દ અને અર્થની પ્રતીતિના જ્ઞાનને લબ્ધ્યક્ષર કહે છે. આ ત્રણે દ્વારા જ્ઞાન થાય છે.

**(૨) અનક્ષર શ્રુતજ્ઞાન** - જેમાં અક્ષરોનો ઉપયોગ ન કરવામાં આવે, ચપટી વગાડવી, છીંક ખાવી, માથું હલાવવું વગેરે સંકેતો દ્વારા થનારા જ્ઞાનને અનક્ષર શ્રુત કહે છે.

**(૩) સંજ્ઞી શ્રુત** - જે મનવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે, એમને થનારું જ્ઞાન એ સંજ્ઞીશ્રુત છે. (૧) દીર્ઘ કાલિક (૨) હેતુવાદોપદેશિક અને (૩) દષ્ટિવાદોપદેશિકી - આ ત્રણ સંજ્ઞાઓ છે.

**(૪) અસંજ્ઞી શ્રુત** - જે જીવોને મન જ નથી, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય સુધીના જીવોનું શ્રુત એ અસંજ્ઞી શ્રુત કહેવામાં આવે છે.

**(૫) સમ્યક્ શ્રુત** - દેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધા તથા જીવાદિ નવ તત્ત્વોની શ્રદ્ધા સમ્યગ્દષ્ટિ જીવોનું જે જ્ઞાન તે શ્રુતજ્ઞાન હોય છે, એને સમ્યગ્ શ્રુત કહે છે.

**(૬) મિથ્યાદષ્ટિ શ્રુત** - જીવાદિ નવ તત્ત્વોની શ્રદ્ધા ન હોય, સાચું જ્ઞાન ન હોય એવા મિથ્યાદષ્ટિ જીવોના જ્ઞાનને મિથ્યા દષ્ટિ જ્ઞાન કહેવાય છે.

**(૭) સાદિ શ્રુત** - જે જ્ઞાનની ક્રમશઃ શરૂઆત-આદિ યા આરંભ હોય એને આદિ શ્રુત કહે છે.

**(૮) અનાદિ શ્રુત** - જેની આદિ ન હોય, આદિનો ખ્યાલ પણ ન હોય એવું જ્ઞાન અનાદિ-શ્રુતજ્ઞાન કહેવાય.

**(૯) સપર્યવસિત શ્રુત** - જેનો અંત હોય એ સપર્યવસિત જ્ઞાન.

(૧૦) **અપર્યવસિત શ્રુત** - જેનો અંત ન હોય તે અપર્યવસિત શ્રુત.

(૧૧) **ગમિક શ્રુત** - જેમાં ગમ એટલે પાઠ એક સરખા હોય એને ગમિક શ્રુત કહે છે. જેમ કે 'દૃષ્ટિવાદ'

(૧૨) **અગમિક શ્રુત** - જેમાં એક સરખા પાઠ ન હોય, એને અગમિક શ્રુત કહે છે, જેમ કે કાલિક શ્રુત.

(૧૩) **અંગપ્રવિષ્ટ શ્રુત** - આચારાંગાદિ ૧૨ અંગોના જ્ઞાનને અંગ પ્રવિષ્ટ શ્રુત કહે છે.

(૧૪) **અંગ બાહ્ય** - આચારાંગાદિ સૂત્રોથી બહારનાને અંગબાહ્ય શ્રુત કહેવાય છે. જેમ કે 'દશવૈકાલિક' 'ઉત્તરાધ્યયન' પ્રકરણાદિના જ્ઞાનને અંગ બાહ્ય કહેવામાં આવે છે.

પ્રકારાન્તરથી શ્રુતજ્ઞાનના ૨૦ ભેદ આ પ્રમાણે પણ બતાવવામાં આવ્યા છે.

**पज्जय, अक्खर पय संघाया पडिवत्ति तह य अणुओगो।**
**पाहुड पाहुड पाहुड वत्थू पुव्वा य ससमासा ॥१॥**

આ ગાથામાં ૧૦ નામ બતાવીને બીજા દશ નામો બતાવવા માટે સમાસ શબ્દ આપ્યો છે. જે પહેલાં દશ નામો છે એમની સાથે સમાસ શબ્દ જોડવાથી બીજાં દશ નામો બને છે.

(૧) **પર્યાય શ્રુત** - ઉત્પત્તિના પ્રથમ સમયનાં લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદના જીવને જે કુશ્રુતનો જે અંશ હોય છે, એથી બીજા સમયમાં જ્ઞાનના અંશનો જ પર્યાય વધે છે તે પર્યાય શ્રુત કહે છે.

(૨) **પર્યાય સમાસ શ્રુત** - ઉક્ત પર્યાય શ્રુતના સમુદાયને અર્થાત્ બે-ત્રણ આદિ સંખ્યાઓને પર્યાય સમાસ શ્રુત કહે છે.

(૩) **અક્ષર શ્રુત** - અકારથી હકારાદિ સુધીના લબ્ધ્યક્ષરોથી કોઇ એક અક્ષરના જ્ઞાનને અક્ષર શ્રુત કહે છે.

(૪) **અક્ષર સમાસ શ્રુત** - લબ્ધ્યક્ષરોના સમુદાયને અર્થાત્ ૨-૩ આદિ સંખ્યાઓને અક્ષર સમાસ શ્રુત કહે છે.

(૫) **પદ શ્રુત** - જે અક્ષર સમુદાયથી પૂરો અર્થ માલુમ પડી જાય એ પદ **(A sentence is a group of words)** કહેવામાં આવે છે. પદના જ્ઞાનને પદશ્રુત કહેવામાં આવે છે.

(૬) **પદસમાસ શ્રુત** - અનેક પદોના સમુદાયનું જ્ઞાન પદસમાસ શ્રુત કહેવાય છે.

(૭) **સંઘાત શ્રુત** - ગતિ આદિ ચૌદ માર્ગણાઓમાંથી કોઇ એક માર્ગણાના કોઇ એક દેશના જ્ઞાનને સંઘાત શ્રુત કહે છે.

(૮) **સંઘાત સમાસ શ્રુત** - ચૌદ માર્ગણાઓમાંથી કોઇ પણ એક માર્ગણાના અનેક અવયવોના જ્ઞાનને સંઘાત સમાસશ્રુત કહે છે.

(૯) **પ્રતિપત્તિ શ્રુત** - ગતિ, ઇન્દ્રિય દ્વારોમાંથી કોઇ એક દ્વાર વડે સમસ્ત સંસારના જીવોને જાણવા પ્રતિપત્તિ શ્રુત છે.

**(૧૦) પ્રતિપત્તિ સમાસ શ્રુત** - ગતિ આદિ બે ચાર દ્વાર વડે જીવોના જ્ઞાનને પ્રતિપત્તિ સમાસ શ્રુત કહે છે.

**(૧૧) અનુયોગ શ્રુત - 'सत् पय परुवणया दव्व पमाणं च।'** આ ગાથામાં કહેલા અનુયોગ દ્વારોમાંથી કોઇ એક દ્વારા જીવાદિ પદાર્થોને જાણવા એ અનુયોગ શ્રુત છે.

**(૧૨) અનુયોગ સમાસ શ્રુત** - આ અનુયોગ દ્વારોમાંથી એક કરતાં અધિક ૨-૪ દ્વારો નું જ્ઞાન અનુયોગ સમાસ શ્રુત છે.

**(૧૩) પ્રાભૃત-પાભૃત શ્રુત** - 'દૃષ્ટિવાદ' અંતર્ગત પ્રાભૃત-પ્રાભૃત નામનો અધિકાર છે; એમાંથી કોઇ એકનું જ્ઞાન પ્રાભૃત પ્રાભૃત શ્રુત છે.

**(૧૪) પ્રાભૃત-પાભૃત સમાસ શ્રુત** - આ અધિકારમાંથી બે ચાર પ્રાભૃત પ્રાભૃત અધિકારોનું વધારે જ્ઞાન પ્રાભૃત પ્રાભૃત સમાસ શ્રુત જ્ઞાન છે.

**(૧૫) પ્રાભૃત શ્રુત** - જે રીતે કેટલાય ઉદ્દેશ્યોનું એક અધ્યયન થાય છે. એ રીતે કેટલાય પ્રાભૃત પ્રાભૃતોનું એક પ્રાભૃત થાય છે, એમાંથી એકનું જ્ઞાન પ્રાભૃત શ્રુત છે.

**(૧૬) પાભૃત સમાસ શ્રુત** - એકથી અધિક પ્રાભૃતોનું જ્ઞાન એ પ્રાભૃત સમાસ શ્રુત જ્ઞાન કહેવાય છે.

**(૧૭) વસ્તુ શ્રુત** - કેટલાક પ્રાભૃતોનો એક વસ્તુ નામક અધિકાર હોય છે, એના એક અધિકારનું જ્ઞાન વસ્તુ શ્રુત છે.

(૧૮) વસ્તુ સમાસ **શ્રુત** - ૨-૪ આદિ વસ્તુ અધિકારોનું જ્ઞાન એ સમાસ વસ્તુ શ્રુત જ્ઞાન છે.

**(૧૯) પૂર્વ શ્રુત** - અનેક અધિકારાત્મક વસ્તુઓનું એક પૂર્વ બને છે. એમાંથી એક પૂર્વનું જ્ઞાન પૂર્વ શ્રુત ક્હેવાય છે.

**(૨૦) પૂર્વ સમાસ શ્રુત** - એવા ૨ યા ૪ પૂર્વ યા ૧૦ પૂર્વ કે ૧૪ પૂર્વનું જ્ઞાન એ પૂર્વ સમાસ શ્રુત છે.

ઉપરના ૨૦ ભેદોમાં ક્રમશઃ જ્ઞાનનો વિસ્તાર થતો જાય છે. પ્રમાણ વધતું જ જાય છે. શ્રુતજ્ઞાનમાં સૌથી મોટું પ્રમાણ 'પૂર્વ' નું છે. આવાં ૧૪ પૂર્વો છે. એમનાં નામ આ રીતે બતાવ્યાં છે : (૧) ઉત્પાદ પૂર્વ (૨) આગ્રાયણી પૂર્વ (૩) વીર્ય પ્રવાદ પૂર્વ (૪) અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વ (૫) જ્ઞાન પ્રવાદ પૂર્વ (૬) સત્ય પ્રવાદ પૂર્વ (૭) આત્મ પ્રવાદ પૂર્વ (૮) કર્મ પ્રવાદ પૂર્વ (૯) પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ (૧૦) વિદ્યા પ્રવાદ પૂર્વ (૧૧) કલ્યાણ પૂર્વ (૧૨) પ્રાણવાદ પૂર્વ (૧૩) ક્રિયા વિશાલ પૂર્વ (૧૪) લોક બિંદુસાર પૂર્વ. આ ૧૪ પૂર્વો છે.

ઉપરોક્ત ૧૪ પૂર્વોનું પ્રમાણ બતાવતાં 'કલ્પસૂત્ર' ની સુબોધિકા ટીકામાં હાથી પ્રમાણ શ્યાહીની કલ્પના કરી છે. અથાત્ હાથીને એક હોજમાં ડુબાડવામાં આવે ત્યારે સાઈફન સીસ્ટમથી જેટલું પાણી હોજમાંથી તેટલી શ્યાહીથી લખાયેલું પહેલું પૂર્વ છે.

ચૌદ પૂર્વો માટે ભિન્નભિન્ન હાથીઓની સંખ્યાની કલ્પના આ પ્રમાણે કરવામાં

આવી છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રથમ પૂર્વ | ૧ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૨) | બીજું પૂર્વ | ૨ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૩) | ત્રીજું પૂર્વ | ૪ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૪) | ચોંથુ પૂર્વ | ૮ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૫) | પાંચમું પૂર્વ | ૧૬ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૬) | છઠ્ઠું પૂર્વ | ૩૨ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૭) | સાતમું પૂર્વ | ૬૪ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૮) | આઠમું પૂર્વ | ૧૨૮ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૯) | નવમું પૂર્વ | ૨૫૬ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૧૦) | દશમું પૂર્વ | ૫૧૨ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૧૧) | અગિયારમુ પુર્વ | ૧૦૨૪ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૧૨) | બારમું પૂર્વ | ૨૦૪૮ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૧૩) | તેરમું પૂર્વ | ૪૦૯૬ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| (૧૪) | ચૌદમું પૂર્વ | ૮૧૯૨ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |
| | કુલ ૧૪ પૂર્વો | ૧૬૩૮૩ | હાથી પ્રમાણ શાહીથી લખાયું છે. |

આ પૂર્વોના રચનારા ગણધર મહારાજ હોય છે. આ ચૌદ પૂર્વોમાંથી નવમું પ્રત્યાખ્યાન પ્રવાદ નામનું પૂર્વ છે જે ૨૫૬ હાથી પ્રમાણ શાહીથી લખવામાં આવ્યું છે. એમાંથી ઉદ્ધૃત કરીને 'દશાશ્રુત સ્કંધ' શાસ્ત્ર બનાવવામાં આવ્યું છે. આ દશાશ્રુત સ્કંધ શાસ્ત્રમાં ૧૦ અધ્યયનો છે. એ ૧૦ અધ્યયનોમાંથી આઠમું અધ્યયન **'पज्जोसणा कप्पो'** નામનું છે. આ મૂળ નામ છે. એને 'પર્યુષણા કલ્પ' કહેવામાં આવે છે, અને આગળ ચાલીને સંક્ષિપ્ત નામથી 'કલ્પસૂત્ર' વ્યવહાર થઇ ગયો. આથી હવે તે 'કલ્પસૂત્ર' કહેવાય છે.

'કલ્પસૂત્ર' દશાશ્રુતસ્કંધ શાસ્ત્રનું આઠમું અધ્યયન છે, અને દશાશ્રુત સ્કંધ મૂળ નવમું પૂર્વ છે. આ રીતે આ શ્રુતજ્ઞાન અગાધ સમુદ્ર રૂપ છે. ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામી મહારાજે આ 'કલ્પસૂત્ર' નવમા પૂર્વમાંથી ઉદ્ધૃત કરીને બનાવ્યું છે. ભદ્રબાહુસ્વામી આદિ મુખ્ય ૬ શ્રુતકેવલી ૧૪ પૂર્વી હતા. 'અભિધાન ચિંતામણિ' કોશમાં હેમચંદ્રાચાર્ય મહારાજે આ પ્રકારે નામ દીધાં છે :

**------------- अथ प्रभव प्रभु : ।**
**शय्यंभवो यशोभद्रः संभूतविजयस्ततः ।। ३३ ।।**
**भद्रबाहुः स्थूलभद्रः श्रुतकेवलिनो हि षट् ।**
**महागिरि सुहस्त्याद्या वज्रान्तादश पूर्विणः ।। ३४ ।।**

(૧) પ્રભવ સ્વામી (જંબૂસ્વામીના શિષ્ય) (૨) શય્યંભવસુરિજી (૩) યશોભદ્ર સૂરિ

(૪) સંભૂત વિજયજી (૫) ભદ્રબાહુસ્વામી (૬) સ્થૂલભદ્રસ્વામી - આ છ શ્રુત કેવલીઓ ચૌદપૂર્વધારી હતા. એમને ૧૪ પૂર્વોનું સંપૂર્ણ જ્ઞાન હતું, આથી એ કેવળજ્ઞાની ન હોવા છતાં એમની જેમ શ્રુતજ્ઞાનના બળે કહેનારા શ્રુત કેવલી હતા.


એ રીતે આર્ય મહાગિરિસ્વામી, આર્યસુહસ્તિ સ્વામી, આર્ય વજસ્વામી આ મહાપુરૂષો દશપૂર્વધરો હતા. આમના પછી દશપૂર્વીઓમાં કોઇનું નામ નથી આવતું. આ મહાપુરૂષો સુધી જ દશ પૂર્વીઓનાં નામ આવે છે. તે પછી પૂર્વોનું જ્ઞાન વિચ્છેદ ગયું- નષ્ટ થઇ થયું. અંતે પૂર્વધર વાચક મુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ કહેવાય છે. આ રીતે શ્રુતજ્ઞાન અર્થાત્ શાસ્ત્રજ્ઞાન એક અગાધ સાગર કરતાં ય અનેક ગણું વિશાળ છે.

કહેવાય છે કે સાગરનો પાર પામવો સરળ છે, સહેલો છે પરંતુ શ્રુતજ્ઞાનરૂપી શાસ્ત્ર સાગરનો અંત પામવો યા પાર ઊતરવું અતિ કઠિન છે. અત્યંત સારરૂપે અહીં સંક્ષેપમાં વર્ણન કરવામાં આવ્યું છે. વિશેષ વિસ્તારથી જ્ઞાનનું સ્વરૂપ સમજવાના જિજ્ઞાસુઓને 'વિશેષાવશ્યક ભાષ્ય', 'નંદિસૂત્ર' આદિ શાસ્ત્રોનું અધ્યયન સંતોષ આપી શકશે.

**પ્રત્યક્ષ જ્ઞાનનું સ્વરૂપ**

પાંચ જ્ઞાનોમાંથી જ બે પરોક્ષ જ્ઞાન છે - મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન - એમ પૂર્વે વર્ણન કરવામાં આવ્યું, હવે જે પરોક્ષ નથી, પ્રત્યક્ષ છે એમનું વર્ણન કરવામાં આવે છે. પ્રત્યક્ષ-પરોક્ષ શબ્દોની ચર્ચા પહેલાં કરવામાં આવી ગઇ છે. 'નંદિ સૂત્ર' માં પ્રત્યક્ષ- પરોક્ષ જ્ઞાનોના ભેદ આ રીતે છે. નંદિ સૂત્ર -

**तं समासओ दुविहं पण्णत्तं, तं जहा, पच्चक्खं च परोक्खं च । से किं पच्चक्खं ? पच्चक्खं दुविहं पण्णत्तं, तं जहा इन्दियपच्चक्खं च णोइन्दिय पच्चक्खं च ।से किं तं इंदियपच्चक्खं ? इंदियपच्चक्खं पंचविहं पण्णत्तं, तं जहा-(१) रसोइंदिय-पच्चक्खं,(२) चक्खिंदिय पच्चक्खं (३) घाणिंदियपच्चक्खं, (४) रसणेन्दिय पच्चक्खं (५) फासिंदिय पच्चक्खं। से तं इन्दिय पच्चक्खं। से किं तं णोइन्दिय पच्चक्खं ? णोइन्दिय पच्चक्खं तिविहं पण्णत्तं, तं जहा -(१)ओहिणाण पच्चक्खं (२) मणपज्जवणाण पच्चक्खं (३) केवलणाण पच्चक्खं ।**



આ રીતે 'નંદિ સૂત્ર'માં પાંચ જ્ઞાનના ભેદોને પ્રત્યક્ષ અને પરોક્ષ બે ભેદોમાં વિભક્ત કરીને પ્રત્યક્ષના પણ ઇન્દ્રિય પ્રત્યક્ષ અને નોઇન્દ્રિય પ્રત્યક્ષના બે ભેદ કરવામાં આવ્યા છે. પાંચ ઇન્દ્રિયોના માધ્યમથી જે ઇન્દ્રિય-પ્રત્યક્ષ જ્ઞાન થાય છે એને મતિજ્ઞાન કહે છે. મન પણ ઇન્દ્રિય રૂપે ગણાયુ છે. ઇન્દ્રિયોનાં દ્વારા હોવાથી ઇન્દ્રિય-પ્રત્યક્ષ કહ્યું: પણ આત્મ પ્રત્યક્ષ નથી કહ્યું. એટલા માટે તે પરોક્ષ ગણાય છે.

શ્રુતજ્ઞાન, મતિજ્ઞાનપૂર્વક જ થાય છે. આથી આ પણ ઇન્દ્રિય પ્રત્યક્ષ યા પરોક્ષ જ ગણાય છે. ઇન્દ્રિય પ્રત્યક્ષ કહો યા પરોક્ષ કહો, બંને એક જ વાત છે. સીધા આત્મ પ્રત્યક્ષ થનારા જ્ઞાન ત્રણ છે; અવધિ, મનઃપર્યવ તથા કેવળજ્ઞાન, એમાં પણ અવધિ તથા મનઃર્યવજ્ઞાન એ બંને લોક અલોકના સમસ્ત દ્રવ્યોને ગ્રહણ કરનારાં ન હોવાથી એમને દેશ પ્રત્યક્ષ કહેવામાં આવે છે. તથા અનંત લોક-અલોકના અનંત ગુણ, દ્રવ્ય પર્યાયોને ત્રણે કાળના પદાર્થોનું એક સાથે જ્ઞાન કરનાર સર્વ પ્રત્યક્ષના ભેદમાં કેવળજ્ઞાન લેવામાં આવે છે. એને ઇન્દ્રિયોની જરૂર નથી પડતી.

## અવધિજ્ઞાનનું સ્વરૂપ

અવધિજ્ઞાન મર્યાદા-સીમાના અર્થમાં પ્રયુક્ત છે. કાળની અને ક્ષેત્રની બંને પ્રકારની અવધિઓ હોય છે. અહીં ક્ષેત્રાવધિથી સંબંધ છે. નિયત ક્ષેત્ર સુધીના પદાર્થો ઇન્દ્રિયો તથા મનની મદદ વગર સીધા જ્ઞાનનો વિષય બને એ અવધિજ્ઞાન છે. આ તેવા પ્રકારનું અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ દ્વારા થાય છે. દ્રવ્ય, ક્ષેત્રાદિથી મર્યાદિત રૂપી દ્રવ્યનું જ્ઞાન અવધિજ્ઞાન કહેવાય છે. 'નંદી સૂત્ર' માં આ બે પ્રકારનું મુખ્ય બતાવવામાં આવ્યુ છે.

**અવધિજ્ઞાન**

- ભવપ્રત્યયિક
  - દેવ તથા નારકીને
- ક્ષયોપશમ (ગુણ) પ્રત્યયિક
  - અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી
  - મનુષ્ય તથા તિર્યંચને

['નંદી સૂત્ર'માંથી **किं तं ओहिणाण पच्चक्खं? ओहिणाण पच्चक्खं दुविहं पण्णत्तं, तं जहा भवपच्चतियं च खयोपसमियं च । दोन्हं भवपच्चतियं, तं जहा देवाणं च णेरईयाणं च। दोन्हं खयोवसमियं, तं जहा, मणुस्साणं च पंचेन्दिय तिरिक्खजोणियाणं च ।।**]

'નંદી સૂત્ર' ના આધારે પ્રત્યક્ષ અવધિજ્ઞાન કેવું છે ? પ્રત્યક્ષ અવધિજ્ઞાન બે પ્રકારનું છે (૧) ભવ પ્રત્યયિક (૨) ક્ષાયોપશમિક, ભવપ્રત્યયિક અવધિજ્ઞાન - (૧) દેવગતિના દેવતાઓને અને (૨) નરકગતિના નારકી જીવોને થાય છે. 'તત્ત્વાર્થ' નું સૂત્ર એ જ કહે છે : **'भवप्रत्ययोनारकदेवानाम् । (१-२१)** ભવ એટલે આયુષ્ય, જન્મ. આયુષ્ય અને નામ કર્મના ઉદયથી પ્રાપ્ત થનાર પર્યાય પ્રત્યય અર્થાત્ નિમિત્ત.

ભવનું નિમિત્ત લઇને જે અવધિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જન્મની સાથે જ ઉત્પન્ન થાય છે એ ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય છે. જેમ કે પક્ષીને ઉડવામાં આકાશ નિમિત્ત છે, એ રીતે દેવતા તથા નારકી જીવોનો ભવ-જન્મ જ આ ભવપ્રત્યયિક અવધિજ્ઞાન માટે નિમિત્ત છે. આથી સ્વર્ગ-દેવલોકના દેવતાઓને સ્વર્ગમાં જન્મ લેતાં જ અવધિજ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે. એ રીતે નરકગતિના નારકી જીવોને ત્યાં જન્મ લેતાં જ અવધિજ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે. પરંતુ દરેકનું એક સમાન હોતું નથી એમાં તરતમતા હોય છે. કારણ કે ભવ અવધિજ્ઞાનની પ્રાપ્તિમાં નિમિત્ત કારણ છે; પરંતુ સમાનતામાં નહીં. સમાનતા એટલા માટે નથી કે દરેકનો પોતપોતાનો ક્ષયોપશમ ભિન્ન ભિન્ન છે. ક્ષયોપશમ વત્તો ઓછો હોવાથી પણ જ્ઞાનનું વત્તા ઓછાપણું હોય છે. એટલા માટે સ્વર્ગ (દેવલોક)માં જેમ જેમ ઉપરના દેવલોકમાં જઇને તેમ તેમ અવધિજ્ઞાનનું પ્રમાણ વધતું જાય છે.

સ્વર્ગ તથા નરકના જીવોમાં જે સમ્યગ્દષ્ટિ જીવો હોય છે, એમનું અવધિજ્ઞાન સમ્યક્ કહેવાય છે. તથા જે મિથ્યાદષ્ટિ જીવો હોય છે એ દેવ નારકીઓનું અવધિજ્ઞાન મિથ્યા અવધિજ્ઞાન તથા વિભંગજ્ઞાન રૂપે કહેવાય છે. આ ચિત્રમાં દેવલોકનો દેવતા પોતાના અવધિજ્ઞાનથી નીચે સુધી કંઇ નરક-પૃથ્વી સુધી સ્પષ્ટ જાણી શકે છે, જોઇ શકે છે. સર્વે નરક પૃથ્વીના નારકી જીવોનું અવધિજ્ઞાન ઉપરની તરફ પોતાના નરક બીલોની ઉપરના ભાગ સુધી અને તિરછું અસંખ્ય કોડાકોડી યોજન સુધી રહે છે તથા નીચે સીમિત ભિન્ન ભિન્ન નરક પૃથ્વીઓ સુધી રહે છે.

એ રીતે દેવલોકના દેવતાઓનું અવધિજ્ઞાન ઉપર તરફ પોતપોતાના વિમાનના ઉપરના ભાગ સુધી અર્થાત્ ધજા સુધી રહે છે. જ્યારે નીચે તરફમાં કોઇને પહેલી નરક પૃથ્વી સુધી, કોઇનું બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છટ્ઠી, સાતમી નરક પૃથ્વી સુધી અવધિજ્ઞાન રહે છે - તથા તિરછું અસંખ્યાત કોડાકોડી યોજન સુધી દેખનારું અવધિજ્ઞાન હોય છે. આટલાં ક્ષેત્ર સુધીના રૂપી પુદ્ગલ દ્રવ્યોને જોઇ શકે છે. જાણી શકે છે.

## ઇન્દ્રાદિ દેવતાનું અવધિજ્ઞાન

સ્વર્ગસ્થ દેવલોકમાં રહેલા ઇન્દ્રાદિ દેવગણ પોતપોતાના અવધિજ્ઞાનના બળે જાણે છે. અહીં ભરત ક્ષેત્રની પૃથ્વી ઉપર તીર્થંકર ભગવંતોનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણાદિ કલ્યાણકાદિ પ્રસંગોની સર્વપ્રથમ દેવલોકના ઇન્દ્રાદિને ખબર પડે છે. ઇન્દ્રનું સિંહાસન ચલાયમાન થાય છે. જેથી ઇન્દ્ર વિચારમાં પડી જાય છે. પછી પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂકીને એ જાણી લે છે કે ઓ હો ! ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાનનો જન્મ થયો છે ! આથી ભગવાનનો જન્મોત્સવ કરવા ચાલો, પછી ઇન્દ્ર હરિણેગમેષી દેવને બોલાવીને સુઘોષા ઘંટા વગડાવીને સર્વ દેવલોકના દેવતાઓને સંદેશો મોકલે છે.

ઇન્દ્રની સૂચનાથી કેટલાય દેવતાઓ-દેવીઓ જન્માભિષેક મહોત્સવ માટે આવે છે. પ્રભુને મેરુ પર્વત ઉપર લઇ જાય છે; અને ત્યાં ભગવાનનો જન્માભિષેક કરે છે. એ

રીતે ઇન્દ્રાદિ દેવતાઓ ભગવાનની દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણાદિ કલ્યાણકોના પ્રસંગોને અવધિજ્ઞાનના બળે જાણી લઇને તે તે પ્રસંગો પર આવે છે. કલ્યાણકો મનાવે છે. આ રીતે અવધિજ્ઞાનના બળે જાણીને અન્ય કેટલાય પ્રસંગો ઉપર દેવતા ગણ આવે છે-જાય છે. એ પ્રવૃત્ત રહે છે. પરંતુ નરકગતિના નારકી જીવો આવી શકતા નથી. તેઓ દુઃખ-ત્રાસ-પીડાથી તપ્ત હોય છે. દેવતાઓ આવીને સમવસરણમાં બેસીને દેશના સાંભળે છે. નંદીશ્વર દ્વીપમાં જઇને અષ્ટાહ્નિકા મહોત્સવ ઊજવે છે. આ રીતે અવધિજ્ઞાન દેવતાઓ માટે જન્મતઃ ઉપયોગી થાય છે.

## ક્ષાયોપશમિક જ્ઞાન

આ જ્ઞાન અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વિશેષના આધારે થાય છે. અથવા તથાપ્રકારના અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્માના અવધિજ્ઞાન ગુણની ઉત્પત્તિ થતી હોવાથી આનું બીજું નામ 'ગુણ પ્રત્યયિક' પણ છે.-ગુણનિમિત્તે જાગનારૂ જ્ઞાન, આ ભવ પ્રત્યયિક નથી માટે જન્મથી જ નથી હોતું, તેમજ કોઇ પણ ગતિમાં જન્મજાત થનારૂ નથી. હા, આ અવધિજ્ઞાન માત્ર મનુષ્યગતિ તથા તિર્યંચગતિમાં જ થાય છે; પરંતુ એ પણ અવધિજ્ઞાનાવરણીય કર્મોનો જેટલો ક્ષયોપશમ થાય છે, એટલું અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. એ રીતે તે તિર્યંચગતિનાં પશુ પક્ષીઓને પણ થાય છે. પશુપક્ષી ભલેને તિર્યંચગતિનાં હોય, પણ એ ય જીવ તો છે, સંજ્ઞિસમનસ્ક પાંચ ઇન્દ્રિયો વાળા જીવો છે. આપણો અને એમનો આત્મા સમાન જ છે. સંભવ છે કે મનુષ્યનો આત્મા યા તો દેવનો આત્મા તેવા પ્રકારનાં કર્મ બાંધીને તિર્યંચગતિમાં ગયેલો એ આત્મા હોય. આત્મા તો તે જ છે પણ કર્માનુસાર દેહ પર્યાય બદલાય છે. આથી જ્ઞાન આત્મગુણ છે; નહીં કે દેહનો. જ્ઞાન દેહને નથી હોતું, આત્માને હોય છે અને જ્યારે જ્ઞાન આત્માને થાય છે ત્યારે પણ જે કોઇ આત્મા તેવા પ્રકારના અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જેટલા પ્રમાણમાં કરશે એટલા પ્રમાણમાં એને અવધિજ્ઞાન પ્રાપ્ત થશે. આ જ્ઞાનવાળો એ જીવ અવધિજ્ઞાની કહેવાશે. શરીર પછી ભલેને પશુ-પક્ષી યા ગમે તેનું હોય.

## અવધિજ્ઞાનના છ ભેદ

**(૧) અનુગામી** :- એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા છતાં પણ જે અવધિજ્ઞાન આંખોની જેમ સાથે જ રહે તેને અનુગામી કહે છે. તાત્પર્ય એ છે કે જે જગ્યાએ જે જીવને આ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. એ જીવ જો એ સ્થાન છોડીને અન્યત્ર જાય તો પણ આ અવધિજ્ઞાન એની સાથે જ રહે છે, અને એટલું જ રહે છે. કોઇ પણ ક્ષેત્રથી સમાન રૂપે સંખ્યાત-અસંખ્યાત યોજન સુધી જોઇ શકે છે, જાણી શકે છે.

**(૨) અનનુગામી** :- ઉપરોક્ત અનુગામીથી ઊલટું અનનુગામી છે. અર્થાત્ જે પ્રદેશમાં, ક્ષેત્રમાં,જગ્યામાં અવધિજ્ઞાન પ્રકટયુ હોય એ ક્ષેત્રને છોડીને જો તે જીવ અન્ય સ્થાનમાં જાય તો એ અવધિજ્ઞાન સાથે ન રહે, ચાલ્યું જાય એ અનનુગામી અવધિજ્ઞાન છે.

**(૩) વર્ધમાન** :- વર્ધમાન એટલે વૃદ્ધિગત, વધતું રહેનારું.જે અવધિજ્ઞાન એક વાર

થયા પછી પણ પરિણામ વિશુદ્ધિની સાથે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,ભાવની મર્યાદા માટે દિવસે દિવસે વધતું રહે એને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય છે.

**(૪) હીયમાન** :- આ ઉપરના કરતાં ઊલટું છે. એકવાર અવધિજ્ઞાન થઇ ગયા પછી પરિણામો-અધ્યવસાયોની શુદ્ધિને કારણે દિન-પ્રતિદિન ઘટતું જાય એ હીયમાન પ્રકારનું અવધિજ્ઞાન છે.

**(૫) પ્રતિપાતી** :- પ્રતિપાતીનો અર્થ છે પડવું, નષ્ટ થવું, જે અવધિજ્ઞાન પ્રગટ થઇને જેમ દીવો હવાની થપાટથી-ઝપટથી-ઓલવાઇ જાય - ગાયબ થઇ જાય. ચાલ્યો જાય એ રીતે જે અવધિજ્ઞાન નષ્ટ થઇ જાય તેને પ્રતિપાતી અવધિજ્ઞાન કહેવાય છે.

**(૬) અપ્રતિપાતી** :- આ ઉપરોક્ત પાંચમાં પ્રકારથી ઊલટું છે. અપ્રતિપાતી=નષ્ટ ન થનાર. જે અવધિજ્ઞાન એકવાર પ્રગટ થઇને કદીય નષ્ટ ન થાય એ અપ્રતિપાતી અવધિ-જ્ઞાન છે. આ કેવળજ્ઞાનના પ્રગટ થવા પહેલાંના અંતર્મુહૂર્ત પહેલાં પ્રગટ થાય છે. એના પછી કેવળજ્ઞાન થાય છે તો એમાં એ સમાઇ જાય છે. આથી એના નષ્ટ થવાનો પ્રશ્ન જ ઊઠતો નથી. આનું બીજું નામ પરમાવધિજ્ઞાન પણ છે. આથી અપ્રતિપાતી અવધિજ્ઞાનને જ પરમાવધિજ્ઞાન કહે છે.

અવધિજ્ઞાની જઘન્યથી અનંત દ્રવ્યોનો જાણે છે. જુએ છે. ઉત્કૃષ્ટથી સંપૂર્ણ રૂપી દ્રવ્યોને પણ જાણી-જોઇ શકે છે. અસંખ્ય યોજન સુધી લોકને જાણી શકે છે. અલોક પણ જાણી શકે છે. કાળની દૃષ્ટિએ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી અતીત-અનાગત કાળના રૂપી પદાર્થોને જાણી શકે છે. એમાં ઇન્દ્રિયો તથા મનની આવશ્યકતા નથી રહેતી. આત્મા સ્વયં આત્મપ્રદેશથી જાણે છે, જુએ છે.

## ચોથું મનઃપર્યવજ્ઞાન

ત્રીજા અવધિજ્ઞાન પછી ચોથો ક્રમ મનઃપર્યવજ્ઞાનનો આવે છે.

**मणपज्जवनाणं पुण जणमणपरिचिंतियत्थपागडणं ।**
**माणुस खेत्त निषद्धं, गुणपच्चइयं चरित्तओ ॥८१०॥**

જીવો દ્વારા મનમાં ચિંતિત અર્થને પ્રકટ કરનાર જ્ઞાન મનઃપર્યવજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન મનુષ્યક્ષેત્ર પ્રમાણ વિષયવાળું હોય છે; તથા ગુણ પ્રત્યયિક ચારિત્રવાન સાધુ મહાત્માને જ થાય છે. મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં આ જ્ઞાન થાય છે. એનાથી સંજ્ઞિ-સમનસ્ક-મનવાળા પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણી શકાય છે.

કોઇએ મનમાં શું વિચાર્યું ? કઇ વસ્તુનો વિચાર કર્યો ? એને મનઃપર્યવજ્ઞાની જાણીને તરત જ બતાવી શકે છે. મનઃપર્યવજ્ઞાન એ આત્મપ્રત્યક્ષ જ્ઞાન છે, એટલે મનઃપર્યવજ્ઞાનીને પોતાના મનથી જ્ઞાન કરવાની આવશ્યકતા નથી હોતી. મન અને ઇન્દ્રિયો તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ઉપયોગી છે. આત્મપ્રત્યક્ષમાં મન અને ઇન્દ્રિયોનો કોઇ ઉપયોગ નથી. સીધું જ આત્મામાંથી ઉત્પન્ન થાય છે, આથી એને મતિજ્ઞાન યા તો

શ્રુતજ્ઞાનમાં સમાવિષ્ટ ન કરી શકાય, આ સ્વતંત્ર જ્ઞાન છે. જો સ્વતંત્ર ન હોત અને કોઇક જ્ઞાનનો ભેદ હોત તો એને અલગ-સ્વતંત્ર ન બનાવત. પછી પાંચ જ્ઞાન પણ કેવી રીતે થાત ?

જ્ઞાન પાંચ છે. મનઃપર્યવ પણ સ્વતંત્ર જ્ઞાન છે. એનું કાર્ય માત્ર મનવાળા સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને-મન માં વિચારેલી વાતો જાણવાનું છે. જગતમાં જે જીવોને મન મળ્યું જ નથી. જે મન વગરનાં છે એ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિયવાળા કીડા, મંકોડા, માખી, મચ્છર, ભમરા વગેરેને મન મળ્યું જ નથી, આથી એ અસંજ્ઞિ-અમનસ્ક ગણવામાં આવે છે. એ રીતે પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યોમાં પણ મન વગરનાં અસંજ્ઞી સંમૂર્છિમ જીવો હોય છે. અસંજ્ઞી જીવોને તો વિચાર કરવાનો સવાલ જ ઊભો થતો નથી. એથી એમના મનોગત વિચારો જાણવાની આવશ્યકતા જ રહેતી નથી.

જે સંજ્ઞી-સમનસ્ક અર્થાત્ મનવાળા જીવો છે એટલે કે આપણા જેવા મનવાળા મનુષ્ય, હાથી, ઘોડા, બળદ, બકરી, ગાય, ભેંશ, ઊંટ આદિ પશુઓ તથા મેના, પોપટ, કબૂતર આદિ પક્ષિઓ બધાં મનવાળાં સંજ્ઞી જીવો છે. આથી એમના મનોગત ભાવો સમજી શકે કે એમના મનમાં શું છે? કઇ વસ્તુ અંગે વિચાર કર્યો છે એ મનઃપર્યવજ્ઞાની પોતાના મનઃપર્યવજ્ઞાનને આધારે બતાવી શકે છે. એ બતવવામાં મનઃપર્યવજ્ઞાનીને કોઇ અનુમાન નથી કરવું પડતું.

મતિ-શ્રુત જ્ઞાનની મદદ લેવી પડતી નથી. અને ઇન્દ્રિયો તથા મનનો ઉપયોગ પણ કરવો પડતો નથી. આથી સ્વતંત્ર રૂપે આત્મ પ્રત્યક્ષ રૂપે એ દેખાય છે કે અએમણે પોતાના મનમાં શું વિચાર્યું છે? કઇ વસ્તુનો વિચાર કર્યો છે? એ તો જાણીને સીધું જ બતાવી દે છે. અધિક સ્પષ્ટતાની દષ્ટિથી એમના પ્રકારો બતાવ્યા છે :-

**ऋजु-विपुल मति मनःपर्यवः ॥ २५॥**

મનઃપર્યવ જ્ઞાન

ઋજુમતિ મનઃપર્યવ જ્ઞાન | વિપુલમતિ મનઃ પર્યવ જ્ઞાન

આ રીતે ચોથા મનઃપર્યવજ્ઞાનના માત્ર બે જ ભેદ હોય છે. પહેલા કરતાં બીજામાં વિશુદ્ધિ વધારે હોય છે.

**(૧) ઋજુમતિ મનઃપર્યવ જ્ઞાન :-** બીજા કોઇએ મનમાં વિચારેલા પદાર્થો-ઘટ-પટ આદિના સામાન્ય સ્વરૂપને જાણવું, અર્થાત્ એણે ઘડો લાવવા વિચાર કર્યો છે, ઘડો અહીં રાખવાનો વિચાર કર્યો છે. એ રીતે સાધારણ રૂપે મનોગત ચિંતિત વસ્તુને બતાવવી એ ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન કહેવામાં આવે છે.

આ સ્પષ્ટ અને સરળ મનવાળા લોકોની મનોગત વાતને જાણે છે - ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનમાં વિપુલમતિવાળાની અપેક્ષાએ સ્પષ્ટતા ઓછી રહે છે. આ જ્ઞાન આવીને નષ્ટ પણ થઇ જાય છે. ટકી ન પણ રહે, તેથી પ્રતિપાતી છે.

(૨) વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન :- આ વિપુલમતિવાળું છે. **विपुला मतिरस्य स विपुलमतिः** ઋજુમતિએ જેટલું જાણ્યું છે, એથી વધારે પ્રમાણમાં વિસ્તારપૂર્વક અને ગહનતાથી આ વિપુલમતિ જાણે છે. બીજાના મનમાં રહેલા અનેક પર્યાયોને જાણવા એ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન છે. જેમ કે કોઇ વ્યક્તિએ ઘડાનો વિચાર કર્યો છે. વિપુલમતી મનઃપર્યવજ્ઞાની સાફ સાફ બતાવીને કહી દે છે કે એણે ઘડાનો વિચાર કર્યો છે. એમાં પણ ધાતુના ઘડાનો વિચાર કર્યો છે. ધાતુમાં પણ સોનાની ધાતુનો વિચાર કર્યો છે. એ પણ અમુક જગ્યાનો-જયપુરનો બનેલો વિચાર્યો છે. એમાં પણા અમુક રંગનો - પીળા રંગનો ડિઝાઇનવાળો, ચિત્રાદિ કરેલાં હોય તેવો વિચાર્યો છે. આટલા વિસ્તારથી, વિશેષ રૂપથી બતાવે એ વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન કહેવાય છે. ઋજુમતિ આટલા વિસ્તાર પૂર્વક ન બતાવી શકે. એ તો માત્ર એટલું જ કહી શકે કે-એણે ઘડાનો વિચાર કર્યો છે. પણ વધારે ઊંડાણમાં જઇને જાણકારી ન આપી શકે. આથી વિપુલમતિ વધારે સ્વચ્છ અને સ્પષ્ટ જાણે છે. એ કુટિલ મનવાળાંની વાંકી રમતો-ચાલો પણ જાણી શકે છે. કોઇના દ્વારા વ્યક્ત મનથી યા અવ્યક્ત મનથી ચિંતિત યા અર્થચિંતિત સર્વ પ્રકારે સાફ જાણી શકે છે.

કોઇનાં સુખ-દુઃખ, જીવવા મરવાની ઇચ્છા, લાભ યા નુકસાન આદિની વિચારણા કરી હોય તો તે બધું જ વિપુલમતિ સ્પષ્ટ જાણી શકે છે.વિપુલમતિજ્ઞાની જઘન્યથી સાત -આઠ ભવ તથા ઉત્કૃષ્ટ રીતે ગતિ-આગતિની દૃષ્ટિથી અસંખ્ય જીવોને જાણી લે છે. ઉત્કૃષ્ટથી માનુષોત્તર પર્વત સુધીના સમગ્ર અઢી દ્વીપના સર્વ સંજ્ઞી જીવોના મનોગત ભાવોને સ્પષ્ટ રૂપે જાણી શકે છે.

વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન અપ્રતિપાતી છે. આવીને તે પાછું જતું નથી. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી ટકે છે. આથી વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન જે કોઇને થઇ ગયું, તેને કેવળજ્ઞાન નિશ્ચિત થઇ ગયું. એમાં કોઇ શંકા નથી. આથી એ વધારે પ્રમાણમાં વિશુદ્ધ છે. **विशुद्धि क्षेत्र स्वामि विषयेभ्योऽवधिमनःपर्यायियोः ॥२७॥** વિશુદ્ધિ એટલે નિર્મળતા, ક્ષેત્ર એટલે જ્યાંના પદાર્થને જાણવો છે તે, સ્વામી એટલે એ જ્ઞાનવાળો, અને વિષય એટલ જ્ઞેય પદાર્થ - ચારે વાતોની દૃષ્ટિથી અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન સર્વેનાં એક સરખાં ન્યૂનાધિકતાની તરતમતા રહેતી હોય છે. વત્તા ઓછાપણું રહે જ છે. કારણ કે કોઇની નિર્મળતા વધારે હોય છે તો કોઇની ઓછી હોય છે. આ રીતે વિશુદ્ધિ આદિને આધારે ન્યૂનાધિકતા રહે છે. મનઃપર્યવજ્ઞાન કરતાં અવધિજ્ઞાનનું ક્ષેત્ર જરૂર મોટું છે. અવધિજ્ઞાની લોક-અલોકના રૂપી દ્રવ્યોને જોઇ-જાણી શકે છે; જ્યારે મનઃપર્યવજ્ઞાની માત્ર અઢી દ્વીપ પ્રમાણ ક્ષેત્રના જ સંજ્ઞી જીવોના મનોગત ભાવોને જાણે છે અઢીદ્વીપ-એટલે (૧) જંબૂદ્વીપ સંપૂર્ણ, બીજો ધાતકીખંડ પણ પૂર્ણ,ત્રીજો પુષ્કરદ્વીપ અડધો. કારણ કે પુષ્કર દ્વીપ જે ૧૬ લાખ યોજન વિસ્તારવાળો છે એની બરાબર મધ્યમાં પૂરો ગોળ માનુષોત્તર પર્વત છે. આજ મનઃપર્યવજ્ઞાનીની અંતિમ સીમા છે.

આથી અઢીદ્વીપના ૪૫ લાખ યોજન નો વિસ્તાર અર્થાત્ ૮ + ૮ + ૪ + ૨ + ૧ + ૨ + ૪ + ૮ + ૮ = ૪૫ આ રીતે અઢી દ્વીપના મનુષ્ય ક્ષેત્રનું પ્રમાણ છે. આટલા અઢી દ્વીપ રૂપ ૪૫ લાખ યોજન વિસ્તારવાળા મનુષ્ય ક્ષેત્રના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને મનઃપર્યવજ્ઞાની જાણે છે.

**"વિમલા તમા દિશા રે ,જાણે જ્યોતિષ વ્યંતર ઠામ,**
**તિર્થ્છાલોકમાં રે, ભાખ્યું એહ પ્રમાણ ॥૨॥**
**અધોલોકમાં રે યોજન સો અધિકેરા જાણ,**
**સંજ્ઞી જીવના રે, જાણે મન ચિંતન મંડાણ" ॥૩॥**

મનઃપર્યવજ્ઞાની નિર્મળ એવી ઊર્ધ્વ દિશામાં જ્યોતિષ્ક મંડળ સુધી જાણે છે. કેમ કે જ્યોતિષ્ક મંડળના સૂર્ય-ચંદ્ર-ગ્રહ નક્ષત્ર-તારા આદિ તિર્થ્છાલોકના પ્રમાણમાં ગણવામાં આવે છે. તથા તમા એટલે અંધકારવાળી અધોદિશામાં (નીચે) વ્યંતરોના સ્થાન સુધી જાણે છે. અર્થાત્ ઉપર ૯૦૦ યોજન તથા નીચે ૯૦૦ યોજન સુધી જે તિર્થ્છાલોક નું પ્રમાણ છે, એટલું જ મનઃપર્યવજ્ઞાનીનું ક્ષેત્ર છે. ઉપર નીચે મળીને કુલ ૧૮૦૦ યોજન તથા તિર્થ્છા ૪૫ લાખ યોજન પરિમિત ક્ષેત્રમાં અધઃમાં ૧૦૦ યોજન વધારે તે એટલા માટે કે મહાવિદેહની નીચે ૧૦૦ યોજન નીચું ક્ષેત્ર છે એટલે નીચે ૧૦૦ યોજન વધારે. અહીં સુધીના જીવોના મનના પર્યાયોને અર્થાત્ વિચારોને મનઃપર્યવજ્ઞાની જાણી શકે છે.

આ મનઃપર્યવજ્ઞાન માત્ર મનુષ્ય ગતિમાં જ થાય છે. દેવ, નરક કે તિર્યંચ ગતિના જીવોને એ થતું નથી. મનુષ્યગતિમાં પણ માત્ર ગર્ભજ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા કર્મભૂમિજ મનુષ્યોમાં પણ માત્ર છટ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા વિશુદ્ધ ચારિત્રધારી સાધુ મુનિ-મહાત્માને જ થાય છે. તીર્થંકર ભગવંતોને જન્મથી મતિ, શ્રુત અને અવધિ-ત્રણ જ જ્ઞાન હોય છે. ચોથું જ્ઞાન જન્મથી નથી હોતું; પરંતુ જ્યારે તીર્થંકર દીક્ષા લઇને સાધુ બને છે ત્યારે ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ સાધુ ન બને ત્યાં સુધી ઉત્પન્ન ન થાય કારણ કે એ સંસારીને થતું નથી. માત્ર સંયમી સાધુને જ થાય છે. સાધુમાં પણ વિશુદ્ધ-નિર્મળ ચારિત્રની વિશુદ્ધિવાળાને જ થાય છે-દરેકને નહીં.આ વિચ્છેદ ગયું હોવાને કારણે વર્તમાન કાળમાં મનઃપર્યવજ્ઞાન કોઇને ય થયું નથી અને કોઇને થશે પણ નહીં.

**કેવળજ્ઞાન**

**अह सव्व दव्व परिणाम, भाव विन्नति कारणमणंतं ।**
**सासयमप्पडिवाई, एगविहं केवलनाणं ॥ ८२३ ॥**

સર્વ દ્રવ્યોના પ્રમાણની સત્તાને વિશેષ રૂપથી જાણનાર (જાણવાના કારણભૂત) અનંત શાશ્વત અને અપ્રતિપાતી એવું કેવળજ્ઞાન છે. આ એક જ પ્રકારે છે. એના કોઇ પ્રકાર યા ભેદ નથી. વર્ણવેલાં ચાર જ્ઞાનો પછી કોઇ જ્ઞાનના ભેદ નથી. આ જ અંતિમ જ્ઞાન છે. અંતિમ પ્રકારનું જ્ઞાન છે. જ્ઞાનની ચરમ સીમા કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાનમાં કેવળ શબ્દનો અર્થ છે, **'बाह्याभ्यन्तर क्रियाविशेषान् यदर्थं केवन्ते तत्केवलम्**


।' તત્ત્વાર્થવાર્તિકકાર કહે છે કે - જેને માટે બાહ્ય અને આભ્યંતર વિવિધ પ્રકારનાં તપ તપવામાં આવે છે, એ લક્ષ્યભૂત કેવળજ્ઞાન છે. **केव्** ધાતુમાંથી **केवन्ते** અર્થાત્ **'सेवन्ते केवन्ते-सेवन्ते तत् केवलम्'** જે તપાદિ સેવવામાં આવે છે, એમાંથી ઉત્પન્ન માત્ર જ્ઞાન જ જ્ઞાન છે, એ કેવલજ્ઞાન છે.**अध्युत्पन्नो वाङ्सहायार्थः केवल शब्दः** જેમ કે કેવળ અન્ન જ ખાય છે. અહીં 'કેવળ' શબ્દ અસહાય અર્થમાં છે. એટલે કે બીજા કોઇની સહાય નથી. માત્ર અન્ન જ ખાય છે. શાક રહિત, અસહાય અન્ન ખાય છે. એ રીતે **क्षायोपशमिक ज्ञानासंपृक्तं असहायं केवले इति व्युत्त्पन्नोऽयं शब्दो द्रष्टव्यः।** અર્થાત્ ક્ષાયોપશમિક આદિ પહેલાંના ચાર જ્ઞાનોની સહાયતા વગર અસહાય કેવલજ્ઞાન છે. કેવળ જ્ઞાન જ જ્ઞાન છે. કેવળ એટલે માત્ર પૂર્ણ-સંપૂર્ણ જ્ઞાન, જ્ઞાન જ જ્ઞાન ! Only શબ્દ માત્ર યા કેવળના અર્થમાં છે. ચેક યા ડ્રાફ્ટ ઉપર Only શબ્દ લખાય છે ત્યારે એનો અર્થ થાય છે કે એક હજાર રૂપિયાથી ઓછા ય નહીં અને વધારે પણ નહીં-પૂરા એક હજાર ! એ રીતે કેવળજ્ઞાનમાં માત્ર જ્ઞાન જ જ્ઞાન છે. પૂર્ણ-સંપૂર્ણ, અનંતજ્ઞાન જ જ્ઞાન છે. અનંતથી ઓછું નહીં, અનંત કરતાં વધારે પણ નહીં. અનંતથી વધારે તો સંભવ જ નથી. આથી આવા કેવળજ્ઞાની નો વિષય અનંત દ્રવ્ય છે. અનંત જગત છે. અનંત લોક-અલોક છે.'તત્ત્વાર્થ સુત્ર' માં **'सर्वद्रव्यपर्यायेषु केवलस्य'॥३१॥** સર્વ દ્રવ્યો તથા સર્વ દ્રવ્યોની સર્વ પર્યાયો કેવળજ્ઞાનનો વિષય છે.

સમસ્ત જગતમાં કેટલા દ્રવ્યો છે ? અનંત છે. જગત અનંત દ્રવ્યો-વસ્તુઓથી ભરેલું છે. દ્રવ્યો મુખ્ય રૂપે બે જ છે. એક જીવ બીજું અજીવ. જગતમાં નિગોદથી શરૂ કરીને સિદ્ધો સુધી અનંતાનંત જીવો છે. એ રીતે અજીવના (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) કાળ (૫) પુદ્ગલ - આ મુખ્ય પાંચ ભેદ છે. ધર્માસ્તિકાય જે ગતિ સહાયક અસંખ્ય પ્રદેશી દ્રવ્ય સમસ્ત ચૌદ રાજલોકમાં ફેલાયેલું છે. એ અરૂપી હોવા છતાં પણ કેવળજ્ઞાનનો વિષય બન્યું છે.

એ જ રીતે અધર્માસ્તિકાય જે સ્થિતિ સહાયક ગુણવાળુ, અસંખ્ય પ્રદેશી, લોકવ્યાપી અરૂપી દ્રવ્ય છે. એને પણ કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે. આકાશાસ્તિકાય-જે અવકાશ આપવાના સ્વભાવવાળું છે, એ પણ અરૂપી અનંત પ્રદેશી દ્રવ્ય છે. એ લોક અલોક વ્યાપી છે, આ ક્ષેત્ર છે. એમાં રહેનાર અન્ય સર્વે દ્રવ્યો ક્ષેત્રી કહેવાય છે. એને ય કેવળજ્ઞાની સારી રીતે જાણે છે-જુએ છે. લોકાકાશ કેવડું મોટું, લાંબું પહોળું છે એ તો કેવળીએ જ બતાવ્યું છે કે લોક ૧૪ રાજલોક પરિમિત ક્ષેત્ર છે. લોકવ્યાપી આકાશને લોકાકાશ બહારના આકાશને અલોકાકાશ કહેવાય છે. એની કોઇ સીમા નથી. બંનેના આકાશ પ્રદેશ અખંડ રૂપે એક બીજાથી જોડાયેલા એક રૂપ છે. આથી સંપૂર્ણ આકાશ એક અખંડ દ્રવ્ય છે. ઘટાકાશ-મઠાકાશ આદિ ઉપાધિ ભેદથી આકાશના ભેદ બને છે, એવા જ એક અખંડ આકાશના લોકના ઉપાધિ ભેદથી લોકાકાશ તથા અલોકાકાશ ભેદ પડે છે. પરંતુ બંનેમાં અંતર્ગત આકાશાસ્તિકાય અખંડ દ્રવ્ય છે. જે કંઇ જીવ તથા જડ

પુદ્ગલાદિ દ્રવ્યો છે તે માત્ર લોકમાં જ છે. અલોકમાં કશું જ નથી. અલોકમાં પુદ્ગલનું એક પરમાણુ પણ નથી. સર્વથા સંપૂર્ણ ખાલી રિક્ત-પ્રદેશ છે. ત્યાં કંઇ પણ નથી. આ પણ કોણે બતાવ્યું ? કોઇ છદ્મસ્થ અલ્પજ્ઞ યા અજ્ઞાની તો ન બતાવી શકે ! આથી સર્વજ્ઞ કેવળજ્ઞાનીએ જ આ બધું બતાવ્યું છે.

## કેવળજ્ઞાનથી કેવલી લોકાલોક વ્યાપી



ઇશ્વરને સર્વવ્યાપી અને ઘટ-પટ વ્યાપી કહેનારા વૈદિક દર્શનમાં અનેક દોષો આવે છે. ઇશ્વર સ્વદેહથી સર્વવ્યાપી બની શકે એ સંભવ નથી. સેંકડો દોષ આવે છે એની ચર્ચા બીજા ભાગમાં કરી ચૂક્યા છીએ. આથી જૈન દર્શન સર્વજ્ઞ પરમાત્માને કેવળજ્ઞાન થી સર્વ વ્યાપી માને છે. જેને કેવળજ્ઞાન થાય એવા કેવળી સર્વજ્ઞ કહેવાય છે-**'सर्वं जानाति इति सर्वज्ञः'** જે જગતનાં અનંત દ્રવ્યોને તથા એક એક દ્રવ્યની અનંત પર્યાયો જાણે છે તે સર્વજ્ઞ છે. કેવળજ્ઞાની જે તિર્ચ્છાલોકના મધ્યમાં જંબૂદ્વીપમાં બિરાજમાન છે, તે પોતાના સ્થાનમાં બેઠાબેઠા અનંત લોકાકાશ પ્રત્યક્ષ જુએ છે, જાણે છે. એ રીતે સિદ્ધશિલા પર બિરાજમાન સિદ્ધ પણ પોતાના અનંતજ્ઞાનથી અનંત લોકાલોકને જુએ છે, જાણે છે.

જેમ સૂર્ય સ્વપ્રકાશિત કિરણોથી વ્યાપ્ત હોય છે એ જ રીતે કેવલી પણ પોતાના અનંતજ્ઞાનથી લોકાલોકવ્યાપી થઇ જાય છે. આથી એ જ્ઞાનવ્યાપી કહેવાય છે. એટલા માટે સર્વજ્ઞના જ્ઞાનની બહાર, લોક યા અલોક નો એક પરમાણુ પણ નથી રહેતો. અનંત અસીમ અલોકાકાશનો એક એક આકાશ પ્રદેશ પણ એના જ્ઞાનની બહાર અસ્પૃષ્ટ રહી શકતો નથી. એટલા માટે જ્યારે કેવલીએ આ કહ્યું કે અલોકમાં જીવ યા જડ પુદ્ગલ કશું જ નથી - એક પરમાણુ પણ અલોકમાં નથી આ ક્યારે કહ્યું ? જોયું, જાણ્યું પછી કહ્યું. નિગોદમાં અનંતાનંત જીવો છે. અસંખ્ય ગોળા છે અને એક એક ગોળામાં અનંત જીવો છે એ ક્યારે કહ્યુ ? જ્યારે અનંત કેવળજ્ઞાનથી જાણ્યું તથા કેવળદર્શનથી જોયું ત્યારે કહ્યું.

તેઓ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જે નિગોદરૂપ કહેવાય છે અને હવે તે જ

સ્થૂલ (બાદર) સાધારણ વનસ્પતિકાય બની જાય છે ત્યારે તે સ્થૂળ આકારથી દષ્ટિગોચર થાય છે તે બટાટા, ડુંગળી, લસણ, ગાજર, આદુ, શક્કરિયું વગેરેના રૂપમાં સામે આવે છે. તે બધાં અનંતકાય છે. અનંત+કાય = અનંત કાય કહેવાય છે. એમાં જીવોની સંખ્યા અનંત હોય છે. અને રહેવા માટે કાયા-શરીર એક હોય છે. આથી અનંતકાય પદાર્થોમાં અનંત જીવો રહે છે, જે ખાદ્ય નથી; વર્જ્ય છે, એ તીર્થંકર સર્વજ્ઞોએ કહ્યું છે અનંત દર્શનથી જોઇને કહ્યું છે.

આથી અલોકમાં યા લોકમાં કશું પણ છે એ કહેવા માટે પણ જાણવું અને જોવું આવશ્યક છે. ત્યારે જ 'છે' એમ કહી શકાય છે. એ રીતે અલોકમાં કશું નથી- સિવાય કે એક માત્ર આકાશ. આ પણ કહેવા માટે અનંત કેવલજ્ઞાનની જ સંપૂર્ણ આવશ્યકતા છે. જાણ્યા જોયા સિવાય સંભવ નથી. અને કહી દઇએ તો ખોટું સાબિત થઇ શકે. આથી સર્વજ્ઞોના સિદ્ધાંત આજ દિવસ સુધી અકાટ્ય રહ્યા છે કારણ કે અનંત કેવળ દર્શનથી જેવું જોયું છે, અનંત જ્ઞાનથી જેવું જાણ્યું છે, એવું જ પ્રભુએ વીતરાગતાથી જગત સમક્ષ કહ્યું છે; બતાવ્યું છે. આથી અસત્યની રતિભાર કલ્પના ય કરી શકાતી નથી.

## ત્રિકાળજ્ઞાની સર્વજ્ઞ

કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંત ત્રિકાળજ્ઞાની હોય છે. ભૂત-વર્તમાન તથા ભવિષ્ય- ત્રણેય કાળનું જ્ઞાન કેવળીને એક સમયે એક સાથે થાય છે. આથી એક જ વ્યક્તિના ભૂતકાળના અનંત ભવોને જાણે છે. જુએ છે. કહેવું ક્રમભાવિ છે, કેમ કે શબ્દોત્પત્તિ ક્રમ ભાવિ છે. શબ્દથી કહેવામાં ક્રમની અપેક્ષા અવશ્ય રહે છે. આપણે પણ એક હૉલમાં બેઠેલા ૫-૧૦ હજાર લોકોને એક સાથે જોઇ શકીએ છીએ-જાણી શકીએ છીએ. પરંતુ કહેવાનું હશે તો શબ્દના માધ્યમથી જ સૌનાં નામ કહી શકીશું અને શબ્દોત્પત્તિ મુખથી ક્રમશ: જ થાય છે. અ પછી બ, પછી ક પછી ડ પછી ટ ત પછી મ એ રીતે કહેવામાં ક્રમની જ અપેક્ષા હોવાથી કાળ (સમય) જરૂર લાગશે. પંરતુ કેવળજ્ઞાની એક એક જીવના- સર્વેના ભૂતકાળના અનંત ભવો સારી રીતે જાણે છે. વર્તમાન પણ સારી રીતે જાણે છે. તથા ભવિષ્ય શું છે અને કેવું થવાનું છે એનાં ઘટક મૂળ દ્રવ્યને જાણે છે. આ વસ્તુ વર્તમાનમાં જે છે એના પહેલાં ભૂતકાળમાં કેવી હતી ? શું હતી ? એ રીતે આ મૂળ દ્રવ્યના કેટલી પર્યાય થઇ ચૂકી છે ? તેમ જ ભવિષ્યમાં આ જ દ્રવ્યના અન્ય કેટલી પર્યાયો થશે ? આ તમામ એ જાણે છે. આખું જ્ઞાન એક સાથે થાય છે. ઉદાહરણ તરીકે સોનું એક દ્રવ્ય છે. સોનાનો વર્તમાન પર્યાય વીંટી છે. એના પહેલાં શું હતી ? હાર હતો, બંગડી હતી - આ જે જે પર્યાયો-અવસ્થાઓ-આકૃતિઓ હતી એ બધી સર્વજ્ઞ તો જાણે છે. તથા ભવિષ્યમાં આગળ શું શું પર્યાયો બનશે એ બધું જાણે છે. આથી કેવળજ્ઞાન-કેવળદર્શન ત્રૈકાલિક છે. ત્રણ કાળનું જ્ઞાન એમાં ભર્યું પડ્યું છે.

**'हस्तामलकवत् प्रत्यक्षज्ञानं केवलज्ञानम्।'** હસ્ત = હાથ, આમલક = આમળું. હાથમાં આમળું યા દડો જે કંઇ હોય તેને ચારે બાજુથી રંગ, આકાર વગેરે

એકી સાથે જે રીતે જોઇ શકીએ છીએ, એનાથી પણ અનંતગણું વધારે જ્ઞાન કેવળજ્ઞાની ને હોય છે. કેવળીના હાથમાં જ જાણે અનંત બ્રહ્માંડ હોય અને ચારે તરફથી અનેક અપેક્ષાઓ થી, અનેક દષ્ટિકોણથી સ્પષ્ટ દેખાય છે, સારી રીતે જાણે છે એવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે.

## 'અનંતજ્ઞાન' કેમ કહ્યું ?

કેવળજ્ઞાનને અનંત જ્ઞાન કેમ કહ્યું છે ? અહીં અનંત શબ્દનો પ્રયોગ કરીને 'અનંતજ્ઞાન' કેમ કહ્યું છે ? આકાશ અનંત છે, લોક-અલોક અનંત છે. આખું બ્રહ્માંડ અનંત છે. આ સમગ્ર લોકની અંદરના જીવો અનંત છે. પુદ્‌ગલ દ્રવ્યના પૌદ્‌ગલિક પદાર્થો અનંત છે. એ રીતે એક એક પદાર્થના અનંત-અનંત ધર્મો છે. **अनन्त धर्मात्मकं वस्तु।** વસ્તુ અનંત ધર્માત્મક હોય છે. તેમ જ એક એક દ્રવ્યની અનંત પર્યાયો હોય છે. આથી કેવળજ્ઞાનથી જે કેવલી ભગવંતો અનંત દ્રવ્યોની અનંતી પર્યાયો જાણે છે. આથી જ્ઞાન પણ અનંત છે. જગતમાં વસ્તુઓ અનંત છે. આથી સર્વજ્ઞનું જ્ઞાન પણ અનંત છે. **ज्ञेयानामनन्तत्वात् ज्ञानस्याप्यनन्तत्वं** જાણવા યોગ્ય પદાર્થોનું અનન્તપણું હોવાથી જ્ઞાનનું પણ અનન્તપણું સિદ્ધ થાય છે. અનંતજ્ઞાનથી જ જગતના અનંત પદાર્થોનું, એક એક પદાર્થની અનંતી પર્યાયોનું જ્ઞાન થાય છે. તેમને જાણે છે, જુએ છે. આથી કેવળજ્ઞાનને 'અનંત જ્ઞાન' કહે છે.

## કેવળજ્ઞાન અભેદ છે

કેવળજ્ઞાન એકમેવ, અદ્વિતીય, શુદ્ધ, પૂર્ણ, સંપૂર્ણ, અનંતજ્ઞાન છે. એ સર્વથા ક્ષાયિક ભાવથી પ્રગટ થાય છે, ક્ષયોપશમથી નહીં. આથી કેવળજ્ઞાનમાં ન્યૂનાધિકતાનો સવાલ જ ઊભો થતો નથી. આથી કેવળજ્ઞાનના ભેદ-પ્રભેદ હોતા નથી. જ્યાં પણ હશે, જે કોઇને થશે યા જેટલાંને થશે, દરેકના કેવળજ્ઞાનમાં એક સરખી સાદશ્યતા રહેશે. કોઇ ભેદ નહીં હોય. એક બીજામાં રતિભર પણ વત્તા ઓછાપણું નહીં હોય. સર્વમાં કેવળજ્ઞાન એક સરખું અનંત સ્વરૂપમાં જ હશે. એવું નહીં કે તીર્થંકરમાં વધારે અને સામાન્ય કેવલીમાં ઓછું. યા ગણધરમાં વધારે અને મુનિ કેવલીમાં ઓછું એવું કદી બનતું નથી. સર્વનું કેવળજ્ઞાન એક સરખું હોય છે. સૂર્યના ઉદયથી તારા-ચંદ્રાદિનો પ્રકાશ રહેતો નથી. સર્વનો પ્રકાશ સૂર્યવત્ તેજસ્વી-પ્રતાપી હોય છે. અન્ય ચારે જ્ઞાન કેવળજ્ઞાનમાં ભળી જાય છે. કેવળજ્ઞાન થઇ ગયા પછી અન્ય મતિ આદિ ચારે જ્ઞાનોનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. બધાં કેવળજ્ઞાનમાં સંમિલિત થઇ જાય છે. આથી કેવળજ્ઞાન એક સ્વતંત્ર, નિર્ભેદ હોય છે.

આવું અનંત વસ્તુ વિષયક અનુપમ અદ્વિતીય કેવળ જ્ઞાન આપણે બધા પ્રાપ્ત કરીએ, સર્વ કેવલી-સર્વજ્ઞ બને એવી અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોના ચરણોમાં વંદના કરી વારંવાર પ્રાર્થના કરીએ છીએ.

સર્વે સન્તુ જ્ઞાનિનઃ ।

# જ્ઞાનાવરણીય કર્મનો

## ક્ષયોપશમ અને ક્ષય


જ્ઞાનાવરણીય કર્મ બાંધવાની પાપ પ્રવૃત્તિ......૨૦૬
જ્ઞાનાવરણીય કર્મની સજા........૨૦૭
જ્ઞાનાવરણીય કર્મના પરિણામો.............૨૧૦
૧૨ ઘડીના ૧૨ વર્ષ થયાં..........૨૧૩
કર્મના ઉદયની સ્થિતિ.........૨૧૫
જ્ઞાનાચારની ઉપાસના..............૨૧૮
કર્માધીન બુદ્ધિ અને પરિશ્રમાધીન વિદ્યા.......૨૨૨
અસાધારણ બુદ્ધિમાન મહાપુરુષો.......૨૨૩
સ્વમતિ અને શાસ્ત્રમતિ............૨૨૭
આદર્શ જ્ઞાન ભંડાર............૨૩૨
સર્વજ્ઞોપદિષ્ટ જ્ઞાન - સમ્યગ્જ્ઞાન........૨૩૫
સર્વજ્ઞ સદૃશ - શ્રુત કેવલી............૨૩૭
પ્રમાણનું સ્વરુપ.........૨૪૧
ઘાતી કર્મોના ક્ષયથી કેવળજ્ઞાન.........૨૫૨
ઘાતી કર્મોના ક્ષયની પ્રક્રિયા........૨૫૨
સ્ત્રીઓને પણ કેવળજ્ઞાન થઈ શકે છે...........૨૫૮
કેવળજ્ઞાનની પ્રાપ્તિના પ્રસંગો.........૨૬૧

# જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને ક્ષય

પરમ આદરણીય, વંદનીય, દર્શનીય-નમસ્કરણીય-સ્મરણીય ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વીમીના ચરણ કમળોમાં નમસ્કારપૂર્વક .....

**જ્ઞાનનો વિશિષ્ટ મહિમા**

**ज्ञानाद्विदन्ति खलु कृत्यमकृत्यजातं,**
**ज्ञानाच्चरित्रममलं च समाचरन्ति ।**
**ज्ञानाच्च भव्य भविनः शिवमाप्नुवन्ति,**
**ज्ञानं हि मूलमतुलं सकलश्रियांतत् ।।**

જ્ઞાનનો વિશિષ્ટ મહિમા બતાવતાં મહાપુરૂષોએ પ્રસ્તુત શ્લોકમાં કહ્યું છે કે - કૃત્ય અને અકૃત્ય એટલે કરવા યોગ્ય શું છે અને ન કરવા યોગ્ય શું છે એનો વિવેક મનુષ્ય જ્ઞાનથી જ પ્રાપ્ત કરે છે. જ્ઞાન દ્વારા જ કરણીય-અકરણીયને જાણે છે. જ્ઞાનથી જ નિર્મળ-પવિત્ર ચારિત્રનું આચરણ કરી શકાય છે. જ્ઞાનથી જ ભવ્ય જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. જ્ઞાન જ સર્વ પ્રકારની શ્રી-શોભાનું મૂળ કારણ છે. જગતની અતુલ લક્ષ્મીનું મૂળ જ્ઞાન જ છે. આ રીતે જ્ઞાનનો મહિમા અતિભારે છે. જ્ઞાન ત્રીજા નેત્ર સમાન છે.

જેમ સૂર્ય પોતાના પ્રકાશથી દીપ્તિમંત થાય છે એ જ રીતે જીવ પોતાના જ્ઞાનથી પ્રકાશિત થાય છે. આથી જ્ઞાનને પણ બીજા સૂર્ય સમાન-દીવાકરરૂપ માનવામાં આવે છે. આ (જ્ઞાન) એવું આભૂષણ છે કે જગતમાં કોઇ એની ચોરી કરી શકતું નથી. સોના-હીરાના અલંકારોની ચોરી કરી શકાય છે પરંતુ આત્મસ્થ જ્ઞાનની ચોરી કોઇ કરી શકતું નથી. કુમત-અંધકારને દૂર કરનાર જ્ઞાન છે. જ્ઞાનને જગત્-ચક્ષુ ગણ્યું છે. ભ્રમ-સંશયાદિનું નિરસન-નિવારણ જ્ઞાન દ્વારા જ થાય છે.

નીતિરૂપ નદીનું મૂળ જ્ઞાન રૂપી પર્વત છે. જ્ઞાન જ કષાયોનું શમન કરવામાં સમર્થ છે. જ્ઞાન જ પાપનિવૃત્તિનો મૂળમંત્ર છે. મનને પવિત્ર કરનાર જ્ઞાન જ છે. ચંચળ મનને સ્થિર કરવામાં સહાયક જ્ઞાન છે. સ્વર્ગાપવર્ગના સોપાનોની સીડીરૂપ જ્ઞાન છે;

અને જ્ઞાન જ મોક્ષ સુધી પહોંચાડનારી સીડી છે. આ રીતે જ્ઞાનનો મહિમા અપરંપાર છે. એનો જેટલો મહિમા ગવાય એટલો ઓછો છે. એટલે સુધી કહ્યું છે કે :

**બહુ ક્રોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ,**
**જ્ઞાની શ્વાસોચ્છવાસમાં, કર્મ ખપાવે તેહ.**

અજ્ઞાનદશામાં જે કર્મોને ખપાવવામાં કરોડો વર્ષ લાગે છે, એ કર્મોને જ્ઞાની મહાત્મા શ્વાસોચ્છવાસ પરિમિત કાળમાં ક્ષય કરે છે. આથી અજ્ઞાન સાધના કષ્ટ સાધ્ય છે. જ્ઞાન સાધના સહજ સાધ્ય બનવી જોઇએ. જ્ઞાનયોગની ગરિમા છે. યોગસાધના સાધકે સાધી લીધી પરંતુ તેમાં જ્ઞાન ન આવ્યું તો એ સાધના સુગંધ વગરના પુષ્પ જેવી શુષ્ક-અનાકર્ષક બની જાય છે. આથી કરોડો જીવોનાં સંચિત પાપકર્મોને જ્ઞાની શ્વાસો-ચ્છવાસ પરિમિત કાળમાં જ ક્ષય કરી દે છે. એટલા માટે દર્શનોપાસના, ચારિત્રારાધના, તપારાધનામાં જો જ્ઞાન નિશ્ચિત થાય છે તો-ભળે છે સોનામાં સુગંધ અને એની કીંમત હજાર ગણી વધી જાય છે. અન્યથા જ્ઞાન-સ્વભાવમાં ચારિત્ર સાધના તથા તપારાધના આદિ કષ્ટસાધ્ય બની જાય છે.

## જ્ઞાની વધારે છે કે અજ્ઞાની ?

સમગ્ર સંસારના જીવોનું સર્વેક્ષણ કરવામાં આવે તો સંસારમાં જ્ઞાની વધારે મળે કે અજ્ઞાની ? સુખી વધારે મળશે કે દુ:ખી ? પાપી વધારે મળશે કે પુણ્યશાળી ? ધર્મી વધારે મળશે કે અધર્મી ? એ રીતે મિથ્યાત્વી વધારે મળે કે સમ્યકત્વી ? તમને આશ્ચર્ય થશે કે આ બધાંના ઉત્તરમાં અજ્ઞાની, દુ:ખી, પાપી, અધર્મી તથા મિથ્યાત્વીઓની સંખ્યા ખૂબ વધારે હતી, છે અને રહેશે. જ્ઞાની તો જગતમાં ગણ્યાં ગાંઠ્યા જ મળશે. સુખી, પુણ્યશાળી તથા ધર્મી અને સમ્યકત્વી જીવો પણ સંસારમાં ગણતરીના જ-અલ્પ પ્રમાણમાં જ મળવાના.

અજ્ઞાનીઓની વિશાળ સંખ્યા સામે જ્ઞાનીઓની સંખ્યા નગણ્ય જ છે. સીમિત જ છે. ઘણી અલ્પ છે. એટલું જ નહીં, ભૂતકાળમાં પણ અલ્પ હતી, વર્તમાનમાં પણ વધારે ઓછી થઇ ગઇ છે. તેમ જ ભવિષ્યમાં કદીય ધર્મીઓની, જ્ઞાનીઓની, સમ્યકત્વીઓની તથા પુણ્યશાળીઓની સંખ્યા અધર્મીઓ, અજ્ઞાનીઓ અને મિથ્યાત્વી-પાપીઓ કરતાં વધવાની નથી - **'ન ભૂતો ન ભવિષ્યતિ'** જેવી વાત છે.

કર્મક્ષય કરનારાઓની અપેક્ષાએ કર્મબંધ કરનારાઓની સંખ્યા અનેકગણી વધારે રહેવાની જ. આ સ્થિતિ ત્રૈકાલિક છે. ત્રણેય કાળમાં આ સ્થિતિ રહેવાની છે. કદાચ તમે વિચારશો કે કેમ ? શું કારણ છે? કારણ આંખોની સામે સ્પષ્ટ જ પ્રત્યક્ષ જ છે-જીવોની પાપ પ્રવૃત્તિ વધારે છે. પાપકર્મનો બંધ વધારે છે. આથી પરિણામ શું આવશે ? કર્મબંધને કારણે જ્યારે કર્મ ઉદયમાં આવશે ત્યારે આત્માના જ્ઞાનાદિ ગુણોનું આચ્છાદન થઇ જશે, તમામ પ્રવૃત્તિઓ કર્માધિન થઇ જશે. અજ્ઞાન શું છે? મિથ્યાત્વ શું છે ? આત્માના જ્ઞાન ગુણને ઢાંકનાર જ્ઞાનાવરણીય કર્મને કારણે અજ્ઞાન ઉદયમાં છે. દર્શન-મોહનીય

કર્મને કારણે યથાર્થ શ્રદ્ધાનો ગુણ ઢંકાઇ ગયો, દબાઇ ગયો, આથી મિથ્યાત્વ અર્થાત્ વિપરીત જ્ઞાનાદિ સાથે વ્યવહારમાં પ્રચલિત છે. આથી જ્ઞાનાદિની આત્મ ગુણાનુરૂપ પ્રવૃત્તિ નથી ચાલતી પણ જીવ જ્ઞાનાવરણીય કર્મજન્ય તમામ પ્રવૃત્તિઓ કરી રહ્યો છે.

જ્ઞાનાવરણીય આદિ કર્માવરણોથી આત્માના જ્ઞાનાદિ ગુણ ઢંકાઇ ગયા પછી જે અજ્ઞાન અલ્પાંશમાં જ્ઞાનની પ્રભા-છાયા જે પ્રકટ થશે એના આધારે જીવ પ્રવૃત્તિ કરશે. ઉદાહરણ તરીકે તેજસ્વી સૂર્ય જ્યારે વાદળોથી ઢંકાઇ જશે તો પછી શું થશે ? જેટલી આભા-જેટલો પ્રકાશ ઓછો રહેશે એમાં જ જીવ ગતિ-આગતિ પ્રવૃત્તિ કરશે. બરાબર આ જ રીતે જીવે જ્ઞાન ગુણને પાપકર્મોથી ઢાંકી દીધો છે. આથી વિવેકની સ્થિતિ ભૂલી ગયો. જ્ઞાનાચાર ધર્મ ભુલી ગયો. હવે એ પાપની સજાને ભોગવતો અજ્ઞાની અવિવેકી ની જેમ પ્રવૃત્તિ કરે છે.

## જ્ઞાનાવરીણીય કર્મ બાંધવાની પાપ પ્રવૃત્તિ

**पडिणीयत्तण निन्हव उवघायपओस अंतरायेणं ।**
**अच्चासायणाए आवरण दुगं जिओ जयइ ।।५४।।**

**तत्प्रदोषनिह्नव मात्सर्यान्तरायासादनोपघाता ज्ञानदर्शनावरणयोः** ।।६-१२।।

**પ્રથમ** કર્મગ્રંથના ૫૪મા શ્લોકમાં તથા 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ના ૬-૧૨ સૂત્રમાં જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મ બાંધવાના આશ્રવો બતાવ્યા છે. કેવી કેવી પાપપ્રવૃત્તિ કરવાથી જીવ કેવી રીતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય બંને કર્મો બાંધે છે. એ પ્રવૃત્તિ એમાં દર્શાવવામાં આવી છે. **पडिणीयत्तण** = પ્રત્યનીકત્વ-અનિષ્ટ આચરણ કરવાથી,અર્થાત્ જ્ઞાનવાન-જ્ઞાની મહાપુરૂષો પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરવાથી, એમનાથી વિપરીત વ્યવહાર કરવાથી, જ્ઞાની મહાપુરૂષો પ્રત્યે દ્વેષભાવ યા દુશ્મનાવટ-વૈરભાવ ભરી વૃત્તિ રાખવાથી-શત્રુતા રાખવાથી જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મો બાંધે છે. નિહ્નવ એટલે અપલાપ કરવો. કોઇની પાસે જાણીને પણ 'એની પાસે જાણ્યું નથી' એ છુપાવવાની અપલાપ વૃત્તિ નિહ્નવવૃત્તિ છે. એ રીતે અમુક વિષય જાણવા છતાં 'હું' નથી જાણતો' એમ જ્ઞાની અને જ્ઞાન બંનેને છુપાવીને અપલાપ કરનારો-મૃષાવાદ-અસત્ય સેવન કરવાથી, જુઠું બોલવાથી, ઉવઘાય = ઉપઘાત-વિનાશ કરવાથી, જ્ઞાન તથા જ્ઞાનીઓનો નાશ કરવો, એમને નુકસાન પહોંચાડવું તથા જ્ઞાનોપકરણનાં સાધનો, પુસ્તકો, વિદ્યાનાં સાધનો પાટી-પોથી સ્થાપનાજી (ઠવણી) સાપડો, પેન, કાગળ, માળા વગેરે જ્ઞાનના જે ઉપયોગી ઉપકરણો હોય એની આશાતના યા અનાદર કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે.

જ્ઞાનનાં સાધનો પ્રત્યેપણ આદર-સદ્ભાવ તથા રૂચિપૂર્વક વિનય રાખવો જોઇએ, નહીંતર અનાદર અવિનયથી ભારે કર્મબંધ થઇ જાય છે. એ રીતે જ્ઞાની આત્મા પ્રત્યેપણ અનાદર, અસદ્ભાવ યા અવિનયની વૃત્તિ ન રાખવી જોઇએ. **पओस-प्रद्वेषवृत्ति**-જ્ઞાન તથા જ્ઞાનોપકરણ અને જ્ઞાની મહાત્મા પ્રત્યે દ્વેષવૃત્તિ રાખવાથી પણ

ભારે કર્મબંધ થાય છે.

છાપા વગેરે ઉપર બેસી જવું, પાથરીને ઉપર સૂઇ જવું અથવા અક્ષરો લખ્યા હોય તેવા પાનાંમાં ખાવું. એવા પાનાંથી બાળકોનાં મળમુત્ર સાફ કરવાં યા ફાડવાં, ગમે ત્યાં ફેંકી દેવાં વગેરેથી તેમ જ બાળવાથી ભારે કર્મ બંધાય છે. જ્ઞાની ગીતાર્થ ગુરૂ, વિદ્યાદાતા આદિની આશાતના કરવાથી, તેમને સતાપવા, તેમની નિંદા કરવી, દ્વેષ પ્રવૃત્તિ દ્વારા પણ જીવ ભારે કર્મ બાંધે છે. **अन्तराएणं** = અંતરાય કરવો-વિઘ્ન નાખવું, વાંચનાર ભણનારને ભણવા ન દેવાં, અભ્યાસ કરનારાઓને માયા, કપટ યા ઇર્ષ્યાબુદ્ધિથી એમને ભણવા ન દેવાં, કામ કરવા કહેવું, એમનાં પુસ્તકો વગેરે સંતાડવાં, ફાડી નાખવાં, ફેંકી દેવાં, ચોરી લેવાં અને એમને પરેશાન કરવાં વગેરે દ્વારા ભણનારના અભ્યાસમાં અંતરાય-વિઘ્ન કરવાથી જીવ ભારે જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કરે છે.

**अच्चासायणाए** = અતિ આશાતના કરવી. કોઇ જ્ઞાની-વિદ્વાનની અત્યંત વધારે આશાતના કરવી, હલકી રીતે તેને ગાળો દેવી, હલકા કુળનો કહેવો, એમના પર હલકું દોષારોપણ કરવું, તિરસ્કારથી એના વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી, એના પર કલંક લગાડવું. આરોપ મૂકવો, નિંદા તથા પૈશુન્યવૃત્તિથી દોષ ન હોવા છતાં પણ દોષારોપણ કરવું એ રીતે જ્ઞાની-વિદ્વાનની ઘોર આશાતનાથી મહાભારે જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન થાય છે.

જ્ઞાનીઓની મર્મચ્છેદી વાતો ઊભી કરવી યા એમના આહારાદિમાં મિલાવટ કરવી યા તો મરણાન્તિક કષ્ટ પહોંચાડવું, કોઇ પણ રીતે એમને સંતાપ તથા મનોદ્વેગ પહોંચાડવાની પ્રવૃત્તિ પણ ભારે પાપ કર્મ છે. એ રીતે નિષિદ્ધ દેશ, કાળમાં, અકાળમાં અધ્યયન કરવું, અધિકાર ન હોવા છતાં પણ શાસ્ત્રાદિ વાંચીને અનધિકાર ચેષ્ટા કરવી, સૂત્ર-સિદ્ધાંતનો અપલાપ કરીને ઊલટો અર્થ કરવો, ઉત્સૂત્ર પ્રરૂપણા કરવી, કોઇને પણ ખોટી સલાહ આપવી અને ઊંધે રસ્તે ચડાવવો. શાસ્ત્રોના વિપરીત અર્થો બતાવવા, કુતર્ક કરીને સિદ્ધાંતોને ખોટા સાબિત કરવા, જ્ઞાનનાં ઉપકરણોને પગ વગેરેથી સ્પર્શ કરીને અવગણવાં, થૂંકવું યા અન્ય ગંદી વસ્તુથી દૂષિત કરવાં વગેરે-અકાળ સમયે વાંચવું તથા ૠતુસ્રાવ (M.C.) સમયમાં લખવું, વાંચવું, પુસ્તકનો તકિયો બનાવીને સૂવું, ઇર્ષ્યાવૃત્તિથી પુસ્તક બીજાને વાંચવા ન આપવું; પોતાની સમજશક્તિ સારી હોવા છતાં પણ બીજાંને ન સમજાવવું, ન શીખવવું, વિદ્યા છુપાવવાથી, ન બતાવવાથી યા ગુપ્ત રાખવાથી અને તેનો નાશ કરવાથી, કુપાત્રને આપવાથી તથા ઉદરપૂર્તિ માટે ધર્મગ્રંથ આદિ વેંચીને આજીવિકા ચલાવવાથી યા તેને પસ્તી-કચરામાં વેચી નાખવાથી, ધર્મગ્રંથોની સુરક્ષા ન કરવાથી એને ઊધઇ વગેરે લાગતાં ન રોકવાથી-આમ અનેક રીતોથી જ્ઞાન-જ્ઞાની તથા જ્ઞાનનાં ઉપકરણોની આશાતના કરવાથી ઘોર સજા ભોગવવી પડે છે.

## જ્ઞાનાવરણીય કર્મની સજા

તીવ્ર પાપવૃત્તિથી ઉપરોક્ત બતાવેલાં કારણોનુસાર જો જ્ઞાન-જ્ઞાની તથા જ્ઞાનોપકરણની આશાતના આદિ કરીને જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કર્યું હોય તો તે કર્મ

પોતાના નિશ્ચિત સમયે જરૂર ઉદયમાં આવશે. જીવે સ્વયં કર્મ બાંધ્યું છે, એની સ્થિતિ-કાળ અવધિ નિયત છે એટલે કર્મની ઉદયમાં આવવાની અવધિ થતાં જ કર્મ ઉદયમાં આવશે. પાપની સજા ઘણી ભારે હોય છે, જેવાં કર્મ બાંધ્યાં હશે તેવાં ફળ સામે આવશે. આ તો કર્મ સિદ્ધાંતનો નિયમ છે કે - **As you saw so shall you reap.** - જેવું બી વાવશો તેવું ફળ પામશો, બાવળ વાવીને કેરી પામશો નહી. કેરી ખાવાની ઇચ્છા હોય તો પહેલાં તમારે કેરીની ગોટલી વાવવી પડશે, પછી જ કેરી ખાવા મળશે. જેવું કરશો એવું ભરશો. આ કર્મસત્તાનો નિયમ છે. આથી જો તમે જ્ઞાન-જ્ઞાનીની આશાતના કરીને ભારે પાપકર્મ ઉપાર્જિત કર્યું જ છે તો એની સજા ભોગવવી જ પડશે. જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ જ અજ્ઞાન પ્રદાન કરવાનો છે. જ્ઞાન ગુણને ઢાંકવાનો જ છે. જેમ એક આંખે દેખતા માણસની આંખો ઉપર પટ્ટી બાંધવામાં આવે તો પરિણામ શું આવશે ? તે જોવાની શક્તિ હોવા છતાં પણ જોઇ શકશે નહીં. આંધળાની જેમ જ દીવાલના, લાકડીના સહારે ચાલવાની ક્રિયા કરશે. એ રીતે જ્ઞાનાવરણીય કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે તે જીવને પાંચ ઇન્દ્રિયોથી વિકલ બનશે. સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુ ઇન્દ્રિય શ્રવણેન્દ્રિય-આ પાંચે ઇન્દ્રિયોની વિકલતા પેદા કરશે. એમની શક્તિઓને ક્ષીણ કરી દેશે, નષ્ટ પણ કરી દે છે.

પરિણામ એ આવે છે કે કોઇ જન્મથી જ અંધ બની જાય છે. મૂક,બહેરો બને છે. કોઇના વળી કાન જ નથી બનતા, કોઇના હોઠ નથી બનતા. કોઇની આખી ચામડી કોઢ ના રોગવાળી બની જાય છે. કોઇને ખુજલી થાય છે, કોઇ જન્મથી જ માનસિક રોગી બની જાય છે. બુદ્ધિ જ ન હોય અથવા અતિ ઓછી હોય, જેને પરિણામે ભણવામાં મન જ ન લાગે યા તો ભણવામાંથી મન ઊઠી જાય છે. જાણવાની વૃત્તિ જ નથી થતી, અથવા જાણે તો સમજમાં ઊતરતું નથી, યા તો થોડુંક જ સમજાય છે; યાદ નથી રહેતું. જ્ઞાનાવરણીય કર્મને કારણે સ્મૃતિ-સ્મરણશક્તિ-યાદશક્તિ નષ્ટ થઇ જાય છે, મળતી જ નથી. કેટલાક ને તો એક અક્ષર પણ યાદ નથી રહેતો. કેટલાકનું મગજ જ કામ નથી કરતું, મગજનો વિકાસ જ નથી થતો. આ વિકસિત મગજ અને ઓછી બુદ્ધિ એ માનસિક વિકલતા છે. કેટલાક મૂર્ખ અને પાગલ બની જાય છે. કેટલાક દેહરોગી બની બેસે છે, જે ડાળી ઉપર બેઠા હોય તેજ ડાળીને કાપતા હોય એવા મુર્ખાઓ પણ જોવા મળે છે. અથવા તો કાળાન્તરે જ્ઞાનેન્દ્રિયોની શક્તિ ક્ષીણ થાય એવા રોગો ઉત્પન્ન થાય છે. મનુષ્ય લથડી પડે છે યા પથારીવશ થાય છે. જીવનમાં બેશુદ્ધિ પણ આવે છે. બેભાન અવસ્થામાં પડ્યો રહીને કિંકર્તવ્યમૂઢ બની જાય છે. વિવેકદશા નષ્ટ થઇ જાય છે. અવિવેકી અને નિરર્થક પ્રલાપ કરનારો બની જાય છે. આ રીતે જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવવાથી આવી વિચિત્ર દશા આવી જાય છે. અતિ ભાંરે દુ:ખ અને દયનીય સ્થિતિ પેદા થાય છે.

## પુસ્તકાદિ બાળવાનું પરિણામ

એક પરિવારનાં બાળકો નિશાળમાં ભણવા જતાં હતાં. બાળકો સ્વભાવે તોફાની

હોય છે. ભણવાને બદલે તોફાન કર્યું હશે અને શિક્ષકે પૂછ્યું હશે ત્યારે કશું ન આવડયું તેથી શિક્ષકે થોડોક માર માર્યો. બાળકો રડતાં રડતાં ઘરે આવ્યાં. માએ જોયું કે બાળકો કેમ રડે છે. પૂછવાથી ખબર પડી કે શિક્ષકે માર્યાં છે, માને ગુસ્સો આવ્યો, 'અરે તારૂ ભલું થાય ! બાળકો મારાં, મને પ્યારાં, તો મારનારો શિક્ષક કોણ છે? આ નહીં ચાલે.' આટલું કહીને માએ તેમના હાથમાંથી પુસ્તક, પાટી, પેન બધું જ રસોડામાં સળગતી સગડીમાં નાખીને બાળી નાખ્યું અને બાળકોને કહ્યું : 'બેસી જાઓ ઘરમાં. ખુશીથી રમો, કાલથી બસ, નિશાળે જવાનું જ નથી, કશું જ ભણવાનું નથી. ભણવાનું છોડી દો. રમો, કૂદો, મજા કરો.' આ બધું ચાલતું જ હતું અને પતિદેવ ઘરમાં આવ્યા; એમણે આ બધું જોયું તો ખૂબ દુ:ખી થયા. તેમણે પત્નીને કહ્યું : 'અરે ! તેં આ શું કરી નાખ્યું ? પુસ્તકો કેમ બાળ્યાં? કોપી, પાટી બધું જ બાળી નાખ્યું? હવે બાળકો ભણશે કેવી રીતે? માસ્તરે માર્યાં તો શું થઇ ગયું? પેલી કહેવતને યાદ કર ''સોટી વાગે ચમચમ તો વિદ્યા આવે ઘમઘમ'', થોડાંક માર્યા તેથી શું થઇ ગયું?' પત્નીએ કહ્યું - ''ના, આ નહીં ચાલે, બાળકો મારાં છે, બીજાને મારવાનો અધિકાર નથી.''

**પતિ** :- 'અરે હા ! બાળકો તો તારાં જ રહેશે. ભણતર માટે મારવા પણ પડે છે, અને તો જ વિદ્વાન બનશે.'

**પત્ની** :- 'ના, આ નહીં ચાલે, તો પછી તમે જ ઘરમાં ભણાવો, બાળકો હવે નિશાળમાં તો નહીં જ જાય.'

**પતિ** :- 'અરે ! હું જ જો ઘરમાં બેસી જાઉં તો કમાવા કોણ જશે ? પછી રોટી ક્યાંથી ખાશો? એટલા માટે નિશાળે જવા દે, ભણવા દે. નહીંતર મૂર્ખ રહી જશે. પછી ભવિષ્યમાં એમને અજાણ માનીને કોઇ કન્યા નહીં આપે ! લગ્ન નહીં થાય, આપણા માટે જિંદગીભર દુ:ખ જ રહેશે.'

છેવટ સુધી પત્ની ન માની. બાળકોને નિશાળે ન જ જવા દીધાં. ભણાવ્યાં નહીં. જોત જોતાંમાં ૧૫-૨૦ વર્ષ વીતી ગયાં. બાળકો અભણ-મૂર્ખ જ રહી ગયાં. હવે લગ્નની વાત આવી. કોઇ કન્યા આપવા તૈયાર ન હતું.પતિએ પત્નીને કહ્યું -'લે, જો, હવે માથે હાથ મૂકીને રોતી રહે, બાળકો મૂર્ખ રહ્યાં, હવે શું હાલત થશે ?'

**પત્ની** :- 'તમે જાણો અને તમારા બાળકો જાણે. હું શું કરું ? દોષ તમારો છે, તમે શા માટે ન ભણાવ્યાં ?'

**પતિ** :- 'અરે ! તું મારા ઉપર દોષારોપણ કરે છે? મેં તો ભણાવવા ઘણું કહ્યું હતું, પરંતુ તું જીદ કરતી રહી, તેં જ ભણવા ન દીધાં. પુસ્તકો વગેરે તો તેં જ બાળી નાખ્યાં અને હવે મને સંભળાવી રહી છે?...પગલી નહીં તો.!'

**પત્ની** :- 'પાગલ તમે અને પાગલ તમારા બાપ... મને પગલી કહેનાર તમે કોણ ? તું જાણે અને તારું નસીબ જાણે. હું શું કરું ? મારો શો વાંક છે ?

ગાળા ગાળી શરૂ થઇ ગઇ. પત્ની અતિશય ઝગડાખોર હતી, ગાળો વરસાવવાની

શરૂઆત કરી દીધી !

પતિને ગુસ્સો આવ્યો. તે આ બધું સહન કરી ન શક્યો. પતિએ પાસે પડેલો પથ્થર ઉપાડયો અને પત્નીના માથામાં માર્યો, માથું ફૂટી ગયું, લોહીની ધાર વહેવા લાગી, પત્ની મરી ગઇ ! બીજા જન્મમાં (પત્નીનો જીવ) ગુણમંજરી નામે કન્યા રૂપે કોઇને ઘરે જન્મી. ગત જન્મના જ્ઞાન તથા જ્ઞાનોપાસનાનાં સાધનો બાળવાનું પરિણામ એ આવ્યું કે આજે આ જન્મમાં તે મૂંગી અને બહેરી બની છે. તેણે બાંધેલાં જ્ઞાનાવરણીય કર્મોની આ ભારે સજા હતી. એ રીતે પતિનો જીવ પણ બીજા ઘરમાં કોઇના પુત્ર રૂપે ઉત્પન્ન થયો.

વરદત્તકુમાર નામ રાખવામાં આવ્યું, એ પણ જન્મજાત મૂંગો અને બહેરો બન્યો. બંને મોટાં થયાં. લગ્ન તો ક્યાંથી થાય ? જન્મજાત નિરક્ષર ભટ્ટાચાર્ય રહ્યાં. આ રીતે બાંધેલા જ્ઞાનાવરણીય કર્મનો ભારે ઉદય જ્યારે સામે આવે છે, ત્યારે કેવી સજા મળે છે? તમે જાણો જ છો કે પાપની સજા ઘણી ભારે હોય છે. અને **કર્મ તણી ગતિ ન્યારી** હોય છે.

## જ્ઞાનાવરણીય કર્મના પરિણામો

જ્ઞાનની આશાતના, જ્ઞાનીની આશાતના, જ્ઞાનોપકરણ પુસ્તકાદિની આશાતના-અનાદર કરવો આદિ અશુભ પાપપ્રવૃત્તિ કરવાથી આવી જ સજા સામે આવે છે. બાંધેલાં જ્ઞાનાવરણીય કર્મો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એની સજા બરાબર તેવી જ મળે છે. જ્ઞાન પ્રાપ્ત થતું નથી. પૂરી બુદ્ધિ પણ નથી મળતી. જ્ઞાનેન્દ્રિયો પૂરી પ્રાપ્ત થતી નથી, આંખે અંધાપો હોય, આંખો કમજોર હોય, પૂરેપૂરું દેખાતું ન હોય. આંખોના વિવિધ રોગો ઉત્પન્ન થાય, યા તો કાણાપણું મળે, આ રીતે આંખોની વિકળતા જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી મળે છે.

આ રીતે મુખરોગી થાય છે. મુખેથી પૂરૂ બોલી પણ ન શકાય; તોતડો, બોબડો બને. અક્ષરો પૂરા ઉચ્ચારી ન શકે.અથવા સર્વથા બોલી ન શકે એવો મૂંગો માણસ રહે. અગર વાંકું ચૂંકું મુખ મળે. કર્ણરોગી થાય, કાને સ્પષ્ટ સંભળાય નહીં, યા તો જન્મથી બહેરાપણું મળે, યા કાળાન્તરે પણ મળે.

જ્ઞાનતંતુઓ પુરાં વિકસ્યાં જ ન હોય, સ્મરણશક્તિનો અભાવ હોય, ભણેલું યાદ પણ ન રહે, સાંભળેલું-જોયેલું ય યાદ ન રહે. બુદ્ધિ કામ જ ન કરે. વાંચવામાં-ભણવામાં રૂચિ જ ન થાય. યાદશક્તિ વગરનો ચંચળ વુત્તિવાળો બને છે. અભણ જ રહી જાય. અગર તો થોડું ભણીને આગળ ભણી ન શકે.મદંમતિ બનતા જાય, માનસિક રોગી બને, મગજથી વિકલ બને, મુર્ખ-પાગલ બની જાય. અવિચારી કાર્ય કરનારો ય બની જાય. અજ્ઞાની બુદ્ધુ બને છે, કિંકર્તવ્યમૂઢબને છે. અવિવેકી બને. જેથી સારા નરસાનો, હેય-ઉપાદેયનો વિવેક ન રહે. પાંચેય ઇન્દ્રિયો ઓછા વત્તા પ્રમાણમાં વિકલ મળે છે. શરીરનાં અંગ ઉપાંગો સંપૂર્ણ નથી મળતાં. સાવયવ સર્વાંગસંપન્ન નથી બનતો.

ન્યૂનાધિક અંગોથી વિકૃત-બેડોળ બને છે. લોકોમાં નિંદનીય બને છે. વિદ્યા ચડે જ નહીં! અશિક્ષિત તેમ જ અસભ્ય વર્તનવાળો બને છે. કર્કશ-ખરાબ ભાષા બોલનાર બને છે. ગાળોવાળી ગંદી ભાષા બોલનારો બને છે. જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે અવિનયી-અનાદર વૃત્તિવાળો બને છે.

આ રીતે જ્ઞાન-જ્ઞાની તથા જ્ઞાનોપકરણ આદિની ઘોર આશાતનાપૂર્વક અશુભ પાપવૃત્તિ તથા પ્રવૃત્તિથી ઉપાર્જિત કરેલાં જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવવાથી અંધ, મૂક, બહેરો આદિ અનેક રૂપે દુઃખી બને છે. જીવે કરેલાં કર્મો અનુસાર ફળ ભોગવે છે.

## પાંચ જ્ઞાનના પાંચ જ્ઞાનાવરણીય કર્મો

આત્મા અનંત જ્ઞાનમય છે. જ્યાં જ્યાં આત્મા છે, ત્યાં ત્યાં જ્ઞાન નિશ્ચિત છે, ભલે તે અલ્પ યા અધિક પ્રમાણમાં હોય, પણ આત્મા જ્ઞાનમય છે; જ્ઞાનરહિત નથી. પરંતુ જ્ઞાન, જ્ઞાની, અને જ્ઞાનોપકરણની જે વિરાધના-અશાતના કરીને જીવે જાતે જે જ્ઞાનાવરણીય કર્મો ઉપાર્જિત કર્યાં છે, એના પરિણામ સ્વરૂપ આત્માનો જ્ઞાન ગુણ ઢંકાઇ જાય છે-દબાઇ જાય છે તો પાંચ પ્રકારનાં જ્ઞાનોનાં આવરણ-આચ્છાદક કર્મો પણ પાંચ છે. આથી કર્મ કોઇ અલગ સ્વતંત્ર નામથી નથી ઓળખાતાં પરંતુ આત્માના ગુણોના આચ્છાદક-આવરક રૂપે જ ઓળખાય છે.

૧ મતિજ્ઞાનનું આવરક - મતિજ્ઞાનાવરણીય કર્મ
૨ શ્રુતજ્ઞાનનું આવરક - શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
૩ અવધિજ્ઞાનનું આવરક - અવધિજ્ઞાનાવરણીય કર્મ
૪ મનઃપર્યવજ્ઞાનનું આવરક - મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ
૫ કેવળજ્ઞાનનું આવરક - કેવળજ્ઞાનાવરણીય કર્મ

આ રીતે જ્ઞાનના પાંચ જ પ્રકારો છે. આથી પાંચે ય જ્ઞાનના આચ્છાદક-ઢાંકનાર પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મો છે. આ પાંચે ય જ્ઞાનાવરણીય કર્મ પોતપોતાના જ્ઞાનને ઢાંકવાનું કાર્ય કરે છે. આત્મા જે અનંત જ્ઞાનવાન છે, એની ઉપર પાંચ આવરણરૂપ પડદા ચારે બાજુ લગાડવામાં આવે. જેમ એક લાઇટના ગોળા ઉપર જો પાંચ પડદા નાખવામાં આવે તો કેટલો પ્રકાશ એ પડદાઓ (આવરણો) માંથી બહાર નીકળશે ? અલ્પ અંશમાં જ નીકળશે. પડદા જેટલા જાડા એટલા પ્રમાણમાં વધારે ઢંકાઇ જશે-દબાઇ જશે. આપણું અવધિજ્ઞાન-અવધિજ્ઞાનાવરણીય કર્મથી સર્વથા દબાઇ ગયું છે, પરિણામ સ્વરૂપ આપણને અહીં બેઠાં મન અને ઇન્દ્રિયોની મદદ વગર દૂર-સુદૂરનું કશું જ દેખાતું નથી.

એ રીતે મનઃપર્યવજ્ઞાન પણ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મથી સર્વથા દબાઇ ચૂક્યું છે-ઢંકાઇ ગયું છે, જેને કારણે આપણે કોઇના ય મનની વાતો અંશ માત્ર પણ જાણી શકતા નથી. કોણ શું વિચારી રહ્યું છે ? કોણ કોના વિશે શું વિચારી રહ્યું છે ? વગેરે આપણે કશું જ જાણતા નથી-જાણી શકતા નથી. એ રીતે આજે આપણું કેવળજ્ઞાન જે

આત્મામાં ભર્યું પડયું છે તે પણ કેવળજ્ઞાનાવરણીય કર્મથી સર્વથા ઢંકાઇ ગયું છે-દબાઇ ગયું છે, જેને કારણે આજે આપણે અનંત બ્રહ્માંડનાં અનંત દ્રવ્યોને, એમના અનંત ધર્મોને તથા અનંતી પર્યાયોને અહીં બેઠાં જાણી શકતા નથી-સમજી શકતા નથી. આથી પ્રત્યક્ષ અનુભવથી આ નિશ્ચિત થયું કે આજે આ ત્રણેય આવરણીય કર્મ પૂરાં ઉદયમાં છે. કારણ કે બાંધેલાં આ કર્મો શાસ્ત્રોમાં સર્વઘાતી પ્રકૃતિના રૂપે ગણવામાં આવ્યાં છે. જેમણે એ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી દીધો હોય એમને જ એ જ્ઞાન સંપૂર્ણ રૂપે પ્રગટ થાય છે. બધું જ સાફ સાફ દેખાય છે. જાણકારીમાં આવી જાય છે. પરંતુ કર્મના ઉદયવાળાને અંશ માત્ર પણ દેખાતું નથી.

મતિજ્ઞાનાવરણીય કર્મ મતિજ્ઞાનને ઢાંકી દે છે. તેવા પ્રકારનાં પાપ કરીને જ્ઞાન-જ્ઞાની તથા જ્ઞાનનાં ઉપકરણો પ્રત્યે જે આશાતના-વિરાધના કરી હોય અને એનાથી જે મતિજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હોય તો એના ઉદયમાં આવવાથી મતિજ્ઞાનનો ક્ષયોપશમ વધતો નથી, મતિની મંદતા મળે છે. જ્ઞાનેન્દ્રિયો પૂરી મળતી નથી યા મળેતો કમજોર મળે છે. જ્ઞાનેન્દ્રિયો પૂરૂ કામ નથી કરતી. સ્મરણશક્તિ વધશે નહીં. ભણવાની રૂચિ જ ન થાય અને ભણેલું યાદ નહીં રહે. આવાં અનેક પ્રકારનાં મતિજ્ઞાનાવરણીય કર્મો ઉદયમાં આવે છે, જેટલા મતિજ્ઞાનના પ્રકારો છે એટલા જ મતિજ્ઞાનાવરણીય કર્મના પ્રકારો છે. નક્કી જ છે કે ઉપાર્જન કરેલું મતિજ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવતાં જ એ પ્રકારનું મતિજ્ઞાન ઢંકાઇ જશે. મતિજ્ઞાનના કુલ ૩૪૦ ભેદ થાય છે, તો મતિજ્ઞાનાવરણીય કર્મના પણ ૩૪૦ ભેદ બનશે. તેમ જ તેમાંથી જે જીવ જેટલાં કર્મો બાંધશે એ એટલા પ્રકારથી મતિજ્ઞાનનું આવરણ અનુભવશે. ઉદા. સ્પર્શેન્દ્રિય અવગ્રહ મતિજ્ઞાન, શ્રવણેન્દ્રિય ધારણા મતિજ્ઞાન, બહુવિધ ધારણા ઘ્રાણેન્દ્રિય મતિજ્ઞાન, વૈનયિકી બુદ્ધિ મતિજ્ઞાન આદિ મતિજ્ઞાનના ૩૪૦ ભેદ આ રીતે થાય છે જે નીચેની તાલીકાથી સમજાશે.

આ રીતે મતિજ્ઞાનના ૩૪૦ કુલ ભેદ થાય છે. એ પ્રત્યેક ઉપર આવરણ આવવાથી એટલા જ (૩૪૦) ભેદ મતિજ્ઞાનાવરણીય કર્મના થાય છે. જ્ઞાન ક્ષયોપશમના આધારે ઉદયમાં આવશે. અને કર્મના ઉદયથી ઢંકાઇ જશે.

**'श्रुतं मति पूर्वकं'**- સૂત્રના નિયમાનુસાર શ્રુતજ્ઞાન પણ મતિપૂર્વક જ થાય છે. કારણ કે શ્રુતજ્ઞાન જાણવા, લખવા શ્રવણ કરવા આદિમાં પાંચ ઇન્દ્રિયો તથા મન પણ એ જ ઉપયોગમાં આવે છે. જે મતિજ્ઞાનમાં પ્રયોગમાં આવે છે. આથી શ્રુતજ્ઞાન મતિપૂર્વક જ થાય છે. આથી મતિજ્ઞાનના ક્ષયોપશમ સાથે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ પણ વધશે. આ રીતે આ બંને સાથે રહે છે.

પરંતુ એ પણ છે કે મતિજ્ઞાનાવરણીય કર્મ વધશે તો શ્રુતજ્ઞાનાવરણીય કર્મ પણ વધશે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક હોવા છતાં પણ એના પોતાના સ્વતંત્ર પ્રકારો છે. શ્રુતજ્ઞાન ના ૧૪ અને ૨૦ ભેદ છે. એ પહેલા બતાવ્યા છે. એટલા જ એમના આચ્છાદક-આવરક શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ભેદ છે. શ્રુત-શાસ્ત્રાદિની વિરાધના, જ્ઞાન-જ્ઞાની તથા

જ્ઞાનોપકરણની આશાતના-વિરાધનાથી જીવ તેવા પ્રકારનું શ્રુતજ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કરે છે, પરિણામ સ્વરૂપ અજ્ઞાન, બુદ્ધિહીન-મુર્ખ, મંદમતિ તથા વિસ્મરણ શક્તિવાળો બને છે.

**મતિજ્ઞાનના ૩૪૦ ભેદની તાલિકા**

**મતિજ્ઞાન**

**૧ શ્રુતનિશ્રિત** **૨ અશ્રુતનિશ્રિત**

ઔત્પાતિકી વૈનયિકી કાર્મિકી પરિણામિકી

સ્પર્શેન્દ્રિય-૬૦, રસનેન્દ્રિય-૬૦, ઘ્રાણેન્દ્રિય-૬૦, ચક્ષુરિન્દ્રિય શ્રોતેન્દ્રિય-૬૦, મન

વ્યંજના.-૧૨ અર્થા.-૧૨ ઇહા-૧૨ અપાય-૧૨ ધારણા-૧૨

ચક્ષુરિન્દ્રિય-૪૮ મન-૪૮

અર્થાવગ્રહ-૧૨ ઇહા-૧૨ અપાય-૧૨ ધારણા-૧૨

**બાર પ્રકારો આ રીતે છે**

(૧) બહુ (૨) અબહુ (૩) બહુવિધ (૪) અબહુવિધ (૫) ક્ષિપ્ર (૬) અક્ષિપ્ર (૭) અશ્રુત નિશ્રિત (૮) શ્રુત નિશ્રિત (૯) અસંદિગ્ધ (૧૦) સંદિગ્ધ (૧૧) ધ્રુવ (૧૨) અધ્રુવ. ૫ ઇન્દ્રિયો તથા મન = ૬, ૬ના અર્થાવગ્રહ-ઇહા-અપાય, ધારણાદિ મળીને ૬ × ૪ = ૨૪ + ૪ વ્યંજનાવગ્રહ = ૨૮, બહુ, અબહુ આદિ ૧૨, આથી ૨૮ × ૧૨ = ૩૩૬ અશ્રુત નિશ્રિતના ૪ ભેદ (બુદ્ધિના) મળીને = ૩૪૦ ભેદ થાય છે.

## ૧૨ ઘડીનાં ૧૨ વર્ષ થયાં

મોટા મોટા વિદ્વાન જ્ઞાનીઓ પણ કેવી રીતે ભારે જ્ઞાનાવરણીય કર્મ બાંધી લે છે એનો એક પ્રસંગ આ રીતે છે :-

પાટલીપુત્ર નગરમાં બે ભાઇઓએ આર્હતી દીક્ષા લીધી. જૈન સાધુ બન્યા. એક ભાઇની બુદ્ધિ અતિ તેજ હતી આથી જ્ઞાન સારૂ ચડતું હતું. ક્ષયોપશમ પૂરતો સારો હતો; તેથી અભ્યાસમાં રુચિ સારી રહેતી હતી. ઠીક ઠીક અભ્યાસ કરતા ગયા. કેટલાંક વર્ષોમાં તો સારા વિદ્વાન બન્યા. એમને ૫૦૦ શિષ્યો થઇ ગયાં. ગુરુદેવે એમને આચાર્ય પદથી વિભુષિત પણ કર્યા. તે બહુશ્રુત જ્ઞાની ગીતાર્થ બન્યા. બીજી બાજુ બીજો ભાઇ મંદમતિ હતો. અભ્યાસની રુચિ જાગતી ન હતી. આહાર, પાણી, ગોચરી લાવીને ખાઇ પીને મસ્ત રહી સૂતો રહેતો હતો, પ્રમાદી જીવ બન્યો હતો.

આચાર્યશ્રીની સમજાવવાની કળા અને જ્ઞાનની ઉપસ્થિતિ તથા સ્મરણ શક્તિ ઘણી સારી હતી. પરિણામ સ્વરૂપ અન્ય જિજ્ઞાસુ લોકો પણ સમજવા માટે એમની પાસે આવતા હતા, પ્રશ્ન પૂછતા હતા. સૂરિજી ઘણી સારી રીતે સમજાવતા હતા. શિષ્યો તથા

જિજ્ઞાસુઓને સારો સંતોષ મળતો હતો. અન્ય સંપ્રદાયના જિજ્ઞાસુઓ પણ એમની પાસે આવતા હતા.

આ રીતે આચાર્યશ્રીનો આખો દિવસ પઠન-પાઠનમાં જ વીતી જતો હતો. એટલી હદે કે ગોચરી અને નિદ્રા માટે પણ તેમને પર્યાપ્ત સમય મળતો ન હતો. સૂરિજી આખો દિવસ થાક્યા પાક્યા રહેતા હતા. બીજી બાજુ બીજા ભાઇ મહારાજ ખાઇ પીને મસ્ત રહેતા હતા. ન કોઇ ચિંતા હતી, ન કોઇ ચિંતન હતું. કહ્યું છે કે **निद्रया कलहेन विनोदेन च कालो गच्छति मूर्खाणाम्।** મૂર્ખાઓનો સમય નિદ્રા, કલહ અને હલકા વિનોદમાં પસાર થાય છે; જ્યારે વિદ્વાનોનો સમય **'ज्ञान-ध्यान-चिन्तनेन कालो गच्छति धीमताम्।'** જ્ઞાન, ધ્યાન અને શાસ્ત્ર સિદ્ધાંતના ચિંતનમાં બુદ્ધિમાન વિદ્વાનોનો સમય પસાર થાય છે. આ રીતે બંને ભાઇ મહારાજોનો સમય વ્યતીત થતો હતો.

સજ્જનનો સંગ જલદી લાગે છે કે દુર્જનનો રંગ જલદી લાગે છે ? જગતમાં આ પ્રત્યક્ષ અનુભવની વાત છે કે સજ્જન યા સંતના સમાગમનો રંગ જેટલો જલદી લાગતો નથી એટલો જલદી, કદાચ એનાથી ય વધારે જલદી દુર્જનના સંગનો રંગ લાગે છે. આવું જ બન્યું. ભણેલા ગણેલા વિદ્વાન જ્ઞાની ગીતાર્થ આચાર્યશ્રી પોતાના ભાઇને જોઇને વિચારવા લાગ્યા, 'અરે હા ! આ કેટલા મસ્ત છે? ખાઇ પીને, આરામથી સૂનારા કેટલા સુખી છે? છે કોઇ ચિંતા યા ચિંતન? જુઓ તો કેટલા અલમસ્ત છે? અરે... રે ! હું તો કેટલો દુબળો પાતળો છું, અને ન તો સૂવા માટે પર્યાપ્ત સમય મળે છે. શું કરું? કેટલું દુઃખ છે? પરંતુ આ બધું ક્યા કારણે છે? અરે... રે ! હું વધારે ભણ્યો એ જ કારણ છે. કાશ, સારું હતું કે હું ભણ્યો જ ન હોત !'- **मूर्खत्वं हि सखे ममापि रुचितं...** આ શ્લોક આચાર્યશ્રીના સ્મૃતિ પટ ઉપર આવ્યો.

એ વિચારવા લાગ્યા કે મને પણ મૂર્ખતા મળે, હું પણ મારા ભાઇની જેમ ખાઇ પીને મસ્ત રહું ! આ રીતે સારા વિદ્વાનને પણ દૂર્મતિ સૂઝી... અને પોતાના આ નિર્ણયને આચરણમાં લાવવા માટે આચાર્ય જંગલને બહાને સવારે સવારે જ ઉપાશ્રયમાંથી એકલા નીકળી ગયાં. ગામની બહાર દૂર એક નદી કિનારે ગયા. છુપાઇને ત્યાં નજીકમાં ચાલતા એક મહોત્સવને જોવા લાગ્યા.

નદી કિનારે ગ્રામીણ લોકોનો વસન્તોત્સવ-ઇન્દ્ર મહોત્સવ ચાલી રહ્યો હતો. હજારો લોકો ગામમાંથી આવ્યાં હતાં, સાથે ફળ નૈવેદ્ય પણ લાવ્યાં હતાં. મધ્યમાં એક સ્તંભ રોપીને એને સજાવ્યો હતો. એની ઉપર ફળનૈવેદ્ય ચડાવીને, ઢોલ વગાડીને સ્તંભની આજુબાજુ ચારે તરફ ફરતા હતા, નાચતા હતા.

આ રીતે સવારથી સાંજ સુધી આખો દિવસ નાચતા રહ્યા આચાર્યશ્રી પણ એમને જોઇને પ્રસન્ન થયા. વિચારતા હતા 'વાહ ! અજાણ હોવા છતાં આ લોકો કેટલા ખુશ છે?' આ રીતે આખો દિવસ વિચારતા રહ્યા. સૂર્યાસ્ત થતાં લોકો ફળ-નૈવેધને પ્રસાદરૂપે લઇને ખાઇને ઘેર પાછા ફર્યા. ત્યાં કોઇ હતું નહીં. એ સ્તંભ ઉપર એક કાગડો

આવીને બેઠો અને કા.. કા.. કા .. કા કરવા લાગ્યો.

આ દશ્ય જોતાં જ આચાર્યના મનમાં આશ્ચર્યકારી પરિવર્તન આવી ગયું ! વિચારતા જ રહી ગયા, 'અરે ! હજુ હમણાં થોડીવાર પહેલાં જ આ સ્તંભની કેટલી કિંમત હતી ! કેવું માન-સન્માન હતું ! અને હવે આ લોકો ચાલ્યા ગયા, કોઇ નથી તો એકલા આ સ્તંભને કોણ પૂછે છે? કાગડો જ માત્ર બેઠો છે. સ્તંભ એકલો જ હોવા છતાં સ્તંભની શોભા હજારો લોકોથી હતી. આ રીતે મારી કિંમત ક્યાં સુધી હતી ! મને આચાર્ય કોણ કહેતું હતું ? મને મોટો કોણ માનતું હતું ? અરે હા ! ૫૦૦ શિષ્યો મને આચાર્યદેવ કહેતા હતા, મને પૂજતા હતા, છેવટે કેમ ? મારામાં જ્ઞાન છે. વિદ્વત્તા છે, એટલા માટે પૂજતા હતા. માન-સન્માન આપતા હતા. આજ હું એકલો છું. હવે મને આચાર્ય કોણ કહેશે. **विद्वान् सर्वत्र पूज्यते।** આ કહેવત યાદ આવી. હું વિદ્વત્તાને કારણે પૂજનીય હતો. આથી મારો નહીં, મારા જ્ઞાનનો મહિમા અપરંપાર છે. અરે... રે ! મને આવો ખરાબ વિચાર કેમ આવ્યો ? હું ક્ષમા યાચું છું... **'मिच्छामि दुक्कडं'** કહેતાં જ ફરીથી ઉપાશ્રયે પાછા ફર્યા. શિષ્યોને ભણાવવામાં લીન થઇ ગયા. આયુષ્ય સમાપ્ત થયું. નિર્મળ ચારિત્રને આધારે સ્વર્ગે ગયા.

સ્વર્ગમાંથી ચ્યવીને એ આ ધરતી ઉપર એક ગોવાળના ઘરે પુત્રરૂપે જનમ્યા. યુવાવસ્થામાં સાધુસંત મહાત્માઓનો સમાગમ થયો. સત્સંગનો રંગ લાગી ગયો. મુનિ મહાત્માના ઉપદેશથી વૈરાગ્યવાસિત મનવાળા બન્યા. શુભ દિવસે મુનિમહાત્મા પાસે પ્રવ્રજ્યા સ્વીકાર કરીને સાધુ બન્યા. ગુરુ મહારાજની પાસે બેસીને સારી રીતે અધ્યયન કરવા લાગ્યા, ક્ષયોપશમ અને શક્તિ એટલી સારી હતી કે રોજના ૫૦-૧૦૦ શ્લોકો યાદ કંઠસ્થ કરી લેતા. ખૂબ હોંશિયાર, બુદ્ધિમાન અને તેજ બુદ્ધિવાળા-સ્મૃતિવાળા હતા, અભ્યાસ કરતા જ ગયા. પૂર્વજન્મના જ્ઞાનનો ક્ષયોપશમ અને સંસ્કાર સારી રીતે ઉદયમાં આવ્યાં પરીણામ સ્વરૂપ ખૂબ સારી રીતે અધ્યયન કરતા રહ્યા.

## કર્મના ઉદયની સ્થિતિ

પૂર્વજન્મમાં આચાર્ય મહારાજના ભવમાં એક દિવસમાં જે ભારે જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જિત કર્યું હતું, એ આ જન્મમાં ઉદયમાં આવ્યું. ઉદયમાં આવતાં જ અહીં પાઠ કરવામાં એકાએક ફરક પડી ગયો. ગુરૂજીએ રોજની જેમ પાઠ આપ્યો પરંતુ પાઠ થઇ શક્યો નહીં. સ્મૃતિ કામ કરતી જ ન હતી. એક દિવસ વીત્યો. ગુરૂજીએ કહ્યું - 'પાઠ થઇ ગયો ?' શિષ્યે કહ્યું- 'જી, નહીં.' બે દિવસ વીત્યા, ત્રણ દિવસ પસાર થઇ ગયા, પાઠ યાદ ન રહ્યો. બુદ્ધિ ઉપર જ્ઞાનાવરણીય કર્મનાં વાદળો છવાઇ ગયાં. કર્મ ઉદયમાં આવતાં આ સ્થિતિ ઊભી થઇ ગઇ ! ૩-૪ દિવસ વીત્યા પછી ગુરૂ મહારાજ સમજી ગયા કે ભારે જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું હોય એવું લાગે છે.

શિષ્યને ગુરૂદેવે કહ્યું : 'જો ભાઇ ! ભારે જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું હોય એવું લાગે છે. આથી તું નિરંતર આયંબિલની તપશ્ચર્યા કરીને કર્મ ખપાવ, અને સાથે

સાથે જ્ઞાનની ઉપાસના પણ કરતો રહે. નિરંતર પાઠ પણ કરતો જા, જેથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થશે અને જ્ઞાન વધશે,' શિષ્યે આ વાત સ્વીકારી લીધી.

ગુરૂજીએ પાઠ આપ્યો **'मा रूष, मा तुष'** બસ, પાઠના આ સારભૂત તત્ત્વને યાદ રાખતો જા. **मा रूष** = કોઇની પણ ઉપર રોષ = દ્વેષ ન રાખ, **मा तुष** = કોઇ પણ ઉપર તોષ (રાગ) ન રાખ. જૈન શાસન અને મોક્ષમાર્ગનો આ જ માત્ર સાર છે કે રાગ-દ્વેષ ન કરવા. વીતરાગ બનવા માટે રાગ-દ્વેષ ન કરવા જોઇએ. રાગ-દ્વેષ જ કર્મનું કારણ છે, અને ભાવ કર્મ છે. આ વાત શિષ્યના ચિત્તમાં બેસી ગઇ. શિષ્યે આ પાઠનો મંત્રવત્ પાઠ શરૂ કર્યો. પરંતુ કર્મનો ઉદય ખૂબ ભારે હોવાથી **'मा रूष, मा तुष'** આટલા શબ્દો પણ યાદ થઇ શકતા ન હતા. એને બદલે તેમને **'माष-तुष'** પાઠ યાદ થઇ રહ્યો હતો. અર્થાત્ **'मा रूष, मा तुष'** આ શબ્દોમાંથી **'रू'** અને **'मा'** એ અક્ષરો ભૂલી જતા હતા, એટલે **'माष-तुष'** મુખમાંથી નીકળતું હતું.

શ્રુતજ્ઞાનના ૧૪ યા ૨૦ ભેદોમાં અક્ષર શ્રુત, પદ શ્રુત આદિના જે ભેદ બતાવવામાં આવ્યા છે, એમની ઉપર શ્રુત જ્ઞાનાવરણીય કર્મનું આવરણ આવવાથી અક્ષર, પદ અને સૂત્ર યાદ રહેતાં ન હતાં. આનાથી ઊલટું, કેટલાંકને અર્થ યાદ રહે છે તો સૂત્ર યાદ ન રહે. એ રીતે કેટલાંકને અક્ષર યા શબ્દ કહેવાં છતાં પૂરૂ પદ યા શ્લોક યાદ નથી રહેતો તો વળી કેટલાંકને પૂરૂ પદ યાદ આવતા છતાં અર્થ યાદ નથી આવતાં. કેટલાંકને આ પદનો આ અર્થ છે એ નિશ્ચયપૂર્વક યાદ નથી આવતું. સૂત્ર કોઇનું અને અર્થ કોઇનો એવું ભ્રાન્તિપૂર્વકનું યાદ આવે છે. કેટલાંકની સ્મરણશક્તિ તેજ હોવાથી સૂત્ર અને પદ આદિ યાદ રહે છે પણ સમજશક્તિ ઓછી હોવાથી અર્થ સમજમાં આવતો નથી. બરાબર આનાથી વિપરીત કેટલાંકની સમજશક્તિ તેજ હોય છે તેથી અર્થ ભાવાર્થ આદિ સારી રીતે સમજમાં આવે છે, પણ સૂત્ર યા પદ યાદ નથી આવતાં; મગજમાં બેસતાં નથી.

આ બધું મતિ, શ્રુત જ્ઞાનાવરણીય કર્મનું નાટક છે. પ્રસ્તુત પ્રસંગમાં શિષ્યની પણ આ જ સ્થિતિ હતી. એમને ગુરૂ દ્વારા બતાવેલો અર્થ યાદ રહી ગયો પણ સૂત્રપાઠ યાદ ન રહ્યો. પરિણામ એ આવ્યું કે શિષ્યના મુખે સતત **'माष-तुष', 'माष-तुष'** એવા જ શબ્દો નીકળતા હતા. ગુરૂજીને પાઠ સંભળાવતાં આવી જ રીતે બોલતા હતા. ફરીથી ગુરૂજી બાકી રહેલા બે અક્ષરો **'रू'** અને **'मा'** બેસાડીને **'मा रूष, मा तुष'** પાઠ શીખવતા હતા પરંતુ કમનસીબ શિષ્યને જ્ઞાનાવરણીય કર્મને કારણે આટલું ય યાદ રહેતું ન હતું. અને **'माष-तुष','माष-तुष'** એટલું જ રટતા રહેતા હતા.

ભારે કર્મનો ઉદય થવા છતાં શિષ્ય નિરાશ થતા ન હતા. કોઇ પણ રીતે પાઠ કરવાનો ભાવ રાખતા હતા. એટલા માટે ગોચરી-પાણી આદિ કાર્યોમાં આવતાં જતાં નિરંતર પાઠ યાદ કરતા રહેતા હતા. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે આ બે શબ્દોનો પાઠ યાદ કરવામાં શિષ્યને બાર વર્ષ વીતી ગયાં ! સાથે સાથે કર્મક્ષયના હેતુથી બાર વર્ષ સુધી આયંબિલની તપશ્ચર્યા પણ ચાલુ રાખી.

ભિક્ષાના સમયે - આહાર પાણી લેવા માટે જતી વખતે પણ સતત **माष तुष** - **माष तुष** એવું જ રટતા હતા. ગુહસ્થો પણ એમના મુખમાંથી નીકળતા પાઠને લીધે મુનિ મહાત્માને **'माष तुष'** નામથી પોકારવા લાગ્યા. પરિણામે મહારાજનું નામ જ માષતુષ મુનિ પડી ગયું ! લોકો પણ 'માષતુષ મુનિ આવ્યા, માષતુષ મુની આવ્યા' એવું બોલવા લાગ્યા. **माष तुष** નો એક વિચિત્ર અર્થ પણ લોકોએ કાઢચો, **माष** એટલે અડદ, **तुष** એટલે એનાં ફોતરાં. માષ તુષ એટલે કે અળદની ફોતરાંવાળી દાળ એવો અર્થ કરીને લોકોએ મહારાજને ગોચરીમાં અળદની દાળ વહોરાવવાનું શરૂ કર્યું. અને બીજી તરફ તે તો **माष तुष** જ રટતા જતા હતા, એટલે લોકોએ માન્યું કે મહારાજને અળદની દાળ જ પસંદ છે, એટલે વહોરાવતા પણ હતા.

પરંતુ આ મહારાજને અભિપ્રેત ન હતું. અળદની દાળ એમના સ્વાસ્થ્યને પ્રતિકૂળ હતી. છતાં તે તો નિસ્પૃહી સાધુ હતા, આથી તપોભાવ માં સ્થિર રહીને ઇચ્છા નિવૃત્તિપૂર્વક ભિક્ષા ગ્રહણ કરતા હતા. લોકો તરફથી માન અપમાન સહન કરતા હતા, એક જ ધૂન હતી કે 'હૂં કેવી રીતે કર્મક્ષય કરૂ' આ હેતુથી **'मा रूष, मा तुष'** પાઠ યાદ ન હોવા છતાં અર્થ જે સ્મૃતિમાં સારી રીતે બેઠો હતો, એ અર્થને પોતાના લક્ષ્ય સન્મુખ રાખીને અર્થના આધારે આત્માને સમજાવતા હતા - 'હે આત્મન્ ! તારે ન તો કોઇની ઉપર રાગ કરવાનો છે, ન તો કોઇની ઉપર દ્વેષ કરવાનો છે.' આ જ પાઠનો સાચો અર્થ છે. સૂત્રથી પાઠ યાદ નથી પરંતુ અર્થથી પાઠ વિસ્મૃત પણ નથી. મહાત્માએ અર્થાનુસારી જીવન જ બનાવી દીધું હતું. પાઠનો અર્થ કેવળ સ્મૃતિમાં યાદ રાખવાનો જ નથી હોતો, પરંતુ જીવનમાં આચરવાનો પણ હોય છે, કારણ કે પોથી ભણવા માત્રથી પંડિત નથી કહેવાતા, સિદ્ધાંતનું સાચું આચરણ કરનાર પંડિત કહેવાય છે.

આથી મહાત્માએ આચરણ પર વધારે ભાર દઇને સૂત્રના અર્થને જીવનમાં ચરિતાર્થ કરી દીધો હતો. એટલે મહાત્મા સદા નિસ્પૃહી, નિર્મોહિ, નિર્મમત્વ,નિર્લોભી, નિરીહ ભાવવાળા બનીને રહેતા હતા. રાગ પણ કરવાનો નથી, દ્વેષ પણ કરવાનો નથી. આથી રાગ-દ્વેષ વગરનો વીતરાગ બને છે. આ લક્ષ્યથી માન-અપમાન પણ સહન કરી લેતા હતા. રાગ-દ્વેષનાં નિમિત્તોથી બચીને દૂર રહેતા હતા.

મનના અધ્યવસાયોની એટલી ઊંચી ભૂમિકા પર એ પહોંચી ચૂક્યા હતા કે એમને માન અપમાનની કોઇ અસર જ થતી ન હતી. પોતાની ચેતનાને પૂરી રીતે સમતામાં સ્થિર રાખી શક્યા હતા. એક દિવસની વાત છે કે ભિક્ષામાં અળદ અને અળદની દાળ મળી. આ નિમિત્તે મહાત્મા ઊંડા ચિંતનમાં ઊતરી ગયા. વિચાર કરવા લાગ્યા કે આ અળદ શું છે ? અને છોતરાં શું છે? ઓ હો ! અંદરના અળદ તો સફેદ છે અને માત્ર બહારથી આવરણ-ફોતરું જ કાળું છે ! એ રીતે અંદરથી આત્મા અનંત ગુણવાન શુદ્ધ નિર્મળ છે, પરંતુ બહારથી આવેલાં કર્મના કાળાં આવરણોથી આત્મા મલિન થઇ ગયો છે. અરે ! આત્મામાં તો જ્ઞાનાદિ ગુણ મૂળભૂત સત્તામાં પડચાં જ છે. માટે બહારથી

આવેલા કર્મનાં આવરણોને જ હટાવવાં જોઇએ, અને જે અંદર સ્થિત છે એમને પ્રકટ કરવા જોઇએ ધ્યાનની ધારામાં મહાત્મા શુક્લ ધ્યાનની કોટિમાં પહોંચી ગયા, અને ક્ષપક શ્રેણી ઉપર આરૂઢ થઇ ગયા.

કર્મનો ક્ષય થવા લાગ્યો. જેમ પ્રચંડ આગમાં ઘાસ તીવ્રતાથી બળીને ભસ્મ થઇ જાય છે એ રીતે જ ક્ષણવારમાં તો તમામ કર્મો નષ્ટ થઇ ગયાં. ધ્યાનાનલમાં તેની પ્રચંડ જ્વાળાઓમાં જનમ-જનમનાં કર્મો નષ્ટ થતાં ગયાં. જોત જોતામાં મહાત્માને કેવળજ્ઞાન-અનંતજ્ઞાન પ્રાપ્ત થયું. મહાત્મા અલ્પજ્ઞમાંથી અનંતજ્ઞાની બની ગયા. જ્ઞાનની આશાતના થી જે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હતું તેનો ક્ષય જ્ઞાનની ઉપસનાથી તીવ્રતાથી કરીને અનંતજ્ઞાની બન્યા. આથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા માટે જ્ઞાન-જ્ઞાનીની ઉપસના જ સાચો માર્ગ છે.

## જ્ઞાનાચારની ઉપાસના

જૈન દર્શનમાં મુખ્યતયા પાંચ આચાર બતાવવામાં આવ્યા છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર - આ પાંચ આચારો આત્માના જ મૂળભૂત જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ અને વીર્ય એ પાંચ ગુણોની ઉપાસનાના આચારો છે. સ્વગુણોપાસનાનો આત્મિક ધર્મ છે. સ્વ = આત્મા, ગુણ = જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યાદિ ઉપાસના-સાધના યા આચાર પ્રણાલી.

આથી આત્માના ગુણોની ઉપાસના કરવી એ જ આચાર ધર્મ છે. પાંચ પ્રકારના આત્મિક ગુણોની પાંચ આચારોની **પ્રક્રિયાથી ઉપાસના કરવામાં આવે છે. પ્રસ્તુત વિષયમાં** જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય યા ક્ષયોપશમ કરવા માટે જ્ઞાનાચારની ઉપાસના કરવી એ જ આચાર ધર્મ છે. શાસ્ત્રની અંદર આઠ પ્રકારના જ્ઞાનાચાર બતાવ્યા છે :-

**काले विणये बहुमाणे उवहाणे, तह य अनिन्हवणे।**
**वंजण अत्थ तदुभए अट्ठविहो नाणमायारो॥**

(૧) **काले** - યોગ્ય સમયમાં-કાળમાં પાઠાદિ કરવાં-અધ્યયન અધ્યાપન કરવાં.

(૨) **विणये** - વિનયપૂર્વક - પાઠદાતા, જ્ઞાનીગુરુ, વિદ્યાગુરુ, ધર્મગુરુ આદિ પાસેથી શિષ્ટતા-નમ્રતાપૂર્વક પાઠાદિ ગ્રહણ કરવાં.

(૩) **बहुमाणे** - બહુમાનપૂર્વક. જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનોપકરણ આદિનું આદરપૂર્વક બહુમાન -સન્માન કરવું. બાહ્ય અને આભ્યંતર બંને રૂપથી તેમના પ્રત્યે સદ્ભાવ અને પ્રીતિ રાખવી. અધ્યયન અધ્યાપન બંનેમાં ભાવોલ્લાસ ઉત્સાહ અને ઉમંગ રાખવા.

(૪) **उवहाणे** - ઉપધાન પૂર્વક.આગમાદિ શાસ્ત્રોના અધ્યયન માટે યોગ્યતા પ્રાપ્ત કરવાના હેતુથી જે વિશિષ્ટ તપ-ક્રિયાદિ કરવામાં આવે છે એને ઉપધાન કહેવામાં આવે છે. ગુરૂના સામીપ્યમાં રહીને વિશિષ્ટ તપ અને ક્રિયાપૂર્વક એવાં ઉપધાનો તથા યોગોદ્વહન કરતાં ગુરૂગમથી શાસ્ત્રાદિ વાંચવાં-ભણવાં એ ઉપધાન કહેવાય છે.ઉપધાન જ્ઞાનાચાર છે.

(૫) **अनिण्हवणे**-અનિન્હવ, ગુરૂ, જ્ઞાન અને સિદ્ધાંતાદિનો અપલાપ ન કરવો. નિ

+ હ્નન્ ધાતુનો અર્થ છુપાવવું એવો થાય છે. ભાવમાં નિન્હવ શબ્દ બન્યો. તેનો અર્થ છુપાવવું - અપલાપ કરવો. આ દોષ છે. એનો ઊલટો અનિહ્નવ અર્થાત્ અશઠપણાથી - નિર્માયિક ભાવથી સિદ્ધાંત આદિ ન છુપાવવા એ પાંચમો આચાર છે.

(૬) **वंजण** - વ્યંજન. **व्यंजयते अनेन अर्थः इति व्यंजनम्** અર્થાત્ જેમાંથી અર્થ પ્રગટ થાય છે, એ વ્યંજન છે. વર્ણમાળાના ક, ખ, ગ ઙ્ આદિ સર્વ અક્ષરો વ્યંજન કહેવાય છે; જેનાથી શબ્દો બને છે. આથી શબ્દ શુદ્ધિ અર્થાત્ વ્યંજન શુદ્ધિ એ છટ્ઠો જ્ઞાનાચાર છે. દા.ત. બગલો અને બંગલો.

(૭) **अत्थ** - અર્થ-શબ્દાર્થ. શબ્દનો અર્થ કહેવાય છે.અર્થથી જ્ઞાન સાચી રીતે સમજવું એ અર્થ જ્ઞાનાચાર છે. જેમ કે સુવર્ણનો અર્થ સોનું જ કરવો જોઇએ.

(૮) **तदुभय** - શબ્દ + અર્થ. શબ્દ અને અર્થ બંનેનું જ્ઞાન થવું એ તદુભય જ્ઞાનાચાર છે. આ શબ્દ, પદ અને સૂત્રનો જે અર્થ હોય છે એ જ કરવો તથા શબ્દ-પદ-સૂત્ર-શ્લોકાદિની સાથે સાથે અર્થનું પણ સાચું જ્ઞાન રાખવું એને તદુભય જ્ઞાનાચાર કહેવામાં આવે છે.

આ રીતે ૮ પ્રકારના જ્ઞાનાચાર બતાવવામાં આવ્યા છે. ઉપરોક્ત બતાવેલા જ્ઞાનાચારમાં ૮ નિયમોનું પાલન કરીને જ્ઞાનની ઉપાસના થાય છે. જેનાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાતાં નથી. બરાબર આનાથી વિપરીત આચારનું પાલન કરવાથી અર્થાત્ અતિચારો નું સેવન કરવાથી જ્ઞાનાવરણીય કર્મો બંધાય છે. કારણ કે આચાર ધર્મ સાચી ઉપાસના છે. જ્ઞાનાચાર કર્મક્ષયકારક છે. જ્ઞાનાતિચાર કર્મબંધકારક છે. જ્ઞાનાચારથી વિપરીત જ્ઞાનાતિચાર આ રીતે છે.

યોગ્ય કાળમાં ન ભણવું, અયોગ્ય કાળમાં ભણવું, વાંચવું, ઉલ્કાપાત, ગ્રહણ કાળ, વૃષ્ટિકાળ, પ્રસૂતિ તથા મૃત્યુ આદિના સૂતક કાળમાં તથા માસિક ધર્મના સમયમાં શાસ્ત્રાદિનું જ્ઞાન સંપાદન કરવું વર્જ્ય છે. આ સમય જ્ઞાનોપાર્જન માટે અશુભ-અયોગ્ય ગણાય છે. આથી એને **'असज्झाय काल'** - અસ્વાધ્યાય કાળ કહ્યો છે.

આ રીતે અનધ્યયનાદિના દિવસો તથા અસ્વાધ્યાયાદિ કાળ છોડી દેવો જોઇએ. જો કોઇ એવા અયોગ્ય સમયમાં સ્વાધ્યાય આદિ કરે છે તો જ્ઞાનાતિચાર દોષ લાગે છે. આથી યોગ્ય, ઉચિત કાળમાં જ જ્ઞાનની સાધના કરવી જોઇએ.

અવિનયપૂર્વક ભણવાથી-વાંચવાથી પણ જ્ઞાનાચારનો દોષ લાગે છે. જ્ઞાનદાતા જ્ઞાનીનું, શાસ્ત્ર-ગ્રંથ-પુસ્તકાદિ જ્ઞાનોપકરણોનું અપમાન કરવાથી પણ જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે. એટલા માટે પ્રાચીન શિક્ષણ પદ્ધતિમાં જ્ઞાનદાતા ગુરૂ અને શાસ્ત્ર-ગ્રંથ, જ્ઞાનોપકરણો આદિનું પૂર્ણ વિનયપૂર્વક સન્માન કરવામાં આવતું હતું; જ્યારે વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં વિનય-સન્માન આદિની ઘણી ઉપેક્ષા કરવામાં આવી રહી છે. પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીમાં શિક્ષક પ્રત્યે કોઇ સન્માન નથી હોતું.

એ રીતે શિક્ષકોમાં વિદ્યાર્થીઓ પ્રત્યે કોઇ સદ્‌ભાવ નથી, એને કારણે શિક્ષણ

જગતમાં વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચે સંઘર્ષ ચાલુ જ રહે છે. આધુનિક શિક્ષણ પ્રથાની આ સૌથી મોટી ખામી છે. અવિનય અને અપમાન એ જ્ઞાનાતિચાર છે. કર્મબંધનમાં કારણરૂપ છે. ઇતિહાસમાં એવાં ઉદાહરણો પણ છે કે મગધના અધિપતિ સમ્રાટ શ્રેણિક જેવાએ એક ચોરની પાસેથી વિદ્યા શીખવા માટે તેને રાજ્ય સિંહાસન ઉપર બેસાડીને સ્વયં નમ્રતાપૂર્વક નીચે બેસીને અંજલિબદ્ધ વિનયભાવથી નિવેદન કરીને વિદ્યા ગ્રહણ કરી હતી.

વિનયાચાર પૂર્વક વિદ્યા ગ્રહણ કરવાથી વૈનયિકી બુદ્ધિ નિર્મળ થાય છે, જ્યારે અવિનયના અતિચારથી મનુષ્ય ઉદ્ધત-ઉન્મત્ત અને અવિનયી બને છે. આમ જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણોનો અવિનય-અપમાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. ઉપધાન અને યોગોદ્વહનપૂર્વક ગુરૂ સામીપ્યમાં રહીને ગુરૂગમ દ્વારા શાસ્ત્રાદિનું જ્ઞાન સંપાદન કરવું એ જ્ઞાનાચાર છે. જ્યારે એનાથી વિપરીત સ્વયં શાસ્ત્રાદિના મનમાન્યા અર્થ કરવા એ પણ જ્ઞાનાતિચાર છે. શાસ્ત્રાદિના મનમાન્યા અર્થો કરવાથી ખૂબ મોટા અનર્થો થાય છે. એવું કરનાર જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે.

ગુરૂને છોડીને અન્ય પાસેથી પાઠ લેવાં-ભણવું અને પોતાના ગુરૂથી છુપાવીને અન્યને ગુરૂ કહેવા એ પણ જ્ઞાનાતિચાર જ છે.

શ્લોક-સ્તોત્ર-પદ-સૂત્રાદિ વાંચતી વખતે-લખતી વખતે તથા બોલતી વખતે પણ માત્રા યા અનુસ્વાર ઓછા કે વધારે ન કરવાં જોઇએ. વર્ણમાળાના સીમિત અક્ષરોથી બનેલા શબ્દોમાં અનુસ્વાર અને માત્રાનો પણ ફરક કરવાથી અનર્થ થઇ જાય છે. ઉદાહરણ તરીકે માસ-માંસ, શસ્ત્ર-શાસ્ત્ર આવા શબ્દોમાં અનુસ્વાર અને માત્રા લગાડવાથી અને ન લગાડવાથી કેટલું અંતર પડી જાય છે? એ સ્પષ્ટ સમજમાં આવે છે, એટલા માટે વ્યંજન-ઉચ્ચાર તથા શબ્દ આદિ સાચા રૂપમાં પ્રયોગમાં લાવવા જોઇએ, તથા અર્થ પણ સાચો કરવો એ જ્ઞાનાચાર ધર્મ છે. બરાબર એનાથી વિપરીત વ્યંજન શબ્દ પદ આદિ-ખોટા લખવાથી યા એનું ખોંટુ ઉચ્ચારણ કરવાથી તથા અર્થ વિપરીત કરવાથી જ્ઞાનાતિચાર દોષ લાગે છે, એનાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણની આશાતના પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાવે છે. પુસ્તકને પગ લાગવાથી, થૂંકવાથી તથા મળમૂત્ર સાફ કરવાથી અનેક પ્રકારે જ્ઞાનની આશાતના થાય છે. જ્ઞાની પ્રત્યે દ્વેષ, મત્સર, ઇર્ષ્યા આદિ ન કરવાં જોઇએ. જ્ઞાનીની આજ્ઞાની અવજ્ઞા પણ ન કરવી જોઇએ. જ્ઞાનરૂચિવાળા, ભણતા ભણાવતા વચ્ચે વિઘ્ન પણ ન નાખવું જોઇએ. જ્ઞાનીઓની મજાક મશ્કરી પણ ન કરવી જોઇએ. વિદ્વાનોની મશ્કરી કરનાર મનુષ્ય પોતાનાં જ્ઞાનાવરણીય કર્મને ભારે બનાવે છે. પરિણામ સ્વરૂપ એવા અતિચાર સેવનથી જન્મ જન્માન્તરમાં અજ્ઞાની બને છે.

જ્ઞાનગમ્ય વિષયો ઉપર અશ્રદ્ધા-અવિશ્વાસ કરવો એ પણ અતિચાર-દોષ છે. કોઇને તોતડાતો જોઇને એની મજાક કરવી, કોઇ મૂંગા માણસને જોઇને તેની મશ્કરી

કરવી-હસવું; મજાક ઉડાવવી એ પણ જ્ઞાનાતિચાર દોષ છે. આ રીતે અનેક જ્ઞાનાતિચાર દોષો છે કે જેના સેવનથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, અને જીવ જન્મ જન્માન્તરમાં એની સજા ભોગવે છે. આથી સમજદાર માણસે જ્ઞાનાતિચાર-દોષોનું સેવન ન કરવું જોઇએ.

## શ્રુતમદ જ્ઞાનાતિચાર

શ્રુત એટલે શાસ્ત્ર આગમ ગ્રંથાદિ. દરેક જીવે પોતપોતાના ક્ષયોપશમના આધારે શાસ્ત્રાદિનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. મનુષ્યે કદી પોતાના જ્ઞાનનું અભિમાન ન કરવું જોઇએ. કોઇ પણ ક્ષેત્રમાં અભિમાન નુકસાન કર્તા જ હોય છે. કર્મશાસ્ત્રનો નિયમ છે કે જે વિષયનું અભિમાન કરવામાં આવે છે તે જ વસ્તુથી બરાબર વિરુદ્ધ મળે છે. જીવનમાં અભિમાનનાં ઘણાં ક્ષેત્રો બતાવ્યાં છે. જાતિ, કુલ, બળ, રૂપ, તપ, લાભ, શ્રુત, ઐશ્વર્ય આદિ અનેક પ્રકારનાં અભિમાનોમાં શ્રુતનું અભિમાન પણ અભિમાનનો એક પ્રકાર છે.

"મને ઘણું આવડે છે, હું બધું જ જાણું છું. મારાથી આ જગતમાં કશું અજાણ્યું નથી. આ મારા ડાબા હાથનો ખેલ છે. આવા તો સેંકડો વિષયો મારા ગજવામાં પડ્યા છે" આવા શેખચલ્લીના કાલ્પનિક વિચારો માનવ મનની-અભિમાનની માત્રાને પ્રગટ કરે છે. શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે એવું શ્રુતમદ-અભિમાન પણ જ્ઞાનીએ સેવવું ન જોઇએ, કારણ કે શ્રુતજ્ઞાનનું અભિમાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય જ છે અને સાથે સાથે નીચ ગોત્ર કર્મ પણ બંધાય છે. નીચ ગોત્ર બાંધીને આગામી ભવોમાં જીવ નીચ-હલકા કુળમાં જન્મ પામે છે.

આ વિષયમાં એક દૃષ્ટાન્ત મહાન કામવિજેતા ચૌદ પૂર્વધર,મહાપુરુષ સ્થૂલિભદ્ર સ્વામીનું આપવામાં આવ્યું છે.ચૌદપૂર્વધારી મહાન ગીતાર્થ જ્ઞાની ભગવંત શ્રી ભદ્રબાહુ સ્વામી મહારાજ પાસે પૂ. સ્થૂલિભદ્રસ્વામીજી ભણતા હતા. દશ પૂર્વોનું અધ્યયન કરી ચૂક્યા હતા. એક વાર સ્વાધ્યાયાર્થે સમીપના સ્થાને બેઠા હતા અને તેમની સેણા, વેણા, રેણા આદિ સાત બહેન સાધ્વીઓ એમને વંદન કરવા ગઇ. ભાઇ સ્થૂલિભદ્રને વિચાર આવ્યો કે હું આટલું જાણ્યો છું. જ્ઞાની છું તો હું પણ કંઇક છું, એટલે બહેનોને કંઇક ચમત્કાર દેખાડું. આવું વિચારીને તેમણે સિંહનું રૂપ ધારણ કર્યું. બહેનોએ આવતાં જ સિંહ જોયો અને ગભરાઇ ગઇ ! દોડતી બહેનો તો આચાર્ય સ્થૂલિભદ્રસ્વામીની પાસે ગઇ અને નિવેદન કર્યું કે 'હે ભગવન્ ! અમારા ભાઇ મહારાજ સ્થૂલિભદ્રજીને સિંહ ખાઇ ગયો હોય એવું લાગે છે.'

મહાન જ્ઞાની ભદ્રબાહુસ્વામીજીએ આ વાતનું રહસ્ય જાણી લીધું અને બહેનોને ફરીથી વંદન કરવા માટે જવા આજ્ઞા આપી. બહેનો ગઇ અને વંદન કરીને પાછી ફરી,જ્યારે સ્થૂલિભદ્રજી આગામી પાઠ માટે આચાર્યશ્રી પાસે પધાર્યા ત્યારે આચાર્યશ્રીએ કહ્યું : તેં શ્રુતનું અભિમાન કર્યું છે, તને જ્ઞાનનું અજીર્ણ થઇ ગયું છે. હવે આગળનાં પૂર્વોનું જ્ઞાન તું નહીં પામી શકે. અભિમાનની કક્ષા આ જ્ઞાનની પાત્રતા નથી.' એવો નિર્ણય કરીને

આચાર્યશ્રીએ આગળનાં ચાર પૂર્વોનું અધ્યયન ન કરાવ્યું. જો કે સ્થૂલિભદ્રજીએ ક્ષમા યાચી, પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો, શ્રી સંઘે પણ ઘણી વિનંતી કરી છતાં પણ આચાર્યશ્રીએ અર્થથી ન ભણાવ્યાં. આ રીતે મળેલા જ્ઞાનનું અભિમાન કરવાથી કેટલું નુકસાન થાય છે? આ પ્રસંગ ઉપરથી એ સમજી જવું જોઇએ. આથી શ્રુતમદ એ દોષ છે. જ્ઞાનાવરણીય કર્મ બાંધવામાં કારણરૂપ છે.

## કર્માધીન બુદ્ધિ અને પરિશ્રમાધીન વિદ્યા

કર્મશાસ્ત્ર કહે છે :- **बुद्धिः कर्माधीना विद्या च परिश्रमाधीना।** એટલે કે બુદ્ધિ કર્મને આધીન છે, અને વિદ્યા પરિશ્રમાધીન છે. સંસાર અનંત જીવોથી ભરેલો છે. જો કે જીવમાત્ર જ્ઞાનવાન છે. પરંતુ દરેકનું જ્ઞાન એક સરખું નથી, અર્થાત્ જ્ઞાનની માત્રા વત્તી ઓછી હોય છે.એનું એક જ કારણ છે કે દરેક જીવ દ્વારા જન્મ જન્માન્તરમાં ઉપાર્જિત જ્ઞાનાવરણીય કર્મ વત્તુ ઓછું હોય છે. જે જીવોનું જ્ઞાનાવરણીય કર્મ વધારે હોય તો એને **બુદ્ધિ ઓછી** મળે છે અને જે જીવોનું જ્ઞાનાવરણીય કર્મ પ્રમાણમાં ઓછું હોય તેમની બુદ્ધિ વધારે હોય છે. આથી બુદ્ધિનું પ્રમાણ જ્ઞાનાવરણીય કર્મના પ્રમાણ પર આધારિત **છે; એટલે બુદ્ધિને** કર્માધીન કહી છે. આથી સ્વોપાર્જિત કર્માનુસાર જીવોને અલ્પ અધિક **બુદ્ધિ મળે છે.** સમગ્ર સંસાર આ સિદ્ધાંતનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

**એક** માના ચાર પુત્રોમાં પણ બુદ્ધિ એક સરખી હોતી નથી, તથા એક માના જોડિયા પુત્રોમાં પણ બુદ્ધિ એક સરખી નથી હોતી. **'मुंडे मुंडे मतिर्भिन्ना।'** આ કહેવત જગ પ્રસિદ્ધ છે. એટલે કે સર્વ લોકોની બુદ્ધિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. એક જ વર્ગમાં ૫૦-૧૦૦ વિદ્યાર્થીઓ ભણે છે. ભણાવનારા શિક્ષક અધ્યયન વગેરે સૌને સમાન રીતે સમજાવે છે તો પણ કોઇની સમજમાં આવે છે તો કોઇની સમજમાં આવતું નથી. કોઇ જલદી સમજે છે તો કોઇ બિલકુલ સમજી શકતો નથી. આ બુદ્ધિની ન્યૂનાધિકતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે, જે કર્મને આધીન છે. પ્રત્યેક જીવ પોતાના જ્ઞાનાવરણીય કર્માનુસાર બુદ્ધિ પ્રાપ્ત કરે છે. પરંતુ પરિશ્રમના આધારે જ્ઞાન સંપાદન કરે છે. બુદ્ધિ ઓછી હોવા છતાં પણ જો પરિશ્રમ કરશે તો પણ જ્ઞાન પ્રાપ્ત કરી લેશે.અંતર એટલું જ રહેશે કે તેજ બુદ્ધિવાળો જે વાતને ૧૦ મિનિટમાં સમજી લેશે, એને અલ્પબુદ્ધિવાળો કદાચ પરિશ્રમને આધારે ૧૦ કલાક યા ૧૦ દિવસમાં સમજી લેશે. એટલે વિદ્યા શ્રમને આધારે પ્રાપ્ત થાય છે. બુદ્ધિ કર્મને આધીન છે અને જ્ઞાન પરિશ્રમને આધીન છે. આ કર્મસત્તાનો સિદ્ધાંત સાચો લાગે છે.

બુદ્ધિને જ જ્ઞાન કહે છે. આથી બુદ્ધિ જ્ઞાનથી ભિન્ન, સ્વતંત્ર નથી. મતિ, બુદ્ધિ, ચિંતા, સંજ્ઞા, અભિનિબોધ આદિ બુદ્ધિના જ પર્યાયવાચી શબ્દો છે. મતિજ્ઞાનના ૩૪૦ ભેદ આગળ બતાવવામાં આવ્યા છે. એમાંથી જેટલા ભેદોનું મતિજ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હશે, એટલા ભેદોનું મતિજ્ઞાન નહીં થાય, અને જેટલા ભેદોનું નહીં બાંધ્યું હોય એ પ્રકારોનું જ્ઞાન જીવોને પ્રગટ રહેશે. શાસ્ત્રોમાં પ્રગલ્ભ પ્રતિભાસંપન્ન અને મહાન બુદ્ધિશાળી, બુદ્ધિનિધાન કેટલાય મહાપુરૂષોનાં દૃષ્ટાંત આવે છે. આર્ય વજસ્વામી, હેમચંદ્રાચાર્ય,

મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, બુદ્ધિનિધાન મહા અમાત્ય અભયકુમાર અને રોહ કુમારનાં દષ્ટાંતો છે.

## અસાધારણ બુદ્ધિમાન મહાપુરૂષો

### આર્ય વજસ્વામી -

શ્રેષ્ઠી પુત્ર ધનગિરિ અને સુનંદાનો પુત્ર વજકુમાર બાલ્યાવસ્થામાં જ વિરક્ત ભાવવાળો બન્યો. પિતા ધનગિરિની દીક્ષા પછી બે ત્રણ વર્ષની ઉંમરવાળો બાળક વજકુમાર પણ પૂર્વ જન્મનાં જ્ઞાન-વૈરાગ્યના સંસ્કારથી બાળપણમાં જ વિરક્ત બન્યો. ચારિત્ર પ્રાપ્તિના હેતુથી બાળકે રડવાનું શરૂ કર્યું. માતા સુનંદા એના અતિશય રડવાથી કંટાળી ગઇ. એક દિવસ પતિ સાધુ ધનગિરિ ભિક્ષા માટે ઘરે આવ્યા તો સુનંદાએ બાળક આપી દીધો.

મુનિ મહારાજ બાળકને લઇને ઉપાશ્રયે આવ્યા અને ગુરૂમહારાજને અર્પણ કર્યો. સાધુ બનાવવા માટેઅપરિપક્વ કાળ હોવાથી ગુરૂ મહારાજે એને ઉપાશ્રયના શય્યાતરને સોંપી દીધો. પારણામાં સુવાડેલા બાળકને સાધ્વીઓની વચ્ચે રાખીને શય્યાતર પોતાનાં કાર્યોમાં જોડાઇ જતી હતી. શાસ્ત્રોનું અધ્યયન કરતા સાધ્વીઓ જ્યારે મોટેથી પાઠ કરતી હતી ત્યારે પારણામાં રહેલો બાળક વજકુમાર ખૂબ ધ્યાનથી એ સાંભળતો હતો. પૂર્વજન્મના ક્ષયોપશમ અનુસાર મળેલી બુદ્ધિ તેજ હોવાને કારણે બાળકને પારણામાં સાંભળતાં સાંભળતાં જ કેટલાંય શાસ્ત્રો યાદ રહી ગયાં.

આ રીતે બે ત્રણ વર્ષ વીતી ગયાં, બાળકને અનેક શાસ્ત્રો યાદ રહી ગયાં; પાંચ વર્ષની ઉંમરે રાજદરબારના ન્યાય પ્રમાણે આચાર્યશ્રીએ વજસ્વામીને દીક્ષા આપીને મુનિરાજ વજસ્વામી બનાવ્યા. આચાર્યશ્રી પોતાના મોટામોટા સાધુઓને શાસ્ત્રોનો પાઠ સમજાવતા હતા. એક દિવસે પાઠના સમયે આચાર્યશ્રીને શૌચ માટે જંગલમાં જવું પડ્યું, એવા સમયે બાલમુનિ વજસ્વામી ગુરૂના સ્થાને બેસી ગયા. શાસ્ત્ર જોયા વગર જ મોટા મોટા સાધુઓને ભણાવવા લાગ્યા.

ઉપાશ્રયના દ્વારે આવેલા આચાર્યશ્રીએ આ દશ્ય જોયું અને બાલમુનિના મુખેથી શાસ્ત્રોના પાઠ સાંભળીને આશ્ચર્યચકતિ થઇ ગયા ! ત્યારબાદ બાલમુનિને વાચક પદવીથી વિભૂષિત કરવામાં આવ્યાં. બાલ્યવયમાં જ બુદ્ધિ કેટલી અસાધારણ હતી એનું આ ઉદાહરણ છે.

### હેમચંદ્રાચાર્ય મહારાજ-

ગુજરાતના ધંધુકા ગામમાં મોઢ જ્ઞાતિના વણિક પિતા ચાચીંગ અને માતા પાહિનીદેવીનો પુત્ર ચાંગદેવ બચપણમાં જ પ્રગલ્ભ બુદ્ધિવાળો હતો. એક સમયની વાત છે, માતા પુત્રને લઇને જિન મંદિર દર્શન કરવા ગઇ હતી. માતા તો દર્શન કરતી હતી અને બાળક પાસેના ઉપાશ્રયમાં જઇને આચાર્યશ્રીની ગાદી ઉપર બેસી ગયો ! માનો કે પ્રવચન કરતો હોય, એવી મુદ્રામાં અભિનય કરવા લાગ્યો.

એટલામાં મંદિરમાં દર્શન કરવા માટે ગયેલા મહારાજશ્રી દેવચંદ્રસુરીજી મહારાજ ઉપાશ્રયમાં પધાર્યા, દૂરથી એક નાના બાળકને પોતાની ગાદી ઉપર બેઠેલો જોઇને આચાર્યશ્રીને ઘણો આશ્ચર્યભાવ જાગ્યો અને સંતોષ પણ થયો. પોતાની ગાદીના ભાવી વારસદાર પટ્ટધરનું અનુમાન કરીને મનમાં સંતોષ વ્યક્ત કર્યો. એની માતા પાહિની દેવી મંદિરેથી દર્શન કરીને બહાર નીકળી તો બાળકને શોધતી તે ઉપાશ્રયમાં આવી. આચાર્ય શ્રીને સ્તબ્ધ થઇને ઊભેલા અને બાળકને ગાદી ઉપર બેઠેલો જોઇને માતાજી આશ્ચર્ય ચકિત થઇ ગઇ. તેણી ઝડપથી દોડીને બાળકને ગાદી ઉપરથી લેવા ગઇ ત્યારે આચાર્યશ્રીએ માતાને બાળકને ન લેવા વિનંતી કરીને કહ્યું કે ‘ દેવી ! આ બાળકને શાસન માટે અર્પણ કરી દે. હું તારી પાસે શાસન માટે આ બાળકની યાચના કરૂં છું. જો આ બાળક ઘરમાં રહેશે તો ભણી ગણીને વ્યાપાર કરીને તારા એક પરિવારનું ભરણપોષણ કરશે. પણ જો તું આ બાળકને શાસનને સમર્પિત કરી દઇશ તો તે મહાન ત્યાગી વિદ્વાન બનીને હજારો-લાખોનું કલ્યાણ કરશે.’

માતાએ નિર્મોહ ભાવથી બાળકને ગુરૂ ચરણોમાં અર્પણ કરી દીધો. બાલ્યવયમાં જ બાળકને દીક્ષા આપીને મુનિ સોમવિજય નામ રાખવામાં આવ્યું. એક શિલ્પી જેમ પથ્થરને ઘડે છે; અને પ્રતિમાનો આકાર આપે છે ત્યારે તે જગવંદનીય બને છે. એ જ રીતે આચાર્ય મહારાજે ન્યાય, વ્યાકરણ, સાહિત્યાદિ શાસ્ત્રોનું અધ્યયન કરાવીને મુનિ સોમચંદ્રવિજયને સમર્થ વિદ્વાન બનાવ્યા. પ્રગલ્ભ બુદ્ધિ અને પ્રતિભાસંપન્ન અને ચમત્કારિક તર્કશક્તિથી મુનિવરે હજારો લાખો શ્લોકો કંઠસ્થ કરી લીધા. સરસ્વતીદેવી પ્રસન્ન થઇ અને જાણે કે એમની જીભ ઉપર વાસ કર્યો. આગળ ઉપર તેમણે હજારો શ્લોકો ની નવી રચના કરી. ન્યાય, વ્યાકરણ, કાવ્ય આદિનાં શાસ્ત્રોની રચના કરીને હેમચંદ્રાચાર્યને નામે જગતમાં પ્રસિદ્ધ બન્યા.

કહેવાય છે કે આચાર્યશ્રીએ સાડાત્રણ કરોડ શ્લોકોની નવી રચના કરી હતી ! એમણે રચેલા ‘સિદ્ધહેમશબ્દાનુશાસન’ જેવા મહાકાય વ્યાકરણના ગ્રંથને ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે હાથીની અંબાડી ઉપર મૂકીને શોભાયાત્રા કાઢી હતી ! એ જ રીતે મહારાજા કુમારપાળે તેમને રચેલા ‘યોગશાસ્ત્ર’ ગ્રંથની શોભાયાત્રા કાઢી હતી. સ્વબુદ્ધિથી સ્ફૂરિત જ્ઞાનની નવી સ્ફૂરણાઓને લીધે આચાર્યશ્રી સાતસો લેખકોની પાસે લખાવતા હતા. કહેવાય છે કે તાડપત્રો અને ભોજપત્રો ઓછાં પડતાં હતાં પરંતુ આચાર્યશ્રીના જ્ઞાનસમુદ્રની લહેરો તો ઊભરાતી જ રહેતી હતી. કેટલું અદ્ભુત જ્ઞાન હતું ક્ષયોપશમનું. સાચે જ તે કાલિકાલસર્વજ્ઞ હતા. અને એ રીતે તે અમર બની ગયા.

### ૧૪૪૪ ગ્રંથોના રચયિતા આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજ -

૫૦ વર્ષની ઉંમરે બ્રાહ્મણ પુરોહિતે ચમત્કારિક નિમિત્તે જૈન દીક્ષા ગ્રહણ કરી. એક નાની બાલ સાધ્વીના અભ્યાસ માટેના શ્લોકને સાંભાળીને એમનું મન જ્ઞાનની ઊંડાણમાં ઊતરી ગયું. આચાર્યશ્રીની પાસે શ્લોકાર્થ સમજીને સર્વસ્વ સમર્પિત કરીને તે

એમના શિષ્યના રૂપમાં સાધુ બની ગયા.

મોટી ઉંમરે પણ સર્વ ધર્મ-દર્શનોનાં પરિશીલન કરીને તેમણે ન્યાયાદિના ઉચ્ચ કોટિના ગ્રંથો લખ્યા, જ્ઞાનની સાધનામાં તેમણે અંદાજે ૧૪૪૪ નવા ગ્રંથોની રચના કરી, આવા મહાપુરૂષ જ્ઞાનાવકાશમાં અદ્વિતીય સૂર્ય સમાન તેજસ્વી બન્યા.

**મહા મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ -**

એક માતા પોતાના બાળકને લઇને રોજ જિનાલયમાં દર્શન કરવા જતી હતી. દર્શન કરીને પાસેના ઉપાશ્રયમાં ગુરૂ મહારાજ પાસે 'ભક્તામર સ્તોત્ર' સ્મરણ કરતી હતી. માતાએ એવો નિયમ બનાવ્યો હતો કે આ સ્તોત્રનો પાઠ કરીને જ મુખમાં પાણી લેવું. નિયમની કસોટી થાય છે. એક દિવસે અતિભારે વરસાદ થયો. વરસાદ ન રોકાતાં માતા જિનાલયે જઇ ન શકી-યોગાનુયોગ ભારે વરસાદ સાતેક દિવસ અટક્યો નહીં અને માતા મંદિરે પણ ન જઇ શકી. માતાને સાત ઉપવાસ થયા. બાળકે માતાને પૂછ્યું 'માતા! તું કેમ કંઇ ખાતી નથી ?' માતાએ કહ્યું - 'દિકરા ! તું નાનો છે, તું આટલી ચિંતા ન કર, તને ખબર ન પડે.' બાળકે હઠ પકડી અને કારણ જાણવા કોશિશ કરી, ત્યારે માતાએ કહ્યું - 'મારો નિયમ છે કે ભક્તામર સાંભળીને જ પાણી પીવું. કેટલાય દિવસથી તેજ વરસાદને કારણે ભક્તામર સાંભળી શકી નથી, એટલે હું નિયમનું પાલન કરતાં કશું ખાતી પીતી નથી.'

બાળકે આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું - 'મા ! જો એમ જ હોય તો આટલા દિવસથી કહ્યું કેમ નહીં ? શું મોટી વાત છે? ભક્તામર તો હું પણ સંભળાવું.' આટલું કહીને બાળકે 'ભક્તામર સ્તોત્ર' બોલવાની શરૂઆત કરી દીધી. માતા હાથ જોડીને ભાવપૂર્વક સાંભાળવા લાગી. પારણું કરીને માતા બાળકની અદ્ભુત સ્મરણશક્તિ પર વિસ્મય કરવા લાગી. ભક્તામર સાંભળવા મારી સાથે આવતો હતો. અને સાંભળતાં જ એને આખું સ્તોત્ર યાદ રહી ગયું ?! બીજે દિવસે ગુરૂ મહારાજ પાસે જઇને આખી ઘટના સંભળાવી.

ગુરૂ મહારાજે કહ્યું - 'માતાજી ! આવા બાળકને શાસન માટે સમર્પિત કરી દો. આ ભણી ગણીને મહાન વિદ્વાન બનશે. જગતનું કલ્યાણ કરશે. બરાબર એવું જ બન્યું. અલ્પવયમાં સાધુત્વ સ્વીકારીને જ્ઞાનોપાર્જનમાં તલ્લીન બન્યા. વિદ્વાનોના ધામ કાશીમાં પહોંચીને અગાધ જ્ઞાન પ્રાપ્ત કર્યું. સત્તરમી શતાબ્દીના આ વિદ્વાન્ મહામહોપાધ્યાય યશોવિજયજી મહારાજે કાશી નરેશની રાજ્યસભામાં હજારો દિગ્ગજ બ્રાહ્મણો સાથે શાસ્ત્રાર્થ કર્યો, વર્ણમાળાના ચાર વર્ગના ઓષ્ઠ્ય અક્ષરોનો તથા 'ત' વર્ગના દંત્ય અક્ષરોનો ઉચ્ચાર ન કરવાની શરતપૂર્વક શાસ્ત્રાર્થ કર્યો અને વિજય પામીને મહામહોપાધ્યાયની પદવી પ્રાપ્ત કરી. પોતાની અગાધ તર્ક શક્તિ અને અનેક તર્ક યુક્ત ન્યાયાદિ ગ્રંથોની રચના કરી. આ રીતે જ્ઞાનના ક્ષેત્રમાં અજોડ પ્રતિભા સંપન્ન મહાપુરૂષ બન્યા. આ રીતે ઇતિહાસમાં દષ્ટિપાત કરવાથી અનેક મહાપુરૂષોના દષ્ટાંતો દષ્ટિપથમાં આવે છે, જેમની ગજબની બુદ્ધિ પ્રતિભા અમારે માટે બુદ્ધિની પેલી પારની વાત છે. શૂન્યમાંથી સર્જન

કરવાની સર્જનાત્મક શક્તિ હતી એવા મહાપુરૂષોમાં. આપણામાં આવી શક્તિઓ નથી. આજે તો આપણે અનુકરણ કરનાર જ બની ગયા છીએ.

આપણે તો એ મહાપુરૂષોએ લખેલાં શાસ્ત્રો વાંચી ભણી પણ શકતા નથી. જાણે આપણી બુદ્ધિ એમની બુદ્ધિની તુલનામાં રતિભર પણ નથી. બૌદ્ધિક વિકાસ કરવા જ્ઞાનાચારની ઉપાસના કરવી પડે છે. જેમ ચાકુને ઘસીને તેની ધારને તેજ બનાવવામાં આવે છે એ જ રીતે શાસ્ત્રોની કસોટી પર કસીને આપણી બુદ્ધિને તિક્ષ્ણ કરવી પડે છે.

જો મળેલી બુદ્ધિનો ઉપયોગ ન કરવામાં આવે તો પડી રહેલા લોઢાને જેમ કાટ ખાઇ જાય છે એ રીતે જ્ઞાનની ઉપાસના ન કરવાથી મળેલી બુદ્ધિને કાટ લાગી જાય છે. પડી પડી બુદ્ધિ પણ કટાઇ જાય છે-નષ્ટ થાય છે. જે રીતે પહેલવાન દરરોજ વ્યાયામ કરે છે, અનેક પ્રકારની કસરતો કરે છે અને શરીર સૌષ્ઠવ બનાવે છે. પણ આ તો શારીરિક કસરત થઇ બુદ્ધિની પણ કસરત તો કરવી જોઇએ. આ કસરત શાસ્ત્રીય પાઠોના પઠન પાઠન, ચિંતન મનનથી થાય છે. આથી બુદ્ધિને કાટ ન લાગે તે માટે પ્રતિદિન શાસ્ત્ર અધ્યયન સ્વાધ્યાય-ચિંતન-મનન કરતા રહેવું જોઇએ. આસન, વ્યાયામ, આહાર આદિ જે રીતે શારીરિક કમજોરીને દૂર કરીને શક્તિ પ્રદાન કરે છે તેમ સ્વાધ્યાય, ચિંતન, મનન, અધ્યયન અધ્યાપન આદિ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરી શક્તિ પ્રદાન કરે છે.

ઉપરોક્ત નિયમાનુસાર જો આપણને સાચી અને તેજ બુદ્ધિ મળે એવી ઇચ્છા હોય તો વર્તમાનમાં જ જ્ઞાનાર્જન માટે સાચી દિશામાં પ્રયત્ન કરવો જોઇએ. અર્થાત્ સમ્યગ્જ્ઞાન ઉપાર્જન કરવાની દિશામાં બુદ્ધિ લગાડી દેવી જોઇએ.

## બુદ્ધિનો સદુપયોગ

જગતમાં દરેક વસ્તુનો ઉપયોગ થાય છે. ધન, સંપત્તિ, શક્તિ તથા બુદ્ધિનો પણ ઉપયોગ થાય છે. ઉપયોગ બે રીતે થાય છે - સદુપયોગ અને દુરૂપયોગ. મળેલી શક્તિ, સંપત્તિ અને બુદ્ધિનો સાચી દિશામાં, સાચો ઉપયોગ કરવો એ સદુપયોગ છે. બરાબર આનાથી વિપરીત દિશામાં શક્તિ, સંપત્તિ અને બુદ્ધિનો ઉપયોગ કરવો એ દુરૂપયોગ કહેવાય છે.

નિરર્થક ગપ્પાં લગાવવાં, બુદ્ધિનો વિપરિત ઉપયોગ કરવો એ પણ બુદ્ધિનો દુરૂપયોગ છે. એ રીતે હસવું, મજાક કરવી એમાં, કોઇને સતાવવામાં, કુતર્ક-વિતર્કથી તત્ત્વોની મશ્કરી કરવી, સત્યનો અપલાપ કરવો, જુઠને સત્ય બનાવવામાં, સત્યને જૂઠમાં ફેરવવામાં, અસત્‌ને સત્ કરવામાં, અભાવને ભાવમાં, જેનું અસ્તિત્વ નથી એને સાબિત કરવામાં અને જેનું અસ્તિત્વ છે એને અસત્ ઠેરવવામાં-આવી તો અનેક રીતોથી બુદ્ધિનો દુરૂપયોગ કરવામાં આવે છે.

આ પ્રવૃત્તિ પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાવે છે. આથી આપણે પણ બુદ્ધિનો સાચી દિશામાં ઉપયોગ કરવો જોઇએ. જેમ કે સર્વજ્ઞોપદિષ્ટ તત્ત્વોનું સમ્યગ્જ્ઞાન ઉપાર્જન કરવામાં, તદુપરાંત તદનુરૂપ અધ્યયન-અધ્યાપન, ચિંતન, મનન, પઠન-પાઠન આદિ

કરવામાં તથા સાચી શ્રદ્ધા નિર્માણ કરવામાં, જીવાદિ નવતત્ત્વોના ચિંતનમાં, શાસ્ત્રીય વિષયોની મીમાંસા કરવામાં તથા સત્યને સત્ય સિદ્ધ કરવામાં અને અસત્યને અસત્ય સિદ્ધ કરવામાં તેમજ સત્યની ખોજ કરવામાં-સત્ય-સિદ્ધાન્તોને જીવનમાં ચરિતાર્થ કરવા આદિમાં બુદ્ધિનો ઉપયોગ કરવો એ જ બુદ્ધિનો સદુપયોગ છે. ધન-સંપત્તિ અને શક્તિનો સદુપયોગ જો કે સહેલો છે છતાં પણ સદુપયોગ કરનારાઓની સંખ્યાની ટકાવારી અલ્પ છે. બુદ્ધિનો સદુપયોગ મુશ્કેલ છે. તેની ટકાવારી અતિઅલ્પ છે.

અત્યારે બુદ્ધિજીવીઓનો સમય માનવામાં આવે છે, પરંતુ એમનો સમય સામાન્ય રીતે બુદ્ધિ વિલાસમાં જ વ્યતીત થાય છે. આચાર ધર્મને મહત્ત્વ ન આપનારી વર્તમાન યુગની બુદ્ધિજીવી પેઢી આચારવિહીન બનતી જાય છે. આ લાભપ્રદ વાત નથી. આથી મળેલી બુદ્ધિનો દુરૂપયોગ કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધીને અજ્ઞાન-દુઃખ ભોગવે છે, તથા બુદ્ધિનો સદુપયોગ કરીને જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરીને જીવ જ્ઞાન-સુખ પામે છે.

## સ્વમતિ તથા શાસ્ત્રમતિ

શાસ્ત્ર એક અગાધ-મહા સાગર છે, જેનો કોઇ અંત નથી. સમુદ્રમાં જે રીતે અનેક રત્નો હોય છે, એ જ રીતે શાસ્ત્રસાગરમાં અનેક તત્ત્વો છે. શાસ્ત્ર જ્ઞાનનો એક ખજાનો છે, જે તત્ત્વોથી પરિપૂર્ણ છે. એ ખજાનામાંથી ગમે તેટલાં તત્ત્વો કાઢવામાં આવે છતાં પણ એ કદી સમાપ્ત નથી થતાં.બીજી બાજુ આપણી મતિ-બુદ્ધિ અગાધ નથી, સીમિત-પરિમિત છે, મર્યાદિત છે. હવે પ્રશ્ન ઊભો થાય છે કે પરિમિત બુદ્ધિમાં જ્ઞાનનો અગાધ સમુદ્ર કેવી રીતે સમાવિષ્ટ કરવો ? નાનકડા કૂવામાં સમુદ્રને કેવી રીતે સમાવી શકાય ? એ જ રીતે અગાધ અને અમાપ શાસ્ત્ર-સાગરને આપણી કૂપ સદશ બુદ્ધિમાં કેવી રીતે સમાવી શકાય ?

જ્યારે સ્વમતિમાં શાસ્ત્રની વાતો બેસતી નથી ત્યારે અથવા સમજાતી નથી ત્યારે લોકો શાસ્ત્રો જૂઠાં છે. કપોલકલ્પિત છે, એમ કહીને શાસ્ત્રોની મજાક ઉડાવવાની બાલીશ કોશિશ કરે છે. આ મિથ્યાભાવ છે. એવું કેમ વિચારતા નથી કે -'મારી બુદ્ધિ અલ્પ છે, સંભવ છે કે મારી બુદ્ધિ કામ કરી શકતી નથી એટલે હું સમજી શકતો નથી. શાસ્ત્રના સિદ્ધાંત સાચા છે.' - આવો વિચાર કરવો સમ્યગ્ શ્રદ્ધાનો ભાવ છે. પરંતુ આવા ભાવવાળા ઓછા મળે છે.

સ્વમતિ અર્થાત્ પોતાની બુદ્ધિમાં શાસ્ત્ર બેસે તો સાચું અને ન બેસે તો શાસ્ત્ર ખોટું, એવું કહેવું એ પણ એક અપરાધ છે, એ ઉચિત નથી. કારણ કે જ્ઞાનાવરણીય કર્મની પ્રચુરતાને કારણે આપણને બુદ્ધિ અલ્પ મળી હોય તો તેને કારણે આપણે શાસ્ત્રના સિદ્ધાંતને સમજી ન શકીએ એમાં આપણી ભૂલ છે, નહીં કે શાસ્ત્રની.-'નાચનાર ન જાણે વાંકું આંગણું' જેવી વાત કરવી ઉચિત નથી.

જો સંસારનો સર્વે કરવા લાગીએ તો જોવા મળશે કે જ્ઞાનાવરણીય કર્મના

ઉદયવાળા જીવો વધારે છે. જ્યારે જ્ઞાનના ક્ષયોપશમવાળા જીવો ઓછા છે. આપણા જેવા જીવોનો વિચાર કરવામાં આવે તો જ્ઞાનાવરણીય કર્મ અનંતગણું છે, જ્યારે જ્ઞાન તો તેના અનંતમા ભાગનું જ છે. એટલે કે દરેક જીવમાં જ્ઞાનના ઉદય કરતાં જ્ઞાનાવરણીય કર્મનો ઉદય અનંતગણો વધારે છે. આવા અનંતગણા જ્ઞાનાવરણીય કર્મના ઉદયની સામે અનંતમા ભાગના જ્ઞાનનો શો હિસાબ ?

ભૂતકાળમાં પણ આ જ સ્થિતિ હતી. જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા જીવોની સંખ્યા જ વધારે હતી અને જ્ઞાનના ઉદયવાળા જીવોની સંખ્યા અલ્પ હતી. આ જ સ્થિતિ વર્તમાનમાં છે અને ભાવિમાં રહેશે. કદીય જ્ઞાનીઓની સંખ્યા અજ્ઞાનીઓ કરતાં વધી નથી.

હવે જે જ્ઞાની છે એમનામાં પણ એક જ વિષયના પૂર્ણ જ્ઞાની યા અનેક વિષયોના પૂર્ણજ્ઞાની ? યા અનંત વિષયોના પૂર્ણ જ્ઞાની ? આજે તો એક જ વિષયના પૂર્ણ જ્ઞાની નથી તો અનેક વિષયોના પૂર્ણ જ્ઞાનીની તો વાત જ ક્યાં કરવી ?

સંસારમાં અનંત વસ્તુઓ છે, આથી જ્ઞાન પણ અનંત વસ્તુવિષયક હશે, એટલું જ નહીં, વસ્તુ અનંત ધર્માત્મક છે, એક એક વસ્તુની અનંત પર્યાયો થઇ ચૂકી છે કારણ કે વસ્તુ સ્વયં ઉત્પાદ,વ્યય, ધ્રૌવ્યાત્મક છે તેથી પર્યાયોમાં પરિવર્તન થતું જ રહેશે. એક વસ્તુની અનંત પર્યાયોને જાણવા માટે યા તો અનંત વસ્તુઓની અનંત પર્યાયોને જાણવા માટે અનંત વસ્તુ વિષયક જ્ઞાન આવશ્યક છે. આપણા જેવા અલ્પજ્ઞાની એક જ વસ્તુવિષયક જ્ઞાનને પૂર્ણ રૂપે પ્રાપ્ત કરી શકતા નથી તો અનંત વસ્તુવિષયક અનંત જ્ઞાનની તો વાત જ કયાં રહી? આ તો અનંતજ્ઞાની માટે જ સંભવ છે, આથી અનંત જ્ઞાની બનીને જ અનંત જ્ઞાનની અંતિમ સીમાને જાણી શકીશું.

સૂર્યનો પ્રકાશ થવા છતાં પણ ઘુવડ જોઇ ન શકતું હોય, તો એમાં સૂર્યનો દોષ નથી, ઘુવડનો જ દોષ છે. બરાબર એ જ રીતે અનંતજ્ઞાનીની વાતો અલ્પજ્ઞાની જાણી શકે નહીં, એમાં અલ્પજ્ઞાનીના અપૂર્ણ જ્ઞાનનો જ દોષ સમજવો રહ્યો, આથી આપણે સ્વમતિ પર આધારિત ન રહીને શાસ્ત્રમતિ પર આધારિત રહેવું જોઇએ. **'शास्त्रचक्षुषा पश्यति'** જેની આંખ શાસ્ત્ર છે અને એનાથી જ જોનાર શાસ્ત્રવેત્તા કહેવાય છે. એટલા માટે આપણે આપણી બુદ્ધિ શાસ્ત્રીય યા શાસ્ત્રાનુસારી બનાવવી જોઇએ.

## શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ભેદ

આત્માના ગુણો ઉપર આવેલા આવરણનું નામ જ 'કર્મ' છે. આથી જેટલા આત્માના ગુણો છે, એટલાં જ કર્મો પણ છે. જેટલા આત્માના જ્ઞાનાદિ ગુણોના ભેદ છે, એટલા જ જ્ઞાનાદિના આવરક-આચ્છાદક કર્મોના ભેદ છે. ચોથા પ્રવચનમાં પાંચે ય જ્ઞાનોના ભેદ બતાવવામાં આવ્યા છે. હવે અહીંયાં એ જ્ઞાનોના આવરક કર્મોના ભેદ બતાવવામાં આવશે. પ્રસ્તુત સંદર્ભમાં શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ભેદ જોઇએ. શ્રુતજ્ઞાનના ૧૪ અગર ૨૦ ભેદ પડે છે. આથી શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ભેદ પણ એટલા જ ૧૪ યા

૨૦ ભેદ પડશે. જે જે રીતથી શ્રુતજ્ઞાન ઉદયમાં આવે છે, એ એ પ્રકારોથી શ્રુતજ્ઞાનાવરણીય કર્મ પણ ઉદયમાં આવે છે. આથી અક્ષરશ્રુત, અનક્ષરશ્રુત આદિ જે ૧૪ પ્રકાર શ્રુતજ્ઞાનના છે એ બધાંની આગળ 'જ્ઞાનાવરણીય' જોડી દેવાથી તે શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ભેદ બની જશે. ઉદાહરણ તરીકે -

(૧) અક્ષર શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૨) અનક્ષર શ્રુત જ્ઞાનાવરણીય કર્મ
(૩) સંજ્ઞી શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૪) અસંજ્ઞી શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૫) સમ્યક્ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૬) મિથ્યાદષ્ટિ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૭) સાદિ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૮) અનાદિ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૯) સપર્યવસિત શ્રુત જ્ઞાના.કર્મ (૧૦) અપર્યવસિત શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૧૧) ગમિક શ્રુત જ્ઞાનાવરણીય કર્મ (૧૨) અગમિક શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૧૩) અંગ પ્રવિષ્ટ શ્રુત જ્ઞાના. કર્મ (૧૪) અંગબાહ્ય શ્રુતજ્ઞાનાવરણીય કર્મ -

આ રીતે આ શ્રુત્ જ્ઞાનાવરણીય કર્મના ૧૪ પ્રકારો થયા અર્થાત્ અક્ષરાદિ શ્રુતજ્ઞાનના ભેદથી જે અક્ષરાદિનો બોધ થતો હતો એ બોધ અક્ષર શ્રુતજ્ઞાનાવરણીય કર્મને કારણે થતો નથી. આ રીતે બધા ૧૪ પ્રકારોના શ્રુતજ્ઞાનાવરણીય કર્મને કારણે એ પ્રકારના શ્રુતનો બોધ નહીં થાય એ સમજવું જોઇએ. બોધ ન કરાવવો એ શ્રુતજ્ઞાનાવરણીય કર્મનું કાર્ય છે.

આ તો થઇ ૧૪ ભેદોની વાત, એ રીતે ૨૦ ભેદોનું સ્વરૂપ પણ એવું જ છે. શ્રુતજ્ઞાનના ૨૦ ભેદોના આચ્છાદક ૨૦ પ્રકારના શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ભેદ આ રીતે છે

(૧) પર્યાય શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૨) પર્યાય સમાસ શ્રુત જ્ઞાનાવરણીય કર્મ
(૩) અક્ષર શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૪) અક્ષર સમાસ શ્રુત જ્ઞાનાવરણીય કર્મ
(૫) પદ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૬) પદ સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૭) સંઘાત શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૮) સંઘાત સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૯) પ્રતિપત્તિ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૧૦) પ્રતિપતિ સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૧૧) અનુયોગ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૧૨) અનુયોગ સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૧૩) પ્રાભૃત પ્રાભૃત શ્રુતજ્ઞાના. કર્મ (૧૪) પ્રાભૃત પ્રાભૃત સમાસ શ્રુતજ્ઞાના.કર્મ
(૧૫) પ્રાભૃત શ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૧૬) પ્રાભૃત સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૧૭) વસ્તુશ્રુત જ્ઞાનાવરણીય કર્મ (૧૮) વસ્તુ સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ
(૧૯) પૂર્વશ્રુતજ્ઞાનાવરણીય કર્મ (૨૦) પૂર્વ સમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ.

આ રીતે આ શ્રુતજ્ઞાનાવરણીય ના ૨૦ ભેદ બને છે. આ કર્મો એ એ પ્રકારોથી થનાર શ્રુતજ્ઞાનના બોધને રોકે છે, એટલે કે અક્ષરથી યા પદથી જે બોધ થતો હતો, એ બોધ એના આવરણીય કર્મને કારણે નહીં થાય. માષતુષ મુનિના વિષયમાં આ જ થયું. પદશ્રુત જ્ઞાનાવરણીય કર્મના ઉદયમાં આવવાથી એ એ પદ્ધતિઓથી થનાર શ્રુતજ્ઞાનનો બોધ થતો ન હતો.

ઉદા.આજે આપણામાં પૂર્વ અને પૂર્વસમાસ શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ઉદય પડ્યો હોવાને કારણે એક પૂર્વ યા સર્વ પૂર્વોનું જ્ઞાન ઉદયમાં નથી. એ પૂર્વના વિષયોનું સર્વથા અજ્ઞાન જ ઉદયમાં છે. એ રીતે અન્ય ભેદોના વિષયમાં પણ સમજવું જોઇએ.

જો તેવા પ્રકારના ભેદનું શ્રુતજ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં નહીં હોય, યા બંધ થયો નહીં હોય, યા સત્તામાં જ પડ્યું નહીં હોય, તો એ પ્રકારના શ્રુતનો બોધ અવશ્ય થશે. નહીંતર એનાથી વિપરીત જો તેવા પ્રકારનો શ્રુતજ્ઞાનાવરણીય કર્મબંધ થયો હશે તો, અને ઉદયમાં આવ્યો હશે તો એ પ્રકારના શ્રુતનો બોધ નહીં થાય.

ઇન્દ્રભૂતિ ગૌતમને વેદ પદના એક શ્લોકનો અર્થ કરતી વખતે એક અક્ષર 'ન' કેવી રીતે લગાડવો એનો ભ્રમ થઇ ગયો અને 'ન' ને પાછળના અંતિમ ચરણની સાથે લગાડીને અર્થ કરવાથી 'આત્મા નથી' એવો અર્થ કાઢ્યો; આગળ જતાં આ જ અર્થ એમના મનમાં શંકાનું સ્થાન લઇ લે છે, અને એમની એવી માન્યતા થઇ જાય છે કે આત્મા નથી. એક અક્ષરના પણ સાચા જ્ઞાનની આવશ્યકતા રહે છે. અક્ષરશ્રુત જ્ઞાનથી અક્ષરનો સાચો બોધ થાય છે, અને અક્ષર શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી એટલો ય સાચો બોધ થતો નથી, વિપરીત થઇ જાય છે. કારણ કે જ્ઞાનાવરણીય કર્મ અજ્ઞાન તરફ અગ્રેસર કરે છે. જ્ઞાનને ઢાંકવું અને અજ્ઞાનને સામે લાવવું એ જ્ઞાનાવરણીય કર્મનું કાર્ય છે. આથી આવાં જ્ઞાનાવરણીય કર્મબંધથી બચવું જોઇએ.

**શાસ્ત્રપોથી વેચવા ચાલ્યો**

આજ શાસ્ત્રોની કિંમત કેટલી છે ? એનું મહત્ત્વ કેટલું છે ? શાસ્ત્ર પ્રત્યે આપણને આદર કેટલો છે ? આજે તો ઘરોમાં સજાવટ-દેખાવનું-પ્રદર્શન નું ચાલી રહ્યું છે. એમાં ૫-૧૦ લાખનો ફ્લેટ યા બંગલો, એમાં ય ૨-૩ લાખનું ફર્નીચર, એના શોકેસમાં ૧-૨ લાખની કલાકૃતિઓ, ચિત્રો વગેરે જોઇએ. આવી હવા ચાલી રહી છે. ધર્મશાસ્ત્રની પોથીઓ થી શો બગડી જાય છે. એમાં કીડા પડી જાય છે અને ફર્નિચર બગડી જાય છે, મહેમાન આવે તો આપણા ઘરની શોભાનાં વખાણ નથી કરતા વગેરે હેતુઓને આગળ ધરીને પોથીઓને યા પ્રાચીન ગ્રંથોને સસ્તા ભાવે ૧-૨ કિલોના ભાવમાં વેચી મારવામાં આવે છે. પસ્તીવાળાંને આપી દેવામાં આવે છે. જ્ઞાન પ્રત્યે આ કેટલો અનાદર? એને સ્થાને ગંદા, અશ્લીલ અને ફિલ્મી દુનિયાના ખરાબ સાહિત્યને લાવીને સજાવવામાં આવે છે. અને એમાં જ ઘરની અને ઘરવાળાંની શોભા વધે છે.

વિચાર કરો !! આ વિચારણીય પ્રશ્ન છે કે નહીં ? કેટલા અફસોસની વાત છે આ? હવે શું પરિણામ આવશે? જ્ઞાનોપાસના થઇ કે જ્ઞાનની આશાતના થઇ ? જ્ઞાનાવરણીય કર્મ ઉપાર્જન કરવાથી ભાવિમાં શું પરિણામ આવશે ?

એક સમયની વાત છે, એક નિર્ધન બ્રાહ્મણે તેની કુળદેવીની ઉપસના કરી, દેવી પ્રગટ થઇ. બ્રાહ્મણે યાચના કરી 'દેવી ! કંઇક આપો, થોડીક ધન-સંપત્તિ આપો; સુવર્ણ મુદ્રાઓ આપો, મારી આર્થિક સ્થિતિ અતિશય ખરાબ છે. શું કરું ?'

દેવીએ કહ્યું 'અરે વિપ્ર ! તારા ભાગ્યમાં કશું જ નથી. ભાગ્ય બિલકુલ ખાલી છે, હું શું કરું ?' બ્રાહ્મણે કહ્યું: 'દેવી ! આપ દેવી છો, દૈવી શક્તિ સંપન્ન છો. અવશ્ય આપી શકો છો.' દેવીએ કહ્યું : ''અરે ! આપનાર પણ ભાગ્યપુણ્ય બળ જોઇને આપે છે. તારાં અશુભ કર્મોમાં દુઃખ દારિદ્રય-દુર્ભાગ્ય જ લખ્યું છે. આથી હું શું કરું ?'' વિચારો! આપનાર પણ આપે તો તમારા ભાગ્ય-પુણ્ય બળ પ્રમાણે જ આપે છે.

યાચક બ્રાહ્મણે હઠાગ્રહ કર્યો અને દેવીને આપવા યાચના કરી. દેવીએ કહ્યું: 'ઠીક છે, ભાઇ જા, આ એક શાસ્ત્ર પોથી છે. એને તું ૫૦૦ રૂપિયામાં વેચજે. બિચારો બ્રાહ્મણ દેવીની વાત સાંભળીને-માનીને શાસ્ત્ર પોથી લઇને વેચવા ચાલ્યો.

કદાચ એ શાસ્ત્ર પોથીને વાંચીને જ્ઞાન ઉપાર્જન કર્યું હોત તો કેટલીય મૂલ્યવાન વાતો અને ઉચ્ચ કક્ષાની વસ્તુઓ એમાં લખી હતી. અનેક સિદ્ધાંતોનો નિચોડ એમાં પ્રતિપાદિત હતો. વાંચીને વિદ્વાન થયો હોત તો સર્વત્ર પૂજનીય બન્યો હોત, બીજાંને ભણાવીને વર્ષો સુધી આજીવિકા પામ્યો હોત, પણ એ પોથી ખોલ્યા વગર માત્ર વેચવાના હેતુથી ગામેગામ ફરવા લાગ્યો. સાચું જ કહ્યું છે કે :-

**जहा खरो चंदन भारवाही, भारस्य भागी न हु चंदणस्स।**
**एवं खलु नाणी चरणेण हीणो, नाणस्स भागी न हु सुग्गइए ॥**

ગધેડો જેવી રીતે ચંદનના લાકડાના ભારને પીઠ પર ઉપાડીને ચાલે છે પરંતુ તે ચંદનની સુગંધને જાણતો નથી, તેનો અનુભવ કરી શકતો નથી. બરાબર આ જ રીતે ચારિત્ર આચરણ વગર માત્ર જ્ઞાન એકત્ર કરે છે તેવો જ્ઞાની જ્ઞાનનો ભાગી ગણાતો હોવા છતાં તે સદ્ગતિનો ભાગીદાર બની શકતો નથી. બ્રાહ્મણ બિચારો શાસ્ત્ર પોથી ખોલીને એક સુવાક્ય પણ વાંચી શક્યો ન હતો, પરંતુ પોથી ઉપાડીને ગામેગામ ફરતો રહેતો હતો. વેચવા માટે સૌને દેખાડતો હતો. એ જમાનાની વાત છે. ૫૦૦ રૂપિયામાં પોથી કોણ ખરીદે ?

વર્ષ વીતી ગયું. બ્રાહ્મણ પરેશાન થઇ ગયો-'અરે... રે ! દેવીએ પોથી શા માટે આપી ? દેવીએ જ ૫૦૦ રૂપિયા આપી દીધા હોત તો આ રખડવાની સ્થિતિ ન આવત. આજ પણ વગર ભણે જ પંડિત બનવાની ઇચ્છાવાળા અનેક છે. ભણવું નથી, પરિશ્રમ કરવો નથી પણ ગમે તેમ કરીને ડીગ્રી-ઉપાધી મેળવી લેવી છે-વિદ્વાન બનવું છે. વિદ્વાન છે એવો દેખાવ કરવો છે. આ સરસ્વતીનો કેટલા ઉપહાસ છે ?'

પરિશ્રમ વગર અને વિદ્યા પ્રાપ્તિ વગર પણ વિદ્વાન હોવાનો દાવો કરવો, વિદ્વાન ન હોવા છતાં વિદ્વાન છે એવી કીર્તિ-પ્રશંસા પ્રાપ્ત કરવી માન-સન્માન પુરસ્કાર અને પદ પ્રાપ્ત કરવાં એ દેવી ભગવતી સરસ્વતીની કેટલી છેતરપીંડી છે ? પરીક્ષાઓ પાસ કરવાના હેતુથી જ માત્ર ભણવું અને એ રીતે પરીક્ષા પાસ કરીને ઉપાધિ મેળવી લેવી જેથી આજીવિકા ચલાવી શકાય. વર્તમાન શિક્ષણ પદ્ધતિનો હેતુ જ્ઞાનોપાર્જન સિવાય અર્થોપાર્જન રહ્યો છે. Learning is only for Earning વિદ્યા માત્ર અર્થોપાર્જન માટે રહી છે. કેટલી અધમ

કક્ષાનો આ હેતુ રહ્યો છે ? એક જમાનો એવો હતો કે જ્યારે વિદ્યાદાનથી અર્થોપાર્જન કરવામાં હલકટતા મનાતી હતી. આજે આ દૂષણ, ભૂષણના રૂપમાં પરિવર્તિત થઇ ગયું છે.

બ્રાહ્મણ ફરતો ફરતો એક શહેરમાં ગયો. મોટી દુકાન જોઇને ઉપર ચડ્યો. મધ્યાહ્ન ના સમયે પિતા ભોજન માટે ઘરે ગયા હતા. પુત્ર દુકાનની ગાદી ઉપર બેઠો હતો. બ્રાહ્મણે શાસ્ત્રપોથી પેલાના હાથમાં આપતાં દેવીએ આપી છે વગેરે વાત કરી. છોકરાએ પોથી ખોલીને ૨-૪ પાનાં ઉથલાવીને જોયું, વાચ્યું. એને ઘણી કીમતી વાતો લાગી, સોનેરી સુવાક્યો લાગ્યાં. એક વાક્ય પણ જીવનમાં ઊતરી જાય તો જીવન પલટાઇ જાય, એવું લાગતાં જ ૫૦૦ રૂપિયા કાઢીને આપી દીધા. બ્રાહ્મણ ખુશ થઇને ચાલ્યો ગયો. પિતાજી દૂકાને આવ્યા, એક પોથીના ૫૦૦ રૂપિયા બેટાએ આપ્યા જાણીને લાલ પીળા થઇ ગયા -બે ચાર થપ્પડ પણ મારી દીધી. 'મૂર્ખ ! નીકળ અહીંથી, એક પોથીના આટલા રૂપિયા અપાતા હશે ?' આમ કહીને બાપે છોકરાને દુકાનમાંથી કાઢી મુક્યો. વિચાર કરો. આજે તો ૫૦૦ નહીં, પાંચ હજાર રૂપિયા પણ કપડાં માટે આપવામાં આવે છે. બૂટ ચંપલ માટે ય ૪૦૦ - ૫૦૦ આપવામાં આવે છે. સાડી ખરીદવા માટે ૧૦૦૦ થી ૨૦૦૦ આપવામાં આવે છે. ઘર સજાવટની વસ્તુઓ માટે તથા વાસણ વગેરે માટે ય બે-પાંચ હજાર મામૂલી વાત લાગે છે. બધા માટે અપાય છે પરંતુ જ્ઞાન માટે, સારા ધર્મશાસ્ત્રના પુસ્તક માટે ખર્ચ કરવામાં આવતું નથી ! ધાર્મિક પુસ્તકો યા સારું-ઉત્તમ સાહિત્ય સસ્તું જ મળવું જોઇએ, જ્યારે ગંદા સાહિત્યની હજારોની કિંમત ચૂકવવામાં આવે છે. સત્સાહિત્ય, ધર્મશાસ્ત્ર પ્રત્યે આદરભાવ જ કયાં છે ? આજ કેટલા ઘરોમાં આદર્શ સાહિત્ય છે ?`Our Best Friends are our Best Books' સારાં પુસ્તકો જ આપણા ઉત્તમ મિત્રો છે. એક મિત્ર જેમ કલ્યાણમાં નિમિત્ત બને છે, તેમ ઊંચું, આદર્શ સાહિત્ય, એવું એક પુસ્તક કદાચ આપણા જીવતરનો ઢાંચો જ બદલી નાખે ! ઘણું ઉપયોગી સિદ્ધ થઇ શકે છે. એ સમજીને એ છોકરાએ પોથી વાંચી, એનાં એક બે વાક્યો જીવનમાં ઉતારીને એ જગતમાં મહાન બની ગયો.

જેનાં ભાગ્ય ફૂટી ગયાં હતાં તેવો બ્રાહ્મણ ૫૦૦ રૂપિયાથી ખુશ થઇને ત્યાંથી ચાલી નીકળ્યો. એના ભાગ્યમાં સંપત્તિ ન હતી. શહેરની બહાર એને લૂટારા મળ્યા. એને હથિયાર દેખાડીને ૫૦૦ રૂપિયા લૂંટી લીધા. ત્યાં કોઇ શું કરી શકે ? દેવતા આવે તો પણ શું કરી શકે ? દેવો તો આપીને ચાલ્યા જાય પરંતુ ભાગ્યમાં ન હોય તો ટકે ક્યાંથી ? શાસ્ત્ર પોથી વાંચીને કદાચ જ્ઞાન ઉપાર્જન કરી લીધું હોત તો એ જ્ઞાન એને માટે કલ્યાણકારી જરૂર સિદ્ધ થાત. પરંતુ આદર્શ સાહિત્ય માત્ર સજાવટ માટે નથી હોતું, અધ્યયન-અધ્યાપન, પઠન પાઠન માટે હોય છે. ચિંતન-મનન માટે હોય છે.

## આદર્શ જ્ઞાન ભંડાર

સેંકડો વર્ષો પહેલાની આ વાત છે. જ્યારે મુદ્રણ પદ્ધતિ વિકસીત ન હતી એવા સમયમાં પણ આપણા મહાન પૂર્વજોએ અનેક શાસ્ત્રો લખ્યાં. શુન્યમાંથી સર્જન કર્યું.

એટલું જ નહીં, પરંતુ લખેલા શાસ્ત્રોની સેંકડો-હજારો પ્રતી તૈયાર કરાવી અને ભારતભરના વિવિધ ક્ષેત્રો-પ્રદેશોમાં ચારે બાજુ મોકલાવીને જ્ઞાન ભંડારો નિર્માણ કરાવ્યા. એક સાથે સાતસો સાતસો લહિયાઓને બેસાડીને હેમચંદ્રાચાર્ય મહારાજ લખાવતા હતા. ગુજરાતનો રાજા કુમારમાળ તાડપત્ર તથા ભોજપત્રોની વ્યવસ્થા કરતો હતો. તમામ ખર્ચ રાજ્યના કોશ (ભંડાર) માં પડતું હતું.

આ રીતે યંત્રયુગ ન હોવા છતાં હજારો પ્રતિઓ હાથે લખાવી-હસ્તપ્રતો તૈયાર કરાવી અનેક દેશ-વિદેશોમાં સેંકડો જ્ઞાન ભંડારો સમૃદ્ધ કરાવ્યા. જૈનાચાર્યની આ અનુપમ સેવા હતી. સમગ્ર ભારતમાં જ્ઞાનના ખજાનાની રક્ષા-સુરક્ષા અને સંવર્ધનનાં કાર્ય કરવામાં જૈનાચાર્યો અને જૈનોનો ફાળો અમૂલ્ય રહ્યો છે. આ વાત સૌએ નિઃસંદેહ સ્વીકરવી જ પડે. આ રીતે જૈન શાસનની સેવા જાહેર છે. જ્ઞાનની ઉપાસનાનો આ અનુપમ માર્ગ છે. અને એથી જ જ્ઞાનનો આટલો અનુપમ ખજાનો આપણી સામે ઉપસ્થિત રહી શક્યો છે. જો આવું જ્ઞાન અને સાહિત્ય મળ્યાં ન હોત તો શું થાત ? આ સંદર્ભમાં આઠમી શતાબ્દીના આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજના શબ્દો જુઓ :-

**कत्थ अम्हारिसा पाणी, दूसमो दोष दूसिया ।**
**हा अणाहा कहं हुंता, न हुंता जइ जिणागमो ।।**

આ દૂષમ કાળથી દૂષિત એવા અમારા જેવા પ્રાણીઓનું શું થાત? જો જિનેશ્વર નાં જિનાગમો ન હોત તો ? સાચી વાત છે કે જે આવા પરમ તારક સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનાં ઉપદેશ સ્વરૂપ જિનાગમ ન હોત તો, અમારા જેવાંને એ જાણવા ન મળ્યાં હોત તો આજ અમારું શું થાત ? અમારું જ્ઞાન ક્યાંથી વધત ? અજ્ઞાન નિવૃત્તિ ક્યાંથી થાત ? આથી અનંત ઉપકાર માનીએ છીએ એ આગમ ગ્રંથ નિર્માણ કરનારા મહાપુરૂષોનો તથા એમની વ્યાખ્યા કરનારાઓનો, એમને મદ્રિત કરનારાઓનો, તેમજ તેમની રક્ષા-સુરક્ષા અને સંવર્ધન કરનારાઓનો જેમના કારણે આજે એ આગમ ગ્રંથો આપણા સુધી આવી શક્યા. આપણને પ્રાપ્ત થઇ શક્યા. એવા શાસ્ત્ર સંગ્રહાલય, જ્ઞાનભંડારો આદિ અત્યંત ઉપયોગી સિદ્ધ થયા છે. આ જ જ્ઞાનાચારની ઉપાસના છે.

### પુસ્તકાલય-વાંચનાલય

લોકો જેવી રીતે પાણીની પરબ બેસાડે છે, અને તરસ્યાંને પાણી પાઇને પુણ્ય ઉપાર્જન કરે છે-જેમ પાણી જીવનનું અતિ ઉપયોગી આવશ્યક તત્ત્વ છે તેમ જ્ઞાનપિપાસા નું શમન કરવા માટે સાહિત્ય પણ અત્યંત ઉપયોગી છે. અનિવાર્ય સાધન છે. પાણીની પરબની જેમ જ પરબ રૂપ પુસ્તકાલય-વાંચનાલય પણ અનિવાર્ય ઉપયોગી છે, જેના દ્વારા વાચકની જિજ્ઞાસા સંતોષી શકાય છે. આદર્શ-ઉચ્ચ વિચારધારાવાળા સત્સાહિત્યનો સંચય તેવા પ્રકારના પુસ્તકાલય-વાંચનાલયમાં હોવો જોઇએ.

આર્થિક દષ્ટિએ સમાજનો પ્રત્યેક માનવ સંપન્ન હોઇ શકતો નથી, બીજી બાજુ સાહિત્ય, મુદ્રણ આદિ પણ મોંઘાં થતાં જાય છે. સર્વ પ્રકારનું સાહિત્ય ખરીદવું યા

વસાવવું એ દરેકની શક્તિની વાત નથી.આવા સંજોગોમાં, ઉચ્ચ કક્ષાના આદર્શ સાહિત્ય થી સમાજ વંચિત ન રહી જાય એટલા માટે પુસ્તકાલય-વાંચનાલય અત્યંત ઉપયોગી છે. સાચા અર્થમાં એ જ્ઞાનમંદિર રૂપે ઉપયોગી છે. પ્રત્યેક વ્યક્તિ પુસ્તકો મેળવી શકે, વાંચી શકે એ માટે તે હોય છે. કારણ કે ચિંતન માટે ખોરાક મળવાથી, સારી વિચારધારા મળવાથી સંભવ છે કે દુર્જન સજ્જન બની જાય, એનેકોની વિચારધારામાં પરિવર્તન આવી જાય, આવી શકે છે.

સાહિત્ય એક સારા કલ્યાણ મિત્રની જેમ ઉપકારક છે. આથી એવાં પુસ્તકાલયો-વાંચનાલયો જ્ઞાનમંદિર રૂપે નિર્માણ કરીને જન-જન સુધી ઉચ્ચજ્ઞાન પહોચાડવું એ સુંદર સેવા છે. સમાજની, દેશની એકએક વ્યક્તિનો ઉદ્ધાર કરવાનો આ એક ઉત્તમ વિકલ્પ છે.

**સાહિત્ય મુદ્રણ અને પ્રચાર**

સાહિત્ય સમાજનું દર્પણ છે. સમાજનું પ્રતિબિંબ સાહિત્યરૂપી દર્પણમાં પડે છે. સામાજિક દૂષણો દૂર કરવા માટે સત્સાહિત્યનો પ્રચાર-પ્રસાર કરવો જ જોઇએ. એને માટે સાહિત્યનું મુદ્રણ કરાવવું એ પણ જ્ઞાનાચારની ઉપાસના જ છે. શરત એ છે કે એ સાહિત્ય ઉચ્ચ કક્ષાનું હોય. હલકું ન હોય સાત્ત્વિક વિચારધારાની પુષ્ટિ કરનારૂ હોય, સાચું જ કહ્યું છે કે **'सा विद्या या विमुक्तये।'** વિદ્યા એ જ છે કે જે મુક્તિ અપાવે. **'ज्ञानस्य फलं विरति।'** જ્ઞાનનું ફળ જ એ છે કે તે વિરતિ અપાવે. વિરતિ એટલે પાપથી નિવૃત્તિ.

જો જ્ઞાન પાપની નિવૃત્તિ ન કરાવે તો શું ફાયદો ? ઉમાસ્વાતિજી મહારાજે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' ની આદ્યકારિકાના પ્રારંભ જ કહ્યું છે કે -

**सम्यग्दर्शन शुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति।**
**दु:ख निमित्तमपिदं तेन सुलब्धं भवति जन्म ॥**

સમ્યગ્ દર્શન અર્થાત્ સાચી શ્રદ્ધાથી યુક્ત એવું જે જ્ઞાન એ જો વિરતિ (પાપ નિવૃત્તિ) પ્રાપ્ત કરાવે તો દુઃખથી પ્રાપ્ત થઇ શકે એવો મનુષ્ય જન્મ પણ સુલબ્ધ-સુલભ થઇ શકે છે. જેમ સાકર મિશ્રિત દૂધ મધુર બને છે, તે જ રીતે જ્ઞાન પણ સમ્યગ્દર્શન, સાચી શ્રદ્ધાથી યુક્ત હોય તો ઉપાદેય અને ઉપકારી બને છે; નહીંતર મિથ્યાજ્ઞાન ઘાતક બને છે. એટલા માટે જ્ઞાનના વિષયમાં સમ્યગજ્ઞાનનું મહત્ત્વ છે. સમ્યગ્ શાસ્ત્રોનાં પુસ્તકોનું મુદ્રણ કરાવવું, મુદ્રણમાં ઉચિત સહયોગ પ્રદાન કરીને પ્રચાર-પ્રસાર કરવો-કરાવવો એ પણ જ્ઞાનાચારની ઉપાસના છે - જ્ઞાનયોગની સાધના છે.

**સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન**

સાચી શ્રદ્ધા પૂર્વક જે સાચું જ્ઞાન હોય એને સમ્યગ્જ્ઞાન કહે છે, અર્થાત્ જીવાદિ તત્ત્વોના યથાર્થ - વાસ્તવિક જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહે છે, પરંતુ આ વાસ્તવિકતા, યથાર્થતા આ સત્યતા સ્વનિર્મિત યા કલ્પિત ન હોવી જોઇએ. પરંતુ સર્વજ્ઞોપદિષ્ટ વસ્તુગત

વાસ્તવિકતા હોવી જોઇએ, પણ જેવી વસ્તુ હોય એવું સ્વરૂપ આપણે કહેવું જોઇએ. એટલા માટે કહ્યું છે કે... જે સત્ય છે એ જ મારૂ છે, પરંતુ જે મારૂ છે એ જ સત્ય છે એવું ન બને-એવું ન પણ હોઇ શકે.

સમ્યગ્દૃષ્ટિ સાધકના વિચારો આવા હોવા જોઇએ. આપણે વસ્તુને સાચો ન્યાય આપી શકીએ એટલા માટે સમ્યગ્દર્શનની પૂરી આવશ્યકતા છે. જીવ તત્ત્વ હોય યા મોક્ષ તત્ત્વ હોય, કોઇ પણ તત્ત્વનું સાચું સ્વરૂપ આપણે માનવું યા જાણવું જોઇએ, જે સર્વજ્ઞોપદિષ્ટ હોય. સર્વજ્ઞ કથિત શાસ્ત્ર નિર્દિષ્ટ હોય, નહીં કે કપોલ કલ્પિત, યા સ્વમતિની ઉપજ હોય. એ સ્વમતિની નીપજ ન હોવી જોઇએ. અને ત્યારે જ તે સમ્યગ્જ્ઞાન કહેવાશે. એટલા માટે આગમ શાસ્ત્રોમાં સમ્યગ્દર્શનની વ્યાખ્યા બતાવી છે કે **'जं जिणेहिं पवेइयं तमेव निःसंकं सच्चं।'** જે સર્વજ્ઞ એવા જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂપિત કરવામાં આવ્યું હોય, એ જ શંકા રહિત સત્ય છે - આવી માન્યતા રાખવી એ જ સમ્યગ્દર્શન. સાચી શ્રદ્ધા છે.

સમ્યગ્દર્શનથી તત્ત્વોના વાસ્તવિક સ્વરૂપની શ્રદ્ધા નિર્માણ થાય છે. જેમ દૂધમાં સાકર ભળતાં દૂધ મધુર બને છે, એ રીતે સમ્યગ્દર્શન મળતાં જ્ઞાન પણ સમ્યગ્-સાચું બને છે. અન્યથા મિથ્યાજ્ઞાનના સ્વરૂપમાં જ રહી જાય છે. આથી શાસ્ત્રકાર મહર્ષિ એટલે સુધી કહે છે કે સમ્યગ્દૃષ્ટિ સાધક જો મિથ્યાશાસ્ત્ર પણ વાંચે છે, તો એ એને તો સમ્યગ્રૂપે જ પરિણમે છે. એના સમ્યગ્દર્શનની વૃદ્ધિમાં જ સહાયક બને છે. કારણ કે દૃષ્ટિ સમ્યગ્ છે. આથી એ જ્ઞાન પણ સમ્યગ્રૂપે જ પરિણત થશે.

બરાબર આથી વિપરીત, મિથ્યાદૃષ્ટિ જો સમ્યગ્શાસ્ત્ર પણ વાંચે છે તો એની મિથ્યાદૃષ્ટિ જ રહેશે. કારણ કે પહેલાં તો જ્યાં સુધી દૃષ્ટિ શ્રદ્ધાયુક્ત નથી બનતી, ત્યાં સુધી તેને સમ્યગ્શાસ્ત્ર પણ લાભ કર્તા સિદ્ધ થતું નથી. એટલે તેની પ્રથમ તો દૃષ્ટિ સુધરે એ જરૂરી છે. આ દૃષ્ટિ ચક્ષુ યા ચક્ષુદૃષ્ટિ સાથે સંબંધિત નથી, આ તો આંતરિક દૃષ્ટિથી સંબંધિત છે. આથી સમ્યગ્દૃષ્ટિ એ અહીં આંતરિક દૃષ્ટિ છે. સાચી શ્રદ્ધા છે. તત્ત્વોની વાસ્તવિકતા અને યથાર્થતાને સ્વીકારવાની માન્યતા છે.

આ જ સમ્યગ્દૃષ્ટિથી યુક્ત જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન બને છે. બરાબર આનાથી વિપરીત મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન યા વિપરીત જ્ઞાન કહેવાય છે. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાનરૂપ અને સહાયક છે, જ્યારે મિથ્યાજ્ઞાન બાધક અને હાનિકારક છે. આથી સાધકે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન માટે પુરૂષાર્થ કરવો જોઇએ.

## સર્વજ્ઞોપદિષ્ટ જ્ઞાન-સમ્યગ્ જ્ઞાન

સર્વજ્ઞોપદિષ્ટ જ્ઞાનને જ સમ્યગ્ જ્ઞાન કેમ કહેવું ? અન્ય કોઇના દ્વારા ઉપદિષ્ટ જ્ઞાનને સમ્યગ્ જ્ઞાન કેમ ન કહેવાય ? આ વિચારવું જોઇએ. છદ્મસ્થ અર્થાત્ અપૂર્ણ જ્ઞાની અને રાગી-દ્વેષી સત્યનું ચરમ સ્વરૂપ બતાવી ન શકે, એટલા માટે સત્યની ચરમ સીમાનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મૂળ સ્રોત સર્વજ્ઞ, કેવલી (પૂર્ણજ્ઞાની) તથા વીતરાગ જ

હોવા જોઇએ, એ અનિવાર્ય છે. એ જ આવશ્યક છે. એક તરફ જે વીતરાગ છે. એમને માટે અસત્ય બોલવાનું કોઇ કારણ નથી, કેમ કે અસત્ય રાગદ્વેષને કારણે જ બોલાય છે.

રાગના ઘરમાં માયા તથા લોભ ગણાય છે. ક્રોધ અને માન એ બંને દ્વેષની અંદર જ ગણાય છે. આથી આ ચારે ક્રોધ, માન, માયા, લોભ-કષાયરૂપ છે. એમને કારણે મનુષ્ય અસત્યનું સેવન કરે છે. એ રીતે ભય તથા હાસ્ય પણ અસત્ય સેવનમાં કારણ છે. આ બધુ રાગી તથા દ્વેષીમાં જ હોય છે.

આ રાગ દ્વેષનો સર્વથા ક્ષય કરીને જે વીતરાગ વીતદ્વેષ બની જાય છે, એનામાં ક્રોધાદિ કષાયોની તથા ભય, હાસ્ય આદિ રાગ-દ્વેષની રજમાત્ર પણ માત્રા રહેતી નથી; આથી તે વીતરાગ કહેવાય છે. આવા વીતરાગીને માટે અસત્ય બોલવાનું રજમાત્ર પ્રયોજન હોતું નથી. આથી એમને માટે અસત્ય બોલવું સંભવ પણ નથી.

એક તરફ જે વીતરાગતા પ્રાપ્ત કરી ચૂક્યા છે અને બીજી તરફ સર્વજ્ઞતા (પૂર્ણજ્ઞાન) પણ પ્રાપ્ત કરી ચૂક્યા છે તેમને હવે કોઇ વિષયનું જ્ઞાન બાકી રહેતું નથી. સમગ્ર બ્રહ્માંડના લોકાલોકની અંદરના અનંત પદાર્થોનું, અનંત વસ્તુ વિષયક જ્ઞાન પ્રાપ્ત થઇ ચૂક્યું છે. વીતરાગતાની પ્રાપ્તિને કારણે અસત્ય બોલવાનું કોઇ પ્રયોજન જ રહ્યું નથી. તથા સર્વજ્ઞતાની પ્રાપ્તિને કારણે અસત્ય પ્રતિપાદનનો કોઇ વિષય જ નથી રહેતો. ક્યા વિષયમાં અસત્ય બોલે ? કારણ કે જગતના સર્વ વિષયોનું જ્ઞાન પરિપૂર્ણ રીતે થયું છે. કોઇ પણ વિષયનું જ્ઞાન અધુરૂ-અપૂર્ણ નથી, પછી શા માટે અસત્ય બોલે ? અસત્ય પ્રતિપાદનમાં અજ્ઞાન પણ પ્રબળ કારણ છે. સર્વજ્ઞ કેવલીમાં અજ્ઞાનની સર્વથા નિવૃત્તિ થઇ ચૂકી હોય છે. અજ્ઞાનનો અંશ પણ રહ્યો હોતો નથી, પછી અસત્ય કયા વિષયમાં બોલે ? તથા વીતરાગતા પ્રાપ્ત થવાને કારણે અસત્ય કયા કારણે બોલે? શા માટે બોલે ? એટલા માટે જે સર્વજ્ઞ સર્વદર્શી અને વીતરાગ છે એમના વચન ઉપર જ સંપૂર્ણ શ્રદ્ધા રાખવી એ સમ્યગ્દર્શન (શ્રદ્ધા) છે.

આથી સર્વજ્ઞોપદિષ્ટ તત્ત્વનું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે. આ નિર્વિવાદ સત્ય છે. એટલા માટે સાચું જ કહ્યું છે કે **"जं जं जिणेहिं पवेइयं।"** જે જે સર્વજ્ઞ અને વીતરાગ જિનેશ્વર ભગવંતોએ પ્રતિપાદિત કર્યું છે **"तमेव निःसंकं सच्चं"** એ જ શંકા વગર સત્ય છે -આવું માનવું અથવા સ્વીકારવું એ જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનયુક્ત જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એ જ સત્યજ્ઞાન કહેવાય છે.

### સર્વજ્ઞોપદિષ્ટ શ્રુત-'શાસ્ત્ર'

શાસ્ત્રજ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે, કેમ કે શ્રુતનો અર્થ છે સાંભળેલું. કોની પાસેથી સાંભળેલું ? આવો પ્રશ્ન જરૂર ઊભો થાય. શું તમારા અને મારા દ્વારા સાંભળેલું શાસ્ત્ર કહેવાશે ? ના. તો પછી શ્રુતનો અર્થ શાસ્ત્ર કેવી રીતે લેવાય ? જવાબ એ છે કે જેમને વીતરાગતા અને કેવળજ્ઞાન (અનંતજ્ઞાન) પ્રાપ્ત થઇ ચૂક્યું હોય એવા સર્વજ્ઞ ભગવાન પાસેથી સાંભળેલું કથન યા ઉપદેશ જ શ્રુતજ્ઞાન કહેવાય છે.

સર્વજ્ઞ કેવલી ભગવાન સમવસરણમાં બિરાજમાન થઇને અર્થ રૂપે જે ઉપદેશ આપે છે એને એમના પ્રમુખ શિષ્ય ગણધર ભગવાન સૂત્રરૂપે રચના કરે છે 'આવશ્યક નિર્યુક્તિ' માં કહ્યું છે કે :-

**अत्थं भासइ अरहा, सुत्तं गुंथंति गणहरा निउणा।**
**सासणस्स हियट्ठाए, तओ सुत्तं पवत्तए ॥**

એટલે કે અરિહંત ભગવાન અર્થથી દેશના આપે છે, અને નિપુણ એવા ગણધર ભગવંત એ દેશનાને સાંભળીને શાસનના હિતાર્થે અને સૂત્રબદ્ધ રૂપે ગૂંથે છે; **એ જ** શ્રુતજ્ઞાનના રૂપમાં પ્રવૃત્ત થાય છે. ગુરુ શિષ્યની પરંપરામાં એ શ્રુતજ્ઞાન દીર્ઘકાળ સુધી ચાલતું રહે છે. ગુરુ શિષ્યને કંઠસ્થ કરાવતા હતા અને શિષ્યો એ શ્રુતજ્ઞાનને મુખોદ્ગત રાખતા હતા.

શિષ્ય ગુરૂને પૂછતા હતા કે - ભગવાને શું બતાવ્યું છે ? અને ગુરૂ કહેતા હતા કે - ભગવાને આ રીતે બતાવ્યું છે.આગમોનું અવલોકન કરવાથી ઉપરોક્ત વાત સાચા અર્થમાં જોઇ શકાય છે. સુધર્માસ્વામી અને જંબૂસ્વામી બંને ગુરૂ શિષ્ય હતા. શિષ્ય જંબૂસ્વામી ગુરુદેવને પૂછે છે કે -**'तेणं भगवया किं अक्खायं ?'** એ ભગવાને શું કહ્યું છે ? સુધર્માસ્વામી પ્રત્યુત્તર આપે છે કે - **'तेणं भगवया एवं अक्खायं'** એ ભગવાને આ રીતે કહ્યું છે. આનાથી એ સ્પષ્ટ દેખાય છે કે સર્વજ્ઞ કેવલી ભગવાન પાસેથી જ સાંભળેલું જ્ઞાન ગુરૂ શિષ્યની પરંપરામાં ચાલતું આવે છે.

કેટલોક સમય પ્રબળ સ્મરણશક્તિના આધારે જ બધું જ્ઞાન-શ્રુતજ્ઞાન સ્મૃતિપટ ઉપર અંકિત રહ્યું, પરંતુ સ્મૃતિની ન્યૂનતા અધિકતાને કારણે કાલાન્તરે એ જ શ્રુતજ્ઞાન ગ્રંથરૂપે અંકિત થયું. ગ્રંથાકાર શ્રુતજ્ઞાનને જ શાસ્ત્ર નામ આપવામાં આવ્યું છે. આથી આજ આપણી પાસે જેટલાં શાસ્ત્રો છે, એ બધાં પર સર્વજ્ઞ કેવલજ્ઞાનીની મહોર લાગી છે. જેમ કોઇ નિર્મિત વસ્તુ ઉપર Made in India આદિ મહોર લાગે છે તેથી વસ્તુ ક્યાંની છે તેની ખબર પડે છે, એ જ રીતે શ્રુતજ્ઞાનનાં શાસ્ત્રો પર સર્વજ્ઞ કેવલી ભગવાનની મહોર લાગી છે તેથી શાસ્ત્રોનો મૂળ સ્ત્રોત સર્વજ્ઞ-કેવળજ્ઞાની ભગવાન છે. એટલા માટે શાસ્ત્ર યા શ્રુતજ્ઞાન સર્વજ્ઞોપદિષ્ટ કહેવામાં આવે છે.

### સર્વજ્ઞ સદશ - શ્રુતકેવલી

જેમ અનંત જ્ઞાનથી કેવળજ્ઞાની સર્વજ્ઞ કહેવાય છે, એ રીતે સમસ્ત શ્રુતજ્ઞાનનું સૂક્ષ્મ અવલોકન કરનારને શ્રુતકેવલી કહેવાય છે. સર્વજ્ઞ કેવલી ભગવાને પોતાના અનંતજ્ઞાનથી પદાર્થોનું જે સ્વરૂપ બતાવ્યું છે, એવું જ સ્વરૂપ શ્રુતકેવલી પોતાના શ્રુતજ્ઞાનને આધારે બતાવે છે. કારણ કે શ્રુતકેવલી પણ પરોક્ષ રીતે સર્વજ્ઞની વાતો જ કહે છે. સર્વજ્ઞ કેવલજ્ઞાની દ્વારા ઉપદિષ્ટ જે શ્રુતજ્ઞાન પરંપરામાં ચાલતું શ્રુતકેવલી પાસે આવ્યું છે. એ શ્રુતના આધારે શ્રુતકેવલી-કેવળજ્ઞાની જેવી જ પ્રરૂપણા કરી શકે છે. આ વિષયમાં શાસ્ત્રોમાં એક દષ્ટાંત આવ્યું છે.

એક વાર સ્વર્ગાધિપતિ ઇન્દ્ર મહારાજા મહાવિદેહ ક્ષેત્રમાં ગયા,ત્યાં સીમંધરસ્વામી ભગવાન સમવસરણમાં બિરાજમાન થઇને દેશના આપી રહ્યા હતા. ઇન્દ્રે પણ સમવસરણ માં બેસીને પ્રભુની દેશના સાંભળી. દેશના સમાપ્તિ પછી પ્રભુને પૂછીને નિગોદનું સૂક્ષ્મ સ્વરૂપ સ્પષ્ટ રૂપે સમજી લીધું. જિજ્ઞાસાપૂર્વક પ્રભુને પૂછયું કે- ''હે ભગવન્ ! જેવું આપે નિગોદનું સૂક્ષ્મતમ સ્વરૂપ મને બતાવ્યું છે, એવું જ શું અત્યારે ભરતક્ષેત્રમાં કોઇ સમજાવી શકે ? કારણ કે વર્તમાનમાં તો ભરત ક્ષેત્રમાં કોઇ કેવળજ્ઞાની નથી.''

ઉત્તરમાં ભગવાન સીમંધરસ્વામીજીએ ઇન્દ્રને કહ્યું - 'હે ઇન્દ્ર ! ભરતક્ષેત્રમાં વર્તમાનમાં આર્ય કાલકસૂરિ (કાલકાચાર્ય) શ્રુતજ્ઞાનના આધારે મારા જેવું જ નિગોદનું સ્વરૂપ સમજાવી શકશે.'' આ સાંભળીને ઇન્દ્ર મહારાજા એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ભરત ક્ષેત્રમાં આચાર્ય કાલકસૂરિની પાસે આવ્યા, પરીક્ષા કરવાના હેતુથી વૃદ્ધનું રૂપ લઇને લાકડીના સહારે ચાલતાં અને લાંબા શ્વાસ લઇને ઇન્દ્ર મહારાજા કાલકસૂરિની પાસે આવીને પૂછવા લાગ્યા કે :- 'હે કૃપાલુ ! હું અતિ વૃદ્ધ છું , દુઃખી પણ છું, એટલે આપ મારી હસ્તરેખા જોઇને બતાવો કે મારું આયુષ્ય કેટલું શેષ છે? મારી ઉપર કૃપા કરો. કારણ કે હું એકલો છું. મારા પુત્રોએ મને ઘરમાંથી કાઢી મુક્યો છે. એટલે હવે મને એમ લાગે છે કે મારું આયુષ્ય જલદી પૂર્ણ થઇ જાય તો સારું. આથી કૃપા કરીને બતાવો કે કેટલું આયુષ્ય બાકી છે ? કહો હે ભગવન્ ! શું પાંચેક વર્ષ કે દશ વર્ષ ?''

આ સાંભાળીને ગુરૂ મહારાજે કહ્યું - 'એનાથી વધારે'

ઇન્દ્રે પૂછયું - 'શું વીસ વર્ષ, યા પચાસ વર્ષ ?'

ગુરૂ મહારાજે કહ્યું - 'એનાથી વધારે, ઘણું વધારે.'

ઇન્દ્રે કહ્યું - 'ભગવન્ ! હું તો ઘણો વૃદ્ધ થઇ ગયો છું. હજુ કેટલું જીવવાનું બાકી છે ?'

આર્ય કાલકસૂરિએ કહ્યું - હે ઇન્દ્ર, વારંવાર શું પુછો છો ? તમે તો સ્વર્ગાધિપતિ ઇન્દ્ર છો, અને ૨ સાગરોપમમાં કંઇક ઓછું એટલું આયુષ્ય બાકી છે.

બસ, આટલું સાંભળીને ઇન્દ્ર મહારાજ સમજી ગયા કે મહારાજ જ્ઞાની છે; અને મને સાચા અર્થમાં જાણી ગયા છે. ઇન્દ્રે પોતાનું મૂળરૂપ ધારણ કરી લીધું. હાથ જોડીને ઇન્દ્રે કાલકસુરિજી મહારાજને નિગોદનું સૂક્ષ્મ સ્વરૂપ પૂછયું. ઉત્તરમાં તેમણે નિગોદનું સાચું અને શુદ્ધ સ્વરૂપ બતાવ્યું. આ સાંભળીને ઇન્દ્ર મહારાજે પ્રસન્ન થઇને કહ્યું કે- 'સીમંધર સ્વામિ ભગવાને કહેલી હકીકત સત્ય સાબિત થઇ,' બસ આટલું કહીને ઇન્દ્ર મહારાજ પોતાના સ્થાને ગયા.

આ છે શ્રુતકેવલીનું સ્વરૂપ. સાચી વાત છે કે શ્રુતજ્ઞાની અગાધ શ્રુતજ્ઞાનનું અવધારણ કરીને કેવળજ્ઞાની સર્વજ્ઞ જેવું સ્વરૂપ પ્રતિપાદિત કરી શકે છે. કેમ કે સર્વજ્ઞ દ્વારા જ ઉપદિષ્ટ શ્રુતજ્ઞાન પરંપરાની મૂડી રૂપમાં શ્રુતજ્ઞાનીને મળ્યું છે. સંપૂર્ણ શ્રુતજ્ઞાનનું મંથન કરીને શ્રુતજ્ઞાની, શ્રુતકેવલી બને છે કે જે કેવળજ્ઞાની ન હોવા છતાં પણ કેવલી

સદશ પ્રતિપાદન કરી શકે છે.

## શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ

શ્રુતજ્ઞાનની ઉપર આવેલાં કર્મનાં આવરણને શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ શ્રુતજ્ઞાનને ઢાંકી દે છે, જેથી શ્રુત-શાસ્ત્રનું જ્ઞાન અલ્પ પ્રમાણમાં રહે છે. જેનું જેટલું શ્રુતજ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં હશે, એટલું જ એને શ્રુત-શાસ્ત્રનું જ્ઞાન ઓછું હશે. બરાબર એ જ રીતે જેનો જેટલો શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધારે હશે, એટલું જ એને શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન વધારે થશે.

આથી શાસ્ત્ર જ્ઞાનની ન્યૂનાધિકતાનો આધાર શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ સાથે છે. ભૂતકાળના ઇતિહાસમાં એવા અનેક મહાપુરૂષોનાં નામ સ્વર્ણાક્ષરે અંકિત છે, કે જેને મહાન શ્રુતજ્ઞાની, શાસ્ત્રજ્ઞ અને મર્મજ્ઞ કહેવામાં આવતા હતા. મહાનજ્ઞાની ગીતાર્થ ગણવામાં આવતા હતા. ઉદા. ઉમાસ્વાતિજી મહારાજ, સિદ્ધસેન દિવાકરજી મહારાજ, હરિભદ્રસૂરિજી મહારાજ, હેમચંદ્રાચાર્યજી મહારાજ, વાદિદેવસૂરિજી મહારાજ આદિ અનેક મહાપુરૂષોનાં નામ ઇતિહાસમાં અમર છે. હેમચંદ્રાચાર્ય મહારાજ-તેમના અગાધ શાસ્ત્રજ્ઞાન ને આધારે 'કલિકાલ સર્વજ્ઞ' નામે પ્રસિદ્ધ છે. એટલે કે કલિકાળમાં પણ સર્વજ્ઞ તુલ્ય વિદ્વાન મનાય છે.

પાંચ જ્ઞાનોમાં બીજા ક્રમ ઉપર રહેલું આ શ્રુતજ્ઞાન પણ પોતાનું વૈશિષ્ઠ્ય ધરાવે છે, પરંતુ એના ઉપર આચ્છાદિત શ્રુતજ્ઞાનાવરણીય કર્મે એનું પ્રમાણ ઘટાડી દીધું છે. વિશેષ રૂપથી શ્રુતજ્ઞાન, જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણની આશાતનાથી ઉપાર્જિત કરેલ જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને ઢાંકી દે છે. પરિણામસ્વરૂપ પુસ્તક, ગ્રંથ અને શાસ્ત્રાદિનું જ્ઞાન વધતું નથી. એ માટે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અર્થાત નાશ કરવાનું લક્ષ્ય બનાવવું પડશે, અને એને માટે શ્રુતજ્ઞાનની ઉપાસના કરવી પડશે. શ્રુતજ્ઞાનની ઉપાસના માટે શ્રુતજ્ઞાનના બતાવેલા ૧૪ અથવા ૨૦ પ્રકારોનું આલંબન લેવું પડશે.

તીર્થંકર ભગવંતોને જન્મથી જ શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થયેલો હોય છે. આથી તેઓ તો જન્મથી જ શ્રુતજ્ઞાની હોય છે. મતિ-શ્રુત અને અવધિજ્ઞાન- ત્રણે પૂર્ણ રૂપે હોવાને કારણે તીર્થંકર ભગવાન જન્મથી જ ત્રણજ્ઞાનના સ્વામી કહેવાય છે. એટલા માટે તેમને બાલ્યાવસ્થાથી જ ભણવા વગેરેની આવશ્યકતા હોતી નથી. આજ આપણું શ્રુતજ્ઞાનાવરણીય કર્મ અધિક છે, અને શ્રુતજ્ઞાનનું પ્રમાણ અલ્પ છે, છતાં પણ શ્રુતજ્ઞાનની ઉપાસના પ્રત્યે પુરૂષાર્થનું પ્રમાણ ઓછું જ દેખાય છે. આથી શ્રુત-શાસ્ત્ર આદિનું જ્ઞાન વધારવાની ઇચ્છાવાળાને શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરવો એ જ એક માત્ર વિકલ્પ છે, અને એ જ્ઞાન-ધ્યાન સ્વાધ્યાયાદિ શ્રુતોપાસનાથી જ સંભવ છે. એને માટે જ્ઞાનાચારની ઉપાસના શાસ્ત્રોમાં બતાવવામાં આવી છે.

જેમ કોઇ રોગની કોઇક ઔષધી જ રોગ મટાડે છે. એ જ રીતે જ્ઞાનાચાર યુક્ત જ્ઞાનોપાસના રૂપી ઔષધિથી શ્રુતજ્ઞાનાવરણીય કર્મરૂપી રોગ મટે છે. શરીરમાં શક્તિની

જેમ આત્માનાં જ્ઞાનનો ખજાનો વધે છે; આથી જ્ઞાનાચાર અનુસારે જ્ઞાનોપાસના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અને ક્ષયોપશમ કરવા માટે ઔષધિતુલ્ય કાર્ય કરે છે.

કલ્પાતીત દેવલોકના અનુત્તર સ્વર્ગ અને સર્વાર્થસિદ્ધ વિમાન આદિના દેવતાઓ આયુષ્યભર શાસ્ત્રીય વિષયોના ચિંતન મનનમાં મગ્ન-તલ્લીન રહે છે. અદ્‌ભુત જ્ઞાનોપાસના કરે છે. વર્તમાનમાં જ્ઞાનોપાસનાને બદલે જ્ઞાનની આશાતના અને વિરાધનાનું પ્રમાણ વધુ દેખાય છે, જેના ફળરૂપે શાસ્ત્ર જ્ઞાનાદિની અલ્પતા પણ જણાય છે.

**અભયદેવસૂરિની શ્રુતોપાસના**

નવાંગી વૃત્તિકાર પ્રસિદ્ધ આચાર્યશ્રી અભયદેવસૂરિજી થઇ ગયા, જેમણે પોતાના આયુષ્યકાળમાં ૪૫ આગમોમાં જે મુખ્ય ૧૧ અંગસૂત્રો કહેવાય છે, એમાંથી ૯ અંગની વૃત્તિઓ બનાવી છે, આથી તે 'નવાંગી વૃત્તિકાર' કહેવાય છે. મૂળ અંગસૂત્રો જે અર્ધમાગધી ભાષામાં સારગર્ભિત સ્વરૂપમાં હતાં, તેમનો ભાવાર્થ સ્પષ્ટ કરવા માટે પૂજ્યશ્રીએ સંસ્કૃત ભાષામાં વિસ્તારથી ટીકા લખી છે, જેમાં કેટલાય પદાર્થોનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. તેમને લખવામાં સમય ઓછો પડતો હતો, એટલા માટે આચાર્યશ્રીએ પોતાના ભોજનકાળમાંથી સમય બચાવવા માટે આયંબિલની તપશ્ચર્યા શરૂ કરી. આયંબિલમાં એક જ સમયે રૂક્ષ અને નીરસ ભોજન કરવાથી બીજો ઘણો સમય બચી જતો હતો.

આ રીતે સમય બચાવીને એમણે ૯ અંગસૂત્રો પર સારગર્ભિત મહત્ત્વપૂર્ણ વૃત્તિઓ લખી. લખતાં લખતાં અંદાજે બાર વર્ષ વ્યતીત થઇ ગયાં. ધારાપ્રવાહ બદ્ધરૂપે તેઓ લખતા જ જતા હતા. એવા સમયમાં એમને અશાતાવેદનીય કર્મજન્ય રોગનો ઉદય થયો, છતાં પણ રોગની ચિંતા કર્યા વગર લખતા જ ગયા. ભાવિપેઢીના વિદ્વાનોને આ જ્ઞાન પ્રાપ્ત થાય એ માટે તેમણે શાસ્ત્રોની ઘણી મોટી સેવા કરી છે.

**વર્તમાન ૪૫ આગમશાસ્ત્ર**

| અંગસૂત્ર | | ઉપાંગસૂત્ર | | પયન્ના | | છેદસૂત્ર | મૂળસૂત્ર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | + | ૧૨ | + | ૧૦ | + | ૬ | + ૪ | + ૨ | = ૪૫ |

અનુયોગ દ્વાર તથા નંદિસૂત્ર

**अग्यार अंग उपांग बार दश पयन्ना जाणिये।**
**छ छेद ग्रंथ पसत्थ सत्था, मूल चार वखाणिये॥**
**अनुयोगद्वार उदार नंदिसूत्र जिनमत गाइये ।**
**वृत्ति चूर्णी भाष्य, पिस्तालीश आगम ध्याइये ॥**

આગમ એટલે પવિત્ર ધર્મશાસ્ત્ર-ગણધર ભગવંતો દ્વારા રચિત દ્વાદશાંગી અને ૧૪ પૂર્વ આદિમાંથી વર્તમાનમાં ૪૫ આગમો જ શેષ રહ્યાં છે. જેમની સંખ્યા ઉપર બતાવવામાં આવી છે. જો કે અંગસૂત્રોની સંખ્યા ૧૨ હતી પરંતુ કાલાન્તરમાં બારમા અંગસૂત્ર 'દષ્ટિવાદ' નો વિચ્છેદ થઇ જતાં વર્તમાનમાં અંગસૂત્રો ૧૧ જ પ્રસિદ્ધ અને પ્રચલિત છે. એમાં ભગવાન મહાવીરનો ઉપદેશ સંગૃહીત છે. આને જ જૈન શાસનમાં

જ્ઞાનનો અપૂર્વ ખજાનો ગણાય છે. ઇતિહાસમાં આ આગમો ઉપર અનેક વૃત્તિઓ, ચૂર્ણીઓ, ભાષ્યો અને ટીકાઓ લખાઇ છે. અનેક મહાપુરૂષોએ શાસ્ત્ર સેવાનું મહાન કાર્ય કર્યું છે. પૂ. શીલાંકાચાર્યે પ્રથમ બે અંગસૂત્રો- 'આચારાંગ' અને 'સૂત્રકૃતાંગ' પર ટીકાઓ લખી છે. તથા શેષ ૯ અંગો ઉપરની ટીકાઓ લખવાનો શ્રેય પૂ. અભયદેવસૂરિજી મહારાજને ફાળે જાય છે.

આ રીતે આ શ્રુતજ્ઞાન યા શાસ્ત્રજ્ઞાન એક અગાધ સાગર છે. જે રીતે એક મહાસાગરની સીમાનો કોઇ છેડો નથી, એ રીતે શ્રુતશાસ્ત્રરૂપી સાગરનો પણ કોઇ અંત નથી. જેમ મરજીવાઓ સમુદ્રમાં ડૂબકી મારીને મોતી પ્રાપ્ત કરી શકે છે, એવી જ રીતે અગાધ શ્રુતસાગરમાં ચિંતનની ડૂબકીઓ લગાવીને મહાપુરૂષોએ તત્ત્વ રૂપી રત્નો કાઢયાં છે. એ વાતનું પ્રમાણ પ્રત્યેક થોયની ત્રીજી સ્તુતિ જે આગમ અને શ્રુતશાસ્ત્ર જ્ઞાનના વિષયમાં કરવામાં આવે છે, એનાથી ખબર પડે છે - ઉદાહરણ તરીકે -


**(१) 'कल्लाणं कंदं'** નામની સ્તુતિમાં ત્રીજી **" निव्वाण मग्गे वरजाण कप्पं।"**

**(२) 'संसारदावा'**ની સ્તુતિમાં ત્રીજી સ્તુતિ**'बोधगाधं सुपदपदवी नीरपूराभिरामं'** - આમાં શ્રુતજ્ઞાનની એક અગાધ સાગર સાથે તુલના કરવામાં આવી છે. જેને માટે **'सारंवीरा गमजल निधिं'** ઇત્યાદિ શબ્દ પ્રયોગો કર્યા છે.

**(३) 'स्नातस्या'** ની પ્રસિદ્ધ સ્તુતિમાં ત્રીજી સ્તુતિ- **'अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशांगं विशालं'** સ્તુતિમાં અરિહંત ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી અને ગણધર ભગવંતો દ્વારા જે ગૂંથવામાં આવી છે, એ દ્વાદશાંગી આગમ **કહેવાય** છે. આ રીતે અનેક **થોયના જોડા જોવાથી** પ્રત્યેકની ત્રીજી સ્તુતિ સદાય **આગમ-શ્રુત**-શાસ્ત્ર સંબંધી છે, જેમાં શ્રુતજ્ઞાનની પ્રશસ્તિ મળશે.

## પ્રમાણનું સ્વરૂપ

પ્રમાણશાસ્ત્રમાં કેટલાંય પ્રમાણોનો વિચાર કરવામાં આવ્યો **છે. જેનું સંક્ષિપ્ત** સ્વરૂપ નીચેની તાલિકા દ્વારા બતાવ્યું છે :-




જ્ઞાનોત્પત્તિની પ્રક્રિયામાં પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રકારનાં જ્ઞાન હોય છે, આથી બંનેને પ્રમાણરૂપ ગણવામાં આવે છે. ઉપરની તાલિકામાં કરેલ નિર્દેશાનુસાર પ્રમાણના પ્રત્યક્ષ

અને પરોક્ષ બે ભેદ પડે છે. પ્રત્યક્ષના સાંવ્યવહારિક અને પારમાર્થિક બે ભેદ છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થાય છે. આથી સાંવ્યવહારિક પ્રત્યક્ષના સૈન્દ્રિયપ્રત્યક્ષ અને અતીન્દ્રિયપ્રત્યક્ષ એ બે ભેદ બને છે.પાંચે ઇન્દ્રિયો અને છઠ્ઠું અતીન્દ્રિય મન-આ છથી આ બે પ્રત્યક્ષ હોય છે. આ બંનેનું જ્ઞાન (૧) અવગ્રહ (૨) ઇહા (૩) અપાય અને (૪) ધારણા આ ચાર ભેદથી થાય છે.

આ ચારોથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન થાય છે (જેનું વિવેચન પહેલાં કરવામાં આવ્યું છે); આથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સાંવ્યવહારિક સૈન્દ્રિયપ્રત્યક્ષ અને અતીન્દ્રિય પ્રત્યક્ષથી ઉત્પન્ન થાય છે. પ્રત્યક્ષનો બીજો ભેદ પારમાર્થિક પ્રત્યક્ષ જે છે એને જ આત્મપ્રત્યક્ષ યા નોઇન્દ્રિય પ્રત્યક્ષ પણ કહેવાય છે. કારણ કે એ કોઇપણ ઇન્દ્રિયની મદદ વગર, સીધું આત્માથી થાય છે, અને પરમાર્થને જાણે છે એથી પારમાર્થિક પ્રત્યક્ષ યા તો આત્મપ્રત્યક્ષ કહેવામાં આવે છે.

પારમાર્થિક પ્રત્યક્ષ ક્ષાયોપશમિક અને ક્ષાયિકના ભેદથી બે પ્રકારનું હોય છે. આત્માની ઉપર જે કર્મોનું આવરણ છે, એમનો જેટલા અંશે ક્ષયોપશમ અને ક્ષય થશે, એટલે અંશે પારમાર્થિક જ્ઞાન પ્રકટ થશે. તે તે જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થશે ત્યારે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન થશે.આથી ક્ષાયોપશમિક પારમાર્થિક પ્રત્યક્ષના (૧) અવધિજ્ઞાન અને (૨) મનઃપર્યવ એ બે ભેદ કહેવાય છે. આ બંને જ્ઞાન કોઇ પણ ઇન્દ્રિયની મદદ વગર સીધાં આત્મા દ્વારા-આત્માને થાય છે. અવધિજ્ઞાનથી આત્મા સીધો જ દૂરસ્થ તથા સમીપસ્થરૂપી પદાર્થોનો સાક્ષાત્કાર કરે છે; એ રીતે મનઃપર્યવજ્ઞાનથી મનવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવો અથવા વિચારોને સીધા જ જાણી શકે છે. પારમાર્થિક ક્ષાયિક પ્રત્યક્ષ સર્વથા ઘાતી કર્મોના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થાય છે. આથી એને પૂર્ણજ્ઞાન યા કેવળજ્ઞાન કહેવાય છે; એને જ અનંતજ્ઞાન પણ કહેવાય છે. કેવળાજ્ઞાનથી સંપૂર્ણ લોકાલોકના અનંત પદાર્થોનું અને એમના અનેક ગુણો અને પર્યાયોનું પણ એક સાથે જ્ઞાન થાય છે. આ પારમાર્થિક પ્રત્યક્ષના ક્ષાયિક કેવળજ્ઞાનનું સ્વરૂપ થયું. કોઇ પણ ઇન્દ્રિયની મદદ વગર સીધો જ આત્મા કેવળજ્ઞાન દ્વારા સમસ્ત બ્રહ્માંડના અનંત દ્રવ્ય-ગુણ પર્યાયોનું એકી સાથે પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

## પરોક્ષજ્ઞાનનું સ્વરૂપ

ઉપરોક્ત તાલિકામાં બતાવ્યા પ્રમાણે પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ થાય છે. **'परोक्षं च स्मृतिप्रत्यभिज्ञानोहानुमानागमभेदात् पंच प्रकारम् ।'** અર્થાત્ (૧) સ્મૃતિ (૨) પ્રત્યભિજ્ઞાન (૩) ઊહ (તર્ક) (૪) અનુમાન (૫) આગમ (શબ્દપ્રમાણ) આદિ પાંચ ભેદ પરોક્ષ પ્રમાણના હોય છે.

### (૧) સ્મૃતિ (સ્મરણ) પ્રમાણ

**'तत्र संस्कार प्रबोधसंभूतमनुभूतार्थ विषयं तदित्याकारं वेदनं स्मृतिः।'** સંસ્કારથી ઉત્પન્ન અનુભવ કરેલા પદાર્થોમાં 'એ છે' એ પ્રકારનું સ્મરણ થાય

તે સ્મૃતિ કહેવાય છે. ઉદા. આ જિન પ્રતિમા છે.

**(૨) પ્રત્યભિજ્ઞાન પ્રમાણ**

**'अनुभवस्मृतिहेतुकं तिर्यगूर्ध्वता सामान्यादिगोचरं संकलनात्मकं ज्ञानं प्रत्यक्षाभिज्ञानं यथा तद् जातीय एवायं गोपिण्डः, गोसदृशो गवयः, स एवायं जिनदत्त इत्यादि ।'** વર્તમાનમાં કોઇ વસ્તુનો અનુભવ કર્યાથી અને ભૂતકાળમાં દેખેલા પદાર્થનું સ્મરણ થવાથી તિર્યગ્ સામાન્ય (વર્તમાન કાલવર્તી એક જાતિના પદાર્થોમાં રહેનાર સામાન્ય) અને ઊર્ધ્વતા સામાન્ય (એક જ પદાર્થના ક્રમવર્તી સંપૂર્ણ પર્યાયોમાં રહેનાર સામાન્ય) આદિને જાણનાર સંકલનાત્મક જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. ઉદાહરણ આપ્યું છે: (૧) આ ગોપિંડ એ જાતિનો છે (૨) આ ગવય ગાય સમાન છે (૩) આ એ જ જિનદત્ત છે. ઉપમાન પ્રમાણનો જૈન તાર્કિકોએ આ પ્રત્યભિજ્ઞાન પ્રમાણમાં સમાવેશ કર્યો છે, આથી ઉપમાનને અલગથી સ્વતંત્ર પ્રમાણ માન્યું નથી. પરંતુ પ્રત્યભિજ્ઞાનને જ પ્રમાણ માન્યું છે.

**(૩) ઊહ (તર્ક) પ્રમાણ**

**उपलम्भानुपलम्भ संभवं त्रिकालिककलित साध्य साधन संबंधाद्यालम्बनमिदमस्मिन् सत्येव भवतीत्याद्याकारं संवेदनमूहस्तर्कापर-पर्यायः। यथा यावत् कश्चिद् धूमः। स सर्वो वह्नी सत्येन भवतीति तस्मिन्न सति, असौ न भवत्येवेति वा।** ઉપલંભ અને અનુપલંભથી ઉત્પન્ન, ત્રિકાલ કલિત, સાધ્ય સાધનના સંબંધ આદિથી થનાર-'એના હોવાથી આ થાય છે.' એ પ્રકારના જ્ઞાનને ઊહ અથવા તર્કના નામથી પ્રમાણરૂપ માનવામાં આવે છે. ઉદા. (૧) અગ્નિ હોવાથી જ ધુમાડો થાય છે, અગ્નિ ન હોવાથી ધુમાડો થતો નથી.

**(૪) અનુમાન પ્રમાણ**

**अनुमानं द्विधा स्वार्थं परार्थं च । तान्यथानुपपत्येकलक्षणहेतुग्रहण-संबंध स्मरणकारणकं साध्यविज्ञानं स्वार्थम् । पक्षहेतुवचनात्मकं परार्थमनुमानमुपचारात् ।**

**અનુમાન પ્રમાણ**

| સ્વાર્થાનુમાન | પરાર્થાનુમાન |
| --- | --- |

**સ્વાર્થાનુમાન**

અન્યથાનુપપત્તિ રૂપ હેતુ ગ્રહણ કરવાના સંબંધના સ્મરણપૂર્વક સાધનના જ્ઞાનને સ્વાર્થાનુમાન કહે છે.

**પરાર્થાનુમાન**

પક્ષ અને હેતુ કહીને બીજાને સાધ્યનું જ્ઞાન કરાવવાને પરાર્થાનુમાન કહે છે.

પરાર્થાનુમાનને ઉપચારથી અનુમાન કહ્યું છે.

**(૫) આગમ (શબ્દ) પ્રમાણ**

आप्तवचनाद् आविर्भूतमर्थसंवेदनमागमः। 'उपचारादाप्तवचनं च' इति।

આપ્તનાં વચનથી પદાર્થોનું જે જ્ઞાન થાય છે એને આગમ યા શબ્દ પ્રમાણ કહેવાય છે. **'आप्तस्तु यथार्थवक्ता'** યથાર્થ બોલનારને જ આપ્ત પુરૂષ કહેવાય છે. લૌકિક અને લોકોત્તરના ભેદથી આપ્ત પુરૂષના બે પ્રકારો છે. સર્વજ્ઞ લોકોત્તર આપ્તપુરૂષનાં વચનોને આગમ કહે છે. આગમ પ્રમાણથી અનેક પદાર્થોનું જ્ઞાન થાય છે. આ રીતે જૈન દાર્શનિકોએ સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, ઊહ, અનુમાન, અને આગમ પ્રમુખ પરોક્ષ પ્રમાણના પાંચ પ્રકારો દર્શાવ્યા છે. અન્ય ઉપમાન, અર્થાપત્તિ પાંચમાં જ સમાવેશ થાય છે, એથી એમને અલગ રીતે સ્વતંત્ર રૂપે ગણવાની જરૂર નથી. સંનિકર્ષ આદિને જડ હોવાને કારણે પ્રમાણ કહેવામાં આવતું નથી.

આ રીતે આ જ્ઞાનોત્પત્તિ પ્રક્રિયામાં પ્રમાણનાં સ્વરૂપોનું વિવેચન કરવામાં આવ્યું. આગમના આધારે જ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, લોક-પરલોક, સ્વર્ગ-નરક તથા મોક્ષાદિ તત્ત્વોનું સ્વરૂપ સાચા અર્થમાં યથાર્થ રૂપથી જાણી શકીએ છીએ.

**સ્વસંવેદ્ય જ્ઞાન**

જ્ઞાન સ્વસંવેદ્ય કહેવામાં આવે છે. સંવેદ્ય એટલે અનુભૂતિ, જ્ઞાનની આપણી અનુભૂતિ અર્થાત્ સંવેદન સ્વતઃ જ થાય છે, નહીં કે સ્વ ઇતર સંવેદ્ય. જે રીતે એક દીપક ને જોવા માટે બીજા દીપકની આવશ્યકતા નથી, એ જ રીતે એક જ્ઞાન માટે બીજા જ્ઞાનની અર્થાત્ સ્વ ઇતર-પોતાનાથી ભિન્ન જ્ઞાનની આવશ્યકતા નથી હોતી. ભિન્ન જ્ઞાનની અપેક્ષા માનનાર ભિન્ન દર્શન છે, પરંતુ જૈન દર્શન જ્ઞાનને સ્વસંવેદ્ય જ માને છે.

આ વિષયમાં ગ્રીક દાર્શનિક પ્લેટો (Plato) નો મત છે કે :- **Knowledge is nothing but it is intutional** - અર્થાત જ્ઞાન બહારથી નથી આવતું પરંતુ અંદર થી જ (આત્મામાંથી જ) ઉદ્ભવે છે. જ્ઞાન આત્માની જ નીપજ છે. જ્ઞાન આત્માનું ઝરણું છે. જ્ઞાનનું મૂળ ઉદ્ગમસ્થાન આત્મા જ છે. જ્ઞાન અને આત્મા ગુણ-ગુણી ભાવથી અભેદ સ્વરૂપ છે. જ્ઞાન ગુણ છે અને આત્મા દ્રવ્ય છે. દ્રવ્ય અર્થાત્ ગુણી છે. ગુણ - ગુણીમાં અભેદ સંબંધ છે માટે **ज्ञानाधिकरणमात्मा** ન કહેતા જૈન દર્શને **'ज्ञानमयो एवायमात्मा'** અર્થાત્ આત્મા જ્ઞાનમય છે એમ કહ્યું છે. જો જ્ઞાનનું અધિકરણ આત્માને માનીએ તો ભેદ સંબંધ આવે છે. જ્યારે અહીં અભેદ સંબંધ છે. આ અભેદભાવ દેખાડવા માટે **'ज्ञानमयो एवायमात्मा'** કહ્યું છે. આ જ વાક્ય અભેદભાવ દેખાડે છે. આથી આત્મા જ્ઞાનમય જ છે, જ્ઞાનથી ભિન્ન નથી. જેમ સૂર્યથી સૂર્યનાં કિરણો ભિન્ન નથી, તથા દીપકથી દીપકનો પ્રકાશ પણ ભિન્ન નથી એ રીતે જ આત્માથી જ્ઞાન ભિન્ન નથી. આ અભિન્નતા અને અભેદ દેખાડવા માટે જ્ઞાનમય જ આત્મા ગણાયો છે. એટલે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આથી આત્માનું જ્ઞાન સ્વસંવેદ્ય જ છે. સ્વેતર સંવેદ્ય નથી.

## અવધિજ્ઞાનાવરણીય કર્મ અને અવધિજ્ઞાન

પ્રત્યક્ષ અને પારમાર્થિક ભેદમાં જે નોઇન્દ્રિયપ્રત્યક્ષ અર્થાત્ આત્મપ્રત્યક્ષની વાત કરવામાં આવી છે એમાં ક્ષાયોપશમિક પારમાર્થિક પ્રત્યક્ષના ભેદમાં અવધિજ્ઞાન ગણી લેવામાં આવ્યું છે. અહીં અવધિ શબ્દથી ક્ષેત્રીય મર્યાદા લેવામાં આવી છે. સમસ્ત બ્રહ્માંડનું ક્ષેત્ર અનંત અમર્યાદિત છે. એના સીમિત ક્ષેત્રની કેટલાક-કોઇક નિશ્ચિત મર્યાદા સુધી થનાર જ્ઞાનને અવધિજ્ઞાન કહેવામાં આવ્યું છે.

એનો અર્થ એ છે કે લોક પરિમિત ક્ષેત્રના સ્વર્ગ,નરક આદિ લોકના સીમિત ક્ષેત્રની મર્યાદા યા અવધિ સુધીના રૂપી પુદ્ગલ પદાર્થોનો સાક્ષાત્કાર થવો એ અવધિજ્ઞાનનું સ્વરૂપ છે. આ જ્ઞાન આત્મપ્રત્યક્ષ અર્થાત્ કોઇ ઇન્દ્રિયોની મદદ લીધા સિવાય, સીધું આત્માને થાય છે. આથી અવધિજ્ઞાનમાં ઇન્દ્રિયોની જરૂર પડતી નથી. ત્યાંના એટલે કે તે તે ક્ષેત્રની સીમામાં પડેલા રૂપી પુદ્ગલ પદાર્થોને અવધિજ્ઞાની પોતાના સ્થાન ઉપર રહીને જ પ્રત્યક્ષ રૂપે જોઇ શકે છે. પૂર્વે અવધિજ્ઞાનના સ્વરૂપ અને ભેદો અંગે વર્ણન કરવામાં આવ્યું છે, તેથી અહીં પુનરાવૃત્તિ નથી કરવી.

**અવધિજ્ઞાનાવરણના, ક્ષયથી થયા ચિદ્રૂપ,**
**તે આવરણ દહન ભણી, ઊર્ધ્વ ગતિ રૂપ ધૂપ.**

શુભવીરવિજયજી મહારાજે ચોસઠ પ્રકારી પૂજાની ચોથી ઢાળમાં ઉપરનો દુહો અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી જે ચિદ્રૂપ થઇ ચૂક્યા છે એમની ધૂપ પૂજા રૂપી ભક્તિ કરતાં આપણે પણ અવધિજ્ઞાનના આવરણનો ક્ષય કરી શકીએ એ ભાવ વર્ણવ્યો છે.

મુખ્યરૂપે અવધિજ્ઞાનના ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એ બે ભેદ પાડવામાં આવ્યા છે. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન સ્વર્ગસ્થ દેવતાઓને અને નરકના નારકી જીવોને જન્મથી જ હોય છે. જે રીતે પક્ષીઓને જન્મથી જ ઊડવાનો સ્વભાવ હોય છે, એ રીતે જ સ્વર્ગના દેવોને અને નારકી જીવોને જન્મથી જ અવધિજ્ઞાન હોય છે. ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાન જન્મથી નથી હોતું. એ મનુષ્ય અને પશુ પક્ષીઓને જ થાય છે. આથી ગુણપ્રત્યયિક અવધિજ્ઞાનના અધિકારી મનુષ્યો અને તિર્યંચોને જ ગણવામાં આવ્યાં છે. ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે. સંસારી આત્માના પ્રત્યેક ગુણ ઉપર કર્મનાં આવરણ હોય છે. પાંચે પ્રકારનાં જ્ઞાન આત્માના જ્ઞાનગુણની અંતર્ગત છે. આથી આ પાંચેય જ્ઞાન ઉપર કર્મનાં આવરણો પણ લાગેલાં હોય છે. અવધિજ્ઞાનના આવરક કર્મને અવધિજ્ઞાનાવરણીય કર્મ કહેવામાં આવે છે. જેમ વાદળોના હઠવાથી સૂર્ય દેખાય છે, એ જ રીતે જે તે કર્મોરૂપી વાદળોના હઠી જવાથી અર્થાત્ ક્ષય અને ક્ષયોપશમથી તે તે પ્રકારના ઢંકાયેલા ગુણો પ્રગટ થાય છે.

અહીં અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ અવધિજ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. 'વિશેષાવશ્યક ભાષ્ય' ના ૫૭૫ મા શ્લોકમાં આ બતાવવામાં આવ્યું છે કે :-

**उदयक्खयक्खओवसमो-वसमा जं च कम्मणो भणिया।**
**दव्वं-खित्तं-कालं-भवं च भावं च संपप्प ॥**

કર્મના જે ઉદય-ક્ષય-ક્ષયોપશમ અને ઉપશમ કહેવામાં આવ્યા છે; તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ આ પાંચના નિમિત્તને પામીને થાય છે. 'નંદિસૂત્ર' માં કહ્યું છે કે :- **कोह हेऊ खायोवसमियं ? खायोवसमियं तयावरणिज्जाणं कम्माणं उदिण्णाणं खएणं अणदिण्णाणं उवसमेणं ओहिणाणं समुप्पज्जत्ति। अहवा गुणपडिवण्णस्स अणगारस्स ओहिणाणं समुप्पज्जत्ति ॥**

અવધિજ્ઞાનને ક્ષાયોપશમિક પારમાર્થિક ભેદ ગણવામાં આવ્યું છે. ક્યા કારણે ક્ષાયોપશમિકમાં ગણ્યા છે ? એના ઉત્તરમાં કહે છે કે તદાવરણીય અર્થાત્ અવધિ જ્ઞાનાવરણીય કર્મના ઉદયાવલિકામાં પ્રાપ્ત કર્મપુદ્ગલ પરમાણુઓના ક્ષયથી અને અનુદીર્ણ અર્થાત્ ઉદયમાં ન આવેલાં કર્મનું ઉપશમન કરવાથી અર્થાત્ ક્ષયોપશમ ભાવથી અવધિજ્ઞાન પ્રગટ થાય છે. તથા તપ આદિ ગુણ વિશેષથી કર્મનો ક્ષય થવાને કારણે આ ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાન કહેવામાં આવે છે. "**संखाईयाओ खलु ओहिण्णास्स।** "ભાષ્યના આધારે જો કે અવધિજ્ઞાનના સંખ્યાતીત ભેદ બતાવવામાં આવ્યા છે, પરંતુ મુખ્ય રૂપે તો ૬ ભેદ પ્રચલિત છે.

**अणुगामि-वड्ढमाणीय, पडीवाईयर-विहा छहा ओही।**

(૧) અનુગામી (૨) અનનુગામી (૩) વર્ધમાન (૪) હીયમાન (૫) પ્રતિપાતિ (૬) અપ્રતિપાતિ આ રીતે આ છ મુખ્ય ભેદ ગણ્યા છે. અનુગામીના પણ (૧) અનંતગત (૨) મધ્યગત આ બે ભેદ પડે છે.

જે રીતે અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે એ રીતે અવધિજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અવધિજ્ઞાન આચ્છાદિત પણ થાય છે. તેવા પ્રકારની અશુભ પ્રવૃત્તિથી આ ગુણ નષ્ટ પણ થઇ જાય છે. શાસ્ત્રમાં એક એવો પ્રસંગ પણ આવે છે કે - એક મુનિ મહાત્મા પોતાની પ્રતિલેખનની ક્રિયા (પડિલેહણ) કરીને કાજો (કચરો) કાઢી રહ્યા હતા. એ કાજાને એકત્ર કરીને ફેંક્યા (પરઠવ્યા) પછી ઇરિયાવહીની ક્રિયા કરતી વખતે ભાવની વિશુદ્ધિથી અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન પ્રગટ થયું. મહાત્મા અવધિજ્ઞાની બન્યા. અવધિજ્ઞાન ઉત્પન્ન થતાં જ, કોઇ ઇન્દ્રિયની મદદ વગર સ્વર્ગ-નરક એમને દેખાવા લાગ્યાં. ઊર્ધ્વક્ષેત્રના દેવલોકનું પહેલું સ્વર્ગ દેખાયું.

મહાત્માએ જોયું કે પ્રથમ સ્વર્ગાધિપતિ સૌધર્મેન્દ્ર પોતાની પ્રિયતમા ઇન્દ્રાણી કંઈક નારાજ હતી. તેથી અતિ દીન ભાવથી વિનંતી કરીને મનાવી રહ્યો હતો. સૌધર્મેન્દ્રને આમ વિનંતી કરતો જોઇને મુનિ મહાત્માને ક્ષણભર માટે તો હસવું આવી ગયું. કાયોત્સર્ગમાં ઊભા ઊભા મહાત્મા હસવા લાગ્યા. આ હસવાનું પરિણામ એ આવ્યું કે હાસ્ય મોહનીય કર્મ વિશેષને કારણે મહાત્માનું અવધિજ્ઞાન ચાલ્યું ગયું. એટલે નષ્ટ થઇ ગયું. ફરીથી

અવધિજ્ઞાનાવરણીય કર્મનો ઉદય થઇ ગયો. એનાથી એ સમજાય છે કે કોઇ કર્મના કોઇ રીતના ક્ષયોપશમથી જ્ઞાન પ્રકટ થાય છે અને કેવી રીતે કર્મના ઉદયથી જ્ઞાન નષ્ટ થાય છે!

## આનંદ શ્રાવકને અવધિજ્ઞાન

**ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર,**
**વન્દના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર.**

વિજય લક્ષ્મીસૂરિ મહારાજે જ્ઞાનપંચમીના દેવવંદનમાં પાંચેય જ્ઞાનોનું સ્વરૂપ વર્ણવતાં અવધિજ્ઞાનીને નમસ્કાર કરતાં લખ્યું છે કે-અવધિજ્ઞાનનો અવિકારી ગુણ જે કોઇને પ્રાપ્ત થયો હોય એ અવધિજ્ઞાની મહાત્માને મારી એક શ્વાસમાં સો વાર વંદના. આવું અવધિજ્ઞાન ભૂતકાળમાં અનંત આત્માઓને પ્રાપ્ત થઇ ચૂક્યું છે.

આગમોના ૧૧ અંગસૂત્રોમાં સાતમાં અંગસૂત્ર 'ઉપાસકદશાંગ સૂત્ર' માં ભગવાન મહાવીર પ્રભુના પરમ ઉપાસક એવા દશ શ્રેષ્ઠ શ્રાવકોનું વર્ણન છે. તેમાં આનંદ શ્રાવકનું સૌથી પ્રથમ વર્ણન છે. ગૃહસ્થ, સંસારી આનંદ વેપારીએ મહાવીર પ્રભુની પાસે દેશવિરતિ ધર્મયોગ્ય શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યાં. પ્રતિવર્ષ વ્રતોની મર્યાદામાં સંક્ષિપ્તીકરણ કરતાં કરતાં આનંદ શ્રાવક સર્વથા નિષ્પરિગ્રહી થઇ ગયો હતો અને ભાત નુ ઓસામણ વગેરે જ લેતો હતો.

આ રીતે 'ઉપાસકદશાંગ સૂત્ર' આગમમાં આનંદ શ્રાવકના ત્યાગ તપનું અનુપમ વર્ણન કરવામાં આવ્યું છે. ૧૪ વર્ષની અનુપમ સાધના કરતાં કરતાં આનંદ શ્રાવકે અંતે સંથારો લઇને માત્ર પગ ફેલાવી શકે-લાંબા કરી શકે એટલી જ ભૂમિ સંથારો કરીને અનશન કરી લીધું હતું. આવા પરમોપાસક આનંદ શ્રાવકને ભાવ વિશુદ્ધિના કારણે અવધિ જ્ઞાનાવરણીય અને અવધિદર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી અવધિજ્ઞાન અને અવધિદર્શન પ્રાપ્ત થયાં.

આવું જ્ઞાન થતાં જ આનંદ શ્રાવકને ઘણાં વિશાળ ક્ષેત્રો સુધી સ્પષ્ટ દેખાવા લાગ્યું. અવધિજ્ઞાનથી અવધિજ્ઞાની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ક્યાં સુધી કેટલું જાણી શકે એ વિષયમાં વિસ્તૃત વર્ણન 'નંદિસૂત્ર'માં તથા 'વિશેષાવશ્યક ભાષ્ય' માં કરવામાં આવ્યું છે. આનંદ શ્રાવકને આ અવધિજ્ઞાન-અવધિદર્શનથી અનેક દ્વીપ-સમુદ્રાદિ દેખાવા લાગ્યાં. યોગાનુયોગ એવા સમયે વીર પ્રભુના આદ્ય ગણધર અનંત લબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામી ઘરે પધાર્યા. આનંદ શ્રાવકે ભાવ ભરી વંદના કરતાં વિનંતી કરી કે "હે ભગવાન ! સંસ્તારક (સંથારા)થી બહારની ભૂમિનો મેં ત્યાગ કર્યો હોવાથી હું બહાર પગ મૂકવા ઇચ્છતો નથી. આથી હે કૃપાળુ ! આપ નજીક પધારો, જેથી હું આપના ચરણસ્પર્શી શકું" ગૌતમ સ્વામી પધાર્યા અને આનંદ શ્રાવકે ભાવપૂર્વક નિવેદન કર્યું કે હે કૃપાળુ ! આપની અસીમ કૃપાથી મને અવધિજ્ઞાન- અવધિદર્શન પ્રાપ્ત થયું છે; અને ઉપર દેવલોક અને અધોલોક અને તિરછી દિશાઓમાં આટલું આટલું દેખાય છે."

આ સાંભળીને ગૌતમ સ્વામીએ કહ્યું :-'હે આનંદ ! ગૃહાવસ્થામાં શ્રાવકને

આટલી સુદીર્ઘ અવધિ સુધીનું અવધિજ્ઞાન ન હોઇ શકે,આથી મૃષાવચનનું **'मिच्छा मि दुक्कडं'** આપો.'

**આનંદ શ્રાવક** :- ''હે કૃપાનાથ ! શું ભગવાન મહાવીરના શાસન માં સત્યવચનનું પણ મિચ્છામિ દુક્કડં આપવામાં આવે છે?''

**ગૌતમ સ્વામી** :- ''ના,ના. મૃષાવચનનું જ આપવામાં આવે છે.

**આનંદ શ્રાવક** :-''હે કૃપાળુ ! તો પછી મિચ્છામિ દુક્કડં મારે દેવું જોઇએ કે આપે ?'

**ગૌતમ સ્વામી** :-''આનંદ ! આ વિષયમાં હું સમવસરણમાં જઇને પ્રભુને પૂછી લઉં છું'' આટલું કહીને ગૌતમ સ્વામી સમવસરણમાં ગયા, પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક વંદના કરીને નિવેદન કર્યું કે-''હે ભવોદધિ તારક ! મિચ્છામિ દુક્કડમ્ મારે આપવું જોઇએ કે આનંદે ?''

## અવધિજ્ઞાન આનંદને, મિચ્છામિ દુક્કડં ગૌતમને !

પરમ કરૂણાના સાગર શ્રી મહાવીર પ્રભુએ કહ્યું કે 'હે ગૌતમ ! મિચ્છામિ દુક્કડં તારે દેવું જોઇએ. અત્યંત સરળ સ્વભાવી વિનમ્ર અને નવનીત જેવા કોમળ હૃદયવાળા ગૌતમ સ્વામી મધ્યાહ્નનો તેજ તાપ હોવા છતાં પણ આહાર પાણી (ગોચરી) એક તરફ મૂકીને સીધા જ આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડં દેવા ગયા.

'હે શ્રાવક શ્રેષ્ઠ ! ભૂલ મારી છે એટલા માટે હું મિચ્છામિ દુક્કડં આપવા સાથે ક્ષમાયાચના કરું છું. તમારું કહેવું સાચું છે. તમને થયેલા અવધિજ્ઞાન-અવધિદર્શન સાચાં છે.'

કેટલી અગાધ સરળતા હતી ? કેટલી મહાન પાપભિરૂતા હતી ! દોષશુદ્ધિની કેટલી તત્પરતા હતી ?ધન્ય મહામુનિ લબ્ધિનિધાન ગૌતમસ્વામીને. આ રીતે ગુહસ્થાશ્રમી અવસ્થામાં શ્રાવક કક્ષામાં પણ ભાવવિશુદ્ધિ અને ક્ષયોપમશમના આધારે અવધિજ્ઞાન-અવધિદર્શન પ્રાપ્ત થાય છે.

## મન:પર્યવજ્ઞાન

પાંચ પ્રકારના જ્ઞાનમાં ચાર જ્ઞાન શ્રાવકાવસ્થામાં પ્રાપ્ત થવા સુલભ છે. પરંતુ ચોથું મન:પર્યવજ્ઞાન શ્રાવકની કક્ષામાં, સંસારી અવસ્થામાં કદાપિ થતું નથી. આ જ્ઞાન માત્ર સંસારના ત્યાગી, વિરક્ત વૈરાગી-છટ્ઠા સાતમા ગુણસ્થાનના સ્વામી સાધુ મહાત્માઓને જ થાય છે.

**શ્રી મન: પર્યવ જ્ઞાન છે, ગુણ પ્રત્યયી એ જાણો,**
**અપ્રમાદિ ઋદ્ધિવંતને, હોય સંયમ ગુણઠાણો.**
**કોઇક ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે.**

ચોથું મન:પર્યવજ્ઞાન પણ ગુણપ્રત્યયિક છે. સંયમ-ચારિત્રના જે બે ગુણસ્થાનક છે-છટ્ઠું પ્રમત્ત સંયત અને સાતમું અપ્રમત્ત સંયત. આ બે ગુણસ્થાનો પર રહેલા અપ્રમાદી,

ઋદ્ધિવંત ચારિત્રધારી સંયમી મુનિ મહાત્માને જ શુભ ભાવનાં પરિણામોમાં ચઢતાં ચઢતાં જ થાય છે.'મુનિ વેષ જ વિના રે, નવિ ઉપજે દો ભેદે નાણ' અર્થાત્ સાધુ વેશ વગર આ બે ભેદવાળું મનઃપર્યવજ્ઞાન શ્રાવકને થતું નથી. તીર્થંકર ભગવાનને પણ જન્મથી મતિ-શ્રુત અને અવધિ-ત્રણ જ્ઞાન જ હોય છે. ચોથું મનઃપર્યવજ્ઞાન એમને પણ નથી હોતું, કારણ કે ગૃહસ્થાવસ્થામાં-સંસારી હોવાને કારણે, પરંતુ સંસાર છોડતાં જ અને ચારિત્ર સ્વીકારતાં જ પ્રાપ્ત થાય છે. આ વાત સ્તુતિથી સ્પષ્ટ કરતાં કહ્યું છે કે :

**પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે, સિદ્ધ નમી મદ વારીજી,**
**છદ્મસ્થ અવસ્થા રહે છે, જિહાં લગે, યોગાસન તપ ધારીજી.**
**ચોથું મનઃપર્યવ તવ પામે, મનુષ્યલોક વિસ્તારીજી,**
**તે પ્રભુને પ્રણમો ભવિ પ્રાણી, વિજયલક્ષ્મી સુખકારીજી.**

આ સ્તુતિમાં પૂ.વિજયલક્ષ્મીસુરિ મહારાજ ફરમાવે છે કે સંસારી ગુહસ્થાવસ્થાનો ત્યાગ કરીને સિદ્ધ ભગવાનને **'णमो सिद्धाणं'** પદથી નમસ્કાર કરીને-મદ-માનાદિનો ત્યાગ કરીને ભગવાન જ્યારે જાતે સર્વ વિરતિ સામાયિક અર્થાત્ સર્વ સાવદ્ય પાપથી મુક્ત થવા સ્વરૂપ જીવનપર્યંત સાધુપણાને યોગ્ય ચારિત્ર ધર્મ સ્વીકારીને અણગાર સાધુ બને છે અને એ સાધુપણામાં જ્યાં સુધી છદ્મસ્થાવસ્થા રહે છે, એટલે કે સર્વજ્ઞ કેવલજ્ઞાની અને વીતરાગ નથી બની જતા ત્યાં સુધી યોગાસનમાં તપશ્ચર્યા કરતા રહે છે.

એવી દીક્ષા ગ્રહણ કરતી વખતે તીર્થંકર ભગવાનને ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય છે. એવા પ્રભુને હે ભવિ જીવ ! ભાવપૂર્વક નમન કરો.

આથી એ સિદ્ધ થાય છે કે - ચોથા મનઃપર્યવજ્ઞાનના અધિકારી એક માત્ર સંસારના ત્યાગી-વૈરાગી, વિરક્ત-તપસ્વી ચારિત્રધારી સાધુ મુનિ ભગવંત જ હોય છે. આ જ્ઞાન ગૃહસ્થાશ્રમી સંસારી અવસ્થામાં પ્રાપ્ત થતું નથી. જો ગૃહસ્થાશ્રમી સંસારી અવસ્થામાં થતું હોત તો તીર્થંકર ભગવંતોને પણ થઇ ગયું હોત. એ પણ જન્મથી જ યા ગૃહસ્થાવસ્થા થી જ ચતુર્જ્ઞાની કહેવાત.

પરંતુ શાસ્ત્રમાં જન્મથી ત્રણ જ્ઞાનના સ્વામી કહ્યા છે; ચોથા જ્ઞાનના જન્મથી નથી કહ્યા. શાસ્ત્રોમાં અનેક ચરિત્રગ્રંથોમાં,અનેક મહાપુરૂષોના ચરિત્રવર્ણનમાં ક્યાંય પણ એકે ય ઉલ્લેખ નથી મળતો કે ગૃહસ્થાવસ્થા - સંસારી અવસ્થામાં કોઇને ચોથું મનઃપર્યવજ્ઞાન થયું હોય. - આવું એક પણ દષ્ટાંત નથી.'નંદિસૂત્ર' આદિ આગમ ગ્રંથોમાં પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે-ચોથું મનઃપર્યવજ્ઞાન ચારિત્રધારી સંયમી સાધુને જ થાય છે.

**''गोयमा ! इड्ढिपत्तअपमत्तसंजमसम्मद्दिट्ठिपज्जत्तगसंखेज्ज-वासाउयकम्मभूमगगब्भवक्कंतियमणुस्साणं'' उप्पज्जइ (नंदिसूत्र)**

હે ગૌતમ ! ઋદ્ધિપ્રાપ્ત, અપ્રમત્ત, સંયમ અર્થાત્ જિનકલ્પી, સમ્યગ્દષ્ટિ, આહારાદિષટ્પર્યાપ્તિયુક્ત, પર્યાપ્તનામકર્મવાન સંખ્યેય વર્ષ અર્થાત્ પૂર્વકોટિ વર્ષાયુષ્ય

વાળા, એમાં પણ ૧૫ કર્મભૂમિમાં ઉત્પન્ન કર્મભૂમિક્ષેત્રજ ગર્ભજ મનુષ્ય એવાને જ ચોથું મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ રીતે 'નંદિસૂત્ર' માં કહ્યું છે.

આ ચોથું મન:પર્યવજ્ઞાન, મન:પર્યજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રકટ થાય છે, તથા એ કર્મનો ક્ષયોપશમ સર્વ વિરતિ ચારિત્ર વિશેષથી અને તપાદિની સાધના વિશેષથી થાય છે. તેવા પ્રકારના કર્માવરણના ક્ષયોપશમ પછી જ આ મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ જ્ઞાનનું મુખ્ય કાર્યક્ષેત્ર-સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યક્ષેત્રસ્થ જીવોના મનોગત ભાવોને જાણવાનું છે. આ જ્ઞાનથી કોઇના મનના વિચારો જાણી શકાય છે. તે સિવાય જાણી શકાતા નથી.

કોઇ પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ જ અઢીદ્વીપ પરિમિત મનુષ્યક્ષેત્રમાં ઉત્પન્ન થયો હોય, એણે પોતાના મનમાં જે કંઇ ચિંતન કર્યું હોય, વિચાર્યું હોય એ મનોગત ભાવોને મન:પર્યવજ્ઞાની જાણી શકે છે, અને ક્ષણ માત્રમાં જ કહી શકે છે, કે તમે જયપુરી લાલ ઘડા અંગે વિચાર કર્યો છે.

ભગવાન મહાવીર પ્રભુએ વૈશાખ સુદિ ૧૧ ની તિથિએ સમવસરણના દ્વાર પર વાદ વિવાદાર્થે આવેલ ઇન્દ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ વિદ્વાન પંડિતોને એમના મનની શંકાનું સ્વરૂપ પ્રગટ કરતાં સહર્ષ નિમંત્રિત કર્યા. આ સાંભળી ગૌતમાદિ સર્વે આશ્ચર્યચકિત થઇ ગયા ! અરે ! આ અમારા મનની શંકાને કેવી રીતે જાણી ગયા ? બસ, આખાય અભિમાનનો પર્વત તૂટીને ચૂરેચૂરા થઇ ગયો. એ સર્વે પંડિતો ઠંડા થઇ ગયા. આગળ સર્વજ્ઞ ભગવાને સમાધાન કરીને તત્ત્વોનું સાચું સ્વરૂપ સમજાવ્યું. સમજીને તેઓ પ્રભુના ચરણ કમળોમાં શિષ્યત્વ-દાસત્વ સ્વીકારીને એમના જીવન ભરના શિષ્યો બની ગયા.

મન:પર્યવજ્ઞાનનું વિસ્તૃત વર્ણન ચોથા પ્રવચનમાં કરવામાં આવ્યું છે. પાઠક ગણ વિશેષ જ્ઞાનવૃદ્ધિ માટે 'નંદિસૂત્ર' તથા 'વિશેષાવશ્યક ભાષ્ય' આદિ ગ્રંથ જરૂર વાંચે. આજના કળિયુગના વર્તમાન કાળની અસર નીચે આપણે બધા છીએ. આથી આજે આવું મન:પર્યવજ્ઞાન કોઇને પણ નથી અને ન તો કોઇને પ્રાપ્ત થાય છે. એ વિચ્છેદ ગયેલું છે. આ સિદ્ધાંતને સાચા રૂપમાં સમજીને જો કોઇ કહે કે મને પ્રાપ્ત છે તો એને મિથ્યા ભાષી સમજવો જોઇએ.

**એક લાખ પિસ્તાલીસ હજાર, પાંચસો એકાણું જાણીએ,**
**મન નાણી મુનિરાજ, ચોવીસ જિનના વખાણીએ.**

ચોવીસ તીર્થંકરોના કુલ મળીને ૧,૪૫,૫૯૧ (એક લાખ પિસ્તાલીસ હજાર અને પાંચસો એકાણું) મન:પર્યવજ્ઞાની હતા. આ સંખ્યા જ્ઞાનપંચમીના દેવવંદનમાં લક્ષ્મીસૂરિ મહારાજે બતાવી છે. આ મન:પર્યવજ્ઞાનવાળો આત્મા એ જ ભવે મોક્ષે જાય છે. તદ્દ્ભવ મોક્ષગામી કહેવાય છે.

**એ ગુણ જેહને ઉપન્યો સર્વ વિરતિ ગુણ ઠાણ,**
**પ્રણમું હિતથી તેહના, ચરણ કમળ ચિત્ત આણ.**

સર્વવિરતિ ગુણસ્થાનક પર આ ગુણ જેને પ્રગટ થયો હોય, અથવા આવા સ્વરૂપનું મનઃપર્યવજ્ઞાન જેને પ્રાપ્ત થયું હોય, એના ચરણકમળમાં એકાગ્ર ચિત્તપૂર્વક હિતબુદ્ધિથી પ્રણામ કરૂ છું.

## કેવળજ્ઞાનનું સ્વરૂપ વર્ણન

ચોથા પ્રવચનમાં કેવળજ્ઞાનનું વર્ણન અત્યંત અલ્પ પ્રમાણમાં કરવામાં આવ્યું છે. પ્રસ્તુત અધિકારમાં - પ્રવચનમાં કેવળજ્ઞાન તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે. એની પ્રક્રિયા શું છે, તે ઉપરાંત કેવળીના સ્વરૂપનું વર્ણન કરવાનું છે.

પાંચે જ્ઞાનોમાં કેવળજ્ઞાન એ પાંચમું અને અંતિમ જ્ઞાન છે. એટલું જ નહીં, પરંતુ જ્ઞાનના ક્ષેત્રમાં આ અંતિમ-ચરમ સીમાનું જ્ઞાન છે. આની બહાર જ્ઞાન-જ્ઞેયની વાત જ નથી. આથી એવા કેવળજ્ઞાની જ ચરમ-અંતિમ કક્ષાના જ્ઞાની છે. આ જ જ્ઞાનની અંતિમ સીમાં છે. જ્ઞાનનો અંત છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ ભગવાન બનાય છે; ત્યારે જ આત્મા પરમાત્મા બને છે.

વર્તમાન કાળમાં કેવળજ્ઞાન તો શું કવલજ્ઞાન (ખાવા પીવાનું જ્ઞાન) અંગેનું પણ પૂરૂ ઠેકાણું નથી, અને ભગવાન બની બેસે છે. પોતાની જાતે જ સ્વયં ભગવાન બની બેસે છે. એ ભગવદ્ સ્વરૂપની કેવી ઘોર આશાતના? કેવડી મોટી મશ્કરી છે ? સંસારના રાગી, પાપ પ્રવૃત્તિના પુરસ્કર્તા, ભુક્તભોગી, વિષય વાસનાના કીડા એવા રાગી-દ્વેષી પોતાની જાતને ભગવાન કહે છે યા કહેવડાવે છે ! આ શરાબીના નશાની જેમ એક પ્રકારનું પાગલપન નથી તો બીજું શું છે ? ઓછામાં ઓછું, ભગવાન બનવાની પ્રક્રિયા તો જાણે, ભગવાનનું સ્વરૂપ તો સમજે. પછી એ દિશામાં ભૂતકાળમાં થયેલા એ સર્વજ્ઞ ભગવંતોની સાથે તુલના કરીને વિચારે પછી આગળ પર વિચાર કરે.પરંતુ હાય ! કળિયુગની અધમતાની આ નિશાની છે; કે વર્તમાનમાં અધમ કક્ષાના હીન જીવો ભગવાન બની બેઠા છે. અને મૂઢ લોકો પણ અજ્ઞાનતાવશ એમને ભગવાન માની એમની પાછળ નરકની ખાઇમાં પડતા જાય છે.

પાપ કરવું એ ભૂલ છે, અને ભૂલ કરે એ ભગવાન નથી. જે ભગવાન હોય છે એ ભૂલ નથી કરતાં-બસ, સામાન્ય માનવી આટલી નાનીશી વાતને સારી રીતે સમજીને ચાલે તો કદાચ ગમે તેવા અને બની બેઠેલા ભગવાનો અથવા ભાગી છૂટેલા ભગવાનોથી પોતાની જીવને બચાવી શકે.

૮ કર્મો ઘાતી અઘાતી કર્મો

| ઘાતિ કર્મો-૪ | અઘાતી કર્મો-૪ |
|---|---|
| જ્ઞાનાવરણીય દર્શનાવરણીય મોહનીય અંતરાય | નામ ગોત્ર વેદનીય આયુષ્ય |
| પ્રકૃતીયો ૫ + ૯ + ૨૮ + ૫ | + ૧૦૩ + ૨ + ૨ + ૪ =૧૫૮ |
| કુલ ૪૭ પ્રકૃતિઓમાંથી ૨૫ પ્રકૃતિઓ ઘાતી છે એમાં પણ ૨૦ પ્રકૃતિઓ સર્વઘાતી છે. | કુલ ૧૧૧ પ્રકૃતિઓ. આ બધી અઘાતી પ્રકૃતિઓ છે. |

શેષ દેશઘાતી છે. અને એજ ઘનઘાતી નામથી પણ ઓળખાય છે. આત્માના ગુણોનો સર્વથા ઘાત કરતી નથી.

૪૭ ઘાતી + ૧૧૧ અઘાતી = કુલ ૧૫૮ કર્મપ્રકૃતિઓ

મૂળ ૮ (આઠ) કર્મોમાં આ વિભાજન કરવામાં આવ્યું છે.

## ઘાતી કર્મોના ક્ષયથી-કેવળજ્ઞાન

પાંચ પ્રકારનાં જ્ઞાનોમાં પ્રથમ ચાર ક્ષયોપશમજન્ય છે, આથી એ ક્ષાયોપશમિક કહેવાય છે, જ્યારે પાંચમું કેવલજ્ઞાન ક્ષાયિક છે. એ ક્ષયોપશમજન્ય નથી. ક્ષયોપશમન પ્રક્રિયામાં કર્મનો સર્વથા ક્ષય થતો નથી. કેટલોક અંશ ક્ષય પામે છે અને કેટલાકનું કંઇક ઉપશમન થાય છે. આથી ઉભયમિશ્રિત ભાવનું સ્વરૂપ છે ક્ષયોપશમ. પ્રથમ ચાર જ્ઞાનોમાં જે તે જ્ઞાનાવરણીય કર્મોથી કેટલાક અંશોનો ક્ષય થાય છે તથા કેટલાક કર્માંશોનું ઉપશમન થાય છે, આથી કેટલાક અંશોમાં જ્ઞાનાવરણીય કર્મોનો અંશ શેષ રહી જાય છે. આથી એ જ્ઞાન સર્વાંશગ્રાહી નથી.

પાંચમા કેવલજ્ઞાનની આવી પ્રક્રિયા નથી; એમાં ક્ષયોપશમ નથી પરંતુ સર્વાંશનો સર્વથા ક્ષય થાય છે. આથી કેવળજ્ઞાન ક્ષાયિક છે. એ ક્ષાયિક ભાવથી પ્રગટ થાય છે. પહેલાં ચાર જ્ઞાન પોતપોતાના આવશ્યક જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી પ્રગટ થાય છે; જ્યારે કેવળજ્ઞાન માટે એવું નથી કે તે માત્ર કેવળજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી જ પ્રગટ થાય, તેના માટે તો ચારેય ઘાતી કર્મોની સર્વ પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થવો અભિપ્રેત છે. આટલું એમાં અંતર છે. આથી ચાર જ્ઞાન ક્ષાયોપશમિક ભાવજન્ય છે અને પાંચમું કેવળજ્ઞાન ક્ષાયિક ભાવજન્ય છે.

ક્ષયોપશમિકની પ્રક્રિયામાં જ્ઞાન સર્વાંશ સંપૂર્ણરૂપે પ્રકટ થતું નથી. આથી એ જ્ઞાનનું જ્ઞાનાવરણીય કર્મ બાકી રહે છે જ્યારે કેવળજ્ઞાન ચાર ઘાતી કર્મોના સર્વથા - સંપૂર્ણરૂપે ક્ષય થયા પછી જ ક્ષાયિક ભાવથી ઉત્પન્ન થાય છે. એથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ પછી જ્ઞાનાવરણીય કર્મોનો યા ઘાતી કર્મોની પ્રકૃતિઓનો અંશ માત્ર પણ ઉદય કે સત્તામાં નથી રહેતો. એ સર્વથા ક્ષય યા નષ્ટ થઇ જાય છે. આથી કેવળજ્ઞાન સંપૂર્ણ-સર્વગ્રાહી, સર્વાંશગ્રાહી, સર્વ દ્રવ્ય ગુણ પર્યાયગ્રાહી હોય છે. તેથી તેને અનંત વસ્તુ વિષયક જ્ઞાન કહે છે. એટલા માટે એ અનંતજ્ઞાનના નામે ઓળખાય છે.

## ઘાતી કર્મોના ક્ષયની પ્રક્રિયા

મુખ્યરૂપે આત્માના જ્ઞાનાદિ પ્રમુખ ગુણોનો ઘાત કરનારાં ચાર ઘાતી કર્મો છે. આ ઘાતી કર્મોને કારણે આત્માના જ્ઞાનાદિ ગુણો ઢંકાયેલા-આચ્છાદિત છે-દબાયેલા છે. આ જ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવા માટે એ ઘાતી કર્મોનો ક્ષય કરવો એ જ એકમાત્ર વિકલ્પ છે. (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) મોહનીય અને (૪) અંતરાય- આ ચાર ઘાતી કર્મો આત્માનું જેટલું નુકસાન કરે છે, એટલું નુકસાન અઘાતી કર્મો કરતા નથી. આ ઘાતી કર્મોના ક્ષયની પ્રક્રિયામાં જોવામાં આવે તો મોહનીય કર્મ સૌથી વધારે

પ્રબળ છે. એને (**King of Karma**) કર્મોનો રાજા કહેવામાં આવે છે. ચાર ઘાતી કર્મોનો ક્રમ જોવાથી એવું લાગે છે કે પહેલાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવો પડશે. એના ક્ષયથી પૂર્ણજ્ઞાન પ્રગટ થઇ જશે તથા એ પૂર્ણ જ્ઞાનની મદદથી મોહનીય કર્મનો ક્ષય કરી શકશો. આવુ ઉપર ઉપરની દૃષ્ટિથી જરૂર લાગે છે પરંતુ વાસ્તવમાં એવું નથી. જ્ઞાનાદિ ગુણોને દબાવવામાં તથા જ્ઞાનાવરણીય કર્મની લગામ પોતાના હાથમાં રાખવાનું કાર્ય પણ મોહનીય કર્મ કરે છે. આથી વાચક મુખ્ય ઉમાસ્વાતિજી મહારાજનું કહેવું છે કે મોહનીય કર્મનો પ્રથમ ક્ષય કરવો પડશે, ત્યાર પછી બાકીનાં ત્રણ ઘાતી કર્મોનો પણ ક્ષય થઇ જશે, અને ક્ષય થતાં જ કેવલજ્ઞાનાદિ ગુણ પ્રગટ થઇ જશે. આથી 'તત્ત્વાર્થાધિગમસૂત્ર' માં કહેવામાં આવ્યું છે કે-"**मोहक्षयात्-ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलज्ञानम् ।**"

મોહનીય કર્મના ક્ષયથી તથા જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય કર્મના ક્ષયથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આથી કેવળજ્ઞાનાદિની પ્રાપ્તિમાં મોહનીયનો ક્ષય પણ અનિવાર્ય છે. એ પણ સૌથી પહેલાં.


## ગુણસ્થાનકોની સાધનામાં કર્મક્ષય


જેમ જેમ કર્મોનાં ક્ષય થતો જાય છે, તેમ તેમ આત્માના આચ્છાદિત ગુણોનું પ્રગટીકરણ થતું જાય છે. એ ગુણોને પ્રાપ્ત કરતો આત્મા મોક્ષની દિશામાં અગ્રેસર થતો જાય છે. આથી તેતે ગુણોના સ્થાન પર આત્મા જ્યાં જ્યાં જે જે રૂપમાં સ્થિત થાય છે તે તે સ્થાનકોને ગુણસ્થાનકો કહેવામાં આવે છે. એવાં ગુણસ્થાનો ૧૪ છે એમ જૈનદર્શનમાં બતાવવામાં આવ્યું છે. The way of soulation અથવા The way of Emancipation of soul - મોક્ષ માર્ગ યા તો આત્માની મુક્તિનો માર્ગ કહે છે. મોક્ષપ્રાપ્તિને માટે તેવા પ્રકારના ગુણો હોવા જરૂરી છે. આથી ગુણસ્થાનકોને મોક્ષમાર્ગ કહ્યો છે, જે ગુણોને પ્રાપ્ત કરતો આત્મા આગળ વધે છે - આવાં કુલ ૧૪ ગુણસ્થાનકો બતાવ્યાં છે (આનું વિસ્તૃત વર્ણન યોગ્ય સ્થાને કરીશું. એમનાં નામ આ રીતે છે -(૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ (૫) દેશ વિરતિ સમ્યગ્ દૃષ્ટિ (૬) સર્વ વિરતિ પ્રમત્ત (૭) સર્વ વિરતિ અપ્રમત્ત (૮) અપૂર્વકર (૯) અનિવૃત્તિ બાદર (૧૦) સૂક્ષ્મસંપરાય (૧૧) ઉપશાંત મોહ (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગી કેવલી અને (૧૪) અયોગી કેવલી.

## કર્મક્ષય અને ગુણ પ્રાપ્તિ

આ ૧૪ ગુણસ્થાનકોની સાધનામાં આગળ વધવું ત્યારે શક્ય બને કે જ્યારે આત્મા તે તે કર્મોનો ક્ષય યા ક્ષયોપશમ કરે. પહેલા ગુણસ્થાનથી ૧૨ મા ક્ષીણમોહ સુધીનાં બધાં ગુણસ્થાનોમાં એક માત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ અને ક્ષય કરવાની સાધના છે. મોહનીય કર્મના અવાંતર ભેદ એમની પ્રકૃતિઓને આધારે અનેક બતાવ્યા છે. એ પ્રકૃતિઓનો ક્ષય યા ક્ષયોપશમ કરવાથી મોહનીયના આવરણોને હઠાવતા જઇએ

તેમ આત્માના ગુણો પ્રગટ થતા જશે તેમજ મિથ્યાત્વ હઠીને સમ્યક્ત્વ થશે. વિષય વાસનાની વૃત્તિ હઠતાં જ આત્મા નિર્વિકારી, નિર્વેદી બનશે.





હાસ્યાદિ હઠતાં જ આત્મા ગંભીર બનશે. આ રીતે અંતમાં સર્વથા મોહનીય કર્મનો સમૂળ-સંપૂર્ણ ક્ષય-નાશ થઇ જવાથી 'વીતરાગતા' નો મહાન ગુણ પ્રાપ્ત થશે. આ અંતિમ પ્રક્રિયા બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકના અંતે થાય છે. વીતરાગતાની પ્રાપ્તિ એ ઘણી મોટી સિદ્ધિ છે.

વીતરાગતાની પ્રાપ્તિ અને મોહનીય કર્મનો સર્વથા ક્ષય થઇ જાય તે પછી બાકીના ત્રણ ઘાતી કર્મોનો ક્ષય તો ક્ષણમાત્રમાં થઇ જાય છે. જ્ઞાનાવરણીય આદિ ત્રણેનો ક્ષય સર્વથા સંપૂર્ણ રૂપે થઇ જાય છે.

(૧) મોહનીય કર્મના સર્વથા ક્ષયથી - વીતરાગ ગુણની પ્રાપ્તિ

(૨) જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી - અનંતજ્ઞાન ગુણની પ્રાપ્તિ

(૩) દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી - અનંતદર્શન ગુણની પ્રાપ્તિ

(૪) અંતરાય કર્મના સર્વથા ક્ષયથી દાનાદિ અનંતલબ્ધિ - શક્તિઓની પ્રાપ્તિ થાય છે.

આ રીતે કેવળજ્ઞાન એ આત્માનો અનંત ગુણ હોવા છતાં પણ માત્ર એક જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન નથી થતો, પરંતુ ચારે ય ઘાતી કર્મોનો સર્વાંશ રૂપથી-સંપૂર્ણ પ્રકારે ક્ષય થવાથી પ્રાપ્ત થાય છે. આથી વીતરાગતા, કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંતલબ્ધિ-શક્તિ આ ચારે ગુણ જોકે અનંતસ્વરૂપાત્મક છે તે બધા પ્રગટ થાય છે. સિદ્ધ થતી વખતે આઠે ય કર્મોનો ક્ષય થાય છે. પરંતુ કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે પહેલાં ચારેય ઘાતી કર્મોનો ક્ષય થવો જરૂરી છે. મુખ્ય ચાર ઘાતી કર્મોનો ક્ષય થવાથી અર્ધા સિદ્ધ તો ત્યાંજ થઇ ગયા, બાકીનાં ચાર જે અઘાતી કર્મો છે તેમનો ક્ષય કરવામાં વધારે પરિશ્રમની જરૂર નથી.

## આ અપ્રતિપાતી-અભેદ જ્ઞાન છે

**"केवलमिगविहाणं"** આ કેવલજ્ઞાન અભેદરૂપ છે એટલે કે એના કોઇ ભેદ નથી. જેમ કે પહેલાંના ચાર જ્ઞાનોના ૨૮ (અથવા ૩૪૦), ૧૪ યા ૨૦, ૬ અથવા ૨ ઇત્યાદિ ભેદ પ્રભેદ થાય છે, એ રીતે કેવળજ્ઞાનના કોઇ ભેદ પ્રભેદ પડતા નથી. આ એકાકી, એકલું, અભેદસ્વરૂપ અનુપમ અને અદ્વિતીય છે. કેવળજ્ઞાનને કોઇની પણ ઉપમા આપી શકાતી નથી. તેથી તે અનુપમ છે - કેવળજ્ઞાન જેવું બીજું કોઇ જ્ઞાન નથી આથી જ તેને અદ્વિતીય કહ્યું છે. આ અનંત જ્ઞાન છે.

## અપ્રતિપાતી-અનંત-શાશ્વત જ્ઞાન

પ્રતિપાતી એટલે કે ઉત્પન્ન થઇને ફરીથી નષ્ટ થઇ જાય, ચાલ્યું જાય એવું. બરાબર એનાથી વિપરીત = 'અ' નિષેધાત્મક + પ્રતિપાતી = એટલે જેનો કદી નાશ ન થાય, આવીને ચાલ્યું ન જાય એવું. આથી અન્ય જ્ઞાન પ્રતિપાતી છે જ્યારે કેવળજ્ઞાન અપ્રતિપાતી અર્થાત્ એક વાર પ્રાપ્ત થયા પછી પાછું કદીય ન ચાલ્યું જનારૂ-શાશ્વત અથવા સદાકાળ જ રહેનારૂ છે. શાશ્વતનો અર્થ જ એ છે કે સદાકાળ અનંતકાળ રહેનારૂ. શાશ્વત યા અનંત કહેવાથી યા અપ્રતિપાતી કહેવાથી કેવળજ્ઞાન પણ અવિનાશી કહેવાય

છે. પરંતુ અનાદિ અનંત નહીં, સાદિ અનંત કહેવાય. અનાદિથીનો એ અર્થ થાય કે જેનો આદિ-પ્રારંભ નથી તે અનાદિ, પરંતુ કેવળજ્ઞાન અનાદિ નથી. આત્મા અનાદિ-અનંત શાશ્વત દ્રવ્ય જરૂર છે, પણ ચાર પ્રકારના ઘાતી કર્મોનો-ઘનઘાતી કર્મોનો ક્ષય આજ પહેલી વાર જ થયો છે અને કેવળજ્ઞાન જીવે પહેલી વાર જ પ્રાપ્ત કર્યું છે. આથી એને અનાદિ ન કહેતાં સાદિ કહ્યું છે. સાદિ એટલે - **आदि सहितमिति सादि।** આદિની સાથે જે ઉત્પન્ન થાય છે તે સાદિ. અનાદિ-અનંત ભૂતકાળ વીત્યા પછી પણ આત્માએ જ્યારે સૌ પ્રથમવાર જ ચારે ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, ત્યારથી જ તેની આદિ એટલે શરૂઆત-પ્રારંભ થયેલ છે, પહેલેથી નહી. આથી કેવળજ્ઞાનની આદિ કહેવાશે. પરંતુ ભવિષ્યકાળની દૃષ્ટિથી વિચાર કરતાં એનો અંત કદીય થતો નથી, આથી અનંત કહ્યું છે. આ બંને શબ્દો એક સાથે એકત્ર કરવાથી કેવળજ્ઞાન સાદિ અનંત કહેવાય છે.

અનંતની બીજી વ્યાખ્યામાં સમસ્ત બ્રહ્માંડ સ્વરૂપ લોકાલોકના પદાર્થો અનંત છે. દ્રવ્ય અનંત છે, ગુણ અનંત છે. દ્રવ્યોની પર્યાયો અનંત છે. કાળ અનંત છે. અનંત કાળમાં એક એક જીવ યા અજીવ દ્રવ્યની અનંત અનંત પર્યાયો બદલાઇ ચૂકી છે. એટલું જ નહીં, એટલે સુધી કે -'**अनंत धर्मात्मकं वस्तु।**' એટલે કે વસ્તુ અનંત ધર્મવાળી છે. એવી વસ્તુઓ પણ જગતમાં અનંત છે. જીવો પણ અનંત છે અને એક એક વસ્તુના અનંત ધર્મોને ઓળખવા માટે અપેક્ષાઓ પણ અનંત છે. જીવના અધ્યવસાય, ભાવ તથા ભવાદિ પણ અનંત છે. એ બધા અનંતની અનંતતાને જાણનાર સર્વજ્ઞ-કેવળજ્ઞાનીનું જ્ઞાન પણ અનંતજ્ઞાન છે. આથી જ એ જ્ઞાનને અનંત જ્ઞાન કહે છે. આવું અનંતજ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તીર્થંકર ભગવાન દેશના આપે છે. 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' માં કહ્યું છે :-

**केवलाणेणऽत्थे, नाउं जे तत्थ पन्नवणजोग्गे ।**
**ते भासइ तित्थयरो, वइ-जोगसुयं हवइ सेसं ॥ ८२९ ॥**

એવા કેવળજ્ઞાન દ્વારા પદાર્થ અને અર્થ જાણીને એમાં જ કહેવા યોગ્ય છે એને જ તીર્થંકર ભગવંતો કહે છે, આ બોલવું એ એમને માટે વચનયોગ છે. બાકીનાઓ માટે શ્રુતરૂપ છે. હવે વિચાર કરવામાં આવે કે આવા અનંતસ્વરૂપ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર તીર્થંકર મૃષાવાદ યા અસત્ય વચન કેવી રીતે કહે ? ખાસ તો જ્યારે એક તરફ રાગ-દ્વેષ-મોહ કષાયાદિનો સર્વથા નાશ થઇ ગયો હોય ત્યારે તો અસત્ય બોલશે જ કેવી રીતે ? વિપરીત કથન કેવી રીતે કરશે ? કારણ વગર કાર્ય કેવી રીતે બનશે ? કેમ કે અસત્ય સેવનનાં મુખ્ય કારણોમાં ક્રોધ,માન, માયા, લોભ તથા ભય હાસ્યાદિ ગણવામાં આવ્યા છે. જ્યારે એ બધાં જ ન હોય, તેથી પ્રભુ વીતરાગી છે. પાપકર્માદિ સંસક્ત જેટલા દોષો છે, એમનો અભાવ હોવાથી કહેવાયું છે કે - **अष्टादश दोष वर्जितो जिनः।** અઢાર દોષ રહિત જિન ભગવાન હોય છે.

હવે દોષોના સર્વથા ક્ષયથી તેમના જે ગુણો આચ્છાદિત હતા તે પ્રગટ થઇ

ગયા. રાગ-દ્વેષાદિ દોષ હતા અને વીતરાગાદિ ગુણ છે. એક બાજુ વીતરાગતાનો મહાન ગુણ પ્રગટ થઇ ગયો, તો સર્વ દોષોની નિવૃત્તિ થઇ ગઇ તેનું સુચન, અને બીજી બાજુ સર્વજ્ઞતાનો ગુણ પણ પ્રગટ થઇ ગયો,અર્થાત્ મોહનીય કર્મનો સર્વથા ક્ષય ક્ષઇ ગયો હોવાથી વીતરાગતા ની પ્રાપ્તિ, બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકના અંતે, તેરમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરતાં જ કેવલજ્ઞાનાદિની પ્રાપ્તિ થઇ જાય છે. બાકીનાં ત્રણ ઘાતી કર્મો (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય અને (૩) અંતરાય કર્મ આ બધાનો ક્ષય થઇ જવાથી અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન તથા અનંત દાનાદિ લબ્ધિઓ અને અનંત શક્તિ આદિ પ્રાપ્ત થાય છે.

## શુક્લ ધ્યાનમાં કેવળજ્ઞાન

આ રીતે ધ્યાનનું વિભાજન કરવામાં આવ્યુ છે. અશુભના આર્ત અને રૌદ્ર ધ્યાનની વિચારધારા ને છોડીને આત્મા જ્યારે શુભ ધ્યાનમાં પ્રવેશ કરે છે, ત્યારે સર્વપ્રથમ ધર્મધ્યાનમાં પ્રવેશ કરે છે. એનાં ચારે ચરણો માંથી પસાર થતો આત્મા શુક્લધ્યાનમાં પ્રવેશ કરે છે. ક્રમશઃ આગળ વધતો આત્મા ધ્યાનની વિચારધારાને સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતમ કરતો જાય છે. પ્રત્યેક ધ્યાનના અવાંતર ભેદ દર્શાવવામાં આવ્યા છે. શુક્લધ્યાનના ચાર ભેદોમાં પ્રથમના બે ભેદ પસાર કરીને ત્રીજામાં પ્રવેશ કરતાં જ જીવને કેવલજ્ઞાનની-કેવલદર્શનની પ્રાપ્તિ થઇ જાય છે. અહીં ચારેય ઘનઘાતી કર્મોનો ક્રમશઃ નાશ થઇ જાય છે. અને આત્મા વીતરાગી-સર્વજ્ઞ, સર્વદર્શી બની જાય છે. પછી તેરમા ગણસ્થાનક 'સયોગી કેવલી' ના પદ ઉપર આરૂઢ આત્મા વર્ષો સુધી જ નહીં, સદાને માટે કેવલી સર્વજ્ઞ જ રહે છે.

ધ્યાન
- અશુભ ધ્યાન
  - આર્ત ધ્યાન ૪
  - રૌદ્ર ધ્યાન ૪
- શુભ ધ્યાન
  - ધર્મ ધ્યાન ૪
  - શુક્લ ધ્યાન ૪

## ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન

ચરમ તીર્થપતિ પરમાત્મા મહાવીર સ્વામીને ૩૦ વર્ષની યૌવનાવસ્થામાં જ મહાભિનિષ્ક્રમણ કરીને ચારિત્રનો સ્વીકાર કર્યો. આગારી-ઘરબારીમાંથી અણગારી-સાધુ-ત્યાગી-તપસ્વી બન્યા. એકાકી વિહાર કરતાં સાડબાર વર્ષો સુધી ઘોર તપશ્ચર્યા કરી અને ભારે ઉપસર્ગો સહન કર્યા-કઠોર અપ્રમત્ત ભાવની સાધનાના અંતે-સાડાબાર વર્ષની સમાપ્તિના અંતિમ કાળમાં વૈશાખ સુદિ ૧૦ ના દિવસે ચોથા પ્રહરની સંધ્યા સમયે શાલ વૃક્ષની નીચે ગોદોહિકા આસનસ્થ અવસ્થામાં સ્થિર બેઠા અને મનોયોગથી શુક્લ ધ્યાનની અવસ્થામાં ચિંતનની ધારાને પ્રથમથી બીજા ચરણમાં સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતમ કરતા જતા હતા, ક્ષપક શ્રેણીમાં આરૂઢ ભગવાન કર્મોનો સર્વથા ક્ષય કરવાની પ્રક્રિયામાં લીન હતા ત્યારે ક્રમથી મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરીને વીતરાગતા પ્રાપ્ત કરી.

હવે શુક્લ ધ્યાનના બીજા ચરણમાંથી ત્રીજા ચરણ તરફ અગ્રસર થતાં જ ત્રણે ઘાતી કર્મોનો ક્ષય થતાં જ મહાવીર સ્વામીને અનંત વસ્તુવિષયક અનુપમ અનંત કેવલજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયું. શ્રી વીર પ્રભુ કેવલી-સર્વજ્ઞ બન્યા.

કેવળજ્ઞાનની પ્રાપ્તિની આ જ પ્રક્રિયા છે. આ પ્રક્રિયાથી ભૂતકાળમાં અનંત આત્માઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે અને ભવિષ્યમાં પણ આ પ્રક્રિયામાંથી પસાર થતાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. કૈવલ્યપ્રાપ્તિનો આ જ રાજમાર્ગ છે. બીજો વિકલ્પ જ નથી. ભલે ને તે કેવળજ્ઞાન તીર્થંકર ભગવાનનું હોય કે પછી આપણા જેવા સામાન્ય જીવનું હોય યા તો કોઇ પુરૂષ યા સ્ત્રીનું હોય. ગમે તે કોઇનું હોય, પરંતુ થશે આ જ રાજમાર્ગે પ્રક્રિયાથી, અન્ય વિકલ્પ નથી.

## સ્ત્રીઓને પણ કેવળજ્ઞાન થઇ શકે છે

- કેવળજ્ઞાન
  - ભવત્થ કેવળજ્ઞાન
    - સયોગી ભવત્થ કેવળજ્ઞાન
      - પ્રથમ સમય
      - અપ્રથમ સમય
    - સયોગી ભવત્થ કેવલજ્ઞાન
      - ચરિત સમય
      - અચરિત સમય
  - સિદ્ધ કેવળજ્ઞાન
    - આગંતર સિદ્ધ કેવલજ્ઞાન
      - પંદર પ્રકારે
    - પરંપર સિદ્ધ કેવળજ્ઞાન

(૧) તીર્થસિદ્ધ (૨) અતીર્થસિદ્ધ (૩) તીર્થંકર સિદ્ધ (૪) અતીર્થંકર સિદ્ધ (સામાન્ય કેવલી આદિ) (૫) સ્વયંબુદ્ધ સિદ્ધ (૬) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ (૭) બુદ્ધ બોધિત સિદ્ધ (૮) સ્ત્રીલિંગ સિદ્ધ (૯) પુરૂષલિંગ સિદ્ધ (૧૦) નપુંસકલિંગ સિદ્ધ (૧૧) સ્વલિંગ સિદ્ધ (૧૨) અન્યલિંગ સિદ્ધ (૧૩) ગૃહિલિંગ સિદ્ધ (૧૪) એક સિદ્ધ (૧૫) અનેક સિદ્ધ.

**जिण-अजिण-तित्थऽतित्था, गिहि-अन्न-सलिंग-थी-नर-नपुंसा ।**
**पत्तेय-सयंबुद्धा, बुद्धबोहिय, इक्कणिक्का य ॥ (नवतत्त्व)**

-'જીવવિચાર પ્રકરણ'માં **"सिद्धा पनरस भेया ।"** અર્થાત્ સિદ્ધ ૧૫ પ્રકારના હોય છે. આ જે વાત કરવામાં આવી છે, એ 'નંદિસૂત્ર' આગમના ઉપરોક્ત પાઠથી સમજવામાં આવે છે. અણંતર સિદ્ધ કેવલજ્ઞાનના ૧૫ ભેદ 'નંદિસૂત્ર'માં તથા 'નવતત્ત્વ પ્રકરણ' ની ઉપરોક્ત ગાથામાં ગણાવ્યા છે. જેમાં ૮ મા ભેદ પર સ્ત્રીલિંગ સિદ્ધ, નવમા ભેદમાં પુરૂષલિંગ સિદ્ધ આદિ ભેદો ગણાવ્યા છે. આ શાસ્ત્રીય પ્રમાણ છે, અન્ય પણ અનેક શાસ્ત્રોમાં પ્રમાણ મળે છે.

## જ્ઞાન શરીરને નહીં, આત્માને થાય છે

સામાન્ય તર્ક બુદ્ધિના આધારે પણ વિચારવામાં આવે તો જ્ઞાન શરીરનો ગુણ નથી, આત્માનો ગુણ છે. આથી જ્ઞાન શરીરને નહીં પરંતુ આત્માને થાય છે. જે જે દ્રવ્યનો મૂળભૂત ગુણ હોય છે, એ એમાં આચ્છન્ન રહે છે. અને આવરણના ક્ષય પછી

એમાં પ્રગટ થાય છે. શરીર પુદ્ગલજન્ય પૌદ્ગલિક છે અને પુદ્ગલના ગુણોમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જ પ્રાધાન્યતાથી રહે છે. આત્મા જડ નથી, પુદ્ગલજન્ય પૌદ્ગલિક પણ નથી, આથી આત્મામાં વર્ણાદિ ગુણ રહેવાની સંભવના જ નથી. આત્મા ચેતન દ્રવ્ય છે. જ્ઞાનાદિ ગુણવાન છે. આથી આત્માનાં જ જ્ઞાનાદિ ગુણો મૂળભૂત રૂપે રહેશે અને પ્રગટ થશે.

આત્મા નામ કર્માનુસાર જો કોઇ પણ જાતિમાં જન્મમાં જેવું પણ શરીર ધારણ કરે - ભલેને તે એકેન્દ્રિયનું હોય, વિકલેન્દ્રિય નું હોય, યા પંચેન્દ્રિયનું હોય, પરંતુ આત્માના સ્વરૂપમાં કોઇ ફરક પડતો નથી. શરીર તો આત્માને રહેવા માટે માત્ર આધારભૂત સ્થાન છે. આત્માઓ તો આત્મસ્વરૂપના દષ્ટિકોણથી બધા એક સરખા જ-એક સમાન જ છે. ભલેને મહાવીર સ્વામીનો આત્મા હોય યા હાથી, ઘોડા, પશુ પક્ષીનો હોય યા તો કૃમિ, કીટ-પતંગનો હોય, દરેક નો આત્મા આત્મદ્રવ્યના દષ્ટિકોણથી તો એક સરખો જ હોય છે. આત્મ સ્વરૂપમાં કોઇ ભેદ નથી હોતો, જે કંઇ ભેદ છે તે શરીરમાં છે. શરીર નામકર્માનુસાર બને છે. જે જીવનાં જેવા નામ કર્મનો ઉદય હોય, અને પોતપોતના કર્માનુસાર જે જીવે જેવું શરીર નિર્માણ કર્યું હોય તે પ્રમાણે જીવને એવું શરીર મળે છે.

આ કર્મસત્તાના આધારે એક આત્માને સ્ત્રીશરીર મળે છે, તો બીજા જીવને પુરૂષ શરીર મળે છે. ભેદ માત્ર શારીરિક છે. સ્ત્રી શરીરનાં અંગોપાંગ એને યોગ્ય અને પુરૂષ શરીરનાં અંગોપાંગ ભિન્ન હોય છે. શરીર રચનાનો ભેદ યા અંગોપાંગોનો ભેદ એ કાંઇ આત્મસ્વરૂપમાં ભેદ નિર્માણ નથી કરતો. મોહનીય કર્મના વેદ મોહનીય કર્માનુસાર સ્ત્રીવેદ અને પુરૂષ વેદ આદિની અવસ્થા વિશેષ છે, પરંતુ એથી આત્મામાં કોઇ ભેદ નથી પડતો. આત્માના જ્ઞાનાદિ ગુણે તો તેના તે જ રહે છે. આથી એ પ્રકારનાં કર્મોના ક્ષયથી જ્યારે જ્ઞાન પ્રગટ થશે ત્યારે આત્મામાં જ પ્રગટ થશે, શરીરમા નહીં. આથી જ્ઞાનના ભેદમાં જ્યારે ચાર જ્ઞાન સ્ત્રીને થઇ શકે છે ત્યારે પાંચમું કેવળજ્ઞાન સ્ત્રીને પણ થશે જ.

બીજી વાત એ છે કે દેહ ભેદ અને વેદ ભેદ કયાં સુધી રહે છે ? આત્મા ગુણસ્થાનો માં આગળ વધે છે અને ક્ષપક શ્રેણીમાં નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક પર આવ્યા પછી તો અથાક પુરૂષાર્થથી કર્મોનો ક્ષય કરતાં કષાયોની સાથે નોકષાય અને મોહનીય કર્મનો પણ ક્ષય કરે છે, આથી સ્ત્રી વેદ અને પુરૂષવેદ એ બધા વેદ મોહનીય નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક પર નષ્ટ થઇ જાય છે. એના પછી સ્ત્રી પુરૂષનું ભેદજ્ઞાન જ નાશ પામે છે, અને નથી તો એ વેદ અથવા વેદની દષ્ટિ રહેતી, તથા કેવળજ્ઞાન તો સયોગી કેવલી ગુણસ્થાનક પર આવીને થાય છે. પછી તો સ્ત્રી યા પુરૂષનો દેહ-પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

સામાન્ય રીતે આજે પણ જોવાથી સ્પષ્ટ દેખાય છે કે કેટલીય સ્ત્રીઓ જ્ઞાનાદિ ક્ષેત્રમાં ઘણી આગળ છે, પુરૂષની સમોવડી તો શું, એમનાથી ય આગળ હોય છે. આથી સ્ત્રીને કેવળજ્ઞાન નથી થતું અગર તો સ્ત્રી મોક્ષમાં જતી નથી એ વાત ખોટી છે. કપોલ

કલ્પિત છે. શાસ્ત્રો પણ આ બાબતમાં ભૂતકાળનાં ઘણાં પ્રમાણો આપે છે.**'थी सिद्धा चंदणा पमुहा'** સ્ત્રી દેહથી સિદ્ધ બનનારમાં ચંદના (ચંદનબાળા) આદિ કેટલીય સ્ત્રીઓનાં નામો છે.

ભગવાન મહાવીરની પ્રથમ શિષ્યા ચંદનબાળા કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ગઇ. તથા તેને મિચ્છામિ દુક્કડં આપીને ખમાવીને એની શિષ્યા મૃગાવતી સાધ્વી પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ગઇ **'अतित्थ सिद्धा य मरुदेवी'।** અતીર્થ સિદ્ધના ભેદમાં મરૂદેવી માતાનું નામ મુખ્ય આવે છે. ભગવાન ઋષભદેવની માતા મરૂદેવી પણ અનિત્ય-એકત્વ ભાવનાનું ચિંતન કરતાં આ જ પ્રક્રિયાથી-આ જ રાજમાર્ગે ક્ષપકશ્રેણી પર ચડીને ચારે ઘાતી કર્મોને ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ગઇ.

વર્તમાન ચોવીસીના ૨૪ ભગવાનમાં ૧૯ મા ભગવાન મલ્લીનાથ, જે જન્મથી મલ્લીકુમારી રૂપે સ્ત્રીદેહધારી જ હતા. કર્મ સંજોગે દેહ સ્ત્રી નો મળ્યો. પરંતુ સંસારનો ત્યાગ કરીને દીક્ષા લઇને કર્મક્ષયની મહાન આરાધના કરીને આ જ રાજમાર્ગની પ્રક્રિયાથી ચારે ય ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામીને તીર્થંકર બન્યાં. મલ્લીનાથ ભગવાનનું ચરિત્ર શાસ્ત્રોમાં સર્વત્ર-કોઇ પણ પ્રકારના મતભેદ વગર એક સરખું છે. આ રીતે શાસ્ત્રોમાં સ્ત્રી દેહધારી કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જનાર એક બે નહીં, સેંકડો દૃષ્ટાંતો આવે છે. ચોવીસ તીર્થંકર ભગવંતોના પોતપોતાના કાળના એમના દ્વારા સ્થાપિત સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘમાં સાધ્વીઓની સંખ્યા સાધુઓ કરતાં વધારે જ રહી છે. તેમ જ સર્વ તીર્થંકર ભગવંતોના પરિવારમાં કેટલીય સાધ્વીઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ગઇ છે. આ સંખ્યા પણ ઘણી મોટી છે. ઉપરોક્ત શાસ્ત્ર પ્રમાણો આપતાં સિદ્ધ થાય છે કે અનેક સ્ત્રીઓએ તીર્થંકરોના શાસનમાં ચારિત્ર ધર્મ સ્વીકારીને-દીક્ષા લઇને, ચારે ય ઘનઘાતી કર્મોનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને અંતમાં સર્વથા કર્મરહિત થઇને મોક્ષ પ્રાપ્ત કરીને સિદ્ધત્વ પ્રાપ્ત કર્યું છે.

સંક્ષેપમાં ઉપરોક્ત વર્ણન સ્ત્રીના કેવળજ્ઞાન પામવાના વિષયમાં કર્યું. વિશેષ જાણવાની જિજ્ઞાસાવાળાઓએ'રત્નાકરાવતારિકા','સ્યાદ્‌વાદમંજરી', 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' 'સન્મતિતર્ક પ્રકરણ' તથા 'કર્મગ્રંથ આદિ કેટલાય ગ્રંથો જોવા જેવા છે. આથી સ્ત્રીનું મોક્ષમાં જવું, કેવળજ્ઞાન પામવું, મુક્તિ અને કેવલી ભુક્તિ વગેરેના વિષયોમાં સહજ રીતે સમજાશે. સૂર્યપ્રકાશ જેવી સ્પષ્ટ વાત છે કે કેવળજ્ઞાન આત્માનો વિષય છે, શરીરનો નહી. શરીરને જ્ઞાન થતું નથી, આત્માને જ થાયછે. આથી કેવળજ્ઞાનને સ્ત્રી શરીર યા પુરૂષશરીર સાથે કોઇ સંબંધ નથી. આત્મા સાથે સંબંધ છે અને સ્ત્રી હોય કે પુરૂષ દરેકનું આત્મદ્રવ્ય તો એક જેવું જ છે. ગુણસ્થાનકની શ્રેણીમાં ચડનાર દરેક આત્મા તથા પ્રકારના કર્મોનો ક્ષય કરીને એક સાદશ્ય-અવસ્થા પ્રાપ્ત કરીલે છે. કેવળજ્ઞાન કર્મક્ષયજન્ય જ છે, આથી ક્ષાયિક અવસ્થામાં જ પ્રાપ્ત થાય છે.

## કેવળજ્ઞાનની પ્રાપ્તિના પ્રસંગો

### (૧) ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન

ભગવાન ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને આરીસા ભુવનમાં અનિત્ય ભાવના નું ચિંતન કરતાં હાથની મુદ્રા-અંગુઠીના નિમિત્તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ.

### (૨) બાહુબલીને કેવળજ્ઞાન

ભગવાન ઋષભદેવના બીજા પુત્ર બાહુબલીએ યુદ્ધના મેદાનમાં દીક્ષા લઇને કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહીને બારમાસ વીત્યા પછી જ્યારે બહન સાધ્વીઓ બ્રાહ્મી-સુદરીએ (વીરા મોરા ગજ થકી ઊતરો, ગજ ચડે કેવળ ન હોય રે') આ શબ્દો કહ્યા; આ શબ્દો સાંભળીને સાવધાન બનેલા બાહુબલીજી પ્રભુની પાસે વંદનાર્થે જવા માટે પગ ઉપાડે છે. એટલા માં જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

### (૩) કુરગડુ મહાત્માને કેવળજ્ઞાન

રાજપાટનો ત્યાગ કરીને દીક્ષા લઇને સાધુ બનેલા કુરગડુ મહાત્મા ક્ષુધા વેદનીયના તીવ્ર ઉદયથી તપશ્ચર્યા કરી શકતા ન હતા. આહાર રોજ લેવો જ પડતો હતો. એક દિવસે આહારમાં ચોખા અને ગોળનું પાણી એવું જ કંઇક લાવીને એ ગોચરી મોટા મુનિ ભગવંતોને બતાવી, આથી મુનિ ગણ માસક્ષમણ (એક માસના ઉપવાસ) ની તપશ્ચર્યા કરી રહ્યો હતો.તેમને કુરગડુ મુનિનું નિત્ય ભોજન કરવું ઠીક ન લાગ્યું, તેથી થોડાક ક્રોધાવેશમાં આવીને કુરગડુ મુનિ દ્વારા લાવેલા આહારમાં થુંક્યા, છતાં પણ કુરગડુ મુનિ મહાત્મા એક બાજુ બેસીને એ આહારા આરોગવા લાગ્યા, અને એમાં પણ કફ-શ્લેષ્મ મિશ્રિત એ જ આહારના પ્રથમ કોળિયાને ખાવા લાગ્યા.

તેમના મનમાં તપશ્ચર્યા ન કરવાનું મોટું દુઃખ હતું. તપશ્ચર્યાની ધારામાં આહારની પ્રક્રિયા ચાલતી રહી અને આત્મા શુદ્ધ અધ્યવસાયની ધારામાં ક્ષપકશ્રેણી પર ચડી ગયો. ધ્યાનાનલની ધારામાં ઘાતી કર્મની સર્વ પ્રકૃતીઓ બળીને ખાખ થઇ ગઇ, આત્મા ઉપરના અનાદિના કર્માવરણો ટળી ગયાં અને તે મહાત્મા કેવળજ્ઞાન પામી ગયા. વીતરાગી કેવળજ્ઞાની બની ગયા.

### (૪) લગ્ન મંડપમાં કેવળજ્ઞાન

પૃથ્વીચંદ્ર કેવળીના ચરિત્રમાં શંખ અને કલાવતીના ભવથી લઇને ૨૧ ભવોનું વર્ણન કરવામાં આવ્યું છે. અંતિમ ભવમાં જ્યારે પૃથ્વીચંદ્ર-ગુણસાગર બન્યા ત્યારે લગ્ન મંડપમાં બેઠા હતા. હસ્તમેળાપ થયો છે. લગ્નના ફેરા અગ્નિ સમક્ષ ફેરવવામાં આવ્યા ત્યારે લગ્ન કરાવનાર વિપ્ર 'સાવધાન !' શબ્દનો પ્રયોગ વારંવાર કરતો હતો. આ આખું ચિત્ર આંખની સામે ઊભું થઇ ગયું. પૂર્વના સંસ્કારોને લીધે સુસંસ્કૃત આત્મા જાગૃત થઇ ગયો. લગ્નનો જ પ્રસંગ ધ્યાનની સાધનાનું ક્ષેત્ર બની ગયું. બાહ્ય સ્વરૂપે તો લગ્નની ક્રિયા ચાલતી રહી, બીજા બાજુ આભ્યંતર ક્રિયામાં આત્મા સહજ ધ્યાનની કક્ષાએ ચડી ગયો. આત્મસ્વરૂપનું ભાન તીવ્ર બનતાં જ ક્ષપકશ્રેણીએ ચડી જતાં તીવ્ર ધ્યાનાગ્નિમાં સર્વ

કર્મો બળીને ભસ્મીભૂત થઇ ગયાં. અને જોત જોતાંમાં મહાત્મા પૃથ્વીચંદ્રને કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું અને તે સર્વજ્ઞ-સર્વદર્શી બની ગયા. લગ્નના વરરાજા સર્વજ્ઞ-વીતરાગી બની ગયો.

## (૫) કપિલ કેવળી

ભગવાન મહાવીરે પોતાની અંતિમ દેશનામાં કપિલ કેવળીનું કથાનક કહ્યું છે. વિપ્રકુળનો કપિલ નાની ઉંમરે જ અભ્યાસ માટે પંડિતના ઘરે ગયો હતો. શ્રીમંત શેઠને ત્યાં કરવામાં આવેલા ભોજન પ્રબંધને કારણે પ્રતિદિન ભોજન માટે જતાં કપિલનો દાસી પુત્રી સાથે પ્રેમ થઇ ગયો. પ્રેમનો સંસાર આગળ ચાલતાં છેવટે દાસીપુત્રી ગર્ભવતી બની. આજીવિકાની ચિંતામાં સલાહ મળતાં કપિલ પ્રભાતે જ રાજાના મહેલે પહોંચ્યો. રક્ષકોએ એને પકડીને રાજાની સમક્ષ ઉપસ્થિત કર્યો.

કપિલને પૂછવામાં આવ્યું તો તેણે હકીકત જે હતી તે યથાર્થ રીતે બતાવી દીધી. કપિલના નિર્દોષ-નિષ્કપટ સત્યને જાણીને રાજા અતિપ્રસન્ન થયો,અને જેટલી જરૂર હોય એટલું એને માગવાનું કહ્યું. રાજાએ કહ્યું: 'તું માગે તેટલું આપવા હું તૈયાર છું; બોલ કેટલા તોલા સોનું જોઇએ ? એક-બે માસા ? સો, હજાર યા લાખ માસા ? કેટલું જોઇએ છે ?''

રાજાની વાત સાંભળીને કપિલે કહ્યું : 'રાજન્ ! કૃપા કરીને મને થોડુંક વિચારવા સમય આપો-હું વિચાર કરીને પછી આપની પાસે આવીને માગીશ'' - આવા ભોળા ભલા-ભદ્રિક કપિલ પર રાજાને દયા આવી. તેણે કહ્યું : 'ભલે, જા, વિચાર કરીને આવજે.''

કપિલ નજીકના ઉદ્યાનમાં ગયો. એક વૃક્ષ નીચે બેસીને વિચારવા લાગ્યો : 'કેટલું માગું ? બે માસા ? અરે ! બે માસાથી શું થશે ? દશ માસા માગું ? આટલાથી શું થાય ? તો પછી હજાર.. અરે ! આટલાથી તોર્જિંદગી કેવી રીતે વીતે ?'' લોભનો અંત નથી, છેવટે કપિલે પોતાની પૂર્વાવસ્થાનો વિચાર કર્યો, ''અરે ! હું શું લઇને આવ્યો હતો ? મારૂં શું છે ? બસ, આત્મચિંતનનું નિમિત્ત મળી ગયું. પાપના પસ્તાવાની ધારા શરૂ થઇ ગઇ ! કર્મક્ષય કરતો આત્મા ક્ષપક શ્રેણીએ આગળ વધતાં અધ્યવસાયોની શુદ્ધિ અને ગુણસ્થાનો પર અગ્રસર થતાં જ કપિલે મોહનાં બંધનો તોડી નાખ્યાં, અને તે વીતરાગી બનીને કેવળજ્ઞાની કેવળદર્શાની બની ગયો. દેવતાઓએ આવીને કપિલને મુનિવેશ આપી દીધો, મુનિવેશે પૃથ્વીપર વિચરતા કપિલ કેવલીના ઉપદેશથી સેંકડો ભવ્યાત્માઓ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

## (૬) ગુરૂશિષ્યને કેવળજ્ઞાન

આચાર્ય ચંડરૂદાચાર્ય પોતાના ક્રોધી સ્વભાવને કારણે ગામની બહાર ઉદ્યાનમાં એકલા રહેતા હતા. પ્રસંગવશ ગામમાં એક લગ્નની જાન આવી, લગ્નના સમયની વાર હતી તેથી વરરાજાની સાથે એના મિત્રો ઉદ્યાનમાં આવ્યા. હંસી મજાક કરતા તેમણે મહાત્માની સામે વરરાજાને ઉભો કરીને કહ્યું, 'મહારાજ ! આને દીક્ષા આપી સાધુ બનાવી

દો.' મજાક ચાલતી જ હતી તેટલામાં તો મહાત્માજીએ વરરાજાને વાળથી પકડી ખેંચીને જોતજોતાંમાં માથા પરના બધા જ વાળ ખેંચી નાખ્યા ! માથાનું મુંડન થઇ ગયું ! બધા મિત્રો ભાગી ગયા. લગ્ન માટે આવેલ વરરાજાએ વિચાર કર્યો : 'અરે, હવે તો લગ્ન મંડપમાં જવાનો કોઇ અર્થ નથી. ચાલો, સાધુ બની જ ગયો છું તો હવે ચારિત્ર પાલન કરી જ લઉં !' તેણે વિચાર્યું કે જાનના માણસો આવીને હોબાળો કરશે, શોર મચાવશે. મહાત્માજીને ખરૂ ખોટું સંભળાવીને મારશે-ઝૂડશે આમ વિચારીને શિષ્યે ગુરૂને કહ્યું : "હવે જલદી ભાગી છૂટવું પડશે."

ગુરૂદેવે શિષ્યને કહ્યું : 'અરે ! મને તો દેખાતું નથી,અને સાંજ પડી ગઇ છે, થોડી વારમાં તો રાત થઇ જશે. તો હવે શું કરીએ ?" સમજદાર શિષ્યે ગુરૂને ખભા ઉપર બેસાડયા અને રાતમાં જ જંગલ તરફના માર્ગે ચાલી નીકળ્યા. રાતના અંધારામાં દેખાતું ન હોવા છતાં પણ ચાલી નીકળ્યા. શિષ્યનો પગ ઊંચી નીચી જમીન ઉપર ખાડામાં-ગમે તેમ પડતાં ગુરૂ ક્રોધિત થઇને દંડા મારતા હતા. તાજા જ લોચ કરેલા માથા ઉપર દંડો વાગતાં જ લોહી વહેવા લાગ્યું છતાં પણ નવો શિષ્ય ઘણી સારી એવી સમતામાં સ્થિર રહીને, વેદનાને ગૌણ કરીને ચાલતો રહ્યો. ગુરૂના દંડા બોડા માથા પર પડતા રહ્યા.

આવા પ્રસંગમાં પણ ક્રોધ ન કરતાં ક્ષમા-સમતાની ભાવનામાં સ્થિર મુનિ દેહભાન ભૂલીને આત્મચિંતનની ધારામાં ચડી ગયા. પાપોનો નાશ કરતો આત્મા ગુણસ્થાનક શ્રેણીઓમાં આગળ વધતાં ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઇને શુક્લધ્યાનની ધારામાં ચડી કેવળજ્ઞાની બન્યો. કેવળજ્ઞાનમાં તો સમસ્ત લોક અલોકનું ક્ષેત્ર આંખ ખોલ્યા વગર જ દેખાવા લાગે છે. હવે સારી રીતે ચાલનાર શિષ્યને સવારે લોહીથી ખરડાયેલો જોઇને ગુરૂ નીચે ઊતરીને પશ્ચાત્તાપની ધારામાં ક્ષમાયાચના કરે છે. શિષ્યને ખમાવવા લાગ્યા, સાચા દિલનો પશ્ચાત્તાપ હતો. આથી પશ્ચાત્તાપની વધતી ધારામાં સર્વ પાપકર્મો ધોવાઇ ગયાં. સર્વથા સર્વ પાપોનો નાશ થવાથી જ ક્ષપક શ્રેણિમાં સ્થિર ગુણસ્થાનકો પર આગળ વધતાં ગુરૂને પણ કેવળજ્ઞાન, કેવળદર્શન થયું-ગુરૂ શિષ્ય બંને વીતરાગી-કેવલી-સર્વજ્ઞ બન્યા.

### (૭) પ્રસન્નચંદ્ર ઋષિને કેવળજ્ઞાન

સંધ્યા સમયે રાજમહેલના ઝરૂખામાં બેસીને રંગબેરંગી વાદળોને જોઇને પ્રથમ ખુશ થયા અને પછી રાત્રિના અંધારામાં ભયાનક લાગતાં એ જ વાદળોને જોઇને પરિવર્તન શીલ અસાર સંસારની અસારતાને સમજીને રાજા પ્રસન્નચંદ્ર રાજપાટ વૈભવ, પરિવાર આદિ છોડીને દીક્ષા અંગીકાર કરીને સાધુ બન્યા.

સ્મશાનમાં એક પગે ઊભા રહીને બંને હાથ ઊંચા રાખીને કાયોત્સર્ગ ધ્યાનમાં સ્થિર રાજર્ષિ પુત્ર સાથે શત્રુ રાજાના યુદ્ધની વિચારણામાં ખોવાઇ ગયા. માનસિક રીતે વૈચારિક યુદ્ધમાં ચડયા અને રાજર્ષિ શત્રુ પર એક પછી એક તીર ફેંકતા ગયા. અંતે શસ્ત્રો ખૂટી જતાં મુગટ ફેંકવા માથા પર હાથ રાખ્યો તો શિર કેશલુંચનથી મુંડિત જોઇને તેમને

એકાએક ભાન આવ્યું. રાજર્ષિ સાવધાન બની ગયા. જાણે સ્વપ્નમાંથી જાગેલાને સ્થાનની ક્ષણિકતા દેખાઇ અને રાજર્ષિ માનસિક પાપો ધોવા માટે પશ્ચાત્તાપની ધારામાં વહેવા લાગ્યા. ધ્યાનાગ્નિએ પાપોના ઢગલાને જોતજોતાંમાં ભસ્મ કરી દીધો. ક્ષપકશ્રેણી પર આરૂઢ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ ચારે ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કર્યું. વીતરાગી સર્વજ્ઞ બનીને સદાને માટે મોક્ષે ગયા.

### (૮) મરૂદેવી માતાને કેવળજ્ઞાન

ભગવાન ઋષભદેવની દીક્ષા પછી માતા મરૂદેવી વૃદ્ધાવસ્થામાં તીવ્ર મોહદશામાં ડૂબીને વિલાપ કરતાં હતાં, રાત દિવસ રડવાંથી અને કલ્પાન્ત કરવાથી આંખો પણ સૂજી ગઇ હતી. આ બાજુ યુગાદિદેવ ઋષભદેવને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે એ સમાચાર લઇને દૂત ચક્રવર્તી ભરતને દ્વારે આવ્યો. ભરતજી માતા મરૂદેવીને હાથીની અંબાડી ઉપર બેસાડીને સર્વજ્ઞ પ્રભુનાં દર્શન કરાવવા લઇને ચાલ્યા. સમવસરણની નજીક આવતાં જ દેવ દુંદુભિ સાંળળતાં જ એવો દિવ્યધ્વની જે અપૂર્વ હતો પહેલાં કદીય સાંભળ્યો ન હતો. તેને સાંભાળીને મરૂદેવી માતા મોહદશાને દૂર કરીને અનિત્ય, એકત્વાદિ ભાવનાઓમાં સ્થિર થઇને ધ્યાનની ધારામાં ગુણસ્થાનકોની શ્રેણીમાં આગળ વધ્યાં. મોહપાશના બંધનો તૂટતાં જ વીતરાગતાની અવસ્થામાં આવીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાય આદિ કર્મોનો સર્વથા ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને અંતઃકૃત કેવલી બનીને મોક્ષે ગયાં. સદાને માટે તે સંસારમાંથી મુક્ત થઇ ગયાં.

### (૯) ગૌતમસ્વામીને કેવળજ્ઞાન

ચરમ તીર્થાધિપતિ ભગવાન મહાવીર સ્વામીના આદ્ય ગણધર-પ્રથમ મુખ્ય શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ ૫૦ વર્ષની ઉંમરે દિક્ષા લઇને ૩૦ વર્ષ સુધી પડછાયાની જેમ સાથે રહીને પ્રભુની સેવામાં રત રહ્યા. પોતાનો નિર્વાણ સમય આવતાં જ પ્રભુએ ગૌતમની પ્રશસ્ત ભાવની રાગદશાને દૂર કરવાના હેતુથી દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધિત કરવા માટે મોકલ્યા. આ બાજુ મધ્યરાત્રિએ શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પામીને મોક્ષમાં પધાર્યા.

પ્રાતઃકાળમાં પાછા ફરતાં જ ગૌતમસ્વામી લોક મુખેથી સમાચાર સાંભળતાં જ વિષાદના ગર્તમાં ડૂબી ગયા. વીર, વીર કરીને શોકાતુર બનેલા ગૌતમને એકાએક વીર શબ્દના બે અક્ષર 'વી' થી વીત અને 'ર' થી રાગ - આ રીતે 'વીતરાગ' શબ્દ સ્મૃતિપટ ઉપર આવી ગયો. વીતરાગ બોલતાં જ વીતરાગની રાગ દ્વેષ રહિત અવસ્થાનું સ્વરૂપ આંખ સામે દેખાવા લાગ્યું, બસ આ જ આલંબનથી ગૌતમસ્વામી ક્ષપકશ્રેણી પર ચડી ગયા. ગુણસ્થાનકની શ્રેણીમાં આગળ ચડતાં એક દિવસે તીવ્રરાગી હતા તે ગૌતમ સ્વામી રાગ-મોહનાં બંધનો તોડીને સ્વયં વીતરાગી બની ગયા. ક્ષણમાં જ ઘનઘાતી કર્મોનો ક્ષય થતાં જ ગૌતમસ્વામી કેવળજ્ઞાની બની ગયા.કાર્તિક સુદિ ૧ ની પ્રભાતે જ પ્રભુના અનુગામી રૂપે કેવળી બનીને ૧૨ વર્ષ કૈવલ્યની દેશનાથી ધરાને પાવન કરીને મોક્ષમાં ગયા.

## (૧૦) પંદરસો તાપસોને કેવળજ્ઞાન

પ્રસિદ્ધ તીર્થ અષ્ટાપદ ઉપર જવાના હેતુથી પંદરસો તાપસો પ્રથમ-દ્વિતીય સોપાન પર જ આસન અને તપ કરીને લબ્ધિ પ્રાપ્ત કરવામાં લાગી ગયા હતા. એવામાં જ્યારે ગૌતમસ્વામી સ્વલબ્ધિથી સૂર્યની કિરણો પકડીને અષ્ટાપદ પર ગયા અને રાત્રે ત્યાં નિવાસ કરીને ચૈત્યવંદનાદિ કરીને પાછા ફરી રહ્યા હતા ત્યારે પંદરસો તાપસોએ તેમને જોયા. તેમને જોતા જ તે બધા તાપસો ગૌતમ સ્વામી સાથે ચાલ્યાં. ગૌતમસ્વામીએ સ્વલબ્ધિથી અંગુઠો પાત્રમાં રાખીને દરેકને પરમાન્ન (ખીર) નું પારણું કરાવ્યું, તથા બધા જ તાપસોને સાથે લઇને ગૌતમસ્વામી પ્રભુની પાસે સમવસરણ તરફ ચાલ્યા. માર્ગમાં સમવસરણનું વર્ણન સાંભળતા ૫૦૦ તાપસોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, પ્રભુના અતિશયો સમજાવી રહ્યા હતા,એ સાંભાળીને બીજા ૫૦૦ તાપસોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, બાકી રહેલા બીજા ૫૦૦ તાપસોને સમવસરણ જોતાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.આ રીતે ૧૫૦૦ તાપસો કેવળજ્ઞાન પામી - સર્વજ્ઞ બનીને સમવસરણમાં જઇને કેવલીની પર્ષદામાં બિરાજમાન થયા.

આ રીતે આગમ શાસ્ત્રોમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર અનેક મહાપુરૂષોના પ્રસંગો સુવર્ણાક્ષરે લખાયેલા મળે છે. ભૂતકાળમાં અનંત આત્માઓ કેવળજ્ઞાન પામીને મોક્ષમાં બિરાજમાન થયા છે. મોક્ષમાં જવા માટે કેવળજ્ઞાન જરૂરી છે, અનિવાર્ય છે. મોક્ષમાં ગયા પછી કેવળજ્ઞાન પમાતું નથી પરંતુ બધું જ અહીં પામીને મોક્ષમાં જવાય છે.

આ રીતે અનંત આત્માઓ કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ગયા છે. અહીં તો ઉદાહરણ તરીકે સંક્ષિપ્તમાં માત્ર નામનિર્દેશ કરતાં કેટલાક પ્રસંગો બતાવ્યા છે, જેથી કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજમાં આવે. ભરતક્ષેત્રના વર્તમાન અવસર્પિણી કાળમાં અંતિમ કેવળી શ્રી જંબૂસ્વામી સર્વજ્ઞ બનીને મોક્ષમાં ગયા છે, પરંતુ મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષનું દ્વાર - સદાને માટે ખુલ્લૂં છે. આજ પણ ત્યાંથી કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જવાય છે. અંતે પ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ એ

**પારસનાથ પસાય કરી મ્હારી પૂરો ઉમ્મેદ રે,**
**સમયસુંદર કહે હું પણ પામું જ્ઞાનનો પાંચમો ભેદ રે.**

સમયસુંદર મુનિએ પોતાના સ્તવનમાં અંતે પ્રાર્થના કરતાં કહ્યું છે કે - હે પ્રાર્શ્વનાથ ભગવાન ! કૃપા કરીને મારી મનોકામના પૂરી કરો અને એ પ્રાર્થના-મનોકામના એ છે કે હું પણ પાંચમું જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન પ્રાપ્ત કરું. પાંચ જ્ઞાનોમાં પાંચમું જે કેવલજ્ઞાન છે એને આપણે પણ પ્રાપ્ત કરીએ. જગતના તમામ સમ્યગ્દષ્ટિ આત્માઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં પધારે એવી શુભ મનોકામના.

**❄ ઇતિ શુભં ભવતુ ❄**

❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄❄

# દર્શન અને દર્શનાવરણીય કર્મ


દ્રવ્યાશ્રયી ગુણ............................૨૬૭

દર્શન શબ્દના વિવિધ અર્થો....................૨૬૮

આત્માનો ગુણ - અનંત દર્શન...................૨૭૦

ઇન્દ્રિયથી જ્ઞાન યા દર્શન ?...................૨૭૩

દર્શન ગુણ અને દર્શનાવરણીય કર્મ............૨૭૬

ઇન્દ્રિયો....................................૨૭૮

ચક્ષુની દર્શનશક્તિનો સદુપયોગ..............૨૮૨

દર્શન મહિમા અને સ્વરુપ.....................૨૮૪

પ્રભુ દર્શનમાં સ્વ - આત્મ દર્શન.............૨૮૫

દર્શન ના ચમત્કારો..........................૨૯૦

દર્શનાવરણીય કર્મ નિવારણ પૂજાની ઢાળ.....૨૯૩

નિદ્રા પંચક.................................૨૯૮

પાંચ પ્રકારના પ્રમાદ........................૩૦૧

થીણદ્ધિ નિદ્રાના કેટલાક દૃષ્ટાંતો.............૩૦૩

દર્શનાવરણીય કર્મ બંધના કારણ..............૩૦૮

કર્મ જન્ય રોગાદિ સ્થિતિ.....................૩૧૨

દર્શનાવરણીય કર્મક્ષયના ઉપાય...............૩૧૩

# દર્શન અને દર્શનાવરણીય કર્મ

પરમ પૂજનીય, પરમ આદરણીય-વંદનીય નમસ્કરણીય, પરમપિતા પરમાત્મા શ્રી મહાવીરસ્વામીના ચરણારવિંદમાં અનંતશઃ નમસ્કારપૂર્વક...

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥**
**उत्तरा. अ. २८-११**

પવિત્ર જિનાગમ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'ના મોક્ષમાર્ગગતિ નામના ૨૮ મા અધ્યયનના પ્રસ્તુત શ્લોકમાં ભગવાન આત્માનું લક્ષણ બતાવતાં કહે છે કે-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય તથા ઉપયોગ-આ આત્માનાં પ્રમુખ લક્ષણો છે. લક્ષણ ભેદક હોય છે. આથી બેની વચમાં ભેદ બતાવવાનું અને પોતાનું સ્વરૂપ બતાવવાનું કામ કરે છે.

લક્ષણ વસ્તુના સ્વરૂપને પ્રગટ કરે છે. સમસ્ત બ્રહ્માંડમાં મૂળભૂત દ્રવ્યો બે જ છે (૧) જીવ અને (૨) અજીવ. લક્ષણ ભેદથી જ જીવ અને અજીવ ભિન્ન ભિન્ન કહેવાય છે. વસ્તુ ગત મૂળભૂત ગુણોને લઇને જ લક્ષણ બને છે. આથી પદાર્થના મૂળભૂત ગુણ જ એક બીજાના ભેદક છે. જીવ દ્રવ્ય જ્ઞાન, દર્શન આદિ ગુણવાન છે અને અજીવ દ્રવ્ય જ્ઞાન, દર્શન આદિ રહિત વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણવાન છે. આથી જીવ દ્રવ્યના જ્ઞાન, દર્શન આદિ ગુણ અજીવ દ્રવ્યમાં નથી.

એ જ રીતે અજીવ દ્રવ્યના વર્ણ, ગંધ, રસાદિ ગુણ જીવ દ્રવ્યમાં નથી. તેથી બંને પૃથક્ પૃથક્ ગુણવાન સ્વતંત્ર દ્રવ્યો છે. જીવના જ્ઞાનાદિ ગુણ અજીવ દ્રવ્યમાં સંક્રમિત થતા નથી. એ જ રીતે અજીવ દ્રવ્યના વર્ણાદિ ગુણો જીવમાં સંક્રમિત થતા નથી. કોઇ પણ અજીવ અને પુદ્ગલ પદાર્થ જ્ઞાન-દર્શનાદિ ગુણવાન કદી પણ નથી હોતો. **न भूतो न भविष्यति ।** અર્થાત્ કોઇ પણ પુદ્ગલ પદાર્થ ભૂતકાળમાં જ્ઞાનાદિ ગુણવાન બન્યો ન હતો અને ભવિષ્યમાં કદીય નહીં બને. નહીં હોય, જ્યાં જ્યાં જ્ઞાન દર્શનાદિ ગુણોની વાત આવે, ત્યાં જીવ દ્રવ્યના જ ગુણ સમજવા જોઇએ.

## દ્રવ્યાશ્રયી ગુણ

**'ગુણ-પર્યાયવદ્ દ્રવ્યં ।'** આ સૂત્ર પૂ. ઉમાસ્વાતિજી મહારાજે 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' માં દ્રવ્યનું સ્વરૂપ કેવું હોય છે એ બતાવ્યું છે. ગુણ અને પર્યાયવાળું જ દ્રવ્ય હોય છે,એટલે કે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો સમૂહ-પિંડ છે. ગુણરહિત સ્વતંત્ર દ્રવ્ય હોતું નથી. એ રીતે દ્રવ્ય રહિત ગુણપણ સ્વતંત્ર નથી રહી શકતો, કારણ કે ગુણ દ્રવ્યાશ્રયી જ હોય છે, એટલે દ્રવ્યને છોડીને ગુણ રહી શકતો નથી.

દ્રવ્ય ગુણોનું આધારસ્થાન છે, કે જેમાં આધેય રૂપે ગુણો રહે છે. આથી દ્રવ્યથી ભિન્ન ગુણના અસ્તિત્વની સ્વતંત્ર કલ્પના કરવી એ સંભવ નથી. એ રીતે દ્રવ્યની સર્વથા ગુણરહિત કલ્પના કરવી સંભવ નથી.આથી ગુણ અને પર્યાયવાળું દ્રવ્ય કહેવાય છે, અને દ્રવ્ય, ગુણ તથા પર્યાયથી યુક્ત છે.

ઉપરોક્ત સિદ્ધાન્તના આધારે શ્લોકમાં દર્શાવવામાં આવેલા જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ જે ગુણો છે, એમનું આશ્રયી અને આધારભૂત દ્રવ્ય જીવ છે. જીવ દ્રવ્યના જ્ઞાનાદિ ગુણો છે. જીવ દ્રવ્યને છોડીને જ્ઞાન-દર્શનાદિ ગુણોનું અન્યત્ર ક્યાંય પણ રહેવું સંભવ નથી. જે રીતે જ્ઞાન દર્શનાદિ ગુણો જીવ દ્રવ્યને છોડીને સ્વતંત્ર રૂપે ક્યાંય પણ રહી શકતા નથી, એ જ રીતે જીવ દ્રવ્ય જ્ઞાનાદિ ગુણોને છોડીને એમના વગર પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ નથી રાખી શકતું. આથી જ્ઞાન દર્શનાદિ ગુણો જીવ દ્રવ્યમાં રહે છે અને જીવ દ્રવ્ય જ્ઞાન દર્શનાદિ ગુણવાન હોય છે. આથી જીવ દ્રવ્યને સમજવા માટે તદાશ્રયી જ્ઞાનાદિ ગુણોને પહેલાં સમજવા જોઇએ.

## જ્ઞાન દર્શનાદિ ગુણોનું સ્વરૂપ

ગુણ સાર્થક હોય છે, અર્થાત્ ગુણ સ્વયં પોતાનો અર્થ રાખે છે. આથી જ્ઞાન દર્શનાદિ ગુણોનો પોતાનો નિશ્ચિત અર્થ છે-અહીં જ્ઞાનનું કામ છે-જાણવું, દર્શનનું કામ છે જોવું, ચારિત્રનો અર્થ છે પોતાના મૂળભૂત સ્વરૂપમાં રહેવું, તપનો અર્થ છે - આહારાદિ પરપુદ્ગલ પદાર્થથી અલિપ્ત રહેવુ, વીર્યનો અર્થ છે સ્વયં જીવનું અનંત શક્તિમાન રહેવું. ઉપયોગનો અર્થ છે જીવનું જ્ઞાન-દર્શનાદિ ચેતનામાં રહેવું, આ રીતે આ શ્લોકગત છ જ ગુણ અર્થવાન-સાર્થક છે. જીવ દ્રવ્ય જ્ઞાન-દર્શનાદિ ગુણોથી અભિન્ન છે. આથી આ બધા અર્થ જીવ દ્રવ્યના કહેવાશે.

જીવ સક્રિય દ્રવ્ય છે. આથી જીવ પોતાની તમામ ક્રિયા પોતાના ગુણોને આધારે જ કરે છે. સ્વગુણાનુરૂપ ક્રિયા કરવી એ દ્રવ્યનું કાર્ય છે. કાર્ય ક્રિયાથી જન્મે છે. એટલા માટે જીવનું કાર્ય પોતાના ગુણોની ક્રિયાના આધારે જ થશે.જ્ઞાન દર્શનાદિ ગુણ છે એટલા માટે એની ક્રિયાનો કરનાર જીવ દ્રવ્ય છે. આથી જાણવું, જોવું વગેરે જીવનાં કાર્યો છે. વ્યાકરણ અનુસાર ક્રિયા કરનાર કર્તા હોય છે. ક્રિયા હોય તો નિશ્ચિત જ એનો કર્તા હોય છે, કારણ કે કર્તા વગર ક્રિયા થતી નથી. જાણવું, જોવું વગેરે ક્રિયાઓ છે આથી તેનો કર્તા તદ્ગુણવાન જીવ દ્રવ્ય છે. તેથી જાણવું, જોવું આદિ જીવની મૂળભૂત સ્વભાવ-કાર્ય છે. જીવનાં ગુણ

ક્રિયા કાર્ય અને સ્વભાવાદિ જ્ઞાન દર્શનાદિ હોવાથી એ જ્ઞાતા-દષ્ટા કહેવાય છે.

### જ્ઞાતા-દષ્ટા જીવ

જ્ઞાન ગુણ છે. જ્ઞાન ગુણની ક્રિયા 'જાણવું'. આ 'જાણવા'ની ક્રિયાનો કર્તા-'જ્ઞાતા' આત્મા છે. જોવું એ ક્રિયા છે. જોવાની ક્રિયાનું કાર્ય 'દર્શન' કરનાર કર્તા 'દષ્ટા' જીવ છે. આથી મુખ્ય રૂપે જ્ઞાતા-દ્રષ્ટા છે. જ્ઞાતા-દષ્ટાભાવ આત્માનું મુખ્ય સ્વરૂપ છે. અજીવ દ્રવ્યમાં ન તો આ ગુણો છે. અને ન તો આ ક્રિયા છે. આથી પુદ્ગલ અને અજીવ દ્રવ્યાદિ પદાર્થ જ્ઞાતા-દષ્ટા ભાવવાન નથી.

સવાલ એ ઊભો થાય છે કે - વ્યવહારમાં લોકો કહે છે કે આંખ જુએ છે. કાન સાંભળે છે. મન જાણે છે, જીભ ચાખે છે, નાક સૂંઘે છે, ત્વચા સ્પર્શ કરે છે-વગેરે. તો પછી જીવ જાણે છે. જુએ છે એ કેવી રીતે સાચું કહેવાય ? વ્યવહારના ક્ષેત્રમાં લોકો એવી અનુભૂતિ કરે છે. પણ આત્મા જુએ છે, જાણે છે. એવી અનુભૂતિ શું નથી કરતા ? સાચું શું સમજવું ? બરાબર છે, ઉપરોક્ત કર્તા-ક્રિયા અનુસાર વિચાર કરવામાં આવે તો જોવું, જાણવું, ચાખવું આદિ ક્રિયાઓ છે, આથી આ ક્રિયાઓનો કર્તા કોઇક હોવો જ જોઇએ. હવે પ્રશ્ન રહ્યો કર્તાનો. કર્તા કોને માનવો ? આંખને યા આત્માને ? ભાષાના દષ્ટિકોણથી કોઇને પણ પૂછવામાં આવે કે 'આંખ જુએ છે કે આંખ વડે જોવાય છે ? કાન સાંભળે છે કે કાનથી સંભળાય છે ? જીભ ચાખે છે કે જીભ દ્વારા ચર્ચાય છે ? વગેરે. વિચાર કરો ! કઇ ભાષા સાચી લાગે છે ? જો આંખ જ જોતી હોત તો મૃત શરીર-શબની આંખ પણ જોઇ શકત, અર્ધનિમીલિત આંખ અર્થાત્ અર્ધી આંખ ખુલ્લી રાખીને સૂનાર પણ બધું જોઇ શકત, આ આંખ સ્વતંત્ર રૂપે જોઈ લેત, પરંતુ એવું જોવામાં આવતું નથી. મૃત શરીરની આંખ, નાક, કાન આદિ અંગો હોવા છતાં પણ જોવાનું, સૂંઘવાનું, સાંભળવાનું બનતું નથી. કારણ કે મૃત શરીર જડ છે, અજીવ છે. અને અજીવમાં જ્ઞાતા દષ્ટા ભાવ નથી હોતો. એ ન તો જુએ છે, ન તો સાંભળે છે. આંખ જુએ છે તેને બદલે આંખથી જોવાય છે. કાન સાંભળે છે ને બદલે કાનથી સાંભળીએ છીએ, નાક સૂંઘે છે ને બદલે નાકથી સૂંઘીએ છીએ. એ ભાષા વધારે શુદ્ધ છે. એ રીતે મન વિચારે છે એને બદલે મનથી વિચારીએ છીએ-આ ભાષા શુદ્ધ, સાચી અને આત્મ સિદ્ધિની પુષ્ટિકારક છે. અહીં કરણ અર્થમાં 'થી' પ્રત્યયથી ક્રિયાનો કર્તા જીવ (આત્મા)સિદ્ધ થાય છે. આથી મુખ્યરૂપે જોવું, જાણવું, સાંભળવું, વિચારવું આદિ ક્રિયાઓનો કર્તા આત્મા જ કહેવાશે.

એટલા માટે જાણવા, જોવાવાળો જ્ઞાતા, દષ્ટા ભાવવાળો કર્તા આત્મા જ છે. ઇન્દ્રિયો અને મન સહાયક સાધનો છે-માધ્યમો છે, જેમના દ્વારા આત્મા પોતાની જોવા, જાણવાની ક્રિયાઓ કરે છે.

### દર્શન શબ્દના વિવિધ અર્થો

શબ્દ અનેકાર્થ હોય છે. એક શબ્દના અનેક અર્થો થાય છે. સંસ્કૃત વ્યાકરણના નિયમ અનુસાર **'दृश्-प्रेक्षणे'** ધાતુથી જોવાના અર્થમાં 'દર્શન' શબ્દ બન્યો છે.

અંગ્રેજીમાં દર્શન શબ્દથી `VISION' અર્થ પણ લેવામાં આવે છે. દશ્યમાન પદાર્થથી દશ્ય અર્થમાં `VISION' કહે છે. દર્શન ક્રિયા સૂચકથી દર્શનીય અર્થાત્ જોવા લાયક પદાર્થ પણ લેવામાં આવે છે, અન્ય પણ ક્રિયા-કર્મસૂચક કેટલાય અર્થો આ પ્રમાણે છે. 'શબ્દ ચિંતામણિ' આદિ કોશગત અન્ય અર્થો -

**चक्षुरक्षीक्षणं नेत्रे नयनं दृष्टिरम्बकम्।**
**लोचनं दर्शनं दृक् च तत्तारा तु कनीनिका ॥**

**अभिधान कोश ३।२३९**

'અભિધાન કોશ' ના તૃતીય કાન્ડમાં દર્શનનાં ચક્ષુ, જોવું, નેત્ર, નયન, દષ્ટિ, અમ્બક, લોચન, દર્શન, આંખની કીકી, કનીનિકા આદિ અનેક અર્થ બતાવ્યા છે.

**दर्शनं दर्पणे धर्मोपलब्धोर्बुद्धि-शास्त्रयोः ।**
**स्वप्न-लोचनयोश्चापि, दर्शनं-वर्म-दंशयोः ॥**

'અનેકાર્થ સંગ્રહ' ગ્રંથમાં પૂજ્ય હેમચંદ્રાચાર્યજીએ દર્શનના વિવિધ અર્થો બતાવ્યા છેઃ- (૧) **दृशं-प्रेक्षणे**- થી દર્શન = To see (૨) **दर्शन** = જોવું,(૩) **दर्शन** = દર્શનશાસ્ત્ર, (૪) **दर्शन** = તત્ત્વજ્ઞાન - Phylosophy (૫) **दर्शन** = દશ્ય-VISION (૬) **दर्शन** = પરમાત્મ દર્શન (ક્રિયા અર્થક) (૭) **दर्शन** = શ્રદ્ધા (૮) **दर्शन** = દર્પણ (૯) **दर्शन** = દષ્ટિ, ઉપદેશ, સ્વપ્ન, ધર્મસંબંધી જ્ઞાન, બુદ્ધિ, અક્કલ, સાંખ્ય, ન્યાય વૈશેષિક, બૌદ્ધ, જૈન, ચાર્વાકાદિ 'ષડ્દર્શન' મન, દર્શનશાસ્ત્ર તથા સમ્યગ્દર્શન શ્રદ્ધા આદિ અનેકાર્થમાં 'દર્શન' શબ્દ છે.

આ રીતે ભિન્ન ભિન્ન અનેક અર્થોમાં દર્શન શબ્દનો પ્રયોગ થાય છે.

## દર્શન - સીમિત અને અનંત

જોવાની ક્રિયાનું કાર્ય દર્શન પ્રત્યેક કર્તાની ઉપર અવલંબિત છે. અર્થાત્ કર્તા આત્માને જોવાની શક્તિ કેટલી વિકસિત થઇ છે એના આધારે વત્તુઓછું જોવું. જો દર્શનની શક્તિ કર્મોના આવરણોથી કુંઠિત હોય તો ઓછું જુએ છે અને જો દર્શનની શક્તિ કર્માવરણ રહિત હોય તો અનંત અને અસીમ જોઇ શકે છે.


દર્શન ક્રિયાના કર્તા જીવ બે પ્રકારના હોય છે. (૧) કર્માવરણગ્રસ્ત જીવ - સકર્મી જીવ (૨) કર્માવરણ રહિત જીવ - નિષ્કર્મી જીવ, ઉદા. તરીકે સમજો કે આપણે આકાશમાં ચંદ્ર યા સૂર્ય જોઇ રહ્યા છીએ, ચંદ્ર અને આપણી દષ્ટિની વચ્ચે જો કોઇ આવરણ આવે તો ચંદ્ર દેખાશે નહીં. જો આવરણ હલકું-પાતળું હશે તો ચંદ્ર ધુંધળો દેખાશે, અસ્પષ્ટ દેખાશે. આવરણ ચંદ્ર ઉપર પણ હોઇ શકે છે અને આપણી દષ્ટિપંથની વચ્ચે પણ હોઇ શકે છે, અને આંખોમાં મોતિયા બિંદુની જેમ પણ હોઇ શકે છે આ બાહ્ય આવરણ. જેમ બાહ્ય આવરણને લીધે પણ કોઇ વસ્તુ સ્પષ્ટ ન દેખાતી હોય એ જ રીતે આંતરિક યા આભ્યન્તરિક આવરણ પણ હોઇ શકે છે, અને એ પણ બાધક બની શકે છે. બાહ્ય આવરણ વાદળ, કપડું યા મોતિયો આદિ હોઇ શકે, એ જ રીતે આભ્યંતર

આવરણ આત્માના દર્શન ગુણ ઉપર લાગેલા દર્શનાવરણીય કર્મનું હોય છે. જેવું કામ બાહ્ય આવરણો કરે છે તેવું જ કામ આભ્યંતર આવરણમાં દર્શનાવરણીય કર્મ કરે છે, એટલે કે કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ-પરમાણુઓનો બનેલો પિંડ દર્શનાવરણીય કર્મ આત્માના દર્શન ગુણ ઉપર છવાઇને આત્માની જોવાની શક્તિને ઓછી કરવાનું યા ઢાંકવાનું કાર્ય કરે છે, આથી જીવ જે દર્શનાવરણીય કર્મના આવરણથી દબાયેલો છે, તે જ કંઇ જોશે તે સીમિત અને મર્યાદિત જોશે,એટલે એનું દર્શન સીમિત-મર્યાદિત કહેવાશે. જ્યારે બીજો જીવ જે દર્શનાવરણીય કર્મના આવરણથી સર્વથા રહિત છે, એનું દર્શન અમર્યાદિત-અસીમિત, અપરિમિત, અનંતદર્શન કહેવાશે; કારણ કે દૃષ્ટા આત્મા કર્માવરણ રહિત છે. એ સમયે એ આત્મા પોતાની દર્શન શક્તિથી સ્વયં જે કંઇ જોશે, એ અનંત દર્શન રૂપ હશે.

## આત્માનો ગુણ 'અનંત દર્શન'

મૂળભુત શુદ્ધ દ્રવ્ય આત્મા જે સર્વ કર્માવરણ રહિત છે, એના ગુણ અને શક્તિ અસીમિત અનંત હોય છે. અલોકાકાશ અનંત છે, અને લોકાકાશ ક્ષેત્ર સાન્ત છે. લોકાકાશની બહાર જે અલોકાકાશ અંત રહિત-અનંત છે, જેની કોઇ સીમા યા અવધિ નથી. એવા અનંત અલોકાકાશના ક્ષેત્રમાં શું છે અને શું નથી એ અનંત દર્શી આત્મા જ જોઇને કહે છે.

ઉદાહરણ તરીકે માનો કે પિતાએ પુત્રને પોતાના ગામમાંથી એક વસ્તુ લાવવા માટે કહ્યું. પુત્ર ગામ ગયો, એણે વસ્તુ માટે પૂરી તપાસ કરી, પરંતુ વસ્તુ ન મળી. આથી ફરી પાછા આવીને પુત્રએ પિતાને કહ્યું કે વસ્તુ ગામમાં નથી. આ વાત પરથી એ નિશ્ચિત થાય છે કે એ વસ્તુ છે કે નહીં એ કહેવા માટે આપણે વસ્તુના ક્ષેત્રમાં જઇને જોવું પડે છે, ત્યારે જ નિર્ણય કરી શકીએ કે વસ્તુ છે કે નહીં. જોયા વગર આપણે નિર્ણય કરી શકતા નથી અને આપણા ઘરમાં બેસીને દૂરના ગામમાં યા વસ્તુના ક્ષેત્રમાં જોઇ શકતા નથી. કારણ કે આપણે કર્માવરણગ્રસ્ત છીએ. આપણી શક્તિ દર્શનાવરણીય કર્મથી દબાયેલી છે. આથી એક



સ્થાનમાં બેઠેલાને દૂરની વસ્તુ જોવી મુશ્કેલ છે.

દર્શનાવરણીય કર્માવરણગ્રસ્ત જીવ ઇન્દ્રિયોની સીમિત અને મર્યાદિત શક્તિમાં થી જોઇ શકે છે. એ સીધો આત્મા દ્વારા જોઇ નથી શકતો. બીજા પ્રકારનો જીવ દર્શનાવરણીય કર્મથી રહિત છે એ કોઇ ઇન્દ્રિયની મદદ વગર સીધો આત્મા દ્વારા જોઇ શકે છે.


## અનંત લોક - અલોક સુધી કેવળજ્ઞાની જુએ છે

સીધા આત્માથી જોવાને 'આત્મદર્શન' કહે છે. આ જ અનંતદર્શન યા કેવળદર્શન કહેવાય છે. આ કેવળદર્શન અતિન્દ્રિય, અસીમિત, અમર્યાદિત અને અપરિમિત અનંત હોય છે. ચિત્રમાં બતાવ્યાનુસાર અનંતજ્ઞાની, અનંતદર્શી અર્થાત્ કેવળજ્ઞાની આત્મા લોક અને અલોકને પણ જુએ છે. જાણે છે. જ્ઞાનથી જાણવું અને દર્શનથી જોવાનું હોય છે. જાણવા અને જોવાની ક્રિયા એક સાથે થાય છે. આથી જ્ઞાન અને દર્શન સાથે જ રહે છે. અનંત અલોકમાં શું છે અને શું નથી એ કેવળજ્ઞાની-કેવળદર્શની સર્વજ્ઞ આત્મા જોઇને જ બતાવે છે. આથી તેમણે જોયું, જાણ્યું અને પછી જગતને બતાવ્યું સર્વજ્ઞ વિભુએ બતાવ્યું કે અનંત અલોકમાં માત્ર આકાશ જ છે. આકાશ સિવાય અન્ય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ યા પુદ્ગલ આદિ કોઇ દ્રવ્ય નથી. આકાશ છે અને અન્ય દ્રવ્યો નથી - આ પણ અનંતજ્ઞાની-અનંત દર્શની આત્માએ જોઇને જ બતાવ્યું છે. તથા ચૌદ રાજલોક પરિમિત લોકાકાશના ક્ષેત્રમાં પણ આકાશ એ જ છે, જે અલોકમાં છે, અને સાથે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અનંત જીવ અને અનંત પુદ્ગલ પદાર્થ નથી. આ બધું સર્વજ્ઞ સવર્દર્શીએ જોઇને જાણીને જ બતાવ્યું છે.

સમસ્ત લોક યા અલોકને જોવું યા જાણવું એ ઇન્દ્રિયોથી સંભવ નથી. એ તો સીધું આત્માથી જ જોવાનું હોય છે. કેવળજ્ઞાની 'સર્વજ્ઞ' કહેવાય છે અને કેવલદર્શી 'સર્વદર્શી' કહેવાય છે. અનંતજ્ઞાની-અનંતદર્શી, કેવળજ્ઞાની, કેવળદર્શની, સર્વજ્ઞ-સર્વદર્શી આ બધા શબ્દો એક બીજાના પર્યાયવાચી છે.

કેવળજ્ઞાની અર્થાત અનંતજ્ઞાની, સર્વજ્ઞ મહાપુરૂષો ઇન્દ્રિયો વગર સીધા આત્માથી જ જાણે છે. એ રીતે અનંતદર્શની, કેવળદર્શની-સર્વદર્શી આત્માઓ ઇન્દ્રિયો વગર સીધા આત્મા દ્વારા જ જોઇ શકે છે. આથી કેવળજ્ઞાની-કેવળદર્શની જ આત્મજ્ઞાની-આત્મદ્દષ્ટા કહેવાય છે. અન્ય બધા તે તે કર્માવરણગ્રસ્ત છદ્મસ્થ જીવ આત્મજ્ઞાતા-આત્મદ્દષ્ટા કહેવાતા નથી. એ ઇન્દ્રિયોથી જાણનાર તથા જોનાર ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ્ઞાતા, ઇન્દ્રિય દર્શન દ્દષ્ટા કહેવાય છે.

## ઇન્દ્રિયોથી જાણવું-જોવું



જ્ઞાનાવરણીય-દર્શનાવરણીયાદિ કર્મોથી ગ્રસ્ત છદ્‌મસ્થ સંસારી આત્મા ઇન્દ્રિયો દ્વારા જ જાણવા-જોવા વગેરેનો વ્યવહાર કરે છે. કારણ કે છદ્‌મસ્થ સંસારી આત્માના અનંતજ્ઞાન-દર્શનાદિ ગુણો તેવા પ્રકારના જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય આદિ કર્મોના ભારથી દબાઇ ચૂક્યા છે. ઢંકાઇ ગયા છે. આવો સંસારી આત્મા સંસારમાં શરીર વગર તો રહી જ શકતો નથી. એને કોઇને કોઇ શરીરમાં જ રહેવું પડે છે એટલે સંસારી આત્મા દેહધારી કહેવાય છે. મકાનનાં બારી બારણાંની જેમ શરીરમાં ઇન્દ્રિયો છે, જે બારી-બારણાનું કામ કરે છે. મકાનમાં જેમ બારી-બારણાંમાંથી હવા પ્રકાશ આદિ આવે છે એ જ રીતે દેહધારી આત્મામાં શરીરના બારી બારણારૂપ ઇન્દ્રિયોમાંથી જ્ઞેય-દશ્ય આત્માની અંદર આવે છે. ઇન્દ્રિયો પાંચ છે. પાંચે ય ઇન્દ્રિયોનું કામ આત્મા સુધી જ્ઞેય-દશ્યમાન પદાર્થોનું જ્ઞાન પહોંચાડવાનું છે. કર્માવરણને કારણે આત્માનું પોતાનું પૂર્ણજ્ઞાન-જ્ઞાતા દષ્ટાભાવ દબાયેલો-આચ્છાદિત હોવાને કારણે આત્મા ઇન્દ્રિયોની સીમિત શક્તિથી સીમિત જ જાણવા જોવાનું કામ કરે છે. આથી જ્ઞાતા દષ્ટા સ્વભાવ હોવા છતાં પણ આત્મા જ્ઞાન-દર્શન પૂર્ણ ન કરતાં ઇન્દ્રિયોથી અપૂર્ણ અને અલ્પ જ્ઞાન દર્શન કરે છે.


**ઇન્દ્રિયો**

ઇન્દ્રિયો — અતીન્દ્રિય (અનીન્દ્રિય)

ઇન્દ્રિયો: સ્પર્શેન્દ્રિય રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય કર્ણેન્દ્રિય

અતીન્દ્રિય (અનીન્દ્રિય): મન

સંસારમાં મૂળભૂત પદાર્થો બે છે - (૧) જીવ અને (૨) અજીવ. સંસારમાં જીવ અને અજીવ સંયોગી દ્રવ્યો છે એટલે કે એક બીજાની સાથે સંયોગ-વિયોગ થતો રહે છે. જીવ-અજીવનો સંયોગ-વિયોગ જ સંસાર છે. અજીવમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ ઉપરાંત પાંચમો પુદ્‌ગલ પદાર્થ પણ છે.




પુદ્‌ગલની પર્યાયો અનંત છે. પુદ્‌ગલમાં જે વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનું સ્વરૂપ પડ્યું છે, એને ગ્રહણ કરવા માટે આત્મા પોતપોતાની ઇન્દ્રિયોને તે તે વિષયોવાળી બનાવે છે. પુદ્‌ગલ પદાર્થના વર્ણ-રંગને જોવા માટે જીવે ચક્ષુરિન્દ્રિય બનાવી. ચક્ષુરિન્દ્રિય થી જીવ લાલો, પીળો આદિ રંગ જોઇ શકે છે. પુદ્‌ગલ પદાર્થમાં રહેલ સુગંધ, દુર્ગંધને જીવ ઘ્રાણેન્દ્રિય દ્વારા ગ્રહણ કરે છે. પુદ્‌ગલ પદાર્થોના હલકા, ભારે, મૃદુ, કર્કશ, ઠંડા, ગરમ, કોમળ - સ્નિગ્ધ-રુક્ષ આદિ સ્પર્શોને ગ્રહણ કરવા માટે જીવે સ્પર્શેન્દ્રિય-

ચામડી બનાવી ધ્વનિ અને શબ્દને ગ્રહણ કરવા માટે જીવે શ્રવણેન્દ્રિય કાન બનાવ્યા. આ રીતે જીવે પુદ્ગલ પદાર્થોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ સ્વરૂપને પોતાના જ્ઞાનના વિષયો બનાવવા માટે ઇન્દ્રિયોનો ઉપયોગ કર્યો. આત્મા સુધી જ્ઞેય પદાર્થોના જ્ઞાનને પહોંચાડવા માટે ઇન્દ્રિયો ટપાલી જેવું કામ કરે છે. આથી આ ઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. જ્ઞાતા દૃષ્ટા ભાવવાળો સ્વયં આત્મા હોવા છતાં પણ સ્વગુણ ઘાતક કર્મથી દબાયેલો હોવાને લીધે, આત્માએ જ્ઞાન પ્રાપ્તિના કાર્યમાં ઇન્દ્રિયોની સહાયતા લીધી. આથી જ્ઞાતા દૃષ્ટા આત્મા જ્ઞાન દર્શનનું એટલે કે જાણવા જોવાનું કાર્ય ઇન્દ્રિયોની મદદથી કરવા લાગ્યો. ઇન્દ્રિયો જાણવા-જોવાનું કામ કરે છે, કારણ કે સર્વજ્ઞાન વ્યવહારૂ છે.
કર્મશાસ્ત્રકારોએ જ્ઞાન-દર્શનના કાર્યના આધારે ઇન્દ્રિયોનાં કાર્યોના બે વિભાગ પાડ્યા.

**દર્શન**

- ચક્ષુ દર્શન
  - આંખથી જોવાનું કાર્ય ચક્ષુરિન્દ્રિય દર્શન
- અચક્ષુ દર્શન
  - સ્પર્શેન્દ્રિય દર્શન
  - રસનેન્દ્રિય દર્શન
  - ઘ્રાણેન્દ્રિય દર્શન
  - શ્રવણેન્દ્રિય દર્શન

અચક્ષુ દર્શન શબ્દ પ્રયોગથી ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયોનો સમાવેશ કર્યો છે. આ રીતે પાંચે ય ઇન્દ્રિયો આત્મા સુધી દૃશ્ય મોકલે છે. આત્માને પદાર્થોનું દર્શન કરાવવાનું કામ ઇન્દ્રિયો કરે છે. દર્શન થી (જોવાથી) જ્ઞાન થાય છે.

## ઇન્દ્રિયોથી જ્ઞાન યા દર્શન ?

પ્રશ્ન ઊભો થાય છે કે ઇન્દ્રિયોથી જ્ઞાન થાય છે કે દર્શન થાય છે? ઇન્દ્રિયો જ્ઞાન કરાવે છે કે દર્શન કરાવે છે ? ઇન્દ્રિયોને જ્ઞાનેન્દ્રિયો કહેવી કે દર્શનેન્દ્રિયો કહેવી? ચિંતક જ્ઞાની જ આ વિષયમાં સ્વયં ચિંતન કરે. વિચાર કરવાથી એવું લાગે છે કે-આત્મા સ્વયં જ્ઞાન દર્શન આદિ યુક્ત જ્ઞાતા દૃષ્ટા ભાવવાન છે. જો આત્મા સ્વયં કર્મ રહિત હોત તો ઇન્દ્રિયોની મદદ વગર જ સ્વયં અનંત જ્ઞાન દર્શનથી અનંત પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન-દર્શન કરી લેત.પરંતુ જ્ઞાનાવરણીય દર્શનાવરણીયાદિ કર્મગ્રસ્ત આત્મા કર્માવરણને કારણે અનંત જ્ઞાન દર્શન કરી શકતો નથી. તે ઇન્દ્રિયોની મદદથી જ જ્ઞેય-દૃશ્યમાન પદાર્થોનું જ્ઞાન પામે છે-દર્શન કરે છે. આથી ઇન્દ્રિયો આત્મા માટે જ્ઞાન સહાયક હોવાને કારણે જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે.

જ્ઞેય પદાર્થોનું જ્ઞાન ઇન્દ્રિયો સ્વયં નથી કરતી, કારણ કે જ્ઞાન કરવું એ આત્માનું કામ છે, આત્મા જ જ્ઞાનવાન ચેતન દ્રવ્ય છે અને ઇન્દ્રિયો જડ છે. જડ જ્ઞાનવાન નથી હોતું. આત્મા ઇન્દ્રિયોની સહાયતાથી જ્ઞેય પદાર્થોનું જ્ઞાન કરી શકે છે. એ જ રીતે દર્શન પણ કરી શકે છે. આથી જ્ઞાન દર્શન કરવું એ ઇન્દ્રિયોનું કામ નથી પરંતુ આત્માનું કામ છે. જ્ઞાતા-દૃષ્ટાગુણવાન આત્મા છે, નહી કે ઇન્દ્રિયો.

ઇન્દ્રિયો આત્માને ટપાલીની માફક સહાયક બને છે. એ પદાર્થના વર્ણ ગંધ

આદિ બતાવી દેશે. પરંતુ આગળ જ્ઞાન તો આત્મા જ કરશે. ઉદાહરણ તરીકે સમજીએ- આંખે એક વ્યક્તિને જોઇને એનાં રૂપરંગાદિને આત્મા સુધી પહોંચાડયાં. પણ એ પુત્ર છે કે પિતા છે? કાકા છે કે મામા ? ઇત્યાદિ વિશેષ ભેદ જ્ઞાન આત્મા જ કરશે. આંખથી એક વૃક્ષ જોયું-વૃક્ષના ફળ, ફૂલ, પાન આદિના રૂપરંગ આંખે આત્માને પહોંચાડયાં પણ આ વૃક્ષ શાનું છે, કેરીનું કે ચીકુનું ? લીંબુનું છે કે સંતરાનું ? આ ભેદ જ્ઞાન અને નિર્ણય આત્મા જ કરશે.

આ જ રીતે ધ્વનિને આત્મા સુધી પહોંચાડવાનું કામ કર્ણેન્દ્રિય કરે છે. પરંતુ સાંભળીને હર્ષ-શોકાદિનો નિર્ણય આત્મા જ કરે છે. એ રીતે ઘ્રાણેન્દ્રિય ગંધ, રસનેન્દ્રિય ખાટું, મીઠું આદિ રસ. સ્પર્શેન્દ્રિય ઠંડું-ગરમ આદિ સ્પર્શ આત્મા સુધી પહોંચાડવાનું કામ કરે છે. પણ વિશેષ નિર્ણય આત્મા જ કરે છે. આ રીતે પાંચ ઇન્દ્રિયો ૨૩ પ્રકારના વિષયો આત્મા સુધી પહોંચાડે છે, આત્મા એનું જ્ઞાન અને દર્શન કરે છે.

| ક્રમ | ઇન્દ્રિયો | સ્થાન | વિષય | ભેદ | જ્ઞાનદર્શનાદિ |
|---|---|---|---|---|---|
| ૧ | સ્પર્શેન્દ્રિય | ચામડી | સ્પર્શ | ૮ | ઠંડું ગરમ આદિ |
| ૨ | રસનેન્દ્રિય | જીભ | રસ | ૫ | ખાટું-મીઠું વગેરે |
| ૩ | ઘ્રાણેન્દ્રિય | નાક | ગંધ | ૨ | સુગંધ દુર્ગંધ વ. |
| ૪ | ચક્ષુરિન્દ્રિય | આંખ | વર્ણ | ૫ | લાલ લીલો વ. |
| ૫ | કર્ણેન્દ્રિય | કાન | ધ્વનિ | ૩ | જડ ચેતન આદિ |



પાંચ ઇન્દ્રિય

અને વિશેષ જ્ઞાનને જ્ઞાન કહે છે. ઇન્દ્રિયોથી જોવા આદિની ક્રિયામાં સર્વપ્રથમ વસ્તુનો સામાન્ય બોધ અર્થાત્ દર્શન થાય છે અને પછીથી વિશેષ બોધ-જ્ઞાન થાય છે. આત્મા જ્ઞેય પદાર્થોને જોઇને જ્ઞાન કરે છે. આત્મા સ્વયં પોતાની દર્શન શક્તિથી પદાર્થોને જુએ છે; અને જોયેલા પદાર્થોને જ્ઞાનગુણથી જાણે છે, કર્માવરણગ્રસ્ત આત્માના જ્ઞાન દર્શનાદિ ગુણો તેવા પ્રકારનાં કર્મોથી દબાયેલાં હોય છે. તેથી જોવું જાણવું વગેરેમાં ઇન્દ્રિયો મદદ કરે છે. જ્ઞાન અને જ્ઞાનાવરણીય કર્મના વિષયમાં પહેલાં વિસ્તૃત ચર્ચા કરી દીધી છે. પ્રસ્તુત પ્રવચનમાં દર્શનગુણ અને દર્શનાવરણીય કર્મ પર વિચાર કરી રહ્યા છીએ. આત્માના દર્શનને ઢાંકનાર દર્શનાવરણીય કહેવાય છે. 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' માં એના અવાંતર ભેદ નવ બતાવવામાં આવ્યા છે.

## દર્શનાવરણીય કર્મ

દર્શન ૪ — નિદ્રા ૫

ચક્ષુદર્શન  અચક્ષુદર્શન  અવધિદર્શન  કેવલદર્શન

**चक्खुमचक्खु ओहिस्स, दंसणे केवले य आवरणे।**
**एवं तु नवविगप्पं, नायव्वं दंसणावरणं ॥६॥**

**(उत्तरा. अ. ३३-६)**

નિદ્રા  નિદ્રાનિદ્રા  પ્રચલા  પ્રચલા-પ્રચલા  થિણદ્ધિ

**निद्दा तहेव पयला, निद्दानिद्दा य पयला पयला य ।**
**तत्तो य थीणगिद्धी पंचमा होइ नायव्वा ॥ ५ ॥**

**(उत्तरा. अ. ३३-६)**

**દર્શનાવરણ તે વરણવું, નવ પગઇ દુર્દંત ।**
**દર્શન નિદ્રા ભેદથી,ચઉ પણ કહે અરિહંત ॥૧॥**

- ચોસઠ પ્રકારી પૂજામાં વીરવિજયજી મહારાજે દર્શનાવરણીય કર્મના મુખ્ય બે ભેદ બતાવીને પછી ૯ ભેદ કર્યા છે. ૪ પ્રકારના દર્શનાવરણ અને ૫ પ્રકારની નિદ્રા, આ રીતે બધી મળીને ૯ પ્રકૃતિઓ દર્શનાવરણીય કર્મની છે. ચારેય દર્શનાવરણીય કર્મની પ્રકૃતીઓ આત્માથી થતા દર્શનગુણને આવૃત્ત કરે છે-રોકે છે. અને પાંચે ય પ્રકારની નિદ્રા જ્ઞાન દર્શનની પ્રક્રિયામાં આત્માની જાગૃત અવસ્થાને રોકે છે. આ નવ પ્રકૃતિઓનો અર્થ કર્મગ્રંથકારે આ રીતે બતાવ્યો છે.

**चक्खु-दिट्ठि-अचक्खू-सेसिंदिए-ओहि केवलेहिं च ।**
**दंसणमिह सामन्नं तस्सा-ऽवरणं तयं चउ-हा ॥१०॥**

ચક્ષુ-આંખ, યા દષ્ટિ, અચક્ષુ અર્થાત્ શેષ ચાર ઇન્દ્રિયો (મન પણ લેવામાં આવ્યું છે.) અવધિ અને કેવળદર્શન દ્વારા સામાન્યાકાર જ્ઞાનને દર્શન કહે છે. આ ચાર પ્રકારનાં દર્શનો પર આવનાર કર્માવરણને દર્શનાવરણીય કર્મ કહે છે. એ ક્રમશઃ આ ચાર ગુણોને

આ રીતે ઇન્દ્રિયો ૨૩ વિષયોનાં જ્ઞાન-દર્શન સ્વયં ન કરતાં આત્માને કરવામાં સહાય કરે છે.

## ચક્ષુ અચક્ષુ દર્શન

કર્મગ્રંથકાર મહર્ષિએ કર્મગ્રંથમાં દર્શનાવરણીય કર્મમાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એવા બે ભેદ પાડ્યા છે. એનો અર્થ બતાવતાં લખ્યું છે કે: (૧) ચક્ષુદર્શન અહીં આંખ,ચક્ષુ, નેત્રો અને અચક્ષુ શબ્દમાં 'અ' અક્ષર નિષેધાત્મક છે. અર્થાત્ ચક્ષુ નહીં પરંતુ ચક્ષુ અતિરિક્ત અન્ય ઇન્દ્રિયો એ અર્થ કર્યો છે. આ રીતે ચક્ષુ-અચક્ષુ એ બે વિભાગોમાં પાંચે ઇન્દ્રિયો વિભાજિત કરી છે.

પ્રશ્ન અહીં એ ઊભો થાય છે કે ચક્ષુદર્શન કહ્યું, એ તો ઠીક છે કેમ કે આંખોથી જોવાનું હોય છે. એટલા માટે આંખોથી જોવાને કારણે ચક્ષુદર્શન કહેવું એ યોગ્ય છે. પરંતુ અચક્ષુદર્શન કેવી રીતે યોગ્ય છે ? કારણ કે અચક્ષુ અર્થાત્ ચક્ષુ સિવાય અન્ય ઇન્દ્રિયોથી જોવાનું બનતું નથી. એના ઉત્તરમાં કહેવાય છે કે - ચક્ષુથી અતિરિક્ત અન્ય ઇન્દ્રિયોથી પણ જે પુદ્ગલ પદાર્થોના સ્પર્શ, રસાદિ વિષયોને આત્મા સુધી પહોંચાડે છે. એ પણ આત્મા માટે જ્ઞાન-દર્શનકારક જ બને છે. જો કે ચક્ષુથી ઇતર ઇન્દ્રિયોથી આંખની જેમ જોવાનું હોતું નથી. છતાં પણ સ્પર્શ-રસાદિનો અનુભવ જ્ઞાન-દર્શનાત્મક હોય છે. આથી ચક્ષુ અને અચક્ષુ દર્શન કહેવું ઉચિત છે.

આંખ જોવાના માધ્યમથી વર્ણાદિ-રૂપ રંગ વિષયોને આત્મા સુધી પહોંચાડે છે, કાન સાંભળવાના માધ્યમથી શબ્દ ધ્વનિને આત્મા સુધી પહોંચાડે છે. નાક સૂંઘવાના માધ્યમથી ગંધના વિષયને આત્મા સુધી પહોંચાડે છે. જીભ ચાખવાના માધ્યમથી ખારા મીઠા વિષયોને આત્મા સુધી પહોંચાડે છે. સ્પર્શેન્દ્રિય-ત્વચાના માધ્યમથી ઠંડા-ગરમ આદિ સ્પર્શના વિષયોને આત્મા સુધી પહોંચાડે છે. દરેક ઇન્દ્રિયનું આત્મા સુધી વિષયોને પહોંચાડવાનું કામ એક જેવું જ છે. આત્માના જ્ઞાન દર્શનમાં સર્વ ઇન્દ્રિયો નિમિત્ત-સહાયક બને છે, આથી ચક્ષુ-અચક્ષુ દર્શન બંને સંજ્ઞાઓ યોગ્ય જ છે.

## દર્શન ગુણ અને દર્શનાવરણીય કર્મ

'દર્શન' શબ્દનો અર્થ છે, 'જોવું'. દર્શન એ આત્માનો ગુણ છે. જ્ઞાતા દૃષ્ટા લક્ષણવાન આત્મા જ્ઞાનગુણને કારણે જ્ઞાતા એન દર્શન ગુણને કારણે દૃષ્ટા કહેવાય છે. જ્ઞાનથી જાણવાની ક્રિયા થાય છે, અને દર્શનથી જોવાની ક્રિયા થાય છે. જ્ઞાન-દર્શન સહભાવી ગુણો છે; અર્થાત્ અન્યોન્ય મળીને સાથે રહે છે. જાણવા જોવાની ક્રિયા વગર કોઇ વિશેષ અંતરથી-એટલે કે કોઇ અંતર વગર જ એક સાથે થાય છે. આથી આત્માના જ્ઞાન દર્શન ગુણ ઉપર આધારિત જ્ઞાતા દૃષ્ટા ભાવ એક સાથે રહે છે.

જ્ઞાન દર્શન ગુણ ક્રિયા અને શક્તિ ઉભય રૂપમાં વ્યવહરિત છે. દર્શન સામાન્યાકાર હોય છે, જ્યારે જ્ઞાન વિશેષાકાર હોય છે. સામાન્ય જ્ઞાનને દર્શન કહે છે ઢાંકનારૂહોવાથી આ નામથી જ કર્મ કહેવાય છે: (૧) ચક્ષુ દર્શનાવરણીય કર્મ(૨) અચક્ષુ

દર્શનાવરણીય કર્મ (૩) અવધિ દર્શનાવરણીય કર્મ (૪) કેવળ દર્શનાવરણીય કર્મ.

**(૧) ચક્ષુ દર્શનાવરણીય કર્મ -**

ચક્ષુ-આંખથી થનાર દર્શનને રોકનાર-આચ્છાદિત કરનારૂ ચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અર્થાત્ ચક્ષુ-દર્શનને ઢાંકનાર ચક્ષુ દર્શનાવરણીય કર્મ છે.

**(૨) અચક્ષુ દર્શનાવરણીય કર્મ -**

અચક્ષુ અતિરિક્ત ચારે ય શેષ ચાર ઇન્દ્રિયો (સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, શ્રવણેન્દ્રિય)થી થનાર સામાન્યાકાર બોધરૂપ દર્શનને રોકનાર-આચ્છાદક ને અચક્ષુ દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**(૩) અવધિ દર્શનાવરણીય કર્મ -**

અવધિ એટલે નિયત ક્ષેત્રના અંતર-મર્યાદાના પ્રદેશ સુધી જોવાની આત્માની શક્તિ. અવધિ દર્શન ગુણને રોકનાર અવધિ દર્શનાવરણીય કર્મ કહેવાય છે. અર્થાત્ અવધિજ્ઞાનની પૂર્વે થનાર રૂપી દ્રવ્ય વિષયક સામાન્યાકાર બોધ સ્વરૂપ દર્શનને રોકનાર અવધિ દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

**(૪) કેવળ દર્શનાવરણીય કર્મ -**

અનંત લોકાલોકાકાશ સુધી જોવાના આત્માના કેવળદર્શન ગુણને રોકનાર-આચ્છાદક કર્મ કેવળ દર્શનાવરણીય કર્મ કહેવાય છે. અર્થાત્ લોકાલોકાકાશનાં સર્વ દ્રવ્ય વિષયક સામાન્યાકાર જ્ઞાન રૂપ દર્શનનું આવરક કેવળ દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

'આત્માનો સામાન્ય ઉપયોગ અર્થાત્ પદાર્થને સામાન્યાકાર રૂપથી જોવું એ આ દર્શન કહેવાય છે, અને વિશેષ ઉપયોગ અર્થાત સામાન્યાકારથી જોયેલા પદાર્થોને જ વિશેષ રૂપથી જાણવા એ જ્ઞાન કહેવાય છે. આ પ્રક્રિયા છદ્મસ્થ-કર્મગ્રસ્ત સંસારી જીવને પ્રથમ સામાન્યોપયોગી દર્શન અને પછી વિશેષોપયોગી જ્ઞાન થાય છે. અને જ્ઞાનમાં એનો વિશેષાકાર બોધ થાય છે. છદ્મસ્થ-સંસારી જીવને પહેલાં દર્શન અને પછી જ્ઞાન થાય છે. અર્થાત્ કર્માવરણથી દબાયેલ આત્માને પ્રથમ દર્શનનો ઉપયોગ અને પછી જ્ઞાનનો ઉપયોગ થાય છે. પરંતુ ઘાતી કર્માવરણ રહિત કેવલી સર્વજ્ઞને પ્રથમ સમયે કેવળજ્ઞાન થાય છે અને બીજા સમયે દર્શન થાય છે. આ એક સમય સ્થિતિવાળું હોય છે.

કોઇ પણ એક કામ કરતી વખતે ભિન્નભિન્ન વસ્તુના સંબંધમાં સાકાર અને નિરાકાર બે પ્રકારના ઉપયોગ હોય છે; પરંતુ આ બે આપણા ખ્યાલમાં નથી આવતા. જે ઉપયોગ ખ્યાલમાં આવવા જેવા સ્પષ્ટ થાય છે એ સાકારોપયોગ કહેવાય છે, અને પ્રવર્તમાન હોવા છતાં પણ ખ્યાલમાં ન આવે એવા ઉપયોગને નિરાકારોપયોગ કહે છે. સ્પષ્ટ-વ્યક્ત ઉપયોગને સાકારોપયોગ કહે છે, અને અસ્પષ્ટ-અવ્યક્ત ઉપયોગને નિરાકારોપયોગ કહે છે.

પાંચ ઇન્દ્રિયોને મનની સહાયતાથી જે જે ઉપયોગ પ્રવર્તમાન થાય છે તથા તેમના ઉપયોગનો જે આકાર બીજા પણ સમજી શકે એવો સ્પષ્ટ હોય, એને સાકારોપયોગ

(જ્ઞાન) કહે છે. તેમજ પાંચ ઇન્દ્રિયો અને છટ્ઠા મનથી ઉપયોગ પ્રવર્તમાન હોવા છતાં પણ જેનો આકાર સ્પષ્ટ થતો નથી, એને નિરાકારોપયોગ કહે છે. આ નિરાકારોપયોગ અર્થાત્ એક પ્રકારનું નિર્વિકલ્પ જ્ઞાન જ છે, સાકારોપયોગ સવિકલ્પ જ્ઞાન હોય છે. બંને ઉપયોગ જ્ઞાનની જ જાતિ છે; પરંતુ સાકારજ્ઞાન અને નિરાકારજ્ઞાનના ભેદ સ્પષ્ટ કરવા માટે સાકાર 'જ્ઞાન' શબ્દથી અને નિરાકાર 'દર્શન' શબ્દથી શાસ્ત્રોમાં વર્ણિત છે. દર્શન પણ એક પ્રકારનું જ્ઞાન જ છે, પરંતુ સાકાર-સ્પષ્ટ ન હોવાથી,નિરાકાર-નિર્વિકલ્પ હોવાથી એને 'દર્શન' કહેવામાં આવે છે.

દર્શન

ઇન્દ્રિય દર્શન — અવધિ દર્શન — કેવળ દર્શન

(ઇન્દ્રિય દર્શન:) ચક્ષુરિન્દ્રિય — અચક્ષુરિન્દ્રિય

આમાં પહેલાં ઇન્દ્રિયદર્શનના ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન-બે ભેદ કરીને કુલ દર્શનના ચાર પ્રકારો માન્યા છે

**चक्षुरिन्द्रिय विषयक सामान्यावबोधरूपत्वं चक्षुदर्शनस्य लक्षणम्** ચક્ષુ ઇન્દ્રિયના વિષયનું જે સામાન્ય બોધરૂપ નિરાકાર-નિર્વિકલ્પ જ્ઞાન થાય છે અને ચક્ષુદર્શન કહે છે.

**चक्षुर्वर्ज्या परिन्द्रिय-मनोविषयक सामान्यावबोधरूपत्वम-चक्षुदर्शनस्य लक्षणम्।** ચક્ષુ ઇતર અન્ય ચાર ઇન્દ્રિયો અને મનથી થનાર દર્શનને અચક્ષુદર્શન ગણાય છે. વાસ્તવમાં અચક્ષુ દર્શન અર્થાત્ ચક્ષુ સિવાય અન્ય ઇન્દ્રિયો અને મનથી જે નિરાકાર ઉપયોગ પ્રવર્તે છે એને અચક્ષુ દર્શન કહ્યું છે.

**अवधिदर्शनावरणक्षयोपशमादिवशाद् विशेषग्रहणवैमुख्येन रूपिद्रव्यविषयक सामान्यबोधरूपत्वमवधिदर्शनस्य लक्षणम्।** નિયત ક્ષેત્રાવધિ પરિમિત લોકના રૂપી પુદ્ગલ પદાર્થને જોવા અથવા એનો સામાન્ય રૂપથી નિરાકાર બોધ એ અવધિ દર્શનનું કામ છે, એનાથી પાછળથી સાકારોપયોગ વિશેષ બોધ અવધિજ્ઞાન રૂપ થાય છે.

મનઃપર્યવને જ્ઞાન બતાવ્યું છે પરંતુ મનઃપર્યવનું અલગ સ્વતંત્ર દર્શન નથી બતાવ્યું, તેનું કારણ બતાવતાં કહ્યું છે કે મનઃપર્યવજ્ઞાની તથાવિધ ક્ષયોપશમની વિશાળતાને કારણે પહેલાં યા પાછળથી પણ મનના ભાવ વિશેષ રૂપથી ગ્રહણ કરે છે. જાણે છે. ત્યાં સામાન્યરૂપ નિરાકાર બોધ નથી થતો, પરંતુ પહેલાં અને પછી બંને ય અવસ્થામાં સાકાર-વિશેષ સ્પષ્ટ બોધ થાય છે. આથી મનઃપર્યવજ્ઞાનનું દર્શન ન થતાં સીધું જ્ઞાન જ થઇ જાય છે. સર્વજ્ઞ પ્રભુએ આગમમાં ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ આ ચાર પ્રકારનાં દર્શન બતાવ્યાં છે. મનઃપર્યવને સ્વતંત્ર રૂપે દર્શન બતાવ્યું નથી.

**દર્શનાવરણીય કર્મની ઉપમા**

**पड-पडिहार-सि-मज्ज, हडचित्त-कुलाल-भंडगारीणं ।**
**जह एएसिं भावा, कम्माण वि जाण-तह भावा ॥३८॥**

'નવતત્ત્વ પ્રકરણ' ની પ્રસ્તુત ૩૮ મી ગાથામાં આઠે ય કર્મોને વિવિધ પ્રકારની ઉપમાઓ આપીને સમજાવ્યું છે. જેવી રીતે આપણે કોઇ વાતને દૃષ્ટાન્ત તથા ઉદાહરણ થી સમજાવીએ એ રીતે ક્યા કર્મનું કાર્ય કેવું છે, એ ઉપમાઓના આઠ દૃષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવ્યું છે. ગાથામાં દર્શનાવરણીય કર્મની ઉપમા માટે 'પડિહાર' શબ્દ સૂચિત છે. આ પ્રાકૃત શબ્દ છે, એનો સંસ્કૃતમાં 'પ્રતીહારી' અર્થાત્ દ્વારપાળ એવો અર્થ થાય છે.

પ્રથમ કર્મગ્રંથની નવમી ગાથામાં – **'वित्ति समं दंसणावरणं'** આ અંતિમ ચરણ દર્શનાવરણીય કર્મના સ્વભાવને સમજવા માટે પૂ. દેવેન્દ્રસૂરિ મહારાજે રાખ્યું છે. અહીં પ્રયુક્ત **'वित्ति'** એટલે દ્વારપાળ – અંગ્રેજીમાં જેને WATCHMAN કહીએ છીએ. **'जह एएसिं भावा कम्माण वि जाण तह भावा'**એટલે કે જેવા જે ઉપમાઓના ભાવ, એવા આઠ કર્મોના ભાવ એટલે સ્વભાવ.

જેમ એક રાજમહેલના દ્વારે દ્વારપાળ–પ્રતીહારી ઊભો છે. દ્વારપાળનું કાર્ય છે– કોઇ પણ વ્યક્તિને રાજમહેલમાં જતી રોકવી. માણસ રાજાને મળવા માટે આવ્યો હોય, રાજાનાં દર્શન કરવા આવ્યો હોય, તેની પૂરી ઇચ્છા હોય તો પણ દ્વારપાળ એને રોકે તેથી એ રાજાના દર્શન નથી કરી શકતો એટલે કે રાજાને મળી શકતો નથી. બરાબર આ જ રીતે દર્શનાવરણીય કર્મ 'દર્શન' ને રોકે છે. રોકવાનું કામ કરે છે. દ્વારપાળ જેવા સ્વભાવનું આ દર્શનાવરણીય કર્મ આત્માના ગુણરૂપી મહેલની સામે ઊભું છે, જે આત્માને જગતના અનંત પદાર્થોને જોવા દેતું નથી. જોવાની શક્તિને દબાવી દે છે. કુંઠિત કરી દે છે. અથવા તો આત્માને નિદ્રાગ્રસ્ત કરીને સૂવાડી દે છે, જેથી આત્મા કશું પણ જોઇ ન શકે. જેવી રીતે દ્વારપાળને આધીન રાજા હોય છે એ રીતે દર્શનાવરણીય કર્મને કારણે આત્મા ઇન્દ્રિયોને આધીન થઇ જાય છે. નિદ્રામાં પડેલ આત્મા નિશ્ચેષ્ટ થઇ જાય છે એટલે કોઇ પણ ઇન્દ્રિયથી કોઇ પણ વિષય ગ્રહણ કરી શકતો નથી. આત્મા ભાન ભૂલીને નિદ્રામાં પડી રહે છે. આ દર્શનાવરણીય કર્મનું કાર્ય છે.

## ઇન્દ્રિયો

ઇન્દ્રિયો જડ છે અને આત્મા ચેતન છે. ઇન્દ્રિયોની જેમ મન પણ જડ છે. જ્ઞાતા દૃષ્ટા ભાવવાળો આત્મા પોતાના જ્ઞાન દર્શન આદિ ગુણોથી પોતે જે કંઇ જાણી શકતો હતો–જોઇ શકતો હતો એની તમામ ક્રિયા કર્મના ઉદયને કારણે બંધ થઇ ગઇ– કર્મદ્વારા આત્માની શક્તિઓ અને ગુણો આચ્છાદિત થઇ ગયા. કર્મયોગથી બનેલાં તેવા પ્રકારનાં શરીર, ઇન્દ્રિયો અને મનની વચ્ચે બેઠેલા આત્માએ હવે એમના માધ્યમ દ્વારા જ ક્રિયા કરવી પડે છે. આથી આજે પણ કર્મગ્રસ્ત એવો આપણો આત્મા ઇન્દ્રિયોના માધ્યમથી જુએ છે અને જાણે છે. મનના માધ્યમથી વિચારે છે અને શરીરના માધ્યમથી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

તેવા પ્રકારનાં કર્મોને કારણે સર્વ જીવોને ઓછા વત્તા પ્રમાણમાં ઇન્દ્રિયો મળે

છે. પોતાના જન્મસ્થાનમાં જઇને જીવ પર્યાપ્ત અપર્યાપ્ત નામના નામ કર્મથી ૬ પર્યાપ્તિઓ માંથી ન્યૂનાધિક પર્યાપ્તિઓ પૂરી કરે છે. આ પ્રક્રિયામાં આહારથી શરીર અને શરીરમાં ઇન્દ્રિયો બનાવવાનું કામ આત્મા કરે છે. ગતિ નામ કર્મના આધારે આત્મા દેવ, મનુષ્ય, નરક યા તિર્યંચ ગતિમાં જાય છે, અને એ ગતિઓમાં જાતિ નામ કર્મના આધારે એકથી પાંચ સુધી ની વત્તી ઓછી ઇન્દ્રિયો બને છે.

તિર્યંચગતિમાં જીવ એક ઇન્દ્રિયથી લઇને પાંચ સુધી ઇન્દ્રિયો બનાવે છે. ચક્ષુ દર્શનાવરણીય કર્મના ઉદયથી એકન્દ્રિય તથા વિકલેન્દ્રિય જીવોને ઇન્દ્રિયો વત્તી ઓછી મળે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય જીવોને મૂળથી જ ચક્ષૂ મળતું નથી. આથી ચક્ષુ દર્શનાવરણીય કર્મ પુરૂ ઉદયમાં રહે છે, તથા અચક્ષુ દર્શનાવરણીય કર્મમાં એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય જીવોને વત્તી ઓછી ઇન્દ્રિયો મળે છે, અને કર્ણેન્દ્રિય નથી મળતી. વિકલેન્દ્રિયમાં ચાર ઇન્દ્રિયવાળા જીવોને ચક્ષુ મળે છે, પરંતુ શ્રવણેન્દ્રિય (કાન) નથી મળતા. આથી ચક્ષુ દર્શનાવરણીય અને અચક્ષુ દર્શનાવરણીય કર્મ બંને ઉદયમાં આવે છે.

એ રીતે પર્યાપ્ત પંચેન્દ્રિય જીવોમાં ચક્ષુ દર્શનાવરણીય કર્મ અને અચક્ષુ દર્શનાવરણીય કર્મ બંને ય ઉદયમાં રહે છે. અંગોપાંગ નામ કર્મ અને ઇન્દ્રિય પર્યાપ્તિનામ કર્મના ઉદયથી દ્રવ્ય ઇન્દ્રિયો બને છે. ભાવેન્દ્રિયો મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી બને છે. પરંતુ એકેન્દ્રિય આદિનો વ્યવહાર જાતિ-નામ કર્મના આધારે હોય છે.

## ઇન્દ્રિયોનો સદ્ુપયોગ

દશ પ્રકારના પ્રાણોમાં ઓછામાં ઓછા ચાર પ્રાણ અનિવાર્ય છે. (૧) શરીર (૨) ઇન્દ્રિય (૩) શ્વાસોચ્છ્વાસ (૪) આયુષ્ય. સંસારમાં કોઇ પણ આત્મા શરીર વગર રહી જ શકતો નથી. શરીર વગર ઇન્દ્રિયો હોતી નથી ઓછામાં ઓછી એક ઇન્દ્રિય તો હોય જ છે, અને વધારેમાં વધારે પાંચ ઇન્દ્રિયો અને મન. ૮૪ ના ચક્કરમાં પરિભ્રમણ કરતો આત્મા પંચેન્દ્રિય પર્યાયમાં અંતે મનુષ્ય બને છે. પંચેન્દ્રિય પર્યાય ચારે ગતિઓમાં છે. આજ આપણે અત્યંત દુર્લભ અને કીંમતી એવા મનુષ્ય જન્મમાં આવ્યાં છીએ. પાંચે ઇન્દ્રિયો આપણને પૂર્ણ મળી છે.

ઇન્દ્રિયોનું કાર્ય વર્ણ, ગંધ, રસાદિ ૨૩ વિષયોને ગ્રહણ કરવાનું છે. જન્મથી લઇને આજે આપણા જીવનના અંદાજે ૫૦-૬૦ વર્ષ વીતી ચૂક્યાં છે. આપણે વિચાર કરીએ કે મળેલી પાંચે ય ઇન્દ્રિયોનો આપણે કેટલો સદુપયોગ કર્યો છે ? કેટલો દૂરૂપયોગ કર્યો છે? યા તો અધિકાંશ દુરૂપયોગ જ કર્યો છે ? આટલો ઉત્તર તો આત્મ નિરીક્ષણ કરવાથી જ મળે છે.

લાગે છે એવું કે અધિકાંશ લોકોએ ઇન્દ્રિયોનો અને મનનો દુરૂપયોગ જ કર્યો છે, અને તે પણ વધારે પ્રમાણમાં. જો આપણે સ્વયં સ્વ આત્માને જ પ્રશ્ન કરીએ કે હે, જીવ! (૧) શું તેં જોવા લાયક હોય એ વધારે જોયું છે કે ન જોવા લાયક વધારે જોયું છે ? (૨) સાંભાળવા લાયક વધારે સાંભળ્યું છે કે ન સાંભળવા લાયક વધારે સાંભળ્યું છે ?

(૩) બોલવા જેવું વધારે બોલ્યો છે કે ન બોલવા જેવું વધારે બોલ્યો છે ? (૪) સૂંઘવા જેવું વધારે સૂંઘ્યું છે કે ન સૂંઘવા જેવું વધારે સૂંઘ્યું છે ? (૫) ખાવા જેવું વધારે ખાધું છે કે ન ખાવા જેવું વધારે ખાધું છે ? (૬) મને વિચારવા જેવું વધારે વિચાર્યું છે કે ન વિચારવા જેવું વધારે વિચાર્યું છે? પ્રત્યેક જીવને યોગ્યાયોગ અંગેનો વિચાર તો પ્રાયઃ થાય જ છે.

સંજ્ઞી-સમનસ્ક-વિચારશીલ જીવ પ્રત્યેક પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતો યોગ્યાયોગ્યનો વિચાર કરીને જ કાર્ય કરે છે. પરંતુ તીવ્ર રાગાદિ મોહ દશાને કારણે સ્વાર્થ વૃત્તિવશ ન કરવા યોગ્ય કાર્ય પણ કરી બેસે છે. સંસારમાં અધિકાંશ જીવો ન જોવા જેવું હોય એ જ વધારે જુએ છે-જોવા જેવું તો ઓછું જ જુએ છે. વાસ્તવમાં મળેલી આ ઇન્દ્રિયોનો સદુપયોગ નથી.

એ રીતે સર્વ ઇન્દ્રિયો અને મનથી કરવામાં આવેલો વિપરીત વ્યવહાર સદુપયોગ નથી, પરંતુ દુરૂપયોગ જ કહેવાશે. સદુપયોગ તો એને જ કહેવાય કે જેમાં ઇન્દ્રિયોના જોવા સાંભળવા આદિ વ્યવહાર પછી પણ આત્માને કર્મબંધ ન થાય અને કર્મની નિર્જરા થાય. શુભાશ્રવ, પુણ્ય, સંવર, નિર્જરા થાય. આટલા સુધી ઇન્દ્રિયોનો વ્યવહાર સારો કહેવાશે, પરંતુ પ્રાયઃ એવું જોવામાં આવે છે કે અધિકાંશ જીવો પુણ્યાશ્રવ-સંવર, નિર્જરાને બદલે અશુભ-આશ્રવ, પાપ અને કર્મબંધની પ્રવૃત્તિઓ વધારે કરે છે, રચ્યા પચ્યા જ રહે છે. પોતાના અનાચાર-દુરાચાર જોતા જ નથી અને પારકાના એવા અનાચાર-દુરાચારો વધારે જુએ છે. આ ઇન્દ્રિયોનો ભારે દુરૂપયોગ ગણાય છે. ઇન્દ્રિયો અને મનથી આખો વ્યવહાર ચાલે છે.

## ઇન્દ્રિયોના દુરૂપયોગની સજા

સર્વે ઇન્દ્રિયો જડ છે અને મન પણ જડ છે. એક માત્ર આત્મા જ ચેતન છે. જો આત્માએ ઇન્દ્રિયોના વ્યવહારનો દુરૂપયોગ કરીને કર્મ બાંધ્યાં, પાપ કર્યાં તો સજા આત્માએ જ ભોગવવી પડશે. ઇન્દ્રિઓ અને મન જડ હોવાથી કોઇ ક્રિયા નથી કરતાં. ક્રિયા કરનારો તો માત્ર આત્મા જ છે. આથી ઇન્દ્રિયોને અને મનને કોઇ કર્મબંધ થતા નથી, પરંતુ ઇન્દ્રિયો અને મનથી કર્મબંધ થાય છે. આથી કર્મની સજા, પાપની સજા ઇન્દ્રિયોને ભોગવવી પડતી નથી, એ તો આત્માએ જ ભોગવવી પડે છે.

'કર્મના ઘરમાં ઇન્દ્રિયોના દુરૂપયોગ રૂપ પાપની સજા અતિ ભારે, વિચિત્ર છે.' જે ઇન્દ્રિયાનો જીવે વધારે પડતો દુરૂપયોગ કર્યો હોય એ ઇન્દ્રિય એ જીવને આગળના જન્મમાં મળતી નથી. જે મનનો દુરૂપયોગ કર્યો હોય, જીવે એના દ્વારા વધારે પ્રમાણમાં ખરાબ વિચારો કર્યા હોય એને જન્માન્તરમાં મન વગરનો જન્મ મળે છે.

ઉદાહરણ તરીકે વિચારો કે કોઇએ આંખનો-ચક્ષુરિન્દ્રિયનો વધારે દુરૂપયોગ કર્યો હોય, અથવા જીવનભર ન જોવા જેવું જ વધારે પ્રમાણમાં જોયું હોય; તો એ પાપને કારણે જન્માન્તરમાં એ જીવને આંખ વગરનો જન્મ મળે છે. આંખ વગરનો જન્મ અર્થાત્

બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયવાળા કૃમિ, કીડી, મંકોડા વગેરેનો જન્મ ધારણ કરવા પડે છે. કૃમિ-કીડી, મંકોડાને આંખ કાન નથી હોતાં. આથી તે બેઇન્દ્રિય-તેઈન્દ્રિય જીવ કહેવાય છે. આવા જન્મ ધારણ કરતાં ઘણો લાંબો સમય વિતાવવો પડે છે. કર્મના ઘરમાં આ કેટલી ભારે સજા છે ! બરાબર એ જ રીતે માનો કે વિચારવા અંગેના કાર્યમાં મન સહાયક છે, એનો જો આપણે દુરૂપયોગ કર્યો તો જન્માન્તરમાં મન વગરનો જન્મ મળશે. ઇર્ષ્યા, દ્વેષ આદિ પ્રવૃત્તિથી જો આપણે બીજાંનું અહિત જ વિચાર્યું હશે. યા વિષય કષાયની પ્રવૃત્તિથી આપણે વિચારવામાં જો ખરાબ વિચાર્યું હશે તો ભારે પાપની સજા કરાવનારાં કર્મોનો બંધ થશે.

ફળસ્વરૂપ જીવને જન્માન્તરમાં મન વગરના જન્મો ધારણ કરવા પડશે. મન વગરના જીવને અસંજ્ઞી ભવ કહે છે. જેવા એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય ના સંમૂર્ચ્છિમમાં જન્મ મળે છે. કીડી, મંકોડા યા કીટ પતંગને મન મળતું નથી. આથી અહીં વિચારવાનું મનથી નથી થતું. આવા અનેક જન્મ.બહુ લાંબા કાળ સુધી વ્યતીત કરવા પડે છે. કર્મના ઘરમાં આ કેટલી ભારે સજા છે ? ઇન્દ્રિયો અને મન જો કે જડ છે તે પોતે જોવા, સાંભળવા, વિચારવાની ક્રિયામાં મનગમતું કરતાં નથી તે તો મુખ્ય કર્તા આત્માને આધીન છે. આત્મા ઇચ્છે એ પ્રમાણે એમનો ઉપયોગ કરી શકે છે. જેમ કે તલવારનો કેવો ઉપયોગ કરવો એ કર્તા એ વિચારવાનું છે. જો સદુપયોગ કરશે તો સ્વની રક્ષા થશે અને દુરૂપયોગ કરશે તો આત્મહત્યા પણ થઇ શકે છે.

ઇન્દ્રિયો અને મન પણ જડ છે. એમનો કેવો ઉપયોગ કરવો (સદુપયોગ યા દુરૂપયોગ) એ નિર્ણય આત્માએ જ કરવાનો હોય છે. આ અંગે ઉમાસ્વાતિજી મહારાજ 'પ્રશમરતિ' ગ્રંથમાં કહે છે :-

**स्वगुणाभासरतमते परवृतांतोधमूकबधिरस्य ।**
**मदमदनमोहमत्सर, रोषविशार्दरधृशस्य ॥**

પોતાના ગુણોના અભ્યાસમાં રત આત્માએ પારકાનાં નિમિત્તો-વૃત્તાંતો જોવામાં, સાંભળવામાં, બોલવામાં અંધ, મૂક અને બધિર બનવું એ જ લાભદાયક છે. અર્થાત્ પર પ્રપંચના પારકાના દોષ-દુર્ગુણ જોવામાં આપણે અંધની જેમ રહેવું. પરદોષ સાંભળવાના બહેરા રહેવું, પારકાના દોષો દુર્ગુણો અને નિંદાની વાતો બોલવામાં આપણે મૂક બનીને રહીએ એ જ હિતાવહ છે. આ રીતે આપણને મળેલી ઇન્દ્રિયોનો સાચો-સારો ઉપયોગ કરીએ એ જ સારી બાબત છે.

## ચક્ષુની દર્શન શક્તિનો સદ્દુપયોગ

આત્માના દર્શન ગુણને ક્રિયા રૂપે પરિણત કરીને પરમાત્મદર્શનથી દર્શનગુણ વિશુદ્ધ અને વિકસિત કરીએ. પરમાત્મદર્શન આધ્યાત્મિક સાધનાની એક અદ્દભુત પ્રક્રિયા છે. દર્શનીય પરમાત્મા છે અને દર્શનકર્તા પામરાત્મા છે. આત્માની સાથે પરમ અને પામર વિશેષણો જોડવાથી પરમાત્મા અને પામરાત્મા શબ્દો બને છે. આત્મસ્વરૂપે બંને

ય આત્માઓ સમાન છે. પરંતુ બંનેની વચ્ચે જે અંતર છે એ વિશેષણે સમજાવ્યું છે. પરમ એટલે સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ, સર્વોપરિ, સર્વકર્મરહિત, સર્વગુણ સમ્પન્ન-સર્વજ્ઞ-વીતરાગી આત્મા તે પરમાત્મા કહેવાય છે. બરાબર આનાથી વિપરીત, કર્મ સંયુક્ત અને ગુણ રહિત આત્મા પામરાત્મા કહેવાય છે. પરમાત્મા, પામરાત્મા માટે ઉચ્ચ આદર્શ છે. આથી પામર આત્માએ પરમાત્માનું જ આલંબન લેવું જોઇએ. જેમ સમુદ્રમાંથી પાર ઊતરવા માટે આપણે લાકડાની નૌકાનો સહારો લઇએ છીએ. એ જ રીતે પામરાત્માએ સમુદ્રમાંથી પાર ઊતરીને પરમધામ-મોક્ષમાં પહોંચવા પરમાત્માનો સહારો લેવાનો છે.

પરમાત્મા એને માટે પૂજનીય, દર્શનીય, વંદનીય ચિંતનીય છે. આથી પામરાત્મા એ પરમાત્માના પૂજક, દર્શક, ચિંતક બનવું જોઇએ. પરમાત્મા ભગવાન છે અને પામરાત્મા ભક્ત છે. ભક્તે ભગવાનની ભક્તિ કરવી જોઇએ. ભક્તિની પ્રક્રિયામાં પ્રભૂદર્શન પ્રાથમિક પ્રક્રિયા છે, તત્પશ્ચાત્ આગળ પૂજા ભાવના ધ્યાનાદિ આવે છે.

ચક્ષુ ઇન્દ્રિયના અભાવમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિયની કક્ષાના કૃમિ-કીટ, પતંગના અનેક જન્મોમાં આત્મા પરમાત્માનાં દર્શન પામી શકતો નથી. ચક્ષુ ઇન્દ્રિયની પ્રાપ્તિના કેટલાય જન્મો નરક અને તિર્યંચ ગતિમાં થયા, પરંતુ ત્યાં પ્રભુદર્શન દુર્લભ રહ્યું. ૮૪ લાખ જીવયોનિમાં મનુષ્ય ગતિ અને સ્વર્ગીય દેવગતિમાં પરમાત્મદર્શન, પૂજા, ભક્તિ આદિમાં સદુપયોગ કરીને ઇન્દ્રિયોની સાર્થકતા સિદ્ધ કરવી જોઇએ. એવી અભિવ્યક્તિ એક શ્લોકમાં આ રીતે કરવામાં આવી છે :-

**आद्य प्रक्षालितं गात्रं, नेत्रे च विमलीकृते ।**
**मुक्तोऽहं सर्वपापेभ्यो, जिनेन्द्र ! तव दर्शनात् ॥**

એક દર્શક આત્મા પ્રભુદર્શનથી પોતાની ધન્યતાને આ શ્લોકમાં વ્યક્ત કરે છે - હે જિનેશ્વર ભગવન્ ! આપનાં દર્શન કરીને એવું માનું છું કે આજ મારૂં શરીર પવિત્ર થઇ ગયું છે. મને મળેલી આંખો નિર્મળ થઇ ગઇ છે. હું સર્વ પાપોથી મુક્ત થઇ ગયો છે.

**अद्याभवत् सफलता नयनद्वयस्य,**
**देव ! त्वदीय चरणाम्बुजवीक्षणेन।**
**अद्य त्रिलोकतिलकं प्रतिभासते मे,**
**संसारवारिधिरयं चुलूक प्रमाणम्॥**

જીવનમાં પહેલી જ વાર પ્રભુનાં દર્શન પામીને ભક્ત પોતાની ભાવનાના ઉદ્ગારો આ શ્લોકમાં વ્યક્ત કરે છે. તે કહે છે :- 'હે જિનેશ્વર ભગવાન ! આપનાં ચરણ કમળનાં દર્શન કરીને આજે મને મળેલાં નેત્રોની સફળતાનો અનુભવ કરું છું. આપનાં દર્શનથી ત્રણે લોક રૂપ સંસાર મહાસાગર આજે મને માત્ર ચુલૂક-નાના ખાબોચિયા જેવો લાગે છે. પ્રથમ દર્શને જ ભક્તે કેટલી ઉત્કટ ભાવના પ્રકટ કરી છે ! તે હવે પ્રભુનાં દર્શનથી આટલા લાંબા પહોળા-વિશાળ સાગરને પણ ચુલૂક-અંજલિમાં રહેલા જળ જેવો-માને છે. જેમ નૌકા મળતાં સમુદ્રનો ભય રહેતો નથી એ રીતે પ્રભુદર્શનની પ્રાપ્તિ પછી સંસાર સાગરમાં

ડૂબવાની ભીતિ રહેતી નથી. ભક્ત આજ પોતાની આંખોની ધન્યતા અનુભવે છે. અર્થાત્ આ આંખોએ આજ દિવસ સુધી સંસારમાં જોવા જેવું જોયું ન હતું. પણ આજે જોવા જેવું -પ્રભુદર્શન કર્યાં. આથી પ્રભુ દર્શને ભક્ત ધન્યતા અનુભવે છે. આ ભાવને પૂ. યશોવિજય જી મહારાજ ઋષભજિન સ્તવનમાં નીચેના રૂપે પ્રગટ કરે છે :-

**ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો,**
**ગુણ નીલો જેણે તુજ નયણ દીઠો !**
**દુ:ખ ટળ્યા સુખ મળ્યા, સ્વામી તુજ નિરખતાં.**
**સુકૃત સંચય હુઓ પાપ નીઠો.**

- હે ઋષભ જિનરાજ ! આજે મારો અતિસુંદર દિવસ છે, જેથી હું તારા અનુપમ ગુણોને જોઇ શક્યો છું, હે સ્વામી ! આપને જોવાથી-દર્શન કરવાથી મારાં દુ:ખ દૂર થઇ ગયાં છે, અને સુખ પ્રાપ્ત થયાં છે. તેમજ સુકૃતનો સંચય થયો છે અને પાપ પણ દૂર ભાગી ગયાં છે.

**ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમિયા**
**તુજ થૂણે ધન્ય તેહ ધન્ય જીહ્વા ।**
**ધન્ય તે હૃદય જેણે સદા તુજ સમરતાં;**
**ધન્ય તે રાત ને ધન્ય તે દીહા.**

એમની કાય ધન્ય છે જેમણે આપનાં ચરણોમાં પ્રણામ કર્યા છે. આપની સ્તુતિ સ્તવના કરી છે તે પણ ધન્ય છે. તેમની જીભ પણ ધન્ય થઇ ગઇ છે; કે જેમણે આપને સદાય યાદ કર્યા છે. એ દિવસો અને રાત્રિઓ પણ ધન્ય છે કે જ્યારે જીવોએ આપનું સ્મરણ કર્યું છે.

## દર્શન મહિમા અને સ્વરૂપ

વાસ્તવમાં શાસ્ત્રોમાં દર્શનનો મહિમા અનુપમ રીતે ગાવામાં આવ્યો છે :

**दर्शनं देवदेवस्य, दर्शनं पाप नाशनम् ।**
**दर्शनं स्वर्ग सोपानं, दर्शनं मोक्ष साधनम् ॥**

દેવાધિદેવનાં દર્શન દેવતાઓના પાપનો પણ નાશ કરે છે. સ્વર્ગ પ્રાપ્તિ માટે સોપાન રૂપ છે અને દર્શન મોક્ષપ્રાપ્તિનું પરમ સાધન રૂપ છે.

**दर्शनात् दुरितध्वंसी, वंदनात् वाञ्छितप्रदः ।**
**पूजनात् पूरकश्रीणां जिनः साक्षात सुरद्रुमः ॥**

પ્રભુનાં દર્શન માત્રથી દુરિત અર્થાત્ વિઘ્નોનો નાશ થઇ જાય છે. વંદન માત્રથી જ વાંછિત પ્રાપ્ત થાય છે, તથા પૂજા માત્રથી પૂજ્યતા પ્રાપ્ત થાય છે. આથી જિનેશ્વર ભગવાન જાણે સાક્ષાત્ કલ્પદ્રુમ (કલ્પવૃક્ષ) સમાન છે.

જિનેશ્વરનાં દર્શન આદિનું ફળ બતાવતાં કહ્યું છે કે :-

**दर्शनेन जिनेन्द्राणां, साधूनां वंदनेन च ।**

**न तिष्ठति चिरं पापं, छिद्रहस्ते यथोदकम् ।।**

જિનેશ્વર ભગવાનના દર્શનથી અને સાધુ મહારાજોના વંદનથી દીર્ઘ સમયનું પાપ પણ ટકી શકતું નથી. જેમ છિદ્રવાળી અંજલીમાં પાણી ટકી શકતું નથી એ જ રીતે ચીરકાળનું પાપ પ્રભુદર્શન પછી ટકતું નથી. પ્રભુદર્શન માટે ઉપમા આપતાં કહ્યું છે કે :

**પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવનિધ**
**પ્રભુ દર્શનથી પામીએ સકલ પદારથ સિદ્ધ ।**

પ્રભુનાં દર્શન સુખ સંપત્તિ રૂપ છે. પ્રભુ દર્શન જ નવનિધિ છે. પ્રભુનાં દર્શનથી જ સર્વ પદાર્થોની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. એવો દર્શનાર્થીનો ભાવ છે.

**સ્વામી દરિશરણ સમો, નિમિત્ત લહી નિરમલો,**
**જો ઉપાદાન શુચિ ન થાશે;**
**દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,**
**સ્વામી સેવા સહી નિકટ લાશે.**

પૂજ્ય દેવચન્દ્રજી મહારાજ ભગવાન મહાવીરના સ્તવનમાં કહે છે કે :- **સ્વામીના-ભગવાનના દર્શનનું ઉત્કૃષ્ટ, નિર્મળ નિમિત્ત પામીને જો આપણું ઉપાદાન નિર્મળ ન બને તો તેમાં કોનો દોષ? દોષ વસ્તુનો હશે કે આપણા ઉદ્યમ-પુરૂષાર્થનો હશે? કેમ કે 'સ્વામી સેવા'-પ્રભુભક્તિ તો પ્રભુની નજીક લાવનારી છે.**

આ ગાથાના પ્રથમ ચરણમાં પ્રભુ દર્શન અને અંતિમ ચરણમાં પ્રભુની સેવા-પૂજાની વાત કરી છે. દર્શન-પૂજનને એમણે ભક્તને ભગવાનને નિકટ લાવનાર બતાવ્યાં છે, તથા પ્રભુદર્શનાદિ દ્વારા આપણું ઉપાદાન નિર્મળ થાય છે એ બતાવ્યું છે.

### પ્રભુ દર્શનમાં સ્વ-આત્મદર્શન

જિનેશ્વર પ્રભુનું મંદિર એક રાજદરબાર છે. જ્યાં પ્રભુ ન્યાયકર્તા સ્વરૂપે બેઠા છે. પ્રભુનું મંદિર એક પાઠશાળા છે, જેમાં પ્રભુ એક શિક્ષક રૂપે બિરાજે છે અને આપણા જેવા ભક્તો પ્રતિદિન આ પાઠશાળામાં એક વિદ્યાર્થી રૂપે શિક્ષણ લેવા આવે છે. પ્રભુ મૂક શિક્ષક રૂપે છે. આપણે ઇચ્છીએ તો એમના દર્શન રૂપે ખૂબ સારૂં શિક્ષણ પ્રાપ્ત કરી શકીએ-જો પ્રાપ્ત કરતાં આવડે તો !

શિક્ષક રૂપે પ્રભુને બોલવાની કોઇ જરૂર નથી, કારણ તેમનું સમગ્ર જીવન જ શિક્ષણ સ્વરૂપ છે, એમને શિક્ષણ આપવાની જરૂર જ નથી. આપણે શિક્ષણ લેવાની જરૂર છે. પ્રભુ પ્રતિમાની શાંત મુદ્રા આપણને શાન્ત થવાનો બોધ આપે છે. પ્રભુ પ્રતિમાનું વીતરાગ સ્વરૂપ કેવું છે એ નીચેના શ્લોકમાં જણાય છે :-

**प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नम्,**
**वदनकमलमंकः कामिनीसंगशून्यः ।**
**करयुगमपिधत्ते, शस्त्रसंबंधवंध्यम्,**
**तदसि जगति देवो वीतरागस्त्वमेव ।।**

જેનાં બંને નેત્રો પ્રશાન્ત રસમાં નિમગ્ન છે, જેનું ચિત્ત પ્રસન્ન છે, જેનો દેહ કમળ રૂપ છે, જેમાં સ્ત્રી સંગ નથી, જેની ગોદ સ્ત્રી સંબંધ રહિત છે. બંને હાથોમાં કોઇ પણ પ્રકારનાં શસ્ત્રો નથી. આ રીતે રાગ-કામ રહિત, શસ્ત્રાદિના અભાવમાં દ્વેષ રહિત પ્રભુનું સ્વરૂપ છે. આવું પ્રભુનું અને પ્રતિમાનું સ્વરૂપ-વીતરાગભાવમય સ્વરૂપ દર્શનીય છે. એટલા માટે કહ્યું છે કે - જગતમાં આપ જ એક માત્ર વીતરાગ દેવ છો.

વીતરાગની સ્તુતિ આપણે કોઇ પણ નામે કરી શકીએ છીએ. કારણ કે ત્યાં નામનું મહત્ત્વ નથી. વીતરાગતાના ગુણનું મહત્ત્વ છે. વીતરાગની સ્તુતિ આપણે ગમે તે રૂપે કરીએ તે માટે નીચેનો શ્લોક દર્શાવે છે.

**भवबीजांकुरजनना, रागादयो क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णु र्वा हरो वा जिनो वा नमस्तस्मै ॥**

ભવ બીજ રૂપી કર્મના અંકુરો જે રાગ દ્વેષ છે, એ જેમના સર્વથા નષ્ટ થઇ ગયા છે. એવા નામ સ્વરૂપથી ભલેને બ્રહ્મા હોય, વિષ્ણુ હોય યા હરિ કે હર-મહાદેવ હોય કે પછી જિનેશ્વર હોય, એમને મારા નમસ્કાર છે.

પ્રસ્તુત શ્લોકમાં નમસ્કાર 'નામ' ને નથી, પરંતુ વીતરાગતાના ગુણને છે. આજ રીતે જ નમસ્કાર મહામંત્રમાં **नमो अरिहंताणं, नमो सिद्धाणं** - મંત્ર પદોથી અનંત અરિહંત ભગવંતોને અને અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા છે. 'અરિહંત' એ નામ નથી પરંતુ ગુણવાચક પદ છે. અરિહંત નામના કોઇ ભગવાન નથી. પરંતુ ભગવાન અરિહંત ગુણવાન હોય છે. અરિ + હંત = અરિહંત.

'અરિ' એટલે શત્રુ, આત્માના શત્રુઓ - કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષાદિ આંતર શત્રુઓ છે. 'હંત' એટલે એમનો નાશ કરનાર, જેમણે આ આંતરશત્રુઓનો નાશ કર્યો છે એવા ભગવાન અરિહંત કહેવાય છે. આ રીતે જૈન ધર્મમાં નામનું નહીં પરંતુ ગુણની મહત્ત્વતા છે. જૈન ધર્મ વ્યક્તિ પરક નથી પરંતુ ગુણપરક છે.

**સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે**
**દરિશણ શુદ્ધતા તેહ પામે.**
**જ્ઞાન ચારિત્ર તપવીર્ય ઉલ્લાસથી**
**કર્મ જીતી વસે મુકિત ધામે.**

દેવચંદ્રજી મહારાજે સ્તવનમાં કહ્યું છે કે પ્રભુના ગુણોને જોતાં પ્રભુનાં દર્શન કરનારો શ્રેષ્ઠ દર્શક છે. પ્રભુના ગુણોને જોતાં જે ભક્તિ-સ્તુતિ સ્તવના કરે છે એ જ દર્શનની વિશુદ્ધિને પામે છે એટલે કે શુદ્ધ દર્શન કરે છે તેમ જ જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય ઉલ્લાસથી કર્મોને જીતીને મુક્તિધામ-મોક્ષને પ્રાપ્ત કરે છે. આ રીતે શુદ્ધ દર્શનને તેમણે મોક્ષ પ્રાપ્તિનું કારણ બતાવ્યું છે.

### પ્રભુ દર્શનની પ્રક્રિયા

સંસારમાં મનુષ્ય પ્રતિદિન દર્પણમાં મુખ જુએ છે. આ દરેક વ્યક્તિના જીવનની

દૈનિક ક્રિયા બની ચૂકી છે. પ્રશ્ન ઊભો થાય છે કે દર્પણ તો જડ છે અને મનુષ્ય ચેતન છે. ચેતન જડની સામે શું અને શા માટે જુએ છે ? ઉત્તર સ્પષ્ટ જ છે કે દર્પણમાં પોતાની ક્ષતિ-અધૂરપ જુએ છે-મારા વાળ બરાબર છે કે નહીં ? મારાં કપડાં વ્યવસ્થિત છે કે નહીં ? મેંશ બરાબર લાગી છે કે નહીં ? ચાંદલો બરાબર છે કે નહીં ? વગેરેમાં પોતાની ક્ષતિ જોઇને એ સુધારી લે છે.

આ રીતે દર્પણનો ઉપયોગ મનુષ્યના જીવનમાં એક વિશેષ મહત્ત્વ ધરાવે છે. બરાબર એ જ રીતે ધાર્મિક જીવનમાં પ્રભુ દર્શનનું પણ એ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. 'શબ્દ ચિંતામણિ' નામના કોશમાં દર્શન શબ્દના ભિન્ન ભિન્ન અર્થ આપતાં 'દર્પણ' અર્થ પણ કર્યો છે, અને જોવું, દૃષ્ટિ આદિ અર્થો પણ છે. દર્શનની પ્રક્રિયામાં પ્રભુની પ્રતિમાને જો આપણે દર્પણ માનીએ તો આ પ્રતિમારૂપી દર્પણમાં આપણે પ્રતિબિંબ જોઇ શકીએ. આ તો ઉપમા-રૂપકથી વાત થઇ રહી છે. કાચના દર્પણમાં બાહ્ય રૂપરંગ દેખાય છે, દર્પણમાં ક્ષતિની જેમ જિન પ્રતિમામાં આપણે આત્મિક દોષ-દુર્ગુણો રૂપ ક્ષતિઓને જોઇ શકીએ છીએ.પરમાત્મામાં સ્વ-આત્મદર્શન કરવાની આ એક અદ્‌ભુત પ્રક્રિયા છે.

પરમાત્મા સર્વગુણસંપન્ન અને સર્વદોષ રહિત-દુર્ગુણ રહિત, પૂર્ણ-સર્વજ્ઞ, સર્વદર્શી અને વીતરાગી છે. એમાં કોઇ પણ પ્રકારની કમી યા ક્ષતિની સંભાવના નથી; જ્યારે આપણો આત્મા કોઇ પણ ગુણથી સંપૂર્ણ નથી. આપણે અપૂર્ણ અલ્પજ્ઞ-રાગી-દ્વેષી આદિ સર્વ દોષ દુર્ગુણોથી ભરપૂર છીએ આ વાતને ઉદયરત્નજી મહારાજે પામરાત્મા અને પરમાત્માની તુલના કરતાં શાન્તિનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કેઃ-

**સુણો શાન્તિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણ રાગી;**
**તુમે નીરાગી ભગવંત, જોતાં કેમ મલશે જોતા તંત સુ. ॥૧॥**
**હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો,**
**હું તો અજ્ઞાને આવરીયો, તું તો કેવલ કમલા વરિયો સુ. ॥૨॥**
**હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;**
**હું તો કર્મના ભારે ભર્યો, તેં તો પ્રભુ ભાર ઉતાર્યો સુ. ॥૩॥**
**હું તો મોહ તણે વશ પડિયો, તું તો સઘળા મોહને નડિયો,**
**હું તો ભવ સમુદ્રમાં ખુંતો, તું તો શિવમંદિરમાં પહોતો સુ. ॥૪॥**
**મારે જન્મ મરણનો જોરો, તેં તો તોડયો તેહનો દોરો.**
**મારો પાસો ન મેલે રાગ, પ્રભુજી થયા વીતરાગ સુ. ॥૫॥**
**મને માયાએ મુકયો પાશી, તું તો નિરબંધન અવિનાશી,**
**હું તો સમકિતથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો સુ. ॥૬॥**
**મ્હારે છો તુંહિ પ્રભુ એક ત્હારે મુજ સરીખા અનેક,**
**હું તો મનથી ન મૂકું માન, તું તો માન રહિત ભગવાન સુ. ॥૭॥**

મારું કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મ્હારો મુજરો લેજો માની સુ. ॥૮॥
એક વાર જો નજરે નિરખો, તો કરો મુજને તુમ સરીખો,
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે સુ. ॥૯॥
**ભવોભવ તુજ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા;**
**સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી સુ. ॥૧૦॥**

આ રીતે ઉદયરત્નજી મહારાજે 'હું કેવો છું? ભગવાન કેવા છે ? મારામાં શું છે? અને ભગવાનમાં શું છે? પ્રભુમાં કેટલા ગુણ કેટલા પ્રમાણમાં છે, અને એથી વિપરીત મારામાં કેવા અને કેટલા પ્રમાણમાં દોષ-દુર્ગુણો છે' એનું આ રીતે તુલનાત્મક ચિત્ર ઊભું કર્યું છે. સાચી વાત છે કે અપૂર્ણ પોતાની તુલના અપૂર્ણ સાથે કરીને પૂર્ણતાને જોઇ શકતો નથી. એથી અપૂર્ણે પોતાની તુલના પૂર્ણની સાથે કરવી જોઇએ.

પૂ. યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર' ગ્રંથની અંદર 'પૂર્ણતાષ્ટક' માં પૂર્ણાનન્દી પરમાત્માના સ્વરૂપનું જે અદ્ભુત વર્ણન કર્યું છે, એને વાંચીને પૂર્ણતાનું સંપૂર્ણ-સ્વરૂપ જાણીને આપણી અપૂર્ણતાનો વિચાર કરીએ ત્યારે પૂર્ણની પૂર્ણતા અને અપૂર્ણની (આપણી) અપૂર્ણતાને જોઇ શકીએ. પૂર્ણમાં પૂર્ણની પૂર્ણતા, અપૂર્ણમાં અપૂર્ણતાનું જ્ઞાન આ દર્શન કરાવી રહ્યું છે. આથી પ્રભુદર્શનની પ્રક્રિયામાં સ્વ-આત્મદર્શન કરવું અને સ્વ-આત્મદર્શન કરીને સ્વાત્માની ક્ષતિઓ દૂર કરવાની કોશિશ કરીએ એ જ દર્શનની ફળશ્રુતિ છે.

આવા દર્શનનું અનુપમ અને અદ્ભુત વર્ણન અવધૂત યોગી પૂ. આનંદઘનજી મહારાજે પોતાની ચોવીસીમાં વિશેષ રૂપે અભિનંદન સ્વામીના સ્તવનમાં કર્યું છે તે આ પ્રમાણે છે :-

**અભિનંદન જિન ! દરિસણ તરસીએ દરિસણ દુર્લભ દેવ**
**મત મત ભેદ રે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ.**
**અભિનંદન જિન ! દરિસણ તરસીએ ॥ ૧ ॥**
**સામાન્યે કરી દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ,**
**મદમાં ઘેર્યો રે અંધો કિમ કરે, રવિશશિરૂપ વિલેખ અભિ. ॥ ૨ ॥**
**હેતુ વિવાહે હો ચિત્ત ધરી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ,**
**આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબળો વિષવાદ અભિ. ॥ ૩ ॥**
**ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ**
**ધીઠાઇ કરી મારગ સંચરું, સેંગુ કોઇ ન સાથ અભિ. ॥ ૪ ॥**
**દરિસણ દરિસણ રટતો જો ફિરૂં તો રણ રોઝ સમાન**
**જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન અભિ. ॥ ૫ ॥**

**તરસ ન આવે હો મરણજીવન તણી, સીજે જો દરિસણ કાજ**
**દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, 'આનંદઘન' મહારાજ અભિ.॥ ૬ ॥**

સંક્ષિપ્ત સારાંશ એ છે કે - આનંદઘન જેવા યોગી દર્શન માટે તડપી રહ્યા છે. એમની ઝંખના સ્વાતિ નક્ષત્રના બિંદુને ઝંખતા ચાતક જેવી છે. પ્રભુદર્શનથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની દિશામાં એ રણના રોઝની જેમ દોડે છે. અમૃતના પાનની ઇચ્છાવાળાને વિષપાનથી સંતોષ કેવી રીતે થાય ? 'દર્શન' ને અમૃતપાન માનતાં આનંદઘન યોગીજી દુર્લભ દર્શનને સુલભ કરવા માટે પ્રભુને યાચના કરે છે. એટલા માટે એ કહે છે કે **'દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી આનંદઘન મહારાજ'** પ્રભુની કૃપાથી દુર્લભ પણ સુલભ થઇ જાય છે. એ રીતે અભિનંદન સ્વામીના સ્તવનમાં આનંદઘનજીની દર્શન વિષયક અભિવ્યક્તિ વાસ્તવમાં ચિંતનીય અને મનનીય છે. નિજાનંદ અનુભવી પૂ. દેવચંદ્રજી મહારાજ પણ આનંદઘનજીની જેમ પદ્મપ્રભુસ્વામીના સ્તવનમાં - **'તુ જ દરિસણ મુજવાલહું રે લાલ, દરિસણ શુદ્ધ પવિત્ત રે'**- આ શબ્દોનો પ્રયોગ કરીને ભાવોની અભિવ્યક્તિમાં કહે છે કે : 'હે પ્રભુ ! તારું દર્શન તારા-મારા વચ્ચે સેતુ છે. આત્મસિદ્ધિ માટે આ જ શુદ્ધ નિયામક હેતુ છે.

હે પ્રભુ ! તારૂં નામ પણ મારે માટે આ ભવસાગરમાં સેતુ છે. જે દર્શનના માધ્યમથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિના લક્ષ્યને લઇને પૂજ્ય દેવચંદ્રજી મહારાજના પ્રસ્તુત પદ્મપ્રભુ ભગવાનના સ્તવનમાં દર્શનની સર્વનયોથી વ્યાખ્યા કરવામાં આવી છે.

''**प्रमाणनयैरधिगम**''-'પ્રમાણનય તત્ત્વાલોક' ગ્રંથમાં તાર્કિક શિરોમણિ પૂ. વાદિદેવસૂરિ મહારાજે પ્રમાણ અને નયથી જ્ઞાન સાચું હોય છે એવું કહ્યું છે.સાચા અર્થમાં આ મહાપુરૂષોએ 'દર્શન' ની દાર્શનિક ધરાતલ ઉપર અદ્ભુત ઉપયોગિતા સિદ્ધ કરી છે.

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજે પ્રભુદર્શનને માધ્યમ બનાવીને 'અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા' અને 'વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા' નામના અદ્ભુત દાર્શનિક ગ્રંથો લખ્યા છે. માત્ર ૩૨ શ્લોકોમાં પ્રભુ સ્તવનના માધ્યમથી કેટલા સહજ ભાવથી ગંભીર દાર્શનિક ચર્ચાનો મહાસાગર ઊભો દીધો છે ! આ જ એમની ગરિમા અને વિશેષતા છે. બરાબર એ જ રીતે સત્તરમી શતાબ્દીના મહાન દાર્શનિક સરસ્વતીપુત્ર તુલ્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'મહાવીર સ્તવ પ્રકરણ' લખ્યું છે. નામકરણની શબ્દરચનાને જોતાં એવું લાગે છે કે કેટલા સરળ અને સહજ શબ્દો છે ? પરંતુ પ્રભુદર્શન અને સ્તવનના માધ્યમથી ઉપાધ્યાયજીએ દાર્શનિક જગતની ખંડન-મંડનાત્મક વિવેચન કરતાં સર્વ દર્શનોની ખબર લઇ લીધી છે. એટલી સહજ અને સ્વાભાવિક ભાવભંગીથી ખબર લઇ લીધી છે. એટલી સહજ અને સ્વાભાવિક ભાવભંગીથી એક તરફ પ્રભુનાં ગુણગાનની સ્તવના અને બીજી તરફ દાર્શનિક ચર્ચાની સર્વોપરિતા અને ચરમ સીમાનાં દર્શન કરાવ્યાં છે. આવો જ 'ન્યાયખંડન ખંડખાદ્ય' નામનો અભૂતપૂર્વ-અદ્ભુત ગ્રંથ છે.

## દર્શનના ચમત્કારો

### (૧) દેડકાની દર્શન ભાવના

રાજગૃહી નગરીના સમ્રાટ શ્રેણિક મહારાજા એકવાર પોતાની ચતુરંગી સેના અને પરિવાર સાથે શ્રી મહાવીર ભગવાનના દર્શનાર્થે જઇ રહ્યા હતા. રસ્તામાં એક વાવડી આવી. એ વાવડીમાં એક દેડકો રહેતો હતો. રથયાત્રામાં જતા લોકોના મુખમાંથી નીકળતી જયઘોષની ધ્વનિ સાંભળીને દેડકાનો સુષુપ્ત આત્મા જાગી ઊઠ્યો. પૂર્વજન્મના નંદમણિકાર શેઠના ભવમાં કરેલી ધર્મ આરાધના સ્મૃતિપટ્ટ ઉપર આવી. આ પ્રતિક્રિયાથી પૂર્વ જન્મનું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. આથી દર્શનની તીવ્ર ભાવનાથી એ દેડકો પણ વાવડીમાંથી બહાર નીકળીને શ્રેણિક મહારાજાની શોભાયાત્રા સાથે ચાલવા લાગ્યો.

શ્રેણિક મહારાજાના ઘોડેસ્વારો એ દયાવશ થઇને દેડકાને વાવડીની અંદર મૂકી દીધો. પરંતુ જેનો આત્મા જાગૃત બન્યો હોય એને કોણ રોકી શકે ? દેડકો ફરીથી નીકળીને આવ્યો અને સૈનિકોએ એ દયા ભાવથી કે આપણી વચ્ચે કદાચ મરી ન જાય એ ભાવનાથી ફરીવાર વાવડીમાં મૂક્યો. પરંતુ દર્શનની પ્રબળ ભાવનાથી એ દેડકો ફરી પાછો આવ્યો, અને કૂદતો કૂદતો સાથે ચાલવા લાગ્યો.

એટલામાં યોગાનુયોગ દેડકાનું કૂદવું અને ઘોડાનો પગ એની ઉપર પડવો. જોત જોતાંમાં તેના શરીરના બે ટુકડા થઇ ગયા, અને તેનું પ્રાણ પંખેરૂ ઊડી ગયું.

શ્રેણિક મહારાજા સમવસરણમાં પહોંચ્યા અને દેડકાનો જીવ દર્શનની પ્રબળ ભાવનામાં મરીને સ્વર્ગમાં દેવ બન્યો. ત્યાં ભવપ્રત્યયિક અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઇને એ દેવદર્શનની ઇચ્છા પૂર્ણ કરવા સીધો ભગવાન મહાવીરના સમવસરણમાં આવ્યો - **'दर्शनं स्वर्गसोपानम्'** । એટલે કે દર્શન સ્વર્ગપ્રાપ્તિ માટે સ્વર્ગની સીડી છે એ વાત સિદ્ધ થાય છે.

### (૨) મયણાસુંદરી અને શ્રીપાળનાં દર્શન

મહાસતી મયણાસુંદરી પોતાના કુષ્ઠરોગી પતિદેવ ઉંબર રાણાને લઇને ગુરૂદેવ મુનિચંદ્રસૂરિનાં ચરણોનાં પ્રવચન શ્રવણ કરવા ગઇ. ગુરૂદેવ પાસે શાસન પ્રભાવનાના ઉપાયની વિધિ જાણી. મુનિચંદ્રસૂરિ આચાર્ય દેવે પાસે જ રહેલા આદિનાથ ભગવાનનાં દર્શન અને પૂજન અને નવપદમયસિદ્ધચક્ર બૃહદ્દયંત્રની ભક્તિ તથા આયંબિલની ઓળીની આરાધના બતાવી. પ્રાતઃકાળે જ મયણાસુંદરી પોતાના પતિને સાથે લઇને જિન ચૈત્યાલય માં પ્રભુદર્શન કરવા ગઇ. અત્યંત ઉલ્લસિત ભક્તિ ભાવથી મહાસતિ મયણાસુંદરીએ અદ્દભુત ગુણસ્તુતિ કરી. જોત જોતાંમાં અદ્દભુત ચમત્કાર થયો કે -

**કુસુમમાળ નિજ કંઠથી રે લો હાથ તણું ફલ દીધ રે,**<br>
**પ્રભુપસાય સહુ દેખતા રે લો, ઉંબરે એ બેઉ લીધ રે.**

પ્રભુના કંઠમાંથી પુષ્પમાળા અને હસ્તકમળમાંથી ફળ-બંને ઊછળીને ઉંબર રાણાના કંઠમાં અને હાથમાં આવી ગયાં. પ્રભુની અદ્દભુત ગુણસ્તુતિ અને આ ચમત્કાર

વાસ્તવમાં મહાસતિ મયણાસુંદરી દ્વારા કરવામાં આવેલા નમસ્કારનું શુભ પરિણામ હતું.

બીજો એક પ્રસંગ આ પ્રકારનો છે. રત્નસંચયા નગરીના રાજા કનક કેતુની પુત્રી મદનમંજુષા એક વાર જિનમંદિરમાં દર્શન-પૂજા કરવા માટે ગઇ. શ્રી ઋષભદેવ ભગવાનની અદ્ભુત ગુણ સ્તુતિ, પ્રભુદર્શન અને અષ્ટ પ્રકારી પૂજા કરીને મંદિરની બહાર નીકળી. એટલામાં મંદિરનાં દ્વાર બંધ થઇ ગયાં. જે સેંકડો ઉપાયો કરવા છતાં એક મહિના સુધી ન ખુલ્યાં. યોગાનુયોગ શ્રીપાલકુમાર પ્રાતઃકાળે દર્શન પૂજાના પોતાના નિત્ય નિયમાનુસાર આ નગરમાં પ્રભુના દર્શન કરવા મંદિરના દ્વાર પર આવ્યા !

**કુંવર ગંભારો નજરે દેખતાંજી, બેઉ ઊઘડિયાં દ્વાર રે,**
**દેવ કુસુમ વરષે તિહાંજી, હુવો જયજયકારજી.**

દર્શનની ઉત્કટતમ ભાવનાથી અને શુભભાવનાના પરિણામરૂપ મંદિરનાં દ્વાર પર આવીને ઊભા રહેલા શ્રીપાલકુંવરની ભક્તિભાવ ભરી દૃષ્ટિ પડતાં જ જિનમંદિરનાં એક મહિનાથી બંધ હતાં તે દ્વાર એકાએક ખૂલી ગયાં. દર્શન માત્રથી જ આટલો ચમત્કાર થાય છે.

## (૩) શંખેશ્વર તીર્થનાં દ્વાર ખુલ્યાં

પ્રસિદ્ધ સ્તવન સજઝાય કર્તા પૂ. ઉદયરત્નજી મહારાજ એકવાર વિશાળ પગ પાળા સંઘ લઇને શંખેશ્વરજી તીર્થયાત્રા કરવા પધાર્યા. મંદિરના ઠાકુર લોકોએ ધનપ્રાપ્તિના લોભથી દ્વાર બંધ કરી દીધાં અને પૈસા વગર કોઇને દર્શન નહીં કરવા દઇએ એમ એ લોકો કહેવા લાગ્યા. તીર્થના યાત્રીઓને આ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. આ દુર્દશા જોઇને ઉદયરત્નજી મહારાજ સંઘના તમામ યાત્રીકો સાથે બંધ દરવાજા સામે ઊભા રહ્યા. સાચા મનથી અને ભક્તિથી બહાર બેઠાંબેઠાં પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા.

**પાસ શંખેશ્વરા સાર કર સેવકા,**
**દેવ કાં એવડી વાર લાગે ?**
**કોડી કર જોડી દરબાર આગે ખડા,**
**ઠાકુરા ચાકુરા માન માગે - પાસ, શં.**

આ રીતે બધાં એક ધૂનમાં ગાતાં હતાં ત્યાં આશ્ચર્યકારક ચમત્કાર થયો. સૌના આશ્ચર્ય વચ્ચે મંદિરનાં દ્વાર પોતાની મેળે જ ખૂલી ગયાં. સૌએ ઉત્કૃષ્ટભાવથી ભગવાનનાં દર્શન કર્યાં. આ રીતે પ્રભુદર્શનથી અનેક પ્રકારના અદ્ભુત ચમત્કારો થયા છે.

મગધાધિપતિ શ્રેણિક રાજા, જે પોતાના જીવનમાં સામાયિક-વ્રત-પચ્ચક્ખાણ આદિ ન કરી શક્યા, ચોથા અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક પર રહીને નિત્યભક્તિ ભાવભરી પ્રભુપૂજા કરતાં અને નિત્ય પ્રભુદર્શનથી વિશુદ્ધ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. આગળ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. ફળસ્વરૂપ આગામી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભસ્વામી બનવાનું શ્રેય તેમણે પ્રાપ્ત કર્યું.

અગિયારમી સદીના ગુજરાતના મહારાજા કુમારપાળે કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય

મહારાજ પાસેથી આર્હત્ ધર્મ પ્રાપ્ત કર્યો. આવડા મોટા રાજ્યના રાજા હોવા છતાં તે પ્રતિદિન ત્રિકાલ પ્રભુ દર્શન એવં ત્રિકાલ અષ્ટપ્રકારી પૂજા આદિ અદ્દ્ભુત ભક્તિભાવપૂર્વક નિયમિત કરતા હતા. આ રીતે રાજ્યના રાજા હોવા છતાં પણ શુદ્ધ ૧૨ વ્રતધારી પરમ જૈન શ્રાવક બન્યા હતા.

## (૪) ભક્તિમાં તલ્લીન

રામાયણમાં જે રાવણને એક દુષ્ટ પાત્ર તરીકે વર્ણિત કર્યો છે. એ વ્યક્તિગત રૂપમાં ખરાબ ન હતો. પણ એના જીવનની એક ઘટના ખરાબ હતી. રાવણ જિનેશ્વર ભગવાનનો પરમ ભક્ત હતો, મહાન ઉપાસક હતો. પોતાની પત્ની મંદોદરી સાથે અષ્ટાપદ મહાતીર્થ પર નૃત્ય-ભક્તિમાં તલ્લીન હતો. રાવણ પોતે વીણા વગાડતાં ભક્તિગીત ગાઇ રહ્યો હતો અને એમની પત્ની નૃત્ય કરતી હતી. ભક્તિની ધૂનમાં એક પ્રકારની મસ્તી હતી. યોગાનુયોગ વીણાનો એક તાર તૂટી ગયો. સંગીતમાં સ્વરભંગ થતાં જ ચતુર રાવણે વિચાર્યું કે મંદોદરીના નૃત્યમાં ક્યાંય વિઘ્ન ન નડે. એટલા માટે રાવણે જલદીથી પોતાની જાંઘની નસ કાઢીને એ વીણામાં જોડી દીધી, તેથી એ જ  સ્વરમાં વીણા વાગવા લાગી. ભક્તિમાં લીન, તન્મય એ તદાકાર બનેલા રાવણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જિત કર્યું - પરિણામ સ્વરૂપ મહાવિદેહ ક્ષેત્રમાં એ તીર્થંકર બનીને મોક્ષમાં જશે, એવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે.

## (૫) દર્શનમાં પ્રતિસ્પર્ધા

દશાર્ણભદ્ર રાજા એકવાર શ્રી મહાવીર પ્રભુના દર્શનાર્થે સમવસરણમાં જઇ રહ્યા હતા. એમના મનમાં એવો વિચાર આવ્યો કે 'આજ દિવસ સુધી અનુપમ ઋદ્ધિ સિદ્ધિ સહિત કોઇ ન ગયું હોય એ રીતે હું પ્રભુદર્શનાર્થે જાઉં'. પોતાના વિચારો પ્રમાણે દશાર્ણભદ્રે ઋદ્ધિ સિદ્ધિનું ખૂબ પ્રદર્શન કર્યું. દેવલોકના સ્વામી ઇન્દ્ર મહારાજા દશાર્ણભદ્ર રાજાનો અહં ભાવ તોડવા માટે પ્રતિસ્પર્ધામાં આવ્યા.

એ પણ દશાર્ણભદ્ર રાજા કરતાં બેવડી ઋદ્ધિ-સિદ્ધિ કરીને સામેની દિશામાં આવ્યા.  પોતાના પ્રતિસ્પર્ધીને જોતાં દશાર્ણભદ્ર રાજા પોતાની ઋદ્ધિ સિદ્ધિને બમણી કરવા લાગ્યા.  એ જોઇને ઇન્દ્રે પોતાની ઋદ્ધિ સિદ્ધિ ચાર ગણી કરી. આ રીતે બંને વચ્ચે ઋદ્ધિ સિદ્ધિનો વિસ્તાર કરવામાં બમણી,ચારગણી સ્પર્ધા જામતી ગઇ. અંતે બંને પ્રતિસ્પર્ધી સમવસરણ માં પૂર્વપશ્ચિમના દ્વારથી આવતા હતા, ત્યારે ઇન્દ્રની પોતાના કરતાં ચારગણી ઋદ્ધિ-સિદ્ધિ જોઇને પોતાની હાર માનીને દશાર્ણભદ્ર રાજાએ અનુપમ વૈરાગ્ય ભાવથી સર્વ ઋદ્ધિ-સિદ્ધિનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરીને રજોહરણ (ધર્મ ધ્વજ) લઇને પ્રભુનાં દર્શન કરીને વંદના કરી.

આ દશ્ય જોઇને ઇન્દ્ર પણ પોતાની હાર માનીને દશાર્ણભદ્ર મુનિને વંદના કરી અને કહ્યું : 'હે મહાત્યાગી ! ઋદ્ધિ-સિદ્ધિ બમણી કરતાં તો મને આવડ્યું, પરંતુ આપના જેવું ઋદ્ધિ-સિદ્ધિ ત્યજવાનું મને ન આવડ્યું એટલે સાચા અર્થમાં આપ જીત્યા.' આ

રીતે પણ પ્રભુનાં દર્શન-વંદન કર્યાં. આવાં તો અનેક દૃષ્ટાન્તો છે.

**(૬) જોવાની અજબ શક્તિ**

વર્તમાન કાળની વાત છે કે યુરિગેલન નામની એક વ્યક્તિએ કેટલાય વૈજ્ઞાનિકોની ઉપસ્થિતીમાં ૧૫ ફૂટ દૂર રાખેલા એક ટેબલને હાથ લગાડયા સિવાય, કોઇ સાધન વગર અથવા માધ્યમ વગર માત્ર આંખોનું ત્રાટક કરીને, જોવા માત્રથી જ ટેબલને હઠાવીને બીજી જગ્યા ઉપર મૂકી દીધું.

બીજી વાર ૧૫-૨૦ ફૂટ દૂર રાખેલા સ્ટીલના એક ચમચાને હાથ લગાડયા વગર જોવા માત્રથી જ વાળી નાખ્યો હતો. અને અભરાઇએ રાખેલી સ્ટીલની એક ચાવી અને થાળીને દૂરથી માત્ર દૃષ્ટિથી જોતાં જ વાળી નાખ્યાં હતાં. આ પ્રયોગ વૈજ્ઞાનિકોની હાજરીમાં થયો; જેમાં માત્ર આંખથી જોવાની કરામત જ હતી, પરંતુ કોઇ જાદુ ન હતો. **Extra Sensory Perception** ની છપાયેલી પુસ્તક- **6th Sense E.S.P.** માં આવા અનેક પ્રયોગો આપ્યા છે.

ભારતીય તાંત્રિક પ્રયોગોમાં આવા અનેક ત્રાટક મુદ્રાના પ્રયોગો મળે છે.

**(૭) સ્મમરણશક્તિથી ફોટો ખેંચવો**

એક સજ્જન કેમેરાને પોતાના કપાળ ઉપર ઊંધો મૂકીને-જેનો લેન્સ કપાળ ઉપર રહ્યો હોય, એનું બટન દબાવીને ભૂતકાળનાં અનેક દૃશ્યોના ફોટા પાડીને બતાવતા હતા. એ કેમેરો **`POLIROD'** હતો, જેમાં તરત જ સીધી જ **Positive Copy** બહાર નીકળતી હતી. આવી તરત પાડેલી કોપીઓ એ સીધી જ ઉપસ્થિત લોકોના હાથમાં આપી દેતા હતા. લોકો કોઇ પણ દૃશ્યનો ફોટા કાઢવાનું એને કહેતા હતા, પરંતુ એની એક શરત હતી કે દૃશ્ય મેં જોયેલું હોવું જોઇએ.

એકવાર લોકોએ એને કહ્યું કે ભારતના બોમ્બે એરપોર્ટનો ફોટો કાઢીને બતાવો. એક જ મિનિટમાં તેણે કેમેરો પોતાના કપાળ પર ગોઠવ્યો, આંખ બંધ કરીને તેણે એ દૃશ્ય યાદ કર્યું અને તરત જ ફોટો કાઢીને લોકોના હાથમાં મૂકી દીધો. એ ફોટામાં વિમાનો અહીંતહીં ઊભાં હતાં અને 'સાન્તાક્રુજ એરપોર્ટ, ઇન્ડિયા' નું બોર્ડ લગાડેલું હતું.

આ રીતે તેણે અનેક આશ્ચર્યો કરી બતાવ્યાં હતાં. એના જોયેલાં દૃશ્યોને સ્મૃતિ પટ ઉપર લાવીને એમનાં છાયાચિત્રો કાઢતો હતો. આ રીતે જોયેલાં દૃશ્યોની એકાગ્રતાને સ્મૃતિ પટ પર લાવીને છાયાચિત્ર રૂપે બહાર દેખાડવું એવા આશ્ચર્યકારક કાર્ય બનવાં આત્માની અને ઇન્દ્રિયોની શક્તિનું સુપરિણામ છે. આવા અનેક પ્રયોગો વૈજ્ઞાનિક જગત **E.S.P.** ના ક્ષેત્રમાં થયા છે.

**દર્શનાવરણીય કર્મ નિવારણ પૂજાની ઢાળ**

પૂજ્ય વીરવિજયજી મહારાજે ચોસઠ પ્રકારી પૂજા લખી છે, જેમાં ૮ કર્મોના વિષયમાં ૮ ભિન્ન ભિન્ન પૂજાની ઢાળો છે. આથી એને ચોસઠ પ્રકારી પૂજા કહે છે. બીજા ક્રમે દર્શનાવરણીય કર્મની પૂજાની ઢાળમાં તેમણે દર્શન અને દર્શનાવરણીય કર્મના સ્વરૂપને

બતાવતાં કહ્યું છે કે -

**એ આવરણ બળે કરી, ન લહ્યું દર્શન નાથ !**
**નૈગમ દર્શને ભટકીયો, પાણી વલોવ્યું હાથ.**
**પૂરણ દર્શન પામવા, ભજીએ ભવિ ભગવંત,**
**દૂર કરે આવરણને જીમ જલથી જલકન્ત.**

હે ભગવાન ! આત્મદર્શન ગુણનું આવરણ કરનાર દર્શનાવરણીય કર્મના કારણથી આપનાં દર્શન કરી શક્યો નથી. શાસન પામી શક્યો નથી; અને નૈગમનયાદિ રૂપ એકાન્ત દ્ર્શનથી સંસારમાં ભટકતો રહ્યો. માત્ર હાથોથી પાણી વલોવતો રહ્યો પણ કોઇ નવનીત-સાર મેળવી શક્યો નહીં. હવે પૂર્ણ રૂપે આપનાં દર્શન કરવા માટે ભક્તિ કરી રહ્યો છું, જેથી દર્શનાવરણીય કર્મ દુર થાય અને આપનાં દર્શન પૂર્ણ રૂપે કરી શકું. જેમ જલકાન્ત મણિથી પાણી દૂર થાય છે તેમ આ કર્મ દૂર થાય. બીજી ઢાળમાં -

**તુજ મૂરતિ મોહનગારી, રસિયા તુજ મૂરતિ મોહનગારી**
**દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા ચઉ ગુણ પ્રતિમા પ્યારી**
**નૈગમ ભંગ પ્રમાણે ન નિરખી, કુમતિ કદાગ્રહધારી.**

વીરવિજયજી મહારાજે પૂજાની ઢાળમાં ભક્તિના માધ્યમથી કર્મશાસ્ત્રની અદ્ભુત વાતો બતાવી છે. તે ઉપરોક્ત અંશમાં કહે છે. 'હે પ્રભુ ! આપની મૂર્તિ મનને મોહક લાગે છે. સર્વને માટે તે મનમોહક છે. દ્રવ્ય, ગુણ પર્યાય (આકૃતિ) આ બધી રીતે અત્યંત ગુણવાન આપની મૂર્તિ અતિપ્રિય લાગે છે. દિલમાં ભક્તિના ભાવને ઊભરાવતી, પરંતુ કુમતિ-કદાગ્રહવાળા નય, ભંગ, ગમ, પ્રમાણ આદિથી વાસ્તવમાં જોઇ શકતા નથી. એટલે દર્શન પણ કરી શકતા નથી અને ઓળખી ય શકતા નથી. તે લોકો મૂઢ, ગમાર જેવા હોવાથી કર્મ બાંધે છે. આ રીતે વીર વિજયજી મહારાજે પૂજાની ઢાળમાં ભક્તિના માધ્યમથી કેટલાય ભાવો ભર્યા છે. કર્મશાસ્ત્રના સિદ્ધાંત બાબત - સૈદ્ધાન્તિક વિષયોમાં એમની વિચારધારા આગળ પર જોઇશું.

### અવધિજ્ઞાન અને અવધિદર્શન

**अवधिदर्शनावरणक्षयोपशमादिवशाद् विशेषग्रहणवैमुख्येन रूपिद्रव्यविषयक सामान्यावबोधरूपत्वमवधिदर्शनस्य लक्षणम् ।।**

'આર્હત્ દર્શન દીપિકા' માં પૂ.મંગલવિજયજી મહારાજે અવધિદર્શનનું લક્ષણ કરતાં બતાવ્યું છે કે અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર વિશેષને ગ્રહણ ન કરતાં રૂપી દ્રવ્ય વિષયક સામાન્ય બોધને અવધિદર્શન કહે છે.

જ્ઞાન અને દર્શન બંને સહવર્તી છે, ક્રમભાવી છે. દર્શન પણ એક પ્રકારનું જ્ઞાન જ છે. વસ્તુનો સામાન્યાકાર રૂપ-નિરાકાર રૂપ જે બોધ થાય છે, તે દર્શન છે અને એજ જ્યારે સાકાર વિશેષ રૂપ બને છે ત્યારે જ્ઞાન બની જાય છે. આથી અવધિજ્ઞાનનું જાણવાનું જેટલું ક્ષેત્ર છે, એટલું જ અવધિદર્શનને જોવાનું ક્ષેત્ર છે. આથી અવધિદર્શનથી નિયત

અવધિ ક્ષેત્રનાં રૂપી દ્રવ્યોને સામાન્યરૂપથી-અવધિ દર્શનથી જોવાં અને એમને જ વિશેષ રૂપથી અવધિજ્ઞાનથી જાણવાનું કાર્ય થાય છે. નરકના નારકી જીવો વિભંગજ્ઞાની છે. તથા ચારે ગતિના જીવો અવધિજ્ઞાન આ અવધિદર્શનના માલિક છે.

અવધિજ્ઞાનના જે ૬ ભેદ છે, એ જ અવધિદર્શનના ભેદો છે. તીર્થંકર પરમાત્માનો જીવ પૂર્વજન્મથી જ આ ગુણ લઇને વર્તમાન ભવમાં આવે છે.

અવધિજ્ઞાન-અવધિદર્શન

- ભવપ્રત્યયિક
  - દેવતાને
  - નારકીને
- ગુણપ્રત્યયિક
  - મનુષ્યને
  - તિર્યંચને

અવધિજ્ઞાની, અવધિદર્શની જઘન્યથી અનંતરૂપી દ્રવ્યોને તથા ઉત્કૃષ્ટથી સર્વરૂપી દ્રવ્યોને જુએ છે. ક્ષેત્રથી જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ તથા ઉત્કૃષ્ટથી સમગ્ર લોકને જુએ છે, જાણે છે. કાળથી જઘન્ય-આવલિકાના અસંખ્યાતમા ભાગના જેટલા કાળના અતીત અને અનાગત પર્યાયોને જુએ છે. ભાવથી એક એક દ્રવ્યના જઘન્યથી ચાર ભાવ તથા ઉત્કૃષ્ટથી અસંખ્ય પર્યાયોને અવધિદર્શન-જ્ઞાનથી જુએ છે. એનો નિરાકાર-સામાન્ય ઉપયોગ અવધિદર્શન તથા આકાર (વિશેષ) ઉપયોગને અવધિજ્ઞાન કહે છે; એવું 'શ્રી નંદિ સૂત્ર' માં કહ્યું છે. મિથ્યાદષ્ટિ જીવને વિભંગ રૂપે અવધિજ્ઞાન-દર્શન થાય છે. સમ્યકત્વી અવધિજ્ઞાનવાળાને અવધિદર્શન થાય છે.

આ પ્રકારના આવા અવધિદર્શન ગુણ ઉપર આવેલા જ્ઞાનાવરણીય કર્મના આવરણને અવધિદર્શનાવરણીય કર્મ કહે છે. આ આત્માની જઘન્ય-ઉત્કૃષ્ટથી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી તેવા પ્રકારનાં રૂપી દ્રવ્યોને જોવાની શક્તિને આવરિત-આચ્છાદિત કરી દે છે; અને આત્માનો અવધિદર્શન-જ્ઞાન ગુણ ઢંકાઇ જાય છે-દબાઇ જાય છે. ક્ષાયોપશમિક ભાવથી આ ઉત્પન્ન થાય છે. આ વીરવિજયજી કૃત અવધિદર્શનાવરણીય નિવારક પૂજાના ઢાળનો ભાવ છે.

આત્માને ઇન્દ્રિયોની મદદ વગર સીધા પ્રત્યક્ષ રૂપે રૂપી પદાર્થોનો નિરાકાર-સામાન્ય બોધ થવો એ અવધિદર્શન ઉપયોગ તથા સાકાર રૂપથી વિશેષ બોધ થવો એ અવધિજ્ઞાન કહેવાય છે. અવધિદર્શન ગુણ અવધિજ્ઞાનાવરણીય કર્મના આવરણથી દબાય છે, અને અવધિજ્ઞાન ગુણ અવધિજ્ઞાનાવરણીય કર્મના આવરણથી દબાય છે.

**કેવળજ્ઞાન-કેવળદર્શન**

આ આત્માનો મૂળભૂત અનંત જ્ઞાન દર્શન-ગુણ છે. ઇન્દ્રિયો, મન તથા શરીરાદિ પદાર્થો જડ છે, અજીવ છે. આથી જોવું અને જાણવું એ એનો સીધો સ્વભાવ નથી. આથી કોઇ ઇન્દ્રિય અને મનની સહાયતાંથી સમગ્ર લોક-અલોક ક્ષેત્ર જોવું જાણવું તથા એમાં રહેલાં રૂપી -અરૂપી દ્રવ્યોને અનંતગુણપર્યાયોની સાથે જોવાં જાણવાં એ આત્માનો મૂળભૂત સ્વભાવ છે. આ જ અનંતજ્ઞાન અનંતદર્શન-એ કેવળજ્ઞાન-કેવળદર્શન ગુણ

કહેવાય છે. એનું સ્વરૂપ વર્ણવતાં આ પ્રકારે કહેવામાં આવ્યું છે કે **केवलं शुद्धं, तदावरणापगमात् सकलं वा केवलम्,तत्प्रथमतयैव निःशेष तदावरण-विगमतः संपूर्णतोत्पत्तेः असाधारणं वा केवलं अनन्यसदृश्यत्वात्। अनंत वा केवलम् ज्ञेयाऽनन्तत्वाद् अनन्त-कालावस्यापित्वाद्वा, निर्व्याघातं वा केवलम् लोकेऽलोके वा प्रसृतौ व्याघाताभावात्, तथा केवलम्-एकम्, मत्यादि चतुष्क रहितत्वात्।**

કેવલજ્ઞાન સંપૂર્ણ શુદ્ધ છે, કેમ કે તેના આવરણરૂપ જે કેવળજ્ઞાનાવરણીય કર્મ હતું, એનો સર્વથા ક્ષય થઇ જવાથી એ પૂર્ણ શુદ્ધ છે. કેવળજ્ઞાન પ્રથમથી જ સકલ-સર્વ પદાર્થ ગ્રાહી છે. કેમ કે પહેલેથી જ તે સંપૂર્ણ કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલું છે. આથી એ પહેલેથી જ સંપૂર્ણ હોય છે. આ કેવળજ્ઞાન અસાધારણ જ્ઞાન છે. કારણ કે એના જેવું બીજું કોઇ નથી. એની સમાન-સદશ્ય કોઇ નથી. આથી આ કેવલજ્ઞાન -કેવલ દર્શન અનંત છે, અંતરહિત છે. કારણ કે જાણવા જોવા જેવા જગતના પદાર્થો-દ્રવ્ય અનંત હોવાથી જેને કાળની દષ્ટિએ પણ અનંત કહેવામાં આવે છે એટલે એને અપ્રતિપાતી કહે છે. કેવળજ્ઞાન-દર્શન નિર્વ્યાઘાત છે. વ્યાઘાત રહિત છે. લોક અને અલોકમાં પ્રસૃત હોવા છતાં પણ એનો વ્યાઘાત નથી થતો. કોઇ વ્યાઘાત કરી નથી શકતું. એનું બાધક કોઇ નથી. કેવલજ્ઞાન-દર્શનના માર્ગમાં કોઇ અવરોધક-બાધક બની શકતું નથી. આથી તે નિર્વ્યાઘાત છે તથા કેવલજ્ઞાન-એક જ્ઞાન છે. કેવલદર્શન એક દર્શન છે. એની ઉપસ્થિતિમાં અન્ય જ્ઞાન-દર્શન ઉપસ્થિત નથી રહી શકતાં.

જેમ સૂર્યનો ઉદય થતાં ચંદ્ર,તારા,દિપકાદિનો પ્રકાશ સૂર્યમાં સમાઇ જાય છે, તેમનો સ્વતંત્ર પ્રકાશ રહેતો નથી. એ જ રીતે કેવલજ્ઞાન-દર્શન થઇ જતાં મતિ-શ્રુતાદિ જ્ઞાન તથા ચક્ષુ-અચક્ષુ આદિ દર્શન સ્વતંત્ર-અલગ રહી શકતાં નથી. પરંતુ જેમ સૂર્યના ન રહેવાથી એટલે કે અસ્ત થઇ જવાથી ચંદ્ર, તારા, દીપક આદિનો પ્રકાશ રહે છે, તે જ રીતે કેવળજ્ઞાન-દર્શન ન રહેતાં આચ્છાદિત-આવરિત રહેતાં મતિ શ્રુતાદિ જ્ઞાન તથા ચક્ષુ-અચક્ષુ આદિ દર્શન સ્વતંત્ર રૂપે રહે છે. પણ તે કેવળજ્ઞાનની ઉપસ્થિતિમાં નથી રહેતાં. આથી કેવળજ્ઞાન સંપૂર્ણ છે. એમાં અન્ય જ્ઞાન-દર્શનની આવશ્યકતા નથી પડતી. કેવળજ્ઞાન-દર્શન બહાર અન્ય કોઇ પણ દર્શનનું રતિભર માત્રાનું અસ્તિત્વ નથી.

**શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન,**
**દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યો તે પ્રમાણ.**
**ભાવિયા વંદો કેવળજ્ઞાન, પંચમી દિન ગુણ ખાણ - ૧**
**અનામીના નામનો રે, કિશ્યો વિશેષ કહેવાય**
**એ તો મધ્યમા વૈખરી રે, વચન ઉલ્લેખ ઠરાય - ૨**
**ધ્યાન ટાળે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રૂપ**
**પરા પશ્યન્તી પામીને રે, કોઇ પ્રમાણે મુનિ ભુપ રે - ૩**

**છતી પર્યાય જે જ્ઞાનની રે, તે તો નવી બદલાય,**
**જ્ઞેયની નવનવી વર્તના રે, સમયમાં સર્વ જણાય - ૪**
**બીજા જ્ઞાન તણી પ્રભા રે, એહમાં સર્વ સમાય,**
**રવિપ્રભાથી અધિક નહીં રે, નક્ષત્ર ગણ સમુદાય - ૫**
**ગુણ અનંત જ્ઞાનના રે, જાણે ધન્યનર તેહ**
**વિજયલક્ષ્મી સૂરિ તે લહે રે, જ્ઞાન મહોદય ગેહ - ૬**

કેવલજ્ઞાની-દર્શની અર્થાત્ સર્વજ્ઞ-સર્વદર્શી સર્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ-સમકાલ એક સાથે ગ્રહણ કરે છે-જાણે છે, જુએ છે. એમાં કાળનો પણ ભેદ નથી રહેતો. ભૂત-વર્તમાન-ભાવિના સમસ્ત ભાવોને એક સાથે જાણે છે, જુએ છે. આથી આ ત્રિકાળ જ્ઞાન છે. એના સ્વામી ત્રિકાળજ્ઞાની-દર્શી કહેવાય છે.

આ કેવળજ્ઞાન-દર્શન દરેક કેવલીને સમાન રૂપે થાય છે. આથી કેવળજ્ઞાનનો સ્વામી-કેવળજ્ઞાની, અને કેવળદર્શનનો સ્વામી કેવલદર્શી. અર્થાત્ સર્વજ્ઞ-સર્વદર્શી-આ દરેકમાં કેવળજ્ઞાન-દર્શન એક સમાન છે. એનો માલિક ભલેને સાધુ હોય. યા સંસારી, દેહધારી હોય યા સિદ્ધાત્મા, તીર્થંકર હોય યા ગણધર હોય, સ્ત્રી યા પુરૂષ-દરેકનું કેવળદર્શન-જ્ઞાન એક સમાન જ હોય છે. કેમ કે આ સર્વાવરણના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થાય છે.

'નમુત્થૂણં સૂત્ર' માં **'अप्पडीहयवरनाणदंसणधराणं'** પાઠ છે. **अप्पडीहय** =અપ્રતિહત, **वर** = શ્રેષ્ઠ, **नाण** = જ્ઞાન, **दंसण** = કેવલજ્ઞાન, **धराणं** = ધારણ કરનાર અર્થાત અપ્રતિહત (કદીય નાશ ન પામનાર) કેવળજ્ઞાન અને કેવળદર્શન ધારણ કરનાર અરિહંત ભગવાન કહેવાય છે. તે પૂર્ણજ્ઞાની-સંપૂર્ણ દર્શી-સર્વજ્ઞ સર્વદર્શની કહેવાય છે. અહીં **'अप्रतिहत'** - આ વિશેષણ નાશ ન હોવાના અનેક અર્થમાં છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં કોઇ ખાસ લાંબુ અંતર નથી. દર્શન પણ જ્યાં જ્ઞાનાકાર જ છે ત્યાં અંતર માત્ર આટલું જ છે કે દર્શન સામાન્યાકાર, નિરાકાર, નિર્વિકલ્પક, અવ્યક્ત હોય છે. દર્શનથી આ રીતે સામાન્ય-નિરાકાર અવ્યક્ત બોધ થાય છે, અને જ્ઞાન વિશેષરૂપ સાકાર સવિકલ્પ અને વ્યક્ત સ્પષ્ટ બોધકારક છે. આથી જ્ઞાન વિશેષાત્મક સામાન્યરૂપ હોય છે. છદ્મસ્થ જીવોને પ્રથમ સામાન્યોપયોગી દર્શન થાય છે અને પછીથી વિશેષોપયોગી જ્ઞાન થાય છે, જ્યારે સર્વજ્ઞ કેવલીને પ્રથમ સમયમાં કેવળજ્ઞાન થાય છે. અને બીજા સમયમાં કેવળદર્શન થાય છે. જ્ઞાન-દર્શનથી જાણવા અને જોવાની પ્રક્રિયા થાય છે. કેવળદર્શનનું લક્ષણ આ પ્રકારે બતાવ્યું છે - **केवल दर्शनावरणक्षयादि निमित्तवशाद् त्रैकालिकवस्तुविषयक सामान्यावबोधरूपत्वं केवल-दर्शनस्य लक्षणम्॥** અર્થાત્ કેવલદર્શનાવરણીય કર્મ ક્ષયાદિથી અદ્ભુત અને ત્રણે કાળના પદાર્થ વિષયક સામાન્ય બોધને કેવળજ્ઞાન દર્શન કહે છે. એના અધિકારી કેવલી છે. ચારે ઘનઘાતી કર્મોના ક્ષયથી આ અવસ્થા તેરમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે. પ્રથમ સમયમાં સાકાર ઉપયોગ રૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને બીજા સમયમાં નિરાકાર

દર્શન ઉપયોગ-કેવલ દર્શન પ્રાપ્ત થાય છે. પછી સમયાન્તર ઉપયોગ થતો રહે છે. જ્યાં મતભેદ અવશ્ય છે. સિદ્ધસેન દિવાકરજી સમયાન્તર ન માનતાં યુગપદ્ માને છે. ઉભય સ્વરૂપી વિષયની સમીપ દશામાં પણ કેવળજ્ઞાન તમામ વિશેષોને જ ગ્રહણ કરે છે, જ્યારે કેવલદર્શન સર્વસામાન્યને ગ્રહણ કરે છે. આ રીતે કેવળજ્ઞાન અને કેવળદર્શનનો સ્વભાવ છે. આ રીતે યુગપદ્વાદી અને ક્રમિકવાદીઓમાં પરસ્પર ચર્ચા છે.

દર્શન ચતુષ્કના સ્વામી દર્શનીયોની ચાર પ્રકારની સંખ્યામાં અવધિદર્શનવાળા-ઓની સંખ્યા સૌથી ઓછી છે. ચક્ષુ દર્શનવાળાઓની સંખ્યા સૌથી વધારે છે. ચક્ષુદર્શનવાળાની સંખ્યા અવધિ દર્શનવાળાઓની સંખ્યાથી અનંતગણી વધારે છે, અને આ સંખ્યાથી અનંતગણી સંખ્યા કેવલદર્શનવાળાઓની છે, અને એમનાથી અનંત કરતાં ય વધારે અચક્ષુર્શનવાળાઓની છે.

દર્શનાવરણીય કર્મના દર્શન ચતુષ્ક અને નિદ્રાપંચક નામના બે મુખ્ય ભેદોમાં પ્રથમ દર્શન-ચતુષ્કનું વર્ણન કર્યું. હવે દ્વિતીય વિભાગ નિદ્રાપંચકનો વિચાર કરીશું.

**નિદ્રા પંચક**

'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' ના ૩૩ માં 'કર્મપ્રકૃતિ' અધ્યયનના પાંચમા શ્લોકમાં પાંચ નિદ્રાનું વર્ણન આ રીતનું છે.

**निद्दा तहेव पयला निद्दानिद्दा य पयला पयला य।**
**तत्तोय थीणगद्धि, पंचमा होइ नायव्वा ॥५॥**

નિદ્રા પંચક

નિદ્રા    નિદ્રાનિદ્રા    પ્રચલા    પ્રચલા પ્રચલા    થીણદ્ધિ

જૈન દર્શનમાં પાંચ પ્રકારની નિદ્રા બતાવવામાં આવી છે. સંસારમાં ક્યાંય પણ, કોઇ પણ ધર્મમાં અથવા દર્શનમાં નિદ્રા ના વિષયમાં આવું વર્ણન મળતું નથી. આવું વર્ણન જૈન દર્શનના કર્મશાસ્ત્રમાં મળે છે. નિદ્રા એટલે તો ઊંઘ આવવી. આ ક્રિયાપરક છે. નિદ્રા આત્મગુણ સ્વરૂપ નથી, પરંતુ કર્મ ઉદયજન્ય છે. જ્ઞાતા દ્રષ્ટાભાવવાન આત્મા જે સ્વયં જ્ઞાન દર્શનાદિ ગુણોથી જોવા-જાણવા આદિની ક્રિયા કરે છે. એ આત્મા નિદ્રા લેવાનું કામ નથી કરતો. શા માટે કરે ? કારણ કે નિદ્રા જ્ઞાન-દર્શનનું કાર્ય બંધ કરી દે છે.

નિદ્રાવસ્થામાં આત્માની જાણવા-જોવાની ક્રિયા બંધ થઇ જાય છે. આથી નિદ્રા આત્મગુણ પરક નથી પરંતુ કર્મોદયજન્ય છે. કર્મોદયજન્ય હોવાને કારણે નિદ્રા આત્મગુણ ઘાતક છે. આથી અઘાતી કર્મની પ્રકૃતિમાં ગણાઇ જાય છે. આત્મગુણ જ્ઞાન દર્શનાદિનો ઘાત કરવાને કારણે આ ઘાતી કર્મનું કામ કરે છે. આટલા વિવેચન પછી એ પ્રશ્ન નિરર્થક થઇ જાય છે કે નિદ્રા સારી છે કે ખરાબ ? નિદ્રાને કોણ સારી માનશે ? બસ, આ જ સંસારના વ્યવહારમાં અને અધ્યાત્મમા અંતર છે. સાંસારિક વ્યવહારમાં નિદ્રાને સારી માનવામાં આવી છે. આયુર્વેદમાં નિદ્રાને ઉપયોગી માનવામાં આવી છે. તથા આરોગ્યની દષ્ટિએ પણ તે ઉપયોગી છે. પરંતુ કર્મશાસ્ત્રના નિયમ અનુસાર તે આત્મગુણોનો ઘાત

કરનારી તથા જ્ઞાન દર્શનની અવરોધક નિદ્રાને સારી માની નથી. આથી આધ્યાત્મિક મહાપુરૂષ નિદ્રા સાથે લડતાં કહે છે કે -

**વેરણ નિદ્રા તું ક્યાંથી આવી,**
**સૂઇ સૂઇને સારી રાત જગાવી...૧**
**નિદ્રા કહે હું તો બાલીને ભોલી**
**મોટા મોટા મુનિવરને નાખું છું ઢોલી...૨**
**નિદ્રા કહે હું તો જમડાની દાસી,**
**એક હાથમાં મુક્તિને બીજા હાથમાં ફાંસી...૩**
**ચાલો ચેતનજી સિદ્ધાચલ જઇએ**
**આદિશ્વર ભેટી પાવન થઇએ...૪**
**આનંદઘન કહે સુણ ભાઇ બનિયા,**
**આપ મુઆ પછી ડૂબ ગઇ દુનિયા...૫**

આનંદઘન યોગીજી નિદ્રાને કહે છે કે- હે વૈરિણી ! (આત્માની) દુશ્મન નિદ્રા ! તું ક્યાંથી આવી ? શા માટે આવી ? મારી સાધનામાં તારી આવશ્યકતા નથી. ઘણાં વર્ષોની સાધના પછી મેં આ જાગૃત અવસ્થા પ્રાપ્ત કરી છે, અને તે અવસ્થા તેં શા માટે બગાડી નાખી ? નિદ્રા જવાબ આપે છે કે - હું તો ભોળી ભલી છું. આપના આમંત્રણથી આવી છું. બીજી બાજુ હું યમની દાસી રૂપે ચીર નિદ્રાને નામે પ્રસિદ્ધ છું. મારા એક હાથમાં મુક્તિ પણ છે અને બીજા હાથમાં ફાંસી પણ છે. આ રીતે આધ્યાત્મિક યોગીઓએ નિદ્રાને હિતકારી માની નથી.

બરાબર અધ્યાત્મ-યોગીઓથી વિપરીત સંસારી-ગૃહસ્થો નિદ્રા માટે તડપતા હોય છે. એને લાવવા માટે હજાર ઉપાયો કરતા હોય છે. નિદ્રા માટે ગોળીઓ અને ઇન્જેક્શનો પણ લેતા હોય છે. કોઇ પણ ઉપાયે તેઓ નિદ્રામાં પડયા રહેવા ઇચ્છે છે.

આ રીતે વિચારવાથી વાત સાચી લાગે છે કે જેની સામે આત્મકલ્યાણનું કોઇ લક્ષ્ય જ નથી એ બિચારો નિદ્રા માટે પ્રવૃત્તિ-પ્રયાસ નહીં કરે તો શું કરશે ? નિતિકાર કહે છે :- **જો સોવત હૈ સો ખોવત હૈ, જો જાગત હૈ સો પાવત હૈ** એટલે કે જે નિદ્રામાં-આળસમાં પડયો રહે છે તે ઘણો લાભ ખોઇ બેસે છે. એના હાથમાંથી કેટલીય શુભ-લાભકારી બાબતો ચાલી જાય છે; અને એ જ્યારે જાગે છે ત્યારે સાંભળીને-એ જાણીને ખૂબ જ પસ્તાય છે. પણ કહેવાયું છે કે -

**'અબ પછતાયે ક્યા હોત હૈ, જબ ચિડિયા ચૂગ ગઇ ખેત'**

એક વાર સમવસરણમાં બેઠેલા ભગવાન મહાવીરને તેમની દેશના પછી જયન્તી શ્રાવિકાએ પ્રશ્ન કર્યો - ''હે કૃપાનાથ ! આ સંસારમાં કોનું સૂવું સારી વાત છે? અને કોનું જાગવું સારું છે?''

ઉત્તર આપતાં ભગવાને કહ્યું :- **'जागरिया धम्मिणं अधम्मिणं तु सुत्तया सया।'** ધર્મી આત્માઓનું જાગવું સારું અને અધર્મી આત્માઓનું સૂતા રહેવું સારું, કારણ કે ધર્મી જાગતો રહેશે તો પાપ નહીં કરે અને અધર્મી સૂતો રહેશે તો પાપ નહીં કરે. આમ જગત્‌માં ધર્મનું વાતાવરણ સર્જાશે. જ્યારે અધર્મી જો જાગતો રહેશે તો તે પાપ કરતો રહેશે અને કેટલાયને પોતાની સાથે પાપમાં ભાગીદાર બનાવશે. આ રીતે અધર્મી ઘણો અનર્થ કરશે, આથી ધર્મીનું જાગવું અને અધર્મીનું સૂતા રહેવું સ્વપર-ઉભય માટે લાભકારી રહેશે. આજે તો આનાથી વિપરીત જોવા મળે છે.

ધર્મી સૂઇ રહ્યા છે અને અધર્મી જાગતા રહ્યા છે. હવે તમે જ વિચારો કે શું પરિણામ આવશે ? કળિયુગમાં આ જ પ્રમાણ વધે છે. વર્તમાન જગતમાં બરાબર આ જ ઊલટું દૃશ્ય જ આપણે જોઇએ છીએ. આથી અત્યારે ભયંકર કળિયુગ ચાલી રહ્યો છે, આમ કહેવામાં રજમાત્ર સંદેહ નથી.

## આરોગ્યની દૃષ્ટિએ નિદ્રા

જો કે નિદ્રા કર્મોદયજન્ય છે અને બંધકારક છે. તો પણ આરોગ્યની દૃષ્ટિએ ઉચિત સમજીને આપણે નિદ્રા લઇએ છીએ. દરેક વસ્તુ જો પ્રમાણસર રહે તો લાભકારક બને છે, તેથી નિદ્રા પણ સીમિત-પરિમિત અને મર્યાદિત રહે ત્યાં સુધી ઠીક છે. કહ્યું છે કે -

**Early to bed and Early to rise,**
**makes a man healthy wealthy and wise.**
**વહેલા સૂવે અને વહેલા ઊઠે જે વીર,**
**બળ બુદ્ધિ ધન વધે ને સુખમાં રહે શરીર.**

એટલે કે વહેલા સૂવું અને વહેલા ઊઠવું એ જ શારીરિક અને માનસિક આરોગ્ય માટે લાભકારક છે. પરંતુ વર્તમાન કાળમાં તો લોકોએ સૂવા ઊઠવાના સમયની કાળમર્યાદા જ તોડી નાખી છે. કેમ કે ૧૨-૧ વાગ્યા સુધી સૂતા નથી અને સૂર્યોદય પછી ૧-૨ કલાક પછી એટલે કે ૮-૯ વાગતાં જ ઊઠવાની આદત પડી ગઇ છે. આયુર્વેદશાસ્ત્ર તો કહે છે કે માણસ સૂર્યોદય પછી જેટલો મોડો ઊઠશે, એટલું જ એનું આયુષ્ય ઓછું થતું જશે. આથી સૂવાના સમય માટે આયુર્વેદ કહે છે કે - રાત્રિના બીજા પ્રહરમાં સૂવું જોઇએ અને બે પ્રહર એટલે કે ૬ કલાકની પરિમિત નિદ્રા લઇને રાત્રિના ચોથા પ્રહરમાં સૂર્યોદયથી ચાર ઘડી પહેલાં ઊઠી જવું જોઇએ. (એક પ્રહર = ૩ કલાક, ૧ ઘડી = ૨૪ મિનિટ, ૨ ઘડી = ૪૮ મિનિટ)

આમ તો ૬ કલાકની નિદ્રા માણસ માટે પૂરતી છે, પણ અત્યંત ગહન-પ્રગાઢ નિદ્રા ૩ કલાકની પણ પૂર્ણ થાય છે. સ્વપ્નભરી નિદ્રા યા અર્ધનિમીલિત તંદ્રા જેવી નિદ્રા લાંબા સમય સુધી પણ આવે તો ય સંતોષ થતો નથી.

પો ફાટતા પહેલાં બ્રાહ્મમુહૂર્તે ઊઠી જવાથી જીવન સ્ફૂર્તિમય અને નિયમિત રહે છે. તથા પ્રભુસ્મરણ, સામાયિક, પૂજા પાઠ, જપધ્યાન ઘણા આનંદથી શાન્ત

વાતાવરણમાં સારી રીતે થાય છે. આ જ ઉપાસના જો મોડેથી કરવામાં આવે તો અસ્થિર ચિત્તથી થાય છે.

સૂતેલાને જગાડવો સરળ છે. સ્વાભાવિક વાત છે કે ઊંઘમાં સૂતેલાને જગાડવો સહેલી વાત છે. પરંતુ નિદ્રા ઊડી ગયા પછી જે આળસમાં પડ્યો રહે તેને ઉઠાડવો એક પ્રકારનો માથાનો દુખાવો છે.

**પાંચ પ્રકારના પ્રમાદ**

**मज्जं विषय-कषाया, निद्दा विकहा य पञ्चहा भणिया**
**ए ए पञ्च पमाया जीवं पाडंति संसारे ।**

**૫ પ્રકારના પ્રમાદ**

| મદ | વિષય | કષાય | નિદ્રા | વિકથા | |
|---|---|---|---|---|---|
| ૮ | ૨૩ | ૪ | ૫ | ૪ | = ૪૪ |

શાસ્ત્રોમાં બતાવવામાં આવેલા પ્રમાદોમાં નિદ્રાનો પણ સમાવેશ કર્યો છે; આથી અત્યંત કીમતી અને દુર્લભ મનુષ્ય જન્મ પ્રમાદમાં વીતી ન જાય એટલા માટે પુરૂ ધ્યાન રાખવું જોઇએ. એવું ન થઇ જાય કે :-

**રાત ગવાઇ સો કે દિવસ ગવાયો ખાય,**
**હીરા જન્મ અમોલ થા, કોડી મૂલ્યે જાય.**

એટલા માટે નીતિકાર કહે છે કે **'श्वान निद्रा, बक ध्यानं'** આપણી ઊંઘ કૂતરા જેવી અલ્પ હોવી જોઇએ અને ધ્યાન બગલાની જેમ સ્થિર ચિત્તવાળું હોવું જોઇએ. અહીં એક અંશી ઉપમા આપવામાં આવી છે, સર્વાંશી નહીં.


**આહાર-નિદ્રાનો સંબંધ**

**આહારે ઊંઘ વધે ઘણી, નિદ્રા દુઃખ ભંડાર,**
**નૈવેદ્ય ધરી પ્રભુ આગલે ધરીયે પદ અણાહાર**

વીરવિજયજી મહારાજ કહે છે કે – જેમ જેમ આહારનું પ્રમાણ વધતું જાય છે, તેમ તેમ ઊંઘનું પ્રમાણ પણ વધતું જાય છે. આવી નિદ્રા દુઃખના ભંડારરૂપ છે. આ ઊંઘ પાછળ અનેક દુઃખો આવે છે. એટલા માટે આ કર્મોદયને ટાળવા માટે આહારનો એટલે કે નૈવેદ્યનો ભરેલો થાળ પ્રભુની આગળ ત્યાગ ભાવનાથી અર્પણ કરો જેથી અણાહારી-નિરાહારી પદ-મોક્ષપદ પામી શકશો. 'યોગશાસ્ત્ર'માં કહે છે કે આહાર અને નિદ્રા વચ્ચે જન્ય-જનક ભાવ સંબંધ છે. આહાર વધવાથી નિદ્રા વધે છે અને નિદ્રા વધવાથી આહાર વધે છે. બંને વધતાં જ જાય છે અને બુદ્ધિ જડતા તરફ આગળ વધતી જાય છે. આથી અલ્પાહારી-હિતકારી મિતાહારી-પરિમિતાહારી અને અલ્પ નિદ્રાળુ બનવું જ લાભદાયી છે.

**નિદ્રાનું શાસ્ત્રીય સ્વરૂપ**

**सुह-पडिबोहा निद्दा निद्दा य दुःख-पडिबोहा।**




**पयला ठिओवविट्ठस्स पयल-पयलाउचंकमओ ॥**

**दिण-चिंति अत्थ-करीण थीणद्धि अद्ध-चक्कि-अद्ध बला ॥**

**(कर्मग्रंथ)**

(૧) નિદ્રા (૨) નિદ્રા-નિદ્રા (૩) પ્રચલા (૪) પ્રચલા-પ્રચલા (૫) થીણદ્ધિ, (સ્ત્યાનર્દ્ધિ, સ્ત્યા-ગૃદ્ધિ)

**(૧) નિદ્રા - सुह-पडिबोहा निद्दा ।**

**सुख प्रबोधस्वभावावस्थाविशेषरूपत्वं सुखजागरणस्वभावस्वापावस्थाविशेषरूपत्वं वा निद्रायाः लक्षणम् ॥**

જે પ્રકારની નિદ્રામાં સહજ રીતે-સરળતાથી જાગી શકાય એને નિદ્રા કહે છે. જે નિદ્રામાં સુખરૂપે જાગવાનો સ્વભાવ હોય અથવા જાગવાનું એક ક્ષણમાં આસાનીથી બને - જાગી જવાય એને પ્રથમ પ્રકારની નિદ્રા કહે છે.

**(૨) નિદ્રા-નિદ્રા - निद्दा निद्दाय दुक्खव-पडिबोहा ।**

**दुःखजागरणस्वभावस्वापावस्था विशेषरूपत्वं, दुःखप्रतिबोधस्वापावस्थाविशेषरूपत्वं वा निद्रा-निद्रायाः लक्षणम् ।**

નિદ્રાની એક વિશેષ અવસ્થા જેમાં મોટી મુશ્કેલીથી, ઘણું, ઢંઢોળવાથી ઊઠે એને બીજા પ્રકારની નિદ્રા કહે છે.

**(૩) પ્રચલા - पयला ठिओवविट्ठस्स ।**

**स्थितोपस्थितस्वापावस्थाविशेषरूपत्वं प्रचलायाः लक्षणम् ।** જેમાં ઊભા ઊભા યા બેઠાં બેઠાં પણ ઊંઘ આવે એને પ્રચલા પ્રકારની નિદ્રા કહેવામાં આવે છે.

**(૪) પ્રચલા - પ્રચલા - पयला-पयला उ चंकमओ ।**

**चङ्क्रमण विषयकस्वापावस्था विशेषरूपत्वं प्रचलाप्रचलायाः**

**लक्षणम् ।** ચાલતાં ચાલતાં જે નિદ્રા આવે તે પ્રચલા-પ્રચલા નામે નિદ્રા છે.

**(૫) થીણદ્ધિ- दिण-चिंति, अत्थ-करणी-थीणद्धी-अद्ध-चक्कि अद्ध-बला ।**

**दिनचिंन्तितार्थाऽऽभिकाङ्क्षाविषयक स्वापावस्था विशेषरूपत्वं, जाग्रदवस्थाध्यवसितार्थसंसाधनविषयकाभिकाङ्क्षानिमित्तकस्वापावस्था-विशेषरूपत्वं वा स्त्यानर्द्धे लक्षणम् ।**

દિવસે જે વિષયક કાર્યનું તીવ્ર આકાંક્ષાથી જે ચિંતન કર્યું હોય અને દિવસમાં એ કાર્ય કર્યા વગર સૂઇ ગયો હોય અને રાત્રે ઊંઘમાં ઊઠીને એ કાર્યને નિદ્રાવસ્થામાં જ કરે, એવી નિદ્રા થીણદ્ધિ-સ્ત્યાનર્દ્ધિ નામની પાંચમી નિદ્રા છે.

આ પ્રકારની નિદ્રામાં માણસ જાગતો હોય એમ કામ કરી લે છે. પરંતુ એને ખબર નથી રહેતી. ફરીથી આવીને તે સૂઇ જાય છે. સવારે ઊઠતાં તેને કશું યાદ રહેતું નથી કે મેં આ કામ કર્યું છે. આ પ્રકારની નિદ્રામાં અર્ધ ચક્રવર્તી અર્થાત્ વાસુદેવના અડધા બળની બરાબરની શક્તિ રહે છે. પરંતુ આ કોને ? એના ઉત્તરમાં કર્મશાસ્ત્ર સ્પષ્ટીકરણ કરે છે કે જે જીવ વજ્ર ઋષભનારાચ સંઘયણ નામના પ્રથમ સંઘયણવાળો હોય છે એને જો થીણદ્ધિ નિદ્રા નામનું દર્શનાવરણીય કર્મ ઉદયમાં હોય તો એનામાં અર્ધચક્રવર્તી અર્થાત્ વાસુદેવના બળનું અડધું બળ-શક્તિ થીણદ્ધિ નિદ્રાના ઉદયમાં રહે છે. પણ આવો જીવ મરીને નરકમાં જાય છે.'છેવટ્ઠુ' નામનું છટ્ઠા પ્રકારનું સંઘયણ જેના ઉદયમાં હોય (આપણા જેવા જીવ) એવા જીવોને જો થીણદ્ધિ નિદ્રા નામનું દર્શનાવરણીય કર્મ ઉદયમાં હોય તો એમાં એ સમયે બમણું-ત્રણગણું બળ પણ વધે છે. **स्त्याना संघातीभूतागृद्धिर्दिन चिन्तितार्थसाधन विषयाऽभिकांक्षायस्याम् सा स्त्यानगृद्धि। प्राकृतत्वात् 'थीणद्धि' इति निपातः ।**

પ્રથમ કર્મગ્રંથમાં 'થીણદ્ધિ' શબ્દની વ્યુત્પત્તિ ઉપરોક્ત પ્રકારે કરવામાં આવી છે. 'થીણદ્ધિ' શબ્દ પ્રાકૃતનો છે. એ નિપાત સિદ્ધ છે. એને સંસ્કૃતમાં સ્ત્યાનર્દ્ધિ યા સ્ત્યાનગૃદ્ધિ કહે છે.

## થીણદ્ધિ નિદ્રાનાં કેટલાક દષ્ટાન્તો

'વિશેષાવશ્યક ભાષ્ય' નામના મહાગ્રંથમાં થીણદ્ધિ નિદ્રાના વિષયમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં દષ્ટાન્તો બતાવ્યાં છે. જેમાં મુખ્ય રૂપે (૧) માંસ ભક્ષક (૨) મોદક ભક્ષક (૩) હાથી મારક (૪) કુંભાર (૫) વટવૃક્ષની શાખા તોડનાર આદિ વિષયક દષ્ટાંતો છે.

### (૧) માંસ ભક્ષક

એક ગામ હતું. એમાં 'કણબી' જાતિનો એક માણસ રહેતો હતો, એ માંસભક્ષી હતો. માંસ ખાવામાં ખૂબ જ વધારે લુબ્ધ હતો. કાચું, પાકું ગમે તેવું માંસ એ ખાતો હતો. એક વખતની વાત છે. ત્યાગી તપસ્વી જૈન સાધુ ગામમાં પધાર્યા. જૈન સાધુઓએ કેટલાક દિવસો ગામમાં રહીને ધર્મોપદેશ આપ્યો. લોકોનાં શરાબ, માંસ વગેરે વ્યસનો

છોડાવ્યાં.

આ પ્રસંગથી કણબી જાતિનો માણસ પણ પ્રભાવિત થઇને માંસાહાર આદિ છોડીને શુદ્ધ શાકાહારી બન્યો. સાધુ સંતોના સત્સમાગમમાં વધારે રહીને એ માણસે સંસારનો ત્યાગ કરી દીધો અને સર્વ પાપો છોડીને જૈન દીક્ષા અંગીકાર કરીને સાધુ બની ગયો. સાધુત્વનું પાલન કરતાં સાધુઓ સાથે યાત્રા વિહારાદિ કરતો રહ્યો.

એક વાર એવું બન્યું કે જંગલ જવાના હેતુથી એ બહાર ગયો. રસ્તામાં કેટલાક કસાઇ લોકોને માંસ લુબ્ધ બનીને એક પાડાને કાપતાં તેણે જોયા. આ દશ્ય જોતાં જ એ સાધુના મનમાં પણ પૂર્વકાળના માંસ ખાવાના સંસ્કારો સ્મૃતિપટ ઉપર ઉપસ્થિત થઇ ગયા. તેને પણ માંસ ભક્ષણની તીવ્ર ઇચ્છા થઇ ગઇ. પણ તે સાધુ પોતાની સાધુતાને યાદ કરીને ત્યાંથી દૂર ખસીને સત્વરે ઉપાશ્રયે આવી ગયો પરંતુ ઇચ્છાનું જોર વધતું જ ગયું. રાત્રે એ જ વિચારોમાં એ સૂઇ ગયાં. એ જ રાત્રે તેમને થીણદ્ધિ નામનાદર્શનાવરણીય કર્મનો ભારે ઉદય થઇ આવ્યો. રાત્રે ઊઠીને નિદ્રા અવસ્થામાં જ તે ગામની બહાર ગયા.

ગામ બહાર પાડાઓના ટોળામાંથી એક પાડાને મારી નાખ્યો અને એનું માંસ ખાવા બેસી ગયા. ખૂબ માંસ ખાઇને અને થોડુંક સાથે લઇને ઉપાશ્રયમાં આવીને સૂઇ ગયા. રાત તો વીતી ગઇ, પ્રાતઃ સમયે અન્ય સાધુઓ ઊઠયા, ઊઠતાં જ તેમણે પેલા સાધુના હાથ પગ, કપડાં રક્તથી લથબથ જોઇને-પૂછયું કે 'અરે ! તેં આ શું કર્યું? સાધુ થઇને આવું કર્યું?' તેણે સાફ ના પાડી કે મેં કશું કર્યું નથી, અને હું કશું જાણતો **નથી.** પરંતુ એ સાથે જે માંસ લાવ્યો હતો તે સાધુઓએ શોધી કાઢયું. સૌએ એને **અપરાધી** ઘોષિત કર્યો. જ્ઞાની સાધુ ભગવંતોએ એવું જાણ્યું કે આ થીણદ્ધિ નામે **દર્શનાવરણીય** કર્મનો દોષ છે. પછી તેને સાધુપણામાંથી કાઢી મૂક્યો.

## (૨) મોદક ભક્ષણ

કેટલાક સાધુઓ વિહાર કરતા કરતા એક ગામમાં આવ્યા. **ભિક્ષા માટે એક** સાધુ ગૃહસ્થોના ઘરે ગયા. એ ગૃહસ્થના ઘરમાં એક મોટા થાળમાં સુંદર **લાડવા મૂકેલા** હતા. કેટલાય લાડવા હોવા છતાં ગૃહસ્થે એક લાડુ પણ મુનિને ભિક્ષામાં **ન આપ્યો.** સાધુને પણ લાડુ ખાવાની તીવ્ર ઇચ્છા હતી-આસક્તિ હતી. ઉપાશ્રયે જઇને દિવસભર લાડુ ખાવાના જ વિચાર કરતો રહ્યો. એ જ ચિંતનમાં રાતે સૂઇ ગયો.

થીણદ્ધિ નિદ્રા નામના દર્શનાવરણીય કર્મના ભારે ઉદયથી તે સાધુ મધ્યરાત્રિએ ઊઠીને લાડુવાળા ગૃહસ્થને ઘરે ગયો. દ્વાર તોડીને ઘરમાં ઘૂસ્યો અને તેણે ધરાઇને ઘણા લાડવાઓ ખાધા બાકી રહેલા લાડવાઓને પોતાના પાત્રામાં લઇને ઉપાશ્રયે આવ્યો અને ફરીથી સૂઇ ગયો.

સવારે બધા સાધુઓ ઊઠયા. લાડુ ખાનારો સાધુ પણ ઊઠયો. પરંતુ એને કશું જ યાદ રહ્યું ન હતું તેથી તે નિત્યની ક્રિયા કરવા લાગ્યો. તેણે પોતાના ગુરૂ પાસે જઇને કહ્યું કે મેં આજે એક સ્વપ્ન જોયું છે. પરંતુ અન્ય સાધુઓ વસ્ત્ર-પાત્ર આદિની પ્રતિલેખન

ક્રિયા કરવા લાગ્યા ત્યારે એક પાત્રમાં ઘણા લાડવા જોયા. સૌ ભારે આશ્ચર્યમાં પડી ગયા. ઠીક ઠીક પૂછ પરછ થઇ પણ કશું સત્ય બહાર આવ્યું નહીં, આખરે ગુરૂએ એના સ્વપ્નના આધારે થીણદ્ધિ નિદ્રા નામના દર્શનાવરણીય કર્મનો ભારે ઉદય થયેલો જાણીને તેને દીક્ષામાંથી કાઢી મૂક્યો.

## (૩) હાથી મારક

**સાધુ મંડળીમાં રહે રે, એક લઘુ અણગાર**
**થીણદ્ધિ નિદ્રાવશે રે, હણિયો હસ્તિમહંત,**
**સૂતો ભર નિદ્રાવશે રે, ભૂત લિયે હોય દંત**
**અંગ અશુચિ શિષ્યનું રે, સંશય ભરિયો સાધુ**
**જ્ઞાની વયણે કાઢીયો રે, હંસવનેથી વ્યાઘ્ર**

એક સમયની વાત છે. એક નાનાં સાધુને રસ્તામાં એક હાથી એ ખુબ પરેશાન કર્યા. ગભરાઇને ગમે તેમ કરીને સાધુ જીવ બચાવવા નાસીને ઉપાશ્રયમાં આવી ગયો. દિવસભર સાધુના મનમાં હાથી માટે ભારે રોષ રહ્યો. આ ક્રોધના વિચારોમાં રાત પડી ગઇ અને સાધુ સૂઇ ગયા. થીણદ્ધિ નિદ્રા નામના દર્શનાવરણીય કર્મના ભારે ઉદયથી એ સાધુ ઊઠીને નગર બહાર જવાનો દરવાજો તોડીને નગર બહાર રહેલા પેલા હાથીની પાસે ગયા.

વજ્ર ઋષભનારાચ નામના પ્રથમ સંઘયણના ધારક એ સાધુએ થીણદ્ધિ નિદ્રાના ઉદયમાં અર્ધચક્રવર્તી અર્થાત્ ત્રણ ખંડના માલિક વાસુદેવ જેટલું બળ પ્રાપ્ત કર્યુ હોવાથી એમણે હાથીના બંને દાંત ખેંચીને બહાર કાઢી નાખ્યા, અને દાંતોથી જ પ્રહાર કરીને હાથીને મારી નાખ્યો. શેષ રાત્રિમાં પાછા ફરતાં ઉપાશ્રયની બહાર દાંત રાખીને પોતાના સંથારા પર જઇને સૂઇ ગયા. પ્રાતઃ ગુરૂની પાસે જઇને કહ્યું કે મેં આજે આવું સ્વપ્ન જોયું.

થોડીક વાર પછી બધા સાધુઓ વિહાર માટે નીકળ્યા. બહાર નીકળતાં જ જ્યારે બહાર હાથીના બે દાંત જોઇને શંકા પડી. ગુરૂએ બધા સાધુઓને પૂછ્યું, કોઇએ કોઇ જવાબ ન આપ્યો. ગામની બહાર જતાં જ પેલા સાધુનાં ઉપકરણો દેખાયાં. આ પ્રમાણથી ગુરૂએ એને થીણદ્ધિ નિદ્રા નામના દર્શનાવરણીય કર્મના ઉદયવાળો જાણીને તેનો સાધુનો વેશ છીનવી લીધો.

## (૪) કુંભારનું દષ્ટાન્ત

ભૂતકાળની વાત છે. એક ગામનો કુંભાર એક વખતે સાધુઓના મોટા સમુદાયમાં દીક્ષા લઇને સાધુ બન્યો. ઘણાં સમય પછી એક રાત્રે એને પૂર્વોપાર્જિત થીણદ્ધિ નિદ્રા નામના દર્શનાવરણીય કર્મનો ભારે ઉદય થયો, જેથી એ મધ્ય રાત્રિએ ઊઠીને કુંભારપણાના માટીના મોટા પિંડોને તોડવાના પૂર્વ સંસ્કારોને યાદ કરીને પ્રબળ શક્તિથી સૂતેલા સાથી સાધુઓ પર પ્રહાર કરીને ધડાધડ માથાં ફોડવા લાગ્યો. આમ તે ધડ અને મસ્તક જુદાં કરવા લાગ્યો. એટલામાં બીજા કેટલાય સાધુઓ આ જાણીને જીવ બચાવવા ભાગી નીકળ્યા. બધાએ ભેગા થઇને ગુરૂ દ્વારા જીવને થીણદ્ધિ નિદ્રાના કર્મવાળો જાણીને તેનો સાધુવેશ

છીનવી લીધો.

## (૫) વટવૃક્ષ છેદક

ભૂતકાળની વાત છે. એક સાધુ ઘણાં મોટાં પાત્રાઓ લઇને અન્ય સાથી સાધુઓની ગોચરી લેવા માટે ઘણો દૂર ગામમાં ગયો. ગોચરીથી ભરેલાં પાત્રાઓનો ભાર ખૂબ વધી ગયો હતો. તેજ તડકાના સમયે - બપોરની વેળાએ પાછા ફરતાં ગરમીને કારણે તથા પગ બળવાને લીધે વ્યાકુળ થઇને ઝડપથી એક વટવૃક્ષની નીચે ગયો. દુર્ભાગ્યવશાત્ એ વટવૃક્ષની એક વિશાળ શાખા ભારને લીધે ઘણી નીચી આવી ગઇ હતી.

ઉતાવળને કારણે આ ડાળી સાધુના મસ્તકે અથડાઇ. માથા ઉપર ભારે ચોટ લાગી. ગમે તેમ કરીને સાધુ ભિક્ષા સાથે ઉપાશ્રયે પહોંચ્યો. દિવસ દરમ્યાન એ દશ્યને યાદ કરીને ક્રોધાતુર અને ચિંતાગ્રસ્ત રહ્યો અને ક્રોધ તથા ચિંતામાં જ સૂઇ ગયો. મધ્યરાતે થીણદ્ધિ નામના દર્શનાવરણીય કર્મનો ભારે ઉદયે ઊભો થઇને વટવૃક્ષની નીચે જઇને નમેલી એ મોટી શાખા ને ખેંચીને તોડી નાખી. એને દૂર ફેંકી દેવાના હેતુથી ખેંચીને ઘસડીને દૂર લઇ ગયો. પરંતુ એ રસ્તો ઉપાશ્રય તરફ જ જતો હતો. આથી ઉપાશ્રયની બહાર જ એ ડાળીને ફેંકી દઇને પોતાના સંથારામાં સૂઇ ગયો.

સવારે ઊઠીને એણે ગુરૂને કહ્યું : ‘મને આજે આવું સ્વપ્ન આવ્યું છે’. પણ ઉપાશ્રયની બહાર જતાં જ ગુરૂએ વૃક્ષની તૂટેલી ડાળી જોઇને એ સાધુને થીણદ્ધિ નિદ્રા કર્મનો ઉદય જાણીને તેનો સાધુવેશ છીનવી લઇ એને વિદાય કર્યો.

## (૬) પુત્રવધૂનું દષ્ટાન્ત

### ષટ્ માસે નિદ્રા લહે રે, શેઠવધૂ દષ્ટાંત

એક શેઠના ઘરમાં તેમની પુત્રવધૂને થીણદ્ધિ નિદ્રા આવતી હતી. એકવાર થીણદ્ધિ નિદ્રાના સમયે એ મધ્યરાત્રિએ ઊઠીને ઘરમાંથી સોના રૂપાના તમામ દાગીના લઇને ગામની બહાર જંગલમાં ગઇ. એકલી પુત્રવધૂએ પથ્થરની એક ભારે શિલાને દૂર કરીને આભૂષણોનો ડબો હતો તે જમીનમાં દાટી દીધો. ફરીથી એણે શિલાને ખેંચીને એના ઉપર ઢાંકી દીધા અને ઘરે આવી સૂઇ ગઇ. બીજે દિવસે લગ્નમાં જવાનું થયું, આથી પુત્રવધૂ કપાટ ખોલીને દાગીના પહેરવા ગઇ પરંતુ એ દાગીનાનો ડબો તો ન હતો તેથી તે માથું કૂટીને રોવા લાગી. બૂમો પાડવા લાગી. પતિ, સાસુ, સસરા બધા ય ખોળવા લાગ્યા પરંતુ ડબો ક્યાંય ન મળ્યો. વહુએ રોઇ રોઇને દિવસ વિતાવ્યો અને તે પોતાના પતિને કહેવા લાગી. ‘આપ લોકો મારી ક્રૂર મશ્કરી શા માટે કરો છો?’ તમે લોકોએ જ ક્યાંક છુપાવ્યો હશે. લાવો, આપી દો.’ આ રીતે આરોપ પ્રત્યારોપમાં ૬ માસ વીતી ગયા.

એવું બન્યું કે છ માસ પછી પુત્રવધૂને થીણદ્ધિ નિદ્રા ફરી આવી. પહેલાંની જેમ જ ફરીથી ઊઠીને પુત્રવધૂ જંગલમાં ગઇ અને પેલા પથ્થરની શિલા દૂર કરીને દાગીનાનો ડબો લઇને અને પથ્થરની શિલાને પહેલાંની જેમ જ મૂકીને ઘરે આવી. દાગીનાના ડબાને પૂર્વવત્ કબાટમાં મૂકીને સૂઇ ગઇ.

બીજે દિવસ કબાટમાં પેલા ડબાને જોઇને ખુશ થઇ ગઇ અને પતિ અને સસરા વગેરેને દેખાડીને કહેવા લાગી કે 'આને સંતાડવાની મજાક કોણે કરી હતી ?' બધાં આશ્ચર્યચકિત થઇને કિંકર્તવ્યમૂઢ બની ગયાં. એક વાર મહાજ્ઞાની મુનિ ભગવંત આવતાં શેઠે ઘરની આ ઘટના અંગે પૂછયું- મહારાજે કહ્યું : 'આ થીણદ્ધિ નિદ્રાને કારણે થાય છે.' શેઠે પુત્રવધૂને ઘરમાંથી કાઢી મૂકીને તેના પિયર ભેગી કરી દીધી.

## (૭) ટ્રક ભરીને ખેંચી લીધો

વર્તમાન સમયની આ વાત છે કે એક જગ્યાએ એક મકાન બનાવવાનું કામ ચાલતું હતું. નિરીક્ષકોએ મજૂરોને કહ્યું કે કાલે સવારે પહાડ ઉપરથી એક ટ્રક પથ્થરો લાવીને અહીં નાખી દેજો. હા, પાડીને છૂટી મળતાં બધા મજૂરો નીકળી ગયાં.

એક મજૂરે ઘરે જઇને જલદી સૂતાં પોતાની પત્નીને કહ્યું 'મારે જલદી ઊઠવાનું છે, પથ્થર ભરવા જવાનું છે.' આમ કહીને તે વિચારોમાં જ એ સૂઇ ગયો. થીણદ્ધિ નિદ્રા નામના દર્શનાવરણીય કર્મના ઉદયવાળો એ મજૂર મધ્યરાત્રે ઊઠયો. રાતે નિદ્રામાં જ ટ્રક લઇને પહાડી પ્રદેશમાં પહોંચ્યો, અન્ય કોઇ મજૂરો તો આવ્યાં ન હતા. તેણે એકલાએ જ મોટામોટા પથ્થરો ઉપાડીને ટ્રક ભરી દીધો. જે પથ્થરને ચાર જણા ન ઉપાડી શકે, તેને તે એકલો જ ઉપાડીને ટ્રકમાં ભરીને લઇ આવ્યો. ટ્રક ભરાઇ જતાં એકલો જ ભરેલા ટ્રકને મકાન ઉપર લઇ આવ્યો અને ત્યાં ખાલી કરીને ઘરે આવીને સૂઇ ગયો. સવારે પત્ની એને ઉઠાડવા ગઇ તો તેનું આખું શરીર પરસેવાથી તરબતર થઇ ગયું હતું તથા ભારે ગરમીથી પરેશાન હતો. ઊંઘમાંથી ઊઠીને ઉતાવળ કરતો તે તૈયાર થઇ રહ્યો હતો તો પત્નીએ એને પૂછયું : 'તમે રાત્રે, આટલો સમય ક્યાં ગયા હતા ?' પતિએ કંઇ જવાબ ન આપતાં કહ્યું: જલદી કર, મારે કામ ઉપર જવું છે. આથી અત્યારે મોડું ન કરાવ, મને જવા દે.'

આટલું કહીને તે ઘેરથી નીકળી ગયો, ઝડપથી કામ પર પહોંચી ગયો. બધા મજૂરો એકઠા થઇને ચર્ચા કરી રહ્યા હતા કે પથ્થરનો આ ટ્રક અહીં કોણ લાવ્યું છે? બધા જ ઇન્કાર કરવા લાગ્યા. એટલામાં ચોકીદારે પેલા મજુરનું નામ દઇને કહ્યું કે આ મજૂર રાત્રે લઇ આવ્યો હતો. આ રાતે થીણદ્ધિ નિદ્રામાં એ મજૂર બમણી-ચારગણી શક્તિથી કામ કરી રહ્યો હતો. વીરવિજયજી મહારાજ દર્શનાવરણીય કર્મની પૂજાની ઢાળમાં કહે છે કે -

**દિન ચિંતિત રાત્રે કરે રે, કરણી જે નરનાર,**
**બળદેવનું બળ તે સમે રે, નરક ગતિ અવતાર.**

એટલે કે થીણદ્ધિ નિદ્રાના ઉદયથી આવાં કાર્યો જે કોઇ કરે છે તે ભલે બળદેવના બળ જેટલી શક્તિ ધરાવતો હોય પરંતુ એ નરક ગતિમાં જાય છે. આમ થીણદ્ધિ નિદ્રા ખૂબ જ ખરાબ હોય છે. જીવને નરકગામી બનાવે છે.

## નિદ્રાથી નુકસાન - પૂર્વધર મુનિ દુર્ગતિમાં ગયા

મહાન વિદ્વાન પૂજ્ય આચાર્યદેવના ભાનુદત્ત નામના મુનિ ખાસ શિષ્ય હતા. આચાર્ય મહારાજે ખૂબ પરિશ્રમથી તેમને ૧૪ પૂર્વો (ધર્મશાસ્ત્ર) ભણાવ્યાં. આ રીતે ભાનુદત્ત

મુનિ પણ ૧૪ પૂર્વધારી, મહાન વિદ્વાન બન્યા. નીતિકાર કહે છે કે લક્ષ્મી અને વિદ્યા મળ્યા પછી એમને સંભાળવાનું મુશ્કેલ બને છે. ભાનુદત્ત મુનિ જે પૂર્વધર મહાત્મા હતા, તેમને પણ પ્રમાદ આવી ગયો. નિદ્રા દર્શનાવરણીય કર્મનો ઉદય વધતો જ ગયો. ફળસ્વરૂપ સૂર્યાસ્ત થતાં જ માથા પર નિદ્રા સવાર થઇ જતી હતી. આંખો ઘેરાવા લાગતી હતી. ગુરૂદેવ વારંવાર એમને જગાડીને સાવધાન કરતાં કહેતા હતા કે 'હે પૂર્વધર મુનિ ! પૂર્વોની પુનરાવૃત્તિ કરી લો, નહીંતર ભૂલી જશો.' પરંતુ નિદ્રાના ઉદયથી પ્રમાદગ્રસ્ત બનેલા ભાનુદત્ત મુનિ ગુરૂની હિત શિક્ષાને સ્વીકારવાને બદલે ક્રોધિત થઇ જતા હતા, પૂર્વોની પુનરાવૃત્તિ કરતા ન હતા.

આ રીતે સમય વીતતો ગયો. શિષ્યને ક્રોધ કરતો જોઇને ગુરૂએ કહેવું છોડી દીધું. હવે કોણ કહે ? કોણ જગાડે ? પ્રમાદ અને નિદ્રા એટલાં બધાં વધી ગયાં કે આખું પ્રતિ-ક્રમણ પણ નિદ્રામાં વિતાવવા લાગ્યા. ક્યારે પ્રતિક્રમણ શરૂ થયું અને ક્યારે પૂરૂં થયું ? ક્યારે, કોણ શું બોલ્યું - કશી જ ખબર રહેતી ન હતી.

આ રીતે દિનરાત, નિદ્રા અને પ્રમાદમાં વીતવા લાગ્યાં. ભાનુદત્ત મુનિ બધું જ ભૂલી ગયા. ભણ્યું, ગણ્યું બધું જ નષ્ટ થઇ ગયું. અંતે તે મૃત્યુ પામીને દુર્ગતિમાં ગયા. કેટલું ભારે નુકસાન આ નિદ્રાએ કર્યું ? પૂર્વધર જેવા મહાજ્ઞાની મહાત્માને પણ દુર્ગતિમાં ફેંકી દીધા ! તો વિચાર કરો આપણા જેવા આળસુઓની તો શું દશા થશે ? આ વાતને 'સંબોધ સિત્તરી' માં કહેતાં લખ્યું છે :-

**जइ चउदसपुव्वधरो, वसइ, निगोएसु णंतय कालं।**
**निद्दापमायवसगो, ता होहिसी, कहं तुम जीवा ॥**

જો નિદ્રા-પ્રમાદને વશ થઇને ૧૪ પૂર્વધર મહાપુરૂષ પણ દુર્ગતિ-નિગોદમાં ચાલ્યા જાય છે અને લાંબા કાળસુધી એમને ત્યાં રહેવું પડે છે, તો હે જીવ ! તારું શું થશે? એનો વિચાર આજથી જ કર. વાસ્તવમાં નિદ્રા આળસ-પ્રમાદથી બચવું ખૂબ જરૂરી છે. ભ. મહાવીરસ્વામી ઇન્દ્ર ભૂતિ ગૌતમ જેવા અપ્રમત્ત આદ્ય ગણધરને પણ જાગૃત કરતાં વારંવાર કહ્યા કરતા હતા કે 'ગોયમા ! સમયં મા પમાયએ.' હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર'.

## દર્શનાવરણીય કર્મબંધનાં કારણ

કર્મશાસ્ત્રમાં આઠ કર્મોના ભિન્નભિન્ન પ્રકારના હેતુઓ બતાવ્યા છે. કર્મ શુભાશુભ પ્રવૃત્તિથી બને છે. અશુભ પાપ પ્રવૃત્તિથી અશુભ કર્મનો બંધ થાય છે અને શુભ પુણ્ય પ્રવૃત્તિથી શુભ કર્મનો બંધ થાય છે. પાપ-અશુભ કર્મ ફલતઃ દુઃખદાયી હોય છે. જ્યારે પુણ્ય-શુભ કર્મ ફલતઃ સુખદાયી હોય છે. આમ કર્મના શુભ અશુભ બંને પ્રકારો છે-બે ભેદ છે.

જીવ જન્મજન્માતરમાં જેવી શુભાશુભ પ્રવૃત્તિ કરે છે એવાં શુભ અશુભ કર્મોનો બંધ થાય છે. કોઇ રાગ દ્વેષ વગરની પ્રવૃત્તિનું કોઇ કર્મ બંધાતું નથી. પ્રસ્તુત પ્રકરણમાં

દર્શનાવરણીય કર્મનો વિચાર ચાલી રહ્યો છે. આથી દર્શનાવરણીય કર્મ કેવી પાપપ્રવૃત્તિથી બંધાય છે, શું કરવાથી નિર્માણ થાય છે-આ જાણવું અત્યંત જરૂરી છે. કારણ કે જાણ્યા વગર આપણે એનો ક્ષય યા તો સંવર કેવી રીતે કરી શકીએ ?

જેનું જે કારણ હોય છે, એ કારણનો નાશ કરવાથી કાર્ય પણ નષ્ટ થઇ જાય છે. જેમ આગને બુઝાવી નાખવાથી ધુમાડો નષ્ટ થઇ જાય છે, જેમ, બંધનાં દ્વાર બંધ કરી દેવાથી પાણીનું આગમન પણ બંધ થઇ જાય છે તેમ કર્મના આગમન રૂપ જે આશ્રવ દ્વાર ના હેતુ છે એને જો બંધ કરવામાં આવે તો કર્મોનું નવું નિર્માણ થવું પણ બંધ થ ' જાય છે. કર્મશાસ્ત્ર ગ્રંથમાં દર્શનાવરણીય કર્મનાં આશ્રવ નીચે પ્રમાણે ગણાવ્યા છે.

**पडिणीअत्तण निण्हव-उवघायपओस अंतराएणं ।**
**अच्चा,सायणयाए, आवरणदुगं जिओ जयइ ॥**

**(કર્મગ્રંથ-૧)**

(૧) પ્રત્યનીક (૨) નિહ્નવ (૩) ઉપઘાત (૪) પ્રદ્વેષ (૫) અંતરાય તથા (૬) માત્સર્ય આદિ મુખ્ય રૂપથી જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય કર્મબંધના આશ્રવ દ્વાર છે.

### (૧) પ્રત્યનીકત્વ

શત્રુની પ્રવૃત્તિથી યા વૈમનસ્ય ભાવની જેમ સર્વથા અનિષ્ટ આચરણ કરનાર પ્રત્યનીક કહેવાય છે. અર્થાત્ જ્ઞાની મહાત્માઓથી વિરુદ્ધ આચરણ કરે છે.

### (૨) નિહ્નવ

અપલાપ કરવો-છુપાવવું, જેમની પાસે અભ્યાસ કરીને ભણ્યા હો એમનું નામ સંતાડવું કે 'હું' ક્યાં એમની પાસે ભણ્યો છું ?' કોઇ અન્યને જ ગુરૂ માનવા કે બતાવવા આ નિહ્નવપણું છે અથવા જિજ્ઞાસા ભાવથી પૂછવા-સમજવા આવેલાનેપણ કહેવું કે "હું કંઇ જાણતો નથી, મને ખબર નથી" વગેરે પ્રતિનિહ્નવપણું છે.

### (૩) ઉપઘાત

ગુર્વાદિકનો ઘાત કરવો, અપલાપ કરવો યા પ્રશસ્ત-જ્ઞાની વગેરેમાં દોષ ન હોવા છતાં પણ દોષ લગાડવો એ ઉપઘાત છે. જ્ઞાનીનાં વચનોને અસત્ય માનવાં, તેમને સહાય ન કરવી, જ્ઞાનનાં સાધનોનો નાશ કરવો આદિ ઉપઘાત પ્રવૃત્તિ છે.

### (૪) પ્રદ્વેષ

જ્ઞાની, વિદ્વાન-ગુર્વાદિક મહાપુરૂષો ઉપર દ્વેષ બુદ્ધિ ધારક કરવી, દ્વેષ પ્રવૃત્તિથી વ્યવહાર કરવો, તત્ત્વજ્ઞાન અને પ્રવચનાદિમાં અરૂચિ દેખાડીને મુખ બગાડવું તથા અભ્યાસ આદિથી કંટાળી જવું, અને કોઇ પણ વિદ્વાનની પ્રશંસા આદિ સહન ન થતાં એના તરફ દ્વેષબુદ્ધિ રાખવી એ પ્રદ્વેષ છે.

### (૫) અંતરાય

કોઇને ભણવામાં વિઘ્ન કરવું, ભણવા ન દેવો, જ્ઞાનોપકરણના વિષયમાં વિઘ્ન ઊભું કરવું. ભણનારને ઊભો કરીને અન્ય કામમાં લગાડવો. કોઇના સ્વાધ્યાય આદિમાં

વિઘ્ન નાખવું, પ્રવચનાદિમાં વિઘ્નો કરવાં આદિ પ્રવૃત્તિ અંતરાય કહેવાય છે.

**(૬) માત્સર્ય**

એટલે કે ઇર્ષ્યા રાખવી, ભણેલા-ગણેલા પ્રત્યે 'અરે ! આ તો ભણીને મારા કરતાંય વધારે હોશિયાર થઇ ગયો ! મારાથી આગળ વધી જશે' એવી ઇર્ષ્યા તથા જ્ઞાન પ્રદાન ન કરવાની કલુષિતવૃત્તિ આદિને તથા જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણ આદિ પ્રત્યે ઇર્ષ્યા ભાવને માત્સર્ય ભાવ કહે છે.

આ રીતે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનોપકરણ અને દર્શન, દર્શની અને દર્શનોપકરણ આદિની આશાતના કરવી, અપલાપ કરીને અવર્ણવાદ-નિંદા કરવી, અપમાન કરવું, જ્ઞાની પ્રત્યે પ્રતિકૂળ વર્તન, જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા ન રાખવી, જ્ઞાનાદિનું અભિમાન કરવું, અકાળે અધ્યયન કરવું, અભ્યાસમાં પ્રમાદ કરવો, શક્તિ હોવા છતાં પણ ન ભણવું, ન ભણાવવું, મિથ્યા ઉપદેશ આપવો, શાસ્ત્ર-સૂત્ર વિરુદ્ધ બોલવું,અર્થ માટે જ્ઞાન વેચવું, આદિ મુખ્યરૂપે જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય બંને ય કર્મ બાંધવાના મુખ્ય આશ્રવ દ્વાર અથવા બંધ હેતુ આ છે.

## દર્શનાવરણીય કર્મબંધની સ્થિતિ

ઉપરોક્ત બતાવેલા કર્મબંધના આશ્રવ હેતુઓથી અશુભ-અશુભતર-અશુભતમ પરિણામ અને કષાયોની તીવ્રતા અને મંદતા તથા શુભાશુભ લેશ્યાઓ આદિના આધારે જેવી પાપપ્રવૃત્તિ કરીને જે કર્મ ઉપાર્જિત કરવામાં આવે છે. એમની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રકારે પ્રમાણે છે:- **आदितस्तिसृणामंतरायस्य च त्रिंशत्सागरोपम -कोटीकोट्य परा स्थितिः ॥८-१६॥**

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય તથા અંતરાય આ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોટાકોટી સાગરોપમ છે. તેમ જ ઓછામાં ઓછી ન્યૂનતમ-જઘન્યસ્થિતિ ૧૨ અંતર્મુહૂર્ત છે. એની ઉત્કૃષ્ટ સ્થિતિનો અબાધા કાળ ૩૦૦૦ વર્ષનો છે.

## દેશઘાતી-સર્વઘાતી પ્રકૃતિઓ

દર્શનાવરણીય કર્મ ચાર ઘાતી કર્મોના વિભાગમાં બીજું ઘાતી કર્મ કહેવાય છે. આથી એની નવ જ કર્મપ્રકૃતિઓ ઘાતી પ્રકૃતીઓ કહેવાય છે.

## દર્શનાવરણીય કર્મની ૯ ઘાતી પ્રકૃતિઓ

દેશઘાતી-૩: ચક્ષુ દર્શનાવરણીય, અચક્ષુ દર્શનાવરણીય, અવધિ દર્શનાવરણીય

સર્વઘાતી-૬: કેવલ દર્શનાવરણીય, નિદ્રાદિ-૫

**दंसण तिग देसघातियां केवलदर्शन एक ।**
**सर्वघाती ए दाखीओ बादल मेघ विवेक ॥**

આ રીતે ત્રણ દેશઘાતી કર્મ પ્રકૃતિઓ છે, જે આત્મગુણોનો સર્વાંશ-સર્વથા

ઘાત નથી કરતી. પરંતુ કેવલ દર્શનાવરણીય તથા નિ એ ૬ જ સર્વઘાતી પ્રકૃતિઓ છે, જે આત્માના દર્શનગુણનો સર્વથા-સર્વાંશ ઘાત કરે છે.

ચારેય દર્શનોની ચાર કર્મ પ્રકૃતિઓ ચક્ષુ દર્શનાવરણીય આદિ સર્વ ધ્રુવોદયી છે. તથા ૫ નિદ્રા આદિ અધ્રુવોદયી પ્રકૃતિઓ છે.

**बन्धोदय सत्ता धुवा, पयडी नव तिम पंच ।**
**निद्रा अध्रुवोदयी कही, सर्वघाती पण पंच ॥**

દર્શનાવરણીય કર્મની નવ જ કર્મપ્રકૃતિઓ ધ્રુવબંધી તથા ધ્રુવ સત્તાવાળી છે. આ બંધ, સત્તા, ઉદય અને ઘાતી આદિનો વિચાર કરવામાં આવ્યો છે, જેથી ખબર પડે છે કે કઇ કર્મ પ્રકૃતિ કેવી છે.

## ગુણસ્થાનકોમાં બંધ-ઉદય-સત્તાદિ

ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર દર્શન ચતુષ્કની ૪ કર્મ પ્રકૃતિઓ સૂક્ષ્મસંપરાય નામના દશમા ગુણસ્થાનક પર બંધમાંથી જાય છે. સ્ત્યાનર્દ્ધિત્રિક (થીણદ્ધિ-ત્રિક) નો પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનક પર જ બંધ થાય છે. પછી આગળ થતો નથી. નિદ્રા અને પ્રચલાદ્વિક આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનક પર બંધમાંથી ચાલી જાય છે તથા ચક્ષુ દર્શનાવરણીયાદિ ચારે પ્રકૃતિઓ ઉદય, ઉદીરણા અને સત્તામાંથી ક્ષીણમોહ ગુણસ્થાનક પર ચાલી જાય છે. તેરમા સયોગી કેવલી ગુણસ્થાનક પર આવતાં જ મોહનીયના ક્ષય પછી જ્ઞાનાવરણીય, અંતરાયની સાથે દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થઇ જાય છે. આથી સર્વજ્ઞ કેવલી વીતરાગ ભગવાન કેવલદર્શની સર્વદર્શી તથા અનિદ્રાલુ-સર્વથા નિદ્રારહિત બની જાય છે.

એવા કેવળજ્ઞાની-કેવલદર્શની-સર્વજ્ઞ-સર્વદર્શી પ્રભુને આયુષ્યની અંતિમ સમાપ્તિ સુધીના શેષ જીવનમાં નામમાત્રની પણ નિદ્રા લેવાની આવશ્યકતા નથી રહેતી. આથી કેવલી કેવલજ્ઞાન-દર્શનની પ્રાપ્તિ પછી બિલકુલ નિદ્રા લેતા નથી. એ રીતે ઇન્દ્રિયોથી જોવું, જાણવું આદિ વ્યવહાર કરવાની પણ કોઇ અનિવાર્યતા રહેતી નથી. આંખો ખોલીને ન જુએ તો પણ ચાલે છે, કારણ કે સર્વ-આવરણ રહિત કેવલજ્ઞાન-દર્શન-પૂર્ણ સંપૂર્ણ રૂપથી પ્રકટ થઇ ચૂક્યું છે. આથી ચક્ષુ આદિ ઇન્દ્રિયો વગર સર્વ પદાર્થો, આખું જગત, લોક અલોક આદિ સ્પષ્ટ જોઇ શકે છે. છતાં પણ વ્યવહારમાં જે ઇન્દ્રિયો છે તેમની ક્રિયા ચાલતી રહે છે.

## ભગવાન મહાવીરની નામ માત્રની નિદ્રા

ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું જીવન ચરિત્ર જે શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે, એમાં મહાપુરૂષોએ એક વિશેષ વાત એ લખી છે કે ભગવાન મહાવીર સ્વામીએ ૩૦ વર્ષની ઉમરે દીક્ષા લીધી. ૧૨ા વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થાના કાળમાં ઘોર તપશ્ચર્યા કરી છે. એ કાળમાં બે ઘડી એટલે કે ૪૮ મિનિટની નિદ્રા લીધી છે. ૧૨ા વર્ષના કાળમાં માત્ર કુલ મળીને ૩૪૯ દિવસ જ આહાર લીધો છે અને બાકીના દિવસો ઉપવાસ આદિની

તપશ્ચર્યાના છે. આ તપશ્ચર્યાના કાળમાં એમની ધ્યાન સાધના અને વિહારાદિ પણ ઉગ્રતમ રહ્યાં છે.

શાસ્ત્રકાર મહર્ષિ લખે છે **'भूमि न ठाया हो जिननी.'** ભગવાન ૧૨॥ વર્ષના સમયમાં પલાંઠી લગાવીને જમીન ઉપર બેઠા પણ નથી. નિદ્રા પણ લીધી નથી. એકવાર ઊભા ઊભા જ પ્રમાદવશ માત્ર બે ઘડી -૪૮ મિનિટની ઊંઘ આવી ગઇ. એ પણ યક્ષના ઉપસર્ગથી થાકી જવાને કારણે જ. આ ભગવાનના જીવનની અંતિમ નિદ્રા હતી. પોતાના છદ્મસ્થ કાળમાં પ્રભુ એટલા બધાને સજાગ અને સાવધાન રહ્યા કે નિદ્રાકર્મને આધીન ન થયા.

ઊલટાનું નિદ્રાના કારણભૂત દર્શનાવરણીય કર્મોનો ક્ષય કરવાની સાધનામાં સતત લાગ્યા રહ્યા. આ રીતે જ્યારે દર્શનાવરણીય કર્મ (નિદ્રા) નો ઉદય હતો ત્યારે પણ પ્રભુએ સાવધાન રહીને એને દૂર કર્યું અને અંતે જ્યારે ચારેય ઘનઘાતી કર્મોનો ક્ષય કરી લીધો તથા તેનાં પરિણામ સ્વરૂપ જ્યારે કેવળજ્ઞાન, કેવળદર્શન અને વીતરાગ્તા આદિ પ્રાપ્ત કરી લીધાં ત્યારે ઊંઘનો પ્રશ્ન જ ન રહ્યો કારણ કે દર્શનાવરણીય કર્મનો સર્વથા-સંપૂર્ણ ક્ષય થઇ જવાથી તે પછીના તેરમા ગુણસ્થાનક પર નિદ્રા કદી આવતી જ નથી.

આ રીતે ૭૨વર્ષના આયુષ્યમાં શેષ ૪૨ વર્ષના ચારિત્ર પર્યાયમાં માત્ર છદ્મસ્થ અવસ્થામાં બે ઘડીની નિદ્રા જ રહી અને બાકીની નિદ્રાના ત્યાગનો સમય રહ્યો. આ કેટલી ઉચ્ચ કક્ષાનો આદર્શ છે ? આપણે પણ એમાંથી બોધ લેવો જોઇએ.

## દર્શનાવરણીય કર્મજન્ય રોગાદિ સ્થિતિ

પૂર્વમાં બતાવેલાં દર્શનાવરણીય કર્મબંધના આશ્રય દ્વારોથી જીવ જે રીતે કર્મ બાંધે છે, એ રીતે તે કર્મો ઉદયમાં આવે છે. કર્મશાસ્ત્રનો નિયમ છે કે - જેવું કરશો તેવું ભરશો'. જેવાં પાપ કરશો તેવાં ફળ ભોગવવાં પડશે. જેવું અને જેટલું પરીક્ષામાં લખ્યું હશે તેવું ફળ-નંબર મળશે. પાસ-નાપાસનો આધાર એના પર જ આધારિત છે, એ રીતે સુખ-દુઃખનો આધાર શુભાશુભ કર્મો પર જ છે. કોઇની પાસેથી ઉધાર લીધેલું ધન સમય આવતાં ચૂકવવું જ પડે છે. અનેક રીતે બાંધેલું દર્શનાવરણીય કર્મ ઉદયમાં આવતાં અનેક રીતે દુઃખી થઇને ભોગવવું પડે છે.

આ કર્મ ક્યા ક્યા રૂપમાં ઉદયમાં આવે છે ? તથા કેવી સ્થિતિ નિર્માણ કરે છે? એનું ચિત્ર પૂ. વીરવિજયજી મહારાજે પૂજાની ઢાળમાં દર્શાવ્યું છે.

**એ આવરણ બળે કરી, ન લહ્યું દર્શન નાથ,**
**નૈગમ દર્શને ભટકીઓ, પાણી વલોવ્યું હાથ.**

હે પ્રભુ ! દર્શનાવરણીય કર્મના આવરણને કારણે હું આપનાં દર્શન પ્રાપ્ત ન કરી શક્યો. નૈગમ નયાદિ રૂપ એકાન્ત દર્શનમાં હું ભટકતો જ રહ્યો. પણ આપનાં દર્શન ન પામી શક્યો. વાસ્તવમાં આ સંસારમાં હાથોથી પાણી વલોવવાનું નિરર્થક કાર્ય કર્યું જેમાંથી મને કશું જ પ્રાપ્ત ન થયું.

ચક્ષુ દર્શનાવરણ કર્મ તે, બાંધે મૂઢ ગમારી,
કાણાં નિશદિન જાત્યંધાપણું, દુખિયા દીન અવતારી.
દર્શનાવરણ પ્રથમ ઉદયેથી પરભવ એહ વિચારી
અલ્પ તેજ નયનાતમ દેખી, જુએ આડો કર ધારી,
જાણી પૂરવભવ કુમતિની, હજીય ન ટેવ વિસારી.

જે મૂર્ખ, અજ્ઞાની, ગમાર દર્શનાવરણીય કર્મ બાંધે છે એ અને એવાં પ્રાણી ચક્ષુ દર્શનાવરણીય આદિ કર્મોના ઉદયથી જન્માન્તરમાં કાણાં રાત તથા દિવસના અંધ, જન્મજાત અંધ, દુઃખી તથા દીન સ્થિતિવાળા બને છે. આંખો ખૂબ જ કમજોર હોય છે. નજર તેજ નથી હોતી. તડકામાં આંખોની સામે હાથે રાખીને જોવું પડે છે. એથી એવું લાગે છે કે કુમતિ જીવ પૂર્વભવની આદતોને હજુ ભૂલ્યો નથી. એ રીતે અચક્ષુદર્શનાવરણીય કર્મના ઉદયથી જીવોને ચક્ષુ અતિરિક્ત અન્ય ચાર ઇન્દ્રિયો મનાદિ ન્યૂનાધિક પ્રાપ્ત થાય છે, તથા જે ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે, એમનામાં પણ પૂર્ણતા ન રહેતાં વિકલતા રહે છે. આથી તે રોગજન્ય પરિસ્થિતિઓ પેદા કરે છે. એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તેઇન્દ્રિયના જીવોનું ચક્ષુદર્શનાવરણીય કર્મ એટલું ગાઢ હોય છે કે એમને સર્વથા ચક્ષુ જ મળતી નથી. અને ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયને ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી જે ઇન્દ્રિયો પ્રાપ્ત થાય છે, એમાં પણ જો ક્ષયોપશમ પ્રમાણમાં ઓછો હોય તો મળેલી ઇન્દ્રિયો તેજહીન, કમજોર, વિકલ તથા અશક્ત હોય છે.

અવધિદર્શનાવરણીય આદિ કર્મોના ઉદયમાં પણ તેવા પ્રકારનાં ક્ષેત્રાદિ સુધી રૂપી પુદ્ગલ પદાર્થોને જોવાની શુદ્ધિ નથી રહેતી. અવધિ દર્શનાવરણીય અને કેવલ-દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ઉદયમાં રહેવાથી આત્માનો અવધિદર્શન અને કેવલ દર્શન ગુણ સર્વથા ઢંકાયેલો-દબાયેલો રહે છે. કેવલદર્શનાવરણીય પ્રકૃતિ આમે ય સર્વઘાતી હોવાથી સર્વથા એ ગુણને ઢાંકીને રહે છે. નિદ્રાઓના ઉદયને કારણે જીવોને અલ્પાધિક નિદ્રા-તંદ્રા આદિ ઉદયમાં રહે છે. આલસ્ય-પ્રમાદ આદિથી જીવ ઘેરાયેલો રહે છે, નિદ્રાદિ રોગને કારણે તે પીડિત રહે છે. આ રીતે દર્શનાવરણીય કર્મના ઉદયથી ભિન્નભિન્ન પ્રકારના રોગોની સ્થિતિ બને છે.

## દર્શનાવરણીય કર્મક્ષયનો ઉપાય

પૂરણ દર્શન પામવા, ભજિએ ભવી ભગવંત,
દૂર કરે આવરણને, જિમ જલથી જલકાંત.

વીરવિજયજી મહારાજે પૂજાની ઢાળમાં એવાં ભારે દર્શનાવરણીય કર્મને કેવી રીતે ખપાવીએ, કેવી રીતે એનો નાશ કરીએ એ વિષયમાં ઘણું લખ્યું છે. કહે છે કે હવે પૂર્ણ રૂપથી દર્શન પ્રાપ્ત કરવા માટે હે જિનેશ્વર ભગવાન ! અમે પૂર્ણ મનથી અમે આપની ભક્તિ કરીએ જેમ જલકાન્ત મણિથી જળ દૂર થઇ જાય છે, એમ સર્વદર્શની ભગવંતના દર્શનથી મારાં દર્શનનાં આવરણો દૂર થઇ જાય.

**દર્શનાવરણ નિવારણ કારણ અરિહાને અભિષેક રે**
**નમો રે નમો દર્શન દાયકને રે.**

આ દર્શનાવરણીય કર્મના નિવારણ માટે હું અરિહંત પરમાત્માનો અભિષેક કરૂં અને એવા દર્શનદાયક પ્રભુને હું વારંવાર નમું છું .

**ઉપદેશક નવ તત્ત્વના, પ્રભુ અંગ ઉદાર,**
**નવ તિલકે ઉત્તર નવ-પગઇ ટાલણહાર.**

નવ તત્ત્વોના ઉપદેશક ભગવાન હોવાથી પ્રભુનાં નવ અંગો ઉપર પૂજા કરતાં નવ તિલક કરતાં દર્શનાવરણીય કર્મની નવ પ્રકારની ઉત્તર પ્રકૃતિઓ નષ્ટ થાય છે. આથી પ્રભુપૂજા-ભક્તિ કર્મક્ષયકારક છે.

**જયણાવંત ગુરૂ આગમ પૂજે જિનપડિમા જયકારી**

હે ભવ્ય પ્રાણીઓ ! તમે જયણા સહિત જયવંતી જિન પ્રતિમા, સદ્‌ગુરૂ અને જિન આગમની સારી રીતે ભાવપુજા-ભક્તિ આદિ કરો.જેથી કર્મબંધ તૂટે, આ જ કર્મક્ષય કરવાનો ઉત્તમ ઉપાય છે.

**ગુણ બહુમાન જિનાગમ વાણી, કાને ધરી બહુમાને જી,**
**દ્રવ્ય ભાવ બહિરાતમ ટાળી, પરભવ સમજે સાને.**
**પ્રભુ ગુણ ગાવે ધ્યાન મલ્હાવે, આગમ શુદ્ધ પ્રરૂપેજી,**
**મુરખ મૂંગા ન લહે પર ભવ, ન પડે વળી ભવકૂપ.**
**પરમેષ્ઠીને શિશ નમાવે, ફરસે તીરથ ભાવેજી,**
**વિનય વૈયાવચ્ચાદિક કરતાં, ભરતેશ્વર સુખ પાવે.**
**જિમ જિમ ક્ષય ઉપશમ આવરણાં, તિમ ગુણ અભિ ભાવેજી,**
**શ્રી શુભવીર વચનરસ લબ્ધે, સંભિન્ન સ્રોત જણાવે.**

પરમાત્માના ગુણોનું જે અત્યંત આદર પૂર્વક સન્માન કરે, તથા પરમાત્માની ‘જિનવાણી’ પ્રવચનનું આદર ભાવથી શ્રવણ કરે, એ પ્રાણી દ્રવ્યભાવથી બહિરાત્મ ભાવને ઓછો કરીને યા અલ્પ કરીને જન્માન્તરમાં ઇશારામાં સમજી જાય એવી ચક્ષુ, કાન, નાક, મનાદિ ઇન્દ્રિયો પ્રાપ્ત કરે છે. જે પ્રાણી પ્રભુનાં ગુણગાન ગાય છે. પ્રભુનું ધ્યાન ધરે છે, તથા આગમનું શુદ્ધ પ્રતિપાદન કરે છે, એ જીવ જન્મ જન્માન્તરમાં પણ મૂર્ખ, ગુંગો, બહેરો વગેરે બનતો નથી, તેમજ ભવકૂપમાં એટલે કે સંસાર ચક્રમાં પડતો નથી.

જે પ્રાણી પંચપરમેષ્ઠી ભગવંતો સામે મસ્તક નમાવે છે એટલે કે નમન કરે છે. તેમ જ ભાવપૂર્વક તીર્થયાત્રા આદિ કરે છે, અને મુનિ ભગવંતોની સેવા, વૈયાવચ્ચ સુશ્રૂષા તથા સેવા આદિ કરે છે; તે ભરત ચક્રવર્તીની જેમ અનેક પ્રકારનાં સુખ પ્રાપ્ત કરે છે (ભરત ચક્રવર્તીએ પૂર્વજન્મમાં પાંચસો મુનિરાજોની વિનય, વૈયાવચ્ય-સેવા આદિ કરીને ચક્રવર્તી -ત્વ પ્રાપ્ત કર્યું હતું.) જેમ જેમ અચક્ષુ દર્શનાવરણીય આદિ દર્શનાવરણીય કર્મની પ્રકૃતિનો ક્ષયોપશમ વધતો જાય છે, તેમ તેમ આત્માના દર્શન ગુણનો આવિર્ભાવ થતો રહે છે.

શ્રી શુભવીર મહારાજ કહે છે કે પરમાત્માના વચનરૂપ રસમાં નિમગ્ન થવાથી શ્રોતાદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, જેથી જીવને સંપૂર્ણ શરીરની પાંચે ય ઇન્દ્રિયોનો બોધ થાય છે.


**નિદ્રા દુગ દલ છેદવા, કરવા નિર્મલ જાત,**
**અક્ષત નિર્મલ પૂજના, પૂજો શ્રી જગતાત.**

બંને નિદ્રાનાં કર્મ પુદ્ગલોનું છેદન કરવા માટે તથા આત્મ ભાવને નિર્મળ કરવા માટે નિર્મળ અક્ષતથી તાતરૂપ પ્રભુની અક્ષત પૂજા કરો.

**વિવિધ ફલે પ્રભુ પૂજતાં, ફલ પ્રગટે નિર્વાણ,**
**દર્શનાવરણ વિલય હુવે, વિઘટે બંધનાં ઠાણ.**

વિવિધ પ્રકારનાં ફળોથી પ્રભુની પૂજા કરતાં નિર્વાણ રૂપ ફલની પ્રાપ્તિ થાઓ અને કર્મનો વિલય થાઓ. તથા સર્વે બંધસ્થાન નષ્ટ થાઓ એવી ભાવના રાખી છે.

આ રીતે વીતરાગ પ્રભુના ધર્મની ઉપાસના વિવિધરૂપે કરતાં આપણે અનેક રીતે દર્શનાવરણીય આદિ કર્મોનો ક્ષય-ઉપશમ તથા ક્ષયોપશમ વગેરે કરી શકીએ છીએ. આ કર્મોના ક્ષયથી જ અનંત દર્શનાદિ ગુણોનો આવિર્ભાવ થાય છે. આપણા જેવા સંસારી છદ્મસ્થ જીવોને કર્મક્ષયના શુભ ભાવો થાઓ. **'सव्व पावप्पणासणो'** સર્વ પાપ કર્મોના નાશની દિશામાં અગ્રેસર થતાં આપણે આત્માની શુદ્ધિ-વિશુદ્ધિ-સચ્ચિદાનંદ-પૂર્ણાવસ્થાને પ્રાપ્ત કરીએ-પૂર્ણદર્શી-અનંતદર્શની બનીએ એવી શુભ મનોકામના સાથે.



**SHREE MAHAVEER RESEARCH FOUNDATION**

**Veeralayam**

**PUBLICATION**

દ્વારા પ્રકાશિત તથા

# પ.પૂ. વિદ્વદ્વર્ય પંન્યાસ ડૉ. શ્રી અરુણવિજયજી મ.સા.

દ્વારા લિખિત અભ્યાસ યોગ્ય સાત્વિક સચિત્ર સાહિત્ય

| | |
|---|---|
| કર્મ તણી ગતિ ન્યારી | ગુજ. ભાગ ૧-૨. |
| પાપની સજા ભારે | ગુજ. ભાગ ૧-૨. |
| સચિત્ર ગણધરવાદ | ગુજ. ભાગ ૧-૨. |
| ભાવના ભવ નાશિની | ગુજરાતી |
| નવકાર જાપ ધ્યાન સાધના | ગુજરાતી |
| નમસ્કાર મહામંત્રનું અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન | ગુજરાતી |
| અતિશયવંત તીર્થંકર | ગુજરાતી |
| આધ્યાત્મિક વિકાસયાત્રા | ગુજરાતી |
| જ્ઞાન અને જ્ઞાનાવરણીય કર્મ | ગુજરાતી |
| ભક્તામર ધ્યાન સાધના | ગુજરાતી |
| આધ્યાત્મિક વિકાસ યાત્રા | હિન્દી ભાગ ૧,૨ અને ૩. |
| કર્મ કી ગતિ ન્યારી | હિન્દી ભાગ ૧,૨ |
| નમસ્કાર મહામંત્રકા અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન | હિન્દી |
| પાપકી સજા ભારે | હિન્દી ભાગ ૧-૨ |
| નવકાર સ્મારિકા | હિન્દી |
| મહાવીર સ્તવનાવલી/૧૦૮ પાર્શ્વ સ્તવનાવલી | હિન્દી |
| ધ્યાન સાધના | હિન્દી |
| સચિત્ર ગણધરવાદ | હિન્દી |
| જગત આણિ ઈશ્વરસ્વરુપાચી યથાર્થ મીમાંસા | (**Ph.D** માટે થીસીસ) મરાઠી |
| પ્રમાણ નય તત્ત્વાલોક (અરુણમિત્રા ટીકા સહ) | સંસ્કૃત અને હિન્દી |
| શ્રી સમયસુંદરગણિકૃતા અર્થરત્નાવલી (અષ્ટલક્ષાર્થીત્યપરનામ્ની) | |

**SHREE MAHAVEER RESEARCH FOUNDATION**

**Veeralayam**

**PUBLICATION**



વીરાલયમ - પુના
ઈન્દ્રમલજી બોરાણા
મહેન્દ્ર પેપર માર્ટ
૧૦૫૬, શુક્રવાર પેઠ, પુના - ૨

વીરાલયમ - મુંબઈ
મોહનભાઇ ગુર્જર
રીગલ એપા. બીજે માળે, પેટ્રોલપંપ ની સામે,
એસ.વી. રોડ, સાંતાક્રુઝ (પ.) મુંબઇ - ૫૬.



कर्म की गति न्यारी
सचित्र गणधरवाद
अनुप्रेक्षात्मक विज्ञान
पाप की सजा भारी
प्रकाशक: मुद्रक: श्री महावीर विद्यार्थी
श्री विपाकसूत्र
पंचमांग श्री भगवती सूत्र